

શ્રી બ્રહ્મચારીજી પ્રણીત

# પ્રજ્ઞાવબોધ

ભાગ-૨

વિવેચન

શ્રી બ્રહ્મચારીજી પ્રણીત પ્રજ્ઞાવબોધ ભાગ-૨ વિવેચન



પ્રજ્ઞાવબોધ-લેખક-પૂ.શ્રી બ્રહ્મચારીજી

# પ્રજ્ઞાવબોધ-વિવેચન

ભાગ-૨


વિવેચક

પારસભાઈ જૈન



પ્રકાશક

શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર, બાંધણી

## પ્રથમાવૃત્તિનું નિવેદન

પૂજ્યશ્રી બ્રહ્મચારીજી કૃત **'પ્રજ્ઞાવબોધ'** ગ્રંથનો સંક્ષિપ્ત અર્થ અત્રે આપીએ છીએ. આ ગ્રંથ પૂજ્યશ્રીની એક અજોડ, અદ્‌ભુત કૃતિ છે. આખો ગ્રંથ કાવ્યમાં હોવા છતાં તેઓશ્રીનું વિશાળ શાસ્ત્રજ્ઞાન, કાવ્યકળા તથા અનેકવિધ પ્રજ્ઞાના એમાં દર્શન થાય છે. તેમજ પરમકૃપાળુદેવ પ્રત્યેની અનન્ય પ્રેમભક્તિ દરેક પાઠની પ્રથમ ગાથામાં ઝળકી ઊઠે છે. મુમુક્ષુને પરિચિત એવા સુંદર ગેય રાગોમાં આ ગ્રંથની રચના કરી પૂજ્યશ્રીએ આપણા ઉપર અનન્ય ઉપકાર કર્યો છે.

શ્રી **'મોક્ષમાળા'**ના ચોથા ભાગરૂપે આ **'પ્રજ્ઞાવબોધ'** ગ્રંથની સંકલના પરમકૃપાળુદેવે સ્વયં 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના પત્રાંક ૯૪૬માં લખાવેલ છે. તેના આધારે પૂજ્યશ્રીએ આ ગ્રંથની રચના કરી છે. તથા પરમકૃપાળુદેવના પત્રોને પણ વિષયને અનુરૂપ આ ગ્રંથમાં વણ્યા છે. તે પત્રોને તે તે ગાથાઓ નીચે આ ગ્રંથમાં મૂકવામાં આવ્યા છે; જેથી તે તે ભાવોની વિશેષ દૃઢતા થાય.

તથા 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથના પૃષ્ઠ ૬૬૪ ઉપર પરમકૃપાળુદેવે ઉપદેશમાં સ્વયં જણાવેલ છે કે **''એનો 'પ્રજ્ઞાવબોધ' ભાગ ભિન્ન છે તે કોઈ કરશે.''** તે પૂજ્યશ્રી બ્રહ્મચારીજીએ રચી પરમકૃપાળુદેવની ભવિષ્યવાણી પુરવાર કરી છે. એવા ગ્રંથો કોઈ આત્મઅનુભવી પુરુષો જ લખી શકે, બીજાનું ગજું નથી.

અગાસ આશ્રમના સભામંડપમાં **'પ્રજ્ઞાવબોધ'** ગ્રંથ ક્રમશઃ વંચાયો ત્યારે મુમુક્ષુઓએ એવી ભાવના દર્શાવેલી કે આ સંપૂર્ણ ગ્રંથ કાવ્યમાં હોવાથી આના અર્થ જો છપાય તો સમજવામાં વિશેષ સુગમતા રહે. તેથી મુમુક્ષુઓની ભાવનાને લક્ષમાં લઈ આ અર્થ છપાવવાનો નિર્ણય કર્યો છે. સાથે ૩૨ પ્રાસંગિક રંગીન ચિત્રો ઉમેરવામાં આવ્યા છે.

આ અર્થ ગાથાને ટૂંકાણમાં ક્રમપૂર્વક કિંચિત્ સમજવા અર્થે અલ્પમતિ અનુસાર લખેલ છે. **'સત્પુરુષના એક એક વાક્યમાં, એક એક શબ્દમાં, અનંત આગમ રહ્યા છે'** એમ પરમકૃપાળુદેવે જણાવ્યું છે તેમ આ ગાથાઓમાં પણ અનંત અર્થ સમાયેલો છે, જે જ્ઞાનીપુરુષના હૃદયમાં છે. જ્ઞાનીપુરુષ આ ગાથાઓનો વિસ્તાર કરે તો હજારો પેજ થાય એવું એમાં ગૂઢ તત્ત્વ, દૈવત રહેલું છે, કેમકે ઘણા શાસ્ત્રોનું એમાં દોહન છે. સુજ્ઞ વાચકવર્ગને ક્યાંય ભાવભેદ જણાય તો ધ્યાન દોરે.

આ ગ્રંથમાં અવતરણ નીચે પુસ્તકનું નામ સંક્ષેપમાં આ પ્રમાણે સમજવા યોગ્ય છે :— શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.....) વ.=વચનામૃત. પૃ.=પૃષ્ઠ, ઉ=ઉપદેશામૃત, બો.૧, ૨, ૩= બોધામૃત ભાગ-૧, ૨, ૩. આ ગ્રંથ મુમુક્ષુ સમુદાયને આત્મહિત સાધવામાં સહાયભૂત થાઓ એવી શુભેચ્છા સહ વિરમું છું.

—આત્માર્થ ઇચ્છક, પારસભાઈ જૈન

## પ્રજ્ઞાવબોધ-વિવેચન ભાગ-૨ની અનુક્રમણિકા


| પુષ્પાંક | વિષય | પૃષ્ઠ | પુષ્પાંક | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૫૧ | આજ્ઞા | ૧ | ૮૦ | કર્મના નિયમો | ૨૯૨ |
| ૫૨ | સમાધિમરણ ભાગ-૧ | ૧૧ | ૮૧ | મહત્પુરુષોની અનંત દયા | ૩૦૩ |
| ૫૩ | ” ” ૨ | ૨૫ | ૮૨ | નિર્જરાક્રમ | ૩૧૦ |
| ૫૪ | વૈતાલીય અધ્યયન | ૩૨ | ૮૩ | આકાંક્ષા સ્થાનકે કેમ વર્તવું? | ૩૧૭ |
| ૫૫ | સંયોગનું અનિત્યપણું | ૪૮ | ૮૪ | મુનિધર્મ-યોગ્યતા | ૩૨૩ |
| ૫૬ | મહાત્માઓની અનંત સમતા | ૫૫ | ૮૫ | પ્રત્યક્ષ અને પરોક્ષ | ૩૩૦ |
| ૫૭ | માથે ન જોઈએ : ભાગ-૧ | ૬૨ | ૮૬ | ઉન્મત્તતા | ૩૩૫ |
| ૫૮ | ” ” ૨ | ૭૦ | ૮૭ | શ્રી શાંતિનાથ ભાગ-૧ | ૩૪૨ |
| ૫૯ | (ચાર) ઉદયાદિ ભંગ : ૧ બંધ | ૭૬ | ૮૮ | ” ” ૨ | ૩૫૭ |
| ૬૦ | (ચાર) ઉદયાદિ ભંગ : ૨ | ૯૬ | ૮૯ | ” ” ૩ | ૩૭૩ |
| | ઉદય, ૩ ઉદીરણા, ૪ સત્તા | | ૯૦ | અંતર્મુહૂર્ત | ૩૯૦ |
| ૬૧ | જિનમત-નિરાકરણ | ૧૦૭ | ૯૧ | દર્શન-સ્તુતિ | ૩૯૭ |
| ૬૨ | મહામોહનીય સ્થાનક | ૧૧૮ | ૯૨ | વિભાવ | ૪૦૪ |
| ૬૩ | તીર્થંકર-પદ-સંપ્રાપ્તિ સ્થાનક | ૧૨૭ | ૯૩ | રસાસ્વાદ | ૪૧૦ |
| ૬૪ | માયા | ૧૪૦ | ૯૪ | અહિંસા અને સ્વચ્છંદતા | ૪૧૬ |
| ૬૫ | પરિષહ-જય | ૧૪૮ | ૯૫ | અલ્પ શિથિલપણાથી | ૪૨૩ |
| ૬૬ | વીરત્વ | ૧૫૫ | | મહાદોષના જન્મ | |
| ૬૭ | સદ્ગુરુ-સ્તુતિ | ૧૬૪ | ૯૬ | પારમાર્થિક સત્ય | ૪૨૯ |
| ૬૮ | પાંચ પરમ પદ વિષે | ૧૭૬ | ૯૭ | આત્મભાવના | ૪૩૬ |
| | વિશેષ વિચાર | | ૯૮ | જિનભાવના | ૪૪૩ |
| ૬૯ | અવિરતિ | ૧૮૭ | ૯૯ | શ્રી ઋષભ જિનેશ્વર ભા-૧ | ૪૪૮ |
| ૭૦ | અધ્યાત્મ | ૧૯૨ | ૧૦૦ | ” ” ૨ | ૪૬૬ |
| ૭૧ | મુનિસમાગમ(ચંદ્રરાજ) ભાગ-૧ | ૨૦૦ | ૧૦૧ | ” ” ૩ | ૪૮૪ |
| ૭૨ | મુનિસમાગમ(ચંદ્રરાજ) ભાગ-૨ | ૨૦૯ | ૧૦૨ | ” ” ૪ | ૫૦૨ |
| ૭૩ | મુનિસમાગમ(રાજમુનિ) ભાગ-૩ | ૨૨૨ | ૧૦૩ | ” ” ૫ | ૫૨૧ |
| ૭૪ | મંત્ર | ૨૩૮ | ૧૦૪ | ” ” ૬ | ૫૩૯ |
| ૭૫ | છપદ-નિશ્ચય | ૨૪૫ | ૧૦૫ | ” ” ૭ | ૫૫૭ |
| ૭૬ | મોક્ષ-માર્ગની અવિરોધતા | ૨૫૭ | ૧૦૬ | હિતાર્થી પ્રશ્નો ભાગ-૧ | ૫૭૦ |
| ૭૭ | સનાતન ધર્મ | ૨૬૫ | ૧૦૭ | ” ” ૨ | ૫૭૮ |
| ૭૮ | સૂક્ષ્મ તત્ત્વ-પ્રતીતિ | ૨૭૦ | ૧૦૮ | પૂર્ણમાલિકા મંગલ | ૫૯૩ |
| ૭૯ | સમિતિ-ગુપ્તિ | ૨૮૦ | | પૂર્તિઓ | ૬૦૦ |

'પ્રજ્ઞાવબોધ-વિવેચન' ભાગ-૧માં 'બ્રહ્મચર્યનું સર્વોત્કૃષ્ટપણું' એ પાઠ પૂરો થયો. હવે ભાગ-૨ ના એકાવનમાં પાઠમાં 'આજ્ઞા' વિષેનું માહાત્મ્ય દર્શાવે છે. બ્રહ્મચર્યવ્રત પણ જ્ઞાનીપુરુષની આજ્ઞાએ આત્માર્થના લક્ષે પાળવાથી મુક્તિનું કારણ થાય છે. અન્યથા દેવલોક આપી ફરી સંસારનું કારણ બને છે. માટે કહ્યું છે કે 'आणाअे धम्मो आणाअे तवो' આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ છે.

(૫૧)

## આજ્ઞા

(શ્રી નમિજિનવર-સેવ ઘનાઘન ઊનમ્યો રે, ઘનાઘન ઊનમ્યો રે—એ રાગ)

*



**વંદું સદ્‌ગુરુ રાજ અતિ ઉલ્લાસથી રે, અતિ ઉલ્લાસથી રે,**
**રહું આજ્ઞાવશ રોજ, બચું ભવ-ત્રાસથી રે; બચું ભવત્રાસથી રે;**
**પ્રત્યક્ષ સદ્‌ગુરુ-યોગ અતિ દુર્લભ કહ્યો રે, અતિ દુર્લભ કહ્યો રે,**
**જન્મ-મરણના ત્રાસ સહી થાકી ગયો રે, સહી થાકી ગયો રે. ૧**



**અર્થ :—** પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના ચરણકમળમાં અતિ ઉલ્લાસભાવે કહેતા અત્યંત પ્રેમભાવે હું વંદન કરું છું. તેમની આજ્ઞાને આધીન પ્રતિદિન જો હું રહું તો આ સંસારના જન્મ, જરા, મરણ કે આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ ભયંકર ત્રાસથી હું બચી જાઉં.

પ્રત્યક્ષ સદ્‌ગુરુ ભગવંતનો યોગ આ કાળમાં અતિ દુર્લભ કહ્યો છે. તે ન મળવાથી **'જન્મ જરાને મૃત્યુ; મુખ્ય દુઃખના હેતુ'** જે પરમકૃપાળુદેવે કહ્યા છે, તે જન્મ મરણ અનાદિકાળથી કરતાં હવે હું થાકી ગયો છું. પ.પૂ.પ્રભુશ્રીજીએ પણ કહ્યું કે પ્રભુ! થાક્યાનો મારગ છે. થાક્યો હોય તો આવ બેસ. નહીં તો ભટક ચોરાશી લાખ જીવયોનિમાં. આવા પરમકૃપાળુદેવ જેવા જ્ઞાનીપુરુષના જોગમાં પણ જીવ જ્ઞાનીપુરુષની આજ્ઞા ન આરાધે અર્થાત્ એમના કહ્યા પ્રમાણે ન વર્તે તો જ્ઞાની બીજું શું કહે?

**"પ્રત્યક્ષ સત્પુરુષના સમાગમ અને તે આશ્રયમાં વિચરતા મુમુક્ષુઓને મોક્ષસંબંધી બધાં સાધનો અલ્પ પ્રયાસે અને અલ્પ કાળે પ્રાયે (ઘણું કરીને) સિદ્ધ થાય છે; પણ તે સમાગમનો યોગ પામવો બહુ દુર્લભ છે. તે જ સમાગમના યોગમાં મુમુક્ષુ જીવનું નિરંતર ચિત્ત વર્તે છે.**

**સત્પુરુષનો યોગ પામવો તો સર્વકાળમાં જીવને દુર્લભ છે, તેમાં પણ આવા દુષમકાળમાં તો ક્વચિત જ તે યોગ બને છે. વિરલા જ સત્પુરુષ વિચરે છે. તે સમાગમનો લાભ અપૂર્વ છે, એમ જાણીને જીવે મોક્ષમાર્ગની પ્રતીતિ કરી, તે માર્ગનું નિરંતર આરાધન કરવું યોગ્ય છે.**

**તે સમાગમનો યોગ ન હોય ત્યારે આરંભ પરિગ્રહ પ્રત્યેથી વૃત્તિને ઓસરાવી સત્શાસ્ત્રનો પરિચય વિશેષ કરીને કર્તવ્ય છે. વ્યાવહારિક કાર્યોની પ્રવૃત્તિ કરવી પડતી હોય તોપણ તેમાંથી વૃત્તિને મોળી પાડવા જે જીવ ઇચ્છે છે તે જીવ મોળી પાડી શકે છે; અને સત્શાસ્ત્રના પરિચયને અર્થે ઘણો અવકાશ પ્રાપ્ત કરી શકે છે."** (વ.પૃ.૬૦૭) ॥૧॥

**માયિક સુખને કાજ ભમ્યો ભવમાં બહુ રે, ભમ્યો૦**
**આશાના અહો! વેશ, ઠગારા દીઠા સહુ રે; ઠગારા૦**

**માન્યતા જનની માની, મથ્યો મૂઢતા ધરી રે, મથ્યો૦**
**રોષ-તોષની રીત અનાદિની આદરી રે. અનાદિ૦ ૨**

**અર્થ :–** માયિક એટલે સાંસારિક સુખ મેળવવા માટે હું ચારગતિરૂપ સંસારમાં અનંતકાળથી બહુ ભટક્યો; છતાં તેની વાસના અંતરથી ગઈ નહીં.

**"માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું."** (વ.પૃ.૨૪૬)

આશા એટલે ઇચ્છા, તૃષ્ણા, લોભ. પાંચ ઇન્દ્રિયોના વિષયોની આશા રાખવી તે ઠગારા પાટણ જેવી છે. પાંચેય ઇન્દ્રિયો કોઈને કોઈ ઇચ્છાવડે જીવોને ઠગે છે.

**"જ્ઞાન પરિણમતું નથી તેનું કારણ વિષય કષાયો છે અને લોભ તેમાં મુખ્ય છે. કોઈને ધનનો લોભ તો કોઈને કીર્તિનો લોભ, કોઈને સ્વાદનો લોભ તો કોઈને સંગીતનો લોભ, કોઈને ભોગનો લોભ તો કોઈને આબરૂનો લોભ, કોઈને કુટુંબનો લોભ તો કોઈને શાતા(સુખ)નો લોભ, કોઈને પુણ્યનો લોભ તો કોઈને કુટેવ પોષવાનો લોભ; આમ ઇચ્છા માત્ર લોભના વેશ છે. તે ઓળખી તેથી દૂર રહેવાનું, ભડકતા રહેવાનું, નાસી છૂટવાનું કર્તવ્ય છેજી."** -બો.૩ (પૃ.૭૯૬)

લોકોની માન્યતા પ્રમાણે સ્ત્રી, પુત્ર, ધનાદિમાં સુખ છે એમ માની તેને મેળવવા માટે હું મૂઢ બનીને ખૂબ મથ્યો. તેમના પ્રત્યે રોષ એટલે દ્વેષ અને તોષ એટલે રાગની જે અનાદિની રીત હતી તેને જ આદરી જગતને રૂડું દેખાડવા માટે મથીને હું બહુ દુઃખી થયો, છતાં મારા આત્માનું કંઈ રૂડું થયું નહીં.

**"જગતના અભિપ્રાય પ્રત્યે જોઈને જીવ પદાર્થનો બોધ પામ્યો છે. જ્ઞાનીના અભિપ્રાય પ્રત્યે જોઈને પામ્યો નથી. જે જીવ જ્ઞાનીના અભિપ્રાયથી બોધ પામ્યો છે તે જીવને સમ્યક્દર્શન થાય છે."** (વ.પૃ.૩૨૫) ।।૨।।

**જાણે હરાયું ઢોર, અંકુશ નહીં જરી રે, અંકુશ૦**
**વિષય વિષે રહ્યો લીન, સ્વરૂપને વીસરી રે; સ્વરૂપ૦**
**નારી-મદારીનો માંકડો ઉન્મત્ત થઈ ફરે રે, ઉન્મત્ત૦**
**પ્રસન્ન રાખવા કાજ કહ્યા વિના પણ કરે રે. કહ્યા૦ ૩**

**અર્થ :–** હરાયું ઢોર અંકુશ વગર અહીં તહીં રખડીને માર ખાય. તેમ હું પણ જ્ઞાનીપુરુષની આજ્ઞાના અંકુશ વગર નરક નિગોદાદિમાં માર ખાઉં છું. છતાં પાંચે ઇન્દ્રિયોના વિષયોમાં મારા આત્મસ્વરૂપને ભૂલીને હજુ લીન રહ્યો છું. **"કષાય જેવો કોઈ કટ્ટો શત્રુ નથી અને વિષય જેવું કોઈ વિષ નથી. માટે જાણી-જોઈને પોતે પોતાના શત્રુ ન બનવું."** -બો.૩ (પૃ.૫૭૮)

નારીરૂપી મદારીનો માંકડો એટલે વાંદરા જેવો હું મોહરૂપી દારૂ પીને ગાંડા જેવો થઈને ફર્યા કરું છું. સ્ત્રીને વિષયનું મુખ્ય સાધન માની તેને પ્રસન્ન રાખવા માટે તેના કહ્યા વિના પણ તેના કાર્ય પૂર્ણ કરું છું. તેની આજ્ઞામાં હજૂર રહું છું. શ્રી તુલસીદાસજીને પણ પ્રથમ પોતાની સ્ત્રી પ્રત્યે એવો રાગ હતો. તેથી એકવાર એમની પત્નીએ કહ્યું કે –

**"જૈસી પ્રીતિ હરામ કી, તૈસી હર પર હોય;**
**ચલ્યો જાય વૈકુંઠમેં, પલ્લો ન પકડે કોય."**

ત્યારબાદ જીવનમાં પરિવર્તન લાવી શ્રી તુલસીદાસજી શ્રીરામના ભક્ત બન્યા અને 'રામાયણ' ગ્રંથની રચના કરી. ।।૩।।

**ચોર તણો વિશ્વાસ કરી કોણ ઊગરે રે, કરી૦**
**તેમ જ વિષય-કષાય મુમુક્ષુને છેતરે રે; મુમુક્ષુ૦**
**જેણે જીત્યા તે ચોર અજેય તે જિન ખરા રે, અજેય૦**
**આશ્રય તેનો જો હોય, લૂંટે નહીં વાઘરા રે. લૂંટે૦ ૪**

**અર્થ :–** જેમ ચોરનો વિશ્વાસ રાખી સુખ માને તે જીવનો કેમ ઉદ્ધાર થાય. તેમ વિષયકષાયરૂપી ચોર કે ઠગ મુમુક્ષુને પણ છેતરી જાય છે. જ્યાં સુખ નથી ત્યાં સુખબુદ્ધિ કરાવે છે.

જેણે એ વિષયકષાયરૂપી ચોરને જીત્યા તે જ ખરેખરા જિન છે. રાગદ્વેષને જેણે જીત્યા તે જિન છે. આવા જ્ઞાનીપુરુષનો આશ્રય એટલે શરણ જો હોય તો વિષયકષાયરૂપી વાઘરા તેને લૂંટી શકે નહીં.

દ્રૌપદીએ શ્રીકૃષ્ણનું શરણ લીધું તો ચીર પૂરાવા લાગ્યા. લંગડી બકરીએ જંગલના રાજા સિંહનું શરણ લીધું તો બચી ગઈ. તેમ સત્પુરુષનો આશ્રય લે અને તેમની આજ્ઞા ઉપાસે તો વાસનાના મૂળીયા ધીમે ધીમે કપાતા જાય. શ્રી મોતીભાઈ ભાવસારે ઉત્તરસંડામાં પરમકૃપાળુદેવને કહ્યું કે આપના મળ્યાથી સંસારસુખની ઇચ્છા મટી ગઈ, માટે જાણીએ છીએ કે આપ જ્ઞાની છો. ।।૪।।

**ગહન વને જેમ વ્યાઘ્ર અંધારે જીંવ હરે રે, અંધારે૦**
**પણ હોય પાસે પ્રકાશ સંતાતા તે ફરે રે; સંતાતા૦**
**પરમ પુરુષનો સંગ સકળ દુઃખ તે હરે રે, સકળ૦**
**સજ્જનની આજ્ઞા ય ઉપાસી જીવ તરે રે. ઉપાસી૦ ૫**

**અર્થ :–** જેમ સંસારરૂપી ગહનવનમાં અજ્ઞાનરૂપી અંધકાર છવાયેલ હોય ત્યાં કર્મોરૂપી વાઘ જીવનો ઘાત કરે છે. પણ જો પાસે આત્મજ્ઞાનરૂપી પ્રકાશ હોય તો તે કર્મોરૂપી વાઘ સંતાતા ફરે છે.

તેમ સંસારરૂપી ગહનવનમાં આત્મજ્ઞાની પરમપુરુષનો સાથે સંગાથ હોય તો સર્વ પ્રકારના દુઃખનો નાશ થાય છે. કેમકે સજ્જન એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધીને જીવ સંસારરૂપી ભયંકર જંગલને પણ પાર કરી લે છે.

**''સાચા પુરુષ મળે, ને તેઓ જે કલ્યાણનો માર્ગ બતાવે તે જ પ્રમાણે જીવ વર્તે તો અવશ્ય કલ્યાણ થાય. સત્પુરુષની આજ્ઞા પાળવી તે જ કલ્યાણ.''** (વ.પૃ.૭૧૧) **'गुरुणो छंदाणुवत्तगा' ગુરુની આજ્ઞાએ પ્રવર્તવું. ગુરુની આજ્ઞાએ ચાલતાં અનંતા જીવો સીઝ્યા, સીઝે છે અને સીઝશે.''** (વ.પૃ.૫૩૧) **''આખો માર્ગ જ્ઞાનીની આજ્ઞામાં સમાય છે એમ વારંવાર કહ્યું છે. 'આચારાંગસૂત્ર'માં કહ્યું છે કે :– (સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે, કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે એવા મહાવીર ભગવાન તેણે અમને આમ કહ્યું છે.) ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંતા પુરુષો માર્ગ પામીને મોક્ષ પ્રાપ્ત થયા.''** (વ. પૃ.૫૩૨) ।।૫।।

**સંસાર ચહે નહીં જીવ જો આતમભાવથી રે, જો આ૦**
**તો વ્રત-તપને ગૌણ ગણી સ્વભાવથી રે, ગણી૦**
**આદરશે સત્સંગ સ્વરૂપ વિચારવા રે, સ્વરૂપ૦**
**ઉપાસશે સત્સંગ, સ્વચ્છંદ વિસારવા રે. સ્વચ્છંદ૦ ૬**

**અર્થ :–** જે જીવ તન્મયતાપૂર્વક સંસારને ઉપાસવા ઇચ્છતો નથી તે વ્રત તપને ગૌણ ગણી સાચા આત્મભાવથી સ્વરૂપ વિચારવા સત્સંગની ઉપાસના કરશે અને સ્વચ્છંદને રોકવા માટેનો પુરુષાર્થ આદરશે. ।।૬।।

**આજ્ઞારૂપી અંકુશ શિરે તે ધારશે રે, શિરે૦**
**આજ્ઞા ઉપાસતો એમ, સ્વરૂપ ઉપાસશે રે; સ્વરૂપ૦**
**સ્વરૂપ ઉપાસ્યે સુખ અનંત તે પામશે રે, અનંત૦**
**સંસારના સૌ ક્લેશ ભવિક તે વામશે રે. ભવિક૦ ૭**

**અર્થ :–** સ્વચ્છંદને રોકવા માટે તે જ્ઞાનીપુરુષની આજ્ઞાને શિર ઉપર ધારણ કરશે. આજ્ઞાને ઉપાસવાથી પોતાના આત્મસ્વરૂપની ઉપાસના થશે. સ્વરૂપ ઉપાસવાથી આત્માના અનંત સુખને પામશે અને અનંતસુખને પામવાથી સંસારના સર્વ પ્રકારના ક્લેશથી તે ભવ્યાત્મા રહિત થશે.

**''પોતાના સર્વ અભિપ્રાયનો ત્યાગ કરી પોતાની સર્વ શક્તિએ તે સત્સંગની આજ્ઞાને ઉપાસવી. તીર્થંકર એમ કહે છે કે જે કોઈ તે આજ્ઞા ઉપાસે છે, તે અવશ્ય સત્સંગને ઉપાસે છે. એમ જે સત્સંગને ઉપાસે છે તે અવશ્ય આત્માને ઉપાસે છે, અને આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.''** (વ.પૃ.૩૯૩) ॥૭॥

**તેથી તજી સૌ કાજ જ્ઞાની જન શોધજો રે, જ્ઞાની૦**
**જ્ઞાની મળ્યે વિશ્વાસ અચળ ઉર ધારજો રે; અચળ૦**
**પ્રાણ થકી પણ પ્રિય ગણી સત્સંગને રે, ગણી૦**
**યથાશક્તિ પુરુષાર્થ કરી રાખો રંગને રે. કરી૦ ૮**

**અર્થ :–** તેથી બીજા સર્વ કાર્યોને મૂકી દઈ પ્રથમ જ્ઞાનીપુરુષની શોધ કરજો. જ્ઞાનીપુરુષ મળી આવે કે તેના ઉપર અચળ દૃઢ શ્રદ્ધાને ધારણ કરજો. પ્રાણથી પણ પ્રિય સત્સંગને ગણી, યથાશક્તિ આત્મજ્ઞાન પ્રાપ્તિનો પુરુષાર્થ કરી આત્માને સાચો રંગ ચઢાવજો. સત્સંગમાં ભાલાના વરસાદ વરસે તો પણ છોડશો નહીં. અને કુસંગમાં મોતીઓની લહાણી મળે તો પણ જશો નહીં. ॥૮॥

**સર્વજ્ઞ ને વીતરાગ કહે તે જ માનવું રે, કહે૦**
**સમજાય તેથી વિશેષ રહસ્ય છે, ધારવું રે; રહસ્ય૦**
**આજ ન છો સમજાય, અતિ હિતકારી છે રે, અતિ૦**
**બાળ ધરી વિશ્વાસ જમે જે મા પીરસે રે. જમે૦ ૯**

**અર્થ :–** સર્વજ્ઞ પુરુષો કે વીતરાગ પુરુષો કેવળજ્ઞાનથી જાણીને જે કંઈ કહે તે જ માનવું યોગ્ય છે. આપણને તેનો જે અર્થ સમજાય તેથી ઘણું વિશેષ રહસ્ય તેમાં સમાયેલું છે એમ માનવું. આજ ભલે મને ન સમજાય પણ મારા આત્માને તે અત્યંત હિતકારી છે. જેમ બાળક માતા ઉપર વિશ્વાસ રાખી મા જે પીરસે તે જમી લે છે; તેમ જ્ઞાનીપુરુષો જે કહે તે માન્ય કરી લેવા જેવું છે.

**''પોતે જ્ઞાનીના વચનો વિચાર્યા હોય અને સત્સંગમાં પણ તે મુજબ અર્થની ચર્ચા થતી હોય તો પણ તે એમ જ છે, એમ દૃઢ કરી ન દેવું. કારણ, જેમ જેમ દશા વધતી જાય તેમ તેમ અર્થ અલૌકિક ભાસે. માટે જ્ઞાનીએ જાણ્યું તે ખરું એમ રાખવું, જેથી અટકી જવાય નહીં.''** -બો.૧ (પૃ.૩૨) ॥૯॥

**બુદ્ધિગ્રાહ્ય જે ભાવ ગ્રહો બુદ્ધિ વાપરી રે, ગ્રહો૦**
**બુદ્ધિથી પર જે વાત ગ્રહો શ્રદ્ધા કરી રે; ગ્રહો૦**
**સ્વાનુભવથી સિદ્ધ થશે દશા આવતાં રે, થશે૦**
**ત્યાં સુધી આજ્ઞાધાર વિરોધ શમાવતાં રે. વિરોધ૦ ૧૦**

**અર્થ :–** બુદ્ધિથી ગ્રહણ થઈ શકે એવા ભગવાનની વાણીના ભાવોને બુદ્ધિ વાપરીને ગ્રહણ કરો. પણ જે વાત બુદ્ધિથી પર છે, તે વાતને શ્રદ્ધાથી માન્ય રાખો.

જ્યારે તમારા આત્માની દશા વધશે ત્યારે તમને જ પોતાના અનુભવથી તે વાત સિદ્ધ થશે. તે દશા ન આવે ત્યાં સુધી જ્ઞાનીપુરુષની આજ્ઞાના આધારે વર્તવું. મનમાં કોઈ વાતનો વિરોધ ભાસે તો તે આગળ ઉપર દશા વધતાં સમજાશે એમ માનીને આગળ ચાલવું. જેમ રસ્તામાં ફાળીયું ભરાયુ હોય તે નીકળે તો કાઢી લેવું; નહીં તો ત્યાં જ પડતું મૂકીને આગળ ચાલવું. ।।૧૦।।

**ઘણી સર્વજ્ઞની વાત બુદ્ધિમાં બેસતી રે, બુદ્ધિ૦**
**ગજા ઉપરની વાત મતિમાં ન પેસતી રે; મતિ૦**
**તોપણ સાચી વાત ઘણી જે નર કહે રે, ઘણી૦**
**તેની નવી કોઈ વાત વિશ્વાસથી સૌ લહે રે. વિશ્વા૦ ૧૧**

**અર્થ :–** મનુષ્ય કે તિર્યંચના દુઃખની વાત જે સર્વજ્ઞ કરે તે ઘણી નજરે દેખાય છે, તેથી બુદ્ધિમાં બેસે છે. પણ દેવલોક, નરક કે નિગોદની વાત મારા ગજા ઉપરની હોવાથી મારી બુદ્ધિમાં પેસતી નથી.

તો પણ ઘણી વાત સાચી જે સત્પુરુષ કહે તેની કોઈ નવી વાત સાંભળવામાં આવે તો તેને ઘણા વિશ્વાસપૂર્વક માન્ય કરવી જોઈએ.

**"વળી મારી સમજણ તો એમ રહે છે કે શાસ્ત્રકારે બધાં શાસ્ત્રોમાં ન હોય એવી પણ કોઈ શાસ્ત્રમાં વાત કરી હોય તો કંઈ ચિંતા જેવું નથી. તેની સાથે તે એક શાસ્ત્રમાં કહેલી વાત સર્વ શાસ્ત્રની રચના કરતાં શાસ્ત્રકારનાં લક્ષમાં જ હતી, એમ સમજવું. વળી બધાં શાસ્ત્ર કરતાં કંઈ વિચિત્ર વાત કોઈ શાસ્ત્રમાં જણાવી હોય તો એ વધારે સમ્મત કરવા જેવી સમજવી, કારણ એ કોઈ વિરલા મનુષ્યને અર્થે વાત કહેવાઈ હોય છે; બાકી તો સાધારણ મનુષ્યો માટે જ કથન હોય છે. આમ હોવાથી આઠ રુચકપ્રદેશ નિર્બંધન છે, એ વાત અનિષેધ છે, એમ મારી સમજણ છે."** (વ.પૃ.૨૨૭) ।।૧૧।।

**ક્હેનાર નર નિર્દોષ ચહે હિત આપણું રે, ચહે૦**
**નિષ્કામ કરુણારૂપ અહોભાગ્ય એ ગણું રે; અહો૦**
**તેની કહેલી વાત સ્વીકારતાં શ્રેય છે રે, સ્વીકા૦**
**એક જ શબ્દે ઉદ્ધાર માહાત્મ્ય અમેય છે રે! માહા૦ ૧૨**

**અર્થ :–** આપણને વાત કહેનાર નર નિર્દોષ છે. કષાય અને અજ્ઞાનથી રહિત છે. તે આપણું હિત ઇચ્છે છે. તે નિષ્કારણ કરુણાશીલ છે. માટે આવા પરમકૃપાળુદેવ જેવા પુરુષનો યોગ થયો તે આપણા અહોભાગ્ય ગણવા યોગ્ય છે. **"તીર્થંકરે પણ એમ જ કહ્યું છે; અને તે તેના આગમમાં પણ હાલ છે, એમ જાણવામાં છે. કદાપિ આગમને વિષે એમ કહેવાયેલો અર્થ રહ્યો હોત નહીં, તોપણ ઉપર જણાવ્યા છે તે શબ્દો આગમ જ છે, જિનાગમ જ છે. રાગ, દ્વેષ અને અજ્ઞાન એ ત્રણે કારણથી રહિતપણે એ શબ્દો પ્રગટ લેખપણું પામ્યા છે; માટે સેવનીય છે."** (વ.પૃ.૩૪૫)

આવા પુરુષની કહેલી વાતને સ્વીકારતાં આત્માનું શ્રેય એટલે કલ્યાણ જ છે. જેના એક શબ્દને માન્ય કરી તે પ્રમાણે વર્તવાથી જીવનો ઉદ્ધાર થઈ જાય એવું જેનું અમેય એટલે અમાપ માહાત્મ્ય છે.

મારુષ, માતુષ આવા શબ્દ માત્રથી શિવભૂતિ મુનિને કેવળજ્ઞાન થઈ ગયું, કે ઉપશમ, વિવેક, સંવર નામના શબ્દો માત્રથી ચિલાતી પુત્રનું કલ્યાણ થઈ ગયું. કેમ કે એ સત્‌ની ચિનગારી છે, અથવા

પ્રગટ આત્મસ્વરૂપને સ્પર્શીને નીકળેલી વાણી છે. **"જ્ઞાનીની પ્રત્યેક આજ્ઞા કલ્યાણકારી છે. માટે તેમાં ન્યૂનાધિક કે મોટા નાનાની કલ્પના કરવી નહીં."** (વ.પૃ.૬૯૬) ।।૧૨।।

**આત્મસ્વરૂપને પ્રાપ્ત પુરુષ આજ્ઞા કરે રે, પુરુષ૦**
**પ્રેરે તે ફક્ત આત્માર્થ ભક્તના ભવ હરે રે; ભક્ત૦**
**ભવમાં જવાને આડ આજ્ઞા જ્ઞાની તણી રે, આજ્ઞા૦**
**રાગ-દ્વેષથી દૂર રાખે ભવહારિણી રે. રાખે૦ ૧૩**

**અર્થ :–** જેને આત્મસ્વરૂપ પ્રાપ્ત છે એવા પુરુષ જે આજ્ઞા કરે તે સામા જીવને માત્ર આત્માર્થમાં જ પ્રેરે છે. તે ભક્તના ભવ એટલે ચાર ગતિરૂપ સંસારને હરે છે.

એવા જ્ઞાનીપુરુષની આજ્ઞા તે સંસારમાં જવા માટે આડા પ્રતિબંધ જેવી છે. તે આજ્ઞા જીવને રાગદ્વેષના ભાવોથી દૂર રાખી સંસારના દુઃખોને હણી નાખનાર છે.

**"જે જે સાધન આ જીવે પૂર્વ કાળે કર્યાં છે, તે તે સાધન જ્ઞાનીપુરુષની આજ્ઞાથી થયાં જણાતાં નથી, એ વાત અંદેશારહિત લાગે છે. જો એમ થયું હોત તો જીવને સંસારપરિભ્રમણ હોય નહીં. જ્ઞાનીપુરુષની આજ્ઞા છે તે, ભવમાં જવાને આડા પ્રતિબંધ જેવી છે."** (વ.પૃ.૪૧૧) ।।૧૩।।

**શ્વાસોચ્છ્વાસ સિવાય ક્રિયા કોઈ ના કરો રે, ક્રિયા૦**
**સદ્‌ગુરુ-આજ્ઞા સિવાય; તો સ્વચ્છંદ સૌ હરો રે. તો૦**
**વૃત્તિ જતી જે બ્હાર ક્ષય કરવા કહી રે, ક્ષય૦**
**બારે ઉપાંગનો સાર આજ્ઞા અનુપમ લહી રે. આજ્ઞા૦ ૧૪**

**અર્થ :–** એક શ્વાસોચ્છ્વાસ સિવાય સદ્‌ગુરુ આજ્ઞા વગરની કોઈપણ ક્રિયા જો ના કરો તો સ્વચ્છંદ નામનો જે મહાદોષ છે તેનો સર્વથા નાશ થઈ શકે. **"સદ્‌ગુરુની આજ્ઞા વિના આત્માર્થી જીવના શ્વાસોચ્છ્વાસ સિવાય બીજું ન ચાલે એવી જિનની આજ્ઞા છે."** (વ.પૃ.૬૮૮)

જીવની મલિન વૃત્તિઓ જે હમેશાં બહાર ફરે છે તેને ક્ષય કરવા કહ્યું. બારે ઉપાંગના સારમાં પણ વૃત્તિઓને ક્ષય કરવી એ જ જ્ઞાનીપુરુષની અનુપમ આજ્ઞા છે.

**"જ્ઞાની પુરુષને શિષ્યે પ્રશ્ન પૂછ્યું, 'બાર ઉપાંગ તો બહુ ગહન છે; અને તેથી મારાથી સમજી શકાય તેમ નથી; માટે બાર ઉપાંગનો સાર જ બતાવો કે જે પ્રમાણે વર્તું તો મારું કલ્યાણ થાય.' સદ્‌ગુરુએ ઉત્તર આપ્યો, બાર ઉપાંગનો સાર તમને કહીએ છીએ કે, 'વૃત્તિઓને ક્ષય કરવી.' આ વૃત્તિઓ બે પ્રકારની કહીઃ એક બાહ્ય અને બીજી અંતર્. બાહ્યવૃત્તિ એટલે આત્માથી બહાર વર્તવું તે. આત્માની અંદર પરિણમવું, તેમાં શમાવું, તે અંતર્વૃત્તિ. પદાર્થનું તુચ્છપણું ભાસ્યમાન થયું હોય તો અંતર્વૃત્તિ રહે. જેમ અલ્પ કિંમતનો એવો જે માટીનો ઘડો તે ફૂટી ગયો અને પછી તેનો ત્યાગ કરતાં આત્માની વૃત્તિ ક્ષોભ પામતી નથી, કારણ કે તેમાં તુચ્છપણું સમજાયું છે. આવી રીતે જ્ઞાનીને જગતના સર્વ પદાર્થ તુચ્છ ભાસ્યમાન છે. જ્ઞાનીને એક રૂપિયાથી માંડી સુવર્ણ ઇત્યાદિક પદાર્થમાં સાવ માટીપણું જ ભાસે છે."** (વ.પૃ.૬૮૮) ।।૧૪।।

**દૃઢ નિશ્ચય જો થાય તે આજ્ઞા ઉઠાવવા રે, તે૦**
**વિભાવથી મુંકાઈ સ્વભાવમાં આવવા રે; સ્વભા૦**
**તો તેની ભક્તિ યથાર્થ, તે શાસ્ત્ર બધાં ભણ્યો રે, તે૦**
**તીર્થ કર્યાં તેણે સર્વ પુરુષાર્થ જ તે ગણ્યો રે. પુરુ૦ ૧૫**

**અર્થ :—** જ્ઞાનીપુરુષની આજ્ઞા ઉઠાવવાનો જો દૃઢ નિશ્ચય થાય અર્થાત્ વિભાવથી મુકાઈને સ્વભાવમાં આવવાનો જો પુરુષાર્થ થાય તો તેની ભક્તિ યથાર્થ છે. તે બધા શાસ્ત્ર ભણી ગયો. તેણે સર્વ તીર્થની યાત્રા કરી લીધી. કેમકે બધું કરીને પોતાના આત્મસ્વભાવમાં આવવું છે. તેના માટેનો આ બધો પુરુષાર્થ છે.

**"સત્પુરુષની આજ્ઞામાં વર્તવાનો જેનો દૃઢ નિશ્ચય વર્તે છે અને જે તે નિશ્ચયને આરાધે છે, તેને જ જ્ઞાન સમ્યક્પરિણામી થાય છે, એ વાત આત્માર્થી જીવે અવશ્ય લક્ષમાં રાખવા યોગ્ય છે. અમે જે આ વચન લખ્યાં છે, તેના સર્વ જ્ઞાનીપુરુષો સાક્ષી છે."** (વ.પૃ.૫૫૮)

**"વિભાવથી મુકાવવું અને સ્વભાવમાં આવવું એ જ્ઞાનીની પ્રધાન આજ્ઞા છે."**

**"જીવ વિભાવપરિણામમાં વર્તે તે વખતે કર્મ બાંધે; અને સ્વભાવ પરિણામમાં પ્રવર્તે તે વખતે કર્મ બાંધે નહીં. એમ સંક્ષેપમાં પરમાર્થ કહ્યો. પણ જીવ સમજે નહીં તેથી વિસ્તાર કરવો પડ્યો, જેમાંથી મોટા શાસ્ત્રો રચાયાં."** (વ.પૃ.૬૮૮)

**"સર્વ શાસ્ત્રનો સાર કોઈ જ્ઞાની પુરુષની શોધ કરી તેના વચનમાં વિશ્વાસ રાખી તેની આજ્ઞા ઉઠાવવા પુરુષાર્થ કરવો એ જ છે."** -ઉપદેશામૃત (પૃ.૧૧૯) ।।૧૫।।

**કલ્પિત સાધન સર્વ ટળે એક જ્ઞાનથી રે, ટળે૦**
**સમ્યક્ જ્ઞાન તો થાય અપૂર્વ વિચારથી રે; અપૂર્વ૦**
**અપૂર્વ જ્ઞાનીની વાણી વિચારો તે પ્રેરશે રે. વિચારો૦**
**સદ્ગુરુની આજ્ઞા જ આરાધ્યાથી સૌ થશે રે, આરા૦ ૧૬**

**અર્થ :—** પોતાની મતિ કલ્પનાએ પૂર્વે જે આજ્ઞા વગર ધર્મને નામે સાધનો કર્યા, તે અપૂર્વજ્ઞાન એટલે આત્મજ્ઞાનથી સવળા થઈ શકે એમ છે. તે આત્મજ્ઞાન અપૂર્વ વિચારથી થશે. તે અપૂર્વ વિચાર અપૂર્વ જ્ઞાનીની વાણી દ્વારા ઉત્પન્ન થશે, અર્થાત્ અપૂર્વ પુરુષના આરાધન વિના જીવને અપૂર્વ વિચાર આવવાનો બીજો કોઈ ઉપાય નથી. માટે એ સિદ્ધ થાય છે કે જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન કરવું એ જ સર્વ સિદ્ધિનું કારણ છે.

**"જીવના પૂર્વકાળનાં બધાં માઠાં સાધન, કલ્પિત સાધન મટવા અપૂર્વજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી, અને તે અપૂર્વ વિચાર વિના ઉત્પન્ન થવા સંભવ નથી; અને તે અપૂર્વ વિચાર, અપૂર્વ પુરુષના આરાધન વિના બીજા કયા પ્રકારે જીવને પ્રાપ્ત થાય એ વિચારતાં એમ જ સિદ્ધાંત થાય છે કે, જ્ઞાનીપુરુષની આજ્ઞાનું આરાધન એ સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે; અને એ વાત જ્યારે જીવથી મનાય છે, ત્યારથી જ બીજા દોષનું ઉપશમવું, નિવર્તવું શરૂ થાય છે."** (વ.પૃ.૪૧૨) ।।૧૬।।

**સદ્ગુરુ સાચા વૈદ્ય અપૂર્વ અનુભવી રે, અપૂર્વ૦**
**દોષ-રોગોનું મૂળ જવા, દે દવા નવી રે; જવા૦**
**ક્રોધાદિનો ઉપાય બતાવે તે આદરે રે, બતાવે૦**
**તો થાય તે નિર્મૂળ ક્ષમાદિ સદા ધરે રે. ક્ષમાદિ૦ ૧૭**

**અર્થ :—** સદ્ગુરુ ભગવંત આત્મભ્રાંતિરૂપ રોગ ટાળવા માટે અપૂર્વ એવા સાચા અનુભવી વૈદ્ય છે. તે રોગોનું મૂળ દેહાધ્યાસ, વિષય-કષાયાદિ દોષો છે. તે જવા માટે વિચારરૂપ ધ્યાનની નવી દવા આપે છે.

**"આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;**
**ગુરુ-આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન."** -શ્રીમદ્ રાજચંદ્ર

**"સદ્ગુરુ વૈદ્યે પોતે અનુભવેલી ખરેખરી ફાયદો કરે તેવી દવા "વિચાર કરવારૂપ ધ્યાન"ની બતાવી છે. "કર વિચાર તો પામ." સાથે પથ્ય પણ બતાવ્યું કે સદ્ગુરુએ કરેલા બોધને અનુસરીને વિચાર કરે, તેની કરેલી આજ્ઞા નિયમિતપણે સાચા દિલે વિશ્વાસ રાખી ઉઠાવે, તો આત્મભ્રાંતિરૂપી મહારોગ મટે અને સમ્યક્દર્શનરૂપ નેત્ર ઊઘડે, તો સર્વજ્ઞ ભગવાને કહેલું યથાર્થ સમજાય."** -બો.-૩ (પૃ.૨૮૪)

ક્રોધાદિ કષાયોને દૂર કરવા માટે જે ઉપાય જ્ઞાનીપુરુષ બતાવે તે જીવ જો આદરે તો તે કષાયો નિર્મૂળ થઈ ક્ષમાદિ ગુણો સદાને માટે પ્રગટે છે.

**"અજ્ઞાની પોતે દરિદ્રી છે. જ્ઞાનીની આજ્ઞાથી કામક્રોધાદિ ઘટે છે. જ્ઞાની તેના વૈદ્ય છે. જ્ઞાનીના હાથે ચારિત્ર આવે તો મોક્ષ થાય. જ્ઞાની જે જે વ્રત આપે તે ઠેઠ લઈ જઈ પાર ઉતારનારા છે."** (વ.પૃ.૬૯૯)

**"સત્પુરુષોના લક્ષણો :– તેઓની વાણીમાં પૂર્વાપર અવિરોધ હોય, તેઓ ક્રોધનો જે ઉપાય કહે તેથી ક્રોધ જાય, માનનો જે ઉપાય કહે તેથી માન જાય. જ્ઞાનીની વાણી પરમાર્થરૂપ જ હોય છે; તે અપૂર્વ છે. જ્ઞાનીની વાણી બીજા અજ્ઞાનીની વાણીની ઉપર ને ઉપર જ હોય. જ્યાં સુધી જ્ઞાનીની વાણી સાંભળી નથી, ત્યાં સુધી સૂત્રો પણ છાશબાકળા જેવાં લાગે."** (વ.પૃ.૭૧૯)

તેમ પ.પૂ.પ્રભુશ્રીજી પણ મનથી બ્રહ્મચર્યના પાલન માટે, પોતાના દિક્ષિતગુરુ શ્રી હરખચંદજી મહારાજના કહ્યા પ્રમાણે એકાંતરા ઉપવાસ કરતા હતા. છતાં મનથી પાલન થયું નહીં. જે અનુભવી એવા પરમકૃપાળુદેવે નીરસ ભોજન કરવાનું કહેવાથી ખાતા છતાં મનથી બ્રહ્મચર્યનું પાલન થઈ ગયું. તેમ અનુભવી સદ્ગુરુ જે ઉપાય બતાવે તેથી દોષ અવશ્ય જાય. ।।૧૭।।

**સાધન સર્વ સમાય સુગુરુ-આજ્ઞા વિષે રે, સુગુરુ૦**
**અજ્ઞાન એથી જ જાય તે નેત્રથી સૌ દીસે રે, તે૦**
**જ્ઞાની કહે જે ઝેર, તે ઝેર જાણી મૂૅકે રે, તે૦**
**તરવાનો કામી જ તેહ, આજ્ઞા નહીં તે ચૂૅકે રે. આજ્ઞા૦ ૧૮**

**અર્થ :–** સદ્ગુરુની આજ્ઞામાં સર્વ આત્માર્થ સાધન સમાય છે.

**"સદ્ગુરુની આજ્ઞામાં બધાં સાધનો સમાઈ ગયાં. જે જીવો તરવાના કામી હોય છે તેની બધી વાસનાનો નાશ થાય છે."** (વ.પૃ.૭૧૯) **"જ્ઞાનીને ઓળખો; ઓળખીને એઓની આજ્ઞા આરાધો. જ્ઞાનીની એક આજ્ઞા આરાધતાં અનેકવિધ કલ્યાણ છે."** (વ.પૃ.૬૬૯) **"ઘણાં શાસ્ત્રો અને વાક્યોના અભ્યાસ કરતાં પણ જો જ્ઞાનીપુરુષોની એકેક આજ્ઞા જીવ ઉપાસે તો ઘણાં શાસ્ત્રથી થતું ફળ સહજમાં પ્રાપ્ત થાય."** (વ.પૃ.૬૩૭) અનાદિકાળનું અજ્ઞાન પણ જ્ઞાનીનાં વચનોથી જાય છે. પછી સમ્યક્નેત્ર પ્રાપ્ત થવાથી સર્વ પદાર્થનું સ્વરૂપ યથાર્થ જણાય છે.

નિશ્ચય, નિર્ગ્રંથ જ્ઞાની ગુરુની પ્રાપ્તિ, તેની આજ્ઞાનું આરાધવું, સમીપમાં સદૈવકાળ રહેવું, કાં સત્સંગની પ્રાપ્તિમાં રહેવુ, આત્મદર્શિતા ત્યારે પ્રાપ્ત થશે. જ્ઞાનીપુરુષો આત્માર્થ માટે જે પદાર્થને ઝેર જેવા કહે તેને તેમ જાણી મૂકે અને જ્ઞાનીની આજ્ઞાને કદી ચૂકે નહીં તે જ જીવો તરવાના કામી છે.

**"તરવાના કામી કોને કહેવાય? જે પદાર્થને જ્ઞાની ઝેર કહે તેને ઝેર જાણી મૂકે, અને જ્ઞાનીની આજ્ઞા આરાધે તેને તરવાના કામી કહેવાય."** (વ.પૃ.૭૨૦) ।।૧૮।।

**ઋષભદેવના પુત્ર અઠ્ઠાણું વન ગયા રે, અઠ્ઠાણું૦**
**કરવાને ફરિયાદ, ભરત સામા થયા રે; ભરત૦**

**આજ્ઞા મનાવે કેમ? પિતાએ સૌ દીધું રે, પિતાએ૦**
**પિતા કહે તેમ થાય; પિતાએ શું કીધું રે? પિતાએ૦ ૧૯**

**અર્થ :–** ઋષભદેવ પ્રભુના અઠ્ઠાણું પુત્રો વનમાં પ્રભુ પાસે ફરિયાદ કરવા ગયા કે ભરત અમારી સામે થયા છે. તે અમને પોતાની આજ્ઞા માનવા કેમ કહે છે? પિતાએ સૌ વહેંચીને આપ્યું છે, તો હવે પિતા કહેશે તેમ થશે. એમ ધારીને પિતા પાસે ગયા ત્યારે પિતાએ શું કહ્યું?

**"ઋષભદેવજી પાસે અઠ્ઠાણું પુત્રો 'અમને રાજ આપો' એમ કહેવાના અભિપ્રાયથી આવ્યા હતા, ત્યાં તો ઋષભદેવે ઉપદેશ દઈ અઠ્ઠાણુંયને મૂંડી દીધા! જુઓ મોટા પુરુષની કરુણા!** (વ.પૃ.૭૦૨) ।।૧૯।।

**"હે જીવો! પામો બોધ, આ બોધનો યોગ છે રે, આ૦**
**દુર્લભ માનવ જન્મ, ભવે ભય, શોક છે રે; ભવે૦**
**અજ્ઞાનથી ન પમાય વિવેક, વિચારજો રે, વિવેક૦**
**એકાન્ત દુઃખથી લોક બધો બળે, ધારજો રે. બધો૦ ૨૦**

**અર્થ :–** ઋષભદેવ ભગવાને અઠ્ઠાણું પુત્રોને બોધ આપ્યો કે હે જીવો! તમે બોધ પામો, અર્થાત્ મૂળભૂત તત્ત્વને સમજો. આ બોધનો સમય છે. દુર્લભ એવો માનવ જન્મ મળ્યો છે. બાકી તો ચારેય ગતિઓ ભય અને શોકથી જ ભરેલી છે. અનાદિ અજ્ઞાનના કારણે જડ ચેતનનો વિવેક પ્રગટતો નથી. માટે આ વાતને ખૂબ વિચારજો. આખો લોક રાગદ્વેષના પ્રાપ્ત ફળથી બળી રહ્યો છે એ વાતને પણ વિચારી દૃઢપણે મનમાં ધારણ કરજો. **"હે જીવો! તમે બૂઝો, સમ્યક્ પ્રકારે બૂઝો. મનુષ્યપણું મળવું ઘણું દુર્લભ છે, અને ચારે ગતિને વિષે ભય છે, એમ જાણો. અજ્ઞાનથી સદ્‌વિવેક પામવો દુર્લભ છે, એમ સમજો. આખો લોક એકાંત દુઃખે કરી બળે છે, એમ જાણો. અને 'સર્વ જીવ' પોતપોતાનાં કર્મે કરી વિપર્યાસપણું અનુભવે છે, તેનો વિચાર કરો."** (વ.પૃ.૩૯૩) ।।૨૦।।

**પોતે પોતાનાં કર્મ કરેલાં ભોગવે રે, કરેલાં૦**
**ભૂલી સ્વભાવનું સુખ, વિભાવ અનુભવે રે; વિભવ૦**
**કોઈ કહે : 'હું દેવ', કોઈ કહે 'નારકી' રે, કોઈ૦**
**કોઈ બન્યા છે ઢોર, કોઈ નર પાતકી રે. કોઈ૦ ૨૧**

**અર્થ :–** જીવો પોતાના કરેલા કર્મોને ભોગવે છે. પોતાના આત્મ સ્વભાવનું અનંતસુખ ભૂલી જઈ રાગદ્વેષવાળા વિભાવમાં ક્ષણિક સુખની કલ્પના કરીને સરવાળે દુઃખ જ અનુભવે છે. કોઈ કહે હું દેવ છું, કોઈ કહે હું નારકી છું, કોઈ કર્મ વિપાકે ઢોર બન્યા છે. તો કોઈ વળી મનુષ્ય બનીને પણ પાતકી એટલે પાપમાં જ રાચી રહી દિવસો પસાર કરી રહ્યાં છે. પોતાના સ્વરૂપને ન જાણવાથી અજ્ઞાનવશ જીવ જે દેહ ધારણ કરે તેમાં પોતાપણું માની રાગદ્વેષ કરી ચારગતિમાં જ રઝળ્યા કરે છે. ।।૨૧।।

**જેને મળ્યો સુયોગ વિપર્યાસ ટાળતા રે, વિપર્યાસ૦**
**ગ્રહી મુનિનો માર્ગ તે કર્મો બાળતા રે; તે કર્મો૦**
**ચૂકો હવે તમે કેમ? સ્વરૂપને ઓળખો રે, સ્વરૂપને૦**
**માયિક સુખની આશ તજે ના તે મૂરખો રે." તજે૦ ૨૨**

**અર્થ :–** જેને જ્ઞાનીપુરુષનો સુયોગ મળ્યો છે તે વિપર્યાસ કહેતા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલ વિપરીત

બુદ્ધિને ટાળે છે. અને સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ મોક્ષમાર્ગને આરાધવા જ્ઞાનીગુરુના આશ્રયે મુનિપણાનો માર્ગ સ્વીકારી જ્ઞાનાવરણિયાદિ કર્મોને શીઘ્ર બાળે છે.

શ્રી ઋષભદેવ ભગવાન પોતાના અઠ્ઠાણું પુત્રોને કહે છે કે હે આયુષ્યમનો! આવા મુનિપણાના અવસરને તમે કેમ ચૂકો છો? હવે તો પોતાના આત્મસ્વરૂપની ઓળખાણ કરો. કલ્પિત એવા માયામોહવાળા માયિક એટલે સાંસારિક મૃગતૃષ્ણા જેવા સુખની આશાને હવે જો ના તજે તો તે ખરેખરો મૂર્ખ છે. 'ભૂખ્યાને જેમ ઘેબર દેતાં હાથ ન માંડે ઘેલોજી' તેના જેવું છે. સંસારનું ઇન્દ્રિય સુખ તે ખરજવાની મીઠી ખાજ ખણી, છોલીને દુઃખ ભોગવે તેવું છે. અથવા કૂતરું હાડકું ચાવી પોતાના જ મોઢામાંથી નીકળેલ લોહી ચૂસી આનંદ માને તેના જેવું આ ઇન્દ્રિય સુખ છે. ॥૨૨॥

**સુણી શિખામણ સર્વ અઠ્ઠાણું ત્યાં રહ્યા રે, અઠ્ઠાણું૦**
**આજ્ઞા પ્રભુની માન્ય કરી મુનિ તે થયા રે; કરી૦**
**પ્રગટ્યો સર્વને ધર્મ એ આજ્ઞા ઉઠાવતાં રે, એ૦**
**પામ્યા સર્વે મોક્ષ તે કર્મ ખપાવતાં રે. તે કર્મ૦ ૨૩**

**અર્થ :—** શ્રી ઋષભદેવ ભગવાનની શિખામણ સાંભળીને અઠ્ઠાણુંય પુત્રો ત્યાં જ રહ્યા. પ્રભુની આજ્ઞા માન્ય કરીને બધા મુનિ થઈ ગયા.

**"સૂયગડાંગસૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યાં છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :**

**હે આયુષ્યમનો! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે."** (વ.પૃ.૨૬૦)

સર્વ પુત્રોને ભગવાનની આજ્ઞા ઉઠાવતાં આત્મધર્મ પ્રગટ્યો અને સર્વે કર્મો ખપાવીને મોક્ષપદને પણ પામી ગયા. ॥૨૩॥

**આજ્ઞા વિના ભવ-હેતુ બને વ્રતાદિ મહા રે, બને૦**
**ઉપકરણોનો સમૂહ મેરુ સમ જો અહા! રે; મેરુ૦**
**સૌ ભૂત-ભવ-પુરુષાર્થ થયો નિષ્ફળ ખરે! રે, થયો૦**
**તો ય ન ચેતે કેમ? હજી ચેતન અરે! રે. હજી૦ ૨૪**

**અર્થ :—** સત્પુરુષની આજ્ઞા આરાધ્યા વિના અજ્ઞાનીના વ્રત, તપ, જપ, સંયમાદિ સર્વ સંસારના કારણ બને છે. મેરુ પર્વત સમાન ઓઘા મુપતિના ઉપકરણો અનેક ભવોના મળી ધારણ કર્યા છતાં હજુ સંસારના દુઃખોથી જીવ છૂટી શક્યો નથી.

**"અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે."** (વ.પૃ.૨૪૬) સર્વ ભૂતકાળના ભવોમાં કરેલા પુરુષાર્થ નિષ્ફળ ગયા છે. તોય હજી આ ચેતન આવો અવસર મળ્યા છતાં કેમ ચેતતો નથી? એ જ આશ્ચર્ય છે. **"જ્યાં સુધી પ્રત્યક્ષ જ્ઞાનીની ઇચ્છાએ, એટલે આજ્ઞાએ નહીં વર્તાય, ત્યાં સુધી અજ્ઞાનની નિવૃત્તિ થવી સંભવતી નથી."** (વ.પૃ.૨૬૨)

**"અનંત કાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તોપણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે.** (વ.પૃ.૨૬૩) **"સાચા પુરુષની આજ્ઞા આરાધે તે પરમાર્થરૂપ જ છે. તેમાં લાભ જ થાય. એ વેપાર લાભનો જ છે."** (વ.પૃ.૭૨૪) ||૨૪||

---

જ્ઞાનીપુરુષની આજ્ઞા પ્રમાણે જે જીવ વર્તે તેને અંતકાળે સમાધિમરણની પ્રાપ્તિ થાય. સમાધિમરણ એ મોક્ષનું કારણ છે. એકવાર જો સમાધિમરણ થાય તો મોક્ષે જતા સુધી જેટલા મરણ કરવા પડે તે બધા સમાધિમરણ જ થાય એવો નિયમ છે. એ મોટો લાભ છે. સર્વ પ્રકારની આરાધનાનું ફળ અંતે સમાધિમરણ આવવું જોઈએ. એવા સમાધિમરણની પ્રાપ્તિ અર્થે વિસ્તારથી આગળના બે પાઠોમાં જણાવવામાં આવે છે.

(૫૨)

## સમાધિ-મરણ

ભાગ-૧

(સદ્ગુરુ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પદ સેવાથી શુદ્ધ જ્ઞાન થશે—એ રાગ)

*



**શ્રીમદ્ સદ્ગુરુ રાજચંદ્ર-પદ વંદું સહજ સમાધિ ચહી,**
**સદ્ગુરુ-ચરણે ચિત્ત વસો મુજ, એ જ ભાવના હૃદય રહી.**
**દેહ છતાં જેની નિત્ય વર્તે દેહાતીત અપૂર્વ દશા,**
**તે ભગવંત નિરંતર ભજતાં, દોષ રહે કહો કેમ કશા? ૧**



**અર્થ :—** શ્રીમદ્ સદ્ગુરુ ભગવંત રાજચંદ્ર પ્રભુના ચરણકમળમાં સહજ સમાધિ એટલે નિર્વિકલ્પ સમાધિને પામવાની ઇચ્છા રાખી પ્રણામ કરું છું. તે સદ્ગુરુના ચરણકમળમાં મારું ચિત્ત વાસ કરીને રહો, એ જ ભાવના મારા હૃદયમાં સદા જાગૃત રહી છે. કેમકે દેહ હોવા છતાં પરમકૃપાળુદેવની દેહાતીત એટલે દેહથી જુદી એવી અપૂર્વ આત્મદશા નિત્ય વર્તે છે.

**"અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી."** (વ.પૃ.૨૯૦) એવા સદ્ગુરુ ભગવંત પરમકૃપાળુદેવને નિરંતર ભજતાં કોઈપણ પ્રકારના દોષ કેમ રહી શકે? ||૧||

**સદ્ગુરુ-બોધે, અંતર્શોધે શુદ્ધ સ્વરૂપ જે ઓળખશે,**
**તેમાં તલ્લીન રહેવાને તે સત્પુરુષાર્થ કર્યા કરશે.**
**સ્થિરતા વીર્ય વિના ન ટકે ત્યાં વ્રતાદિથી શુભ ભાવ કરે;**
**સમાધિ સહિત મરણ, ફળ વ્રતનું, નિશ્ચય એ ઉરમાંહિ ધરે. ૨**

**અર્થ :—** એવા સદ્ગુરુ પરમકૃપાળુદેવના બોધે અંતર્આત્મામાં શોધ કરીને જે પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને ઓળખશે, તે સદા તેમાં જ તલ્લીન રહેવાનો પુરુષાર્થ કર્યા કરશે. કેમકે આત્મામાં નિરાકુળ સુખનો સ્વાદ ચાખ્યા પછી બહારના ઇન્દ્રિય સુખો તેને તુચ્છ ભાસશે.

તે આત્મસ્વરૂપમાં સ્થિરતા આત્મવીર્ય વિના કે ચારિત્રમોહનીય કર્મના ગયા વિના ટકશે નહીં; ત્યારે

વ્રત નિયમ સ્વાધ્યાય ભક્તિ આદિ શુભ ભાવમાં મનને રોકશે. તથા વ્રતનું ફળ પણ સમાધિમરણ આવવું જોઈએ; એ નિશ્ચયને મનમાં રાખી પરપદાર્થો પ્રત્યેનો મોહ ઘટાડવા તે પુરુષાર્થ કર્યા કરશે. ।।૨।।

**સુવર્ણ મંદિર ઉપર શોભે રત્નકલશ સુંદર જેવો,**
**તેમ સમાધિ-મરણ યોગ પણ વ્રતમંડન માની લેવો.**
**જો ન સમાધિ-મરણ સાચવે વ્રત-અભ્યાસ ન સફળ થયો;**
**શસ્ત્રોની તાલીમ નકામી, રણક્ષેત્રે જો ચૂકી ગયો. ૩**

**અર્થ :–** સોનાનું મંદિર બનાવ્યું હોય તેના શિખર ઉપર રત્નનો સુંદર કલશ જેમ શોભે તેમ સમાધિમરણનો યોગ પણ વ્રત મંડન એટલે કરેલા વ્રતોને શોભાવનાર અર્થાત્ દીપાવનાર માનવો.

જીવન પર્યંત આરાધના કરીને અંતકાળે સમાધિમરણને ન સાચવે તો તેનો કરેલો વ્રતનો અભ્યાસ સફળ થયો નહીં. જેમકે શસ્ત્રો ચલાવવાની તાલીમ લીધી હોય પણ રણક્ષેત્રે એટલે યુદ્ધના મેદાનમાં જ શસ્ત્રો ચલાવવાનું ભૂલી જાય તો તે લીધેલી તાલીમ વ્યર્થ છે. અથવા બાળક બાર મહિના ભણીને પણ પરીક્ષામાં નાપાસ થાય તો તેનું ભણતર ન ભણ્યા બરાબર છે. કારણ તેનું આખું વર્ષ વ્યર્થ જાય છે. ।।૩।।

**જેમ વર્ષ અંતે સરવૈયું રહસ્યરૂપ વ્યાપાર તણું,**
**તેમ ઘણું કરી કૃત, કર્માનુસાર મતિ અંતિમ ગણું;**
**વિચારવાનો ક્ષણ ક્ષણ ચેતે મરણ સમીપ સદાય ગણી,**
**'સમજ્યા ત્યાંથી સવાર' ગણી મન વાળે આત્મસ્વરૂપ ભણી. ૪**

**અર્થ :–** જેમ વર્ષના અંતે વ્યાપારનું સરવૈયું તેના રહસ્યને બતાવે છે કે આ વર્ષે કેટલી કમાણી થઈ. તેમ જીવનપર્યંત કરેલા કર્મોની રહસ્યભૂત મતિ ઘણું કરી અંત વખતે આવે છે. જેમ શ્રેણિક મહારાજા ક્ષાયિક સમકિતી હોવા છતાં પૂર્વે હરણને મારતાં હિંસાનંદી રૌદ્રધ્યાન થવાથી નરકગતિનો બંધ પાડેલ, તે ભાવો અંત સમયે આવી હાજર થયા. અથવા શ્રીકૃષ્ણ પણ ક્ષાયિક સમકિતી હોવા છતાં નરકાયુ બંધના કારણે મરણ વખતે રૌદ્ર પરિણામવાળા થયા.

માટે વિચારવાન પુરુષો મરણને સદાય સમીપ ગણી ક્ષણે ક્ષણે ચેતતા રહે છે.

**''વિચારવાન પુરુષો તો કૈવલ્યદશા થતાં સુધી મૃત્યુને નિત્ય સમીપ જ સમજીને પ્રવર્તે છે.** (વ.પૃ.૫૧૦)

તથા જ્યારથી આત્મતત્ત્વ વિષે સમજણ મળી ત્યારથી જ સવાર ગણી પોતાના મનને આત્મસ્વરૂપ ભણી વાળે છે; અર્થાત્ રાગદ્વેષનો ત્યાગ કરી પોતાના શુદ્ધ સ્વરૂપને મેળવવા પુરુષાર્થશીલ બને છે. ।।૪।।

**જન્મમહોત્સવ સમ સંતો તો મૃત્યુમહોત્સવ પર્વ ગણે,**
**સત્કાર્યો નિષ્કામ કરેલાં દે સંતોષ અપૂર્વ-પણે;**
**આત્મા નિત્ય પ્રતીત થયો તો મરણ કહો કોને મારે?**
**જે ઉત્પન્ન થયું તે મરશે, દેહ નહીં હું, સુવિચારે. ૫**

**અર્થ :–** સંત પુરુષો તો જન્મ મહોત્સવની જેમ મૃત્યુ મહોત્સવને પર્વ ગણે છે. કેમકે શુદ્ધના લક્ષે શુભ કાર્યો નિસ્પૃહભાવે જીવનમાં જે કરેલા હોય તે અંત વખતે તેમને અપૂર્વ સંતોષ આપે છે.

વળી જેને આત્મા 'અજર અમર અવિનાશીને દેહાતીત સ્વરૂપ' મનાયો તેને મરણ કહો કેવી રીતે મારી શકે? આ દેહ ઉત્પન્ન થયો માટે એ મરશે, એનો નાશ થશે; જ્યારે હું દેહાદિ સ્વરૂપ નથી પણ

અવિનાશી એવો હું આત્મા છું એમ સમ્યક્ વિચારણા કરવાથી સમાધિમરણના વખતે પણ ચિત્તમાં શાંતિ રહે છે. તેથી તેમને મન મૃત્યુ મહોત્સવ છે. આ મૃત્યુ મહોત્સવ તમને ઉચ્ચ પદવી આપનાર છે.

**હું ચેતન અવિનાશી જુદો, દેહ વિનાશી વિષે વસતો,**
**વગર કહ્યે વહેલે-મોડે જડ કાય-યોગ દીસે ખસતો;**
**કરોડ ઉપાય કર્યે નહિ ટકશે, કાયા અમર ન કોઈ તણી,**
**અનંત દેહ આવા તો મૂક્યા; હું રત્નત્રયનો જ ધણી. ૬**

**અર્થ :–** તેઓ વિચારે છે કે હું ચૈતન્ય આત્મા અવિનાશી હોવા છતાં કર્માધીન આ વિનાશી એવા શરીરમાં વાસ કરીને રહેલો છું. વગર કહ્યે વહેલે કે મોડે બધાનો જડ એવો આ કાયાનો સંયોગ નાશ પામતો દેખાય છે. કરોડો ઉપાય કરવા છતાં પણ આ દેહનો સંયોગ ટકી રહે એમ નથી. કારણકે કોઈની કાયા આ જગતમાં અમર નથી. આવા અનંત દેહ ધારણ કરીને છોડ્યા છે. જ્યારે હું તો સદા તેનો તે સમ્યક્દર્શનજ્ઞાનચારિત્રનો જ ધણી આત્મા છું. દેખવું, જાણવું, સ્થિર થવું એ મારો સ્વભાવ છે. તે કોઈ કાળે નાશ પામે એમ નથી. ।।૬।।

**રત્નત્રયીરૂપ ધર્મ જ દુર્લભ, દેહ જતાં પણ તે ન તજું,**
**સંસાર-પરિભ્રમથી બચવું છે, બચાવનાર સુધર્મ ભજું;**
**દેહ ઉપરની મમતા તજી, પંડિતમરણ પુરુષાર્થ કરું,**
**સફળ સમાધિ-મરણ સાધવા મહત્ માર્ગને અનુસરું. ૭**

**અર્થ :–** સમ્યક્દર્શનજ્ઞાનચારિત્રમય એ મારો ધર્મ એટલે સ્વભાવ છે. તેને દેહ છૂટી જતાં પણ તજું નહીં. કેમકે મારે ચતુર્ગતિરૂપ સંસાર પરિભ્રમણથી હવે બચવું છે. માટે પરિભ્રમણથી બચાવનાર સર્વજ્ઞના ધર્મને જ સુશરણરૂપ માની નિરંતર ભજું.

**'છૂટે દેહાધ્યાસ તો નહીં કર્તા તું કર્મ'** એમ જાણી દેહ પ્રત્યેના મમત્વનો ત્યાગ કરું. તથા બાહ્ય તેમજ અંતરંગ પરિગ્રહનો ત્યાગ કરી પંડિત મરણ સાધવાનો પુરુષાર્થ કરું.

ગોમ્મટસારમાં પાંચ પ્રકારના મરણ કહ્યા છે. મિથ્યાદૃષ્ટિનું મરણ તે બાળબાળમરણ, અવિરત સમ્યક્દૃષ્ટિનું મરણ તે બાળમરણ, દેશવિરતિ શ્રાવકનું મરણ તે બાળપંડિતમરણ, સર્વ વિરતિ મુનિનું મરણ તે પંડિત મરણ અને કેવળી ભગવાનના દેહત્યાગની સ્થિતિને પંડિતપંડિત મરણ જણાવેલ છે. એમાં ઉત્તમ પ્રકારના સમાધિમરણને સાધવા મોટા પુરુષો જે માર્ગે ગયા તે માર્ગને હું પણ અનુસરું. ।।૭।।

**સ્નેહ સગાં-સંબંધી પરના તજી તજાવું આમ કહી :-**
**"દેહદૃષ્ટિએ સ્નેહ ટકે છે, સ્વરૂપ-વિચારે સ્નેહ નહીં.**
**દેહદાન દેનારી માતા, દીકરા-દીકરી દેહ તણાં,**
**સ્ત્રી સુખ દેહ તણાં દેનારી, દેહસગાં સર્વે ય ગણ્યાં. ૮**

**અર્થ :–** સ્ત્રીપુત્રાદિ સગાં સંબંધીઓ ઉપરના સ્નેહને હું તજી તેમને પણ તજાવું. તેમને આ પ્રમાણે કહું કે દેહદૃષ્ટિ રાખવાથી આ પરસ્પર મોહ ટકે છે, પણ આત્માના અવિનાશી શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવાથી એક બીજા પ્રત્યેનો આ મોહ વિલય પામે છે. માતા પણ આ દેહને જ જન્મ આપનારી છે. દીકરા કે દીકરી પણ આ દેહના જ સંબંધી છે. સ્ત્રી પણ આ દેહના જ સુખને દેનારી છે. સર્વને આ દેહના કારણે

સગાં ગણેલા છે. જો દેહ ન હોય તો આમાંનું એક્કે સગું ગણાતું નથી. ।।૮।।

**હે! દેહ તણાં સંબંધી સર્વે, આજ સુધી સંબંધ રહ્યો;**
**દેહ વિનાશિક નાશ થવાનો અવસર મેં અતિ નિકટ લહ્યો.**
**આયુષ-આધીન દેહ રહે, નહિ સ્નેહ ઘટે એ દેહ તણો;**
**રાખ્યો રહે નહિ દેહ, ભલે સૌ સ્નેહ દેહ પર ધરો ઘણો. ૯**

**અર્થ :–** હે દેહતણા સગાં સંબંધિઓ! તમારા સર્વેનો આજ સુધી સંબંધ રહ્યો. હવે નાશવંત એવા આ દેહને નાશ થવાનો અવસર નિકટ આવી ગયો છે.

આયુષ્યને આધીન આ દેહ રહે છે. માટે આ દેહનો સ્નેહ રાખવો યોગ્ય નથી. ભગવાન મહાવીર પણ જે દેહને રાખી શક્યા નહીં તેવા દેહને આપણે કેવી રીતે રાખી શકીશું? ભલે તમે બધા આ દેહ ઉપર ઘણો સ્નેહ ધારી રાખો તો પણ તેને કોઈ રાખી શકે એમ નથી. ।।૯।।

**અગ્નિમાં બળી ભસ્મ થશે, પરમાણુ બની વીખરાઈ જશે,**
**પત્તો પછી લાગે નહિ એનો, દેહ-સ્નેહ ક્યાંથી ટકશે?**
**જ્ઞાન-સ્વરૂપ આત્મા અવિનાશી મને માની સૌ સુખી થજો,**
**દેહ નથી હું, આત્મા છું તો, દેહ-સ્નેહ સૌ ભૂલી જજો. ૧૦**

**અર્થ :–** આ દેહ તો અગ્નિમાં બળી ભસ્મ થઈ જશે, અને તેના પરમાણુ બની ચારે દિશાઓમાં વિખરાઈ જશે. પછી એનો કંઈ પત્તો લાગશે નહીં. પ.પૂ.પ્રભુશ્રીજી કહે - આ દેહ તો રાખના પડીકાં છે, નાખી દેવા જેવા છે. આવા નાશવંત દેહનો સ્નેહ ક્યાં સુધી ટકી શકશે?

માટે જ્ઞાનસ્વરૂપ એવો હું અવિનાશી આત્મા છું એમ મને માની સૌ સુખી થજો. હું દેહ નથી પણ આત્મા છું, તો આ દેહ પ્રત્યેનો સ્નેહ તમે સૌ ભુલી જજો. ।।૧૦।।

**જ્ઞાન-સ્વરૂપ મુજ ઉજ્જવળ કરવા, વીતરાગતા પ્રાપ્ત થવા,**
**સત્પુરુષાર્થ કરીશ હવે હું રાગાદિક દોષો હણવા.**
**વિપરીતતાવશ બહુ ભટક્યો હું ચાર ગતિમાં દેહ ધરી,**
**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરણરૂપ સ્વરૂપ માન્યતા હવે કરી. ૧૧**

**અર્થ :–** મારા આત્માનું જ્ઞાનસ્વરૂપ નિર્મળ કરવા તેમજ વીતરાગતા પ્રાપ્ત કરવા માટે હવે હું સર્વ રાગ દ્વેષાદિ કષાયભાવોને હણવાનો સત્પુરુષાર્થ કરીશ.

દેહમાં આત્મબુદ્ધિ કરીને વિપરીતતાવશ હું ચાર ગતિમાં નવા નવા દેહ ધારણ કરીને બહુ ભટક્યો, પણ હવે સમ્યક્દર્શન, જ્ઞાન, ચરણરૂપ એટલે દેખવું, જાણવું અને સ્થિર થવું એ મારા આત્માનો સ્વભાવ છે એમ જાણી તેવી જ માન્યતા હવે હૃદયમાં ધારણ કરી છે. ।।૧૧।।

**ક્યાં મારી સર્વજ્ઞ દશા ને ક્યાં એકેન્દ્રિય ક્ષુદ્ર ભવો!**
**કર્મભાવથી હું કંટાળ્યો, સર્વ કર્મનો ક્ષય કરવો;**
**વીતરાગ-વચને હું જાગ્યો, સ્વજનો સર્વ, સહાય કરો,**
**રાગ-દ્વેષથી જીવ હણાતો બચાવવા વૈરાગ્ય ધરો.'' ૧૨**

**અર્થ :–** ક્યાં મારા આત્માની મૂળ સ્વરૂપે સર્વજ્ઞ દશા અને ક્યાં ઝાડપાન જેવા એકેન્દ્રિય ક્ષુદ્ર એટલે હલકા ભવોમાં જન્મ લેવો. હવે આવા કર્મ બંધાય તેવા ભાવથી હું કંટાળ્યો છું. હવે તો સર્વ પ્રકારના કર્મનો ક્ષય કરવો છે. વીતરાગ પુરુષોના વચનથી મને આ જાગૃતિ આવી છે. માટે હે સ્વજન કહેવાતા કુટુંબીઓ ! તમે મને મારી સર્વજ્ઞદશા પ્રાપ્ત કરવામાં બધા સહાય કરો. રાગદ્વેષના ભાવોને લઈને અનાદિથી આ જીવ હણાતો આવ્યો છે, માટે તેને દુઃખથી બચાવવા સર્વે વૈરાગ્યને ધારણ કરો. ।।૧૨।।

**વગર હકે ધન-ધરતી કો'ના હોય દબાવ્યાં કપટ કરી,**
**તો માલિકને પાછા સોંપી કરે ખુશી બહુ વિનય ધરી;**
**વેર-વિરોધે વિમુખ રહેલા પ્રતિ પણ પ્રેમ સહિત કહે :**
**''ભાઈ, ભૂલથી દૂભવ્યા તમને, ક્ષમા આપની પાપી ચહે.'' ૧૩**

**અર્થ :–** હક વગરનું કોઈનું ધન કે જમીન કપટ કરીને દબાવ્યા હોય તો માલિકને તે વિનયસહિત પાછા સોંપીને ખુશી કરે. વેર વિરોધથી કોઈ વિમુખ રહેલા હોય તેમના પ્રતિ પણ પ્રેમસહિત કહે કે ભાઈ, મેં તમને મારી ભુલથી દુભવ્યા છે માટે આ પાપી આપની પાસે તેની ક્ષમા માગે છે. ।।૧૩।।

**સાંસારિક ચિન્તા તજી શોધે સદ્ગુરુ, મરણ-સુધારક જે,**
**મહાભાગ્યથી મળી આવે તો વિનયે તુર્ત ઉપાસી લે.**
**એકાંતે ગુરુનિકટ કપટ વણ કહે અપરાધ બધા ભવના,**
**પ્રાયશ્ચિત્ત લઈ શુદ્ધ થવાની ધરે ભાવના એકમના. ૧૪**

**અર્થ :–** હવે સાંસારિ બધી ચિંતાઓ તજી દઈ મરણ સુધારનાર એવા સદ્ગુરુની શોધ કરે. જેમ શ્રી અનુપચંદ મલુકચંદ ભરૂચવાળાએ પરમકૃપાળુદેવ પ્રત્યે સમાધિમરણમાં સહાયક થવાની ભાવના દર્શાવી હતી. તેમના ભાવ પ્રમાણે પાલીતાણા ઉપર ચઢતા હાર્ટએટેક આવવાથી બેઠા હતા. ત્યાં પ.પૂ. પ્રભુશ્રીજી ઉપરથી નીચે ઊતરતા મળી ગયા. પ.પૂ.પ્રભુશ્રીજીએ તેમને હે પ્રભુ હે પ્રભુની ગાથા વારંવાર બોલવા જણાવ્યું. તે બોલતા બોલતા જ તેમના પ્રાણપંખેરુ ઊડી ગયા. તેમના ભાવ પ્રમાણે યોગ પણ મળી આવ્યો. મહાભાગ્યથી આવો યોગ મળી આવે તો વિનયપૂર્વક તેની તરત ઉપાસના કરવી.

સદ્ગુરુનો યોગ હોય તો તેમની પાસે એકાંતમાં આખા ભવમાં જે જે અપરાધ થયા હોય તે કપટ વગર બધા કહી દેવા. તેઓ જે પ્રાયશ્ચિત્ત આપે તે એકમના એટલે ખરાભાવથી લઈને શુદ્ધ થવાની ભાવના રાખવી. ।।૧૪।।

**સદ્ગુરુયોગે શક્તિ પેખી અંતપર્યંત મહાવ્રત લે,**
**અથવા ત્યાગ યથાશક્તિ ધરી મહાવ્રત ભાવે ઉર ખીલે;**
**રોગ-વેદના વખતે ધીરજ ધરી સમભાવે સહન કરે,**
**શત્રુ-મિત્ર, સંયોગ-વિયોગે નહીં અલ્પ પણ ચિત્ત ધરે. ૧૫**

**અર્થ :–** સદ્ગુરુનો યોગ પ્રાપ્ત થયે પોતાની શક્તિ જોઈ મરણપર્યંત મહાવ્રતને અંગીકાર કરે. અથવા યથાશક્તિ ત્યાગ ગ્રહણ કરીને હૃદયમાં મહાવ્રતની ભાવના જાગૃત રાખે.

રોગની વેદના વખતે ધીરજ ધરી સમભાવથી તે સહન કરે. શત્રુ મિત્ર પ્રત્યે કે જે સંયોગ છે તેનો વિયોગ થઈ જશે એવા કોઈ વિકલ્પને અલ્પ પણ મનમાં ધારણ કરે નહીં. ।।૧૫।।

**મરણ અનંતાનંત કર્યાં, નર્થી પંડિત-મરણ કર્યું જ કદા,**
**થયું હોત સમાધિ-મરણ કદી હોત ન આ મૃત્યુ-વિપદા.**
**ભવ-અટવીમાં રાગાદિ વશ ભટકાવાનું કેમ ટળે?**
**એ અભિલાષા ઉર ધરે, વળી ચિંતે લાગ ફરી ન મળે. ૧૬**

**અર્થ :–** વળી વિચારે છે કે મેં પૂર્વે અનંતાનંત મરણ કર્યાં પણ આત્મજ્ઞાન સહિત મુનિનું મરણ જે પંડિત મરણ કહેવાય છે એવું મરણ મેં કદી કર્યું નથી. જો મારું પૂર્વે કદી સમાધિમરણ થયું હોત તો આ મૃત્યુની વિપદા કહેતા વિપત્તિ અથવા પીડા મને હોત નહીં.

સંસારરૂપી અટવી કહેતા જંગલમાં રાગાદિ મોહવશ ભટકવાનું કેવી રીતે ટળે? એ અભિલાષા હૃદયમાં રહે છે. વળી ચિંતન કરવાથી એમ લાગે છે કે આવો લાગ એટલે આવી રૂડી જોગવાઈ ફરી ફરી મળવાની નથી. ।।૧૬।।

**દેહ પ્રતિ વૈરાગ્ય રહે, અતિ ખેદ ભીતિ દુખ શોક ટળે,**
**સત્ય શરણના ગ્રહણ તણું બળ અંતિમ કાળે નક્કી મળે;**
**તે અર્થે સુવિચાર થવાને મૃત્યુ-મહોત્સવ ગ્રંથ ભલો,**
**સત્પુરુષે જ કહ્યો ઉપકારક, સાર સુણો તેનો વિમલો : ૧૭**

**અર્થ :–** જે જીવને આ દેહ પ્રત્યે વૈરાગ્ય રહે અને અત્યંત ખેદ, ભય, દુઃખ કે શોક ટળી જાય તો સાચું વીતરાગનું શરણ ગ્રહણ કરવાનું બળ અંત કાળે તેને જરૂર પ્રાપ્ત થાય.

આવી સુવિચારણા ઉત્પન્ન કરવાને માટે 'મૃત્યુ મહોત્સવ' નામનો એક ભલો ગ્રંથ છે. તે સત્પુરુષે ઉપકાર કરવા માટે કહ્યો છે. તેનો વિમલો એટલે પવિત્ર સાર અત્રે જણાવું છું તે તમે સાંભળો. ।।૧૭।।

**મુક્તિપુર લગી ચાલે તેવું બોધિ-સમાધિ-સુભાતું ચહું,**
**તે દેવા વીતરાગ પ્રભુને વીનવી સત્શરણે જ રહું.**
**તન-પિંજર મુજ જીર્ણ થયું છે કૃમિકુલ-જાલે ખદબદતું,**
**ભસ્મ થવાનું, તેનો ભય શો? જ્ઞાનતનુ હું, અભય રહું. ૧૮**

**અર્થ :–** હે પ્રભુ! મુક્તિપુર એટલે મોક્ષનગર સુધી ચાલે એવા બોધિ સમાધિરૂપ સમ્યક્ ભાતાને હું ઇચ્છું છું. સમ્યક્ દર્શનજ્ઞાનચારિત્ર એ રત્નત્રય છે એને બોધિ પણ કહેવાય છે. તે સાથે મરણ તે સમાધિમરણ છે. એવા બોધિ સહિત સમાધિમરણને હું ચાહું છું. તે આપવા માટે વીતરાગપ્રભુને વિનંતી કરી તેમના જ સત્શરણમાં સ્થિર રહું. હવે મારું આ શરીરરૂપી હાડપિંજર જીર્ણ થઈ ગયું છે અને કૃમિઓના જાળથી ખદબદે છે. તે શરીર હવે ભસ્મ થવાનું છે. તો તેનો મને ભય શો? હું તો જ્ઞાનતનુ કહેતા જ્ઞાનરૂપી શરીરવાળો આત્મા છું; માટે હમેશાં અભય રહું. ।।૧૮।।

**મૃત્યુમહોત્સવ પ્રાપ્ત થયે, ભય કેમ ઘટે? પટ જેમ તજું,**
**દેહ-દેશ મૂકી દેશાંતરમાં જતાં સમાધિભાવ ભજું.**
**સત્કર્મોનું ફળ દે સ્વર્ગે લઈ જઈ મૃત્યુ મિત્ર ખરો,**
**તો ડર કોણ મરણનો રાખે? સર્વ મળી સત્કાર કરો. ૧૯**

**અર્થ :–** મૃત્યુ મહોત્સવ પ્રાપ્ત થયો છે તો તેનો ભય રાખવો કેમ ઘટે? જેમ જૂનું વસ્ત્ર મૂકી નવું

પહેરતા શોક શો? તેમ જીર્ણ શરીર મૂકી દઈ નવું ધારણ કરવામાં શોક શો કરવો? દેહરૂપી દેશ મૂકી નવા દેશમાં જતાં સ્વસ્થભાવ રાખું.

સમાધિભાવ સહિત મરણ કરું તો આ મૃત્યુ મિત્ર મને સ્વર્ગે લઈ જઈ શુભ કર્મોનું ફળ આપશે. તો આ મરણનો ડર કોણ રાખે? માટે બધા ભેગા મળી મરણરૂપી આ મિત્રનો સત્કાર કરો. ।।૧૯।।

**તન-પિંજરમાં પૂરી પીડે છે ગર્ભ-કાળથી કર્મ-અરિ,**
**કોણ મને ત્યાંથી છોડાવે? મૃત્યુરાજની મદદ ખરી.**
**દેહ માત્ર ગણી બીજ સૌ દુખનું દેહ-વાસના દૂર કરે,**
**આતમજ્ઞાની, મૃત્યુ મિત્રની કૃપા વડે મુક્તિ ય વરે. ૨૦**

**અર્થ :—** શરીરરૂપી પાંજરામાં ગર્ભકાળથી પૂરીને આ કર્મરૂપી શત્રુ મને પીડા આપે છે. ત્યાંથી મને કોણ છોડાવી શકે? તેમાં મૃત્યુરાજની મદદ કામ લાગે એમ છે.

સર્વ દુઃખનું બીજ માત્ર આ દેહ છે, એમ ગણી દેહની વાસના એટલે મૂર્ચ્છાને દૂર કરે તો આત્મજ્ઞાન પામે. આત્મજ્ઞાની પુરુષો તો આ મૃત્યુરૂપી મિત્રની કૃપાવડે મુક્તિને પણ મેળવી લે છે. ।।૨૦।।

**કલ્પતરુ સમ મૃત્યુ-યોગે જો આત્માર્થ ન સિદ્ધ કર્યો,**
**તો આવી તક ક્યાંથી મળશે? ભવ ભવ ભમશે ભીતિભર્યો.**
**દેહાદિક સૌ જીર્ણ હરી લઈ દે મૃત્યુ સૌ નવું નવું,**
**પુણ્યોદય સમ મરણ ગણાયે; તેથી મુદિત ન કેમ થવું? ૨૧**

**અર્થ :—** કલ્પવૃક્ષ સમાન મૃત્યુનો યોગ પ્રાપ્ત થયા છતાં જો સમાધિમરણ કરીને આત્માર્થ સિદ્ધ ન કર્યો તો ફરી આવી તક ક્યાંથી મળશે? ભવોભવ ત્રસ સ્થાવર યોનિમાં ભયનો માર્યો જીવ ભટક્યા જ કરશે. શરીર આદિ જે સર્વ જિર્ણ થઈ ગયા તેને હરી લઈ મૃત્યુ મિત્ર સૌ નવા નવા પદાર્થોને આપે છે. તેથી પુણ્યોદય સમાન આ મરણનો યોગ ગણાય. તો તે વડે મુદિત એટલે આનંદિત કેમ ન થવું? અર્થાત્ હર્ષ કેમ ન માનવો? ।।૨૧।।

**દેહ વિષે પણ સુખ-દુખ વેદે, સ્વયં દેહથી દૂર થતો,**
**જીવ મરણ કોનું માને છે? કેમ મરણથી રહે ડરતો?**
**આસક્તિ સંસાર તણી ઉર રાખ્યે જીવ મરતાં ડરશે,**
**જ્ઞાન અને વૈરાગ્ય ધર્યે ઉલ્લાસ ઉરે અંતે સ્ફુરશે. ૨૨**

**અર્થ :—** આ જીવ દેહમાં રહીને પણ સુખદુઃખને વેદે છે. તેમાં પણ મુખ્યત્વે અશાતા જ વેદે છે. વળી આ દેહમાંથી જીવ પોતે જ બહાર નીકળીને શરીરથી દૂર થાય છે, તો પછી આ જીવ મરણ કોનું માને છે? અને મરણથી કેમ ડરતો રહે છે?

સંસારની આસક્તિ જ્યાં સુધી હૃદયમાં હશે ત્યાં સુધી આ જીવ મરણથી ડરતો રહેશે. પણ જ્ઞાન અને વૈરાગ્ય કહેતા સાચી સમજણ અને અનાસક્તભાવ ધારણ કરશે તો મરણના અંત સમયે હૃદયમાં ઉલ્લાસભાવ સ્ફુરાયમાન થશે અને ઉત્તમ સમાધિમરણને પામશે. ।।૨૨।।

**પુરપતિ સુકૃત-ફળ ભોગવવા જ્યાં પોતે તૈયાર થયો,**
**પંચભૂત-પ્રપંચ ન ખાળે, કોણ કહે : જીવ કેમ ગયો?**

**સત્પુરુષોને મૃત્યુકાળે વ્યાધિ-વેદના જે આવે,**
**દેહ-મોહ તે પૂર્ણ તજાવે સ્વરૂપ-સુખમાં મન લાવે. ૨૩**

**અર્થ :–** શરીરરૂપી નગરીનો રાજા એવો આ આત્મા પોતાના જ કરેલા સુકૃત એટલે સારા કર્મોના પુણ્યફળ ભોગવવા જ્યારે દેવાદિક ગતિમાં જવા તૈયાર થયો, ત્યારે પંચભૂતનું બનેલું આ પ્રપંચમય શરીર તેને ખાળી એટલે રોકી શકે નહીં. કેમકે તે તો જડ છે. જડ એવું શરીર તો કહી શકે નહીં કે હે આત્મા! તું મારી પાસેથી કેમ ગયો?

સત્પુરુષોને મૃત્યુ સમયે વ્યાધિ વેદના આવે તે દેહ ઉપરના મોહને પૂર્ણ તજવામાં નિમિત્તભૂત બને છે. તેઓ પોતાના મનને તે વખતે સ્વરૂપ સુખમાં લીન કરે છે. **"મહાવ્યાધિના ઉત્પત્તિકાળે તો દેહનું મમત્વ જીવે જરૂર ત્યાગી જ્ઞાનીપુરુષના માર્ગની વિચારણાએ વર્તવું, એ રૂડો ઉપાય છે."** (વ.પૃ.૩૭૯) ।।૨૩।।

**સંતાપ સહન મૃત્યુનો કરીને અમૃતલીલા જ્ઞાની લહે.**
**જેમ ઘડો કાચો અગ્નિમાં તાપ સહી શિવ-શીર્ષ રહે.**
**કષ્ટ સહી વ્રત-ફળ જીવ પામે; તે જ સમાધિ-મરણ વડે**
**સુખે સુખે પામે જીવ, અંતે જો શુભ ધ્યાને ચિત્ત ચઢે. ૨૪**

**અર્થ :–** મૃત્યુનો સંતાપ સહન કરીને અમૃતલીલા એટલે અવિનાશી લીલાસ્વરૂપ એવા મોક્ષને જ્ઞાનીપુરુષો પામે છે. જેમ કાચો ઘડો અગ્નિમાં પરિપક્વ થઈને શિવલિંગ ઉપર બિરાજમાન થાય છે, તેમ શુદ્ધ આત્માને પ્રાપ્ત એવા જ્ઞાનીપુરુષ મોક્ષના શિખર ઉપર જઈને બિરાજમાન થાય છે.

અનેક પ્રકારના કષ્ટ સહીને વ્રતનું ફળ જીવો પામે છે તે જ ફળ સમાધિમરણ વડે જીવો સુખે સુખે પામી શકે છે, જો અંત વખતે શુભધ્યાનમાં ચિત્ત રહે તો; અર્થાત્ અંત વખતે દેહકુટુંબ પ્રત્યે ચિત્ત ન રાખતાં સદ્ગુરુ શરણમાં ચિત્ત રહ્યું તો ઉત્તમ ફળ સહેજે પ્રાપ્ત થવા યોગ્ય છે. ।।૨૪।।

**આર્ત્તધ્યાન તજી શાંતિપૂર્વક દેહ તજે જે સદ્ધર્મી,**
**પશુ, નરક, નીચ ગતિ નવ પામે, થાય સુરેશ્વર સત્કર્મી.**
**તપના તાપ સહીને અંતે કે વ્રત પાળી, સુશાસ્ત્ર ભણી,**
**કરવા યોગ્ય સમાધિ-મૃત્યુ; તે થયું તો થઈ વાત ઘણી. ૨૫**

**અર્થ :–** આર્તધ્યાનનો ત્યાગ કરી શાંતિપૂર્વક જે સદ્ધર્મી આ દેહનો ત્યાગ કરશે તે પશુ, નરક કે નીચ ગતિ પામશે નહીં. પણ તે સત્કર્મી સુરેશ્વર કહેતા સુરનો ઈશ્વર અર્થાત્ ઇન્દ્રની પદવી પણ પામી શકે. તપના તાપ સહન કરીને કે વ્રત પાળીને કે સુશાસ્ત્ર ભણીને જે કરવા યોગ્ય અંતમાં સમાધિમરણ છે તે જો થઈ ગયું તો ઘણી મોટી વાત થઈ ગઈ. કેમકે અનાદિકાળમાં અનંત જન્મમરણ કરતાં છતાં પણ તે હજુ સુધી પ્રાપ્ત થયું નથી માટે. ।।૨૫।।

**'અતિ પરિચિત પ્રતિ થાય અવજ્ઞા', 'પ્રીતિ નવીન પર ઝટ પ્રગટે',**
**એમ કહે જન; તો પરિચિત આ દેહ બદલતાં ડર ન ઘટે**
**સમાધિમરણ કરી, અમરગતિ વરી, ફરી નરભવ ઉત્તમ પામી,**
**નટ સમ જગ-જન-મન રંજનથી જીવ બનશે શિવપદ-સ્વામી. ૨૬**

**અર્થ :–** લોકોમાં એમ કહેવાય છે કે અતિ પરિચિત પ્રત્યે અવજ્ઞા થાય, અને નવી વસ્તુ ઉપર ઝટ

પ્રેમ આવે છે. તો પછી અતિ પરિચિત એવા દેહને બદલતા ડર લાગવો ન જોઈએ. સુખે સુખે તેનું મમત્વ ત્યાગવું જોઈએ. હવે સમાધિમરણ સાધવાથી, અમરગતિ કહેતા દેવગતિ પામી, ફરી ત્યાંથી ચ્યવી ઉત્તમ મનુષ્ય અવતાર લઈ, કર્મવશાત્ નટની જેમ જગતમાં જનમનરંજન કરતો આજ સુધી ફરતો હતો તે મટી જઈ આ જીવ શિવપદ એટલે મોક્ષપદનો સ્વામી બનશે. ।।૨૬।।

**સમાધિ-મરણની તૈયારી તો કૃશતા કાય-કષાય તણી**
**કહીં સત્શાસ્ત્રે જ્ઞાની જનોએ આત્મહિતનો હેતુ ગણી;**
**રહો પોષતા કાયાને તો વિષય-વાસના તીવ્ર થશે,**
**નિર્મળતા આત્માની ટળશે, કામ-ક્રોધ અરિ-બળ વધશે. ૨૭**

**અર્થ :–** સમાધિમરણ માટે શું શું કરવું તે હવે જણાવે છે :–

સમાધિમરણની તૈયારી માટે તપશ્ચર્યા વડે કાયાને કૃશ કરવી અને રાગદ્વેષ મોહને ઘટાડી કષાયોને કૃશ કરવા. કષાયોને કૃશ કર્યા વગર એકલી કાયાની કૃશતા કરવી તે વૃથા છે. એમ જ્ઞાનીજનોએ આત્મહિતનું કારણ જાણી સત્શાસ્ત્રોમાં આ વાત કહી છે. કાયાને જો પોષતા રહીશું તો વિષયવાસના તીવ્ર થશે. તેથી આત્માની નિર્મળતા ટળશે અને કામ ક્રોધાદિ શત્રુઓનું પણ બળ વધી જશે. ।।૨૭।।

**વાત-પિત્ત-આદિથી રોગો વધતાં અતિ દુર્ધ્યાન થશે,**
**જીવ પરિષહ સહવાનું નહિ સાહસ ઉર ધરી શકશે.**
**આળસ, નિદ્રા, પ્રમાદ વધતાં ભવભ્રમણ-કારણ વધશે,**
**માટે અનશન આદિ ક્રમથી શરીર કૃશ કરવું પડશે. ૨૮**

**અર્થ :–** કાયાને વિશેષ ખવડાવી પુષ્ટ કરવાથી વાત-પિત્ત-કફના રોગોની વૃદ્ધિ થશે. તેના વડે અતિ દુર્ધ્યાન થશે. પછી ભૂખ તરસના પરિષહ સહન કરવાનું સાહસ પણ જીવ કરી શકશે નહીં. વિશેષ ખાવાથી આળસ, નિદ્રા, પ્રમાદ આદિ વધતાં સંસાર પરિભ્રમણનું કારણ વધશે. માટે ઉપવાસ, ઉણોદરી, કાયક્લેશ, વૃત્તિસંક્ષેપ આદિના અભ્યાસક્રમથી શરીર કૃશ કરવું પડશે. ।।૨૮।।

**દેહેન્દ્રિય આદિ ઉપરથી મમતા તજી વૈરાગ્ય ધરો,**
**આહાર તણા સ્વાદો પ્રતિ અરુચિ ધરી નિજ જીવને બોધ કરો :**
**"હે! જીવ, તેં સંસારભ્રમણમાં ભમતાં અતિ આહાર કર્યા,**
**દરેક ભવ દીઠ કણ કણ લેતાં અનંત મેરુ-પુંજ ભર્યા. ૨૯**

**અર્થ :–** દેહ અને ઇન્દ્રિયો આદિ ઉપરથી મમતા તજી વૈરાગ્ય ધારણ કરો, આહારના સ્વાદો પ્રત્યે અરુચિ ધરી પોતાના આત્માને બોધ કરો. હે જીવ! તેં સંસારભ્રમણમાં ભમતા ઘણો આહાર કર્યો છે. દરેક ભવ દીઠ એક એક કણ લઈએ તો પણ અનંત મેરુપર્વત જેટલા ઢગલા થઈ જાય. ।।૨૯।।

**અનંત ભવમાં પાણી પીધું, બિંદુ બિંદુ ભવદીઠ લેતાં,**
**અનંત સમુદ્ર ભરાઈ જાયે; તો ય ન તૃપ્તિ તે દેતાં.**
**મરણ સમીપ હવે તો ભાસે, તે શું તૃપ્તિ દઈ શકશે?**
**ઉદર-પોષણે પાપ કર્યાં તે પરભવ ભોગવવાં પડશે. ૩૦**

**અર્થ :–** અનંતભવમાં એટલું પાણી પીધું છે કે એક એક જન્મનું એક એક ટીપું લઈએ તો પણ

અનંત સમુદ્ર ભરાઈ જાય. આટલા આહારપાણીથી પણ જીવને તૃપ્તિ થઈ નહીં. હવે તો રોગ વૃદ્ધાવસ્થાના કારણે મરણ સમીપ જણાય છે. તો તે અલ્પ આહાર શું તૃપ્તિ દઈ શકશે? પણ આ પેટ ભરવા માટે જે જે પ્રકારના અસત્ય કે આરંભ આદિના પાપ સેવ્યા હશે તેના ફળ પરભવમાં ભોગવવા પડશે. ।।૩૦।।

**પાપી પેટ તણી વેઠે તું દીન, પરાધીન, નીચ થયો,**
**રાત-દિવસ કે ભક્ષ્ય-અભક્ષ્યે શુદ્ધિ તણો ના લક્ષ લહ્યો;**
**રસ-લંપટતા હજી ય ન છૂટે, તો વ્રત, સંયમ, યશ નાશે,**
**મરણ બગાડી દુર્ગતિદુખમાં જીવ પરાધીન બની, જાશે.'' ૩૧**

**અર્થ :–** આ પાપી પેટ માટે તું દીન બની પરાધીન થયો, નીચ વૃત્તિઓ પણ સેવી. સ્વાદનો લંપટી બની રાતદિવસ ભક્ષ્ય અભક્ષ્યની શુદ્ધિનો પણ લક્ષ રાખ્યો નહીં.

રસની લંપટા હજી પણ છૂટતી નથી. તો તે વ્રત, સંયમ, યશનો નાશ કરશે અને અંતે મરણ બગાડી દુર્ગતિના દુઃખમાં પડી જીવ પરાધીન બની જશે. ।।૩૧।।

**એમ વિચારી ઉપવાસાદિક તપ-અભ્યાસ કર્યા કરવો,**
**અલ્પ અને નીરસ આહારે ઉદર-ખાડો કદી ભરવો;**
**શરીર, શક્તિ, આયુષ્યસ્થિતિ નીરખી જળ ને દૂધ લેવાં,**
**પછી છાશ જળ, પ્રાસુક જળ લે, અંતે તે પણ તજી દેવાં. ૩૨**

**અર્થ :–** એમ વિચારીને ઉપવાસ આદિ તપનો અભ્યાસ કરવો. અલ્પ અને નીરસ આહારથી આ ઉદર એટલે પેટનો ખાડો કદી ભરવો. શરીરની શક્તિ અને આયુષ્ય સ્થિતિને જોઈ અર્થાત્ રોગાદિના કારણે શરીર ટકી શકે એમ ન લાગતું હોય તો જળ અને દૂધ જ લેવા. પછી છાસ તથા ઉકાળેલું પાણી પીને રહે. પછી કેવળ પાણી જ પીએ. એમ ક્રમે કરીને સમસ્ત આહારનો ત્યાગ કરી અંતે તે પણ તજી દેવા. આમ ધર્મધ્યાન સહિત ભારે પુરુષાર્થથી દેહનો ત્યાગ કરે તે કાય સલ્લેખના કહેવાય છે. ।।૩૨।।

**મસા સમા આ દેહની વૃદ્ધિ આખર સુધી કહો કોણ ચહે?**
**ક્રમે ક્રમે કરી કૃશ કાયા પણ તજવા તત્પર સર્વ રહે.**
**આપઘાતની કહે ક્રિયા આ અણસમજુ ઉપલકબુદ્ધિ;**
**આતમહિત સમજી, સદ્ગુરુની આજ્ઞાએ અનુપમ શુદ્ધિ. ૩૩**

**અર્થ :–** મસાની સમાન આ દેહની વૃદ્ધિ મૃત્યુના આખર સમય સુધી કહો કોણ ચહે? ક્રમે ક્રમે કરીને પણ આ કાયાને કૃશ કરી, તજવા માટે સમાધિમરણના આરાધક સર્વ ઇચ્છે છે.

સલ્લેખના એટલે સંથારો કરી દેહત્યાગની ક્રિયાને અણસમજુ ઉપલક બુદ્ધિવાળા જીવો આપઘાતની ક્રિયા કહે છે. પણ એમાં પોતાના આત્માનું હિત સમજી સદ્ગુરુ આજ્ઞાએ જો કરવામાં આવે તો તે અનુપમ શુદ્ધિનું કારણ છે. ।।૩૩।।

**મહાવ્રત, અણુવ્રત, સંયમ, શીલ, તપ, ધર્મ-ધ્યાન જ્યાં સુધી થાયે,**
**દુષ્કાળાદિક આફતથી ના ધર્મ-નિયમ જો લૂંટાયે,**
**ત્યાં સુધી ઔષધ-આહારે આ દેહ તણી રક્ષા કરવી,**
**માનવ દેહ જ ઉત્તમ સાધન, ધર્મવૃદ્ધિ-બુદ્ધિ ધરવી. ૩૪**

**અર્થ :–** મહાવ્રત, અણુવ્રત, સંયમ, શીલ, તપ, ધર્મધ્યાન જ્યાં સુધી આ દેહથી સધાતા હોય, દુષ્કાળથી કે અસાધ્ય રોગથી પણ ધર્મના નિયમો લૂંટાતા ન હોય અર્થાત્ બરાબર ધર્મ આરાધના થતી હોય ત્યાં સુધી ઔષધ કે આહારથી આ દેહની રક્ષા કરવી. કારણકે એક માનવદેહ જ ધર્મની વૃદ્ધિ કરવા માટે ઉત્તમ સાધન છે એમ બુદ્ધિમાં ધારવું. ।।૩૪।।

**અન્ય ગતિમાં સંયમ-સાધન ઉત્તમ રીતે નહિ જ બને,**
**ધર્મ-સાધના થતી હોય તો કરી લેવી જ અનન્ય મને.**
**લૌકિક કીર્તિ કાજે ક્રિયા કરે કરાવે મૂઢમતિ;**
**આત્મહિત ચૂકે તે જીવો 'આતમઘાતી' કે 'કુમતિ'. ૩૫**

**અર્થ :–** અન્ય દેવ, નારકી કે તિર્યંચના દેહમાં ઉત્તમ રીતે સંયમની સાધના નહિ જ બની શકે. માટે આ મનુષ્યદેહમાં ધર્મની સાધના થતી હોય તો અનન્ય મને તે કરી જ લેવી.

લૌકિક કીર્તિ માટે કોઈ ક્રિયા કરે કે કરાવે તે મૂઢ મતિવાળો છે. આવા મનુષ્યભવમાં જે પોતાનું આત્મહિત ચૂકે તે જીવો પોતાના આત્માની ઘાત ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણથી કરે છે. અથવા તે કુમતિને ધારણ કરનાર છે. ।।૩૫।।

હવે 'ભગવતી આરાધના'ના આધારે આગળની ગાથાઓ જણાવે છે :–

**કામ, ક્રોધ, મોહાદિ કષાયો કૃશ કરવાના મુખ્ય કહ્યા,**
**રોગી ગરીબ કૃશ કાયા સહ પણ સમાધિમરણ અયોગ્ય લહ્યા.**
**ક્ષમા ખડ્ગથી ક્રોધ હણો, ધરી લઘુતા, નિર્મૂળ માન કરો,**
**સરળ બની માયા-મૂળ બાળો, સંતોષે સૌ લોભ હરો. ૩૬**

**અર્થ :–** સમાધિમરણ માટે કામ, ક્રોધ, મોહાદિ કષાયોને મુખ્ય કૃશ કરવા કહ્યું છે. રોગી, ગરીબ, કૃશ કાયાવાળા હોય, પણ તેમના કષાયો કૃશ ન હોવાથી તે સમાધિમરણને માટે અયોગ્ય કહ્યાં છે.

ક્ષમારૂપ ખડ્ગ એટલે તરવારથી ક્રોધને હણો, લઘુતા ધારણ કરીને માનને નિર્મૂળ કરો, સરળ બની માયાને મૂળથી બાળી નાખો અને સંતોષ ધારણ કરીને સર્વ લોભનો નાશ કરો, તો સમાધિમરણની પ્રાપ્તિ થશે. ।।૩૬।।

**કષાય દોષ વિચારી વિચારી શમાવવા અભ્યાસ કરો,**
**અગ્નિ પરે પગ જેમ ન દેતા, તેમ કષાયો પરિહરો.**
**કદરૂપું મુખ થાય કષાયે, રક્ત નયન થઈ તન કંપે,**
**પિશાચ સમ ચેષ્ટા પ્રગટાવી, રહેવા દે નહિ સુખ-સંપે. ૩૭**

**અર્થ :–** કષાયના દુર્ગુણોને વિચારી વિચારીને શમાવવાનો અભ્યાસ કરો. જેમ અગ્નિ ઉપર આપણે પગ દેતા નથી તેમ કષાયોને પણ અગ્નિ જેવા ગણી તેનો ત્યાગ કરો.

ક્રોધ કષાયવડે મોઢું કદરૂપું થાય છે. અને આંખો લાલ થઈ શરીર કંપવા લાગે છે. વળી રાક્ષસ સમાન ચેષ્ટાઓ કરાવી સુખ શાંતિથી રહેવા દેતા નથી. ।।૩૭।।

**તપરૂપ પલ્લવ ભસ્મ કરી દે, શુભકર્મ-જલ શોષી લે,**
**કાદવ ખાઈ બને મન-સરિતા, કઠોરતા વ્યાપે દિલે;**

**પ્રાણીઘાત કરાવે, જૂઠી વચન-પ્રવૃત્તિ પ્રેરે તે,**
**આજ્ઞા પૂજ્ય પુરુષની ભૂલવે, યશ-ધનને સંહારે છે. ૩૮**

**અર્થ :–** ક્રોધ છે તે તપરૂપ પલ્લવ એટલે કૂપળ અર્થાત્ નવાં ઉગેલાં તપરૂપ પાંદડાને ભસ્મ કરી દે, શુભકર્મરૂપી જળને શોષી લે છે. ક્રોધાદિ કષાયથી મનરૂપી નદી તે કાદવની ખાઈ બની જાય છે અને મનમાં કઠોરતા વ્યાપે છે. ક્રોધ પોતાના કે પરનો પ્રાણ ઘાત પણ કરાવે અને જૂઠ બોલવામાં પ્રેરણા આપે છે. ક્રોધ સત્પુરુષની આજ્ઞાને ભુલાવે છે અને પોતાના યશરૂપી ધનનો પણ નાશ કરે છે. ।।૩૮।।

**પરનિંદા પ્રેરે, ગુણ ઢાંકે, મૈત્રી-મૂળ ઉખાડે છે,**
**વીસરાવે ઉપકાર કરેલા, અપકારો વળગાડે છે;**
**અનેક પાપ કરાવી જીવને કષાય નરકે નાખે છે,**
**તેથી સુજ્ઞ જીવો તો નિત્યે ઉપશમ-રસ ઉર રાખે છે. ૩૯**

**અર્થ :–** ક્રોધાદિ કષાયો જીવને પરનિંદામાં પ્રેરે છે, બીજાના ગુણોને ઢાંકે છે અને ક્રોધ કરી મૈત્રીના મૂળને ઊખેડી નાખે છે. કરેલા ઉપકારોને ભુલાવી અપકાર કરવામાં પ્રેરણા આપે છે.

આ પ્રમાણે અનેક પાપો કરાવી કષાય ભાવો જીવને નરકમાં નાખે છે. તેથી સુજ્ઞ એટલે વિચારવાન જીવો તો નિત્યે ઉપશમરસ અથવા કષાયોને શમાવારૂપ શાંતરસને હૃદયમાં રાખે છે. ।।૩૯।।

**પર વસ્તુમાં મમતા કરતાં કષાય-કારણ જાગે છે,**
**તેથી ત્યાગ પરિગ્રહનો કરી, નિજ હિતમાં જીવ લાગે છે;**
**'વચન સહન ના થયું' પવન તે ક્રોધ-અનલ ઉશ્કેરે છે,**
**પ્રતિવચન રૂપ ઇંધન નાખી સદ્વર્તન ખંખેરે છે. ૪૦**

**અર્થ :–** હવે કષાય ઉદ્ભવવાના કારણ શું છે તે જણાવે છે :–

જગતના પર પદાર્થોમાં મમતા એટલે મારાપણું કરવું તે કષાય જન્મવાનું કારણ છે. તેથી પરિગ્રહનો ત્યાગ કરીને સાધક પોતાના આત્મહિતમાં લાગે છે.

જો વચન કોઈનું સહન ન થયું તો તે વચન પવન સમાન બની ક્રોધરૂપી અગ્નિને ઉશ્કેરે છે. તેમાં સામા વચન બોલવારૂપ લાકડા નાખી ક્રોધાગ્નિને વધારી પોતાનું સદ્વર્તન ખંખેરે છે અર્થાત્ પોતાનું પોત બતાવી આપે છે કે મારા કષાયો ઘટ્યા નથી. ।।૪૦।।

**સાથે સમ્યક્ દર્શન ખોવે, પાપબીજ જીવ વાવે છે,**
**ભવ-ભ્રમણે કારણ એ જાણી, સમજુ ક્રોધ શમાવે છે;**
**સજ્જનની શિખામણ સુણે, થયેલ દોષ ખમાવે છે,**
**દોષો તજવા કરી પ્રતિજ્ઞા, મસ્તક નિજ નમાવે છે. ૪૧**

**અર્થ :–** કષાયના પ્રવર્તનથી જીવ સમ્યક્દર્શનને પણ ખોઈ નાખી પાપના બીજ વાવે છે. સંસાર ભ્રમણનું કારણ પણ કષાય છે એમ જાણીને સમજુ પુરુષો ક્રોધને શમાવે છે.

તે સજ્જન પુરુષોની શિખામણ સાંભળી પોતાના થયેલા દોષોને ખમાવે છે. અને નવા દોષો ન થવા માટે પ્રતિજ્ઞા કરીને પોતાનું મસ્તક નમાવી ક્ષમા માગે છે. ।।૪૧।।

**હાસ્ય, અરતિ, રતિ, શોક, જુગુપ્સા, ભય, ત્રણ વેદ, વળી સંજ્ઞા-**
**ભય, મૈથુન, આહાર, પરિગ્રહ-કૃશ કરવા ધરજો પ્રજ્ઞા.**
**રસ, ઋદ્ધિ, શાતા ગારવ ત્રણ, લેશ્યા અશુભ, વિભાવ તજો;**
**વધતા ત્યાગે કષાય-તનને કૃશ કરી શુદ્ધ સ્વરૂપ ભજો. ૪૨**

**અર્થ :—** હવે કષાયના કારણ એવા નવ નોકષાય વગેરેને દૂર કરવા જણાવે છે :—

હાસ્ય, અરતિ, રતિ, શોક, જુગુપ્સા, ભય, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ આ નવ નોકષાય, વળી ભય, મૈથુન, આહાર, પરિગ્રહ એ ચાર સંજ્ઞાને પાતળી પાડવા માટે તમારી પ્રજ્ઞાનો ઉપયોગ કરજો.

પછી ત્રણ ગારવ. ગારવ એટલે ગર્વ. રસ ગારવ એટલે અમે તો બે શાક સિવાય ખાઈએ નહીં વગેરે, ઋદ્ધિ ગારવ એટલે મારા જેવી રિદ્ધિ કોની પાસે છે અને શાતા ગારવ એટલે મારે તો નખમાય રોગ નથી, મારે માથું પણ કોઈ દિવસ દુઃખે નહીં વગેરે ભાવો ત્યાગવા યોગ્ય છે. તથા લેશ્યા છ છે. કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુક્લ. તેમાં પ્રથમની ત્રણ અશુભ લેશ્યા ત્યાગવા યોગ્ય છે. આ બધા વિભાવ ભાવો સમાધિમરણમાં બાધક છે. માટે ત્યાગભાવને વધારી કષાયરૂપી શરીરને પ્રથમ કૃશ કરી શુદ્ધ સહજાત્મસ્વરૂપની ભજના કર્યા કરો તો સમાધિમરણની પ્રાપ્તિ થશે. ।।૪૨।।

**વિષય-કષાય પ્રબળ શત્રુસમ દુર્જય પણ જીવ જીતે તો;**
**સુલભ સમાધિ-મરણ બને છે, ખરેખરો શૂરવીર એ તો;**
**વાસુદેવ વા ચક્રવર્તી પણ કષાય વશ નરકે જાતા,**
**વિષય-કષાયો જીત્યા તેનાં યશગીત ગંધર્વો ગાતા. ૪૩**

**અર્થ :—** વિષયકષાય એ જીવના પ્રકૃષ્ટ બળવાન શત્રુ સમાન દુર્જય છે. છતાં તેને જીવ જો જીતે તો સમાધિમરણ કરવું સુલભ બને છે. એને જીતનાર ખરેખરો શૂરવીર છે.

વાસુદેવ અથવા ચક્રવર્તીઓ પણ કષાયને વશ બની નરકે જાય છે. માટે વિષયકષાય જેણે જીત્યા તેના યશગીતો ગંધર્વો એટલે દેવલોકમાં સંગીત કરનાર દેવો પણ ગાય છે. ।।૪૩।।

**સાધક સંઘ કરે વૈયાવચ્ચ દે ઉપદેશ સુ-સંઘપતિ,**
**વળી નિર્યામક વાચક મુનિ દે સાધક મુનિને મદદ અતિ;**
**આરાધક સુશ્રદ્ધાવાળા હોય ગૃહસ્થ, સુસંગ ચહે,**
**ત્યાગી, વિરાગી, સુશ્રુત, સુધર્મી શોધી શિક્ષા નિત્ય ગ્રહે. ૪૪**

**અર્થ :—** સમાધિમરણના સાધકની, ચતુર્વિધ સંઘ જે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા કહેવાય તે બધા વૈયાવચ્ચ એટલે સેવા કરે છે. સુ-સંઘપતિ કહેતા આચાર્ય ભગવંત સાધકને ઉપદેશ આપે છે. વળી નિર્યામક એટલે સેવા કરનાર સાધુ અને વાચક એટલે ઉપાધ્યાય સાધક મુનિને સમાધિમરણ કરવામાં ઘણી મદદ આપે છે.

સમાધિમરણ કરનાર જો શ્રદ્ધાવંત ગૃહસ્થ હોય તો તે હમેશાં સત્સંગને ઇચ્છે છે. ત્યાગી, વૈરાગી, બહુશ્રુત અને ધર્માત્માને શોધી તેમની પાસેથી રોજ શિક્ષા ગ્રહણ કરે છે. ।।૪૪।।

**સદારાધના સમ્યક્ દર્શન-જ્ઞાન-ચરણ-તપ રૂપ ગણી**
**કળિકાળમાં અસત્પ્રસંગે વિરલ ગૃહાશ્રમમાંહિ ભણી;**

**તોપણ ઉત્તમ જનને યોગે સત્પુરુષાર્થ સફલ થાશે,**
**સ્નેહ, મોહનો પાશ તજી આરાધક શાંત સ્થળે જાશે. ૪૫**

**અર્થ :—** મહાપુરુષોએ સમ્યક્દર્શન-જ્ઞાન-ચરણ - તપને સદ્ આરાધના ગણી છે. પણ આ કળિકાળમાં આરંભ પરિગ્રહના અસત્ પ્રસંગો ગૃહસ્થાશ્રમમાં હોવાથી આ આરાધના ત્યાં કરવી વિરલ છે.

તોપણ ઉત્તમ પુરુષોના યોગમાં સત્પુરુષાર્થ કરવામાં આવે તો સફળ થઈ શકે એમ છે. તે માટે સમાધિમરણનો આરાધક કુટુંબ વગેરેના મોહના પાશ એટલે જાળને તજી દઈ શાંત સ્થળે આરાધના કરવા માટે જશે તો સફળતા પામશે. ।।૪૫।।

**શાંતિ-સ્થળ એકાન્ત વિષે પણ પરવશ સંગ-પ્રસંગ પડે,**
**તો કરી ત્યાગ જ વાતચીતનો, મૌન રહ્યે નહિ કાંઈ નડે;**
**શુદ્ધ સ્વરૂપનું સ્મરણ, શ્રવણ, સજ્જન-સંગે જીવ જો કરશે,**
**તો કળિકાળ વિષે પણ સંયમ સાધી ઉર હિતથી ભરશે. ૪૬**

**અર્થ :—** સમાધિમરણના આરાધકને એકાંત એવા શાંતિ સ્થળમાં પણ જો પરવશ કરે એવા સંગપ્રસંગ આવી પડે તો વાતચીતનો જ ત્યાગ કરી દેવો. મૌન ધારણ કરવાથી તે વિક્ષેપ નડશે નહીં.

શુદ્ધ સહજાત્મસ્વરૂપનું સ્મરણ કે જ્ઞાનીપુરુષના બોધનું શ્રવણ, જો જ્ઞાનીપુરુષના આશ્રિતના સંગે જીવ કરશે તો આ કળિકાળમાં પણ સંયમની આરાધના કરીને તે ભવ્યાત્મા પોતાના આત્માનું હિત કરી શકશે. ।।૪૬।।

**સ્વ-પરધર્મ પોષે પરમાર્થી ઉપદેશક કરુણા-સિન્ધુ,**
**સંયમ, ત્યાગ, વ્રતે, શુભ ધ્યાને આરાધક મન જોડી દીધું-**
**પ્રભાવના તો ઉત્તમ કીધી; તજી આળસ સેવા સાધે,**
**કર્મવશે આરાધક વર્તે વિપરીત, પણ ના રીસ વાધે. ૪૭**

**અર્થ :—** સ્વ-પર ધર્મને પોષણ આપનાર એવા પારમાર્થિક કરુણાસિંધુ ઉપદેશક ગુરુએ સમાધિમરણના આરાધકનું મન, સંયમ, ત્યાગ, વ્રત કે શુભધ્યાનમાં જોડવામાં મદદ કરીને ઉત્તમ પ્રભાવના કરી તથા આળસ તજીને સેવા કરી છતાં કર્મવશાત્ આરાધક વિપરીત રીતે વર્તે તો પણ તે ક્રોધને વશ થતાં નથી. ।।૪૭।।

**તિરસ્કાર કરી કરે અવજ્ઞા, ભૂખ-તરસ ના સહી શકે,**
**વ્રત તોડે આરાધક, તોયે નિર્યાપક ના ફરજ ચૂકે;**
**ધીરજ રાખી સ્નેહભર્યાં હૃદયંગમ વચને તે સિંચે**
**ધર્મભાવરૂપ લતા મનોહર, આરાધક-ઉર લે ઊંચે. ૪૮**

**અર્થ :—** સમાધિમરણનો આરાધક ભૂખ તરસનું દુઃખ સહન ન થવાથી આચાર્ય કે ઉપાધ્યાયની અવજ્ઞા કરે, તિરસ્કાર કરે, વ્રત તોડે તો પણ નિર્યાપક એટલે સંથારો કરેલો હોય તેને સદુપદેશથી દૃઢ કરનાર સાધુ, શ્રુતગુરુ કે શિક્ષાગુરુ તે પોતાની ફરજ ચૂકતા નથી.

પણ ધીરજ રાખીને સ્નેહભર્યા હૃદયંગમ એટલે હૃદયસ્પર્શી વચનરૂપ જળવડે ધર્મભાવરૂપ સુંદર લતાને પોષે છે. જેથી આરાધકનું મન શાંત બનીને ફરીથી સમાધિમરણને સારી રીતે સાધે છે. ।।૪૮।।

(૫૩)

## સમાધિ-મરણ

ભાગ-૨

*





**ઉપદેશક કરુણારસ-વચને આરાધક-દુખ દૂર કરેઃ-**
**"હે! આત્માર્થી, કાયરતા તજી, ખરી શૂરવીરતા ધાર, અરે!**
**સાવધાન થા, અવસર આવ્યો, જીવન સફળ કરવા કાજે,**
**ધરી દીનતા રુદન કરે પણ કર્મ નહીં તેથી લાજે. ૧**

**અર્થ :–** ઉપદેશક એવા આચાર્ય ભગવંત દયાથી ભરપૂર વચન કહી સમાધિમરણ માટે તત્પર થયેલ આરાધકના દુઃખને દૂર કરે છે. તેઓ કહે છે કે હે આત્માર્થી! તું કાયરતા તજીને ખરી શૂરવીરતાને ધારણ કર. અરે! હવે તો સાવધાન થા. તારું જીવન સફળ કરવાનો આ અવસર આવ્યો છે. તું દીનતાને ધારણ કરી રુદન કરે છે પણ તેથી કંઈ કર્મને લાજ આવવાની નથી. ॥૧॥

**કોઈ સમર્થ નથી દુઃખ લેવા કે સુખ દેવા વિશ્વ વિષે,**
**કર્મ-ઉદયને કોઈ ન રોકે, લોક બધો બળતો દીસે;**
**ધર્મ-વિમુખ કરી કાયરતા, બન્ને લોક બગાડી દે,**
**અપયશ, દુર્ગતિ દેનારી આ કાયરતા ઝટ છોડી દે. ૨**

**અર્થ :–** આ વિશ્વમાં કોઈ આપણું દુઃખ લેવા કે સુખ આપવા માટે સમર્થ નથી. પોતાના કર્મ ઉદયને કોઈ રોકી શકે એમ નથી. આખો લોક બધો ત્રિવિધ તાપથી બળતો જણાય છે.

કાયરતા એ જીવને ધર્મથી વિમુખ બનાવી આ લોક, પરલોક બન્ને બગાડી દે એવી છે. તે અપયશ અને દુર્ગતિને દેનારી છે. માટે એવી કાયરતાને તું શીઘ્ર છોડી દે. ॥૨॥

**ધીરજ ધારી, ક્લેશરહિત થઈ, સહનશીલતા જો ધરશો,**
**તો કર્મો જૂનાં છૂટી જાશે, નવાં નહીં સંચય કરશો.**
**'આપ ઉપાસક આત્મધર્મના, ધર્માત્મા' જગ-જીભ કહે,**
**'શ્રદ્ધાવંત-શિરોમણિ, ત્યાગી', લોકવાયકા એમ લહે. ૩**

**અર્થ :–** ધીરજ ધારણ કરીને, ક્લેશરહિત ભાવવાળા થઈ સહનશીલતાને જો ધારણ કરશો તો જૂના કર્મો બધા છૂટી જશે અને નવા કર્મોનો પણ સંચય કરશો નહીં. આપ તો આત્મધર્મના ઉપાસક છો, જગતજીવોના મોઢે ધર્માત્મા કહેવાઓ છો. તમને લોકો શ્રદ્ધાવંતમાં શિરોમણિ સમાન અને ત્યાગી ગણે છે. ॥૩॥

**યથાશક્તિએ સંયમ, વ્રતની ગ્રહી પ્રતિજ્ઞા હિતકારી,**
**હવે શિથિલતા કેમ કરો છો, અપયશ, દુર્ગતિ દેનારી?**
**ધર્માત્મા સૌ નિંદાશે, બગ-ઠગ રૂપનું દૃષ્ટાન્ત થશો,**
**ભોળા જીવને દઈ દાખલો શિથિલતામાં દોરી જશો. ૪**

**અર્થ :–** યથાશક્તિએ તમે સંયમવ્રતની આત્મહિતકારી પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે, તો હવે અપયશ અને દુર્ગતિને દેનારી એવી શિથિલતાને કેમ આચરો છો?

તમારા કૃત્યથી બધા ધર્માત્મા જીવોની નિંદા થશે. તથા તમે બગલા જેવા ઠગ છો, એવા દૃષ્ટાંતરૂપ બનશો. ભોળા જીવોને તમે દાખલારૂપ બની તેમને પણ શિથિલતામાં દોરી જશો. ।।૪।।

**જેમ સુભટ અગ્રેસર કોઈ, ભુજા બજાવી ખડો થયો,**
**પણ શત્રુ સામે લડતાં જો ભય પામીને નાસી ગયો;**
**તો નાના નોકર શું લડશે? મરણ ભીતિ પણ નહીં જશે;**
**તિરસ્કાર સહી જગમાં જીવવું લજ્જાયુક્ત અયુક્ત થશે. ૫**

**અર્થ :–** જેમ કોઈ અગ્રેસર કહેતા આગેવાન સુભટ ભુજા બજાવી એટલે હાથ ઊંચા કરી લડવા માટે ઊભો થયો, પણ શત્રુ સામે લડતાં જો ભય પામીને નાસી ગયો, તો નાના નોકર શું લડી શકશે? કાયર થવાથી તેમના મરણનો ભય પણ જશે નહીં; અને વળી તિરસ્કારને સહન કરી જગતમાં જીવવું તે લજ્જાયુક્ત અને અયોગ્ય બની જશે. ।।૫।।

**તેમ ત્યાગ, વ્રત, સંયમની લઈ મહા પ્રતિજ્ઞા સંઘ વિષે,**
**દુખ દેખીને ડરી જતાં કે શિથિલ થયે શું લાભ દીસે?**
**નિંદાપાત્ર થવાશે જગમાં, કર્મ અશુભ નહિ છોડી દે,**
**કર્મ આકરાં, લાંબી મુદતનાં આવી ભાવિ બગાડી દે. ૬**

**અર્થ :–** તેમ તમે ત્યાગ વ્રત સંયમની મહા પ્રતિજ્ઞા ચતુર્વિધ સંઘ સમક્ષ લઈને હવે દુઃખ દેખી ડરી જવાથી કે શિથિલ પરિણામી થવાથી તમને શું લાભ થશે?

જગતમાં તમે નિંદાના પાત્ર બનશો. અશુભ કર્મો પણ તમને છોડશે નહીં. પણ આકરાં કર્મ લાંબી મુદતના બાંધી તમે તમારું ભાવિ એટલે ભવિષ્ય પણ બગાડી દેશો. ।।૬।।

**તમે માનતા : 'ભક્ત હું પ્રભુનો, આજ્ઞા પ્રભુની પાળું છું;**
**વ્રત, શીલ, સંયમ પ્રભુ-પ્રીત્યર્થે ધરી, બોધે મન વાળું છું;**
**અનંત ભવમાં દુર્લભ શ્રદ્ધા, જ્ઞાન, ચરણ તે પ્રગટાવ્યાં,**
**મિથ્યા દર્શન-જ્ઞાન, અવિરતિ ગુરુકૃપાએ અટકાવ્યાં.' ૭**

**અર્થ :–** તમે એમ માનો છો કે હું પ્રભુનો ભક્ત છું. પ્રભુની આજ્ઞા પાળું છું. વ્રત, શીલ, સંયમને પ્રભુ પ્રત્યે પ્રેમ પ્રગટે તે અર્થે ધારણ કરીને, પ્રભુના બોધમાં મનને વાળું છું. તથા અનંતભવોમાં દુર્લભ એવી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર તે મેં પ્રગટાવ્યા છે. અને ગુરુકૃપાએ મિથ્યાદર્શન, જ્ઞાન તથા અવિરતિને અટકાવી હું ચારિત્ર ધર્મને પામ્યો છું એવી તમારી માન્યતા મિથ્યા ઠરશે. ।।૭।।

**એવો નિર્ણય છતાં હવે કંઈ વ્યાધિ-વેદના આવી કે**
**પરિષહ-કાળે ભય પામો તો કાયરતા હંફાવી દે.**
**દુખનો ડર ના ઘટે આટલો, બહુ તો દેહ તજાવી દે,**
**દેહ જરૂર જવાનો છે આ, આત્મહિતે તક આવી છે. ૮**

**અર્થ :–** એવો નિર્ણય તમે કરેલો છતાં હવે શરીરમાં વ્યાધિ વેદના આવવાથી આવા પરિષહકાળે

તમે ભય પામો તો એ કાયરતા આત્મગુણોને હંફાવી એટલે હચમચાવી દેશે. દુઃખનો ડર તમને આટલો ઘટતો નથી. બહુ તો આ દુઃખ દેહ છોડાવી દેશે. આ દેહ તો બધાનો જરૂર જવાનો છે. પણ આત્માનું હિત કરવાની આ અમૂલ્ય તક તમારા માટે આવી છે તે હવે જવા દેશો નહીં. ।।૮।।

**વીતરાગ ગુરુએ ઉપદેશ્યાં વ્રત, તપ, સંયમ આરાધો,**
**કરી આરાધન વિષે અચળ મન, મરણ થયે નિજહિત સાધો;**
**સંપત્તિ ત્રણ લોકની સઘળી નાશવંત, તૃણસમ, પરની;**
**અનંત સુખ દેનારી આ તો અવિનાશી, વળી નિજ ઘરની. ૯**

**અર્થ :—** વીતરાગ ગુરુ ભગવંતે ઉપદેશેલા આ વ્રત, તપ, સંયમની આરાધના કરો. તેમાં મનને અચળ સ્થિર કરો અને સમાધિમરણ કરી તમારા આત્માનું હિત સાધો.ત્રણે લોકની ભૌતિક સંપત્તિ તો બધી નાશવંત, તૃણ સમ અને આત્માથી બધી પર છે. જ્યારે વ્રત, તપ, સંયમની સંપત્તિ તે અનંત સુખ દેનારી, અવિનાશી અને વળી પોતાના ઘરની છે; માટે સર્વકાળ સ્થિર રહે એવી છે. ।।૯।।

**સમ્યગ્દૃષ્ટિ વ્રતવાળા ગૃહી, મુનિ, વાચક, આચાર્ય મહા,**
**નિર્ભયતા ધરી ધૈર્યસહિત ચહે મરવાનો લાભ, અહા!**
**તમે ય નિરંતર કરી ભાવના, હવે સમાધિમરણ વરો,**
**મનવાંછિત આ ઉત્સવ આવ્યો, સમતા ધરી, આનંદ કરો. ૧૦**

**અર્થ :—** અહો! મહાન એવા અવિરત સમ્યક્‌દૃષ્ટિ, વ્રતવાળા દેશવ્રતી શ્રાવક, સર્વ વિરતિ મુનિ, વાચક એટલે ઉપાધ્યાય અને આચાર્ય ભગવંત સર્વ નિર્ભયતાને ધારણ કરી ધૈર્યસહિત સમાધિમરણ કરવાના જ લાભને ઇચ્છે છે. તમે પણ નિરંતર એ જ ભાવનાને ભાવી છે, તો હવે સમાધિમરણને પ્રસન્ન ચિત્તે પ્રાપ્ત કરો. આ તમારા મનવાંછિતને પૂર્ણ કરવાનો ઉત્સવ આવ્યો છે. માટે સમતા ધારી સમાધિમરણને પામી આત્મસ્વરૂપમાં સદા આનંદ કરો. ।।૧૦।।

**વધે વેદના તે ઉપકારક, સમજુ જનને શોક નહીં,**
**મોહ દેહ પરથી છૂટે તો ઘણી નિર્જરા થતી, કહી.**
**વિષયભોગ અણગમતા લાગે, ઉદાસીનતા સહજ રહે,**
**પર-દ્રવ્યોની મમતા મટશે, મૃત્યુ-ભય નહિ જીવ લહે. ૧૧**

**અર્થ :—** સમજુ પુરુષો વેદના વધે તેને ઉપકારક માનીને શોક કરતા નથી. વ્યાધિ વેદનાના કારણે દેહ ઉપરથી મોહ છૂટે તો ઘણી નિર્જરા થાય એમ મહાપુરુષોએ કહ્યું છે.

પાંચ ઇન્દ્રિયોના વિષયભોગ તે સમયે અણગમતા લાગે છે અને સહજે બીજા પદાર્થો ઉપર ઉદાસીનતા એટલે વૈરાગ્યભાવ રહે છે. એવા સમયે પર દ્રવ્યોની મમતા મૂર્ચ્છા મટી જઈ મૃત્યુનો ભય પણ જીવને રહેતો નથી. કારણકે જીવીત રહે તો પણ વેદનાના દુઃખ જીવે ભોગવવા પડે છે. ।।૧૧।।

**કાયર થઈ હિમ્મત ના હારો, ડર્યે ન કર્મ-ઉદય ટળશે;**
**અવસર આ ધીરજ ધરવાનો શૂરવીર થાતાં જય મળશે.**
**રુદન કરી તરફડશો તોપણ ક્રૂર કર્મ નહિ દયા ધરે,**
**આર્ત્ત ધ્યાન કરી દુર્ગતિ કાજે કર્મ કમાણી કોણ કરે? ૧૨**

**અર્થ :–** હવે કાયર થઈ હિમ્મતને હારો નહીં. કેમકે ડરવાથી કંઈ કર્મઉદય ટળશે નહીં. આ ધીરજ ધરવાનો અવસર છે. શૂરવીર થાઓ તેથી સમાધિમરણ થઈ વિજય પ્રાપ્ત થશે.

રુદન કરી તમે તરફડશો તો પણ ક્રૂર એવા કર્મો તમારા પર દયા કરશે નહીં. તો આર્તધ્યાન કરી દુર્ગતિને આપે એવા કર્મોની કમાણી કોણ સમજુ જન કરે? ।।૧૨।।

**ક્ષત્રિય કુળના સચ્ચા બચ્ચા સામે મોઢે શસ્ત્ર સહે,**
**શત્રુને નહિ પૂઠ બતાવે, કેસરિયાં કરી મરણ ચહે;**
**તેમ વીર વીતરાગ શરણ લઈ અશુભ કર્મ-પ્રહાર સહે,**
**દેહ-ત્યાગ કરે પણ દીનતા કે કાયરતા કેમ ચહે? ૧૩**

**અર્થ :–** ક્ષત્રિયકુળના સચ્ચા બચ્ચા એટલે ખરા પુત્રો તો લડાઈમાં સામે જઈ શસ્ત્રના પ્રહારો સહન કરે. તે શત્રુને કદી પૂઠ બતાવી ભાગી જાય નહીં. ભલે કેસરિયાં કરી મરણને શરણ થવું પડે તો થાય પણ પાછીપાની કરે નહીં. તેમ શૂરવીર એવો આત્માર્થી પણ વીતરાગ ભગવંતનું શરણ લઈ અશુભ કર્મોના પ્રહારને સમભાવે સહન કરે છે. તે દેહત્યાગ કરે પણ દીનતા કે કાયરતાને કદી ઇચ્છે નહીં. ।।૧૩।।

**કોઈ મહામુનિને દુષ્ટોએ ઇંધન ખડકીને બાળ્યા,**
**વચન-અગોચર સહી વેદના દેહ દંડ મુનિએ ટાળ્યા-**
**પૂર્વ કર્મનું દેવું ઝાઝું તુર્ત પતાવ્યું ધૈર્ય ધરી,**
**ઊભા ઊભા તે બળી ગયા નિજ સ્વરૂપ અખંડિત સાધ્ય કરી. ૧૪**

**અર્થ :–** કોઈ સુદર્શન શેઠ જેવા મહામુનિ મહાત્માઓને દુષ્ટોએ લાકડા ખડકીને બાળી નાખ્યા. વચનથી કહી શકાય નહીં એવી ઘોર વેદનાને સહન કરી મુનિએ કર્મોના ફળમાં પડતા દેહના દંડને સમતાએ ભોગવી ટાળી દીધા.

પૂર્વકર્મોનું ઘણું દેવુ હતું. તે ધૈર્ય ધારણ કરીને ગજસુકુમાર જેવાએ તુર્ત પતાવી દીધું. ઊભા ઊભા બળી જઈ પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને અખંડપણે સાધ્ય કરી કેવળજ્ઞાન પ્રગટાવી લીધું. ।।૧૪।।

**આત્મજ્ઞાન ને પરમ શરણનો કોણ પ્રભાવ કહી શકશે?**
**દેહાદિથી ભિન્ન અનુભવ આત્માનો એ અજબ દીસે.**
**અકંપપણું અનુભવી મુનિવરનું નિર્ભયતા ઉરમાં ભરશે,**
**ભવદુખ-દાવાનળથી બળતા પામરને પણ ઉદ્ધરશે. ૧૫**

**અર્થ :–** સુદર્શન શેઠ અને ગજસુકુમાર જેવા મુનિવરોએ જે અસહ્ય પરિષહો સહન કર્યા તેનું કારણ આત્મજ્ઞાન અને પરમ શરણભાવ છે. તેનો પ્રભાવ વાણીથી કોણ કહી શકશે? દેહાદિથી ભિન્ન આત્માનો અનુભવ એ જ અજબ ગજબ છે. જેના બળે આવા પરિષહો સહન કરી શકાય છે.

આત્મઅનુભવી એવા મુનિવરોનું અકંપપણું વિચારીને જે ભવ્ય નિર્ભયતાને હૃદયમાં ધારણ કરશે તે સંસાર દુઃખ દાવાનલથી બળતા એવા પામર જીવો પણ ઉદ્ધારને પામી જશે. ।।૧૫।।

**પરમ ધર્મનું શરણ ગ્રહીને સર્વ વેદના હવે સહો,**
**કર્મ-કસોટી કસે શરીરને, જ્ઞાતા-દ્રષ્ટા તમે રહો.**


સુકોશલ મુનિ
ધા માતા આ બધું
જોઈ રહી છે
ધા માતા સુકોશલ કુમારને
વાત કરે છે
રાણી પોતાના પતિ જે મુનિ બનેલ છે
તેને નગર બહાર કઢાવે છે
સુકોશલ કુમારે દિક્ષિત પિતા
પાસે જઈ દીક્ષા લીધી
માતા વાઘણ પોતાના પુત્રને
જ મારે છે
કીર્નિધર મુનિએ વાઘણને
ઉપદેશ આપી ઉદ્ધાર કર્યો

**નથી અનંત ભવોમાં આવ્યો અવસર આવો હિતકારી,**
**જીતી જવા આવ્યા છો બાજી, હવે નહીં જાઓ હારી. ૧૬**

**અર્થ :–** પરમધર્મ જેમાં પ્રગટ છે એવા શુદ્ધ આત્માનું શરણ ગ્રહણ કરીને સર્વ વેદનાને હવે સહન કરો. કર્મરૂપી કસોટી શરીરને કસે છે પણ તમે તેના માત્ર જ્ઞાતા દ્રષ્ટા રહો અર્થાત્ આર્તધ્યાનનો ત્યાગ કરો. ભૂતકાળના અનંતભવોમાં આવો આત્માને હિતકારી અવસર આવ્યો નથી. તમે દેહાધ્યાસ છોડવાની બાજીને જીતી જવા આવ્યા છો તો હવે આર્તધ્યાન કરી બાજીને હારી જાઓ નહીં. ।।૧૬।।

**આખા ભવમાં ભણી ભણીને જ્ઞાન ઉપાર્જન જે કીધું,**
**શ્રદ્ધા ઉજ્જ્વળ કરી સદા જે, તપ ત્યાગાદિ વ્રત લીધું;**
**તે સૌ આ અવસરને કાજે સદ્વર્તન સંચિત કર્યું,**
**શિથિલ થતાં જો ભ્રષ્ટ થયા તો પૂર્વપ્રવર્તન કપટ ઠર્યું. ૧૭**

**અર્થ :–** આખા ભવમાં ભણી ભણીને તમે જે જ્ઞાન ઉપાર્જન કર્યું, કે હમેશાં શ્રદ્ધાને ઉજ્જ્વલ કરવાનો પ્રયત્ન કરી તપ ત્યાગાદિ વ્રત લીધા, તે સર્વ આ સમાધિમરણના અવસરને માટે. તેના માટે તમે પુરુષાર્થ કરીને આજ સુધી સદ્વર્તનનો સંચય કર્યો છે, તો હવે જો શિથિલ થઈને ભ્રષ્ટ થયા તો પૂર્વે કરેલું તમારું બધું પ્રવર્તન કપટ ઠરશે. ।।૧૭।।

**સમતા, ધીરજ તજવાથી નહિ વ્યાધિ, વેદના મરણ ટળે,**
**આત્માને અજ્ઞાન ભાવથી દુર્ગતિ દુઃખો માત્ર મળે.**
**ભૂલી ભયાનક વનમાં ભમતાં, કે દુષ્કાળ કડક પડતાં**
**પક્ષાઘાતે, મરકી, પ્લેગે, વા ગડ-ગૂમડે તન સડતાં. ૧૮**

**અર્થ :–** આત્માને ઉદ્ધારક એવી સમતા કે ધીરજનો ત્યાગ કરવાથી તમારી વ્યાધિ, વેદના કે મરણ ટળી જશે નહીં. પણ આવા અજ્ઞાન ભાવ કરવાથી આત્માને માત્ર દુર્ગતિના દુઃખો ભોગવવા પડશે.

માર્ગમાં ભૂલી ભયંકર વનમાં ભમતા છતાં કે કડક દુષ્કાળ આવી પડે, કે પક્ષાઘાત અર્થાત્ લકવો થઈ આવે, કે મરકી, પ્લેગના રોગ ફાટી નીકળે અથવા ગડગુમડે શરીર આખું સડવા માંડે તો પણ ઉત્તમ આરાધક હોય તે લીધેલા નિયમને તોડી ધર્મનો ત્યાગ કરે નહીં. ।।૧૮।।

**ઉત્તમ કુળમાં જન્મેલા જન નિંદ્ય ન કોઈ કાર્ય કરે;**
**મદિરા, માંસ, અભક્ષ્ય ફળો, કંદાદિક ખાઈ ન જીવન ધરે.**
**હિંસાદિક કુકર્મ કરે ના, મરણ તણો સ્વીકાર કરે,**
**પણ લીધેલા નિયમ ન તોડે, સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન ધરે. ૧૯**

**અર્થ :–** ઉત્તમકુળમાં જન્મેલા ભવ્યો ગમે તેવી આપત્તિ આવી પડે તો પણ નીંદનીય એવું કોઈ કાર્ય કરે નહીં. દારૂ, માંસ, અભક્ષ્ય ફળો કે જમીકંદાદિ ખાઈને જીવન રાખવા ઇચ્છે નહીં.

હિંસાદિક કોઈ કાર્ય કરે નહીં. મરણનો સ્વીકાર કરે પણ લીધેલા નિયમને તોડે નહીં. સત્પુરુષે કહેલા વચનો ઉપર સમ્યક્ શ્રદ્ધા રાખી તેમના જ બોધેલા સમ્યક્જ્ઞાનનું અનુસરણ કરે. ।।૧૯।।

**તેનું જ જીવન સફળ સમજવું; વ્રત, તપ, ધર્મ સફળ તેના;**
**જગમાં તે જ પ્રશંસાલાયક સ્વર્ગ-સુખે પણ ધર્મ તજે ના.**

**માનવ થઈ ઉત્તમ પદ પામે, મેરુ સમ પરિષહ-કાળે;**
**સમુદ્ર સમ ગંભીર રહીને, ભવનાં બીજ બધાં બાળે. ૨૦**

**અર્થ :–** એવા ઉત્તમ જીવોનું જ જીવન સફળ સમજવું. વ્રત, તપ, ધર્મ પણ તેના સફળ છે. જગતમાં તે જ પ્રશંસવાલાયક છે કે જે સ્વર્ગના સુખમાં પણ ધર્મને છોડતા નથી. એવા જીવો સ્વર્ગથી ચ્યવી માનવ થઈ ઉત્તમપદ પામે અને પરિષહ કાળે પણ મેરુ સમાન સ્થિર રહી શકે અને સમુદ્ર જેવા ગંભીર રહી સંસારના બીજ જે રાગદ્વેષ છે તેને બાળીને ભસ્મ કરી શકે. ।।૨૦।।

**ઘોર વેદના ઘણી આવે પણ આકુળ વ્યાકુળ ના થાઓ,**
**દેહ ભિન્ન નિજ જ્ઞાયક ભાવે અખંડ અનુભવમાં જાઓ.**
**પૂર્વ પુરુષોની તલ્લીનતા એવા ટાણે અચળ રહી,**
**તેની સંસ્મૃતિ કરતા ઉરમાં ધીરજ-ધારા રહે વહીઃ– ૨૧**

**અર્થ :–** પોતાની જે પૂર્વે બાંધેલી ઘોર વેદના ઘણી આવે તો પણ આકુળ વ્યાકુળ થાઓ નહીં. પણ પોતાના આત્માને દેહથી ભિન્ન ભાવી જ્ઞાયકભાવે એટલે માત્ર જ્ઞાતા દ્રષ્ટા રહી પોતાના અખંડ આત્મ અનુભવમાં જવાનો પુરુષાર્થ કરો.

ઘોર વેદનાના સમયે પૂર્વે થઈ ગયેલા મહાપુરુષોની આત્મામાં તલ્લીનતા કેવી અચળ રહી હતી તેની સારી રીતે સ્મૃતિ કરતાં આપણા હૃદયમાં પણ ધીરજની ધારા પ્રગટપણે વહેતી રહે છે. ।।૨૧।।

**મુનિ સુકોશલ ધ્યાને ઊભા માતા વાઘણ ત્યાં આવી,**
**પંજો મારી; પકડી, ફાડી ખાય અંગ સઘળાં ચાવી;**
**દુષ્ટ-દાઢમાં ચવાય પણ ઉત્તમ આત્માર્થ નહીં તજતા,**
**આરાધકતા અચળ કરી તે સમ્યક્ રત્નત્રયી સજતા. ૨૨**

**અર્થ :–** શ્રી સુકોશલમુનિ ધ્યાનમાં ઊભા છે. તેમની આ ભવની જ માતા જે વાઘણ બનેલી તે ત્યાં આવી. મુનિને પંજો મારી, પકડી, ફાડી તેમના સઘળા અંગ ચાવી ચાવીને ખાવા લાગી. દુષ્ટ એવી વાઘણના દાઢમાં ચવાતાં છતાં ઉત્તમ આત્માર્થનો લક્ષ ભૂલતા નથી. મુનિની આરાધકતા ત્યાં પણ અચળ રહી. તેવે સમયે પણ સમ્યક્દર્શનજ્ઞાનચારિત્રરૂપ રત્નત્રયની આરાધના જ તેઓ કરતા હતા.

**સુકોશલ મુનિનું દૃષ્ટાંત :–** સાકેતપુર નગરમાં રાજા કીર્તિધર, રાણી સહદેવી અને તેમનો આ પુત્ર સુકોશલ હતો. કીર્તિધર રાજાએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. એકવાર ગોચરી માટે નગરમાં આવતા હતા ત્યારે રાણી સહદેવીએ તેમને જોઈ માણસ મોકલી નગર બહાર કઢાવ્યા. કારણ તેમનો ઉપદેશ સાંભળી કદાચ મારો પુત્ર પણ તેમની સાથે દીક્ષા લઈ ચાલ્યો જાય. રાજાને નગર બહાર કઢાવતા ધામાતાએ જોઈ લીધું. તેથી તેની આંખમાં આંસુ જોઈ સુકોશલકુમારે કારણ પૂછ્યું. તેણે રાજાને નગર બહાર કઢાવ્યાની વાત કહી. તે સાંભળી સુકોશલકુમારને પણ વૈરાગ્ય આવી ગયો અને પિતા પાસે જઈ દીક્ષા લઈ લીધી. તેથી માતા પુત્રના વિયોગે આર્ત્તધ્યાન કરી મરણ પામીને વાઘણ થઈ. જંગલમાં સુકોશલ મુનિના અંગને ચાવતા પુત્રની દાઢ સોનાની જોઈ જાતિસ્મરણજ્ઞાન થયું કે ઓ હો! આ તો મારો પુત્ર હતો. તે વખતે પાસે જ રહેલા કીર્તિધર મુનિએ વાઘણને બોધ આપ્યો. તેથી તેણીએ પશ્ચાત્તાપ વડે આત્મનિંદા કરી. પછી વ્રત ગ્રહણ કરી અનશન લઈને આઠમા દેવલોકે ગઈ. અને કીર્તિધર મુનિ તથા


અવન્તિ સુકુમાલ
અવન્તિ સુકુમાલને જાતિસ્મરણજ્ઞાન
સ્વાધ્યાય કરતા સુહસ્તિસૂરિ
કોઈને જાણ ન થાય તેમ રાત્રે નીચે ઉતરતાં અવન્તિ સુકુમાલ
મુનિનો ઉપદેશ સાંભળી દીક્ષા લેવાનો ભાવ
પૂર્વભવમાં ભાભીને લાત મારી
ગુરુ પાસે દીક્ષા લઈ કરેલ વિહાર
ભાભીએ શિયાળણી થઈ વેરનો બદલો લીધો

સુકોશલ મુનિ બેય કેવળજ્ઞાન પામી મોક્ષે પધાર્યા. ।।૨૨।।

**નવદીક્ષિત સુકુમાલ મુનિને ખાય શિયાળ બચ્ચા સાથે,**
**પગ પૂરો કરી, પેટ ફાડતાં થાય મરણ ત્રીજી રાતે.**
**રાઈ ખૂંચે તેવા કોમળ નર ઘોર વેદના સહે, અહો!**
**તો તમને શું ભૂખ-તરસનું દુઃખ અસહ્ય જણાય, કહો! ૨૩**

**અર્થ :–** આખી અવન્તિ એટલે ઉજ્જૈનમાં સુકુમાળ એવા સુકુમાલે દીક્ષા લીધી. એકવાર આ નવદીક્ષિત મુનિ જંગલમાં કાઉસગ્ગ ધ્યાનમાં ઊભા હતા. ત્યાં એક શિયાળ તેના બચ્ચા સાથે આવી તેમને ખાવા લાગ્યું. પગ પૂરો કરી પેટ ફાડતા ત્રીજી રાતે તેમનું મરણ થયું. રાઈ ખૂંચે તેવા કોમળ તે નર હતા છતાં ઘોર વેદનાને સહન કરી. તો અહો! તમને આ ભૂખ તરસનું દુઃખ પણ અસહ્ય જણાય છે? આના કરતાં તેમને કેટલું દુઃખ હશે છતાં સમતાએ સહન કરી ઉત્તમ ગતિને પામ્યા.

**અવન્તિ સુકુમાલનું દૃષ્ટાંત :–** ઉજ્જયની નગરીમાં ભદ્રા શેઠાણીનો પુત્ર અવન્તિ સુકુમાલ હતો. બત્રીસ કન્યાઓ પરણ્યો હતો. એકવાર આર્ય સુહસ્તિસૂરિનો સ્વાધ્યાય સાંભળી પોતાને જાતિસ્મરણજ્ઞાન ઉપજ્યું. પૂર્વભવમાં નલિનીગુલ્મ વિમાનમાંથી હું અહીં આવ્યો છું. તે જાણતાં અહીનાં ભોગ, દેવતાઈ ભોગ આગળ તુચ્છ જણાયા. તેથી મુનિ પાસે જઈ દીક્ષા લઈ અનશન કરી કાઉસ્સગ ધ્યાનમાં ઊભા રહ્યા. ત્યાં પૂર્વભવમાં અપમાનિત કરેલ ભાભીનો જીવ શિયાળણી થયેલ, તે પોતાના બચ્ચા સાથે ત્યાં આવી તેમનો પગ ખાઈ પેટ ફાડતાં ત્રીજી રાતે સમાધિમરણ સાધી પાછા નલિનીગુલ્મ વિમાનમાં જઈ ઉત્પન્ન થયા. સમતાભાવે દુઃખ સહન કરવાથી કર્મોની બળવાન નિર્જરા થઈ. ।।૨૩।।

પૂર્વભવમાં અવન્તિ સુકુમાળના મોટા ભાઈએ દીક્ષા લીધેલી. તેમને પાછા ઘરે લાવવા માટે ભાભી વારંવાર દિયરને કહ્યા કરે. દિયરે કહ્યું કે દિક્ષિત મુનિને પાછા ઘરે આવવા માટે કેમ કહેવાય? છતાં વારંવાર ઘરે લાવવાની વાત ભાભી કહેતા, એકવાર ગુસ્સો આવવાથી ભાભીને લાત મારી. ત્યારે ભાભીએ પણ એવો ભાવ કર્યો કે હમણાં તો હું અબળા છું પણ આવતા ભવમાં એના પગને ખાનારી થાઉં. તેથી મરીને શિયાળણી થઈ.

**પરવશ ચાર ગતિમાં વેઠ્યાં દુઃખ, હવે ખુશીથી સહવાં,**
**મરવાની ય ન ઇચ્છા કરવી, ભય તજી સત્શરણાં ગ્રહવાં.**
**સ્વજન-મિત્રની સ્મૃતિ તજો; નહિ ભોગ નિદાન કદી કરશો**
**એ અતિચારો રહિત સમાધિ-મરણ કરો તો ભવ તરશો." ૨૪**

**અર્થ :–** ચારે ગતિમાં આપણા આત્માએ પરવશપણે અનંત દુઃખો વેઠ્યા છતાં હવે જે દુઃખ આવે તેને સ્વેચ્છાએ ખુશીથી સહન કરવા જોઈએ. દુઃખ દેખી મરવાની પણ ઇચ્છા કરવી નહીં. પણ મરણનો ભય ત્યાગી સત્શરણાં ગ્રહવાં અર્થાત્ સત્‌દેવગુરુધર્મનું શરણ અંગીકાર કરવું.

સજ્જન એટલે પોતાના કુટુંબીઓ કે મિત્રની સ્મૃતિનો પણ ત્યાગ કરવો અને ભોગ નિદાન એટલે ભોગને અર્થે કોઈ પણ પ્રકારનું નિયાણું કરવું નહીં. એમ અતિચારરહિત શુદ્ધભાવથી સમાધિમરણ કરશો તો તમે ભવસાગરને જરૂર તરી જશો. ।।૨૪।।

હવે જો સમાધિમરણ કરવું હોય તો અનાદિકાળથી જીવને મૂંઝવતા કર્મોનો નાશ કરવો જોઈએ. તે કર્મોને જ્ઞાનીપુરુષની આજ્ઞા આરાધીને વિદારણ કરવાની રીતિઓ આગળના 'વૈતાલીય અધ્યયન' નામના પાઠમાં જણાવવામાં આવે છે. વૈતાલીય એટલે વિદારકમ્. કર્મોને વિદારણ કરવાનું અધ્યયન. પ્રાકૃત ભાષામાં એને 'વૈયાલીય' કહે છે. આ અધ્યયન સૂયગડાંગસૂત્રમાં આવેલ છે. એ વિષે 'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક ૨૦૭માં જણાવે છે કે :—

**"જેમાં પૃથ્વ્યાદિકનો વિસ્તારથી વિચાર કર્યો છે આવાં વચનો કરતાં 'વૈતાલીય' અધ્યયન જેવાં વચનો વૈરાગ્યની વૃદ્ધિ કરે છે; અને બીજાં મતભેદવાળાં પ્રાણીને પણ તેમાં અરુચિ થતી નથી."**

(૫૪)



## વૈતાલીય અધ્યયન



(વૈતાલીય છંદ)

('પ્રભુતા પ્રભુ, તારી તું ધરી, મુજરો લઈ મુજ રોગ લે હરી'—એને મળતો રાગ)

*

### પ્રાસ્તાવિક

આ વિષય સંબંધી ભૂમિકારૂપે પ્રથમ ટૂંકો ઉલ્લેખ કરવો તે પ્રાસ્તાવિક કહેવાય છે.

**આદીશ્વરની કને ગયા અઠ્ઠાણું તનુજો ય આશથીઃ**
**કહે પિતા તેમ વર્તવું; ત્યાં ભડકાવ્યા દુઃખપાશથી. ૧**

**અર્થ :—** આદીશ્વર ભગવાન પાસે તેમના અઠ્ઠાણું તનુજો એટલે પુત્રોએ રાજ્યની આશાથી જઈ ભગવાનને ફરિયાદ કરી કે ભગવન્! ભરત અમારી પાસે પોતાની આજ્ઞાનું પાલન કરાવવા ઇચ્છે છે તો અમારે શું કરવું? આપ પિતાશ્રી કહો તેમ અમારે વર્તવું છે. ત્યાં તો ભગવાને પુત્રોના હિતાર્થે એવો ઉપદેશ આપ્યો કે આ રાજ્યના ભોગો ભોગવવાથી મનુષ્યની ઇચ્છા કદી તૃપ્ત થતી નથી. અને આ સંસાર તો દુઃખના પાશ એટલે જાળ સમાન ભયંકર છે. માટે એનો પાશ અવશ્ય તોડવા જેવો છે. ।।૧।।

**જે બોધ દીધો કૃપા કરી તે સુણ્યો જ્યાં હિતનો ગણી;**
**ત્યાગી સંસાર-સંગ તે મુનિ બની રહ્યા; ધન્ય લાગણી! ૨**

**અર્થ :—** ભગવાને કૃપા કરીને પુત્રોને સંસારની અસારતા, અનિત્યતા, અશરણતા, વિષય ભોગના કડવા ફળ, અસ્થિર આયુષ્ય અને યૌવનની ક્ષણભંગુરતાનો બોધ આપ્યો. તે અઠ્ઠાણું પુત્રોએ પોતાના આત્માના હિતરૂપ જાણી અંગીકાર કર્યો. ભગવાનની આજ્ઞા પાલન કરવામાં જ પોતાનું કલ્યાણ છે એમ જાણી સંસારના સર્વ પ્રકારના સંગને ત્યાગી દઈ અઠ્ઠાણુંએય પુત્રો મુનિ બની ગયા. આવી ઉત્તમ આત્મ-કલ્યાણની દાઝ જાગૃત થવાથી તેમની લાગણીને ધન્ય છે. ।।૨।।

**ઉત્તમ તેવા સુબોધનો અનુવાદ કરું મુજ કાજ જે,**
**જે હૃદયે રોપી પોષશે તેને દેશે સુખ-સાજ તે. ૩**

**અર્થ :—** ભગવાને આપેલ આવા ઉત્તમ સમ્યક્બોધનો મારા આત્માને હિતને અર્થે અનુવાદ કરું

છું; એમ પૂ.શ્રી બ્રહ્મચારીજી કહે છે. જે ભવ્યાત્મા આવા ઉત્તમ બોધને પોતાના હૃદયમાં રોપીને એટલે સ્થાપીને તેને પોષણ આપશે; તેને તે બોધ મોક્ષસુખના સાજ એટલે સાધન સમા સમ્યક્દર્શનને પ્રાપ્ત કરાવશે. ।।૩।।

**વૈરાગ્ય રસે જ પૂર્ણ તે સંસારતરુમૂળ ખોદશે,**
**ભવ્ય ઘણા સુણી સુણી તે ગ્રહી મુક્તિમાર્ગ પ્રમોદશે. ૪**

**અર્થ :–** ભગવાનનો આ બોધ વૈરાગ્યરસથી ભરપૂર છે. એ સંસારરૂપી વૃક્ષના જડમૂળને ખોદી નાખશે. ઘણા ભવ્ય જીવો આ બોધને સાંભળી સાંભળીને, ઉત્તમ મુક્તિમાર્ગને ગ્રહણ કરી, પ્રમોદશે એટલે આત્માના પ્રકૃષ્ટ આનંદને પામશે, અર્થાત્ આત્માની શાશ્વત સુખશાંતિને પામશે. ।।૪।।

## પ્રથમ ખંડ

**ઊઠો ઊઠો ન ઊંઘશો, દુર્લભ બીજે જન્મ જાગૃતિ;**
**વીતી રજની ન આવશે, નહિ સુલભ જીંવન પુનરાવૃતિ. ૫**

**અર્થ :–** વૈરાગ્યથી સંયુક્ત હૃદયવાળા અઠ્ઠાણું પુત્રોને ભગવાન ઋષભદેવ સંબોધીને ઉપદેશે છે કે હે ભવ્યો! તમે ઊઠો! ઊઠો, મોહનિદ્રામાં હવે ઊંઘશો નહીં. જાગૃત થાઓ કેમકે બીજા જન્મમાં આત્મજાગૃતિ પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે. વીતી ગયેલી રાત્રિઓ પાછી આવશે નહીં. તેમજ મનુષ્ય જન્મની પુનરાવૃત્તિ એટલે ફરી તે મળવો સુલભ નથી. મનુષ્યભવ તો દશ દૃષ્ટાંતે દુર્લભ છે. ।।૫।।

**બાલ-વૃદ્ધ-ગર્ભ કાળમાં મરતા માનવ આમ દેખતાં,**
**જાય ઝડપી બાજ તેતરો, તેમ જ આયુષ્યો ય તૂટતાં. ૬**

**અર્થ :–** બાળક, વૃદ્ધ કે ગર્ભકાળમાં પણ મનુષ્યો મરણ પામે છે. જેમ બાજ પક્ષી તેતરને ઝડપી મારી નાખે છે. તેમ આયુષ્ય તૂટતાં મનુષ્યનું મરણ થઈ જાય છે.

**‘‘કોઈ ગર્ભ વિષે મરે, મરે જન્મતા કોઈ, બાળપણમાં પણ મરે, યુવાન મરતા જોઈ;**
**નિયમ નહીં વર્ષો તણો, મરણ અચાનક થાય, એક નિયમ નક્કી ખરો, જન્મે તે મરી જાય.’’**

**માતપિતા-સ્નેહ-લુબ્ધ જે મરીં નહીં સુલભ સુગતિ વરે;**
**ભય એવો ઉર ધારીને, આરંભ તજી, સુવ્રતો ધરે. ૭**

**અર્થ :–** માતાપિતા આદિના સ્નેહમાં લુબ્ધ બની જે મરણ પામે તેને માટે સદ્ગતિ સુલભ નથી.

માટે મૃત્યુ અને મોહનો ભય હૃદયમાં રાખી, હિંસામય આરંભનો ત્યાગ કરી મુમુક્ષુએ સમ્યક્ પ્રકારે ગુરુ આજ્ઞાએ વ્રત ધારણ કરવા જોઈએ. ।।૭।।

**નહીં તો કર્મો જ જીવને નરકાદિ સ્થાને લઈ જશે,**
**કરેલ કર્મો ન છોડશે, ત્યાં ત્યાં પીડા જીવ પામશે. ૮**

**અર્થ :–** નહીં તો પોતાના જ કરેલા કર્મો જીવને નરક નિગોદાદિ ગતિઓમાં લઈ જશે. કરેલા કર્મોના ફળ ભોગવ્યા વિના જીવનો છૂટકારો નથી. તે તે સ્થાનોમાં જીવ ઘણી પીડાને પામશે. ।।૮।।

**દેવો, ગંધર્વ, રાક્ષસો, અસુરો, ભૂચર, નાગ, નૃપતિ,**
**બ્રાહ્મણ નર શેઠ પંખીં સૌ, તજે દેહ દુખિયા થઈ અતિ. ૯**

**અર્થ :–** દેવો, ગંધર્વો, રાક્ષસો, અસુરો, ભૂમિચરો, સર્પો વગેરે તિર્યંચો, રાજા, બ્રાહ્મણ, મનુષ્ય, શેઠ, પક્ષીઓ વગેરે સૌ પોતપોતાના દેહને અંતકાળે મમત્વભાવના કારણે અતિ દુઃખી થઈને તજે છે. ।।૯।।

**સ્વજન, ભોગ, અંતકાળમાં, મોહી જનને દે ન આશરો,**
**ડીંટેથી તાડિયું ખરે, તેમ જ આયુ તૂટતાં મરો. ૧૦**

**અર્થ :–** સ્વજન સંબંધીઓ કે વિષયભોગ, તેમાં મોહ કરનાર આસક્ત જનોને અંતકાળે આશરો આપે નહીં. જેમ ડીટાથી તાડફળ તૂટીને નીચે ખરી પડે તેમ આયુષ્ય તૂટતા મરી જશો. ।।૧૦।।

**શ્રુતધર ધર્મિષ્ઠ બ્રાહ્મણો, ભિક્ષુક માયા-મૂઢ જો રહે,**
**કર્મફળો તીવ્ર પીડશે નરકાદિમાં દુઃખ હા! લહે. ૧૧**

**અર્થ :–** બહુશ્રુત એટલે શાસ્ત્રજ્ઞ હો કે ધર્માત્મા હો, બ્રાહ્મણ હો કે ભિક્ષુક એટલે મુનિ હો, પણ માયાવડે કરીને અસદ્ અનુષ્ઠાનથી મૂર્છિત હશે તો પોતાના જ કરેલા કર્મોના ફળો તેને તીવ્ર પીડા આપશે. તે નરકાદિ ગતિઓમાં હા! અનંત દુઃખને પામશે. ।।૧૧।।

**જો તત્પર થાય ત્યાગવા અજ્ઞાને તરી ના શકે, કહે :**
**"ધ્રુવ માર્ગ ઉપાય આ જ છે," આરપાર તો તું ય ક્યાં લહે? ૧૨**

**અર્થ :–** કોઈ અજ્ઞાની આ સંસારને ત્યાગવા તત્પર થાય, પણ અજ્ઞાનને કારણે તે સંસાર સમુદ્ર તરી શકે નહીં. તે અજ્ઞાની સ્વચ્છંદે એમ કહે કે મુક્તિ મેળવવાનો ધ્રુવમાર્ગ આ જ છે, તો તું પણ તેવા અજ્ઞાનીનો આશ્રય કરી મોક્ષમાર્ગ કેવી રીતે જાણી શકીશ?

**નગ્ન કૃશ શરીરવંત જો માસ માસ ઉપવાસ આદરે,**
**તોપણ માયાદિ જો ઉરે ગર્ભ અનંતા ભાવિમાં ધરે. ૧૩**

**અર્થ :–** તેવા દંભી માયાવી જીવો ભલે શરીરથી નગ્ન કે કૃશ થઈને વિચરે અથવા મહિના મહિનાના ઉપવાસ કરે તો પણ હૃદયમાં માયા મોહાદિ કષાયભાવો હશે તો ભવિષ્યમાં અનંતા ગર્ભને ધારણ કરશે. ।।૧૩।।

**તેથી પાપોથી થોભજો માનવ આયુ બહુ જ ટૂંકડું,**
**કામી મોહે કળી રહ્યા અવિરતિને દુઃખ ઢૂંકડું. ૧૪**

**અર્થ :–** તેથી માયા મોહાદિ પાપોથી થોભજો. કેમકે મનુષ્યનું આયુષ્ય બહુ ટૂંકુ છે. કામી પુરુષો અહીં મોહમાં કળી રહ્યા છે. અને અવિરતિ એટલે જેને વ્રત નથી પણ ઇન્દ્રિયોને વશ છે તેવા જીવોને ડગલે ને પગલે દુઃખ ઊભું જ છે. ।।૧૪।।

**યત્ને વિચરો ય સંયમે દુસ્તર પંથ અણુ-જીવે ભર્યો,**
**સમ્યક્ વીરે કહેલ તે શિક્ષા સુણી વર્તવું કરો. ૧૫**

**અર્થ :–** માટે સંયમ ધારણ કરીને ઈર્યાસમિતિપૂર્વક યત્નાથી વિહાર કરો. કેમકે સૂક્ષ્મ પ્રાણીઓથી યુક્ત માર્ગ ઉપયોગ રાખ્યા વિના પાર કરવો દુસ્તર છે. આ સવળી શિખામણ વીર પ્રભુએ કહેલ છે. તે સાંભળીને તે પ્રમાણે વર્તન કરો. ।।૧૫।।

**ઊઠ્યા જે વીર સંયમી, માયા ક્રોધાદિકને પીંસે;**
**અહિંસક બધા જીવો તણા પાપવિરત ઉપશાંત તે દીસે. ૧૬**

**અર્થ :–** જે વીર પુરુષો સંયમ પાળવાને તૈયાર થયા તે ક્રોધ માન માયા લોભાદિને નષ્ટ કરે છે. તે સૂક્ષ્મ કે સ્થૂલ પ્રાણીઓની હિંસા કરતા નથી. તેઓ પાપથી વિરક્ત છે. તથા ક્રોધાદિ તેમના ઉપશાંત થવાથી તેઓ શાંત દેખાય છે. ।।૧૬।।

**વિચારે આપદા વિષે, "હું એકલો જગે ન દુઃખિયો,**
**સૌ સંસારે પીડિત છે; સમ સંયમે જ વીર સુખિયો. ૧૭**

**અર્થ :–** તે સંયમી પુરુષો આપત્તિકાળે વિચારે છે કે હું એકલો જ આ જગતમાં શીત કે ઉષ્ણ પરિષહોથી દુઃખી નથી. આ સંસારમાં તો સૌ પ્રાણીઓ દુઃખી જ છે. પણ જે વીર પુરુષોએ સમભાવરૂપ સંયમને ધારણ કર્યો છે તે જ સદા સુખી છે. તથા તેમને કર્મ નિર્જરાનો લાભ પ્રાપ્ત થાય છે. ।।૧૭।।

**લીપેલી ભીંત ઊખડ્યે કૃશ દીસે તેમ ઉપવાસથી,**
**દેહ કસી દયાર્થી વર્તવું સર્વજ્ઞ કથિત ઉપદેશથી. ૧૮**

**અર્થ :–** લીંપેલી ભીંત ઉપરથી છોડા ઉખડ્યે તે ભીંત પાતળી કે અશોભનીય દેખાય, તેમ ઉપવાસ આદિથી કાયા અશોભનીય કે કૃશ જણાય તો પણ કાયાને કસી અહિંસાને જ ધારણ કરી વર્તવું. એમ સર્વજ્ઞ કથિત આત્મહિતકારી ઉપદેશ છે. ।।૧૮।।

**ખંખેરે ધૂળ પંખીઓ તેમ કર્મરજ ભવ્ય ખેરવે,**
**તપ આચરી કર્મ કાઢવા તપસ્વી સાધુ વીર્ય ફોરવે. ૧૯**

**અર્થ :–** પક્ષીઓ જેમ પોતા પર પડેલ ધૂળને ખંખેરે છે તેમ સંયમી પણ કર્મરજને ખંખેરે છે. તપસ્વી કે સાધુપુરુષો કર્મોને નાશ કરવા માટે ઇચ્છાઓને રોકવારૂપ તપ આચરી પોતાનું વીર્ય એટલે પોતાના બળને ફોરવે છે. ।।૧૯।।

**કુટુંબી બાળ-વૃદ્ધ સૌ આહારાર્થે આવતાં મુનિ,**
**વીનવે લલચાવી સાધુને, તો ય તપસ્વી વળે ન તે ભણી. ૨૦**

**અર્થ :–** આહાર અર્થે આવેલ મુનિને પોતાના કુટુંબના બાળ કે વૃદ્ધ સૌ તે સાધુપુરુષને લલચાવવા માટે વિનંતી કરતા થાકી જાય તો પણ વસ્તુ તત્ત્વને જાણનારા તે મુનિ તેમના ભણી વળે નહીં. ।।૨૦।।

**કરુણ વિલાપો કરે બધાં, વંશવૃદ્ધિ કરવા ય વીનવે;**
**ઊઠેલો ભવ્ય ભિક્ષુ તે, ન ડગે, સંયમ ચુસ્ત સાચવે. ૨૧**

**અર્થ :–** કુટુંબીઓ બધા રુદન કરી કરુણ વિલાપો કરે અને વંશવૃદ્ધિ કરવા વિનંતી કરે તો પણ સંયમને આરાધવા ઊઠેલ તે ભવ્ય સાધુ કદી ડગે નહીં, પણ સંયમનું જ ચુસ્ત રીતે પાલન કરે. ।।૨૧।।

**કામ-લાલચોથી ખેંચીને કે ઘેર લઈ જાય બાંધીને,**
**ઇચ્છે તેવું ન જીવવા, કોણ ડગાવી, ઘેર રાખી લે? ૨૨**

**અર્થ :–** વિષયભોગ માટે લલચાવીને કે બાંધીને તે સાધુને ઘેર લઈ જાય તો પણ જે સાધુપુરુષ અસંયમી જીવન જીવવા જ ન ઇચ્છે તેને કોણ ડગાવીને ઘરમાં રાખી શકે? ।।૨૨।।

**વળી શીખવે : 'સ્નેહી આપણે, માત, પિતા, સ્ત્રી, પુત્ર પોષવાં,**
**સમજું છે, તું જ જોઈ લે - બે લોક બગાડીશ ત્યાગતાં.' ૨૩**

**અર્થ :–** વળી કુટુંબીઓ શીખવે કે આપણે બધા પરસ્પર સ્નેહી છીએ. માતા, પિતા, સ્ત્રી, પુત્રને પોષવા એ તો તારો ધર્મ છે. દીક્ષા લઈને અમારા પાલનનો ત્યાગ કરવાથી તમારો પરલોક બગડશે અને આ લોકમાં પણ સંયમ લેવાથી તમે સુખી નથી. તમે સમજુ છો માટે વિચારો. નહીં તો અમને ત્યાગતા તમારા બેય લોક બગડશે. ।।૨૩।।

**સ્વજનમોહ-કાદવે પડી, કોઈ અસંયમમાં ફસાય તો**
**તે રાગીના જ સંગથી, વળી વળી પાપે ધૃષ્ટ થાય, જો. ૨૪**

**અર્થ :–** ઉપરોક્ત વચનો સાંભળી કોઈ સાધુ સ્વજન મોહરૂપ કાદવમાં પડી અસંયમમાં ફસાય તો તે રાગી કુટુંબીઓના સંગથી વારંવાર પાપ કરતાં પણ શરમાતો નથી અને પાપથી ભારે થતો જાય છે. ।।૨૪।।

**પંડિત બની, ભવ્ય, જો જરા, અટકી પાપથી ઉપશાંત થા,**
**મહામાર્ગ વીર પામતા, સિદ્ધિપ્રદ ને શિવ-પંથ આ. ૨૫**

**અર્થ :–** માટે હે ભવ્યાત્મા! તું પંડિત બની પાપ કર્મના પરિણામનો જરા વિચાર કરી, તે પાપોથી અટક અને અંતરંગ કષાયોને શમાવ. જે વીર પુરુષો છે તે જ આ આત્મસિદ્ધિદાયક મોક્ષમાર્ગને પામે છે એમ જાણ. ।।૨૫।।

**મન વાચા દેહ રોકીને, કર્મ વિદારણ પંથ પામી આ,**
**શ્રી, સગાં, આરંભ છોડીને આચર સંયમ, મોક્ષકામી થા. ૨૬**

**અર્થ :–** હે ભવ્ય! હવે તું મન વચન કાયાને અશુભભાવોમાં જતા રોકી, આ વૈતાલીય માર્ગ કહેતા કર્મ વિદારણ કરવાના એટલે કર્મોને નષ્ટ કરવાના માર્ગને પામ્યો છું. માટે હવે તું આ શ્રી કહેતાં લક્ષ્મી તથા સગાંસંબંધી અને આરંભ પરિગ્રહને છોડી ઇન્દ્રિયોને વશ કરવા અર્થે સંયમને જ આચર અને મોક્ષનો સાચો ઇચ્છુક થા. ।।૨૬।।

## દ્વિતીય ખંડ

**'કાંચળી સમ કર્મ ત્યાગવાં' એમ ગણી મુનિ ગર્વ સૌ હરે,**
**નિજ ગોત્રાદિક ના સ્તવે, પરનિંદા પણ સાધુ ના કરે. ૧**

**અર્થ :–** સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરે છે તેમ મુનિએ પણ સર્વ કર્મોને ત્યાગતા; એમ ભગવાનનો ઉપદેશ જાણી જાતિ કુલાદિ આઠ મદનો ત્યાગ કરે છે. પોતાના ગોત્ર, કુલ આદિની પ્રશંસા કરતા નથી. તેમજ પરનિંદા પણ સાધુપુરુષો કરતા નથી. ।।૧।।

**પરની અવજ્ઞા કરી બહુ ભમે ભવાટવીમાં ઘણા જણ,**
**પરનિંદા પાપકારી છે ગણી ગર્વ કરે કેમ માહણ? ૨**

**અર્થ :–** બીજાની અવજ્ઞા એટલે તિરસ્કાર કરીને આ સંસારરૂપી જંગલમાં ઘણા જીવો ભટકે છે. પરની નિંદા કરવી એ મહાપાપકારી છે એમ જાણીને માહણ એટલે કોઈને પણ હણવાની જે મનાઈ કરે છે

એવા આત્મજ્ઞાની મુનિઓ શાસ્ત્ર કે તપ વગેરેનો મદ કેમ કરે? અર્થાત્ ન જ કરે. **"પરનિંદા એ સબળ પાપ માનવું."** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૨।।

**ચક્રવર્તી હોય કોઈ જો, દાસ-દાસ જે સંયમી થયો,**
**તેને નમતાં ન લાજતો; સંયમી થયે ગર્વ સૌ ગયો. ૩**

**અર્થ :—** કોઈ ચક્રવર્તીએ દીક્ષા લીધી હોય. તેના પહેલા ચક્રવર્તીના દાસના દાસે પ્રથમ સંયમ ધારણ કર્યો હોય તો તેને નમતા ચક્રવર્તી મનમાં લજ્જા પામતા નથી. કેમકે પોતે પણ હવે સંયમ ધારણ કર્યો છે. તેથી ચક્રવર્તી અહંકાર ન રાખતા સર્વ પ્રત્યે સમભાવથી વર્તન કરે છે. ।।૩।।

**સામાયિક આદિ સંયમે મરણ સુધી ભવ્ય શુદ્ધતા ધરે,**
**સમાધિ સહ કાળ જો કરે, તો મુનિ પંડિત જાણવા, ખરે! ૪**

**અર્થ :—** મુનિ સામાયિક એટલે સમભાવ આદિ સંયમને મરણની છેલ્લી ઘડી સુધી શુદ્ધ રીતે પાળે અને સમાધિસહિત મરણ જો કરે તો તે મુનિ ખરેખરા પંડિત જાણવા. ।।૪।।

**મોક્ષ-લક્ષી મુનિ નિર્મદ ભૂત, ભાવિ વિભાવો વિચારીને,**
**કટુ વચન, માર મૃત્યુના પરિષહો સહે શાંતિ ધારીને. ૫**

**અર્થ :—** જેને મોક્ષરૂપી લક્ષ્મી મેળવવાનો લક્ષ છે એવા મુનિ નિર્મદ એટલે અહંકારરહિત વર્તન કરે છે. તે ભૂત અને ભવિષ્યકાળના વિભાવોના કટુ ફળો વિચારી કોઈ તેમને કડવા વચન કહે કે દંડ વગેરેથી માર મારે કે જીવથી પણ મારી નાખે તો પણ તે પરિષહોને શાંતિ ધારણ કરીને સહન કરે છે. ।।૫।।

**પ્રશ્નોત્તરમાં સમર્થ તે ક્રોધાદિ જીતી ધર્મ બોધતા,**
**પૂજે તો માન ના ધરે, દુખ દે તો સમભાવ સેવતા. ૬**

**અર્થ :—** પ્રશ્નોના ઉત્તર આપવામાં સમર્થ એવા મુનિ સદા ક્રોધાદિ કષાયોને જીતી, સમતારૂપ ધર્મનો ઉપદેશ આપે. તેમને કોઈ પૂજે તો ગર્વ ન કરે અને કોઈ દુઃખ આપે તો પણ સમભાવમાં જ સ્થિત રહે. ।।૬।।

**જનરંજન ધર્મ ના ચહી, અપ્રતિબદ્ધ રહી જ સર્વથા,**
**નિર્મળ નદી જેમ દાખવે સર્વજ્ઞ-કથિત ધર્મ તે સદા. ૭**

**અર્થ :—** લોકો જેથી રાજી રહે એવા ધર્મને જે ઇચ્છે નહીં. કેમકે 'જનમનરંજન ધર્મનું, મૂલ્ય ન એક બદામ' મુનિ કોઈનો પ્રતિબંધ રાખે નહીં. તે અપ્રતિબદ્ધ રહીને સદા વિચરે. નિર્મળ ગંગા નદીની જેમ હમેશાં સર્વજ્ઞ પ્રણિત શુદ્ધ ધર્મનો જ પ્રકાશ કરે.' ।।૭।।

**જગે જીવો ભિન્ન ભિન્ન છે, સુખપ્રિય દુઃખદ્વેષી દેખવા,**
**ઊઠ્યા જે સંયમી થવા, પાપવિરત પંડિત લેખવા. ૮**

**અર્થ :—** આ જગતમાં ભિન્ન ભિન્ન પ્રકારના જીવો છે. કેમકે સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત, અપર્યાપ્ત, નારકી, તિર્યંચ, મનુષ્યાદિ અનંત પ્રાણીઓ નિવાસ કરે છે. તે બધાને સુખ પ્રિય છે અને દુઃખ પ્રત્યે દ્વેષ છે. માટે સર્વને સમભાવથી દેખી, જે સંયમી થવા તૈયાર થયા તે સાધુપુરુષો સર્વ પ્રાણીઓની રક્ષા કરવા માટે પોતાની ઇન્દ્રિયોને જીતે અને પાપથી વિરક્ત થાય; તેને જ ખરા પંડિત પુરુષો જાણવા. ।।૮।।

**આરંભ તજી થયા મુનિ સ્વજન-શોક-મમતા પરિહરે,**
**આરંભી શોક અંતમાં કરે મોહે, ન કામ તો સરે. ૯**

**અર્થ :–** પાપ આરંભ તજીને જે મુનિ થયા છે અને જેને સ્વજન પ્રત્યેનો શોક કે મમતા ભાવ ત્યાગી દીધો છે, છતાં અંતકાળે ફરી મોહમાં પડી શોક કે મમતાભાવ કરે તેથી પરિગ્રહને કે કુટુંબને મેળવી શકતા નથી; અર્થાત્ પાપ ગ્રહણ સિવાય બીજું કંઈ હાથ લાગતું નથી. ।।૯।।

**પરિગ્રહથી બેય લોકમાં દુઃખ ગણી ગૃહે વાસ ના કરે,**
**ઉપાર્જિત વિનાશશીલ તે, બાંધવ બંધન જાણી વિચરે. ૧૦**

**અર્થ :–** ધન, સ્વજન, સોનુ, રૂપું આદિ સર્વ પરિગ્રહ છે. પરિગ્રહ પ્રત્યેની મમતાના કારણે જીવ આ લોક અને પરલોક બન્ને લોકમાં દુઃખી થાય છે એમ જાણી ગૃહવાસમાં સ્થિતિ કરે નહીં. અને ઉપાર્જિત કરેલ ધન વિનાશના સ્વભાવવાળું છે અને સ્વજનો બધા કર્મબંધન કરાવનાર છે એમ જાણી મુનિ વિહાર કરે. ।।૧૦।।

**રાજ-માન, પૂજના મહા કાદવ કરિનો કાળ જાણજો;**
**ફાંસ ઊંડી કેમ નીકળે? તેવો પરિચય કો ન આણજો. ૧૧**

**અર્થ :–** મુનિ મહાત્મા જાણીને રાજા મહારાજાઓ વંદન કરી માન આપે કે પૂજા કરે તેને મહાકાદવ એટલે કીચડ સમાન જાણજો. નહિં તો તે કરિ એટલે હાથીની જેમ કીચડમાં ફસાવી મરણ નીપજાવશે અર્થાત્ જન્મ મરણ વધારી દેશે. માન કષાય એ ઊંડી ફાંસ સમાન છે. તે નીકળવી અતિ દુર્લભ છે. માટે તેવા ગૃહસ્થોનો પરિચય રાખશો નહીં કે વંદન પૂજનથી ગર્વ પામશો નહીં. ।।૧૧।।

**વૈરાગ્યે એકલા ફરો સ્થાન-શયનાદિ કે સમાધિમાં,**
**વીર્યવંત ઉપધાનમાં ભિક્ષુ વચન-અધ્યાત્મ ગુપ્તિમાં. ૧૨**

**અર્થ :–** વૈરાગ્ય સહિત એકલા વિહાર કરો. એકાંત સ્થાનમાં આસન કે શયન કરો. અથવા સમાધિ એટલે આત્મસ્વરૂપમાં નિમગ્ન રહો. પોતાના વીર્ય એટલે શક્તિને ઉપધાન આદિ તપમાં વાપરો. 'ઉપધાન-એ જ્ઞાન સ્વાધ્યાય ધ્યાન થવા વિશેષ પ્રકારનું તપ છે' વળી વચન અધ્યાત્મ એટલે આત્મા સંબંધી જ બોલો; નહીં તો મન વચન કાયાને આત્મશુદ્ધિ અર્થે ગુપ્તિ એટલે વશમાં રાખો. આ ભિક્ષુ એટલે મુનિનો ધર્મ છે. ।।૧૨।।

*

**મુનિ ન ઉઘાડે, ન વાસતો શૂન્ય ઘરોનાં દ્વાર, વાપરે;**
**સાવદ્ય વદે ન પૂછતાં; તૃણ ના પૂંજે કે ન પાથરે. ૧૩**

**અર્થ :–** શૂન્ય ઘરમાં રહેલ સાધુ તે ઘરના દ્વાર ઉઘાડે નહીં કે વાસે પણ નહીં. કોઈ કંઈ ધર્મ વિષે પૂછતા સાધુ સાવદ્ય એટલે પાપવાળું વચન બોલે નહીં. તે ઘરનો તૃણ એટલે ઘાસ વગેરેનો કચરો પૂંજે એટલે સાફ કરે નહીં કે શયન માટે સૂખા તૃણ વગેરેને પણ પાથરે નહીં. ।।૧૩।।

**રવિ આથમ્યે અનાકુલ સમ-વિષમતા સાધુ સંસહે,**
**શિયાળ, ડાંસાદિ જંતુઓ સાપ છતાં નિઃશંકતા લહે. ૧૪**

**અર્થ :–** વિહાર કરતાં જ્યાં સૂર્ય આથમી જાય ત્યાં જ મુનિ અનાકુલ એટલે ક્ષોભરહિત બની નિવાસ કરે. તે સ્થાન સમ કે વિષમ અર્થાત્ અનુકૂળ કે પ્રતિકૂળ હોય, પણ મુનિ તે સહન કરે. ત્યાં શિયાળ, ડાંસ, મચ્છર કે સાપ આદિ પ્રાણીઓ હોય છતાં નિઃશંક થઈને ત્યાં જ નિવાસ કરે. ।।૧૪।।

**શૂન્યાગારે મહા મુનિ ત્રિવિધ ઉપસર્ગ માનવાદિના,-**
**સહે, રોમ આદિ ન ધ્રૂજે, આ આચારો જિનકલ્પીના. ૧૫**

**અર્થ :–** શૂન્ય ઘરમાં રહેલ મહામુનિ, મનુષ્ય, દેવ કે તિર્યંચો દ્વારા કરેલ ઉપસર્ગોને સહન કરે. પણ ભયથી તેમનું રૂંવાડુ પણ ઊંચુ થાય નહીં કે ભૂત વ્યંતરના ચાળા જોઈ શરીર ધ્રૂજે નહીં. આ આચારો ઉગ્રવિહારી એવા જિનકલ્પીના જાણવા. ।।૧૫।।

**આકાંક્ષા જીવવા નથી, પૂજા-ઇચ્છા હોય ના ઉરે;**
**ટેવાતાં ઉપસર્ગથી મહારૌદ્ર નજીવા ગણે, ખરે! ૧૬**

**અર્થ :–** ભૂતપ્રેતાદિ ઉપસર્ગોથી પીડાતા પણ તે મુનિ જીવવાની ઇચ્છા કરે નહીં. તેમજ તેમના હૃદયમાં પૂજાવાની ઇચ્છા હોય નહીં. પણ મહારૌદ્ર એટલે ભયંકર એવા રાક્ષસોના ઉપસર્ગોથી ટેવાઈ જતાં તેને પણ નજીવા જ ગણે છે. ।।૧૬।।

**સમ્યક્ રત્નો ત્રણે ધરે તારક, ભજે વિવિક્ત આસન,**
**સામાયિક સંયમી ગણો; તેને ભયનું છે ન દર્શન. ૧૭**

**અર્થ :–** જે સમ્યક્ દર્શન, જ્ઞાન, ચારિત્રના ધારક છે. સ્વપરને તારનાર છે.જે સ્ત્રી, પશુ કે નપુસંકથી રહિત એવા સ્થાનોમાં જ્યાં બેસાય તે આસન કે વસતિનો ઉપયોગ કરનાર છે. એવા મુનિને સમભાવરૂપ સામાયિક ચારિત્રવાળા સંયમી પુરુષો ગણવા યોગ્ય છે. તેના હૃદયમાં કોઈ પ્રકારના પરિષહ કે ઉપસર્ગના ભયનું દર્શન થતું નથી. ।।૧૭।।

**ઉષ્ણોદક તપ્ત ભોગવે, ધર્મસ્થિત, લાજે અસંયમે,**
**તેવા યે રાજમાનથી અસમાધિવંત થાય ને ભમે. ૧૮**

**અર્થ :–** જે ઠંડુ કર્યા વિના ગરમ પાણીને પી જનારા, શ્રુત અને ચારિત્ર ધર્મમાં સ્થિત, જેને અસંયમમાં પ્રવર્તતા લજ્જા આવે; એવા મહાત્માઓ પણ રાજા મહારાજા દ્વારા સન્માનિત થતાં અસમાધિવંત થાય અર્થાત્ સ્વાધ્યાય ધ્યાનથી ચૂકી જાય અને સંસારમાં પાછા ભ્રમણ કરતા થઈ જાય. માટે જગતમાં કહેવાતા એવા મોટાઓનો સંગ મુનિને કરવો યોગ્ય નથી. ।।૧૮।।

**કલહકારી ભિક્ષુ બોલ કો દારુણ અસહ્ય બોલી જાય જો,**
**ચિર ચારિત્રે ત્રુટી લહે; તો ક્રોધ કરે કેમ પંડિતો? ૧૯**

**અર્થ :–** જે ક્લેશ કરનાર મુનિ છે તે જો દારુણ એટલે ભયંકર અસહ્ય વચનો બોલી જાય તો, ઘણા કાળમાં કઠણ તપ કરી ઉપાર્જન કરેલ તેનું પુણ્ય અત્યંત નષ્ટ થઈ જાય છે; તેનું ઘણા કાળનું ચારિત્ર પણ ત્રુટિ જાય છે. માટે પંડિતો એટલે વિવેકી પુરુષો એવા ક્રોધ કષાયનું સેવન કેમ કરે? ન જ કરે. ।।૧૯।।

**અણગમો શીતોદકે ધરે, નિદાન ન કરે, કર્મથી ડરે,**
**જમે ના ગૃહસ્થ-વાસણે, તે મુનિ સામાયિક આચરે. ૨૦**

**અર્થ :—** જે મુનિ સચિત પાણીથી અણગમો રાખે, જે આચાર પાળી કોઈ પણ પ્રકારની વસ્તુનું નિદાન એટલે ઇચ્છા કરે નહીં, જે કર્મ બંધાય એવા અનુષ્ઠાનથી સદા ડરતા રહે, જે ગૃહસ્થના વાસણમાં જમે નહીં; તેવા મુનિ સામાયિક એટલે સમભાવનું આચરણ કરે છે. ।।૨૦।।

**આયુ વધારી શકે ન કો તોય પાપી, નિર્લજ્જ મૂર્ખ જો—**
**ભરે આયુ પાપથી બધું; એ સમજી મુનિ ગર્વ મૂકતો. ૨૧**

**અર્થ :—** કોઈથી પોતાનું આયુષ્ય વધારી શકાતું નથી. તોય પાપી નિર્લજ્જ એવા મૂર્ખો પોતાના સર્વ જીવનને પાપથી જ ભર્યા કરે છે, તે જાણીને મુનિઓ હું આ સર્વમાં આત્મકલ્યાણ અર્થે શ્રેષ્ઠ અનુષ્ઠાન કરનારો છું એમ માની ગર્વ કરે નહીં, પણ અહંકારને મૂકતા જ રહે છે. ।।૨૧।।

**સ્વચ્છંદે લોક સૌ ભમે, માયા-મોહે ધર્મ માનતા,**
**સન્માર્ગે સંયમી રહે શીતોષ્ણે સમયોગ રાખતા. ૨૨**

**અર્થ :—** સંસારી જીવો ધર્મના નામે માયા કરીને કે મોહ કરીને પોતે ધર્મ અનુષ્ઠાન કરે છે એમ માને છે. એમ પોતપોતાના સ્વચ્છંદે એટલે મતિ કલ્પનાએ ધર્મ માની લોકો ચારગતિરૂપ સંસારમાં જ ભમ્યા કરે છે. પણ જે સંયમી પુરુષો છે તે તો નિષ્કપટતાથી સત્‌ધર્મ આરાધી શીત કે ઉષ્ણ એટલે ઠંડી કે ગરમીમાં પણ મન વચનકાયાના યોગોને સમ રાખી મોક્ષ પુરુષાર્થમાં લીન રહે છે. ।।૨૨।।

**જુગારી જુગારમાં જીતે ચોકાર્થી તો ન એક આદિ લે;**
**તેમ જ તું ધર્મ ધાર આ સર્વજ્ઞ-કથિત હિત માની લે. ૨૩**

**અર્થ :—** જેમ ચતુર એવો જુગારી સારા પાસાઓથી રમત રમતો ચોકાના દાવને ગ્રહણ કરે છે. પણ એક બે કે ત્રણ દાવને ગ્રહણ કરતો નથી. પણ ચોકા એટલે ચાર દાવ રમી જીત મેળવે છે. તેમ તું પણ એક ગૃહસ્થ, બીજા કુપ્રાવચનિક (અન્ય દર્શની) અને ત્રીજા પાસત્થા (ગચ્છ બહાર નીકળી સ્વચ્છંદે વર્તનારા સાધુ) વગેરેના ધર્મને છોડી ચોથા સર્વજ્ઞ કથિત ધર્મને જ હિતરૂપ જાણી ગ્રહણ કર. ।।૨૩।।

**લોકોને માન્ય તારકે સર્વોત્તમ જે ધર્મ બોધિયો,**
**તે જ ધાર, છોડી અન્ય સૌ પૂર્વાપર કથને વિરોધિયો. ૨૪**

**અર્થ :—** લોકોને માન્ય એવા તારક તીર્થંકર પુરુષે જે સર્વોત્તમ આત્મધર્મ બોધ્યો, તેને જ તું ધારણ કર અને બીજા પૂર્વાપર એટલે આગળ પાછળ કથનમાં વિરોધ આવે છે એવા અન્ય મતોને છોડી દે. ।।૨૪।।

**દુર્જય ઇન્દ્રિય-વિષયો તીર્થપતિ કને સાંભળેલ છે,**
**જે ઊઠ્યા તે જ જીતવા ખરા અનુયાયી વીરધર્મી તે. ૨૫**

**અર્થ :—** દુઃખે કરીને જેનો જય થાય એવા ઇન્દ્રિયના વિષયો છે એમ તીર્થપતિ ભગવાન મહાવીર પાસે સાંભળેલ છે. છતાં જે તેને જીતવા માટે ઊઠ્યા છે તે જ ખરા મહાવીર પ્રભુ દ્વારા બોધેલ વીતરાગ ધર્મના અનુયાયી છે. ।।૨૫।।

**મહર્ષિનાથે કહ્યો મહા ધર્મ પાળવા સાવધાન જે**
**કુમાર્ગ સર્વે તજી, કરે મદદ પરસ્પર મંદ દેખીને. ૨૬**

**અર્થ :—** મહાન ઋષિઓના પણ જે નાથ છે એવા મહાવીર ભગવાને જે મહાન આત્મધર્મ કહ્યો છે,

તેને પાળવા જે કુમાર્ગોને તજીને સાવધાન છે તેવા મુનિ પરસ્પર ધર્મથી એક બીજાને પડતા દેખીને મદદ કરી ધર્મમાં સ્થાપિત કરે છે. ।।૨૬।।

**ભુક્ત ભોગ ચિંતવે ન તે, નવા ન ઇચ્છે દુર્ગતિપ્રદ,**
**કર્મ આઠ દૂર દે તજી, પરાધીન ન વર્તે, સમાધિત. ૨૭**

**અર્થ :–** પૂર્વે ભોગવેલા શબ્દાદિ વિષય ભોગોનું જે ચિંતવન કરતા નથી તેમજ નવા ન ભોગવેલા વિષયોની જે ઇચ્છા કરતા નથી કેમકે તે દુર્ગતિને આપનાર છે. વળી તે આઠે કર્મોને કરવાનું દૂર મૂકી ઇન્દ્રિયોને આધીન થઈ વર્તતા નથી તે સમાધિત એટલે સમાધિસ્થ મુનિ જાણવા. ।।૨૭।।

**ઉત્તમ ધર્મજ્ઞ તે મુનિ, કૃતક્રિય, મમતા ન ધારતા,**
**વિકથા ના સંયમી કરે, પ્રશ્ન પૂછે ન, કહે ભવિષ્ય ના. ૨૮**

**અર્થ :–** જે ધર્મજ્ઞ એટલે રાગદ્વેષના ત્યાગરૂપ ધર્મને જાણે છે એવા ઉત્તમ મુનિ પોતાના ધર્મ અનુષ્ઠાનરૂપ ક્રિયામાં લીન રહે છે. જે કોઈ પરપદાર્થમાં મમતા રાખતા નથી. જે દેશકથા, રાજકથા, સ્ત્રીકથા કે ભોજનકથારૂપ વિકથા કરતા નથી એવા સંયમી તે મુનિ કોઈને પ્રશ્ન પૂછે નહીં. બીજો કોઈ પૂછે તો પણ જ્યોતિષની પેઠે ભવિષ્ય ભાખે નહીં પણ પોતાના સંયમમાં જ રત રહે. ।।૨૮।।

**ક્રોધ, માન, લોભ આદિનો ત્યાગ મહાપુરુષે કહ્યો કરે,**
**તે સંયમી સાવધાન છે, સજ્જન-સેવિત પંથ આદરે. ૨૯**

**અર્થ :–** જે ક્રોધ, માન, માયા, લોભ આદિ કષાયભાવોનો ત્યાગ મહાપુરુષોએ કહ્યો તે કરે, તે સંયમી મુનિ ચારિત્ર પાળવામાં સાવધાન છે; જે સજ્જન પુરુષો દ્વારા સેવાયેલા મોક્ષમાર્ગને જ આદરે છે. ।।૨૯।।

**કષ્ટે આત્માર્થ સાધીએ : નિર્મમ નિરીહ હિતલક્ષી જે,**
**ધર્માર્થી વીર્ય ફોરવી તપે, વિચરે સમાધિ-અર્થી તે. ૩૦**

**અર્થ :–** કષ્ટથી આત્માર્થ સધાય છે. માટે તે મુનિ નિર્મમ એટલે પર વસ્તુ ઉપર મમતા રહિત છે. નિરિહ એટલે ઇચ્છા રહિત છે. તેમજ જે કાર્યમાં પોતાના આત્માનું હિત છે તે જ કાર્ય લક્ષપૂર્વક કરે છે. એવા ધર્માર્થી મુનિ તપમાં પોતાનું વીર્ય ફોરવે છે. એમ આત્મસમાધિના ઇચ્છુક મુનિ તપ અને મમતારહિત વિચરે છે. ।।૩૦।।

**વિશ્વ દેખતા મહાવીરે સામાયિકાદિ જે બતાવિયાં,**
**પૂર્વે સુણ્યાં નથી, ખરે! વા ન યથાર્થ કદી ઉઠાવિયાં. ૩૧**

**અર્થ :–** આખા વિશ્વને જ્ઞાનબળે જોઈને ભગવાન મહાવીરે જે સામાયિક એટલે સમભાવ રાખવા આદિની ક્રિયાઓના સાધન જ્ઞાન, ધ્યાન, ભક્તિ આદિ બતાવ્યા છે, તેવાં પૂર્વે સાંભળ્યા નથી અથવા ખરેખર તે વચનોને યથાર્થ રીતે એટલે રૂડા પ્રકારે કરી ઉઠાવ્યાં નથી.

**"હે આયુષ્યમનો! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે."** (વ.પૃ.૨૬૦) ।।૩૧।।

**આ અપૂર્વ ધર્મ માર્ગીને બહુ ભવ્ય હિત જાણી જાગિયા,**
**ગુરુએ કહ્યું કરી તર્યા, પાપથી વિરમી, સૌ કહી ગયા. ૩૨**

**અર્થ :–** ઉપરોક્ત પ્રકારે અપૂર્વ ધર્મનું આરાધન કરીને ઘણા ભવ્યો તેમાં પોતાનું હિત જાણીને જાગી ગયા. આત્મજ્ઞાની ગુરુએ કહ્યા પ્રમાણે કરીને મોક્ષ પામી ગયા; પાપથી સર્વકાળને માટે વિરામ પામ્યા. એમ મહાપુરુષોનો સર્વસ્થાને આ જ વાત કહેવાનો લક્ષ છે.

**"સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે :–ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા. એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રોમાં એ જ વાત કહેવાનો લક્ષ છે."** (વ.પૃ.૨૬૦) ।।૩૨।।

## તૃતીય ખંડ

**સંવૃત્તકર્મી સુભિક્ષુકે, અજ્ઞાનપણે કર્મ સંઘર્યાં -**
**તે સંયમથી ખરી જતાં; પંડિત તજી જન્માદિ, જો તર્યા. ૧**

**અર્થ :–** સંવૃત્તકર્મી સુભિક્ષુક એટલે જેણે નવીન કર્મોને આવતા રોકી સંવર કર્યો છે એવા સમાધિવંત સુસાધુ, જેણે પૂર્વે અજ્ઞાન અવસ્થામાં કરેલા કર્મો સંઘરેલા છે તે પણ હવે સંયમ પાલનથી ખરી જતાં, તેવા પંડિત એટલે જ્ઞાનીપુરુષો જન્મ જરા મરણને તજી મોક્ષ પ્રાપ્ત કરે છે. ।।૧।।

**વનિતાને જે ન સેવતા મુક્ત સમા વખણાય જીવતાં,**
**માટે દે મોક્ષદૃષ્ટિ તું રોગવત્ કામ દેખી વર્તતાં. ૨**

**અર્થ :–** જે પુરુષો સ્ત્રીઓને સેવતા નથી તે જીવતા છતાં મુક્ત પુરુષ સમાન વખણાય છે. માટે હે ભવ્યાત્મા! તું પણ હવે મોક્ષ તરફ દૃષ્ટિ દે અને કામ ભોગાદિને રોગ સમાન જાણી વર્ત. ।।૨।।

**મહા મણિ વણિક લાવતા રાજાદિ ધારે સુખે કરી,**
**તેમ સૂરિ દે મહાવ્રતો, રાત્રિભુક્તિ તજી સાધુ લે ધરી. ૩**

**અર્થ :–** વણિક વ્યાપારીઓ દૂર દેશથી કમાઈને મહામણિ એટલે ઉત્તમ રત્નોને લાવેલા હોય તો તેના ગ્રાહક રાજા મહારાજા થાય. તે તેની કિંમત સુખપૂર્વક આપી શકે. તેમ આચાર્ય શિષ્યને યોગ્ય જાણી તેને પાંચ મહાવ્રત આપે છે અને તે શિષ્ય રાત્રિભોજન તજી વ્રતોને સુખપૂર્વક ગ્રહણ કરે છે. ।।૩।।

**કામે મૂર્છિત સાધુઓ શાતાશોધક ધૃષ્ટતા ધરે,**
**કૃપણ સમા જાણતા નહીં સમાધિમાર્ગ કહ્યો જિનેશ્વરે. ૪**

**અર્થ :–** કામભાવથી મૂર્ચ્છા પામેલા સાધુઓ જે ક્ષણિક એવી શાતા સુખના શોધક છે. તેઓ જ આવા કાર્યમાં ધૃષ્ટતા કરે છે. જેમ કૃપણ માણસ દાન દેવાનું જાણતો નથી તેમ જિનેશ્વરે કહેલા ઉત્તમ આત્મ સમાધિમાર્ગને તે જાણતા નથી. ।।૪।।

**ગાડીત દે ત્રાસ બેલને, ગળિયો, નિર્બળ, આર ઘોંચતા**
**અંતે અસમર્થ ચાલવે, મરે કાદવે જેમ ખૂંચતા; ૫**

**અર્થ :–** ગાડીત એટલે બળદગાડીને ચલાવનાર માણસ બળદને ચાલવા માટે ત્રાસ આપે પણ

ગળિયો થયેલો નિર્બળ બળદ આર ઘોંચવા છતાં પણ ચાલવામાં અસમર્થ બને છે અને અંતે કાદવમાં ખૂંચી મરણ પામે છે. ।।૫।।

**કામેચ્છામાં કળી જતાં આજકાલ છોડીશ ચિંતવે;**
**'પણ ગળિયા જેમ કામીઓ મરે' ગણી ન ઇચ્છે, ન ભોગવે. ૬**

**અર્થ :–** તેમ કામેચ્છાથી ભોગમાં કળી જતાં તેને હું આજકાલમાં છોડી દઈશ એમ તે વિચારે છે. પણ ગળિયા બળદની જેમ તે આસક્તિને ત્યાગવામાં અશક્ત બની મરી જાય છે પણ છોડી શકતો નથી. એમ જાણીને સાધુપુરષો ભોગને ઇચ્છતા નથી અથવા ભોગવતા નથી. ।।૬।।

**રખે પછી અસાધુતા થતી, ગણી, વિષય તજી આત્મ-બોધ લેઃ-**
**''અસાધુતા દુર્ગતિ કરે, ત્યાં શોકથી પોકે રડી મરે.'' ૭**

**અર્થ :–** રખેને પડી જવાય તો સાધુપણું નાશ પામે એમ જાણીને વિષયકામનાને તજી પોતાના આત્માને બોધ આપે કે હે જીવ! આવા કૃત્યથી તારું સાધુપણું નષ્ટ થઈ તું દુર્ગતિમાં જઈને પડીશ. ત્યાં નરકમાં શોક કરી કરીને પોકે રડી મરીશ તો પણ તારું કોઈ સાંભળશે નહીં. ।।૭।।

**જીવન અહીંનું ય જો જરી, તરુણ કે વર્ષ સો થયે મરે,**
**મે'માન સમાન જાણી લે; કામાસક્તિ મૂઢ, કાં કરે? ૮**

**અર્થ :–** હે ભવ્ય! તારું અહીંનું જ જીવન પહેલા જરા જોઈ લે. કોઈ તરુણ એટલે યુવાવસ્થામાં જ મરી જાય છે કે કોઈ સો વર્ષનો વૃદ્ધ થઈને મરે છે. તું પણ અહીં મહેમાન જેવો જ છું એમ જાણી હે મૂઢ, કામમાં આસક્તિ કાં કરે છે? ।।૮।।

**આરંભે અહીં જે મચ્યા આત્મઘાતી પરઘાતી તે અરે!**
**પાપલોક તે લહે પછી કે કુદેવ કદી થાય આખરે. ૯**

**અર્થ :–** જે પ્રાણીઓ મહા મોહના પ્રભાવે અહીં આરંભહિંસામાં મચ્યા રહે છે તે આત્મઘાતી કે પરજીવોના ઘાતી છે. અરેરે! તે જીવો પરભવમાં પાપલોક એટલે નરકાદિ ગતિને પામે છે અથવા કોઈ બાળ તપસ્યાના કારણે દેવગતિ પામે તો પણ અસુર કે કિલ્વિષ જેવા અધમ દેવ થાય છે. ।।૯।।

**તૂટ્યું સંધાય આયુ ના, અવિવેકી ધૃષ્ટ તોય જો, બકે :**
**'અહીં જ સુખી થવું ઘટે, દીઠો ન પરભવ, દેખી કો શકે?' ૧૦**

**અર્થ :–** આયુષ્ય દોરી તૂટી ગઈ કે પછી સંધાશે નહીં માટે આત્મહિત કરી લે. ત્યારે અવિવેકી એવો ધૃષ્ટ પુરુષ એમ બકે કે આ ભવે જ ગમે તે રીતે સુખી થવું ઘટે. પરભવ કોણે દીઠા છે? અને કોણ જોઈ શકે છે? એમ કહી પાપ કરવામાં જ પ્રવૃત્ત રહે. ।।૧૦।।

**સર્વજ્ઞ-કથિત વાત આ, અંધ સમા શ્રદ્ધા કરી જુઓ;**
**વર્તમાન એકલો ગણો તો પિતામહાદિક સૌ ખુઓ. ૧૧**

**અર્થ :–** પુનર્જન્મ છે, પરલોક છે આ સર્વજ્ઞ કથિત વાત છે. માટે હે અજ્ઞાનથી અંધ સમાન બનેલ પ્રાણી તું જિનેશ્વરે કહેલા આગમ બોધની શ્રદ્ધા કર. વર્તમાનકાળને એકલો ગણીશ તો પિતામહ એટલે દાદા વગેરે થયા એને કેવી રીતે માનીશ. કેમકે વર્તમાનકાળમાં તો તે હાજર નથી. તેમજ પ્રત્યક્ષને જ

પ્રમાણભૂત માનવાથી કોણ કોનો પિતા અને કોણ કોનો પુત્ર એ કેવી રીતે સિદ્ધ થશે? ।।૧૧।।

**મોહે મિંચાઈ દૃષ્ટિ તે જ્ઞાને ખોલી, સત્ય માનજો,**
**નહીં તો ભમી ય ભ્રાંતિમાં, ફરી ફરી દુઃખો દેખી થાકજો. ૧૨**

**અર્થ :—** મોહથી મિંચાયેલી આ દૃષ્ટિને સમ્યક્જ્ઞાનથી ખોલી આ વાતને સત્ય માનજો. નહીં તો આત્મભ્રાંતિના કારણે સંસારમાં ભમી ફરી ફરી દુઃખો દેખી પછી થાકજો. પ.પૂ.પ્રભુશ્રીજી કહે છે, પ્રભુ! આ તો થાક્યાનો માર્ગ છે. થાક્યો હોય તો બેસ, નહીં તો જા ચોરાશી લાખ જીવયોનિમાં એક આંટો ફરી મારી આવ. ।।૧૨।।

**સ્વકીય પ્રશંસા પૂજા તજી જ્ઞાનાદિ સહ સંયમી બને,**
**સ્વાત્મતુલ્ય સર્વ જીવને દેખી રહે સમદૃષ્ટિ-સેવને. ૧૩**

**અર્થ :—** સાધુપુરુષો સ્વકીય એટલે પોતાની પ્રશંસા કે પૂજાને છોડી સમ્યક્જ્ઞાનાદિ સાથે સંયમી બને છે તથા પોતાના આત્મા સમાન સર્વ જીવોને જોઈ, સર્વ પ્રત્યે સમાનદૃષ્ટિ રાખી પ્રવર્તે છે અને એ જ મુનિનો ધર્મ છે. ।।૧૩।।

**ગૃહવાસે જે રહે જનો, ધર્મ સુણી સમદૃષ્ટિવંત તે**
**જીવરક્ષા પાળી અલ્પ, જો, સ્વર્ગ વરે સુદૃષ્ટિ સુવ્રતે. ૧૪**

**અર્થ :—** દીક્ષા યોગ્ય ભૂમિકાના અભાવે જે જીવો ગૃહસ્થાવાસમાં રહી ધર્મ સાંભળી શ્રાવક ધર્મ પાળીને સર્વ પ્રાણીમાં સમદૃષ્ટિવાળો થાય અને જીવરક્ષાને અલ્પ પણ પાળી હિંસાથી નિવૃત્તે તો તે સમ્યક્ દૃષ્ટિ જીવ સુવ્રતના બળે સ્વર્ગલોકને પામે છે. ।।૧૪।।

**જિનેશ તણી દેશના સુણી ઉદ્યમ સંયમ કાજ આદરો,**
**સર્વત્ર તજી મદાદિ સૌ ભિક્ષાવિશુદ્ધિ ભિક્ષુ, આચરો. ૧૫**

**અર્થ :—** જિનેશ્વર ભગવાનની દેશના સાંભળીને સંયમને માટે હમેશાં ઉદ્યમવંત રહો અને સર્વત્ર જ્ઞાનમદ, તપમદ આદિને ત્યાગી વિશુદ્ધ આહાર જળ લઈને મુનિ શુદ્ધ ચારિત્રનું પાલન કરો. ।।૧૫।।

**ધર્માર્થી, સર્વ જાણીને તપથી વીર્ય વધારી વર્તતા,**
**ત્રિગુપ્ત, સમ્યક્ત્વયુક્ત તે સ્વપર-મોક્ષાર્થી યત્ન સેવતા. ૧૬**

**અર્થ :—** સાચા ધર્માર્થી સાધુ, હેય ઉપાદેય તત્ત્વને જાણી તપ દ્વારા પોતાનું આત્મબળ વધારી વર્તન કરે છે. તેમ જ મન વચન કાયાથી ગુપ્ત રહીને, સમ્યક્દર્શન સહિત પોતાના અને પરના આત્મકલ્યાણ અર્થે સદા પ્રયત્નશીલ રહે છે. ।।૧૬।।

**સ્વજન, પશુ, ધનાદિ સર્વને શરણ અજ્ઞાની આમ માનતા :-**
**રક્ષક હું તેમનો અને, - મુજ તે; પણ શરણું ન પામતા. ૧૭**

**અર્થ :—** અજ્ઞાની જીવો કુટુંબીઓને, પશુધનને કે ધન આદિ વૈભવને આવી રીતે શરણરૂપ માને છે કે હું તેમનો રક્ષક છું અને આપત્તિકાળે તેઓ મારી રક્ષા કરશે. પણ અંતકાળે કોઈ કોઈને શરણરૂપ થઈ બચાવી શકતું નથી. ।।૧૭।।

**સમજુ શરણું ન માનતા, દુઃખે મરણે જીવ એકલો,**
**આવે ને જાય એકલો, દુઃખમાં પડાવે ન ભાગ કો. ૧૮**

**અર્થ :–** સમજુ પુરુષો ઉપરોક્ત સામગ્રીને શરણરૂપ માનતા નથી. પણ દુઃખમાં કે મરણ સમયે જીવ એકલો જ તે વ્યાધિને ભોગવે છે. એકલો જન્મ લે છે અને મરે પણ એકલો જ છે. તેના આ દુઃખમાં ભાગ પડાવનાર કોઈ નથી. ।।૧૮।।

**જન્મ, જરા, મૃત્યુના ભયે આકુળવ્યાકુળ જો અધર્મથી**
**જીવો ચારે ગતિ વિષે વ્યક્તાવ્યક્ત દુઃખી સ્વકર્મથી. ૧૯**

**અર્થ :–** સર્વ સંસારી જીવો અધર્મથી એટલે પોતાના આત્મસ્વભાવને મૂકી પરવસ્તુમાં મોહ મમતા કરવાથી જન્મ, જરા, મરણના ભયે સર્વ આકુળવ્યાકુળ છે. તે જીવો ચારે ગતિમાં વ્યક્ત કે અવ્યક્તપણે પોતાના કરેલા કર્મથી સદા દુઃખી છે. ।।૧૯।।

**આ જ તક ખરી, વિચારી લે; બોધિ સુલભ નથી, કહેલ છે;**
**સમ્યક્ જ્ઞાનાદિ પામીને બોધિદુર્લભતા વિચારજે. ૨૦**

**અર્થ :–** આત્મકલ્યાણ અર્થે આ મળેલ મનુષ્યભવની તક અમૂલ્ય છે, યોગ્ય છે એમ વિચારી લે. કેમકે સમ્યક્દર્શનરૂપ બોધિ પામવી સુલભ નથી એમ ઋષભદેવાદિ સર્વ જિનેશ્વરોએ કહેલ છે. પ્રથમ સત્પુરુષ દ્વારા કારણરૂપ સમ્યક્જ્ઞાનાદિ પામીને સમ્યક્દર્શનરૂપ બોધિની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે તેનો વિચાર કરજે. ।।૨૦।।

**પૂર્વે તીર્થંકરો થયા, આગામી થશે, સર્વ સુવ્રતી,**
**તે કાશ્યપ-ધર્મ પાળતા આ સમ્યક્ જ્ઞાનાદિ દે કથી :- ૨૧**

**અર્થ :–** પૂર્વકાળે અનંત તીર્થંકરો થઈ ગયા અને ભવિષ્યકાળમાં પણ થશે. તે બધા ઉત્તમ સુવ્રતને ધારણ કરનાર હતા. તે સર્વ કાશ્યપ-ગોત્રી શ્રી મહાવીર સ્વામીના વીતરાગ ધર્મને જ પાળતા હતા. તેથી સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ ધર્મ ત્રણે કાળમાં આ એક જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. તેમનું બોધેલું સમ્યક્જ્ઞાન નીચે પ્રમાણે બોધ આપે છે. ।।૨૧।।

**કે ત્રિવિધે જીવ ના હણો, આત્મહિતે ત્રિગુપ્તિવંત હો,**
**સ્વર્ગાદિ સુખો ન ઇચ્છતા; ત્રિકાળ સિદ્ધ અનંત એમ જો. ૨૨**

**અર્થ :–** કે તમે મનવચનકાયાથી ત્રિવિધે કોઈપણ પ્રાણીને હણો નહીં; પણ આત્મહિત અર્થે સદા ત્રિગુપ્તિવંત જ રહો. અને ધર્મ આરાધીને સ્વર્ગાદિ સુખોની કદી ઇચ્છા કરો નહીં તો સિદ્ધિ સુખને પામશો. આ પ્રમાણે વર્તવાથી ત્રણે કાળમાં અનંત જીવો સિદ્ધ ગતિને પામ્યા છે. ।।૨૨।।

**જ્ઞાતપુત્ર અર્હતે કહી સંપૂર્ણ જ્ઞાન-દર્શને લહી,**
**આ ઉત્તમ સર્વ દેશના સુણી વિશાલામાં અમે રહી. ૨૩**

**અર્થ :–** જ્ઞાતકુળમાં હોવાથી જ્ઞાતપુત્ર એવા અર્હત્ એટલે પૂજવાયોગ્ય ભગવાન મહાવીરે સંપૂર્ણ જ્ઞાન-દર્શનવડે જાણીને ઉપરોક્ત દેશના અમને કહી હતી. તે ઉત્તમ સર્વ દેશના અમે વિશાલા નગરીમાં

રહીને ભગવાન પાસે સાંભળી હતી એમ શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય શ્રી જંબુસ્વામી વગેરેને જણાવે છે. ।।૨૩।।

**ઉપસંહાર** (સારાંશ)

**શ્રી સુધર્મા સ્વામી શિષ્યને મહાવીર કને સાંભળી કહે,**
**સૂત્રકૃતાંગે શ્રી જંબુને બહુમાનપણે તે ઉરે લહે. ૨૪**

**અર્થ :–** શ્રી સુધર્માસ્વામીએ પોતાના શિષ્ય શ્રી જંબુસ્વામીને ભગવાન મહાવીર પાસે જે સાંભળ્યું તે કહ્યું. તે સૂત્રકૃતાંગ સૂત્રમાં આપેલ છે. તે બોધને બહુમાનપણે સાંભળી શ્રી જંબુસ્વામીએ હૃદયમાં ધારણ કર્યો. ।।૨૪।।

**ટીકા શીલાંક સૂરિની, તેથી સમજી મૂળ ગ્રંથને,**
**યથાશક્તિ સાર આ લખું ગુજરાતીમાં છંદ-બંધને. ૨૫**

**અર્થ :–** તે સૂત્રકૃતાંગ સૂત્ર ઉપર શ્રી શીલાંકસૂરિએ ટીકા કરેલ છે. તે દ્વારા મૂળ ગ્રંથને સમજી યથાશક્તિ તેનો સાર આ ગુજરાતી ભાષામાં છંદ-બદ્ધ કરીને અત્રે લખું છું, એમ પૂ.શ્રી બ્રહ્મચારીજી જણાવે છે. ।।૨૫।।

**શ્રી શીલાંકસૂરિએ લીધાં અવતરણો ટીકા દીપાવવા,**
**તેમાંથી અલ્પ આ ગ્રહું અધ્યયન બીજું આ વિચારવા. ૨૬**

**અર્થ :–** શ્રી શીલાંકસૂરિએ ટીકાને દીપાવવા જે અવતરણો લીધા તેમાંથી નીચે મુજબ થોડા અવતરણો આ બીજું અધ્યયન 'વૈતાલીય'ને વિચારવા માટે ગ્રહણ કરું છું. ।।૨૬।।

**પ્રથમ ખંડ હિત પામવા, તજવા અહિત, અનિત્યતા કળે;**
**બીજે તે માન મૂકવા, શબ્દાદિ અવગણી શમાદિ લે. ૨૭**

**અર્થ :–** તેમાંનો પ્રથમ ખંડ અથવા પ્રથમ ઉદ્દેશક તે આત્માને હિતમાં પ્રેરવા અને અહિતની નિવારવા માટે આયુષ્ય આદિની અનિત્યતાનો બોધ આપનાર છે. બીજો ખંડ અથવા બીજો ઉદ્દેશક તે આઠ પ્રકારના મદ અથવા માન મૂકવા અર્થે તેમજ શબ્દાદિ પાંચ વિષયોની અવગણના કરી શમ, સંવેગ, નિર્વેદ, આસ્થા, અનુકંપા આદિ સમકિતની યોગ્યતા પામવા માટે કહ્યો છે. ।।૨૭।।

**ત્રીજે અજ્ઞાન-સંચિત કર્મો જ્ઞાને બાળી નાખવાં,**
**પ્રમાદ ને સુખ છોડવાં, જ્ઞાની વચનો ઉર રાખવાં. ૨૮**

**અર્થ :–** ત્રીજા ખંડમાં કે ત્રીજા ઉદ્દેશકમાં ભગવાને જે બોધ કહ્યો છે તે અજ્ઞાન અવસ્થાએ સંચિત કરેલા કર્મોને આત્મજ્ઞાન દ્વારા બાળી નાખવા માટે કહ્યો છે. તેમજ પ્રમાદ અને ઇન્દ્રિયસુખોને છોડવા અર્થે, જ્ઞાનીપુરુષોના વચનો હૃદયમાં જાગૃત રહે તેના માટે જણાવેલ છે. ।।૨૮।।

**શિવસુખ-દાતા મનુષ્યનો ભવ ધરી, ધર્મ સત્ય સાંભળ્યો;**
**તો છોડો સુખ તુચ્છ આ, કામ-કાચ તજી, મોક્ષ-રત્ન લ્યો; ૨૯**

**અર્થ :–** શિવસુખદાયક એવા આ મનુષ્યભવને ધારણ કરીને હે ભવ્યો! તમે જો સાચો આત્મધર્મ સાંભળ્યો હોય તો આ સંસારના તુચ્છ ઇન્દ્રિય સુખને છોડો. કામવાસનારૂપ કાચના કટકાને તજી હવે

મોક્ષરૂપ અમૂલ્ય રત્નને ગ્રહણ કરો. ।।૨૯।।

**કોટિ ભવે ના મળેલ તે માનવ ભવ પામ્યે પ્રમાદ શો!**
**ગયું આયુ ના ફરી મળે ઇન્દ્રને ય, મોહે ન ઊંઘશો. ૩૦**

**અર્થ :–** કરોડો ભવમાં પણ ન મળેલ એવો માનવભવ પામ્યા છતાં હવે પ્રમાદ શો કરવો? વીતી ગયેલું આયુષ્ય ઇન્દ્રને પણ પાછું મળતું નથી. માટે હવે તમે મોહનીંદ્રામાં ઊંઘશો નહીં પણ જાગૃત થઈ જાઓ. ।।૩૦।।

**સ્નેહમયી બેડી જો જડી માતપિતા, પુત્રાદિ નામની;**
**વિના શૃંખલા ય કેદમાં પરાધીનતા દેખ કામની. ૩૧**

**અર્થ :–** પ્રેમમયી એવી બેડી માતા, પિતા, પુત્ર, સ્ત્રી આદિના નામની તારા પગમાં જડેલી છે તે તું જો. તે બેડી શૃંખલા એટલે સાંકળ વગરની હોવા છતાં તને કેદમાં નાખી દીધો. એવી આ કામવાસનાની પરાધીનતાને તો જરા દેખ. ।।૩૧।।

**સમતાથી દુઃખ ના ખમે ગૃહસુખ સંતોષે તજે ન આ,**
**વેઠે શીતોષ્ણ વાયરો, સહે ક્લેશ તપ કાજ ના જરા. ૩૨**

**અર્થ :–** આવેલ દુઃખને સમતાથી ખમી શકતો નથી અને ઘરના દુઃખમાં સુખ માની સંતોષ રહે છે; પણ તેને તજવાની ઇચ્છા કરતો નથી. શીત કે ઉષ્ણ વાયરાની જેમ ઘરના બધા ક્લેશને સહન કરે છે પણ આ જીવ કર્મની નિર્જરાર્થે તપને માટે કાયક્લેશ સહન કરવા તૈયાર નથી. ।।૩૨।।

**ધનના ધ્યાને રહે સદા નિર્દ્વન્દ્વ તત્ત્વ ના વિચારતો;**
**કર્યાં કાર્ય સૌ સુખી થવા, વળ્યું ન કૈં; ગૃહે વ્યર્થ જીવતો. ૩૩**

**અર્થ :–** હમેશાં ધન મેળવવાના ધ્યાનમાં રહે છે. પણ માન-અપમાન, સુખ-દુઃખ, રાગ-દ્વેષરૂપ દ્વંદ્વ રહિત થવાનું તત્ત્વ ભગવાન બોધે છે તેને જીવ વિચારતો નથી. આખી જિંદગીમાં સર્વ કાર્ય સુખી થવા માટે કર્યા પણ તેથી કાંઈ સુખ મળ્યું નહીં; છતાં ઘરમાં વ્યર્થ જીવન વ્યતીત કરે છે. ।।૩૩।।

**દોષો યે ગુણ થાય જો, યોગ્ય પદે યોજાય ભાનથીઃ-**
**ભૂખે સૂકું શરીર જો તુચ્છ અન્ન, પટ જીર્ણ કે નથી. ૩૪**

**અર્થ :–** દોષો પણ ગુણરૂપ થઈ શકે છે. જો સમજણપૂર્વક તેની યોજના કરવામાં આવે તો. જેમકે સુસાધુનું તપસ્યાવડે કે તુચ્છ રસવગરના આહારવડે સૂકું શરીર છે અને જેના શરીર પર પટ એટલે કપડાં જિર્ણ છે અથવા કપડાં પણ નથી છતાં તે સુખી છે. ।।૩૪।।

**લૂખા કેશો શિરે ઊડે, ભૂમિ-શયન ના પાથરે કશું,**
**એ આચારો સુસાધુના દીસે ગૃહસ્થ દશા વિષે, પશુ. ૩૫**

**અર્થ :–** જે સુસાધુના લૂખાકેશ શિર ઉપર ઊડે છે. ભૂમિ ઉપર શયન કરે છે અથવા નીચે કંઈ પાથરતા પણ નથી છતાં સુખી છે. એવા આચારો સુસાધુના દેખાય છે. જ્યારે ગૃહસ્થ દશામાં તો કુટુંબના મોહે પરાધીન બનેલો એવો આ જીવ, પશુ જેવી દશાને ભોગવે છે. ।।૩૫।।

**અગ્નિમાં પેસીને મરે, પણ લીધું વ્રત, ધર્મી ન તોડતો;**
**અખંડિત શીલવંતનું ભલું મરણ, જીવન ભૂંડું ભ્રષ્ટ જો. ૩૬**

**અર્થ :—** ધર્માત્મા જીવો અગ્નિમાં પેસીને પણ મરે પણ લીધેલા વ્રતને કદી તોડે નહીં. અખંડિત એવા શીલવંતનું આવું મરણ પણ ભલું છે, પણ વ્રતથી ભ્રષ્ટ થઈને જીવવું તે ઘણું ભૂંડું છે. ।।૩૬।।

**કર્મ કરે જીવ એકલો, ફળ એકલો અનુભવે, સહે,**
**જો જન્મે એકલો મરે, પરલોકે પણ એકલો રહે. ૩૭**

**અર્થ :—** જીવ એકલો પોતાના કર્મોને કરે છે. તેના ફળો પણ તે એકલો અનુભવે છે. તે ફળમાં થતાં સુખદુઃખને એકલો સહન કરે છે. જન્મે પણ એકલો અને મરે પણ એકલો છે. પરલોકમાં પણ એકલો જ જઈને રહે છે; તેની સાથે કોઈ આવતું નથી. ।।૩૭।।

**શ્રીમદ્ રાજચંદ્રને નમું કૃપાપ્રસાદ અખંડ ચાખવા,**
**ઉપકારો હું સ્મર્યા કરું મોક્ષ-માર્ગમાં ભાવ રાખવા. ૩૮**

**અર્થ :—** શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને હું ભક્તિભાવે તેમની કૃપાપ્રસાદીને અખંડ રીતે ચાખવા માટે નમસ્કાર કરું છું. તેમ જ મોક્ષમાર્ગમાં મારા ભાવો સદા જાગૃત રહે તે અર્થે તેમના ઉપકારોને હું સદા સ્મર્યા કરું છું; એમ પૂ.શ્રી બ્રહ્મચારીજી પોતાની અંતર ભાવનાને પ્રગટ કરે છે, જે આપણા માટે માર્ગદર્શકરૂપ છે. ।।૩૮।।

---

પ્રજ્ઞાવબોધના પાઠ ૫૪માં 'વૈતાલીય અધ્યયન'માં કર્મોને નષ્ટ કરવાનો ઉપદેશ કર્યો. હવે આ પાઠમાં જગતમાં ધન કુટુંબાદિ સર્વ સંયોગોનું અનિત્યપણું છે, કોઈ પદાર્થ શાશ્વત નથી, તો તેના નિમિત્તે રાગ દ્વેષ કરી, ફરી નવા કર્મો બાંધી, જીવે શા માટે ચારગતિમાં રઝળવું જોઈએ? તે જગતના પદાર્થોનું કેવી રીતે અનિત્યપણું છે તે સ્પષ્ટ બતાવવા આ પાઠમાં દૃષ્ટાંતોથી સમજાવવામાં આવે છે :—

(૫૫)

## સંયોગનું અનિત્યપણું

(રાગ—હાં રે મારે ધર્મ જિણંદશું લાગી પૂરણ પ્રીત જો, જીવલડો લલચાણો જિનજીની ઓળગે રે લો—એ રાગ)

*



**હાં રે મારા રાજપ્રભુ તુમ પદમાં કરું પ્રણામ જો,**
**વાસ સદા એ અવિચળ પદમાં આપજો રે લોલ;**
**હાં રે કોઈ ઠેકાણું નથી ઠરવાનું જગમાંય જો,**
**ક્ષણ ક્ષણ ક્ષણભંગરતા-દવ આ વ્યાપતો રે લોલ. ૧**



**અર્થ :—** મારા પરમકૃપાળુ રાજચંદ્ર પ્રભુના ચરણકમળમાં હું ભક્તિભાવે પ્રણામ કરું છું. આપ જે અવિચળ એટલે સ્થિર આત્મપદમાં નિવાસ કરો છો, તે જ પદમાં મને પણ સદા નિવાસ આપજો. એવી આપ પ્રભુ પ્રત્યે મારી પ્રાર્થના છે. આ જગતમાં તો આત્મશાંતિ પામવાનું કોઈ ઠેકાણું દેખાતું નથી, કેમકે

સર્વત્ર ક્ષણભંગુરતારૂપી દાવાનળ ક્ષણે ક્ષણે સળગી રહ્યો છે, અર્થાત્ જગતની સર્વ વસ્તુઓ ક્ષણિક એટલે નાશવંત જણાય છે. ક્યાંય પણ શાશ્વત સુખ નજરે દેખાતું નથી. ત્રિવિધ તાપથી ચૌદે રાજલોક પ્રજ્વલિત છે. ।।૧।।

**હાં રે જુઓ, તરણાંટોચે ઝાકળ જળ દેખાય જો,**
**રવિ-કિરણમાં રત્ન-રાશિ સમ શોભતું રે લોલ;**
**હાં રે તે તાપ પડ્યે કે પવન વડે ઊડી જાય જો,**
**તેવા સૌ સંયોગો અસ્થિર બોધતું રે લોલ. ૨**

**અર્થ :–** જેમકે પ્રભાતમાં ઘાસના ટોચ ઉપર ઝાકળના બિંદુ પડેલા દેખાય છે. તે સૂર્યના કિરણમાં રત્નની રાશિ એટલે રત્નના ઢગલા સમાન શોભા આપે છે. પણ તાપ પડે કે પવન આવ્યે તે ઊડી જાય છે, તેમ જગતના સર્વ સંયોગો સુંદર દેખાતા છતાં અસ્થિર છે, એમ તે આપણને બોધ આપે છે. ।।૨।।

**હાં રે આ સાગરજળ ઉપર પરપોટા-ફીણ જો,**
**વરઘોડે ચઢીને આવે ઉપદેશવા રે લોલ;**
**હાં રે તીરે તે અફળાઈ નિષ્ફળ થાય જો,**
**પુણ્ય-મનોહર સુખ આવે તેવાં જવા રે લોલ. ૩**

**અર્થ :–** સમુદ્રના જળ ઉપર પાણી પરપોટા કે ફીણ જેવું બનીને જાણે વર જેમ ઘોડા ઉપર ચઢીને આવતો હોય તેમ દેખાય છે. પણ તે ફીણ સમુદ્રના કિનારે આવતાં અફળાઈને નષ્ટ થઈ જાય છે. તેમ પુણ્યોદયથી ઇન્દ્રિયના મનોહર સુખ પ્રાપ્ત થાય છે પણ અલ્પ સમયમાં તે જતા રહે છે. એમ જગતના સર્વ સંયોગો અનિત્ય છે તેનો તે પરપોટા ઉપદેશ આપે છે. ।।૩।।

**હાં રે કોઈ ભિક્ષુક સૂતો એઠું જૂઠું ખાઈ જો,**
**સ્વપ્ન વિષે રાજાનો વૈભવ ભોગવે રે લોલ;**
**હાં રે ત્યાં મેઘગર્જના સુણતાં જાગી જાય જો,**
**તેમ જ સૌ સંપદનો નક્કી વિયોગ છે રે લોલ. ૪**

**અર્થ :–** કોઈ ભિખારી એઠું જૂઠું ખાઈને સૂતો હતો. તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં જાણે રાજા બની તેનો વૈભવ ભોગવે છે. તેટલામાં વાદળાની ગર્જના થઈ અને તે જાગી ગયો. જુએ છે તો રાજ્ય વૈભવ જેવું ત્યાં કંઈ નથી. તે તો માત્ર સ્વપ્નું હતું. તેમ મળેલી સર્વ સંપત્તિનો પાંચ પચાસ વર્ષમાં વિયોગ નિશ્ચિત છે. પુણ્ય ક્ષીણ થયે કાં તો લક્ષ્મી ચાલી જાય છે કાં પોતે ચાલ્યો જાય છે. ।।૪।।

**હાં રે ચોમાસામાં નભ, નદી, વન, મેદાન જો,**
**શોભે વિવિધ મનોહર વર્ણ વડે, ખરે! રે લોલ;**
**હાં રે તે ઉનાળામાં સૌ ઉજ્જડ-વેરાન જો,**
**તેમ જગતમાં ધન, યૌવન, આયુ સરે રે લોલ. ૫**

**અર્થ :–** ચોમાસામાં નભ એટલે આકાશ વાદળાથી, નદી જળથી ભરેલી, વન ઉપવનમાં ઝાડ પાન ખીલેલા હોવાથી અને મેદાનમાં પણ લીલું ઘાસ ઊગવાથી વિવિધ રૂપરંગવડે તે મનોહર જણાય છે.

પણ ઉનાળામાં ઘણી ગરમી પડવાથી નદીનું પાણી સૂકાઈ જાય છે, ઘાસ વગેરે પણ સૂકાઈ જવાથી ઉજ્જડ વેરાન જેવું સર્વ જણાય છે. તેમ જગતમાં ધનવાન નિર્ધન બની જાય છે, યૌવન નષ્ટ થઈ, વૃદ્ધાવસ્થા આવે છે અને કાળે કરીને આયુષ્ય પણ નાશ પામી મરણ નીપજે છે. એમ જગતના સર્વ સંયોગો અનિત્ય છે તો તેમાં શું મોહ કરવો? ।।૫।।

**હાં રે કોઈ મદિરાછાકે બકતા ભૂલી ભાન જો,**
**તેમ જ મોહે સ્વરૂપ ભૂૅલી જીૅવ બોલતો રે લોલઃ–**
**'હાં રે મારાં રાજ્ય, કુટુંબ, કીર્તિ, કાયા, ધન, ધામ જો,'**
**સંયોગો છૂૅટતાં પણ દૃષ્ટિ ન ખોલતો રે લોલ. ૬**

**અર્થઃ–** જેમ કોઈ દારૂના નશામાં પોતાનું ભાન ભૂલી ગમે તેમ બકે, તેમ આ જીવ મોહવડે પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી એમ કહે છે કે આ મારું રાજ્ય છે, આ કુટુંબ, કાયા, ધન, ઘર વગેરે મારા છે, આ મારી કીર્તિ ગવાય છે, પણ આ બધા કર્માધીન મળેલા સંયોગો કાળ આવ્યે છૂટી જાય છે; છતાં અજ્ઞાનથી મૂઢ બનેલો એવો આ જીવ હજી સમ્યક્દૃષ્ટિને પામતો નથી. ।।૬।।

**હાં રે જેમ ઇન્દ્રધનુષ્યમાં સુંદર રંગ જણાય જો,**
**નાશ થતાં ના વાર ઘડીકે લાગતી રે લોલ;**
**હાં રે આ ઇંદ્રિયસુખ સૌ વિદ્યુત્ સમ વહીૅ જાય જો,**
**અંધારા સમ પાછળ દુર્ગતિ આવતી રે લોલ. ૭**

**અર્થ :–** ચોમાસામાં આકાશમાં બનેલ ઇન્દ્રધનુષ સુંદર રંગબેરંગી જણાય છે. પણ તેને નાશ થતાં ઘડીક વાર પણ લાગતી નથી. તેમ આ ઇન્દ્રિયસુખ તે વિદ્યુત એટલે વીજળીના ઝબકારા જેવું ક્ષણિક સુખ બતાવી શીઘ્ર નાશ પામી જાય છે; અને તેના ફળમાં પાછળ અંધારા સમાન દુર્ગતિના દુઃખો જીવને ભોગવવા પડે છે. ।।૭।।

**હાં રે જે આંખો તલસે જોવા સુંદર રૂપ જો,**
**તે પણ અંધ બની નહિ કંઈ નીૅરખી શકે રે લોલ;**
**હાં રે હિત-અહિતનો વિવેક છે સુખરૂપ જો,**
**કોણ ચૂૅકે હિત કરવાનું આવી તકે રે લોલ. ૮**

**અર્થ :–** આપણી આંખો સુંદર રૂપ જોવા તલસે પણ પાપનો ઉદય થાય તો અંધ પણ બની જાય. પછી કાંઈ જોઈ શકે નહીં. આપણા આત્માનું સાચું હિત શામાં છે કે અહિત શામાં છે, તેનો વિવેક કરવો તે સુખરૂપ છે. તે વિવેક કરવાની તક આ મનુષ્યભવમાં મળી છે તો તેને કોણ વિચારવાન ચૂકે? ।।૮।।

**હાં રે બહુ પંખી કેરો તરુ પર સાંજે વાસ જો,**
**પ્રાતઃકાળે સૌ નિજ નિજ પંથે પડે રે લોલ;**
**હાં રે તેમ મળે સંયોગો, સગાંસંબંધી ખાસ જો,**
**સંયોગ-પળો જ વિયોગતણી ઘડીૅઓ ઘડે રે લોલ. ૯**

**અર્થ :–** ઘણા પક્ષીઓ સાંજે એક ઝાડ ઉપર આવી નિવાસ કરે છે. પ્રાતઃકાળે સર્વે પોતપોતાના માર્ગે ચાલ્યા જાય છે. તેમ સગાં સંબંધીઓના સંયોગો ઋણાનુબંધે આ ભવમાં આવી મળે છે. સંયોગ થયો

માટે વિયોગ નિશ્ચિત છે. સંયોગ થયો ત્યારથી જ વિયોગની ઘડીઓ ગણાવાનું નક્કી થઈ જાય છે. સમયે સમયે તે વિયોગ તરફ જ ધકેલાય છે. ।।૯।।

**હાં રે કોઈ નાવ વિષે મળી બેસે લોક અનેક જો,**
**સામે કાંઠે ઊતરી સૌ છૂટાં પડે રે લોલ;**
**હાં રે તેમ રહે કુટુંબે સગાં મળી એકમેક જો,**
**મરણ પછી સૌ નિજ નિજ ગતિમાં આથડે રે લોલ. ૧૦**

**અર્થ :–** એક નાવમાં ભેગા મળી અનેક લોકો બેસે છે. પણ સામે કાંઠે ઉતરીને સૌ પોતપોતાના કામે ચાલ્યા જાય છે. તેમ કુટુંબમાં બધા સગાંઓ એક સાથે હળીમળીને ભેગા રહે છે પણ મૃત્યુ થયા પછી સર્વ જીવો પોતપોતાના કર્માનુસાર જુદી જુદી ગતિઓમાં જઈ કર્મફળને ભોગવે છે. ।।૧૦।।

**હાં રે જેમ શરદ ઋતુંનાં વાદળ ઝટ વહીં જાય જો,**
**તેમ પ્રેમ પત્ની પુત્રાદિકનો ચળે રે લોલ;**
**હાં રે સ્વાર્થ સધાતાં સુધી આ દૈહિક પ્રેમ જો,**
**સ્વાર્થ-વિરોધ જણાતાં પળમાં તે ટળે રે લોલ. ૧૧**

**અર્થ :–** આસો માસથી કાર્તિક માસ સુધી શરદઋતુ કહેવાય છે. ત્યારે આકાશમાં વાદળ દેખાવ દઈ ઝટ ચાલ્યા જાય છે. તેમ પત્ની કે પુત્રાદિકનો પ્રેમ ચલાયમાન થાય છે. સ્થિર રહેતો નથી. જ્યાં સુધી એકબીજા પ્રત્યે સ્વાર્થ સધાય છે ત્યાં સુધી આ દેહ સંબંધી પ્રેમ ટકી રહે છે. પણ સ્વાર્થમાં ભંગ પડતાં તે પ્રેમ પળમાં પલટાઈ જાય છે. રાણી સૂરિકાંતાએ પોતાનો સ્વાર્થ ભંગ થતાં પોતાના પતિ પરદેશીરાજાને પણ વિષ દઈ મારી નાખ્યો હતો. ।।૧૧।।

**હાં રે સૌ પ્રિય પ્રિયા-પુત્રાદિકના સંયોગ જો,**
**સરિતા-જળ પેઠે નિરંતર વહી રહ્યા રે લોલ;**
**હાં રે છે સૌને માથે મરણ, ઉગામી-ડાંગ જો,**
**એમ વિચારી વીર નરો સંયમે વહ્યા રે લોલ. ૧૨**

**અર્થ –** પ્રિય એવા સર્વ સ્ત્રીપુત્રાદિકના સંયોગ નદીના જળની પેઠે હમેશાં વિયોગ તરફ વહી રહ્યા છે. સૌ સંસારી જીવોને માથે મરણરૂપી ડાંગ ઉગામેલી છે એમ વિચારી શૂરવીર પુરુષો તો સંયમને માર્ગે ચાલતા થયા. ।।૧૨।।

**હાં રે જેમ કાચો ઘટ ઝટ જળથી ફૂટી જાય જો,**
**તેમ જ કાયા જીવન પૂર્ણ થતાં છૂટે રે લોલ;**
**હાં રે આ આયુષ્યદોરી તૂટી ના સંધાય જો,**
**ભલે મરેલાં માટે જન માથું કૂટે રે લોલ. ૧૩**

**અર્થ :–** જેમ કાચો ઘડો પાણી ભરવાથી ઝટ ફૂટી જાય છે તેમ આયુષ્ય પૂર્ણ થતા કાયા પણ છૂટી જાય છે. એકવાર આયુષ્યરૂપી દોરી તૂટી ગઈ તો ફરી સંધાય નહીં. ભલે મરેલા સ્વજન સંબંધીઓ માટે કોઈ માથું કૂટે તો પણ તે પાછા આવનાર નથી. ।।૧૩।।

**હાં રે જે અભિમાનનું કારણ આજ જણાય જો;**
**દેહ, દેશ, ધન, કુળ, જમીન, તે છેતરે રે લોલ;**
**હાં રે જેમ દીપક મોહે પતંગ બળી મરી જાય જો,**
**તેમ મમત્વ ધરી મૂઆ બહુ, હજી મરે રે લોલ. ૧૪**

**અર્થ :–** જે અભિમાનનું કારણ આજે જણાય છે એવા આ દેહ, દેશ, ધન, કુળ, જમીન આદિ પદાર્થો છે. તે દેહાભિમાન કે ધનનું અભિમાન કે કુળ અભિમાન વગેરે જીવને છેતરી જઈ દુર્ગતિમાં નાખે છે. તે કેવી રીતે છેતરે છે? તો કે જેમ દીપકના પ્રકાશમાં મોહ પામી પતંગ તેમાં જ બળી જઈ મરણ પામે છે, તેમ દેહ, ધન આદિમાં મમત્વભાવ ધરીને અનેક જીવો મરી ગયા અને હજી પણ મમત્વભાવ ધરીને ઘણા મરી રહ્યા છે તે વિચારવા યોગ્ય છે. ।।૧૪।।

**હાં રે આ દેહ વડે કદી ભોગ બધા ભોગવાય જો,**
**તેને ક્ષીણ કરનારી આવે જો જરા રે લોલ;**
**હાં રે એ મરણનિશાની સંધ્યા સમ સમજાય જો,**
**હજી ય ન શોધે શાંતિ-ધર્મરૂપી ધરા રે લોલ. ૧૫**

**અર્થ :–** આ શરીર વડે કદી બધા પ્રકારના ભોગ ભોગવાય, તો પણ આ દેહને નિર્બળ કરનારી વૃદ્ધાવસ્થા પાછળ આવી રહી છે. તે વૃદ્ધાવસ્થા મરણની નિશાની સમાન છે. જેમ સંધ્યાકાળ થયે હવે રાત્રિ પડશે એમ જણાય છે, તેમ વૃદ્ધાવસ્થા આવવાથી હવે મરણ નજીક છે એમ સમજાય છે. છતાં આ જીવ આત્મશાંતિ મેળવવા ધર્મરૂપી ધરા એટલે પૃથ્વી કે જ્યાં સત્સંગ થાય છે એવા સ્થાનને શોધતો નથી. પણ ઇન્દ્રિયોના ક્ષણિક ભોગોમાં જ તલ્લીન રહે છે. ।।૧૫।।

**હાં રે નભ સૂર્ય શશી, ગ્રહ અસ્ત થઈ ઊગનાર જો,**
**વસંત ઋતુ આદિક પણ પાછી આવશે રે લોલ;**
**હાં રે આ આયુષ્ય યૌવન, સૌ સંયોગ જનાર જો,**
**ધન આપ્યે પણ પાછાં કોઈ ન લાવશે રે લોલ. ૧૬**

**અર્થ :–** નભ એટલે આકાશમાં સૂર્ય, ચંદ્ર કે ગ્રહ, નક્ષત્ર, તારા વગરે અસ્ત થઈ પાછા ઉદય પામે છે. વસંતઋતુ, શરદઋતુ વગેરે પણ પાછા આવે છે. પણ ગયેલું આયુષ્ય કે યૌવનનો સંયોગ તો એવી રીતે જનાર છે કે તેને ધન આપવા છતાં પણ કોઈ પાછા લાવી શકે એમ નથી. ।।૧૬।।

**હાં રે તજી આત્મહિતને આર્ત્તધ્યાન કરનાર જો,**
**ઇન્દ્રજાલવત્ જગત, ન નિત્ય રહી શકે રે લોલ;**
**હાં રે તો શાને ક્લેશિત થાયે? સર્વ જનાર જો,**
**પૂરણ પુણ્ય થયે સંયોગો નહીં ટકે રે લોલ. ૧૭**

**અર્થ :–** જીવો પોતાના આત્મહિતને છોડી આર્તધ્યાનમાં કાળ ગુમાવે છે. પણ આ જગત તો ઇન્દ્રજાલવત્ એટલે મોહમાયામય છે. તે નિત્ય રહી શકે એમ નથી. તો શા માટે તું તારા આત્માને પર વસ્તુ મેળવવા ક્લેશિત કરે છે. કેમકે અંતે તો સર્વ જનાર છે. પુણ્ય પૂરું થયે આ ધન કુટુંબાદિકના સર્વ સંયોગો ટકી રહેશે નહીં. ।।૧૭।।

**હાં રે વળી ચક્રવર્તી સમ પુણ્યવંતનાં સુખ જો,**
**સ્થિર રહ્યાં ના, તો શી વાત બીજા તણી રે લોલ?**
**હાં રે સત્ ધર્મ ભૂલ્યાં તો ખમવું પડશે દુઃખ જો,**
**લખચોરાશી યોનિ દુઃખદાયી ઘણી રે લોલ. ૧૮**

**અર્થ :–** નરોમાં ઇન્દ્ર સમાન ચક્રવર્તી જેવા પુણ્યશાળીના સુખો પણ સ્થિર રહ્યા નથી, તો બીજા સામાન્ય જીવોની શી વાત કરવી? ઇન્દ્રિયોના સુખોમાં આસક્ત થઈ આત્મધર્મને જો ભુલી ગયા તો ચારે ગતિમાં દુઃખ ખમવું પડશે. ચોરાશી લાખ જીવયોનિ ઘણી દુઃખદાયી છે, તે વાત સ્થિર ચિત્તે વિચારવા યોગ્ય છે. ।।૧૮।।

**હાં રે જુઓ લક્ષ્મી કાજે જીવ કરે બહુ પાપ જો,**
**તોપણ પુણ્ય વિના મળતી, ટકતી નથી રે લોલ;**
**હાં રે તે દે દુર્બુદ્ધિ, વધે પાપ સંતાપ જો,**
**દાન ભોગ વિના તજી, જીવ લે દુર્ગતિ રે લોલ. ૧૯**

**અર્થ :–** ધન મેળવવા માટે જીવો અનેક પ્રકારના આરંભ કરે છે, અઢાર પાપસ્થાનક સેવે છે. પણ પુણ્ય જો ન હોય તો લક્ષ્મી મળતી નથી અથવા મળેલ હોય તો પણ ટકતી નથી. પાપથી મેળવેલી લક્ષ્મી દુર્બુદ્ધિ આપે છે. જેથી પાપ વધે છે અને તે પાપ જીવને સંતાપનું કારણ થાય છે. વિશેષ મેળવવાની તૃષ્ણાના કારણે જીવ તે લક્ષ્મીને દાનમાં કે ભોગમાં વાપર્યા વિના જ તજી દઈને મરણ પામી દુર્ગતિએ જાય છે. **"જન્મ મરણ કોના છે જે તૃષ્ણા રાખે છે તેના."** –શ્રીમદ્ રાજચંદ્ર ।।૧૯।।

**હાં રે તે જનશિક્ષણ કે સત્શાસ્ત્રોને કાજ જો,**
**સન્માર્ગે વાળી જીવોને રક્ષવા રે લોલ;**
**હાં રે જે દુખી-દરિદ્રીને દેવા સુખ-સાજ જો,**
**યોજે લક્ષ્મી તે લક્ષ્મીપતિ લેખવા રે લોલ. ૨૦**

**અર્થ :–** તે લક્ષ્મીનો ઉપયોગ લોકોને આત્મા સંબંધી સાચું શિક્ષણ આપવામાં કે જ્ઞાનીપુરુષો દ્વારા રચિત સત્શાસ્ત્રો છપાવવામાં કરવો જોઈએ. જેથી તે જીવો સમ્યક્જ્ઞાન દ્વારા ઉત્તમ મોક્ષમાર્ગને પામી સંસારના જન્મજરામરણાદિ દુઃખોથી સર્વકાળને માટે બચે. તેમજ દુઃખી અને દરિદ્રી એટલે ગરીબને સુખશાંતિ આપવા જેઓ પોતાની લક્ષ્મીને યોજે તે ખરેખરા લક્ષ્મીપતિ ધનવાન શેઠ જાણવા. ।।૨૦।।

**હાં રે તુજ હાથ વિષે ધન છે ત્યાં લગી લે લ્હાવ જો,**
**તજી અચાનક મરવું પડશે એકલા રે લોલ;**
**હાં રે સત્ દાન નિમિત્તે સુધરશે નિજ ભાવ જો,**
**લોભ છૂટ્યા વિણ મળે ન નિજસુખની કલા રે લોલ. ૨૧**

**અર્થ :–** પુણ્ય ઉદયે જ્યાં સુધી તારા હાથમાં ધન છે ત્યાં સુધી તું આ દાનધર્મનો લ્હાવો લઈ લે. નહીં તો અચાનક મરણ આવ્યે એકલા જ મરવું પડશે. અને લક્ષ્મી બધી અહીં જ પડી રહેશે. લક્ષ્મીને સમ્યક્પ્રકારે દાનમાં વાપરવાથી તારા ભાવ પણ સુધરશે. નહીં તો અંતરંગ શત્રુ એવો આ લોભ કષાય છૂટ્યા વિના આત્મસુખ પ્રાપ્તિની કલા પણ હાથ લાગે તેમ નથી. ।।૨૧।।

**હાં રે જીંવ લોભીં ન કરવા યોગ્ય કરે નીંચ કામ જો,**
**લડાઈમાં પણ લોભે જઈ જાતે મરે રે લોલ;**
**હાં રે સૌ સુખી થવા લ્યો સત્ય શરણ 'સંતોષ' જો,**
**ન્યાયમાર્ગનું ધન પણ પડીં રહે આખરે રે લોલ. ૨૨**

**અર્થ :–** લોભી જીવ ન કરવા યોગ્ય એવા નીચ કામ પણ કરે છે. લડાઈમાં રાજ્યના લોભે કે કીર્તિના લોભે કે ધનના લોભે સ્વયં જઈને મરે છે. માટે સર્વ જીવો સુખી થવા અર્થે 'સંતોષ' રૂપી ધનનું સત્ય શરણ અંગીકાર કરો. કેમકે ન્યાયમાર્ગથી ઉપાર્જન કરેલું ધન પણ મરણ થયે આખરે અહીં જ પડ્યું રહેવાનું છે; તે કોઈની સાથે આવવાનું નથી. ।।૨૨।।

**હાં રે સમજી સત્પુરુષો તજતા ધન, બાળ જો,**
**કરી વ્યવસ્થા સ્વજન-પર-ઉપકારની રે લોલ;**
**હાં રે કોઈ ઝેર ગણી તજતાં ના લે સંભાળ જો,**
**કોઈ ઉપાધિ ન વ્હોરે લવ વ્યવહારની રે લોલ. ૨૩**

**અર્થ :–** ઉપરોક્ત પ્રકારે ધન કે બાળ કુટુંબાદિ સંયોગનું અનિત્યપણું જાણીને સત્પુરુષો તેને તજે છે. તે ધનને સ્વજન કુટુંબાદિ અને પરના ઉપકારને અર્થે વ્યવસ્થા કરીને તજે છે. જ્યારે કોઈ તો ધન વૈભવને ઝેર જેવા ગણી, આ ઝેર હું બીજા કોને આપું એમ માનીને તેની સંભાળ એટલે વ્યવસ્થા કર્યા વિના જ તજી દે છે. વળી કોઈ ઉત્તમ પુરુષ, પ્રથમથી ઘર માંડીને આ ધનની કે વ્યવહારની લેશમાત્ર ઉપાધિ વહોરતા નથી, અર્થાત્ તેઓ સંસારમાં જ પડતા નથી. ।।૨૩।।

**હાં રે એ ત્યાગ તણી તરતમતા સમજે કોણ જો?**
**મન વૈરાગ્યે નીતરતું જેનું રહે રે લોલ;**
**હાં રે સૌ સંયોગોનું અનિત્યપણું પ્રમાણ, જો,**
**થાય પ્રબળ, જો આત્મ-તત્ત્વ ઉરે લહે રે લોલ. ૨૪**

**અર્થ :–** ઉપર પ્રમાણે પરિગ્રહના ત્યાગની અંતરંગ તરતમતા એટલે ઓછા વત્તાનો ભાવ, તેને કોણ સમજી શકે? જેનું મન વૈરાગ્યભાવથી સદૈવ નીતરતું રહે તે ભવ્યાત્મા સત્પુરુષોની આવી અંતરંગ વૃત્તિને સમજી શકે છે. આ પાઠમાં જણાવ્યા પ્રમાણે ધનકુટુંબાદિ સર્વ પદાર્થોના સંયોગનું અનિત્યપણું પ્રમાણભૂત છે. પણ તે અનિત્યપણાનો ભાવ ક્યારે પ્રબળ થાય? તો કે જ્યારે સત્પુરુષના બોધે હૃદયમાં એવો ભાવ દૃઢ થાય કે હું તો આત્મા છું. એ સિવાય જગતની કોઈ પણ વસ્તુ મારી નથી. જગતના સર્વ સંયોગિક પદાર્થો અનિત્ય છે, જ્યારે હું તો અસંયોગિક એવો શાશ્વત પદાર્થ આત્મા છું. એમ વસ્તુ સ્વરૂપનું યથાર્થજ્ઞાન થાય તો તે જીવ સમ્યક્દર્શનને પામે છે. ।।૨૪।।

---

આ સંસારના સર્વ સંયોગ અનિત્ય છે, અશરણ છે. જ્યારે આત્માનો સ્વાભાવિક ગુણધર્મ સમતા, તે નિત્ય છે અને શરણરૂપ છે. એમ જાણી મહાત્મા પુરુષોએ અનંત સમતાને આદરી પોતાના આત્માનું કલ્યાણ સાધ્યું. એવી આત્માના ઘરરૂપ સમતાનો અત્રે વિસ્તાર કરવામાં આવે છે :–

(૫૬)

## મહાત્માઓની અનંત સમતા

(રાગ—ધન્ય તે મુનિવરા રે જે ચાલે સમભાવે)

*



**સ્વરૂપ-સ્થિત, સમતાપતિ રે સર્વ અવસ્થામાં ય**
**રાજચંદ્ર, પદ તે નમું રે, સ્થિર મન થાઓ ત્યાં ય.**
**સમતા-સ્વામી તે રે જે રમતા સમભાવે.**



**અર્થ :—** જે પોતાના શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત રહી ઉદયાધીન વર્તન કરે છે. જે સુખ દુઃખ, માન અપમાન, હર્ષ શોક આદિ સર્વ અવસ્થાઓમાં સમભાવને ધારણ કરવાથી સમતાના પતિ છે એવા શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના ચરણકમળમાં હું નમસ્કાર કરું છું. મારું મન પણ ભક્તિવડે તેમના ગુણોમાં જ રમ્યા કરો જેથી હું પણ સમતા સુખનો આસ્વાદ પામું.

પરમકૃપાળુદેવને સમતા એટલે પરપદાર્થમાં ઇષ્ટ અનિષ્ટ બુદ્ધિનો અભાવ હોવાથી તે સમતાના સ્વામી છે. સમભાવ એ આત્માનું ઘર છે, સ્વભાવ છે. તેથી વિભાવ ભાવોની વિષમતાને મૂકી જે સદૈવ સમભાવના સુખમાં રમણતા કરે છે એવા પરમકૃપાળુદેવ અમારા સ્વામી છે. ।।૧।।

**ત્રણે લોકને બાળતો રે મોહ-અગ્નિ વિકરાળ;**
**અંતર્મુખ દૃષ્ટિ કરી રે બુઝાવે તત્કાળ. સમતા૦**

**અર્થ :—** રાગદ્વેષ અજ્ઞાનરૂપ વિકરાળ મોહાગ્નિ ત્રણે લોકના જીવોને અનાદિકાળથી બાળી રહ્યો છે. તે મોહરૂપ અગ્નિને આ સમતામાં રમનારા મહાત્માઓ પોતાની દૃષ્ટિને અંતર આત્માભિમુખ કરી શીઘ્ર બુઝાવી દે છે અને સમતા સુખમાં સદૈવ મગ્ન રહે છે. ।।૨।।

**ઇન્દ્રિયો વિષયો ચહે રે, ખેંચે અવિરત-પંથ;**
**સંયમરૂપ લગામથી રે, વારે તે નિર્ગ્રંથ. સમતા૦**

**અર્થ :—** પાંચે ઇન્દ્રિયો પોતપોતાના વિષયોને ઇચ્છે છે. આંખ રૂપને, કાન સંગીતને, નાક સુગંધને અને મુખ સ્વાદને તથા શરીર કોમળ સ્પર્શને ઇચ્છે છે. તે ઇન્દ્રિયો જીવને અસંયમના માર્ગમાં ખેંચી જાય છે. જ્યારે સંયમરૂપ લગામથી આ ઇન્દ્રિયોરૂપી ઘોડાઓને જે વશ કરે તે જ સાચા નિર્ગ્રંથ છે. ।।૩।।

**રાગાદિ કાંટાભર્યું રે દુર્ગમ ભવવન દેખ;**
**સમતા-બૂટ બચાવતા રે કોઈ નડે નહિ રેખ. સમતા૦**

**અર્થ :—** દુઃખે કરીને પાર ઊતરી શકાય એવું દુર્ગમ આ સંસારરૂપી વન છે. તે રાગદ્વેષાદિરૂપ કાંટાઓથી ભરપૂર છે. ત્યાં સમતારૂપી બૂટ પહેરી લે તો કોઈ પ્રકારના વિઘ્ન વગર આ સંસારરૂપી જંગલને તે સુખે પાર કરી શકે. ।।૪।।

**જીવ-અજીવ પદાર્થ જે રે, ઇષ્ટ-અનિષ્ટ ભળાય;**
**તેમાં ના મૂંઝાય તે રે, સમતાવંત કળાય. સમતા૦**

**અર્થ :—** સંસારમાં રહેલા ચેતન અચેતન પદાર્થોને જોઈ જીવને ઇષ્ટ-અનિષ્ટ એટલે ગમવા

અણગમવાપણું થાય છે. તેમાં રાગદ્વેષ કરી જે મુંઝાતા નથી તે સમતાના ધારક પુરુષ કહેવાય છે. ।।૫।।

**કામ-ભોગ ઇચ્છે નહીં રે, તન-મમતા ન લગાર;**
**સમતામાં મેરુ સમા રે, જ્ઞાન પૂર્ણ વરનાર. સમતા૦**

**અર્થ :–** જે કામ-ભોગને અંતરથી ઇચ્છતા નથી. શરીરમાં પણ જેને લગાર માત્ર મમતા નથી. જે સમતા રાખવામાં મેરુ પર્વત સમાન અડોલ છે તેવા મહાત્માઓ પૂર્ણ એવા કેવળજ્ઞાનને વરે છે. ।।૬।।

**સ્વયંવરા મુક્તિ ઊભી રે, ભવ-સંકટ ચોફેર,**
**વીર છેદે ભવ-જાળને રે, ધારી સમ-સમશેર. સમતા૦**

**અર્થ :–** તે કેવળજ્ઞાનીઓને સ્વયં વરવા માટે મુક્તિરૂપી સ્ત્રી તૈયાર ઊભી છે. જ્યારે સંસારમાં તો ચારે તરફ મોહરૂપી પાશથી બંધાઈને જીવો સંકટ ભોગવે છે. છતાં વીર પુરુષો સમતારૂપી સમશેર એટલે તલવાર ધારણ કરીને આ સંસારરૂપી જાળને છેદી ભવસંકટથી બહાર નીકળી જાય છે. ।।૭।।

**રાગાદિ અતિ તિમિર સમ રે, નિજરૂપ ત્યાં ન જણાય;**
**સમતા-સૂરજ ઊગતાં રે પરમાત્મા દેખાય. સમતા૦**

**અર્થ :–** સંસારમાં રાગદ્વેષાદિ ભાવો અત્યંત અંધકાર સમાન છે. ત્યાં પોતાના આત્મસ્વરૂપનું ભાન થવું દુર્લભ છે. પણ સમતારૂપી સૂર્યનો ઉદય થાય અર્થાત્ સુખ દુઃખ આવે તેને સમભાવે સહન કરવાનો અભ્યાસ પાડે તો શુદ્ધાત્મારૂપી પરમાત્માના દર્શન થાય. ।।૮।।

**આલંબી સમતા-સીમા રે, સ્વ-નિશ્ચય લહી ઉર,**
**જીવ-કર્મ-સંયોગને રે, જ્ઞાની કરશે દૂર. સમતા૦**

**અર્થ :–** જ્ઞાનીપુરુષો સમતાની પરાકાષ્ટાનું આલંબન લઈ તેમજ હું આત્મા છું એવો દૃઢ નિશ્ચય હૃદયમાં ધારણ કરી અનાદિકાળના જીવ અને કર્મના સંયોગને સર્વથા ભિન્ન કરશે. ।।૯।।

**જ્ઞાનનેત્રી, પવિત્ર છે રે, સમતા-જળથી સંત,**
**અનંત જ્ઞાનાદિ રમા રે, સખી સહજ ભેટંત. સમતા૦**

**અર્થ :–** જ્ઞાન છે નેત્ર જેના એવા જ્ઞાનનેત્રી જ્ઞાનીપુરુષો સમતારૂપી જળમાં સ્નાન કરીને પવિત્ર થયેલા છે. તેવા મહાત્માઓને અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ રમા એટલે મોક્ષ લક્ષ્મીરૂપ સખીઓની સહજમાં ભેટ થશે. ।।૧૦।।

**આત્મભાવના ભાવતાં રે સમતાથી ભરપૂર,**
**સર્વ પદાર્થ નિહાળતાં રે, રાગાદિ રહે દૂર. સમતા૦**

**અર્થ :–** જે હમેશાં આત્મભાવનાને ભાવે છે અને સમતાથી ભરપૂર હોવાના કારણે જગતના સર્વ પદાર્થને નિહાળતાં છતાં પણ રાગદ્વેષાદિ ભાવોથી દૂર રહે છે. ।।૧૧।।

**મોહ-સિંહથી ભયંકર રે, રાગાદિ-વન દેખ,**
**સમતા-દવ-જ્વાળા વડે રે, મુનિવર બાળે, પેખ. સમતા૦**

**અર્થ :–** મોહરૂપી સિંહથી ભયંકર એવું રાગદ્વેષાદિરૂપ વનને જોઈ, સમતારૂપી દાવાનળની જ્વાળાઓ વડે તેને બાળીને મુનિવર ભસ્મ કરી દે છે એમ તું જાણ. ।।૧૨।।

**મોહ-પંક પરિહર્યે રે, તૂટે રાગાદિ પાશ,**
**વિશ્વવંદ્ય સમતા-સતી રે, કરે ઉરે ગૃહવાસ. સમતા૦**

**અર્થ :–** મોહમાયારૂપી કીચડનો ત્યાગ કરવાથી રાગદ્વેષાદિરૂપ જાળને તોડી શકાય છે. તેવા સત્પુરુષના હૃદયમાં વિશ્વને વંદન કરવા લાયક એવી સમતારૂપી સતી આવીને નિવાસ કરે છે. ।।૧૩।।

**સામ્ય ભાવના જાગતાં રે, નાશ આશનો થાય,**
**અવિદ્યા ક્ષીણ તે ક્ષણે રે, ચિત્ત-સર્પ મરી જાય. સમતા૦**

**અર્થ :–** હૃદયમાં સમતાભાવ જાગૃત થવાથી આશારૂપી પિશાચીનો નાશ થાય છે. તે જ ક્ષણે અવિદ્યા એટલે અજ્ઞાન દૂર થાય છે અને ચિત્તરૂપી સર્પ પણ મરી જાય છે અર્થાત્ સંકલ્પ વિકલ્પ શાંત થઈ જઈ ઇચ્છાઓ શમી જાય છે. ।।૧૪।।

**ટાળે કર્મ નિમેષમાં રે, સમભાવે મુનિ જેહ,**
**કોટી ભવનાં તપો વડે રે, અન્ય ન ટાળે એહ. સમતા૦**

**અર્થ :–** સમભાવમાં સ્થિત મુનિવર એક નિમેષ એટલે આંખના પલકારામાં જેટલા કર્મ ટાળે છે, તેટલા કરોડો ભવના તપવડે પણ અજ્ઞાની ટાળી શકતા નથી. ।।૧૫।।

**કહે વિશ્વવેત્તા ખરું રે : સમતા-ધ્યાન મહાન,**
**તેને પ્રગટ કરાવવા રે, કહ્યાં શાસ્ત્ર સૌ, માન. સમતા૦**

**અર્થ :–** સકળ વિશ્વને જાણનાર એવા ભગવાન તીર્થંકરો ખરી વાત કહે છે કે સમતારૂપી ધ્યાન એ મહાન ધ્યાન છે. તે સમતારૂપી ધ્યાનને પ્રગટ કરાવવા માટે સર્વ શાસ્ત્રોની રચના જ્ઞાનીપુરુષોએ કરી છે એમ તું માન. ।।૧૬।।

**જે જ્ઞાની સમતા ધરે રે, સર્વ વસ્તુમાં નિત્ય,**
**કેવલી સમ સુખ તે લહે રે, માનું મુનિ ખચીત. સમતા૦**

**અર્થ :–** જે જ્ઞાનીપુરુષ જગતની સર્વવસ્તુમાં એટલે તૃણ કે મણિ, મુક્તિ કે સંસાર, માન કે અપમાન વગેરે સર્વમાં હમેશાં સમતાભાવને ધારણ કરીને રહે છે તે કેવળી સમાન સુખને પામે છે. તેને ખચીત એટલે અવશ્ય મુનિ માનું છું. ।।૧૭।।

**આત્મશુદ્ધિ કરવા ચહે રે, સમ્યક્ સ્વાભાવિક,**
**મહાભાગ્ય તે ધારશે રે સમતામાં મન ઠીક. સમતા૦**

**અર્થ :–** જે ભવ્યાત્મા પોતાના આત્મસ્વભાવની શુદ્ધિ કરવા ઇચ્છે તે મહાભાગ્યશાળી પોતાના મનને સમતામાં રાખવાનો ખરો અભ્યાસ કરશે. ।।૧૮।।

**રાગાદિક દોષો તજી રે, સર્વ દેહથી દૂર,**
**આત્માને આત્મા વડે રે જાણ્યે, સામ્યે શૂર. સમતા૦**

**અર્થ :–** રાગાદિક દોષો છોડી અને સર્વ દેહભાવને મૂકી દઈ આત્માને આત્માવડે જાણવાથી સમભાવ પ્રગટે છે અને તેથી આત્મા શૂરવીર બને છે. ।।૧૯।।

**સૌ પર-દ્રવ્યોથી જુદો રે, પર પર્યાયથી ભિન્ન,**
**આત્માનો નિશ્ચય થયે રે, સમતાનો જો જન્મ. સમતા૦**

**અર્થ :–** પોતાનો આત્મા ચેતન કે અચેતન સર્વ પરદ્રવ્યોથી જુદો છે. તેમજ પર પદાર્થોના સર્વ પર્યાયો એટલે અવસ્થાઓથી પણ આત્મા ભિન્ન છે. એવો નિશ્ચય થયે હૃદયમાં સમતાભાવનો જન્મ થાય છે.

**"સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;**
**પ્રગટરૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય."** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૨૦।।

**અવિચળ સુખ તેને મળે રે, અવ્યય પદ લે તે જ,**
**બંધમુક્ત પણ તે બને રે, સમ જે યોગી રહે જ. સમતા૦**

**અર્થ :–** આત્માનું અવિચળ એટલે અખંડ સુખ તેને મળે છે, તેજ અવ્યય એટલે શાશ્વત એવા મોક્ષપદને પામે છે. તે જ સર્વથા કર્મબંધથી મૂકાય છે કે જે યોગી સમભાવમાં સ્થિર રહે છે. ।।૨૧।।

**ન ચરાચર જગમાં કશું રે ઉપાદેય કે હેય,**
**તેવા મુનિ તજી શુભાશુભ રે શુદ્ધ શિવ-પદ લેય. સમતા૦**

**અર્થ :–** આ ચરાચર એટલે ચેતન અને જડમય જગતમાં કશુંયે ગ્રહણ કરવા યોગ્ય નથી. અને ત્યાગવા યોગ્ય નથી; કેમકે પોતાનો તો એક આત્મા છે. એ સિવાય કશું પોતાનું નથી એમ વિચારી મુનિ, પર પદાર્થોના નિમિત્તે થતા શુભાશુભ ભાવનો ત્યાગ કરી આત્માનાં શુદ્ધ સમભાવરૂપ મોક્ષપદને પામે છે. ।।૨૨।।

**કમઠ-જીવ દશ ભવ સુધી રે, દે પીડા મરણાંત,**
**તોપણ પાર્શ્વપ્રભુ ધરે રે સમતા, અહો! અનંત. સમતા૦**

**અર્થ :–** હવે અનેક સમતાધારી મહાપુરુષો પૂર્વે થયા છે તેના થોડાક દૃષ્ટાંતો અત્રે જણાવે છે :-

કમઠનો જીવ દસ ભવ સુધી ભગવાન પાર્શ્વનાથના જીવને મરણાંત દુઃખ આપે છે. તો પણ પાર્શ્વપ્રભુ અહો! સમતાને જ ધારણ કરીને રહે છે. ।।૨૩।।

**સ્નેહ-પાશ બહુ ભવ તણો રે, તોડી રામ ભગવંત,**
**અનુકૂળ પરિષહ જો, સહે રે સમતા ધરી અનંત. સમતા૦**

**અર્થ :–** ઘણા ભવનું સ્નેહ બંધન શ્રી રામે વૈરાગ્યભાવ ધરી દીક્ષા લઈ તોડી નાખ્યું. શ્રીરામ ધ્યાનમાં ઊભા હતા ત્યારે સીતા જે દેવલોકમાં સીતેન્દ્ર થયેલ છે, તેણે આવી અનેક અનુકૂળ ઉપસર્ગો વડે શ્રીરામને ચલાયમાન કરવા પ્રયત્નો કર્યા છતાં શ્રીરામે સમતા ધારણ કરી તે સહન કર્યા પણ ચલાયમાન થયા નહીં. ।।૨૪।।

**પ્રતિકૂળ પરિષહ જો ખમે રે, મુનિવર ગજસુકુમાર,**
**શિર પર અંગારા બળે રે, સમતા ધરે અપાર. સમતા૦**

**અર્થ :–** પ્રતિકૂળ મરણાંત પરિષહને પણ મુનિવર ગજસુકુમારે સહન કર્યા. તેમના માથા ઉપર અંગારા ભર્યા છતાં અનંત સમતાને ધારી તેમણે તે સહન કર્યો. ।।૨૫।।

**પિલાયા મુનિ પાંચસેં રે યંત્રે શેરડી જેમ,**
**હાડ ચૂરેચૂરા થતા રે ચૂકે ન સમતા-ક્ષેમ. સમતા૦**

# મહાત્માઓની અનંત સમતા



શ્રી મહાવીર ભગવાનને ઉપસર્ગ

શ્રી મહાવીર ભગવાનના કાનમાં ખીલા ઠોકતા ખેડૂતો

પાંચસો મુનિઓને ઘાણીમાં
પીલતો દુષ્ટ પાલક મંત્રી

પાંચે પાંડવોને ગરમાગરમ લોખંડના દાગીણા
પહેરાવતો દુર્યોધનનો ભાણેજ

**અર્થ :–** સ્કંદક મુનિના પાંચસો શિષ્યોને શેરડીની જેમ પાલક મંત્રીએ ઘાણીમાં પીલી નાખ્યા. હાડકાના ચૂરેચૂરા થઈ ગયા. સર્વોપરી એવા મરણાંત સંકટને સહન કર્યા પણ ક્ષેમ એટલે સુખશાંતિને આપનારી એવી સમતાનો ત્યાગ કર્યો નહીં. જેના ફળમાં સર્વે મોક્ષપદને પામ્યા. ।।૨૬।।

**પાંડવ પણ પરિષહ સહે રે, સમતા ધરી અનંત,**
**તસ ભૂૅષણ જે લોહનાં રે સર્વાંગો ય દહંત. સમતા૦**

**અર્થ :–** પાંચે પાંડવોએ પણ અનંત સમતા ધારણ કરીને બળવાન પરિષહ અંતે સહન કર્યો. દૂર્યોધનના ભાણેજે આવી લોખંડના આભૂષણો અગ્નિમાં તપાવીને લાલચોળ કરી બધાને સર્વ અંગોમાં પહેરાવી દીધા. સર્વ અંગો બળવા લાગ્યા છતાં સમતા ધારણ કરીને પોતાનું કલ્યાણ સાધ્યું. ।।૨૭।।

**મહાવીર તીર્થંકરે રે ધરી ધીૅરજ ને ખંત,**
**સહ્યા અસહ્ય પરીષહો રે, જાણે સઘળા સંત. સમતા૦**

**અર્થ :–** તીર્થંકર એવા મહાવીર ભગવાને અખૂટ ધીરજ અને ખંત એટલે ઉત્સાહ ધારણ કરીને અસહ્ય પરિષહોને સહન કર્યા. જેને સર્વ સંતપુરુષો જાણે છે. ।।૨૮।।

**સંગમ નિત્યે પીડતો રે રૂપ ધરી વિકરાળ,**
**વજ્ર-સૂચિ સમ કીડીૅઓ રે તન વીંધે બહુ કાળ. સમતા૦**

**અર્થ :–** સંગમ દેવતાએ ભગવાન મહાવીરને, નિત્ય વિકરાળરૂપ ધારણ કરીને ઘણી પીડા આપી. વજ્ર જેવી સૂચિ એટલે સોય સમાન કીડીઓનું રૂપ ધારણ કરી ભગવાનના શરીરને ઘણા કાળ સુધી વીંધ્યું છતાં ભગવાન સમભાવમાં જ સ્થિત રહ્યા. ।।૨૯।।

**ખીલા ઠોક્યા કાનમાં રે, વળીૅ ઉપસર્ગ અનાર્ય,**
**અનંત સમતા ધરી કર્યાં રે, કેવાં અપૂર્વ કાર્ય! સમતા૦**

**અર્થ :–** ભગવાન મહાવીરના કાનમાં ખીલા ઠોક્યા. અનાર્ય લોકોએ ભગવાન પાછળ શિકારી કૂતરાઓ છોડી ઉપસર્ગ કર્યા. છતાં અનંત સમતાભાવ ધારણ કરીને ભગવાને કેવા અપૂર્વ કાર્ય કર્યાં અર્થાત્ કેવળજ્ઞાન પ્રગટાવ્યું. ।।૩૦।।

**ચક્રવર્તીૅ-સુખ જો તજે રે, સનત્કુમાર મહંત,**
**લબ્ધિ છતાં રોગો મહા રે સહે મહા રૂૅપવંત. સમતા૦**

**અર્થ :–** સનત્કુમાર ચક્રવર્તી હોવા છતાં પોતાના સર્વ વૈભવને ત્યાગી મહાત્મા બન્યા. અનેક લબ્ધિઓ પાસે હોવા છતાં તે મહારૂપવંતે મહાન રોગોની પીડા સહન કરી. ।।૩૧।।

**દેવ દવા કરવા ચહે રે ત્યાં બોલ્યા મુનિભૂપઃ-**
**"કર્મ-રોગ ટાળી શકો રે?" દેવ રહ્યા ત્યાં ચૂપ. સમતા૦**

**અર્થ :–** દેવે વૈદ્યનું રૂપ લઈ સનત્કુમાર ચક્રવર્તી જે મુનિ બન્યા છે તેમને કહ્યું કે આ તમારા રોગની દવા કરી દઉં. ત્યારે સનત્કુમાર મુનિ કહે—આ મારો કર્મરોગ ટાળી શકો છો? ત્યારે દેવ પણ ચૂપ થઈ ગયા. ।।૩૨।।

**વર્ષ સાતસો સુધી સહે રે સોળે રોગ મહાન,**
**અનંત સમતા ધારીને રે; કોણ મુમુક્ષુ સમાન? સમતા૦**

**અર્થ :–** અનંત સમતાને ધારણ કરી સનત્કુમાર મુનિએ સાતસો વર્ષ સુધી સોળ મહાન રોગોને સહન કર્યાં. અહો! જગતમાં મુમુક્ષુ સમાન બીજો કોણ છે? જે આટલા કાળ સુધી ભયંકર રોગોને સહન કરી શકે? ।।૩૩।।

**આર્ય સ્કંદક-હાડ જો રે તપથી શુષ્ક શરીર,**
**ચાલે કે ખડખડ થતાં રે સમતામાં શૂરવીર. સમતા૦**

**અર્થ :–** સ્કંદકમુનિનું શરીર તપથી એવું સુકાઈ ગયું કે તે ચાલે ત્યારે હાડકાં ખડખડ થાય છતાં પોતે શૂરવીર બનીને સમતાભાવે બધું સહન કર્યું. ।।૩૪।।

**દેહ-દશા તેવી કરી રે, વર્તે દેહાતીત,**
**રાજચંદ્ર આ કાળમાં રે સમતા-યોગ સહિત. સમતા૦**

**અર્થ :–** તેમ આ પંચમકાળમાં શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુએ પોતાના દેહની દશા એવી કરી છે અને પોતે દેહાતીત એટલે દેહથી જુદા થઈને વર્તન કરે છે. કારણ કે તેમના મન વચન કાયાના યોગ સમભાવયુક્ત છે. ।।૩૫।।

**ત્રિલોક-જય કરતાં અધિક રે કઠિન કાર્ય જણાય,**
**એક સમયની અસંગતા રે; સમતા તે જ ગણાય. સમતા૦**

**અર્થ :–** ત્રણે લોકનો જય કરવા કરતાં પણ એક સમય અસંગ રહેવું તે અધિક કઠિન કાર્ય છે. તે જ ખરી સમતા ગણાય છે. **"એક સમયે પણ કેવળ અસંગપણાથી રહેવું એ ત્રિલોકને વશ કરવા કરતાં પણ વિકટ કાર્ય છે; તેવા અસંગપણાથી ત્રિકાળ જે રહ્યા છે, એવાં સત્પુરુષનાં અંતઃકરણ, તે જોઈ અમે પરમાશ્ચર્ય પામી નમીએ છીએ."** (વ.પૃ.૨૬૯) ।।૩૬।।

**તેવી ધરે અસંગતા રે, ત્રિકાળ તે ભગવંત,**
**સર્વોત્તમ આશ્ચર્ય તે રે, અનંત સમતાવંત. સમતા૦**

**અર્થ :–** અનંત સમતાના ધારી એવા ભગવંત ત્રણે કાળ એવી અસંગતાને ધારણ કરીને રહે છે. એ સર્વોત્તમ આશ્ચર્ય છે. ।।૩૭।।

**આત્માર્થે મુનિ વર્તતા રે, સમતા રસ રેલંત,**
**તેની સમીપ સિંહાદિની રે ક્રૂરતા પામે અંત! સમતા૦**

**અર્થ :–** આત્માના કલ્યાણ અર્થે એવા સમતારસમાં કેલી કરતાં મુનિ મહાત્માઓ વર્તે છે. તેમના સમીપ સિંહ આદિ પ્રાણીઓની ક્રૂરતા પણ નષ્ટ થઈ જાય છે. પરમકૃપાળુદેવ ઈડરના પહાડોમાં ધ્યાન કરતા ત્યારે જંગલી પ્રાણી તેમની સમીપ આવી બેસે. તીર્થંકરોની સભામાં સિંહ અને હરણ આદિ પ્રાણીઓ સમીપ આવી બેસે. પણ ભગવાનના પ્રભાવે પરસ્પર વૈરભાવ ભૂલી જાય છે. ।।૩૮।।

**મત્સર તજી મૈત્રી ભજે રે પ્રાણી પરસ્પર કેમ?**
**સમભાવી મુનિ-તેજથી રે કષાય શમતા એમ. સમતા૦**

**અર્થ :–** તે પ્રાણીઓ મત્સર એટલે દ્વેષભાવ તજી પરસ્પર મૈત્રી ભાવને કેમ ભજે છે? તો કે

સમભાવમાં સ્થિત એવા મુનિના પ્રતાપથી તે જીવોના કષાયભાવો શમી જાય છે. ।।૩૯।।

**યોગી વશ કરતા નહીં રે યત્ને પ્રાણી ક્રૂર,**
**સ્વયં શાંત દવ થાય જો રે વૃષ્ટિ થયે ભરપૂર. સમતા૦**

**અર્થ :–** યોગીપુરુષો પ્રયત્ન કરીને તે ક્રૂર પ્રાણીઓને વશ કરતા નથી, પણ જેમ ભરપૂર વરસાદ વરસ્યે દાવાનળ આપોઆપ શાંત થઈ જાય છે તેમ તે ક્રૂર જીવો પણ મહાપુરુષોના પ્રભાવે શાંતભાવને પામે છે. ।।૪૦।।

**શરદ્ ઋતુના યોગથી રે જો જળ નિર્મળ થાય,**
**તેમ યોગી-સંસર્ગથી રે મન-મલ સર્વે જાય. સમતા૦**

**અર્થ :–** આસો થી કાર્તિક માસ સુધીની શરદઋતુ કહેવાય છે. તે ઋતુના યોગથી જળ નિર્મળ થાય. તેમ યોગીપુરુષોના સમાગમથી મનનો મેલ સર્વે ધોવાઈ જાય છે. ।।૪૧।।

**ક્ષીણ-મોહ મુનિ આશ્રયે રે, જાતિ-વેર વીસરાય,**
**સિંહ-શિશુને ચાટતી રે હરણી હર્ષિત થાય. સમતા૦**

**અર્થ :–** જેનો મોહ ક્ષીણ થઈ ગયો છે એવા મુનિ મહાત્માના સાનિધ્યમાં ક્રૂર જીવો પણ પોતાનું જાતિવેર ભૂલી જાય છે. ત્યાં સિંહના બચ્ચાને પ્રેમથી ચાટતી એવી હરણી પણ હર્ષ પામે છે. ।।૪૨।।

**ઢેલ ખેલતી સર્પશું રે, વાઘ સમીપે ગાય,**
**ઉંદર બિલ્લી-ગોદમાં રે, શ્વાન-શશક હરખાય. સમતા૦**

**અર્થ :–** મહાત્માના સમીપે ઢેલ એટલે મોરડી સાપ સાથે ખેલે, વાઘ સમીપે ગાય બેસે, ઉંદર બિલ્લીની ગોદમાં રમે અને કૂતરો સસલાને જોઈ રાજી થાય છે. ।।૪૩।।

**ચંદ્ર, પવન, પૃથ્વી સમા રે મુનિ શાંતિ-દાતાર,**
**અશુભ-પ્રીતિ, ભીતિ ટળે રે સમતા-પ્રભાવ ધાર. સમતા૦**

**અર્થ :–** જેમ ચંદ્રની ચાંદની શીતળતા આપે, શીતળ પવન ગરમીને કાપે, પૃથ્વી આધાર આપી શાંતિ પમાડે તેમ સમતાધારી મુનિ મહાત્માઓ ત્રિવિધ તાપથી બળતા સંસારી જીવોને શાંતિ આપનાર છે. તે મહાત્માઓના સમતા પ્રભાવે અશુભ મોહનો નાશ થાય છે. અને આલોક, પરલોક આદિ સર્વ પ્રકારના ભય ટળી જાય છે. ।।૪૪।।

**કોઈ શાલિ-ફૂલે પૂજે રે, કોઈ ડસાવે સાપ,**
**અનંત સમતાવંત મુનિ રે ગણે ન સુખ-સંતાપ. સમતા૦**

**અર્થ :–** એવા મહાત્માઓને કોઈ શાલિના ફૂલોથી પૂજે કે કોઈ નાગ ડસાવે તો પણ અનંત સમતાના ધારી મુનિ તેના સુખ કે સંતાપને ગણકારતા નથી. આહોર ગામમાં પ.પૂ.પ્રભુશ્રીજીએ એક પ્રસંગે પોતાની અદ્ભુત અસંગી અંતરંગ આત્મદશા પ્રગટ કરી હતી કે —''કોઈ કુહાડાથી કાપે કે કોઈ ચંદન ચોપડે, અમારે તો પ્રભુ બન્ને પ્રત્યે સમ છે.'' ।।૪૫।।

**શિલા શય્યા, વન નગર રે સ્તુતિ નિંદા સમ ધાર,**
**કર્દમ કંકુ, યતિ યુવતી રે સમ માને મુનિ સાર. સમતા૦**

**અર્થ :–** પત્થર કે પથારી, વન કે નગર, પ્રશંસા કે નિંદા જેને બધું સમાન છે. કોઈ કર્દમ એટલે કિચડ છાંટે કે કંકુ ચોપડે, યતિ એટલે મુનિ હો કે સ્ત્રી. બન્નેમાં જે આત્મા જુએ એવા આત્મદૃષ્ટિ મહાત્માઓને મન એક સમતા રાખવી એ જ સારભૂત જણાય છે. ।।૪૬।।

**બુદ્ધિ-બળમાં તો ઘણા રે સ્વાર્થ નિજ દેખંત;**
**વિરલા શિવગતિ પામવા રે સમતા ધરે અનંત. સમતા૦**

**અર્થ :–** બુદ્ધિ બળવાળા તો આ જગતમાં ઘણા છે. પણ તે બુદ્ધિનો દુર ઉપયોગ પોતાનો સ્વાર્થ સાધવામાં કરે છે. પણ મોક્ષગતિને પામવા માટે કોઈ વિરલા જીવો જ પ્રાપ્ત બુદ્ધિનો સદુપયોગ, અનંત સમતા ધારણ કરવામાં કરે છે. ।।૪૭।।

**સમતા-રસના સ્વાદકો રે, અબધુ, અલૌકિક સંત,**
**આત્મ-સુખમાં મગ્ન તે રે ન ચહે જ્ઞાન અનંત! સમતા૦**

**અર્થ :–** સમતારસનું આસ્વાદન કરનારા અવધૂત અલૌકિક સંતપુરુષો છે. તે સદા આત્માના અનંતસુખમાં મગ્ન રહે છે, તેથી જ્ઞાન અનંત એટલે કેવળજ્ઞાનની પણ જેને ઇચ્છા નથી અર્થાત્ મોક્ષની ઇચ્છાથી પણ તેઓ નિવૃત્ત થાય છે. ।।૪૮।।

**"જેની મોક્ષ સિવાય કોઈ પણ વસ્તુની ઇચ્છા કે સ્પૃહા નહોતી અને અખંડ સ્વરૂપમાં રમણતા થવાથી મોક્ષની ઇચ્છા પણ નિવૃત્ત થઈ છે, તેને હે નાથ! તું તુષ્ટમાન થઈને પણ બીજું શું આપવાનો હતો?"** (વ.પૃ.૪૯૯) ।।૪૮।।

---

જે મહાત્મા પુરુષો અનંત સમતાને ધારણ કરે તે ફરી આ સંસારમાં આવતા નથી. માટે મારે પણ 'માથે ન જોઈએ' એવો વિચાર કરી શાલિભદ્રે અનંત સમતાને આપનારી એવી જિનદીક્ષાને ગ્રહણ કરી પોતાનું કલ્યાણ સાધ્યું. એવા શાલિભદ્રની વૈરાગ્યપૂર્ણ કથાનું અત્રે આલેખન કરવામાં આવે છે.

(૫૭)

## માથે ન જોઈએ

ભાગ-૧

(હરિગીત)

*



**વંદન કરું શ્રી રાજગુરુના ચરણ-કમળે ભાવથી;**
**જેના અલૌકિક યોગબળ ને બોધના જ પ્રભાવથી**
**શ્રી શાલિભદ્ર-કથા પ્રસંગે ચિત્ત વાળીને કહું :**
**'માથે ન કોઈ જોઈએ' એવી દશા સૌને ચહું. ૧**



**અર્થ :–** ગુરુવર્ય શ્રી રાજચંદ્ર પ્રભુના ચરણકમળમાં હું ભાવથી પ્રણામ કરું છું. જેના અલૌકિક મન વચન કાયાના યોગબળથી અને અદ્ભુત આત્મિક બોધના પ્રભાવથી આ શ્રી શાલિભદ્રના કથા પ્રસંગે

મારા ચિત્તને અંતર્મુખ કરીને કહું છું કે 'માથે કોઈ ન જોઈએ' અર્થાત્ કિંચિત્ પણ પરાધીનતા ન જોઈએ, સંપૂર્ણ આત્મસ્વતંત્રતા જોઈએ. કારણ પર-આધીનતા એ જ દુઃખ છે અને સ્વાધીનતા એ જ સુખ છે. આઠદૃષ્ટિમાં પણ કહ્યું છે કે —

**''સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ;''** જગતમાં રહેલા સર્વ જીવો કર્મોની પરાધીનતાથી મુક્ત થઈ, સંપૂર્ણ આત્મસ્વતંત્રતાને પામો એમ ઇચ્છું છું. ॥૧॥

**શ્રી રાજગૃહ નગરે કરે શ્રેણિક રાજા રાજ્ય જ્યાં,**
**ગોભદ્ર શેઠ ધનાઢ્ય ને ભદ્રા સતી શેઠાણી ત્યાં**
**સુ-સ્વપ્ન શાળીક્ષેત્રનું શેઠાણીને આવ્યું હતું**
**જે ગર્ભ યોગે, નામ શાલિભદ્ર રાખ્યું છાજતું. ૨**

**અર્થ :—** જેને સ્વતંત્રતાનો ભાવ ઊપજ્યો એવા પુણ્યશાળી શ્રી શાલિભદ્રની કથાનું વર્ણન કરે છે. શ્રી રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા રાજ્ય કરે છે. તે જ નગરમાં ધનાઢ્ય શેઠ ગોભદ્ર અને સતી એવી શેઠાણી ભદ્રા નિવાસ કરે છે. રાત્રે ભદ્રા શેઠાણીને ઉત્તમ ગર્ભના કારણે શાળી એટલે ડાંગરના ક્ષેત્રના સ્વપ્નમાં દર્શન થયા. તેથી સુપુત્રનો જન્મ થયે તેનું શુભ નામ પણ શાલિભદ્ર રાખવામાં આવ્યું.॥૨॥

**સર્વે કળા શીખ્યા પછી મોટો થયે પરણાવિયો,**
**બત્રીસ શ્રેષ્ઠી-પુત્રીઓનો પુણ્યથી સ્વામી થયો.**
**વૈરાગ્ય પામી મુનિ થયા ગોભદ્ર શેઠ બધું તજી,**
**દીક્ષા ગ્રહી વીરની કને સંયમ જીવન શીખે હજી. ૩**

**અર્થ :—** શાલિભદ્ર સર્વ કળાઓ શીખી મોટો થયો, તેથી પરણાવ્યો. તે બત્રીસ શેઠની પુત્રીઓનો પુણ્યયોગે સ્વામી થયો. હવે શાલિભદ્રના પિતા ગોભદ્ર બધું તજીને વૈરાગ્ય પામી મુનિ બન્યા. ભગવાન મહાવીર પાસે દીક્ષા ગ્રહણ કરીને હજી સંયમ જીવન કેમ જીવવું તે શીખતા હતા. ॥૩॥

**ત્યાં આયુ પૂર્ણ થતાં સમાધિ સહિત વરતા સુરગતિ,**
**ને પૂર્વ સંસ્કારો વડે પ્રીતિ પુત્રની અતિ જાગતી.**
**તે દિવ્ય વસ્ત્રાભરણ આદિ પુત્રને હંમેશ દે,**
**અતિ સૌખ્ય-સામગ્રી દઈ શિરછત્ર સમ સંભાળ લે. ૪**

**અર્થ :—** સંયમ જીવન શીખતા હતા તેટલામાં તેમનું આયુષ્ય પૂર્ણ થવાથી સમાધિસહિત મરણ પામી દેવગતિને વર્યા. ત્યાં પૂર્વ સંસ્કારોના કારણે પુત્ર શાલિભદ્ર પ્રત્યે અત્યંત પ્રીતિ જાગૃત થઈ. જેથી પુત્રને અર્થે દેવલોકમાંથી પ્રતિદિન દિવ્ય વસ્ત્ર, આભૂષણ વગેરે મોકલવા લાગ્યા. અત્યંત સુખ સામગ્રી મોકલી પિતા શિરછત્ર સમાન બની ત્યાં રહ્યા રહ્યા પણ પુત્રની પુરી સંભાળ કરવા લાગ્યા. દેવલોકમાંથી પ્રતિદિન નવ્વાણું પેટીઓ મોકલતા, તેનું કારણ શાલિભદ્રનો પુણ્ય પ્રતાપ હતો. ॥૪॥

**કો રત્નકંબલ વેચનારો રાજ-દરબારે ગયો,**
**કારીગરી ઉત્તમ હતી, રાજા ઘણો રાજી થયો.**
**એક્કેક કંબલની કરે તે લાખથી વધુ માગણી,**
**મોંઘી ઘણી ગણી ના લીધી; એ વાત રાણીએ સુણી. ૫**

**અર્થ :–** એક દિવસ કોઈ રત્નકંબલ વેચનારો રાજાના દરબારમાં આવ્યો. રત્નકંબલની કારીગરી ઉત્તમ જોઈને રાજા ઘણો રાજી થયો. વ્યાપારીએ એક્કેક કંબલની કિંમત લાખ સુવર્ણથી પણ વધારે કહી. તેથી રાજાને તે ઘણી મોંઘી લાગવાથી લીધી નહીં. એ વાત રાણીએ પણ સાંભળી. ।।૫।।

**વ્યાપારીએ વેચી દીધી સોળે ય ભદ્રા નારીને,**
**લઈ લાખ લાખ સુવર્ણ સિક્કા સામટી લેનારીને;**
**રાણી તણા અતિ આગ્રહે તેડ્યો નૃપે વ્યાપારીને,**
**તેણે કહ્યું : "શ્રેષ્ઠી ગૃહે સૌ વ્હોરી સસ્તી ધારીને. ૬**

**અર્થ :–** તે વ્યાપારીએ સોળેય રત્નકંબલોને ભદ્રા શેઠાણીને ત્યાં વેચી. સામટી બધી લેવાથી લાખ લાખ સોનામહોરમાં આપી દીધી. હવે રાણીના અતિ આગ્રહથી શ્રેણિક રાજાએ ફરીથી વ્યાપારીને બોલાવ્યો. ત્યારે તેણે કહ્યું કે શાલિભદ્ર શેઠના ઘરે સસ્તી જાણીને બધી રત્નકંબલો લઈ લીધી છે. ।।૬।।

**શેઠાણીએ માગી અધિક, વળી દામ સૌ સામે ધર્યા,**
**નહિ અધિક મારી પાસ તેથી ખંડ બત્રીસે કર્યા;**
**ભદ્રા વધૂ-બત્રીસને એકેક આપે નિજ કરે,**
**લૂછી ચરણ ખાળે તજે તે ભંગી-નારી વાપરે." ૭**

**અર્થ :–** વ્યાપારી શ્રેણિક રાજાને કહે છે કે ભદ્રા શેઠાણીએ તો વધારે માગીને તેના દામ પણ સામે ધર્યા હતા. પણ મારી પાસે વધારે નહીં હોવાથી તે સોળ રત્નકંબલના બત્રીસ ટુકડા કર્યા અને ભદ્રા શેઠાણીએ પોતાની બત્રીસ પુત્રવધુને પોતાના હાથે એકેક ટુકડો આપ્યો. તેમણે પોતાના પગ લૂછી ખાળમાં નાખી દીધા. હવે તેને ભંગીની સ્ત્રીઓ વાપરે છે. ।।૭।।

**તે વાત જાણી વિસ્મયે રાજા વિચારે : "ધન્ય છે!**
**જો રત્નકંબલ ભોગવે તો વણિક નહિ સામાન્ય તે.**
**આવા નરો મુજ નગરમાં મુજ કીર્તિને વિસ્તારતા,**
**મળવું ખરે તેને હવે જે દિવ્ય સંપદ ધારતા." ૮**

**અર્થ :–** તે વાત જાણીને શ્રેણિક રાજા આશ્ચર્ય પામી વિચારવા લાગ્યા કે ધન્ય છે! આવા રત્નકંબલના ભોગવનારને. એ કોઈ સામાન્ય વણિક નથી. આવા મનુષ્યો મારા નગરમાં વસવાથી મારી કીર્તિને પણ વિસ્તારે છે. આવી દિવ્ય સંપત્તિના ધારક પુણ્યશાળીને મારે અવશ્ય મળવું જોઈએ. ।।૮।।

**નૃપ શેઠ શાલિભદ્રને બોલાવવા દૂત મોકલે,**
**પણ આવી ભદ્રા બોલી : "નૃપવર, પુત્ર બ્હાર ન નીકળે;**
**કૃપા કરીને તાતજી! મુજ અરજ આ હૃદયે ધરો–**
**આજે જ આપ પધારીને અમ આંગણું પાવન કરો." ૯**

**અર્થ :–** રાજા શ્રેણિકે શેઠ શાલિભદ્રને બોલાવવા દૂત મોકલ્યો. ત્યારે ભદ્રા શેઠાણીએ આવીને કહ્યું કે રાજેશ્વર, મારો પુત્ર કોઈ દિવસ બાહર નીકળતો નથી. માટે કૃપા કરીને પિતા તુલ્ય એવા મહારાજા! આપ મારી અરજને હૃદયથી સ્વીકારી આજે જ પધારીને અમારું આંગણું પાવન કરો. ।।૯।।

**રાજા જવા સ્વીકારતા, નિજ ઘેર ભદ્રા જ્યાં ગઈ**
**ગોભદ્ર-દેવ-સહાયથી સ્વર્ગીય તૈયારી થઈ.**
**ગજ-અશ્વપંક્તિ, દેવદુષ્યે, કલ્પતરુ મંદારથી**
**સુવર્ણ કળશો શોભતા પંક્તિરૂપે દરબારથી. ૧૦**

**અર્થ :–** શ્રેણિક રાજાએ ઘરે આવવાનું આમંત્રણ સ્વીકાર્યું અને ભદ્રા શેઠાણી જ્યાં પોતાના ઘરે ગઈ કે ગોભદ્રદેવની સહાયથી સ્વર્ગીય તૈયારી થઈ ગઈ. હાથીઓ અને ઘોડાઓની પંક્તિ, દેવતાઈ વસ્ત્રો, કલ્પવૃક્ષના ફૂલોથી સોનાના કળશો પંક્તિરૂપે ઠેઠ રાજ્ય દરબારથી તે શાલિભદ્રના ઘર સુધી શોભવા લાગ્યા. ।।૧૦।।

**તે માર્ગ દિવ્ય સુગંધી ચૂર્ણે સાથિયા સહ શોભતો,**
**અતિ પુણ્યના ફળ સર્વને સુખકાર, જાણે બોધતો.**
**રાજા અતિ આશ્ચર્યથી તે સર્વ જોતા જાય છે,**
**રસ્તા દુકાનો રત્નતોરણ જોઈ બહુ હરખાય છે. ૧૧**

**અર્થ :–** તે રાજમાર્ગ સુગંધી ચૂર્ણ અને સાથિયા સહ શોભા આપતો હતો. તે જાણે એમ બોધતો હતો કે અત્યંત પુણ્યના ફળ સર્વને સુખના કર્ત્તા છે. રાજા શ્રેણિક અત્યંત આશ્ચર્ય પામી તે સર્વ રચના જોતો જાય છે. રસ્તાઓ, દુકાનો, રત્નના તોરણ વગેરે જોઈને રાજા બહુ હર્ષિત થાય છે. ।।૧૧।।

**ભદ્રા લઈ ગઈ માળ ચોથે રાયને સત્કારીને,**
**મણિરત્નમંડિત દિવ્ય સિંહાસન પરે બેસારીને,**
**જઈ પુત્ર પાસે સાતમે માળે કહે માતા : ''અરે!**
**શ્રેણિક ચોથે માળ મળવા આવી, તમને નોતરે.'' ૧૨**

**અર્થ :–** ભદ્રા શેઠાણી રાજાનો સત્કાર કરી તેમને ચોથા માળે લઈ ગઈ. ત્યાં મણિરત્નોથી જડેલા દિવ્ય સિંહાસન ઉપર તેમને બેસાડી, પોતે સાતમે માળે જઈ પુત્રને કહેવા લાગી કે અરે! શ્રેણિક ચોથે માળે મળવા આવ્યા છે અને તમને બોલાવે છે. ।।૧૨।।

**ક્હે પુત્ર : ''ખરીદો માલ તેનો જોઈને સારો ઘણો,''**
**ભદ્રા કહે : ''તે મગધપતિ રાજા શિરોમણિ આપણો,**
**મળવા અહીં સુધી આવિયા, ઝટ આવજો,'' કહી મા ગઈ;**
**''મારે ય માથે કોઈ છે,'' ચિંતા પ્રબળ એવી થઈ,- ૧૩**

**અર્થ :–** માતા ભદ્રાના વચન સાંભળી શાલિભદ્ર કહે - શ્રેણિક આવ્યા છે તો તેમનો માલ જોઈને સારો હોય તો ઘણો ખરીદી લો. ત્યારે ભદ્રા કહે તે તો મગધ દેશના પતિ રાજા શ્રેણિક છે. આપણા નાયક છે-ઉપરી છે. તે મળવા માટે અહીં સુધી આવ્યા છે માટે ઝટ આવજો. એમ કહીને મા નીચે ગઈ. શાલિભદ્ર વિચારમાં પડ્યા કે 'મારે ય માથે કોઈ છે' એની પ્રબળ ચિંતા થવા લાગી. ।।૧૩।।

**''તો ભોગ નહિ હું ભોગવું, દીક્ષા જરૂર લેવી ઘટે;**
**પણ હાલ નીચે જો જઉં તો માતની ચિંતા મટે.''**

**આવ્યો પરાણે રાય પાસે, ભેટી રાયે પ્રેમથી**
**નિજ ગોદમાં બેસારતાં ગભરાય ત્યાં તે ઘામથી. ૧૪**

**અર્થ :–** 'મારે ય માથે કોઈ છે' તો હવે મારે ભોગ ભોગવવા નથી; મારે જરૂર દીક્ષા લેવી ઘટે. પણ હાલ નીચે જો જઉં તો માતાની ચિંતા દૂર થાય. એમ વિચારી પરાણે રાજા પાસે આવ્યો. રાજાએ પ્રેમથી તેને ભેટી પોતાના ગોદમાં બેસાર્યો. ત્યાં તે ઘામથી એટલે તાપના બફારાથી ઉકળાટ પામી ગભરાવા લાગ્યો. ।।૧૪।।

**રે! અગ્નિ અડતાં ઓગળે નવનીત તેવો તે દ્રવે,**
**તે જોઈ માતાને પૂંછે નૃપ : "કેમ પરસેવો સ્રવે?"**
**ભદ્રા કહે : "એના પિતા સંયમ ધરી સ્વર્ગે ગયા;**
**તે સ્નેહવશ પુત્રાદિને સ્વર્ગીય-સુખદાતા થયા. ૧૫**

**અર્થ :–** જેમ અગ્નિ અડતાં નવનીત એટલે માખણ ઓગળવા લાગે તેમ શાલિભદ્રના શરીરમાંથી પરસેવો નીકળવા લાગ્યો. તે જોઈને રાજાએ ભદ્રા માતાને પૂછ્યું કે કેમ એને આટલો બધો પરસેવો થાય છે. ત્યારે ભદ્રા માતા કહે રાજન! એના પિતા સંયમ ધારણ કરીને સ્વર્ગે ગયા છે. તે પુત્રાદિના સ્નેહવશ પ્રતિદિન સ્વર્ગથી સામગ્રી મોકલીને એને સુખના દાતા થયા છે. સ્વર્ગીય સુખથી ટેવાયેલ હોવાથી આ ગરમી આનાથી સહન થતી નથી. ।।૧૫।।

**તેથી ન તેને બેસવું ગમતું અહીં નર-ગંધમાં,**
**તેને જવા દ્યો તો રહેશે પુત્ર એ આનંદમાં."**
**રાજા મૂંકે કે મુક્ત જીવ સમ એકદમ ઊંચે ગયો,**
**સુરદત્ત ભોગો ભોગવી પરિમલજલે શીતલ થયો. ૧૬**

**અર્થ :–** સ્વર્ગીય સામગ્રીના ભોગથી આ શાલિભદ્રને મનુષ્યની ગંધમાં બેસવું પણ ગમતું નથી. એને તમે જવા દ્યો તો એ પુત્ર આનંદમાં રહેશે. રાજાએ તેને મૂકી દીધો કે તુરંત મુક્ત જીવની જેમ ઉપર ચાલ્યો ગયો. ત્યાં જઈ દેવતાઈ ભોગો ભોગવી પરિમલ જલે એટલે સુગંધિત જળથી શીતલતા મેળવી સુખી થયો. ।।૧૬।।

**શ્રેણિકને ન્હવરાવિયા પછી દિવ્યજળ કળશા ભરી,**
**ત્યાં સ્નાન કરતાં વીંટી નૃપની આંગળીથી ગઈ સરી.**
**ચોફેર જોતા નૃપ, ત્યાં તો દાસીને ભદ્રા કહે–**
**ઈશારતે : "દે હોજમાંથી મુદ્રિકા જે નૃપ ચહે." ૧૭**

**અર્થ :–** શાલિભદ્ર ઉપર ગયા પછી દિવ્યજળના કળશા ભરી શ્રેણિક રાજાને સ્નાન કરાવ્યું. ત્યાં સ્નાન કરતાં રાજાની આંગળીમાંથી વીંટી સરી ગઈ. તે મેળવવા રાજા ચારે તરફ જોવા લાગ્યા. ત્યારે ઈશારો કરીને ભદ્રા માતાએ દાસીને કહ્યું કે હોજમાંથી મુદ્રિકા એટલે વીંટીઓ કાઢી રાજાને બતાવ. તેમાંથી રાજા જે ઇચ્છે તે આપ. ।।૧૭।।

**થાળી ભરી દાસી વદે : "લ્યો મુદ્રિકા નિજ ઓળખી,"**
**નિજ રત્ન અંગારા સમું નૃપ થાળમાં લે નીરખી.**

**“કોના અલંકારો?” પૂૅછે નૃપ, “કેમ હોજ વિષે હતા?”**
**“નિત્યે નવા પ્હેરી, જૂૅના આ શેઠ હોજે ફેંકતા.” ૧૮**

**અર્થ :–** હોજમાંથી વીંટીઓ કાઢી, થાળી ભરીને દાસી રાજાને કહેવા લાગી કે આપની મુદ્રિકા જે હોય તે આમાંથી ઓળખી લો. ત્યારે રાજાએ પોતાની વીંટીમાં રહેલું રત્ન તો બીજા રત્નોની પાસે સળગતા કોલસા જેવું ભોઠું જોયું. તેથી પૂછવા લાગ્યા કે આ બધા કોના અલંકારો છે? અને આ હોજમાં કેમ પડેલા હતા? ત્યારે દાસીએ કહ્યું : આ શેઠ રોજ નવા પ્હેરીને જૂના અલંકારોને આ હોજમાં ફેંકી દે છે. ।।૧૮।।

**અતિ વિસ્મયે દીઠી દિવ્ય રિદ્ધિ, દિવ્ય ભોજન પણ કર્યું;**
**નિઃસ્પૃહ રાય વિદાય લે, નજરાણું ભદ્રાએ ધર્યું.**
**સૂૅરિ ધર્મઘોષ પધારિયા છે રાજગૃહ નગરે સુણી,**
**ઝટ વિનયપૂર્વક વંદનાર્થે શાલિભદ્ર જતા ગુણી. ૧૯**

**અર્થ :–** રાજા અતિ આશ્ચર્ય પામ્યા અને સર્વ દિવ્ય રિદ્ધિને જોઈ. દિવ્ય ભોજન પણ કર્યું. અંતરથી નિઃસ્પૃહ એવા રાજાએ ત્યાંથી વિદાય લીધી તે વખતે ભદ્રામાતાએ અનેક વસ્તુઓ રાજાને ભેટ આપી નજરાણું ધર્યું. હવે રાજગૃહ નગરમાં ધર્મઘોષ નામના આચાર્ય પધાર્યા છે એમ સાંભળી ગુણવાન એવા શાલિભદ્ર ઝટ વિનયપૂર્વક વંદન કરવા માટે ઘરથી જવા લાગ્યા. ।।૧૯।।

**ઉપદેશ ગુરુવર આપતા : “સુંદર ઘરે ઉંદર પડે,**
**વસ્ત્રો અને શિરકેશમાં જૂઓ કરી ઘર આથડે;**
**શય્યા મનોહર માંકણે ઊૅભરાય, રોગે તન ગળે,**
**કદ્રૂપ કાણી સ્ત્રી કહે કટુ વચન, ખાવા ના મળે. ૨૦**

**અર્થ :–** હવે ગુરુવર્ય શાલિભદ્ર આદિને ઉપદેશ આપવા લાગ્યા કે આ સંસારનું સ્વરૂપ કેવું વિચિત્ર છે કે સુંદર ઘરમાં ઉંદર પેસી જઈ વસ્ત્રો કાપી નાખે, માથાના વાળમાં જૂઓ ઘર કરી જાય, મનોહર શય્યા પણ માંકણથી ઉભરાવા લાગે, રોગથી શરીર ગળી જાય, કદરૂપી કાણી સ્ત્રી હોય અને વળી કડવા વચન કહેતી હોય, ખાવાને પણ પૂરતું ના મળતું હોય તો પણ મૂર્ખ એવો આ જીવ ઘરબારને છોડવા ઇચ્છતો નથી. ।।૨૦।।

**ગૃહવાસમાં આવાં ઘણાં દુઃખો ઘણા પરવશ સહે;**
**તોયે અરે! નર મૂઢ ના ગૃહવાસ તજવાને ચહે.**
**દુર્બુદ્ધિ એમ વિચારતા : ‘ધન આજકાલ મળી જશે.’**
**પ્રત્યક્ષ અંજલિજલ સમું વહી જાય જીવન, શું થશે?- ૨૧**

**અર્થ :–** ગૃહવાસમાં આવા ઘણા પ્રકારના દુઃખો ઘણા જીવો પરવશપણે સહન કરે છે. તો પણ મૂઢ એવા મનુષ્યો આવા ગૃહવાસને તજવા ઇચ્છતા નથી. પણ દુર્બુદ્ધિથી યુક્ત તેઓ એમ વિચારે છે કે ધન આજકાલમાં મળી જશે. પણ પ્રત્યક્ષ અંજલિ એટલે હાથમાં રહેલું જળ જેમ ટીપે ટીપે નીચે વહી રહ્યું છે તેમ જીવન પણ સમયે સમયે નષ્ટ થઈ રહ્યું છે તો મારા શું હવાલ થશે? એમ તે વિચારતો નથી. ।।૨૧।।

**એનો વિચાર કરે ન કોઈ; સુજ્ઞ વિરલા ચેતશે,**
**આદર સહિત સંયમ લઈ, સમ્યક્ પ્રકારે જીવશે-**

**તેને હથેળીમાં હજી છે મોક્ષ, સુખ સ્વર્ગાદિકે.''**
**સુણી શાલિભદ્ર વિચારતા : ''ચહું ઉર સંયમ આદિ એ. ૨૨**

**અર્થ :–** પ્રત્યક્ષ સ્થિતિને ઊંડાણથી કોઈ વિચારતું નથી. કોઈ સુજ્ઞ એટલે સારી રીતે તત્ત્વનો જાણનાર હશે તે વિરલા પુરુષ ચેતી જશે. તે આદર સહિત સંયમ અંગીકાર કરીને સમ્યક્પ્રકારે જીવન જીવશે. તેને હજી હથેળીમાં મોક્ષ છે અને સ્વર્ગાદિના સુખ પણ તેના માટે ઊભા છે. આ સાંભળીને શાલિભદ્ર વિચારવા લાગ્યા કે હું પણ મારા ઉર એટલે સાચા હૃદયથી આવા સંયમ આદિને ગ્રહણ કરવા ઇચ્છું છું. ।।૨૨।।

**માતા કને જઈ, અનુમતિ લઈ, લઈશ દીક્ષા ભગવતી.''**
**એવા વિચારે નિજ ગૃહે જઈ માતને કરી વિનતિઃ**
**''માતા મને ઘો અનુમતિ હું લઈશ દીક્ષા ભગવતી,**
**ઇચ્છું અનુત્તર મોક્ષપદ તે કારણે બનું સંયતિ.'' ૨૩**

**અર્થ :–** હવે માતા કને જઈ, તેમની અનુમતિ લઈને, ભગવતી એટલે ભગવાન દ્વારા અપાતી એવી દીક્ષાને ગ્રહણ કરીશ. એવા વિચારથી પોતાને ઘેર જઈ માતાને વિનંતિ કરવા લાગ્યા. હે માતા! મને અનુમતિ આપો જેથી હું ભગવતી દીક્ષાને ગ્રહણ કરું. હવે હું અનુત્તર એટલે જેનાથી કોઈ ચઢિયાતું નથી, જેના માથે કોઈ નથી એવા મોક્ષ પદને ઇચ્છું છું. તે મેળવવા હવે હું સંયતિ એટલે ઇન્દ્રિયોને નિગ્રહ કરવાવાળો સંયમી બનીશ. ।।૨૩।

**માતા કહે : ''હે! પુત્ર, પુષ્પ સમાન તન તુજ શું સહે?**
**કષ્ટો ઘણાં સંયમ તણાં, જાણ્યા વિના મુખથી કહે.''**
**ત્યાં શાલિભદ્ર કહે : ''અરે! કાયર જીવો સુખ-લોલુપી**
**સહી ના શકે એ ઇષ્ટ કષ્ટો જો ઉરે આશા છૂપી. ૨૪**

**અર્થ :–** માતા ભદ્રા કહેવા લાગ્યા : હે પુત્ર, તારું શરીર તો ફૂલ સમાન કોમળ છે. સંયમ પાળવામાં ઘણા કષ્ટો રહેલા છે. તે તારું શરીર સહન કરી શકે નહીં. તું તે કષ્ટોને જાણતો નથી માટે મુખથી એમ બોલે છે. ત્યારે શાલિભદ્ર કહેવા લાગ્યા અરે! સંસારસુખના લોલુપી એવા કાયર જીવો જેના હૃદયમાં છૂપી રીતે અનેક આશાઓ રહેલી છે તે આ ઇષ્ટ કષ્ટોને સહન કરી શકે નહીં. ।।૨૪।।

**શિશુ ચૂસતાં સ્તન જાણી અંગૂઠો છતાં દૂધ ના ઝરે,**
**ભવવાસી જીવો સુખ કાજે તેમ તનસેવા કરે;**
**ભ્રાંતિ વડે સંસારી જન સુખ શોધતાં દુઃખ પામતા**
**દેખી દયા આણી મુનિવર મોક્ષસુખ ઉપદેશતા.'' ૨૫**

**અર્થ :–** જેમ બાળક અંગૂઠાને સ્તન જાણી ચૂસતાં છતાં તેમાંથી દૂધ ઝરતું નથી, તેમ સંસારી જીવો સુખ માટે આ શરીરની સેવા કર્યા કરે છે, પણ ભ્રાંતિથી તે શરીરાદિમાં સુખ શોધતા છતાં દુઃખ જ પામે છે. એમ જોઈને દયા લાવી મુનિવરો શાશ્વત એવા મોક્ષસુખનો જ ભવ્યોને ઉપદેશ આપે છે. ।।૨૫।।

**સમજાવી માતાને પછી નિજ પત્નીને પ્રતિબોધતા,**
**દરરોજ તજતા એકને સંબોધી; એ ક્રમ સેવતા.**


શાલિભદ્ર અને ધન્નાભદ્ર
રાજા શ્રેણિક અને શાલિભદ્રનો મેળાપ
શાલિભદ્રે કરેલો મુનિ સમાગમ
એક એક પત્નીને પ્રતિ બોધતાં શાલિભદ્ર
આઠેય પત્નીઓને ત્યાગતાં ધન્નાભદ્ર
શાલિભદ્ર અને ધન્નાભદ્રનો વાર્તાલાપ
શાલિભદ્ર અને ધન્નાભદ્રે લીધેલી દીક્ષા
શાલિભદ્ર અને ધન્નાભદ્રે લીધેલું અનશન

**દે દાન અઢળક સર્વ ક્ષેત્રે; વીરતા ખરી આદરી,**
**સંયમ તણા અભ્યાસની બત્રીસ દિવસ મુદત કરી. ૨૬**

**અર્થ :–** માતાને સમજાવ્યા પછી પોતાની પત્નીને પ્રતિબોધવા લાગ્યા. પ્રતિદિન એક સ્ત્રીને સારી રીતે બોધ પમાડી ત્યાગવા લાગ્યા. એ ક્રમ સેવતા હતા. સાથે સર્વ ક્ષેત્રમાં અઢળક દાન પણ દેતા હતા. એમ ખરી શૂરવીરતા આદરીને સંયમના અભ્યાસ અર્થે બત્રીસ દિવસની મુદત નક્કી કરી. બત્રીસ દિવસમાં બત્રીસ સ્ત્રીઓને પ્રતિબોધી સંયમ લેવાનો નિર્ણય કરી લીધો. ।।૨૬।।

**છે બેન શાલિભદ્રની નાની સુભદ્રા નામની,**
**ઇચ્છિત વરે વરી ધન્યને તે નગરમાં સૌભાગ્યિની.**
**શ્રેણિક નૃપની સોમશ્રી પુત્રી હતી તેની સખી,**
**તે પણ વરી તે ધન્યવરને પૂર્ણ પુણ્યે નીરખી. ૨૭**

**અર્થ :–** શાલિભદ્રની નાની બેન સુભદ્રા હતી. તે સૌભાગ્યિની પોતાની ઇચ્છાએ તે જ નગરમાં રહેતા ધન્યકુમારને વરી હતી. શ્રેણિક રાજાની સોમશ્રી પુત્રી હતી. તે તેની સખી હતી. તે પણ ધન્યકુમારને પૂર્ણ પુણ્યશાળી જાણી તેને જ વરી હતી. ।।૨૭।।

**જાતે સુભદ્રા સ્નાનકાળે એકદા પતિપીઠ ઘસે,**
**વાંસા ઉપર અશ્રુ પડ્યાં તેથી પૂછે : "શું દુઃખ વસે?"**
**બોલી સુભદ્રા : "શાલિભદ્રે કામ માંડ્યું આકરું,**
**'બત્રીસ દિવસે સર્વ નારી તજી,' કહે, વ્રત આદરું.' " ૨૮**

**અર્થ :–** ધન્યકુમારના સ્નાન સમયે એક દિવસ સુભદ્રા જાતે પતિની પીઠ ઘસતી હતી. તે વખતે ધન્યકુમારના વાંસા ઉપર આંસુ પડ્યા. તેથી તેણે સુભદ્રાને પૂછ્યું કે તારા મનમાં શું દુઃખ છે? ત્યારે સુભદ્રા બોલી : મારા ભાઈ શાલિભદ્રે આકરું કામ આદર્યું છે. તે એમ કહે છે કે હું તો બત્રીસ દિવસે સર્વ સ્ત્રીઓને તજી પંચ મહાવ્રતને ધારણ કરીશ. ।।૨૮।।

**"કાયર કરે વિશ્વાસ દિન બત્રીસ તક મૃત્યુ તણો,"**
**એવાં વચન આ શેઠનાં વૈરાગ્ય સૂચવતાં ઘણો;**
**ત્યાં તો સુભદ્રા બોલી : "છે કરવું કઠણ એ આપથી,"**
**અક્લેશ ચિત્તે ઊઠી ચાલ્યા પૂર્વના સંસ્કારથી. ૨૯**

**અર્થ :–** જે કાયર હોય તે બત્રીસ દિવસ સુધી મૃત્યુનો વિશ્વાસ કરે. ધન્ય શેઠના આવા વચન અંતરંગમાં રહેલ ઘણા વૈરાગ્યને સૂચવતા હતા. ત્યાં તો સુભદ્રા બોલી : આવું આપથી થવું કઠણ છે. કહેવું સહેલું છે પણ કરવું મુશ્કેલ છે. ત્યાં તો અક્લેશમય ચિત્ત છે જેનું એવા ધન્યકુમાર ત્યાંથી ઊઠીને ચાલવા માંડ્યા. એ પૂર્વના સંસ્કારી જીવ હતા.

પૂર્વ જન્મમાં ગાયો ચરાવતાં જંગલમાં મુનિ મહાત્માનો બોધ સાંભળતા ઘણો જ મીઠો લાગ્યો હતો. હું પણ એવી મુનિચર્યાને અંગીકાર કરું એવી ભાવના ભાવતાં ઘર તરફ આવતાં રસ્તામાં સિંહે ફાડી ખાધા. પણ તે ભાવનાના કારણે દેહ છોડી આ ભવમાં તેઓ ધન્યકુમાર શેઠ બન્યા હતા. ।।૨૯।।

**પત્ની બીજી સાતે કહે : “મૂર્ખી કહે તે ના કરો.”**
**કરગરી સુભદ્રા બોલી કે “કરુણા કરી ના પરિહરો.”**
**માને નહીં ત્યારે કહે : “સંયમ અમે સૌ પાળીશું,**
**ને આપ સમ ઉત્તમ પુરુષને અનુસરીને ચાલીશું.” ૩૦**

**અર્થ :–** ધન્યકુમારને કુલ આઠ સ્ત્રીઓ હતી. તેથી બીજી સાતે પત્નીઓ કહેવા લાગી કે આ મૂર્ખી કહે તેમ ના કરો. ત્યારે સુભદ્રા પણ કરગરીને કહેવા લાગી કે હે નાથ! કરુણા કરીને અમને પરિહરો નહીં. છતાં ધન્યકુમારે તે માન્યું નહીં. ત્યારે આઠેય કહેવા લાગી કે અમે પણ સૌ સંયમ પાળીશું અને આપ સમાન ઉત્તમ પુરુષને અનુસરીને જ ચાલીશું. ।।૩૦।।

**તે સાંભળી ‘શાબાશ’ કહી લઈ સાથ ચાલી નીકળ્યા,**
**શ્રી શાલિભદ્ર કને જઈ કહે : “કેમ નિર્ભય થઈ રહ્યા?**
**વિશ્વાસ કોને કાળનો? તત્પર થઈ જાઓ હવે!**
**બત્રીસ દિનની ઢીલ ના વૈરાગીને કદી પાલવે. ૩૧**

**અર્થ :–** આઠેય પત્નીઓની ઉત્તમ ભાવના સાંભળીને તેમને શાબાશી દઈ, સર્વને સાથે લઈને ઘરથી ચાલી નીકળ્યા. અને શ્રી શાલિભદ્રની પાસે આવીને કહેવા લાગ્યા કે કેમ નિર્ભય થઈને રહ્યા છો? કાળનો કોને ભરોસો છે? કે તે બત્રીસ દિવસ સુધી ન જ આવે. હવે તૈયાર થઈ જાઓ. બત્રીસ દિવસની ઢીલ વૈરાગીને પાલવે નહીં. શુભ કાર્ય તો શીઘ્ર જ કરવું જોઈએ. ।।૩૧।।

**વૈભારગિરિ પર તીર્થપતિ આવી રહ્યા સદ્ભાગ્યથી,**
**દીક્ષા હવે લઈશું ચલો વીરહાથ સૌ સદ્ભાવથી.”**
**કહી તુર્ત ચાલ્યા, નીરખીને તે શાલિભદ્ર ત્વરા કરે;**
**વૈરાગ્યવંતની સંગતિ ઉત્સાહ અતિશય ઉર ભરે. ૩૨**

**અર્થ :–** વૈભારગિરિ ઉપર તીર્થપતિ ભગવાન મહાવીર આપણા સદ્ભાગ્યથી આવી રહ્યા છે. માટે હવે ચાલો આપણે બધા સદ્ભાવથી તેમના હાથે દીક્ષા લઈશું. એમ કહી તેઓ તુર્ત ચાલતા થયા. તે નીરખીને શાલિભદ્ર પણ હવે ત્યાગ માટે ત્વરા કરવા લાગ્યા. કેમકે વૈરાગ્યવંતની સંગતિ પણ અતિશય ઉત્સાહને હૃદયમાં ભરનાર હોય છે. ।।૩૨।।

---

(૫૮)

## માથે ન જોઈએ



ભાગ-૨

(હરિગીત)

*



**દેખો શ્રી શાલિભદ્ર ને ધનશેઠની કૃતાર્થતા,**
**આત્માર્થે જેનું બન્યું મન ઘર તજી ચાલી જતા-**

**જાણે ન કદીયે કાંઈ પોતાનું કર્યું આ ભવ વિષે;**
**નિઃસ્પૃહ તેવા ત્યાગ લેતા શાંત શ્રીમંતો દીસે. ૧**

**અર્થ :–** શ્રી શાલિભદ્ર અને શ્રી ધનશેઠની કૃતાર્થતાને જુઓ કે જેણે કરવાયોગ્ય સર્વ કર્યું. જેણે દેહ પ્રત્યે કે કુટુંબ પ્રત્યે અહંભાવ મમત્વભાવ મૂકી દઈ આત્મારૂપે જેનું મન બની ગયું. ઘર કે આટલી રિદ્ધિ છોડીને ચાલી જતાં આ ભવે જાણે કોઈ દિવસ પોતાનું કંઈ માન્યું જ નહોતું એવા તે નિઃસ્પૃહ પુરુષોની દશા વિચારવા યોગ્ય છે. આટલો મોટો ત્યાગ કરવા છતાં પણ તે શ્રીમંતો પરમશાંત દશામાં જણાતા હતા.

**"શ્રી શાલિભદ્ર પ્રત્યે (ધનાભદ્ર) કહેતા હવા કે તમે શા વિચારે કાળના વિશ્વાસને ભજો છો? તે શ્રવણ કરી, જેનું ચિત્ત આત્મારૂપ છે એવો તે શાલિભદ્ર અને ધનાભદ્ર 'જાણે કોઈ દિવસે કંઈ પોતાનું કર્યું નથી' એવા પ્રકારથી ગૃહાદિ ત્યાગ કરી ચાલ્યા જતા હવા."** (વ.પૃ.૩૮૮)

**સત્પુરુષના વૈરાગ્યનાં દૃષ્ટાંત દેખે સાંભળે,**
**તોયે કરે જીંવ કાળનો વિશ્વાસ રે! શાના બળે?**
**વિચાર કરવા યોગ્ય છે આ ઉર-ગુફામાં ઊતરી,**
**તીર્થંકરો જેવા તજી ઘર, વ્રત લઈ જાતા તરી. ૨**

**અર્થ :–** સત્પુરુષોના આવા વૈરાગ્યના દૃષ્ટાંતો દેખવા કે સાંભળવા છતાં પણ આ જીવ કાળનો વિશ્વાસ કયા બળે કરતો હશે? શું મોતની સાથે મિત્રતા હશે? કે મૃત્યુથી ભાગી છૂટી શકે એમ હશે? કે હું નહીં જ મરું એમ હશે? આ વાત હૃદયની ઊંડી ગુફામાં ઉતરીને વિચારવા યોગ્ય છે. તીર્થંકરો જેવા પણ ઘરબાર તજી વ્રત લઈને તર્યા છે. ।।૨।।

**"આવા સત્પુરુષના વૈરાગ્યને સાંભળ્યા છતાં આ જીવ ઘણા વર્ષના આગ્રહે કાળનો વિશ્વાસ કરે છે, તે કિયા બળે કરતો હશે? તે વિચારી જોવા યોગ્ય છે."** (વ.પૃ.૩૮૮)

**શ્રેણિક સુણી એ વાત ઉત્સવ આદરે દીક્ષા તણો,**
**માને મહોત્સવ ધર્મનો અવસર ચહે એ આપણો.**
**ન્હવરાવી બન્ને ધર્મમૂર્તિ, અવનવાં ભૂષણ ધરે,**
**જેને સહસ્ત્ર જનો વહે સુખપાલ તે આણી ઘરે- ૩**

**અર્થ :–** શ્રેણિક રાજાએ આ વાત સાંભળી દીક્ષાનો ભવ્ય ઉત્સવ આદર્યો, અને ધર્મનો આ મહોત્સવ છે એમ માનવા લાગ્યા. પોતાને પણ એવો દીક્ષાનો અવસર આવે એમ ભાવથી ઇચ્છવા લાગ્યા. શ્રી શાલિભદ્ર અને શ્રી ધન્યકુમાર બન્ને ધર્મમૂર્તિને સ્નાન કરાવી નવા નવા આભૂષણો પહેરાવ્યા. જેને સહસ્ત્ર એટલે હજાર માણસો ઉપાડી શકે એવા સુખપાલ એટલે પાલખીને, તેમના બેસવા માટે ઘરે આણી. ।।૩।।

**બેસારી બન્ને વીરને ધરી છત્ર, ચામર વીંઝતા,**
**વાજાં વિવિધ વાગે ઘણાં, પુર-સજ્જનો સાથે જતા.**
**વૈભારગિરિ પર પાલખીથી ઊતરી ઈશાનમાં**
**જઈ, મંડનાદિક માતને દઈ લોચ કરતા તાનમાં. ૪**

**અર્થ :–** તે પાલખીમાં બન્ને ધર્મમૂર્તિ વીરને બેસાડી, ઉપર છત્ર ધરી, ચામર વીંઝતા ચાલવા લાગ્યા. વિવિધ પ્રકારના ઘણા વાજાં વાગવા લાગ્યા. નગરના સજ્જન પુરુષો પણ બધા સાથે ગયા. વૈભારગિરિ ઉપર પાલખીમાંથી બન્ને વીર ઊતરી ઈશાન એટલે ઉત્તર અને પૂર્વ વચ્ચેની દિશામાં જઈ, મંડનાદિક કહેતા મંડન એટલે શણગાર આદિ સર્વ ઉતારી માતાને દઈ, તાનમાં એટલે આત્મોલ્લાસમાં આવી બન્ને વીર કેશ લોચ કરવા લાગ્યા.

**માતા પ્રભુને વંદી વદતી, "પુત્રભિક્ષા આ દઉં,**
**ત્રિભુવનપતિ! આ શિષ્ય વ્હોરો ધન્ય હું તેથી થઉં"**
**બન્ને ય તે શ્રી વીર આગળ પંચ મહાવ્રત ઉચ્ચરે;**
**છઠનું સદા કરી પારણું વળી છઠ તણું વ્રત તે ધરે. ૫**

**અર્થ :–** ભદ્રા માતા પ્રભુ મહાવીરને વંદન કરી કહેવા લાગ્યા કે હે ત્રિભુવનપતિ! આપને હું મારા પુત્રની ભિક્ષા આપું છું. એને વ્હોરી આપનો શિષ્ય બનાવો તેથી હું ધન્ય બની જાઉં. પછી શ્રી શાલિભદ્ર અને શ્રી ધન્યકુમાર બન્ને, શ્રી વીર પરમાત્મા આગળ પંચ મહાવ્રત ઉચ્ચરવા લાગ્યા. પછી છઠ એટલે બે ઉપવાસ કરી સદા પારણું કરતા અને વળી બે ઉપવાસનું આગળ વ્રત ધારણ કરી લેતા હતા. ।।૫।।

**ઓછો ન તપ તેથી કરે પણ તપ તણી વૃદ્ધિ વરે,**
**સ્ત્રીવૃન્દ પણ યમપંચ ધરી તપ જપ યથોચિત આદરે;**
**શ્રેણિક અને ભદ્રાદિ જન વંદન કરી નગરે ગયાં,**
**શ્રી વીર પણ પરિવાર સહ ત્યાંથી વિદેશે વિચર્યા. ૬**

**અર્થ :–** બે ઉપવાસથી ઓછું તપ કરતા નહોતા પણ તેથી વિશેષ તપવૃદ્ધિ થાય તેમ કરતા હતા. તેમની સ્ત્રીઓનો સમૂહ પણ પાંચ યમ એટલે પંચ મહાવ્રત ધારણ કરીને તપ જપ યથોચિત એટલે યથાયોગ્ય શક્તિ પ્રમાણે ગ્રહણ કરતા હતા. રાજા શ્રેણિક અને ભદ્રા શેઠાણી આદિ બધા લોકો ભગવાનને વંદન કરી નગરમાં ગયા. અને ભગવાન શ્રી મહાવીર પણ સાધુ સાધ્વી વગેરે પરિવાર સાથે ત્યાંથી બીજા દેશમાં વિહાર કરી ગયા. ।।૬।।

**ફરી રાજગૃહીમાં વીર પધાર્યા નગરજન-પુણ્યોવશે,**
**મુનિ શાલિભદ્ર પૂંછે પ્રભુને, 'પારણું મુજ ક્યાં થશે?'**
**'તુજ જનની હાથે પારણું પામીશ' એ વચનો સુણી,**
**શ્રી ધન્યમુનિ સહ જાય શાલિભદ્ર ભદ્રા-ઘર ભણી. ૭**

**અર્થ :–** ફરી રાજગૃહીમાં નગરજનોના પુણ્યવશાત્ ભગવાન મહાવીરનું પધારવું થયું. તે વખતે મુનિ શાલિભદ્રે પ્રભુને પૂછ્યું કે આજે મારું પારણું ક્યાં થશે? પ્રભુ કહે : તારી માતાના હાથે પારણાની સામગ્રી પામીશ. એ વચનો સાંભળી શ્રી ધન્યમુનિ સાથે શ્રી શાલિભદ્ર મુનિ પોતાની માતા ભદ્રાના ઘર ભણી રવાના થયા. ।।૭।।

**બન્ને ગયા ભદ્રાગૃહે પણ માત શકી ના ઓળખી,**
**પાછા ફર્યા ઘરથી તપસ્વી, નગર-દરવાજા લગી**

**જાતાં, મળી ડોશી, લઈ દહીં આવતી, વ્હોરાવતાં**
**સ્તનથી છૂટી દૂધધાર શાલિભદ્રને નિહાળતાં. ૮**

**અર્થ :—** બન્ને ભદ્રામાતાના ઘરમાં ગયા પણ માતા વિચારમગ્ન હોવાથી કોણ આવ્યું અને કોણ ગયું તેની ઓળખ એટલે જાણ થઈ શકી નહીં. તેથી ઘરમાંથી તે તપસ્વી પાછા ફરી નગરના દરવાજા લગી જતા ત્યાં એક ડોશીમા દહીં લઈને આવતી સામે મળી. તેને ભાવ આવવાથી આ મુનિ મહાત્માઓને દહીં વહોરાવ્યું તે વખતે શાલિભદ્રને નિહાળતા ડોશીમાના સ્તનમાંથી દૂધની ધાર છૂટી. ।।૮।।

**ભિક્ષા લઈ પ્રભુ પાસ જઈ, દેખાડીને પછી પૂછતાઃ**
**"માતા-કરે મુજ પારણું, આપે કહેલું તે છતાં**
**માતા ન મારી કાંઈ બોલી, મગ્ન નિજ વિચારમાં;**
**મહિયારીએ મુજને દીધી ભિક્ષા દહીંની પાત્રમાં." ૯**

**અર્થ :—** દહીંની ભિક્ષા લઈ પ્રભુ પાસે જઈ, તે દેખાડીને પછી પ્રભુને કહેવા લાગ્યા કે પ્રભુ! માતાના હાથે મારું પારણું થશે એમ આપે કહેલું, છતાં મારી માતા તો વિચારમાં મગ્ન હોવાથી કાંઈ બોલી જ નહીં અને એક મહિયારીએ એટલે ભરવાડણે મારા પાત્રમાં દહીંની ભિક્ષા મને આપી. એ વાત કેમ હશે? ।।૯।।

**"સુણ, શાલિભદ્ર, ખરું કહ્યું મેં," એમ વીર વાણી વદે,**
**"મહિયારી શાલિગ્રામની પૂર્વે ઘણી જ ગરીબ તે;**
**સંગમ ધરેલું નામ તેના પુત્રનું, પશુ ચારતો;**
**ઉત્સવ અમાવાસ્યા તણો ક્ષીરપાકનો ત્યાં આવતો. ૧૦**

**અર્થ :—** ત્યારે પ્રભુ મહાવીર કહેવા લાગ્યા કે હે શાલિભદ્ર તે સાંભળ. મેં તને ખરું કહ્યું છે. તે મહિયારી શાલિ નામના ગામની છે. જે પૂર્વે ઘણી જ ગરીબ હતી. તેને એક સંગમ નામનો પુત્ર હતો. તે પશુઓને ચરાવતો. તે ગામમાં અમાવસ્યાનો ઉત્સવ આવ્યો. તે દિવસે ક્ષીરપાક એટલે દૂધની ખીર બનાવીને ઘરના બધા જમે એવો રિવાજ હતો. ।।૧૦।।

**'પ્રત્યેક ઘર ખીર થાય આજે, ખીર વણ ખાવું બળ્યું,'**
**રઢ બાળ એવી લઈ રડે, પાડોશણોએ સાંભળ્યું-**
**કે એક દૂધ આપે, બીજી ચોખા, ત્રીજી ઘી-શર્કરા;**
**કરી ખીર, માએ પીરસી ગરમાગરમ; કરીને ત્વરા, ૧૧**

**અર્થ :—** પ્રત્યેક ઘરમાં આજે ખીર બને છે. મારે પણ ખીર વગર આજે ખાવું જ નથી. એવી રઢ લઈને બાળક સંગમ રડવા લાગ્યો. પાડોશણોએ તે વાત સાંભળીને એકે દૂધ આપ્યું, બીજીએ ચોખા અને ત્રીજીએ ઘી અને સાકર આપી. તેથી માએ ત્વરા કરીને એટલે ઉતાવળે તેની ખીર બનાવીને ગરમાગરમ બાળકને પીરસી. ।।૧૧।।

**માતા ગઈ પાડોશમાં, ત્યાં કામસર ખોટી થઈ;**
**ખીર માસ-ઉપવાસી મુનિને બાળ દે રાજી થઈ.**

**મા આવી મનમાં ચિંતવે કે પુત્ર હજી ભૂખ્યો દીસે,**
**માટે ફરી બધી ખીર પીરસી, 'ખાઈ જા' બોલી રીસે. ૧૨**

**અર્થ :–** ખીર બાળકને પીરસી માતા પાડોશમાં ગઈ. ત્યાં તેને કામવશ રોકાવું પડ્યું. તેટલામાં એક મહિનાના ઉપવાસી મુનિ તેના ઘરે આવી ચઢ્યા. બાળ સંગમે વિચાર્યું કે મુનિ મહાત્માને અડધી ખીર વહોરાવું. એમ ધારી આપવા જતાં બધી ખીર સરી પડી તો પણ તે બાળ સંગમ રાજી થયો. રડીને બનાવેલી ખીર આપીને પણ પુણ્યોદયે તે મનમાં હર્ષ પામ્યો. પછી તે થાળીમાં ચોટેલ ખીર ચાટવા લાગ્યો. તેટલામાં માએ આવી જોતાં મનમાં ચિંતવ્યું કે પુત્ર હજી ભૂખ્યો જણાય છે તેથી વધેલી બધી ખીર તેને પીરસી રીસમાં આવીને મા બોલી 'લે ખાઈ જા' બધું. ।।૧૨।।

**આકંઠ ખાધી બાળકે, રાત્રે અજીર્ણ થતાં મૂઓ,**
**ગોભદ્રને ત્યાં પુત્ર શાલિભદ્ર નામે તે હુઓ.**
**હે! શાલિ-સંયત, માત તારી જ પૂર્વભવની, ડોસી એ,"**
**એ સાંભળી કરી પારણું બન્ને થયા ઉદાસી તે. ૧૩**

**અર્થ :–** બાળક સંગમે આકંઠ એટલે ગળા સુધી તે ખીર ખાધી. તેથી રાત્રે અજીર્ણ થવાથી તેનું મૃત્યુ થયું. તે બાળક ગોભદ્ર શેઠને ત્યાં શાલિભદ્ર નામે અવતાર પામ્યો.

હે સંયત એટલે સંયમી શાલિભદ્ર! એ ડોશીમાં તારી જ પૂર્વભવની માતા છે. એ સાંભળીને પારણું કરી બન્ને ઉદાસી એટલે વૈરાગ્યભાવને પામ્યા કે અહો! આ સંસારની કેવી ક્ષણિકતા છે. પૂર્વભવમાં ખાવાના પણ સાંસા અને આ ભવમાં દેવતાઈ રિદ્ધિ. કર્મનું કેવું વિચિત્રપણું. હવે એ કર્મનો સર્વથા નાશ જ કરવો યોગ્ય છે, જેથી ફરી આવા ઉદય કદી આવે નહીં. ।।૧૩।।

**આજ્ઞા લઈ અંતિમ અનશન વ્રત ધરી એકાન્તમાં,**
**ધ્યાને ઊભા વૈભારગિરિના શુદ્ધ નિર્જન સ્થાનમાં.**
**ભદ્રા પ્રભુ પાસે જતાં, વંદન કરી પૂછે : 'કહો,**
**શેં શાલિભદ્ર ન આવિયા મુજ ઘેર ભિક્ષાર્થે અહો!" ૧૪**

**અર્થ :–** હવે ભગવાન મહાવીરની આજ્ઞાથી બન્ને અંતિમ અનશન વ્રત ધારણ કરીને એકાંત એવા વૈભારગિરિના શુદ્ધ નિર્જન વનમાં જઈ ધ્યાનમાં ઊભા રહી ગયા. ભદ્રા માતા પ્રભુ પાસે આવી વંદન કરીને પૂછવા લાગ્યા કે પ્રભુ! શાલિભદ્ર કયા કારણથી મારે ઘેર ભિક્ષાર્થે આવ્યાં નહીં, તે કહો. ।।૧૪।।

**અનશન સુધી પ્રભુએ કહી તે વાત સુણી ગિરિ પર ગઈ,**
**દર્શન કરી નિજ ભૂલની માગે ક્ષમા ગળગળી થઈ;**
**શ્રેણિક પણ આવી ચઢ્યા વંદન કરીને વીનવે :**
**"માતા સમાન ન તીર્થ બીજું; મુનિ, જુઓ માતા રૂવે." ૧૫**

**અર્થ :–** ભગવાને અનશન લીધા સુધીની બધી વાત કહી. તે સાંભળીને માતા વૈભારગિરિ પર ગઈ. તેમના દર્શન કરીને પોતાની ભૂલ માટે ગળગળી થઈને ક્ષમા માગવા લાગી. શ્રેણિક રાજા પણ ત્યાં આવી ચઢ્યા અને વંદન કરીને મુનિને વીનવવા લાગ્યા કે માતા સમાન કોઈ બીજું તીર્થ નથી. તમારી માતા રડે છે માટે મુનિ તેમના તરફ દયા લાવીને જરા નજર કરો. ।।૧૫।।

**પાષાણ સમ કરી કઠણ મન મુનિ બેય લીન સ્વરૂપમાં,**
**બોલે ન ચાલે કે જુએ નિર્મળ રહે નિજ રૂપમાં.**
**રાજા કહે : "મુનિરત્ન આવું ધન્ય તમ કૂખે ધર્યું!**
**ભદ્રા, તમે શાંતિ ધરો; જીવન સફળ પુત્રે કર્યું." ૧૬**

**અર્થ :—** પાષાણ એટલે પત્થર સમાન કઠણ મન કરીને મુનિ બેય સ્વરૂપમાં જ લીન રહ્યા. ન બોલે કે ન ચાલે કે જુએ પણ નિર્મળ એવા પોતાના આત્મસ્વરૂપના ધ્યાનમાં જ મગ્ન રહ્યા.

ત્યારે રાજા શ્રેણિક ભદ્રામાતાને કહેવા લાગ્યા કે આવું મુનિરત્ન તમે કૂખે ધારણ કર્યું માટે તમે પણ ધન્ય છો. હવે શાંતિને હૃદયમાં ધારણ કરો, કારણ કે તમારા પુત્રે તો આ મનુષ્ય જીવન સફળ કરી લીધું. ।।૧૬।।

**રાજા ગયા નિજ પુરમાં, માતા થઈ સાધ્વી સતી,**
**બન્ને મુનિ અંતે વર્યા સર્વાર્થસિદ્ધે સુરગતિ.**
**મુનિ બે ય મુક્તિ પામવાના ત્યાંથી ચવી માનવ થઈ,**
**માતા ય મુક્તિ પામશે સ્વર્ગે જઈ, નરભવ લઈ. ૧૭**

**અર્થ :—** રાજા શ્રેણિક પોતાના નગરમાં ગયા અને સતી એવી ભદ્રા માતા સાધ્વી બની ગઈ. શ્રી શાલિભદ્ર અને ધન્યકુમાર બન્ને મુનિ સમાધિપૂર્વક દેહત્યાગ કરીને સર્વાર્થસિદ્ધિ વિમાનમાં દેવરૂપે અવતર્યા. ત્યાંથી ચવીને માનવ થઈ બેય મુનિ મુક્તિને પામશે. માતા પણ અહીંથી સ્વર્ગમાં જઈ પછી મનુષ્યભવ પામી મોક્ષને મેળવશે. ।।૧૭।।

**શ્રેણિક તો પ્રારબ્ધ ગતિ નિજ નરકની પૂરી કરી,**
**પદ તીર્થપતિનું પામી ભરતે, મોક્ષપદ લેશે વરી.**
**સૌ મોક્ષગામી સજ્જનોની આ કથા વૈરાગ્યની,**
**પરમાર્થ-પંથે પ્રેમ જગવે, સૂચના સદ્ભાગ્યની. ૧૮**

**અર્થ :—** શ્રેણિક રાજા તો પોતાના પ્રારબ્ધ અનુસાર નરકની ગતિ પૂરી કરીને ભરતક્ષેત્રમાં તીર્થંકર પદવીને પામી મોક્ષપદને પામશે. સર્વ મોક્ષગામી સજ્જનોની આ કથા વૈરાગ્ય આપનાર છે અને પરમાર્થ માર્ગમાં પ્રેમ જાગૃત કરનાર છે કે આવી દેવતાઈ રિદ્ધિ ભોગવતાં સુખી જીવો પણ સંસાર ત્યાગી ચાલ્યા ગયા; તો હવે આપણે પણ પરમાર્થ પંથે પ્રેમ જગવી, આ તુચ્છ વિષયોનો અવશ્ય ત્યાગ કરવો જોઈએ. આપણા સદ્ભાગ્યનું આ સૂચન છે કે આવા પવિત્ર પુરુષોની કથાઓ, આવા કલિયુગમાં પણ આપણને સાંભળવા મળે છે. ।।૧૮।।

---

શાલિભદ્રે કર્મોના બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા એ ચાર ભાંગોને તોડવાનો, ભગવાન મહાવીરની આજ્ઞાથી પુરુષાર્થ કરી ઉત્તમ ગતિ સાધી. તે બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા કોને કહેવાય? એનું વિસ્તારથી વર્ણન કરી આગળના પાઠમાં હવે સમજાવવામાં આવે છે :—

(૫૯)

# (ચાર) ઉદયાદિ ભંગ

## ૧ બંધ*

આત્માના પ્રદેશો સાથે કાર્મણ વર્ગણાઓનું અથવા પુદ્ગલ પરમાણુઓનું, દૂધ અને પાણીની જેમ એકમેક થઈ જવું તેને બંધ તત્ત્વ કહે છે.



(દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો, હો લાલ, સમાધિરસે ભર્યો—એ રાગ)



*

### પ્રાસ્તાવિક

આ વિષય સંબંધી ભૂમિકારૂપે પ્રથમ ટૂંકો ઉલ્લેખ કરવો તે પ્રાસ્તાવિક કહેવાય છે.

**વંદું શ્રી રાજચંદ્ર અગાધ ગુણે ભર્યા, હો લાલ, અગાધ ગુણે ભર્યા;**
**બંધ, ઉદય, સત્તાદિ યથાર્થ લહી તર્યા, હો લાલ યથાર્થ લહી તર્યા. ૧**

**અર્થ :—** પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને હું ભક્તિભાવે પ્રણામ કરું છું કે જે આત્માને અનંત કાળના કર્મોથી કેમ છોડાવવો તે સંબંધીનું અગાધ એટલે અતિ ઊંડુ જ્ઞાન ધરાવનાર હોવાથી ગુણોના ભંડારરૂપ છે. તે ઊંડા જ્ઞાનને આધારે બંધ, ઉદય, ઉદીરણા અને સત્તામાં રહેલા કર્મના સ્વરૂપને યથાર્થ જાણી જેઓ સંસાર સમુદ્રને તરી ગયા.

તે કર્મનું સ્વરૂપ સંક્ષેપમાં નીચે પ્રમાણે છે :—

(૧) **બંધ :–** શુભાશુભ ભાવોનું નિમિત્ત પામી નવીન કર્મોનું ગ્રહણ કરવું તે બંધ.

(૨) **ઉદય** :— બાંધેલા કર્મના ફળનો અબાધાકાળ પૂર્ણ થયે ઉદયાવલિકામાં પ્રવેશ પામી ફળ આપવું તે ઉદય.

(૩) **ઉદીરણા** :— ઉદયમાં નહીં આવેલા કર્મોને બાર પ્રકારના તપ આદિવડે ઉદયમાં લાવી ભોગવી લેવાં તે ઉદીરણા.

(૪) **સત્તા** :— આત્મા સાથે બંધાયેલા કર્મોના જથ્થાનું અબાધાકાળ સુધી વળગી રહેવું તે કર્મોની સત્તા કહેવાય છે. ।।૧।।

**બંધાદિ-આધાર જીવોના ભાવ જે, હો લાલ જીવોના૦**
**ભિન્ન ગણાય અનંત, ચૌદ સંક્ષેપ તે. હો લાલ ચૌદ૦ ૨**

**અર્થ :—** જીવોને કર્મબંધ આદિના આધાર પોતાના શુભાશુભ ભાવ છે. શુભાશુભ નિમિત્તોના કારણે જેવા શુભાશુભ ભાવ જીવ કરે છે તેવા પ્રકારનો તેને શુભાશુભ કર્મનો બંધ થાય છે. ભાવથી બંધ અને ભાવથી મોક્ષ છે.

જે રાગદ્વેષાદિ વિભાવભાવો આત્મા કરે તે તેના સ્વભાવમાં નથી. તે વિભાવભાવોના અનંત પ્રકાર

* જુઓ 'બંધયંત્ર' પૃષ્ઠ ૬૦૦ ઉપર

છે. પણ સંસારી જીવોની અપેક્ષાએ સંક્ષેપમાં તેના ચૌદ ભેદ કરવામાં આવ્યા છે; તેને ચૌદ ગુણસ્થાનક કહેવાય છે. ।।૨।।

**ગુણસ્થાનો ભણાય; જણાવું નામથી હો લાલ જણાવું૦**
**[૧]મિથ્યાત્વ, [૨]સાસ્વાદન, [૩]મિશ્ર [૪]સુ-અવિરતિ, હો લાલ મિશ્ર૦ ૩**

**અર્થ :—** તે ચૌદ ગુણસ્થાન જીવની વર્તમાન અવિશુદ્ધ, અર્દ્ધ શુદ્ધ, શુદ્ધ, સંપૂર્ણ શુદ્ધ અવસ્થા બતાવનારી પારાશીશી અથવા થર્મોમીટર સમાન છે. જેથી જીવ વર્તમાનમાં કયા ગુણસ્થાનકમાં છે તે જાણી શકાય છે તેના નામો આ પ્રમાણે છે :—

(૧) મિથ્યાત્વ (૨) સાસ્વાદન (૩) મિશ્ર (૪) સુ-અવિરતિ એટલે સમ્યક્ત્વ સહિત અવિરતિ ગુણસ્થાનક છે. ।।૩।।

**[૫]દેશવ્રતી, [૬]પ્રમત્ત, [૭]અપ્રમત્ત સાતમું, હો લાલ અપ્રમત્ત સાતમું૦**
**[૮]નિવૃત્તિ, [૯]અનિવૃત્તિ, [૧૦]સૂક્ષ્મ, [૧૧]ઉપશમ અગ્યારમું હો લાલ ઉપ૦ ૪**

**અર્થ :—** (૫) દેશવ્રતી ગુણસ્થાનક (૬) પ્રમત્ત (૭) અપ્રમત્ત (૮) નિવૃત્તિ અથવા અપૂર્વકરણ ગુણ-સ્થાનક (૯) અનિવૃત્તિકરણ (૧૦) સૂક્ષ્મ સંપરાય (૧૧) ઉપશમ એટલે ઉપશાંતમોહ ગુણસ્થાનક છે. ।।૪।।

**[૧૨]ક્ષીણમોહી, [૧૩]સયોગ, [૧૪]અયોગ યથાર્થ તે—હો લાલ અયોગ૦**
**સમ્યગ્દર્શન-યોગ આદિ ચાર વર્ણવે, હો લાલ આદિ ચાર૦ ૫**

**અર્થ :—** (૧૨) ક્ષીણમોહ ગુણસ્થાન (૧૩) સયોગી કેવળી અને (૧૪) અયોગી કેવળી ગુણસ્થાન છે; તે યથાર્થ છે. પહેલાંના ચાર ગુણસ્થાનકમાં જીવની યોગ્યતા વધતા વધતા ચોથા ગુણસ્થાનકમાં જીવ આવે ત્યારે સમ્યક્દર્શન પામે છે. ।।૫।।

**બાકીનાં દશમાં ય, સ્વરૂપે સ્થિરતા, હો લાલ સ્વરૂપે૦**
**સંક્ષેપે જીવભાવ જણાવે વીરતા. હો લાલ જણાવે વીર૦ ૬**

**અર્થ :—** બાકીના દશમાંય એટલે પાંચમા ગુણસ્થાનથી તે ચૌદમા ગુણસ્થાન સુધી બધામાં ઓછા વત્તા પ્રમાણમાં સહજાત્મસ્વરૂપમાં સ્થિરતા હોય છે. તે ગુણસ્થાનોમાં રહેલા જીવોના ભાવ સંક્ષેપમાં પોતાના આત્મવીરત્વને જણાવે છે. ।।૬।।

**અનાદિ જીવ ને કર્મ-સંબંધ, પ્રભુ કહે હો લાલ સંબંધ૦**
**સુવર્ણ-પથ્થર જેમ, શુદ્ધતા જીવ લહે. હો લાલ શુદ્ધતા૦ ૭**

**અર્થ :—** અનાદિકાળથી જીવને કર્મનો સંબંધ સુવર્ણ એટલે સોનાના કણો સાથે પત્થર જેવી કડક માટીની જેમ છે; એમ ભગવાને કેવળજ્ઞાનથી જોઈને કહ્યું છે. સોનાના કણો અનાદિથી પત્થર જેવી કડક માટીની અંદર છૂટા છૂટા પથરાયેલા છે; તેને કોઈએ ત્યાં પાથર્યા નથી. તેમ કર્મોનો સંબંધ અનાદિકાળથી આત્મા સાથે છે. પણ તે સોનાના કણોને પત્થર જેવી માટીમાંથી છૂટા પાડી શકાય છે, તેમ કર્મમળ ટાળી જીવ પોતાના શુદ્ધાત્માને પામી શકે છે. ।।૭।।

**અહંપણું પ્રત્યક્ષ ન જીવ વિણ સંભવે, હો લાલ ન જીવ૦**
**વિચિત્રતા, વિણ કર્મ કોઈ નહિ દાખવે. હો લાલ કોઈ૦ ૮**

**અર્થ :—** જીવમાં અહંપણું એટલે હું છું તે સ્વસંવેદનાનો પ્રત્યક્ષભાવ, જીવ વગર કદી હોઈ શકે નહીં. તેમ જગતમાં દેખાતી જીવોની ચિત્રવિચિત્ર અવસ્થા પણ તે કર્મ વગર કોઈ બતાવી શકે નહીં. જગતમાં ચિત્રવિચિત્રપણું બતાવી નાટકના પાત્રોની જેમ જીવને નચાવનાર તે કર્મ છે. કર્મ જીવને રાંક બનાવે, કર્મ ઊંચે-નીચે ભમાવે, કર્મ જ શાતા અશાતા ઉપજાવે છે. વ્યવહારનયથી કર્મનો કર્તા પણ પોતે અને તેનો ભોક્તા પણ પોતે જ છે; એ વિના બીજું કોઈ હોઈ શકે નહીં. ।।૮।।

**૧ બંધ** (સામાન્ય)

**ગ્રહે જીવ નવીન કર્મ : બંધ-સ્વરૂપ તે, હો લાલ બંધ૦**
**અસંખ્ય લોક-પ્રમાણ પ્રકૃતિ બંધ છે, હો લાલ પ્રકૃતિ૦ ૯**

**અર્થ :—** પૂર્વકર્મના ઉદયનું નિમિત્ત પામી, જો જીવ શુભાશુભભાવે તેમાં જોડાય તો નવીન કર્મનો બંધ થાય છે. તે ક્ષીરનીરવત્ હોય છે. તેને બંધસ્વરૂપ કહેવામાં આવે છે.

લોકાકાશ અસંખ્યપ્રદેશ પ્રમાણ છે. તેમ જગતમાં રહેલા જીવોના અસંખ્ય પ્રકારના જુદા જુદા ભાવો હોવાથી કર્મ પ્રકૃતિનો બંધ પણ અસંખ્ય પ્રકારનો છે. ।।૯।।

**તોપણ મુખ્યે આઠ; તેના ય ભેદ બે-હો લાલ તેના ય૦**
**ઘાતી, અઘાતીરૂપ; વિભાવ નિમિત્ત એ. હો લાલ વિ૦ ૧૦**

**અર્થ :—** છતાં તે સર્વ પ્રકૃતિઓને જ્ઞાનાવરણાદિ મુખ્ય આઠ પ્રકૃતિઓમાં ભગવાને વણી લીધી છે. તેના પાછા ઘાતી, અઘાતીરૂપે બે ભેદ છે. આત્માના મૂળગુણોને જે ઘાતે અર્થાત્ હણે તે ઘાતી કર્મ છે. તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયકર્મ છે. જે આત્માના મૂળગુણોને હણે નહીં તે અઘાતી કર્મ છે. તે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્રકર્મ છે. આ આઠેય કર્મપ્રકૃતિઓનો ઉદય જીવને વિભાવભાવનું નિમિત્ત બની, નવીન કર્મબંધનું કારણ થાય છે. આ આઠેય કર્મની બંધયોગ્ય પ્રકૃતિઓ એકસોને વીશ ભગવાને જણાવી છે. ।।૧૦।।

**જીવનું લક્ષણ જ્ઞાન, તેને જ આવરે-હો લાલ તેને જ૦**
**જ્ઞાનાવરણીય જાણ ઘટ જેમ દીપ પરે. હો લાલ ઘટ૦ ૧૧**

**અર્થ :—** જ્ઞાનાવરણીયાદિ આઠેય કર્મની બંધયોગ્ય પ્રકૃતિઓને હવે વિસ્તારથી જણાવે છે —

**જ્ઞાનાવરણીય કર્મ :—** જીવનું મુખ્ય લક્ષણ જ્ઞાન છે. તેના ઉપર જે આવરણ લાવે તેને જ્ઞાનાવરણીય કર્મ જાણો. જેમ દીપક ઉપર ઘડો મૂકવાથી દીપકનું તેજ હોવા છતાં બહાર દેખાતું નથી. અથવા આંખે પાટા બાંધવાથી જોવાની શક્તિ હોવા છતાં આંખવડે પદાર્થ જોઈ શકાતો નથી; તેમ જ્ઞાનાવરણીય કર્મનું આવરણ જાણો. ।।૧૧।।

**તેના ભેદો પાંચ મુખ્ય તો જાણવા, હો લાલ મુખ્ય૦**
**દર્શનાવરણીય કર્મ દેતું નહિ દેખવા, હો લાલ દેતું૦ ૧૨**

**અર્થ :—** તે જ્ઞાનાવરણીય કર્મના મુખ્ય પાંચ ભેદ છે. તે આત્માના જ્ઞાન ગુણને રોકે છે, માટે અવશ્ય જાણવા. તે આ પ્રમાણે છે :—

(૧) **મતિજ્ઞાનાવરણીય :—** જે પાંચ ઇન્દ્રિય તથા મનથી જ્ઞાન થાય તે મતિજ્ઞાન. તે મતિજ્ઞાન

ઉપર આવરણ લાવે તે મતિજ્ઞાનાવરણીય.

(૨) **શ્રુતજ્ઞાનાવરણીય :—** જે શ્રુતજ્ઞાન ઉપર આવરણ લાવે.

(૩) **અવધિજ્ઞાનાવરણીય :—** અવધિ એટલે મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોને જે દેખાડે તે અવધિજ્ઞાન. અને તેને ઢાંકે તે અવધિજ્ઞાનાવરણીય કર્મ. જે દેવ તથા નારકીને તે ભવમાં જન્મથી હોય છે. તે ભવપ્રત્યયી કહેવાય છે. અને જે મનુષ્યને ગુણો પ્રગટવાથી ઊપજે તે ગુણ પ્રત્યયી અવધિજ્ઞાન કહેવાય છે.

(૪) **મનઃપર્યવજ્ઞાનાવરણીય :—** અઢી દ્વીપ તથા બે સમુદ્રમાં રહેલા કોઈપણ સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય અને તિર્યંચ આદિ જીવોના મનના ભાવોને જે જણાવે તે મનઃપર્યવજ્ઞાન. તેના ઉપર જે આવરણ લાવે તે મનઃપર્યવજ્ઞાનાવરણીય કર્મ છે.

(૫) **કેવળજ્ઞાનાવરણીય :—** ચારેય ઘાતીયા કર્મ ક્ષય થવાથી સકળ લોકાલોકના સ્વરૂપને સ્પષ્ટ જણાવનાર જ્ઞાન તે કેવલજ્ઞાન છે. તેના ઉપર આવરણ લાવનાર તે કેવળજ્ઞાનાવરણીય કર્મ છે.

**જ્ઞાનાવરણીય કર્મબંધના મુખ્ય કારણો :—**

આ પાંચ જ્ઞાન પ્રાપ્તિના સાધનો પુસ્તક, પેન, પાટી આદિની અશાતના કરવી, તેનો વિનાશ કરવો, જ્ઞાની પ્રત્યે વિરુદ્ધ વર્તન કરવું, જ્ઞાનદાતા ગુરુને છૂપાવવા, તેમના પ્રત્યે દ્વેષ રાખવો, ભણવામાં અંતરાય કરવો. એમ જ્ઞાન, જ્ઞાની તથા શ્રી જિનેશ્વર ભગવાનની અશાતના કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો બંધ થાય છે. તેથી જીવમાં મંદબુદ્ધિ અથવા મૂર્ખતા આવે છે તેમજ દર્શનાવરણીય કર્મબંધના પણ આ કારણો છે.

જ્ઞાન, જ્ઞાનીની તથા સત્‌દેવોની ભક્તિ કરવાથી તથા બાર પ્રકારના તપ કરવાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય છે.

**દર્શનાવરણીય કર્મ :—** આત્માની અનંત દર્શનશક્તિવડે સકળ વિશ્વ, પોતાની નિર્મળતા થવાથી સહજે જોઈ શકાય; પણ આ દર્શનાવરણીય કર્મ તે શક્તિને રોકે છે. ।।૧૨।।

**દ્વારસ્થ રોકે જેમ ન નૃપને દેખીએ, હો લાલ ન નૃપને૦**
**તેના વળી નવ ભેદ નિદ્રાદિ લેખીએ, હો લાલ નિદ્રાદિ૦ ૧૩**

**અર્થ :—** જેમ રાજમહેલના દ્વાર ઉપર ઉભેલ દ્વારપાળ રાજા પાસે ન્યાય કરાવવા જનાર વ્યક્તિને રાજાના દર્શન કરવા દેતો નથી; તેમ આ કર્મ પણ નવ પ્રકારે આત્માની અનંત દર્શનશક્તિ ઉપર આવરણ લાવી વિશ્વનું દર્શન કરવા દેતું નથી. તેના પ્રકાર નીચે પ્રમાણે છે :—

(૧) **ચક્ષુદર્શનાવરણીય :—** જેના ઉદયથી આંખોની જોવાની શક્તિ ઓછી થાય.

(૨) **અચક્ષુદર્શનાવરણીય :—** જેના ઉદયથી આંખ સિવાય બીજી કાન, નાક, જીભ અને ચામડીની સ્પર્શેન્દ્રિય શક્તિ ઓછી થાય; અર્થાત્ કાને ઓછું સંભળાય, નાકથી શ્વાસ લેવામાં તકલીફ પડે અથવા ગંધ ન આવે વગેરે.

(૩) **અવધિદર્શનાવરણીય :—** જેના ઉદયથી દીવાલ, પહાડ કે મસ્તક પાછળના રૂપી પદાર્થો ન દેખાય.

(૪) **કેવળદર્શનાવરણીય :—** જેના ઉદયથી લોકાલોકના સર્વ રૂપી કે અરૂપી પદાર્થો ન દેખાય. આનું કારણ દર્શનાવરણીય કર્મ છે. વળી દર્શનાવરણીય કર્મ પાંચ પ્રકારની ઊંઘવડે જીવ ઉપર આવરણ

લાવે છે. તે આ પ્રમાણે :—

(૫) **નિદ્રા :—** નિદ્રાવડે આત્મા ઉપર આવરણ લાવે. પણ આ નિદ્રાના ઉદયથી માણસ સુખેથી જાગી શકે. કૂતરાની જેમ તરત અવાજ સાંભળતા જાગી જાય.

(૬) **નિદ્રા-નિદ્રા :—** જેના ઉદયથી ઢંઢોળતાં મુશ્કેલીથી જાગે.

(૭) **પ્રચલા :—** જેના ઉદયથી જીવને ગાય, ભેંસ કે ઊંટની જેમ ઊભાઊભા કે બેઠાબેઠા ઊંઘ આવે.

(૮) **પ્રચલા—પ્રચલા :—** જેના ઉદયથી ઘોડા વગેરેની જેમ રસ્તામાં ચાલતા ચાલતા ઊંઘ આવે.

(૯) **સ્ત્યાનગૃદ્ધિ :—** જેના ઉદયથી જીવ દિવસે ચિંતવેલા કાર્યને, જે દિવસે કરવું અશક્ય હોય તેને ઊંઘમાં કરી આવે. આ ઊંઘવાળા પ્રથમ સંઘયણીને વાસુદેવના બળ કરતાં અર્ધુ બળ પ્રાપ્ત હોય છે. અતિ વિચિત્ર પ્રકારની આ ઊંઘ છે. આ નિદ્રાવાળો જીવ મરીને નરકે જાય. વર્તમાનકાળે આ ઊંઘવાળાને પોતાના બળ કરતા ત્રણચાર ગણું બળ આવે છે.

**દર્શનાવરણીય કર્મબંધના કારણો :—**

ઇન્દ્રિયોનો દુરઉપયોગ કરવાથી આ કર્મનો બંધ થાય છે. જેમકે ચક્ષુઇન્દ્રિયનો બીજાના દોષો જોઈ દુરુપયોગ કરવાથી કે જીભાદિ ઇન્દ્રિયો વડે બીજાની નિંદા કરવાથી અથવા દેવગુરુધર્મનું શ્રદ્ધાપૂર્વક પાલન નહિં કરવાથી આ દર્શનાવરણીય કર્મનો બંધ થાય છે. દર્શન—ભગવાનના દર્શનની, દર્શની—દર્શન કરનાર આરાધકની, અને દર્શનના સાધનો મૂર્તિ કે ચિત્રપટ વગેરેની આશાતના, નિંદા, અપમાન કરવાથી પણ આ કર્મનો બંધ થાય છે. અને દેવગુરુધર્મનું શ્રદ્ધાપૂર્વક આરાધન કરવાથી, ભક્તિ કરવાથી કે ઇન્દ્રિયોનો સદ્ઉપયોગ કરવાથી દર્શનાવરણીય કર્મનો ક્ષય થાય છે. ।।૧૩।।

**સુખ-દુઃખનો દે સાજ, કહી વેદનીય તે, હો લાલ કહી૰**
**મધ-ખરડી તરવાર જીભે સુખ-દુઃખ દે, હો લાલ જીભે૰ ૧૪**

**વેદનીય કર્મ :—** વેદનીયકર્મ શાતા અશાતારૂપે સુખદુઃખના સાજ એટલે રોગાદિક સાધનોવડે સુખદુઃખનો અનુભવ કરાવે તે વેદનીય કર્મ છે. આ કર્મ આત્માના અવ્યાબાધ સુખગુણને રોકે છે. મધથી ખરડાયેલી તરવાર જેવું આ કર્મ છે. તરવાર ઉપર રહેલ મધને જીભવડે ચાટતાં મીઠો સ્વાદ આવે તે રૂપ શાતાવેદનીય કર્મ સંસાર સુખ અને તરવારના ધારથી જીભ કપાતાં પીડા થાય તે અશાતાવેદનીયરૂપ સંસારનું દુઃખ છે, આવા સંસારસુખના ક્ષણિક અનુભવ વખતે હિંસાદિથી કાર્ય થતાં અશાતાવેદનીય-કર્મ બંધાય અને તેના ઉદયથી ફરી દુઃખ આવે. ।।૧૪।।

**બે ભેદ તે જાણ; મોહનીય કર્મ તો હો લાલ મોહનીય૰**
**કરે અસાવધ દારૂ સમાન વિચારજો, હો લાલ સમાન૰ ૧૫**

તે વેદનીય કર્મના બે ભેદ છે.

**(૧) શાતાવેદનીય :—** જેના ઉદયથી શરીર નિરોગી રહે. પરિવાર સુખી હોય કે માનસિક શાતા રહે તે શાતાવેદનીય.

**(૨) અશાતાવેદનીય :—** જેના ઉદયથી જીવને તાવ આવે, માથું દુઃખે, પેટ દુઃખે, ગુમડા થાય, સંગ્રહણી, ક્ષય કે કેન્સર વગેરે થાય અથવા પરિવાર અશાતા આપે કે મનમાં અશાંતિ આદિ રહે તે સર્વ અશાતાવેદનીય કર્મ છે.

**અશાતાવેદનીય કર્મબંધના કારણો :—**

બીજા જીવોને દુઃખ આપવાથી, હેરાન કરવાથી, હિંસા કરવાથી કે મારવાથી કે વધ, બંધન, છેદન, ભેદન, તાડન કરવાથી અશાતા વેદનીય કર્મનો બંધ થાય છે. વળી દેવગુરુધર્મની નિંદા વગેરે કરવાથી કે દુઃખ, શોક, સંતાપ, આક્રંદન, રૂદન કરવાથી, પણ અશાતાવેદનીયકર્મ બંધાય છે. તેથી વિપરીત દેવગુરુ-ધર્મની ભક્તિ કરવાથી, ક્ષમા, દયા, વ્રતપાલન, મન, વચન, કાયાની શુભપ્રવૃત્તિ, ક્રોધાદિ કષાયોનો જય, સુપાત્રદાન, ધર્મમાં દૃઢતા અને સેવા કરી જીવોને સુખ શાંતિ આપવાથી શાતાવેદનીય કર્મનો બંધ થાય છે. સંસારની તમામ અનુકૂળતાઓ અથવા સાંસારિક સુખ તે શાતાવેદનીય કર્મના ઉદયથી મળે છે.

**મોહનીય કર્મ :—** મોહનીય કર્મ જીવને દારૂ પીધેલાની જેમ અસાવધ એટલે બેભાન બનાવે છે. દારૂ પીધેલો માણસ જેમ પોતાનું ભાન ભૂલે તેમ મોહનીય કર્મના બળે આત્મા પોતાના હિતાહિતના વિવેકને ભૂલે છે. તે પોતાના સ્વરૂપને ભૂલી સંસારની મોહમાયામાં લપટાઈ જાય છે. જેથી તેને સમ્યક્દર્શન કે સર્વસંગ પરિત્યાગ ઉદયમાં આવતા નથી. ।।૧૫।।

**છવ્વીસ ભેદે બંધ થતો મોહનીયનો; હો લાલ થતો૦**
**રોકે બેડી સમાન આયુષ્ય-કર્મ તો. હો લાલ આયુષ્ય૦ ૧૬**

આ મોહનીય કર્મનો છવ્વીસ ભેદથી બંધ થાય છે તે નીચે પ્રમાણે :—

વળી મોહનીય કર્મના બે ભેદ છે.

**(૧) દર્શનમોહનીય કર્મ :—** તેનો ઉદય આત્માના સમ્યગ્દર્શનગુણને રોકે છે, અર્થાત્ સમ્યગ્દર્શન થવા દે નહીં. આ દર્શનમોહનીય કર્મ બંધની અપેક્ષાએ એક મિથ્યાત્વરૂપ છે. પણ સમકિત થયા પછી તેના મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય એમ ત્રણ ભેદ પડે છે. તેથી અહીં દર્શનમોહનીય કર્મની એક મિથ્યાત્વ મોહનીયની પ્રકૃતિને જ ગણતરીમાં લઈ, કુલ્લે મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિને બદલે ૨૬ પ્રકૃતિવડે બંધ થતો જણાવવામાં આવેલ છે, તે યથાર્થ છે.

**દર્શનમોહનીય કર્મના ત્રણ ભેદ :—**

**૧. મિથ્યાત્વ મોહનીય :—** જેના ઉદયથી જિનપ્રણિત તત્ત્વ ઉપર શ્રદ્ધા ન થાય. ઊંધી મતિ હોય.

**૨. મિશ્ર મોહનીય :—** ''સત્ય તત્ત્વ તરફ કાંઈક શ્રદ્ધા અને કાંઈક અશ્રદ્ધા રખાવે છે. તેમજ અસત્ય તત્ત્વ તરફ પણ કાંઈક શ્રદ્ધા અને કાંઈક અશ્રદ્ધા ઉત્પન્ન કરે છે.'' -કર્મગ્રંથસાર્થ ભાગ-૧ (પૃ.૧૭૩)

''મિશ્ર મોહનીય—જ્ઞાનીએ કહ્યું છે તે પણ ઠીક છે અને આપણે આજ સુધી કરતા આવીએ છીએ તે પણ ઠીક છે. સદ્ગુરુ સારા છે અને આપણા કુળગુરુ અજ્ઞાની હોય તો પણ તે સાધુ છે, આચાર્ય છે, સારા પૂજવા લાયક છે એવી માન્યતા તે મિથ્યાત્વમોહનીય કરતાં ઓછા ઝેરવાળી પણ સમકિત ન થવા દે તેવી છે.'' -બોધામૃત ભાગ-૩ (પૃ.૭૩૧)

**૩. સમકિત મોહનીય :—** જેના ઉદયથી સમ્યગ્દર્શનનો નાશ થતો નથી. પણ પોતે દેરાસર કરાવ્યું હોય ત્યાં બહુ શાંતિ જણાય અથવા શ્રી શાંતિનાથ કે શ્રી પાર્શ્વનાથ આદિને વિશેષ હિતકર્તા જાણી તેવો ભેદ સમજણમાં રહે તે. આ સમકિત મોહનીયનો ઉદય હોય તેને ક્ષયોપશમ સમકિત કહેવાય.

**(૨) ચારિત્રમોહનીય કર્મ :—** એનો ઉદય આત્માના ચારિત્ર ગુણને રોકે અર્થાત્ આત્માના સ્વભાવમાં સ્થિરતા આવવા ન દે; તે ચારિત્ર મોહનીય કર્મનું પ્રબળપણું છે.

**ચારિત્રમોહનીય કર્મના પચ્ચીસ ભેદ :–**

(૧) કષાય–૧૬, અને (૨) નોકષાય–૯ બેય મળીને ૨૫ ભેદ.

**૧૬ કષાય :–** કષ એટલે સંસાર અને આય એટલે તેનો લાભ થવો તે કષાય. જેનાથી સંસારની વૃદ્ધિ (લાભ) થાય તે કષાય.

**(૧) ૪ અનંતાનુબંધી કષાય :–** ક્રોધ, માન, માયા, લોભ. આ ચાર કષાયો અતિ ઉગ્ર સ્વભાવના છે. અનંત સંસારની પરંપરાને વધારનાર છે. સમકિત પ્રાપ્ત થવા દે નહીં.

**(૨) ૪ અપ્રત્યાખ્યાની કષાય :–** ક્રોધ, માન, માયા લોભ. આ ચાર કષાયો વ્રત પચ્ચખાણ આવવા ન દે. શ્રાવકના દેશવિરતિ ગુણને રોકે.

**(૩) ૪ પ્રત્યાખ્યાની કષાય :–** ક્રોધ, માન, માયા, લોભ. આ ચાર કષાયો સર્વ સંગપરિત્યાગરૂપ આત્મજ્ઞાન સહિત મુનિપણું આવવા ન દે.

**(૪) ૪ સંજ્વલન કષાય :–** ક્રોધ, માન, માયા, લોભ. આ ચાર કષાયો પરિષહ આદિ ઉપસર્ગમાં ચિત્તને ચંચળ કરે. યથાખ્યાત ચારિત્ર ન આવવા દે.

**નોકષાયના ૯ ભેદ :–**

કષાય ઉત્પન્ન થવામાં જે સહાયક કારણો તે નોકષાય છે.

**૧. હાસ્ય :–** વિશિષ્ટ નિમિત્ત હોય કે ન હોય છતાં પણ જેના ઉદયથી હસવું આવે. જે વેરનું કારણ પણ થાય.

**૨. રતિ :–** જેના ઉદયથી મનગમતા પદાર્થો ઉપર રાગ થાય, આનંદ થાય.

**૩. અરતિ :–** જેના ઉદયથી અણગમતી વસ્તુઓમાં ખેદ થાય.

**૪. ભય :–** જેના ઉદયથી ભયવાળા સ્થાનકો દેખી બીક લાગે.

**૫. શોક :–** જેના ઉદયથી ઇષ્ટ વસ્તુના વિયોગમાં અને અનિષ્ટવસ્તુના સંયોગમાં અફસોસ થાય. છાતી વગેરે કૂટવાં, રડવું, વિલાપ કરવો, લાંબા નિસાસા લેવા, જમીન ઉપર આળોટવું વગેરે.

**૬. જુગુપ્સા :–** જેના ઉદયથી અમુક વ્યક્તિ કે પદાર્થો જોઈ કંટાળો આવે.

**૭. પુરુષવેદ :–** જેના ઉદયથી સ્ત્રી સમાગમની ઇચ્છા થાય.

**૮. સ્ત્રીવેદ :–** જેના ઉદયથી પુરુષ સમાગમની ઇચ્છા થાય.

**૯. નપુંસકવેદ :–** જેના ઉદયથી પુરુષ તથા સ્ત્રી બન્નેના સમાગમની ઇચ્છા થાય.

આઠેય કર્મોમાં મોહનીય કર્મ સૌથી ભયંકર છે. રાગ, દ્વેષ તથા અજ્ઞાનના કારણે અનાદિકાળથી આ કર્મ જીવને મૂંઝવે છે.

**દર્શનમોહનીય કર્મબંધના કારણો :–**

ઉન્માર્ગની દેશના, સન્માર્ગનો નાશ, ઉત્સૂત્ર પ્રરૂપણા, દેવદ્રવ્યનું હરણ તેમજ શ્રી જિનેન્દ્રદેવ, નિર્ગ્રંથમુનિ, જિન ચૈત્ય (દેરાસર) સંઘ કે સિદ્ધાંતની નિંદા કરવી તથા તેનાથી વિરુદ્ધ વર્તન કરવાથી દર્શનમોહનીય કર્મ બંધાય છે. તેથી મિથ્યાત્વ ગાઢ થાય છે.

**ચારિત્રમોહનીય કર્મબંધના કારણો :–**

ક્રોધ, માન, માયા, લોભ અને હાસ્યાદિની પ્રવૃત્તિ કરવાથી તેમજ વિષયભોગમાં આસક્ત બનવાથી

ચારિત્રમોહનીય કર્મનો બંધ થાય છે.

પણ સમ્યક્ સમજણ મેળવી કર્મના ઉદયમાં સમભાવ રાખવાથી, સહનશીલતાથી તથા કમળની જેમ સંસારમાં નિર્લેપ રહેવાથી આ મોહનીય કર્મ ક્ષીણ થાય છે.

**આયુષ્ય કર્મ :–** જે કર્મના ઉદયથી જીવને નરકાદિ ગતિઓમાં નિશ્ચિત સમય સુધી રોકાઈને રહેવું પડે તે આયુષ્ય કર્મ. તે બેડી સમાન છે. સજા પામેલ કેદી નિયત સમય પહેલા બેડીથી છૂટી શકે નહીં; તેમ આ પણ છે. આ કર્મના ઉદયથી આત્માનો અક્ષય સ્થિતિ ગુણ રોકાઈને રહે છે.

**આયુષ્ય કર્મના ભેદ :–** નરકાયુ, તિર્યંચાયુ, મનુષ્યાયુ, દેવાયુ; એમ આયુષ્યકર્મના ચાર ભેદ છે.

આ કર્મને લીધે જન્મ લેવો પડે, જીવવું પડે, મરવું પડે. જીવનમાં એક જ વાર એક ભવના આયુષ્ય કર્મનો બંધ પડે. જે ગતિનો બંધ પડે તેમાં જવું જ પડે છે.

**આયુષ્ય કર્મબંધના કારણો :–**

**નરકાયુ :–** મહાઆરંભ, મહાપરિગ્રહ, રૌદ્ર (ક્રૂર) પરિણામ, પંચેન્દ્રિય વધ, માંસભક્ષણ, અનંતાનુબંધી કષાયવાળી વેર પરંપરા, રાત્રિભોજન અને પરસ્ત્રીગમન વગેરેથી જીવને નરકાયુનો બંધ પડે છે.

**તિર્યંચાયુ :–** કોઈના ગૂઢ રહસ્ય પ્રગટ કરવા, છળકપટ, ખોટા તોલમાપ કરવા, કપટસહિત જૂઠું બોલવું તથા અપ્રત્યાખ્યાની કષાયવાળા અને આર્ત્તધ્યાન વગેરેથી જીવ તિર્યંચગતિનું આયુષ્ય બાંધે છે.

**મનુષ્યાયુ :–** સ્વભાવથી મંદ કષાય, અલ્પ આરંભ-પરિગ્રહ, સ્વાભાવિક નમ્રતા, સરળતા, સભ્યતા, ઉદારતા વગેરેથી મનુષ્યાયુનો બંધ પડે છે.

**દેવાયુ :–** સંયમ, દેશસંયમ, બાળ-અજ્ઞાન તપ તથા અકામ નિર્જરા વગેરેથી જીવ દેવાયુનો બંધ કરે છે.

**શરીરાદિ આકાર ચિતારા સમ કરે હો લાલ ચિતારા૦**
**નામ-કર્મનો બંધ સડસઠ રૂપ ધરે. હો લાલ સડસઠ. ૧૭**

**અર્થ :– નામકર્મ :–** નામકર્મ એ ચિતારા એટલે ચિત્રકાર જેવું છે. ચિત્રકાર જેમ દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકીના ચિત્રો દોરે તેમ અથવા નટ જેમ અનેક પ્રકારના રૂપો ધારણ કરે તેમ આપણે પણ આ શુભ અશુભ નામકર્મના પ્રભાવે અનેક શરીરાદિ રૂપોને ધારણ કરીએ છીએ.

આ કર્મના ઉદયથી આત્માનો અમૂર્તિક એટલે અરૂપી દિવ્યશક્તિ ગુણ રોકાઈ રહે છે. નામકર્મની બંધયોગ્ય કુલ ૬૭ પ્રકૃતિઓ નીચે પ્રમાણે છે.

**નામકર્મની ૬૭ પ્રકૃતિઓ :–**

તેમાંથી ૩૯ પિંડ એટલે સમૂહ પ્રકૃતિ. તે ૧૨ ભેદે બતાવી, બીજા બે ભેદ વિષે નીચે નોંધ આપેલ છે.

**૧. ગતિનામ કર્મ :–** જે કર્મના ઉદયથી જીવ નરકાદિ ગતિમાં ગમન કરે. તે ચાર પ્રકારે ૧. દેવગતિ, ૨. મનુષ્યગતિ, ૩. તિર્યંચગતિ અને ૪. નરકગતિ.

**૨. જાતિનામ કર્મ :–** જે કર્મના ઉદયથી હીન અધિક ઇન્દ્રિયો પ્રાપ્ત થાય. તે પાંચ પ્રકારે– ૧. એકેન્દ્રિય, ૨. બે ઇન્દ્રિય, ૩. તે ઇન્દ્રિય, ૪. ચઉરિન્દ્રિય અને ૫. પંચેન્દ્રિય.

**૩. શરીરનામ કર્મ :–** જે કર્મના ઉદયથી પાંચ પ્રકારના શરીરની પ્રાપ્તિ થાય તે ઔદારિક,

વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. તેમાં **૧. ઔદારિક**—એ સ્થૂલ પુદ્‌ગલોનું બનેલું શરીર છે. તે મનુષ્ય અને તિર્યંચને હોય છે. તીર્થંકર ભગવાનને પરમ ઔદારિક શરીર હોય છે. **૨. વૈક્રિય**—એટલે વિવિધ પ્રક્રિયાથી બનેલું. જે નાનું-મોટું કરી શકાય. ખેચરમાંથી ભૂચર થઈ જાય, દૃશ્યથી અદૃશ્ય થઈ જાય, એકથી અનેક થઈ જાય એમ વિવિધ ક્રિયાવાળું તે વૈક્રિય શરીર. આ શરીર દેવ અને નારકીને જન્મથી હોય. **૩. આહારક**—એ શરીર ચૌદપૂર્વધારી કે તપસ્વી મહાત્મા, તીર્થંકર ભગવાનને સંશય પૂછવા માટે એક હાથનું અતિ વિશિષ્ટ રૂપવાળું બનાવે તે. **૪. તૈજસ**—અનાદિકાળથી જીવ સાથે રહેલ તૈજસ દ્રવ્યોના સમૂહ કે જેથી આહારનું પાચન વગેરે થાય તથા શરીરમાં ગરમી રહે તે તૈજસ શરીર. **૫. કાર્મણ**—જીવ સાથે લાગેલ કર્મનો જથ્થો; જે આઠ કર્મના વિકારરૂપ તથા સર્વ શરીરના કારણભૂત બને છે. તે કાર્મણ શરીર છે.

**(૪) અંગોપાંગ નામકર્મ :—** જે કર્મના ઉદયથી અંગોપાંગ પ્રાપ્ત થાય. હાથ, પગ, છાતી, પેટ, માથું વગેરે અંગ છે અને હાથપગની આંગળીઓ વગેરે ઉપાંગ છે. તે ૧. ઔદારિક, ૨. વૈક્રિય તથા ૩. આહારક શરીરમાં હોય છે; તૈજસ, કાર્મણ શરીરમાં હોતા નથી.

**(૫) સંહનન નામકર્મ :—** જે કર્મના ઉદયથી હાડકાના બાંધામાં વિશેષતા હોય તેને સંહનન અથવા સંઘયણ નામકર્મ કહે છે. તે છ પ્રકારના છે.

**૧. વજ્રઋષભનારાચ સંઘયણ :—** અત્યંત મજબૂત હાડકાનો બાંધો. અસ્થિ સાંધામાં બે બાજુ મર્કટ બંધ, તેના ઉપર વજ્ર જેવા હાડકાનો પટ્ટો અને વચમા આરપાર વજ્ર જેવા હાડકાની ખીલી હોય તે.

**૨. ઋષભનારાચ સંઘયણ :—** અસ્થિ સાંધામાં બે બાજુ મર્કટબંધ. તેના ઉપર પટ્ટો પણ વચમાં ખીલી નહીં.

**૩. નારાચ સંઘયણ :—** અસ્થિ સાંધામાં માત્ર બે બાજુ મર્કટ બંધ હોય. બીજું કંઈ હોય નહીં.

**૪. અર્ધનારાચ સંઘયણ :—** જેમાં એક તરફ મર્કટ બંધ હોય અને બીજી તરફ ખીલી બંધ હોય.

**૫. કીલિકા સંઘયણ :—** જેમાં અસ્થિ માત્ર ખીલીના બંધથી બંધાયેલા હોય.

**૬. છેવટું સંઘયણ :—** જેમાં હાડકાના સાંધા માત્ર છેડે અડીને રહેલા હોય. આપણું હમણાનું સંઘયણ તે 'છેવટું સંઘયણ' છે.

**(૬) સંસ્થાન નામકર્મ :—** જે કર્મના ઉદયથી શ્રી ભદ્રબાહુ સ્વામીએ બનાવેલ સામુદ્રિક શાસ્ત્રમાં અંગોના જે માપો કહ્યા છે તે તે માપોવાળા અંગો મળવા તે સંસ્થાન નામકર્મ. પૂર્વે જેવું કર્મ બાંધ્યું હોય તેવું શરીરનું સંસ્થાન હોય. આના છ પ્રકાર છે.

**૧. સમચતુરસ્ર સંસ્થાન :—** ઉપર નીચે વચમાં જેવું જોઈએ તેવું સર્વાંગે સુંદર સામુદ્રિકશાસ્ત્ર અનુસાર લક્ષણયુક્ત હોય તે શરીર. અર્થાત્ પદ્માસનમાં બેઠેલાના ડાબા ઢીંચણથી જમણો ખભો અને જમણા ઢીંચણથી ડાબો ખભો, તથા બન્ને ઢીંચણની વચ્ચેનું માપ, તેમજ નાસિકાથી પદ્માસનનો અગ્રભાગ આ ચારેય માપ એક સરખા હોય તે સમચતુરસ્ર સંસ્થાન.

**૨. ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન :—** ન્યગ્રોધ એટલે વડલો. નાભિ ઉપરના અંગો શુભ લક્ષણ અને પ્રમાણયુક્ત હોય તેવા પ્રકારનું શરીર તે.

**૩. સાદિ (સ્વાતિ) સંસ્થાન :—** જેના ઉદયે નાભિ નીચેના અંગો શુભ લક્ષણ અને પ્રમાણયુક્ત હોય તે.

**૪. વામન સંસ્થાન :–** જેના ઉદયે ઠીંગણાપણું મળે.

**૫. કુબ્જ સંસ્થાન :–** જેના ઉદયે કૂબડાપણું મળે.

**૬. હુંડક સંસ્થાન :–** જેના ઉદયથી બધા અંગો હીનાધિક-બેડોલ હોય, તેવા પ્રકારનું શરીર મળે તે.

**(૭) વર્ણ નામકર્મ :–** જે કર્મના ઉદયથી શરીરનો રંગ થાય તે વર્ણનામકર્મ. (તે પાંચ પ્રકારે છે—કાળો, નીલો, લાલ, પીળો અને સફેદ.)

**(૮) ગંધ નામકર્મ :–** જે કર્મના ઉદયથી ગંધ આવે તે ગંધનામકર્મ. (તે સુગંધ અને દુર્ગંધ બે પ્રકારે છે.)

**(૯) રસ નામકર્મ :–** એ કર્મના ઉદયથી સ્વાદ આવે તે રસનામકર્મ. (તે તીખો, કડવો, કષાયેલો, ખાટો કે મીઠો એમ પાંચ પ્રકારનો રસ હોય છે.)

**(૧૦) સ્પર્શ નામકર્મ :–** જે કર્મના ઉદયથી સ્પર્શનો અનુભવ થાય તે સ્પર્શનામકર્મ. (તે કર્કશ, કોમળ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, (ચીકણો) અને રુક્ષ (લુખો) એમ આઠ પ્રકારનો હોય છે.)

**(૧૧) આનુપૂર્વીનામકર્મ :–** ‘‘મરણ પછી બીજે ઠેકાણે જન્મ લેવા જતાં આત્માને આકાશ પ્રદેશની શ્રેણી અનુસારે ચાલવું પડે છે તે રીતે જતાં જ્યાંથી વળાંક વળવાનો હોય, તે સ્થળેથી બીજી શ્રેણી ઉપર ચડવાને આનુપૂર્વી નામકર્મ જીવને મદદ કરે છે. દેહ છોડે ત્યાંથી જીવ સીધી લીટીમાં જ ચાલે છે. વળાંક વળ્યા પછી પણ સીધી લીટીમાં જ ચાલે છે. વધુમાં વધુ ત્રણ વળાંક જીવને વળવાના હોય છે. એટલે મરણ પછી ઉત્પન્ન થતાં વધુમાં વધુ ચારથી પાંચ સમય લાગે છે. આ આનુપૂર્વી ચાર પ્રકારની છે.

(૧) **નારક આનુપૂર્વી નામકર્મ**—આકાશ પ્રદેશની શ્રેણી ઉપર થઈને નરક ગતિ તરફ ચાલતાં જીવને જ્યાં જ્યાં વળાંક વળવાનો હોય ત્યાં ત્યાં તેને અટકવા ન દેતાં નારક તરફ વાળી દઈ નરકગતિમાં પહોંચાડનાર કર્મ તે નારક આનુપૂર્વી નામકર્મ છે.

(૨) **દેવ આનુપૂર્વી નામકર્મ**—દેવગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરીને જીવને દેવગતિમાં લઈ જનાર કર્મ.

(૩) **મનુષ્ય આનુપૂર્વી નામકર્મ**—મનુષ્યગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરીને જીવને મનુષ્યગતિમાં લઈ જનાર કર્મ.

(૪) **તિર્યંચ આનુપૂર્વી નામકર્મ**—તિર્યંચ ગતિ તરફ જતાં વળાંક વળવાના સ્થળે મદદ કરી જીવને તિર્યંચગતિમાં લઈ જનાર કર્મ.’’ -કર્મગ્રંથ સાર્થ ભાગ-૧ (પૃ.૨૦૮)

જીવની સ્વાભાવિક ગતિ તો ૠજુ એટલે સીધી જ હોય છે. પણ કર્મના કારણે જીવને બીજી બીજી ગતિઓમાં જવું પડે છે.

**(૧૨) વિહાયોગતિ નામકર્મ :–** ચાલવાની રીત તે વિહાયોગતિ અથવા ખગતિ કહેવાય છે. તે બે પ્રકારની છે.

**૧. શુભ વિહાયોગતિ :–** જેના ઉદયથી બીજાને પ્રિય લાગે એવી હંસ, હાથી કે બળદ જેવી શુભ (સારી) ચાલ મળે તે.

**૨. અશુભ વિહાયોગતિ :–** જેના ઉદયથી બીજાને ન ગમે તેવી ઊંટ કે ગધેડા જેવી અશુભ (વાંકી) ચાલ મળે તે.

નોંધ :– બીજી બે **બંધન નામકર્મ** અને **સંઘાતન નામકર્મ**ની પ્રકૃતિનો સમાવેશ શરીર નામકર્મમાં જ કરાય છે. કેમકે શરીર નામકર્મ બાંધે ત્યારે તેના ભેગી જ તે બંધાય છે માટે. આ બે પ્રકૃતિ આ પ્રમાણે છે–

**બંધન નામકર્મ :–** જે કર્મોના ઉદયથી પૂર્વે ગ્રહણ કરેલા અને નવા ગ્રહણ કરાતાં ઔદારિક આદિ પુદ્ગલોને એકમેક કરે તે બંધન નામકર્મ. તેના મુખ્ય પાંચ ભેદ છે. ૧. ઔદારિક બંધન, ૨. વૈક્રિય બંધન, ૩. આહારક બંધન, ૪. તૈજસ બંધન અને ૫. કાર્મણ બંધન. તેના પેટા ભેદ ૧૫ થાય છે.

**સંઘાતન નામકર્મ :–** જે કર્મના ઉદયથી જીવ જુદા જુદા કર્મ પરમાણુઓને ભેગા કરે તે. દંતાળી જેમ ઘાસને ભેગું કરે તેમ ઔદારિક આદિ પુદ્ગલોને તેના તેના વર્ગમાં જે એકઠા કરે તે. તેના પાંચ ભેદ–ઔદારિક સંઘાતન, વૈક્રિય સંઘાતન, આહારક સંઘાતન, તૈજસ સંઘાતન અને કાર્મણ સંઘાતન.

**પ્રત્યેક નામકર્મની ૮ પ્રકૃતિઓ :–** જેના પેટા ભેદ ન હોય તેને પ્રત્યેક નામકર્મની પ્રકૃતિ કહે છે.

**૧. પરાઘાત નામકર્મ :–** જેના ઉદયથી જીવ બળવાનથી પણ હારે નહીં અર્થાત્ મહાબળવાનને પણ ક્ષોભ પમાડે તે. લવ અને કુશની જેમ. અથવા કેટલાક તેજસ્વી માણસો જોતાની સાથે જ જોનાર પર છાપ પાડી દે અથવા બોલવાની છટાથી કે બુદ્ધિથી મોટી સભામાં પણ સભાસદોને આંજી નાખે તે પરાઘાત શક્તિ કહેવાય છે.

**૨. ઉપઘાત નામકર્મ :–** જેના ઉદયથી જીવ પોતે પોતાના વધારાના અંગોપાંગથી પીડાય, દુઃખી થાય. જેમકે રસોલી કે પડજીભી વગેરેથી અથવા મોટા સીંગ વગેરેથી અથવા આપઘાત કરવાના બધા જ નિમિત્તો આ કર્મના ઉદયથી આવે છે.

**૩. ઉચ્છ્વાસ નામકર્મ :–** જેના ઉદયથી શ્વાસોચ્છ્વાસ લેવા મૂકવાની શક્તિ પ્રાપ્ત થાય. તેમાં કસર હોય તેટલી અડચણ થાય.

**૪. આતપ નામકર્મ :–** જેના ઉદયથી પોતે શીતળ છતાં તેનો પ્રકાશ ગરમ લાગે એવું શરીર, સૂર્ય વિમાનમાં રહેલા પૃથ્વીકાય જીવનું હોય છે.

**૫. ઉદ્યોત નામકર્મ :–** જેના ઉદયથી પોતે શીતળ અને તેનો પ્રકાશ પણ શીતળ હોય એવું શરીર, ચંદ્ર વિમાનમાં રહેલા પૃથ્વીકાય જીવનું હોય છે.

**૬. અગુરુલઘુ નામકર્મ :–** જેના ઉદયથી શરીર અત્યંત ગુરુ એટલે ભારે પણ ન હોય અને લઘુ એટલે અત્યંત હલકું પણ ન હોય; સમ શરીર હોય તે.

**૭. તીર્થંકર નામકર્મ :–** જેના ઉદયથી કેવળજ્ઞાની બન્યા પછી ત્રણેય લોકના જીવોને પૂજવા યોગ્ય બને છે. પણ દેવો અવધિજ્ઞાનથી જાણીને પહેલા પણ પ્રભુના જન્મકલ્યાણક વગેરે કરીને પૂજે છે.

**૮. નિર્માણ નામકર્મ :–** જેના ઉદયથી શરીરના અંગોપાંગ યથાયોગ્ય સ્થાને વ્યવસ્થિત રીતે ગોઠવાય છે.

**ત્રસદશક નામકર્મની ૧૦ પ્રકૃતિઓ :–** બે ઇન્દ્રિયથી જીવો ત્રસકાય કહેવાય છે.

**૧. ત્રસ :–** જે કર્મના ઉદયથી જીવ સુખદુઃખના પ્રસંગે ઇચ્છા મુજબ જઈ આવી શકે તે.

**૨. બાદર :–** જેના ઉદયથી આંખથી જોઈ શકાય એવું સ્થૂલ શરીર મળે.

**૩. પર્યાપ્ત :–** જેના ઉદયથી પોતાને યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવા શક્તિમાન બને. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વોસોચ્છ્વાસ, ભાષા અને મન એ છ પર્યાપ્તિઓ કહેવાય છે.

**૪. પ્રત્યેક નામકર્મ :–** જેના ઉદયથી જીવ દીઠ જુદા જુદા શરીરની પ્રાપ્તિ થાય.

**૫. સ્થિર :–** જેના ઉદયથી સ્થિર એટલે દૃઢ એવા હાડકાં, દાંત વગેરે અવયવોની પ્રાપ્તિ થાય.

**૬. શુભ :–** જેના ઉદયથી નાભિ ઉપરના અંગો શુભ હોય. જેના સ્પર્શથી બીજાને અભાવ ન થાય.

**૭. સુભગ :–** જેના ઉદયથી ભાગ્યશાળી હોય. કોઈનો ઉપકાર ન કરે તો પણ સહુને ગમે.

**૮. સુસ્વર :–** જેના ઉદયથી બધાને ગમે એવો મીઠો અને મધુર સ્વર હોય.

**૯. આદેય :–** જેના ઉદયથી અયોગ્ય બોલેલું વચન પણ બધાને માન્ય હોય.

**૧૦. યશ :–** યશ એટલે કીર્તિ. જેના ઉદયથી જગતમાં પ્રસરે. અમુક જ ક્ષેત્રમાં ફેલાય અને ધન વાપરવાથી મળે તે કીર્તિ. અને ચારે બાજુ ફેલાય અને પરાક્રમ કરવાથી મળે તે યશ નામકર્મ.

**સ્થાવરદશક નામકર્મની ૧૦ પ્રકૃતિઓ :–** જે હાલી ચાલી શકે નહીં તે સ્થાવર જીવો કહેવાય છે.

**૧. સ્થાવર :–** જે કર્મના ઉદયથી હાલીચાલી શકે નહીં તેવું શરીર પ્રાપ્ત થાય. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય તે સ્થાવર જીવો છે. તે હાલી ચાલી શકે નહીં.

**૨. સૂક્ષ્મ :–** જેના ઉદયથી એક અથવા અનંત જીવો ભેગા થાય તો પણ આંખથી જોઈ શકાય નહીં તેવું સૂક્ષ્મપણું પ્રાપ્ત થાય તે. એ જીવો ન કોઈને રોકે અને ન કોઈથી રોકાય; ભીંતની આરપાર પણ જાય. આખા લોકાકાશમાં કાજળના કુપ્પાની જેમ આ જીવો ભરેલા છે. તે સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો છે.

**૩. અપર્યાપ્ત :–** જે કર્મના ઉદયથી જીવ પોતાને યોગ્ય શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન એ પર્યાપ્તિઓ પૂર્ણ કરવા સમર્થ ન બને તે અપર્યાપ્ત જીવ કહેવાય.

કોઈપણ જીવ આહાર, શરીર, ઇન્દ્રિય એ ત્રણ પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના મરણ પામે જ નહીં.

**૪. સાધારણ :–** જે કર્મના ઉદયથી એક જ શરીરમાં અનંતા જીવો રહે તે. કંદમૂળમાં આ પ્રમાણે જીવો રહેલા છે.

**૫. અસ્થિર :–** જે કર્મના ઉદયથી પાંપણ, જીભ વગેરે અસ્થિર અવયવોની પ્રાપ્તિ થાય.

**૬. અશુભ :–** જેના ઉદયથી નાભિ નીચેના અવયવો અશુભ હોય એટલે જેનો સ્પર્શ બીજાને અશુભ ભાવ કરાવે તેવો હોય.

**૭. દુર્ભગ :–** જેના ઉદયથી કોઈનો ઉપકાર કરે તો પણ વહાલો ન લાગે પણ અળખામણો લાગે એવું દુર્ભાગ્ય પ્રાપ્ત હોય.

**૮. દુઃસ્વર :–** જેના ઉદયથી કર્કશ, કોઈને ગમે નહીં તેવો ગધેડા કે કાગડા જેવો સ્વર મળે.

**૯. અનાદેય :–** જેના ઉદયથી યોગ્ય વચન પણ કોઈ માન્ય ન રાખે. કોઈ હિતશિક્ષા કે ઉપદેશ વિગેરે પણ અમાન્ય બને.

**૧૦. અપયશ :–** જેના ઉદયથી જગતમાં સઘળે અપકીર્તિ મળે. કોઈપણ કામ કરે તો પણ યશ પામે નહીં.

આમ ૩૯ પિંડ પ્રકૃતિ તે (ગતિનામકર્મની ૪, જાતિ ૫, શરીર ૫, અંગોપાંગ ૩, સંહનન ૬, સંસ્થાન ૬, વર્ણ ૧, ગંધ ૧, રસ ૧, સ્પર્શ ૧, આનુપૂર્વી ૪ અને વિહાયોગતિ ૨ મળીને કુલ ૩૯ પિંડ પ્રકૃતિ), ૮ પ્રત્યેક પ્રકૃતિ, ૧૦ ત્રસ દશક, ૧૦ સ્થાવરદશક એ બધી મળી ૬૭ ભેદે નામકર્મની

પ્રકૃતિઓનો જીવને બંધ થાય છે. આઠેય કર્મમાં નામકર્મની પ્રકૃતિઓનો વિસ્તાર વિશેષ છે.

અત્રે ૬૭ ભેદે નામકર્મની પ્રકૃતિઓ બતાવવામાં આવી છે. આ પ્રકૃતિઓના જ પેટા ભેદોને સાથે ગણીને તેની ૯૩ અથવા ૧૦૩ પ્રકૃતિઓ બતાવવામાં આવે છે.

**શુભ નામકર્મ બાંધવાના કારણો :–**

ક્ષમા, નમ્રતા, સરળતા, રસગારવ, રિદ્ધિગારવ કે શાતાગારવનો અભાવ, ગુણીજનોની પ્રશંસા તથા આત્મનિંદા આદિ શુભનામકર્મ બાંધવાના કારણો છે.

સર્વથી શુભ પ્રકૃતિઓમાં શ્રેષ્ઠ એવું 'તીર્થંકર નામકર્મ' તે શ્રી અરિહંત, સિદ્ધ, આચાર્ય વગેરે વીસપદોની વિધિપૂર્વક બહુમાન સહિત આરાધના કરવાથી બંધાય છે.

**અશુભ નામકર્મ બંધના કારણો :–**

મન વચન કાયાની વક્રતા, રસ, ઋદ્ધિ કે વિષયસુખમાં આસક્તિ, ઠગાઈ, ચિત્તની ચંચળતા, વસ્તુઓમાં ભેળસેળ કરવી, ખોટા તોલમાપ રાખવા, પરનિંદા અને આત્મપ્રશંસા કરવી ઇત્યાદિ અશુભનામ કર્મબંધના કારણો છે. ।।૧૭।।

**ઉચ્ચ, નીચ, બે ગોત્ર, પાત્ર કુંભારના હો લાલ પાત્ર૦**
**નાના મોટાં જેમ, કુળો સંસ્કારના. હો લાલ કુળો૦ ૧૮**

**અર્થ :– ગોત્રકર્મ :–**ગોત્રકર્મના બે ભેદ છે.

**૧. ઉચ્ચ ગોત્ર :–** જેના ઉદયથી જીવોનો જન્મ ઉત્તમકુળ વંશ-જાતિમાં થાય તે ઉચ્ચ ગોત્ર.

**૨. નીચ ગોત્ર :–** જેના ઉદયથી જીવોનો જન્મ હલકા કુળમાં થાય તે નીચ ગોત્ર.

આ કર્મ કુંભારના ઘડા જેવું છે. કુંભાર એક જ માટીમાંથી ઘડા બનાવે, છતાં એકનો ઉપયોગ દારૂ ભરવા માટે અને બીજા ઘડાનો ઉપયોગ અમૃત ભરવા માટે થાય. તેમ જન્મ તો બધા જ લે છે, પણ નાના મોટા કુળોમાં જન્મીને તે તે પ્રકારના શુભ અશુભ સંસ્કારો પામે છે.

આ કર્મ આત્માના અગુરુલઘુગુણને અર્થાત્ અટલ અવગાહનારૂપ આત્મશક્તિને (સિદ્ધની અવગાહનાને) રોકી રાખે છે.

**ઉચ્ચ ગોત્ર કર્મબંધના કારણો :–**

ગુણાનુરાગ, નિરભિમાનીપણું, અધ્યયન, અધ્યાપનની રુચિ તથા જિનભક્તિ આદિ વડે ઉચ્ચગોત્રનો બંધ થાય છે.

**નીચ ગોત્રકર્મબંધના કારણો :–**

ગુણવાન પ્રત્યે ઈર્ષ્યાભાવ, માન, મદ, પરનિંદા તથા આત્મપ્રશંસા વગેરે કરવાથી નીચ ગોત્રનો બંધ થાય છે. ।।૧૮।।

**અંતરાય જે કર્મ ભંડારી સમ કહ્યું, હો લાલ ભંડારી૦**
**ખાળે દાનાદિક, તે પાંચ ભેદે લહ્યું. હો લાલ તે પાંચ૦ ૧૯**

**અર્થ :– અંતરાય કર્મ :–** જે કર્મનો ઉદય દાનાદિ કાર્યોમાં વિઘ્ન કરે તે અંતરાય કર્મ. આ કર્મના ઉદયથી આત્માની અનંતદાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યશક્તિ રોકાઈ રહેલ છે. આ કર્મ

રાજાના ભંડારી જેવું છે. રાજા દાન આપવા ઇચ્છે છતાં ભંડારી તેમાં વિઘ્નો ઉપસ્થિત કરે તેના જેવું છે.

**અંતરાય કર્મના પાંચ ભેદ :—**

**૧. દાનાંતરાય :—** જે કર્મના ઉદયથી દ્રવ્ય અને સુપાત્ર મળ્યું હોય, દાનનું ફળ પણ જાણતો હોય છતાં આપવાની ઇચ્છા ન થાય તે. દાતા મળ્યો હોય, વસ્તુ મળી હોય, માંગણી પણ કરી હોય છતાં દાન આપી ન શકે.

**૨. લાભાંતરાય :—** જગતની ધન, અલંકાર વગેરે ભૌતિક વસ્તુઓ કે સામગ્રીની ઇચ્છા કરે પણ પ્રાપ્તિ ન થાય તે. દાતા મળ્યો હોય, વસ્તુ મળી હોય, માંગણી પણ કરી હોય છતાં ન મળે તે.

**૩. ભોગાંતરાય :—** ખાવાપીવાની બધી સામગ્રી હોય છતાં રોગાદિના કારણે તેનો ભોગવટો ન કરી શકે તે. ભોજન વગેરે એકવાર જ ભોગવાય તેને ભોગ કહે છે.

**૪. ઉપભોગાંતરાય :—** જે વસ્તુ વારંવાર ભોગવાય તેને ઉપભોગ કહેવામાં આવે છે. વસ્ત્ર, અલંકાર આદિ સામગ્રી હોવા છતાં જે કર્મના ઉદયે તેનો ઉપભોગ કરી શકે નહીં તે ઉપભોગાંતરાય કર્મ.

**૫. વીર્યાંતરાય :—** શારીરિક શક્તિ હોવા છતાં તપ, વૈયાવચ્ચ વગેરે શુભ કાર્યો કરવામાં ઉત્સાહ ન જાગે, વીર્ય ફોરવી ન શકે તે વીર્યાંતરાય કર્મ.

**અંતરાય કર્મબંધના કારણો :—**

જિનપૂજાદિ કે દાનાદિમાં અંતરાય કરવાથી તથા હિંસાદિમાં પ્રવૃત્તિ કરવાથી અંતરાય કર્મનો જીવને બંધ થાય છે. માટે કોઈ પણ શુભ કાર્યમાં અંતરાય કરવારૂપ પ્રવૃત્તિ કરવી નહીં. ।।૧૯।।

**બધી એક-સો-વીસ પ્રકૃતિ બંધની હો લાલ પ્રકૃતિ૦**
**એ સામાન્ય ગણાય, નહીં એક જીવની. હો લાલ નહીં૦ ૨૦**

**અર્થ :—** જ્ઞાનાવરણાદિ આઠેય કર્મોની મળીને કર્મબંધ થવા યોગ્ય એવી ૧૨૦ પ્રકૃતિઓ થઈ. તે નીચે પ્રમાણે છે :—

૫ જ્ઞાનાવરણીય, ૯ દર્શનાવરણીય, ૨ વેદનીય, ૨૬ મોહનીય, ૪ આયુષ્ય, ૬૭ નામકર્મ, ૨ ગોત્ર અને ૫ અંતરાયકર્મની મળીને કુલ ૧૨૦ પ્રકૃતિઓ થઈ. એ બધી પ્રકૃતિઓનું વર્ણન પૂર્ણ થયું.

સર્વ જીવોના સામાન્યપણે એ ભેદ કહ્યા અર્થાત્ સર્વ જીવોની અપેક્ષાએ ૧૨૦ થી વધારે પ્રકૃતિઓનો બંધ થશે નહીં. એક જીવ માત્રની અપેક્ષાએ અત્રે વાત નથી, અર્થાત્ પ્રત્યેક જીવને ૧૨૦ પ્રકૃતિઓનો બંધ હોય જ એમ કહેવાનો આશય નથી.

## વિશેષ ગુણસ્થાન ક્રમે બંધના પ્રકાર

ગુણસ્થાન એટલે શું? તો કે આત્માના સમ્યગ્દર્શન,સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપ ગુણોમાં ઓછાવત્તાપણાની અવસ્થાનું નામ ગુણસ્થાન છે. ગુણોના ઓછાવત્તાપણાનું કારણ મોહનીય કર્મ અને મન,વચન,કાયાના યોગ છે. તેના આધારે ચૌદગુણસ્થાનક કહ્યા છે. તેમાં પ્રથમના ચાર ગુણસ્થાનક તો દર્શનમોહનીય કર્મના નિમિત્તથી બનેલા છે. અને બાકીના પાંચમા ગુણસ્થાનથી માંડીને બારમા ગુણસ્થાન સુધીના આઠ ગુણસ્થાનક તે ચારિત્રમોહનીય કર્મના નિમિત્તથી બનેલા છે અને તેરમું તથા ચૌદમું ગુણ-

સ્થાન તે મનવચનકાયાના યોગ નિમિત્તથી બનેલ છે. તે બધા ગુણસ્થાનમાં જીવ કઈ કઈ કર્મ પ્રકૃતિઓનો બંધ કરે છે અને કઈ નથી કરતો, તે બધાનું ક્રમપૂર્વક વિવરણ અત્રે આપવામાં આવે છે. ।।૨૦।।

**મિથ્યાત્વ-ગુણસ્થાની બાંધે ના ત્રણને-હો લાલ બાંધે ના૦**
**તીર્થંકર-પ્રકૃતિ, આહારક દ્વિકને. હો લાલ આહારક૦ ૨૧**

**અર્થ :—** **પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનમાં** રહેવાવાળા જીવનું શ્રદ્ધાન વિપરીત હોય છે. તે દેહને આત્મા માને છે. તથા દેહ અને પરપદાર્થોને પોતાના માને છે. આ ગુણસ્થાનકમાં જીવને તીર્થંકર પ્રકૃતિ, આહારક શરીર તથા આહારક અંગોપાંગ એ ત્રણ પ્રકૃતિઓનો બંધ થતો નથી. તેથી આ ગુણસ્થાનમાં બંધ યોગ્ય ૧૨૦ પ્રકૃતિમાંથી ત્રણ પ્રકૃતિઓને બાદ કરતાં ૧૧૭ પ્રકૃતિઓનો બંધ થાય છે. ।।૨૧।।

**સાસ્વાદની ન બાંધે બીજી સોળ પ્રકૃતિ-હો લાલ બીજી૦**
**નરક-ત્રિક, જાતિ ચાર, મિથ્યાત્વ-મોહની, હો લાલ મિ૦ ૨૨**

**અર્થ :—** આ **બીજું સાસ્વાદન નામનું ગુણસ્થાનક** છે. તે સમકિત પામ્યા પછી કોઈ એક અનંતાનુબંધી કષાયના ઉદયથી જેનું સમકિત નાશ પામે, તે નીચે ઊતરતી વખતે આ સાસ્વાદન ગુણસ્થાનકમાં આવે છે. ત્યાં સમકિતનો હજું આસ્વાદ છે, અને સંપૂર્ણ મિથ્યાત્વમાં આવ્યો નથી, તે વચમાંની ભૂમિકાનું નામ સાસ્વાદન ગુણસ્થાન છે. આ ગુણસ્થાનકમાં બીજી ૧૬ પ્રકૃતિઓનો બંધ થતો નથી. તે નરક-ત્રિક એટલે નરકગતિ, નરકાનુપૂર્વી અને નરક આયુષ્ય; જાતિ ચાર તે એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય, ચતુરેન્દ્રિય, તથા મિથ્યાત્વ મોહનીય છે. ।।૨૨।।

**આતપ, હુંડક, વેદ-નપુંસક, છેવટું હો લાલ નપુંસક૦**
**સ્થાવર આદિ ચાર, મિથ્યાત્વ-બળ ઘટ્યું, હો લાલ મિ૦ ૨૩**

**અર્થ :—** તથા આતપ, હુંડક, નપુંસકવેદ, છેવટું કહેતા છેલ્લું સેવાર્તનામનું સંહનન તથા સ્થાવર, સૂક્ષ્મ, પર્યાપ્ત અને સાધારણ નામકર્મનો બંધ આ બીજા ગુણસ્થાનકમાં થતો નથી. મિથ્યાત્વનું બળ ઘટવાથી પહેલાની ૧૧૭ પ્રકૃતિઓમાંથી બીજી ૧૬ હવે બાદ કરતાં ૧૦૧ પ્રકૃતિઓનો જ બંધ આ બીજા ગુણસ્થાનકમાં થાય છે. ।।૨૩।।

**મિશ્રે સત્તાવીસ બીજી, બંધાય ના-હો લાલ બીજી૦**
**તિર્યંચ-ત્રિક અશુભ ખગતિ, દુર્ભગ-ત્રિકા હો લાલ ખગ૦ ૨૪**

**અર્થ :—** આ **ત્રીજું મિશ્ર ગુણસ્થાન** છે. એમાં જીવની સાચી અને મિથ્યા બન્ને પ્રકારની મિશ્ર દૃષ્ટિ હોય છે. તેથી મળેલા દહી અને ગોળના સ્વાદની માફક એક ભિન્ન પ્રકારના મિશ્ર પરિણામ થાય છે. આ ગુણસ્થાનમાં બીજી સત્તાવીસ પ્રકૃતિઓનો બંધ થતો નથી તે આ પ્રમાણે :—

તિર્યંચ ત્રિક એટલે તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, તિર્યંચ આયુ, અશુભ ખગતિ એટલે વિહાયોગતિ અર્થાત્ ચાલવાની રીત તથા દુર્ભગ ત્રિકા એટલે દુર્ભગ, દુઃસ્વર અને અનાદેય એ ત્રણ નામકર્મનો બંધ મિશ્ર ગુણસ્થાનમાં થતો નથી. ।।૨૪।।

**પ્રથમ કષાય-ચતુષ્ક, સ્ત્યાનગૃદ્ધિ-ત્રણે, હો લાલ સ્ત્યાન૦**
**મધ્ય સંહનન ચાર, સ્ત્રીવેદ, કુગોત્ર ને હો લાલ સ્ત્રીવેદ૦ ૨૫**

**અર્થ :–** પ્રથમના ચાર કષાય તે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા નિદ્રાનિદ્રા, પ્રચલા પ્રચલા અને ત્રીજી સ્ત્યાનગૃદ્ધિ, વળી ચાર સહનન એટલે સંઘયણ તે ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા પછી સ્ત્રીવેદ તથા નીચ ગોત્રનો આ મિશ્ર ગુણસ્થાનકમાં બંધ પડતો નથી.

**મધ્ય સંસ્થાન ચાર, ઉદ્યોત, આયુ બે; હો લાલ ઉદ્યોત૦**
**બાંધે ચૂંવોતેર ત્રીજે ગુણસ્થાનકે હો લાલ ત્રીજે ગુણ૦ ૨૬**

**અર્થ :–** મધ્યના ચાર સંસ્થાન એટલે શરીરની આકૃતિ તે ન્યગ્રોધપરિમંડલ, સાદિ (સ્વાતિ), વામન, કુબ્જ પછી ઉદ્યોત અને મનુષ્યાયુ તથા દેવાયુનો બંધ થતો નથી. એ ગુણસ્થાનમાં કોઈપણ આયુષ્યનો બંધ પડતો નથી.

બીજા ગુણસ્થાનમાં બંધ પ્રકૃતિ ૧૦૧ હતી તેમાંથી આ ત્રીજા ગુણસ્થાનની બીજી ૨૭ પ્રકૃતિઓ બાદ કરતા ૭૪ પ્રકૃતિઓ આ ત્રીજા મિશ્ર ગુણસ્થાનકમાં બંધ યોગ્ય હોય છે. આ મિશ્ર ગુણસ્થાને જીવ દેહ છોડતો નથી અને આયુષ્યનો બંધ પણ કરતો નથી. ।।૨૬।।

**અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ત્રણ બાંધતા બીજી હો લાલ ત્રણ૦**
**જિન-બીજ, સુર-નર આયુ, સિત્તોતેર ત્યાં થતી હો લાલ સિ૦ ૨૭**

**અર્થ :–** આ **અવિરતિ નામના ચોથા ગુણસ્થાનકમાં** દર્શન મોહનીયકર્મની ત્રણ અને અનંતાનુબંધી કષાયની ચાર મળી કુલ સાત પ્રકૃતિઓનો ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થવાથી જીવને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય છે. પણ અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભના ઉદયથી વ્રત આવતા નથી. તેથી અવિરતિ સમ્યક્દૃષ્ટિ નામનું આ ચોથું ગુણસ્થાનક કહેવાય છે.

ત્રીજા ગુણસ્થાનકમાં ૭૪ પ્રકૃતિઓનો બંધ થતો હતો પણ આ ચોથા ગુણસ્થાનમાં બીજી ત્રણ પ્રકૃતિઓ તે જિન-બીજ એટલે તીર્થંકર નામકર્મ, તથા દેવાયુ અને મનુષ્યાયુનો બંધ વધી જવાથી કુલ ૭૭ પ્રકૃતિનો બંધ આ ચોથા અવિરતિ સમ્યક્દૃષ્ટિ ગુણસ્થાનમાં થાય છે. ।।૨૭।।

**દશ દેશ-વિરતિ માંહી બંધાય નહીં કહી હો લાલ બંધાય૦**
**અપ્રત્યાખ્યાની ચાર, મનુષ્ય-ત્રિક વળી હો લાલ મનુષ્ય૦ ૨૮**

**અર્થ :–** આ **પંચમ દેશ-વિરતિ ગુણસ્થાનમાં** અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભના ક્ષયોપશમથી શ્રાવક વ્રતરૂપી દેશચારિત્રની પ્રાપ્તિ થાય છે. પણ પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી સર્વવિરતિ સંયમ આવતો નથી.

આ પાંચમાંથી ઉપરના બધા ગુણસ્થાનોમાં સમ્યગ્દર્શન હોય છે. આ ગુણસ્થાનમાં બીજી દશ પ્રકૃતિઓનો બંધ થતો નથી. તે અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ તથા મનુષ્યગતિ, મનુષ્યાનુપૂર્વી તથા મનુષ્યાયુ છે. ।।૨૮।।

**આદિ સંહનન સાથ ઔદારિક-દ્વિક એ; હો લાલ ઔ૦**
**પ્રત્યાખ્યાની ચાર છઠ્ઠે ન બંધાય છે, હો લાલ છઠ્ઠે ન૦ ૨૯**

**અર્થ :–** આદિ એટલે પ્રથમનું સંહનન તે વજ્રઋષભનારાચ સંહનન તથા ઔદારિક શરીર અને ઔદારિક અંગોપાંગ મળી કુલ દશ પ્રકૃતિઓનો આ પાંચમા ગુણસ્થાનમાં બંધ થતો નથી. ચોથા ગુણસ્થાનમાં

૭૭ પ્રકૃતિઓનો બંધ કહ્યો છે, તેમાંથી આ દશને બાદ કરતાં ૬૭ પ્રકૃતિઓ આ પંચમ ગુણસ્થાને બંધ યોગ્ય રહી.

હવે **છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાનમાં** પ્રત્યાખ્યાનાવરણીય કષાયનો ક્ષયોપશમ થવાથી સંયમની પ્રાપ્તિ થઈ. તેથી પ્રત્યાખ્યાનાવરણીય કષાયની ક્રોધાદિ ચાર પ્રકૃતિઓનો આ ગુણસ્થાનમાં બંધ થતો નથી. ।।૨૯।।

**તેથી ત્રેસઠ બંધ-પ્રકૃતિ પ્રમત્તને હો લાલ પ્રકૃતિ૦**
**આહારિક-દ્વિક બંધાય નવી બે સાતમે, હો લાલ નવી૦ ૩૦**

**અર્થ :–** તેથી પાંચમા ગુણસ્થાનમાં જે ૬૭ પ્રકૃતિઓનો બંધ થતો હતો તેમાંથી પ્રત્યાખ્યાનાવરણીયની ક્રોધ, માન, માયા, લોભ એ ચાર પ્રકૃતિઓ બાદ કરતાં બાકી રહેલી ૬૩ પ્રકૃતિઓનો આ પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાનમાં બંધ થાય છે.

હવે **સાતમા અપ્રમત્ત ગુણસ્થાનમાં** સંજ્વલન અને નોકષાયનો મંદ ઉદય થવાથી અહીં પ્રમાદરહિત સંયમ છે. તેથી આ અપ્રમત્તગુણસ્થાનક નામે ઓળખાય છે. આ સાતમા ગુણસ્થાનમાં આહારક શરીર અને આહારક અંગોપાંગની બે નવી પ્રકૃતિઓનો બંધ વધવાથી છઠ્ઠા ગુણસ્થાનની ૬૩ પ્રકૃતિઓ સાથે આ ૨ નવી ઉમેરીએ તો ૬૫ પ્રકૃતિઓ બંધ યોગ્ય આ ગુણસ્થાને હોય. ।।૩૦।।

**અપ્રમત્તને ન શોક, અરતિ અપયશ તથા હો લાલ અરતિ૦**
**અસાત, અસ્થિર-દ્વિક; સુર-આયુબંધ વા હો લાલ સુર૦ ૩૧**

**અર્થ :–** હવે સાતમા ગુણસ્થાનમાં અપ્રમત્ત મહાત્માને ૧. શોક, ૨ અરતિ, ૩. અપયશ, ૪. અશાતા, ૫. અસ્થિર અને ૬. અશુભ એ નામકર્મની છ પ્રકૃતિઓનો બંધ થતો નથી. તેથી પહેલાની ૬૫ પ્રકૃતિઓમાંથી આ ૬ને બાદ કરતાં ૫૯ બંધયોગ્ય પ્રકૃતિ બાકી રહી.

હવે સુર એટલે દેવ-આયુનો બંધ છઠ્ઠે પ્રમત્તગુણસ્થાને જો થાય તો છઠ્ઠે ૫૯ પ્રકૃતિબંધ યોગ્ય કહેવાય. પણ દેવાયુ બાંધતો જો સાતમે અપ્રમત્તગુણસ્થાને આવે અને ત્યાં બંધ પડે તો સાતમે ગુણસ્થાને ૫૯ પ્રકૃતિ બંધ યોગ્ય કહેવાય. અને જો છઠ્ઠા પ્રમત્તગુણસ્થાનમાં જ દેવાયુનો બંધ પડે તો સાતમે અપ્રમત્તગુણસ્થાને ૫૮ પ્રકૃતિ જ બંધ યોગ્ય ગણાય. ।।૩૧।।

**તેથી ઓગણસાઠ, અઠ્ઠાવન જાણવા; હો લાલ અઠ્ઠાવન૦**
**નિવૃત્તિ માંહીં સાત વિભાગો જાણવા હો લાલ વિભાગો૦ ૩૨**

**અર્થ :–** તેથી સાતમા ગુણસ્થાનમાં જે ૫૯ પ્રકૃતિઓનો બંધ કહ્યો છે. તેમાંથી આ દેવાયુની પ્રકૃતિનો બંધ બાદ કરતા ૫૮ પ્રકૃતિઓ બંધયોગ્ય સાતમા અપ્રમત્ત ગુણસ્થાનમાં હોય છે. હવે આઠમા નિવૃત્તિ એટલે નિવૃત્ત ગુણસ્થાન અથવા અપૂર્વકરણ ગુણસ્થાનના સાત વિભાગો જાણવા. ।।૩૨।।

**અઠ્ઠાવન ગણ બંધ, આદિ વિભાગમાં હો લાલ આદિ૦**
**છપ્પન પ્રકૃતિ-બંધ પછી પાંચ ભાગમાં-હો લાલ પછી૦ ૩૩**

**અર્થ :–** આ **આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનકના** આદિ એટલે પ્રથમ વિભાગમાં ૫૮ બંધયોગ્ય પ્રકૃતિ જાણવી. પછી બેથી છ સુધી અથવા બીજા પાંચ વિભાગમાં ૫૬ પ્રકૃતિ બંધયોગ્ય જાણવી. ।।૩૩।।

**નિદ્રા, પ્રચલા જાય બીજા વિભાગથી, હો લાલ બીજા૦**
**છવ્વીસ જ બંધાય, જતાં ત્રીસ નામની-હો લાલ જતાં૦ ૩૪**

**અર્થ :–** નિદ્રા અને પ્રચલા આ બે પ્રકૃતિઓ બીજા વિભાગથી નાશ પામી છે. તેથી ૫૬ પ્રકૃતિઓ છઠ્ઠા વિભાગ સુધી રહી. હવે છેલ્લા સાતમા વિભાગમાં બીજી ત્રીસ નામકર્મની પ્રકૃતિઓ જવાથી ૫૬માંથી ૩૦ બાદ કરતાં ૨૬ પ્રકૃતિઓ જ બંધયોગ્ય શેષ રહી. ।।૩૪।।

**સાતમો તે વિભાગ અપૂર્વકરણ તણો હો લાલ અપૂર્વ૦**
**સુર-દ્વિક, પંચેન્દ્રિય, સમચતુરસ્ર જો હો લાલ સમ૦ ૩૫**

**અર્થ :–** તે સાતમો વિભાગ અપૂર્વકરણ નામના આઠમા ગુણસ્થાનકનો છે. તેમાં નામકર્મની કઈ ૩૦ પ્રકૃતિઓ નાશ પામી તે જણાવે છે :– સુર-દ્વિક એટલે ૧. દેવગતિ અને ૨. દેવાનુપૂર્વી, ૩. પંચેન્દ્રિય જાતિ અને ૪. સમચતુરસ્રસંસ્થાન છે. ।।૩૫।।

**ઔદારિક વણ ચાર અંગ, ઉપાંગ બે હો લાલ અંગ૦**
**અગુરુલઘુ-ચતુષ્ક, નિર્માણ ત્રસ નવે હો લાલ નિર્માણ૦ ૩૬**

**અર્થ :–** ઔદારિક વિના બાકીના ૫. વૈક્રિય, ૬. આહારક, ૭. તૈજસ અને ૮. કાર્મણ શરીર નામકર્મ તથા ૯. વૈક્રિય અંગોપાંગ, ૧૦. આહારક અંગોપાંગ અને ૧૧. અગુરુલઘુ, ૧૨. ઉપઘાત, ૧૩. પરઘાત, ૧૪. ઉચ્છ્‌વાસ નામકર્મ, વળી ૧૫. નિર્માણ તથા ૧૬. ત્રસ, ૧૭. બાદર, ૧૮. પર્યાપ્ત, ૧૯. પ્રત્યેક, ૨૦. સ્થિર, ૨૧. શુભ, ૨૨. સુભગ, ૨૩. સુસ્વર અને ૨૪. આદેય નામકર્મ. એ પ્રકૃતિઓની આઠમા ગુણસ્થાનમાં વ્યુચ્છિતિ થાય છે. ।।૩૬।।

**જિન-બીજ વર્ણ-ચતુષ્ક, સુ-ખગતિત્રીસ એ હો લાલ સુ૦**
**અનિવૃત્તિમાં પાંચ વિભાગ વિચારીએ-હો લાલ વિ૦ ૩૭**

**અર્થ :–** વળી જિનબીજ એટલે ૨૫. તીર્થંકર નામકર્મ ૨૬. વર્ણ, ૨૭. ગંધ, ૨૮. રસ, ૨૯. સ્પર્શ નામકર્મ, ૩૦. સુ-ખગતિ એટલે શુભ વિહાયોગતિ અર્થાત્ ચાલવાની શુભ રીત.

એ ત્રીસ નામકર્મની બંધ પ્રકૃતિઓનો આઠમા અપૂર્વ ગુણસ્થાનમાં બંધ થતો નથી. તેથી ૫૬ બંધયોગ્ય પ્રકૃતિમાંથી આ ૩૦ જવાથી હવે ૨૬ બંધયોગ્ય પ્રકૃતિ શેષ રહી.

હવે **અનિવૃત્તિકરણ નામના નવમા ગુણસ્થાનકના** પાંચ વિભાગો વિચારીએ. ।।૩૭।।

**જુગુપ્સા, ભય, હાસ્ય, રતિ ચારના વિના હો લાલ રતિ૦**
**બાવીસ જ બંધાય આદિ વિભાગમાં, હો લાલ આદિ૦ ૩૮**

**અર્થ :–** આ ગુણસ્થાનના પ્રથમ ભાગમાં જુગુપ્સા, ભય, હાસ્ય, રતિ એ ચાર બંધયોગ્ય પ્રકૃતિઓ જવાથી ૨૨નો જ બંધ થાય છે. ।।૩૮।।

**એકેકી ઘટતી જાય પછી ચાર ભાગમેં હો લાલ પછી૦**
**નરવેદ, રોષ, માન, માયા અનુક્રમે હો લાલ માયા૦ ૩૯**

**અર્થ :–** બાકીના ચાર વિભાગમાં એક એક બંધયોગ્ય પ્રકૃતિઓ ક્રમશઃ ઘટતી જાય છે. તે નરવેદ એટલે પુરુષવેદ, રોષ એટલે સંજ્વલન ક્રોધ, માન અને માયા છે. ।।૩૯।।

**એકવીસથી અઢાર સુધી બંધ ચારમાં, હો લાલ સુધી૦**
**જાય સંજ્વલન લોભ સૂક્ષ્મ-સંપરાયમાં હો લાલ સૂક્ષ્મ૦ ૪૦**

**અર્થ :–** એકવીશથી અઢાર એટલે બીજા વિભાગમાં એકવીશ, ત્રીજામાં વીસ, ચોથામાં ઓગણીશ અને પાંચમામાં અઢાર એમ ચાર વિભાગમાં ઉતરતા ક્રમે બંધયોગ્ય પ્રકૃતિઓ નાશ પામે છે.

હવે **દશમા સૂક્ષ્મ-સંપરાય નામના ગુણસ્થાનમાં** સંજ્વલન લોભ કષાયની પ્રકૃતિનો નાશ થાય છે. તેથી હવે ૧૮માંથી ૧ જવાથી ૧૭ રહી. ।।૪૦।।

**સત્તરનો ગણ બંધ તેથી દશમે ગુણે; હો લાલ તેથી૦**
**સોળ બીજી ન બંધાય ઉપશમ-સ્થાનકે-હો લાલ ઉપ૦ ૪૧**

**અર્થ :–** હવે ૧૭ પ્રકૃતિઓનો બંધ દશમા ગુણસ્થાનકે રહ્યો.

તેમાંથી **અગ્યારમા ઉપશાંતમોહ ગુણસ્થાનકમાં** સોળ બીજી પ્રકૃતિઓનો બંધ થતો નથી. તેથી ૧૭માંથી ૧૬ જવાથી હવે એક જ બંધયોગ્ય પ્રકૃતિ શેષ રહી. તે શાતાવેદનીય. ૧૧ થી ૧૩માં ગુણસ્થાન સુધી યોગને આશ્રયીને એક શાતાવેદનીય બાંધે છે. ।।૪૧।।

**દર્શનાવરણી ચાર જ્ઞાનાવરણી બધી, હો લાલ જ્ઞાના૦**
**અંતરાયની પાંચ, યશ, ઉચ્ચ ગોત્રની. હો લાલ યશ૦ ૪૨**

**અર્થ :–** તે ૧૬ કઈ કઈ પ્રકૃતિઓ છે તે જણાવે છે :–

ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળ એ ચાર દર્શનાવરણીય કર્મની તથા મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનાવરણીય કર્મની પાંચ તથા દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્યાંતરાય કર્મની પાંચ અને યશ નામકર્મ તથા ઉચ્ચ ગોત્ર મળીને કુલ ૧૬ પ્રકૃતિઓ થઈ. ।।૪૨।।

**એક સાતનો બંધ સયોગી સુધી છે, હો લાલ સયોગી૦**
**ચૌદમે જીવ અબંધ : સર્વજ્ઞ-વાણી એ. હો લાલ સર્વજ્ઞ૦ ૪૩**

**અર્થ :–** શેષ રહેલ બંધયોગ્ય એક પ્રકૃતિ તે શાતાવેદનીય છે. તે શાતાવેદનીયનો બંધ **બારમા ક્ષીણમોહ ગુણસ્થાનક** અને **સયોગી કેવળી નામના તેરમા ગુણસ્થાનક** સુધી છે. **ચૌદમા ગુણસ્થાનકમાં** જીવ અબંધ દશાને પામે છે. એમ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે. ।।૪૩।।

**પ્રકૃતિ-બંધની જેમ પ્રદેશાદિક છે, હો લાલ પ્રદેશા૦**
**એક સમય-પ્રબદ્ધ અનંત અણુ ધરે હો લાલ અનંત૦ ૪૪**

**અર્થ :–** ૧૨૦ બંધયોગ્ય પ્રકૃતિની જેમ પ્રદેશબંધ, સ્થિતિબંધ અને રસબંધ પણ છે. એક સમય પ્રબદ્ધ એટલે એક સમય માત્રમાં આ જીવ અનંત પુદ્ગલ પરમાણુને ગ્રહણ કરે છે તે પ્રદેશબંધ છે. ।।૪૪।।

**જેમ કવલ-આહાર ક્રમે કરી જીવ લે હો લાલ ક્રમે૦**
**પ્રતિસમય તેમ બંધ સમય-પ્રબદ્ધ છે; હો લાલ સમય૦ ૪૫**

**અર્થ :–** જેમ કોળીએ કોળીએ ક્રમપૂર્વક આહાર લેવાય છે, તેમ પ્રતિ સમયે જીવને કર્મબંધનો સંચય થાય છે. એક સમયમાં જેટલા કર્મ પરમાણુ બંધાય, તેને સમય-પ્રબદ્ધ કહેવામાં આવે છે. ।।૪૫।।

**કવલ વિષે રસ હોય જાુદી જાુદી જાતના હો લાલ જાુદી૦**
**કર્મ-અણુના તેમ અનુભાગો ઘણા. હો લાલ અનુભાગો૦ ૪૬**

**અર્થ :–** લીધેલા કોળીઆમાં જુદી જુદી જાતના રસ હોય છે. તેમ સંચય કરેલા કર્મ પુદ્ગલોના ફળમાં સુખ દુઃખ આપવાના તીવ્ર કે મંદ રસરૂપ અનુભાગો ઘણા હોય છે. ।।૪૬।।

**તીવ્ર મંદાદિ ભેદ ઉદય-કાળે દીસે હો લાલ ઉદય-કાળે૦**
**સ્થિતિ બંધનો કાળ જઘન્યાદિક છે. હો લાલ જઘન્યા૦ ૪૭**

**અર્થ :–** સુખદુઃખ આપવારૂપ તીવ્ર કે મંદરસ, તે કર્મના ઉદયકાળે જણાય છે. તેમ કર્મબંધનો સ્થિતિકાળ પણ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ છે. ।।૪૭।।

**યોગેપ્રકૃતિ, પ્રદેશ; સ્થિતિ, રસ કષાયથી, હો લાલ સ્થિ૦**
**કવલથી તનુ સમ, કર્મ સમય-પ્રબદ્ધથી. હો લાલ સમય૦ ૪૮**

**અર્થ :–** મનવચનકાયાના યોગથી કર્મોની પ્રકૃતિ અને પ્રદેશબંધ થાય છે. તથા કષાયથી તે કર્મોની સ્થિતિ અને રસ બંધ પડે છે.

**કર્મબંધનના ચાર પ્રકાર નીચે પ્રમાણે :–**

**(૧) પ્રકૃતિ બંધ :–** પ્રકૃતિ એટલે કર્મનો સ્વભાવ. બંધાયેલા કર્મ જ્ઞાનાદિ ગુણ ઉપર આવરણ કરે તે. જેમકે સૂંઠનો લાડુ વાયુને હરે અને જીરાનો લાડુ પિત્તને હરવાના સ્વભાવવાળો છે; તેમ જ્ઞાનાવરણીય આદિ કર્મનો જ્ઞાન વિગેરે રોકવાનો જે સ્વભાવ તે પ્રકૃતિબંધ.

**(૨) સ્થિતિ બંધ :–** સ્થિતિ એટલે કાળની મર્યાદા. જે કર્મ બંધાય તે કર્મ આત્મપ્રદેશની સાથે કેટલા સમય સુધી રહેશે તેની મર્યાદા તે સ્થિતિબંધ. જેમકે તે લાડુ એક પખવાડીયા કે એક માસ સુધી બગડે નહીં. તેમ જ્ઞાનાવરણાદિ કર્મનો ૩૦ કોડાકોડી સાગરોપમ વિગેરે સુધી ટકવાનો જે કાળ તે સ્થિતિ બંધ.

**(૩) રસ બંધ :–** કર્મના શુભ-અશુભ રસનું તીવ્ર-મંદપણાનું નક્કી થવું તે રસબંધ અથવા અનુભાગ બંધ. એ કર્મના રસનું ઓછાવત્તાપણું બતાવે છે. જેમકે લાડુમાં ગોળ કે સાકરના ઓછાવત્તા પ્રમાણથી મીઠાશમાં ઓછાવત્તાપણું જણાય છે.

**(૪) પ્રદેશ બંધ :–** જીવ કેટલા કર્મ પુદ્ગલ પરમાણુને ગ્રહણ કરશે તેનું પ્રમાણ તે પ્રદેશ બંધ. જેમ કોઈ લાડુ પાશેર, અડધો શેર, કે શેર પ્રમાણનો હોય, તેમ કર્મોના પુદ્ગલ પરમાણુના સ્કંધોનું પ્રમાણ નક્કી થવું તે પ્રદેશ બંધ.

જેમ કવલ એટલે કોળીયાથી લીધેલ આહારમાંથી હાડ, માંસ, ચામડી, લોહી આદિ અંગોપાંગ થાય છે; તેમ એક સમય-પ્રબદ્ધમાં એટલે એક સમયમાં જેટલા પરમાણુ-પુદ્ગલ આવે તે આઠે કર્મમાં વહેંચાઈ જઈ ઉત્તર પ્રકૃતિરૂપે પરિણમે છે.

(૬૦)

## (ચાર) ઉદયાદિ ભંગ



## ૨ ઉદય, ૩ ઉદીરણા, ૪ સત્તા



(દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો, હો લાલ, સમાધિરસે ભર્યો—એ રાગ)

*

### ૨ ઉદય*

બંધાયેલા કર્મનો અબાધાકાળ પૂર્ણ થયે, ઉદયાવલિકામાં પ્રવેશી ફળ આપે તે ઉદય.

**જીવ-પ્રદેશે બંધ, ક્ષીર-નીર સમ મળે, હો લાલ ક્ષીર૦**
**રસ દેવાને યોગ્ય થતા સુધી ના ચળે-હો લાલ થતા૦ ૧**

**અર્થ :—** આત્માના પ્રદેશો સાથે કર્મનો બંધ, દૂધ અને પાણીની જેમ મળેલો છે. તે કર્મો જ્યાં સુધી રસ દેવાને યોગ્ય એટલે ફળ દેવાને યોગ્ય થતાં નથી ત્યાં સુધી તે ઉદયમાં આવતાં નથી પણ સત્તામાં સ્થિર રહે છે. ।।૧।।

**તે આબાધા કાળ; પછી ઉદય કાળ આ હો લાલ પછી૦**
**શુભ-અશુભરૂપ કર્મ-વિપાકની વેદના. હો લાલ વિપાક૦ ૨**

**અર્થ :—** જ્યાં સુધી કર્મો સત્તામાં રહે છે ત્યાં સુધી તે આબાધાકાળ કહેવાય છે. પછી ઉદયમાં આવે ત્યારે ઉદયકાળ કહેવાય છે. ઉદયાવળીમાં આવ્યા પછી તે કર્મો શુભ-અશુભરૂપ કર્મ વિપાકની એટલે કર્મ ફળની શાતા-અશાતારૂપ વેદનીયને આપે છે. ।।૨।।

**વિપાક-કાળની મોર કર્મ-ફળ વેદવું હો લાલ કર્મ-ફળ૦**
**ઉદીરણા કહેવાય : એટલું સમજવું. હો લાલ એટલું૦ ૩**

**અર્થ :—** વિપાક-કાળ એટલે કર્મફળ આપે તે સમયની મોર એટલે પહેલાં જ કર્મના ફળને વેદી લેવું તે ઉદીરણા કહેવાય છે. ।।૩।।

**ઉદય-ઉદીરણા-યોગ્ય પ્રકૃતિ સામાન્ય તો હો લાલ પ્ર૦**
**ગણ સો ને બાવીસ : કહે ક્રમ ઉદયનો-હો લાલ કહે૦ ૪**

**અર્થ :—** કર્મોના ઉદય અને ઉદીરણાને યોગ્ય સામાન્યપણે એટલે સર્વજીવની અપેક્ષાએ ૧૨૨ પ્રકૃતિ હોય છે. હવે કર્મ પ્રકૃતિના ઉદયનો ક્રમ ગુણસ્થાન અનુસાર અત્રે જણાવવામાં આવે છે. ।।૪।।

**ઉદય મિથ્યાત્વમાંહીં સો ને સત્તરનો-હો લાલ સો ને૦**
**મિશ્ર-સમકિત-મોહ, આહારક-દ્વિકનો, હો લાલ આહા૦ ૫**

**અર્થ :— પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનકમાં** ૧૧૭ પ્રકૃતિઓનો ઉદય હોય છે. કારણ તેમાં ૧. મિશ્ર મોહનીય, ૨. સમકિત મોહનીય તથા ૩. આહારક શરીર અને ૪. આહારક અંગોપાંગનો ઉદય હોતો નથી. ।।૫।।

---

* જુઓ 'ઉદય યંત્ર' પૃષ્ઠ ૬૦૩ ઉપર

**જિન બીજનો નહિ હોય ઉદય મિથ્યાત્વમાં, હો લાલ ઉદય૦**
**એક સો ને અગિયાર, બીજા ગુણસ્થાનમાં-હો લાલ બીજા૦ ૬**

**અર્થ :–** આ મિથ્યાત્વ ગુણસ્થાનકમાં ૫. જિન-બીજ એટલે તીર્થંકર નામકર્મનો પણ ઉદય હોતો નથી. તેથી ઉદય યોગ્ય કુલ ૧૨૨માંથી આ પાંચ પ્રકૃતિ બાદ કરતાં ૧૧૭ પ્રકૃતિનો ઉદય હોય છે.

બીજા સાસાદન ગુણસ્થાનકમાં ૧૧૧ પ્રકૃતિનો ઉદય હોય છે. ।।૬।।

**સૂક્ષ્મત્રિક, મિથ્યાત્વ, આતપ, નારક-દૂતી હો લાલ આતપ૦**
**બીજામાં એ ન હોય, ઉદયથી એ છૂટી. હો લાલ ઉદય૦ ૭**

**અર્થ :– બીજા સાસ્વાદન ગુણસ્થાનકમાં** ૧. સૂક્ષ્મ, ૨. અપર્યાપ્ત, ૩. સાધારણ તથા ૪. મિથ્યાત્વ, ૫. આતપ અને ૬. નરકાનુપૂર્વી. આ ૬ પ્રકૃતિનો ઉદય હોતો નથી. તેથી પ્રથમ ગુણસ્થાનની ૧૧૭ માંથી આ ૬ બાદ કરતાં ૧૧૧ પ્રકૃતિ ઉદયયોગ્ય આ બીજા ગુણસ્થાનમાં હોય છે. ।।૭।।

**સ્થાવર, એકેન્દ્રિય, અનંતાનુબંધીની, હો લાલ અનં૦**
**વિકલેન્દ્રિય, શેષ ત્રણ આનુપૂર્વીની હો લાલ ત્રણ૦ ૮**

**અર્થ :–** હવે **ત્રીજા મિશ્ર ગુણસ્થાનમાં** ૧. સ્થાવર, ૨. એકેન્દ્રિય, અનંતાનુબંધી—૩. ક્રોધ, ૪. માન, ૫. માયા, ૬. લોભ અને ૭. બેઇન્દ્રિય, ૮. ત્રૈઇન્દ્રિય, ૯. ચૌરેન્દ્રિયની જાતિ તથા ૧૦. તિર્યંચાનુપૂર્વી, ૧૧. મનુષ્યાનુપૂર્વી અને ૧૨. દેવાનુપૂર્વીની પ્રકૃતિઓનો ઉદય હોતો નથી. ।।૮।।

**બાર ન મિશ્રે હોય, મિશ્ર ઉદયે વધી હો લાલ મિશ્ર૦**
**સોનો ઉદય ગણાય ત્રીજે સર્વે મળી. હો લાલ ત્રીજે૦ ૯**

**અર્થ :–** ઉપરોક્ત બાર પ્રકૃતિઓનો આ મિશ્રગુણસ્થાનમાં ઉદય હોતો નથી. તેથી બીજા ગુણ-સ્થાનની ૧૧૧ પ્રકૃતિમાંથી ૧૨ પ્રકૃતિ બાદ કરતાં ૯૯ પ્રકૃતિઓ શેષ રહી. પણ આ ત્રીજા ગુણસ્થાનમાં મિશ્રમોહનીયની એક પ્રકૃતિ વૃદ્ધિ પામી, તેથી ૯૯+૧ મળીને કુલ ૧૦૦ પ્રકૃતિઓનો ઉદય આ ત્રીજા ગુણસ્થાનમાં હોય છે. ।।૯।।

**ચોથે સો ને ચાર : મિશ્ર ઉદયે નહીં હો લાલ મિશ્ર૦**
**સમ્યક્ત્વ-મોહનીય, આનુપૂર્વી બધી હો લાલ આનુ૦ ૧૦**

**અર્થ :– ચોથા અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનમાં** ૧૦૪ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તે આ પ્રમાણે :– આ ગુણસ્થાનમાં મિશ્ર મોહનીય પ્રકૃતિનો ઉદય હોતો નથી. તેથી ત્રીજા ગુણસ્થાનની ૧૦૦ પ્રકૃતિમાંથી ૧ બાદ કરતાં ૯૯ પ્રકૃતિ રહી. તેમાં વળી ૧. સમકિત મોહનીય તથા ૨. નરકાનુપૂર્વી, ૩. તિર્યંચાનુપૂર્વી, ૪. મનુષ્યાનુપૂર્વી અને ૫. દેવાનુપૂર્વી એ પાંચ પ્રકૃતિઓ આવી મળતા ૯૯+૫ મળીને કુલ ૧૦૪ પ્રકૃતિનો ઉદય ચોથા ગુણસ્થાનમાં હોય છે. ।।૧૦।।

**ઉદયે મળી આવી અવિરત સુદૃષ્ટિને. હો લાલ અવિ૦**
**ઉદયમાં સિત્તાસી પાંચમામાં ગણે-હો લાલ પાંચ૦ ૧૧**

**અર્થ :–** ઉપરોક્ત ઉદયયોગ્ય પ્રકૃતિઓ અવિરત સમ્યગ્દૃષ્ટિને ચોથા ગુણસ્થાનકમાં હોય છે.

હવે પાંચમા દેશવિરત ગુણસ્થાનમાં ૮૭ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે. ।।૧૧।।

**અપ્રત્યાખ્યાનીય, અષ્ટક વૈક્રિયનું હો લાલ અષ્ટક૦**
**નૃ-તિર્યક-આનુપૂર્વી, અનાદેય જોડલું હો લાલ અના૦ ૧૨**

**અર્થ :— પાંચમા દેશવિરતિ ગુણસ્થાનમાં** અપ્રત્યાખ્યાનાવરણ ૧. ક્રોધ, ૨. માન, ૩. માયા, ૪. લોભ તથા ૫. દેવગતિ, ૬. દેવગત્યાનુપૂર્વી, ૭. નરકગતિ, ૮. નરકગત્યાનુપૂર્વી, ૯. દેવાયુ, ૧૦. નરકાયુ, ૧૧. વૈક્રિય શરીર, ૧૨. વૈક્રિય અંગોપાંગ એ અષ્ટક અને ૧૩. નૃ એટલે મનુષ્યગત્યાનુપૂર્વી તથા ૧૪. તિર્યંચગત્યાનુપૂર્વી તેમજ ૧૫. અનાદેય અને ૧૬. અયશકીર્તિ જોડલાનો ઉદય આ ગુણસ્થાનમાં હોતો નથી. ।।૧૨।।

**દુર્ભગ, સત્તર સર્વ; અહીં ઉદયે નહીં હો લાલ અહીં૦**
**પ્રમત્તમાં એકાશી ઉદયમાંહી કહી હો લાલ ઉદય૦ ૧૩**

**અર્થ :—** વળી ૧૭. દુર્ભગ નામકર્મની પ્રકૃતિ મળીને કુલ ૧૭ પ્રકૃતિનો ઉદય આ પાંચમા ગુણસ્થાનમાં હોતો નથી. માટે ચોથા ગુણસ્થાનની ૧૦૪ પ્રકૃતિમાંથી આ ૧૭ બાદ કરતાં ૮૭ પ્રકૃતિનો ઉદય પાંચમા ગુણસ્થાનમાં હોય છે.

તથા છઠ્ઠા પ્રમત્ત નામના ગુણસ્થાનમાં ૮૧ પ્રકૃતિનો ઉદય હોય છે. ।।૧૩।।

**તિરિગઈ-આયુ, કુગોત્ર, પ્રત્યાખ્યની ગઈ હો લાલ પ્રત્યા૦**
**ઉદ્યોત તેમ જ જાય; આહારક-દ્વિકની-હો લાલ આહા૦ ૧૪**

**અર્થ :— છઠ્ઠા પ્રમત્તગુણસ્થાનમાં** ૧. તિરિગઈ એટલે તિર્યંચગતિ, ૨. તિર્યગઆયુ, ૩. નીચ ગોત્ર તથા પ્રત્યાખ્યાનાવરણ ૪. ક્રોધ, ૫. માન, ૬. માયા, ૭. લોભ અને ૮. ઉદ્યોત એમ આઠ પ્રકૃતિઓને પાંચમા ગુણસ્થાનની ૮૭ પ્રકૃતિમાંથી બાદ કરતાં ૭૯ પ્રકૃતિઓ શેષ રહી. તેમાં વળી ૧. આહારક શરીર અને ૨. આહારક અંગોપાંગની આ બે પ્રકૃતિઓ છઠ્ઠા ગુણસ્થાનમાં વધી જવાથી ૭૯+૨ મળીને કુલ ૮૧ પ્રકૃતિઓ આ પ્રમત્ત નામના છઠ્ઠા ગુણસ્થાનમાં ઉદયમાં હોય છે. ।।૧૪।।

**બે નવી ઉદય થાય, છઠ્ઠે ગુણસ્થાનકે. હો લાલ છઠ્ઠે૦**
**સ્ત્યાનગૃદ્ધિનું ત્રિક, આહારક-દ્વિક એઃ- હો લાલ આહા૦ ૧૫**

**અર્થ :—** ઉપરોક્ત બે નવી પ્રકૃતિઓ છઠ્ઠા ગુણસ્થાને ઉદય પામી છે. હવે સાતમા અપ્રમત્ત-ગુણસ્થાનમાં (૧) નિદ્રાનિદ્રા, (૨) પ્રચલાપ્રચલા, (૩) સ્ત્યાનગૃદ્ધિ.એ ત્રણ તથા ૪. આહારક શરીર અને ૫. આહારક અંગોપાંગ એ મળીને કુલ પાંચ પ્રકૃતિઓ ઉદયમાં હોતી નથી. ।।૧૫।।

**સાતમે જાતી પાંચ, ઉદય છોંતેરનો હો લાલ ઉદય૦**
**આઠમે જાતી ચાર, ઉદય બોંતેરનો- હો લાલ ઉદય૦ ૧૬**

**અર્થ :— સાતમા અપ્રમત્ત ગુણસ્થાનમાં** ઉપરોક્ત પાંચે પ્રકૃતિઓ જવાથી છઠ્ઠા ગુણસ્થાનની ૮૧ પ્રકૃતિઓમાંથી આ પાંચ બાદ કરતાં ૭૬ પ્રકૃતિઓનો ઉદય સાતમા ગુણસ્થાનમાં હોય છે. આઠમા અપૂર્વકરણ નામના ગુણસ્થાનમાં બીજી ચાર પ્રકૃતિઓ જવાથી ૭૨ પ્રકૃતિનો ઉદય હોય છે. ।।૧૬।।

**અંત સંહનન ત્રિક, સમ્યક્‌ત્વ-મોહની હો લાલ સમ્ય૦**
**નવમે છાસઠ હોય : હાસ્યાદિ છ જતી હો લાલ હાસ્યા૦ ૧૭**

**અર્થ :— આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનમાં** ૧. અર્ધનારાચ, ૨. કીલિકા અને ૩. સેવાર્ત (છેવટું) સંહનન એ ત્રણ તથા ૪. સમ્યક્ત્વ-મોહનીય મળીને કુલ ચાર પ્રકૃતિઓ, સાતમા ગુણસ્થાનની ૭૬ પ્રકૃતિઓમાંથી બાદ કરતાં આઠમા ગુણસ્થાનમાં ૭૨ પ્રકૃતિઓ ઉદયમાં હોય છે.

આઠમા ગુણસ્થાનકથી શ્રેણી ચાલુ થતી હોવાથી આ ગાથામાં કહ્યા તે ત્રણ છેલ્લા સંહનનનો ઉદય આઠમામાં ઘટતો નથી. અને આ ત્રણ સંહનનવાળા જીવો મંદ વિશુદ્ધિવાળા હોય તેથી શ્રેણી માંડી શકતા નથી. પણ વજ્રઋષભનારાચ, ઋષભનારાચ અને નારાચ એ ત્રણે સંહનનવાળા જીવો ઉપશમ શ્રેણી માંડી શકે છે. પણ ક્ષપકશ્રેણી તો એક વજ્રઋષભનારાચ સંઘયણવાળા જ માંડી શકે છે.

હવે **નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં** ૧. હાસ્ય, ૨. રતિ, ૩. અરતિ, ૪. ભય, ૫. શોક, ૬. જુગુપ્સા જવાથી, આઠમા ગુણસ્થાનની ૭૨ પ્રકૃતિઓમાંથી આ ૬ પ્રકૃતિઓ બાદ થતાં ૬૬ પ્રકૃતિઓનો ઉદય નવમા ગુણસ્થાનમાં હોય છે. ।।૧૭।।

**દશમે ઉદયે સાઠ : ત્રણે વેદની જતી હો લાલ ત્રણે૦**
**સંજ્વલન વિણ લોભ, ત્રણે દૂરે થતી હો લાલ ત્રણે૦ ૧૮**

**અર્થ :— દશમા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાં** ૧. સ્ત્રીવેદ, ૨. પુરુષવેદ, ૩. નપુંસક વેદ તથા સંજ્વલન લોભ કષાય વિના બાકીના સંજ્વલન ૪. ક્રોધ, ૫. માન, ૬. માયા મળીને કુલ ૬ પ્રકૃતિઓ નવમા ગુણસ્થાનના અંતમાં જવાથી નવમા ગુણસ્થાનની ૬૬ પ્રકૃતિઓમાંથી આ ૬ ને બાદ કરતાં ૬૦ પ્રકૃતિઓનો ઉદય આ દશમા ગુણસ્થાનમાં હોય છે. ।।૧૮।।

**અગ્યારમે નહિ લોભ, ઓગણસાઠ જ રહી હો લાલ ઓગ૦**
**બારમામાં બે ભેદ : પ્રથમમાં બે જતી-હો લાલ પ્રથમ૦ ૧૯**

**અર્થ :— અગિયારમાં ઉપશાંતમોહ ગુણસ્થાનમાં** સંજ્વલન લોભ કષાય ઉપશાંત હોવાથી અર્થાત્ તેનો ઉદય ન હોવાથી આ દશમા ગુણસ્થાનકની ૬૦ પ્રકૃતિઓમાંથી સંજ્વલન લોભને બાદ કરતા ૫૯ પ્રકૃતિઓનો ઉદય આ અગિયારમા ગુણસ્થાનમાં હોય છે. હવે બારમા ક્ષીણમોહ નામના ગુણસ્થાનના બે ભેદ છે. પ્રથમના ભેદમાં બે પ્રકૃતિઓનો નાશ થાય છે. ।।૧૯।।

**ઋષભ-નારાચ-દ્વિક; સત્તાવન ઉદયે હો લાલ સત્તાવન૦**
**નિદ્રા, પ્રચલા જાય, પંચાવન દ્વિતીયે. હો લાલ પંચાવન૦ ૨૦**

**અર્થ :— બારમા ક્ષીણમોહ ગુણસ્થાનની** બે પ્રકૃતિ ૧. ઋષભાનારાચ સંહનન અને ૨. નારાચ સંહનન છે. અગિયારમા ગુણસ્થાનની ૫૯ પ્રકૃતિમાંથી આ બે બાદ કરતાં ૫૭ પ્રકૃતિઓ બારમા ગુણસ્થાનના પ્રથમ ભેદમાં ઉદયમાં રહે છે.

તેમાંથી ૧. નિદ્રા અને ૨. પ્રચલા એ બે પ્રકૃતિઓ બીજા ભાગમાં નાશ થવાથી ૫૭ પ્રકૃતિઓમાંથી બે બાદ કરતા ૫૫ પ્રકૃતિનો ઉદય આ બારમા ગુણસ્થાનમાં હોય છે. ।।૨૦।।

**જ્ઞાનાવરણીય પાંચ, બધી અંતરાયની હો લાલ બધી૦**
**દર્શનાવરણી ચાર : જતી ચૌદ ઘાતીની હો લાલ જતી૦ ૨૧**

**અર્થ :—** હવે **તેરમા સયોગી કેવળી ગુણસ્થાનમાં** ૧. મતિ, ૨. શ્રુત, ૩. અવધિ, ૪. મનઃપર્યવ

અને ૫. કેવળજ્ઞાનાવરણની મળીને પાંચ, તથા ૧. દાન, ૨. લાભ, ૩. ભોગ, ૪. ઉપભોગ અને ૫. વીર્યાન્તરાયની મળીને પાંચ તેમજ ૧. ચક્ષુ, ૨. અચક્ષુ, ૩. અવધિ અને ૪. કેવળ દર્શનાવરણની મળીને ચાર, એમ કુલ ચૌદ ઘાતીકર્મની પ્રકૃતિઓ જવાથી બારમા ગુણસ્થાનની ૫૫ પ્રકૃતિઓમાંથી આ ૧૪ બાદ કરતાં ૪૧ પ્રકૃતિઓનો ઉદય અત્રે શેષ રહે છે. ।।૨૧।।

**જિન-નામ-ઉદય હોય બેંતાળીસ તેરમે હો લાલ બેંતા૰**
**અગુરુ-લઘુ-રૂપ-ચતુષ્ક, પ્રથમ સંહનન એ. હો લાલ પ્ર૰ ૨૨**

**અર્થ :—** ઉપરોક્ત ૪૧ પ્રકૃતિઓમાં આ તેરમા ગુણસ્થાને તીર્થંકરનામકર્મનો ઉદય થવાથી એક પ્રકૃતિ વૃદ્ધિ પામી. તેથી ૪૧+૧ મળીને ૪૨ પ્રકૃતિઓનો ઉદય આ તેરમા ગુણસ્થાનકમાં હોય છે.

હવે તેરમા સયોગી—કેવળી નામના ગુણસ્થાનના અંતમાં તેમાંથી ૩૦ પ્રકૃતિઓ નાશ પામે છે. તે નીચે પ્રમાણે —

તે ૧. અગુરુલઘુ, ૨. ઉપઘાત, ૩. પરઘાત, ૪. ઉચ્છ્વાસ, એ ચાર તથા ૫. વર્ણ, ૬. ગંધ, ૭. રસ, ૮. સ્પર્શ એ રૂપ ચતુષ્ક તથા ૯. વજ્રઋષભનારાચ પ્રથમ સંહનન છે. ।।૨૨।।

**ખગતિ-ઔદારિક-અસ્થિર-યુગલો હો લાલ અસ્થિ૰**
**પ્રત્યેક-ત્રિક નિર્માણ અને સંસ્થાન છો. હો લાલ અને૰ ૨૩**

**અર્થ :—** તથા ૧૦. શુભ ખગતિ, (ચાલવાની રીત) ૧૧. અશુભ ખગતિ ૧૨. ઔદારિક શરીર, ૧૩. ઔદારિક અંગોપાંગ અને ૧૪. અસ્થિર, ૧૫. અશુભ નામકર્મ તથા ૧૬. પ્રત્યેક, ૧૭. સ્થિર, ૧૮. શુભ નામકર્મ—એ ત્રણ, વળી ૧૯ નિર્માણ અને ૨૦. સમચતુરસ્ર, ૨૧. ન્યગ્રોધપરિમંડલ, ૨૨. સ્વાતિ, ૨૩. વામન, ૨૪. કુબ્જ, ૨૫. હુંડક એ છ સંસ્થાન છે. ।।૨૩।।

**તન, તૈજસ, કાર્મણ સ્વર એક વેદની હો લાલ સ્વર૰**
**ત્રીસ જતાં જો બાર અયોગી સ્થાનની હો લાલ અયોગી૰ ૨૪**

**અર્થ :—** શરીરમાં રહેલ ૨૬. તૈજસ શરીર, ૨૭. કાર્મણ શરીર તથા ૨૮. સુસ્વર, ૨૯. દુસ્વર અને ૩૦. શાતા-અશાતાવેદનીમાંથી એક, એમ બધી મળીને કુલ ૩૦ પ્રકૃતિઓ આ તેરમા ગુણસ્થાનના અંતમાં જવાથી, તેરમા ગુણસ્થાનની ૪૨ પ્રકૃતિઓમાંથી આ ૩૦ને બાદ કરતાં બાકીની ૧૨ પ્રકૃતિઓનો ઉદય અયોગી નામના આ ચૌદમા ગુણસ્થાનમાં હોય છે. ।।૨૪।।

**યશ, સુભગ, આદેય, ત્રસ-ત્રિક જિનની હો લાલ ત્રસ૰**
**સુગોત્ર નરગતિ-આયુ, પંચેન્દ્રી, વેદની હો લાલ પંચેન્દ્રી૰ ૨૫**

**અર્થ :—** હવે **ચૌદમા અયોગી ગુણસ્થાનના** અંતમાં શેષ રહેલ બાર પ્રકૃતિઓ પણ જાય છે. તે પ્રકૃતિઓ આ પ્રમાણે :— ૧. યશ, ૨. સુભગ, ૩. આદેય તથા ૪. ત્રસ, ૫. બાદર, ૬. પર્યાપ્ત એ ત્રણ અને ૭. જિનનામકર્મ, ૮. ઉચ્ચ ગોત્ર, ૯. મનુષ્યગતિ, ૧૦. મનુષ્ય આયુ, ૧૧. પંચેન્દ્રિય જાતિ તથા ૧૨. વેદનીય મળીને કુલ ૧૨ પ્રકૃતિઓ થાય છે. ।।૨૫।।

**જાતાં અંતિમ બાર ભવસ્થિતિ પણ જતી હો લાલ ભવ૰**
**આઠે કર્મથી મુક્ત સિદ્ધતા ઊપજતી હો લાલ સિદ્ધતા૰ ૨૬**

**અર્થ :—** ઉપરોક્ત બાર પ્રકૃતિઓ ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનના અંતમાં જવાથી તે શુદ્ધાત્માની સંસારમાં સ્થિતિ કરવાની અવધિ પણ હવે પૂર્ણતાને પામે છે. તેથી આઠેય કર્મથી મુક્ત થયેલા તે પરમાત્મા, સિદ્ધ દશાને પામી મોક્ષમાં સર્વકાળને માટે અનંતસુખમાં વિરાજમાન થાય છે. ।।૨૬।।

## ૩ ઉદીરણા*

જે કર્મો ઉદયમાં આવ્યા નથી તેને તપ આદિવડે ઉદયમાં લાવીને ખપાવવા તેનું નામ ઉદીરણા છે.

**છઠ્ઠા સુધી સમાન ઉદયવત્ ઉદીરણા, હો લાલ ઉદય૦**
**સાતમાંથી સયોગી સુધી જ વિશેષતા હો લાલ સુધી૦ ૨૭**

**અર્થ :— છઠ્ઠા પ્રમત્ત ગુણસ્થાનના** અંત સુધી કર્મ પ્રકૃતિઓનો જે પ્રમાણે ઉદય થાય, તે પ્રમાણે તપ આદિ દ્વારા ઉદીરણા કરીને તેને ખપાવી શકાય. પછી સાતમા અપ્રમત્ત ગુણસ્થાનની શરૂઆતથી તે તેરમા સયોગી ગુણસ્થાનના અંત સુધી તેમાં વિશેષતા છે. એટલે કે શાતા, અશાતા અને મનુષ્ય આયુની ઉદીરણા સાતમા ગુણસ્થાનની શરૂઆતથી તે તેરમા સુધી નથી. સાતમા ગુણસ્થાનથી લઈને તેરમા ગુણસ્થાન સુધી જે પ્રકૃતિઓ ઉદયમાં હતી, તે હવે ઉદીરણામાં શાતા અશાતા અને મનુષ્ય આયુની આ ત્રણ પ્રકૃતિઓ ઓછી ઓછી ગણતા જવું. બીજી બધી પ્રકૃતિઓ જેમ ઉદયમાં છે તેમજ ઉદીરણામાં પણ સમજવી. હવે ચૌદમા ગુણસ્થાનમાં મન વચન કાયાના યોગ ન હોવાથી ત્યાં ઉદીરણાનો સંભવ નથી. કારણ કે ઉદીરણા એ યોગકૃત છે તેથી.

**સાતમે ગણ તોંતેર ઉદીરણા યોગ્ય એ, હો લાલ ઉદી૦**
**આઠમે અગ્નોતેર વળી તેંસઠ નવમે, હો લાલ વળી૦ ૨૮**

**અર્થ :— સાતમા અપ્રમત્ત ગુણસ્થાનમાં** જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૬, મોહનીયની ૧૪, નોકર્મની ૪૨, ગોત્રની ૧ તથા અંતરાયની ૫ મળીને કુલ ૭૩ પ્રકૃતિઓ ઉદીરણા યોગ્ય ગણાય છે.

**આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનમાં** જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૬, મોહનીયની ૧૩, નામકર્મની ૩૯, ગોત્રની ૧, તથા અંતરાયની ૫ મળીને કુલ ૬૯ પ્રકૃતિઓ ઉદીરણા યોગ્ય હોય છે.

તથા **નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં** જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૬, મોહનીયની ૭, નામકર્મની ૩૯, ગોત્રની ૧ તથા અંતરાયની ૫ મળીને કુલ ૬૩ પ્રકૃતિઓ ઉદીરણા યોગ્ય ગણાય છે. ।।૨૮।।

**સત્તાવન દશમે જ, છપ્પન અગ્યારમે, હો લાલ છપ્પન૦**
**ચોપન, બાવન ભેદ થતા બે બારમે, હો લાલ થતા૦ ૨૯**

**અર્થ :— દશમા સૂક્ષ્મસંપરાયગુણસ્થાનમાં** જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૬, મોહનીયની ૧, નામકર્મની ૩૯, ગોત્રની ૧ તથા અંતરાયની ૫ મળીને કુલ ૫૭ પ્રકૃતિઓ ઉદીરણા યોગ્ય છે.

તથા **અગ્યારમા ઉપશાંતમોહ ગુણસ્થાનમાં** જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૬, નામકર્મની ૩૯, ગોત્રની ૧ તથા અંતરાયની ૫, મળીને ૫૬ ઉદીરણા યોગ્ય પ્રકૃતિઓ ગણાય છે.

**બારમા ક્ષીણમોહ ગુણસ્થાનના** બે ભેદ થાય છે. તેના પ્રથમ ભેદમાં જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૬, નામકર્મની ૩૭, ગોત્રની ૧ તથા અંતરાયકર્મની ૫, મળીને કુલ ૫૪ ઉદીરણા યોગ્ય પ્રકૃતિ છે.

* જુઓ 'ઉદીરણા યંત્ર' પૃષ્ઠ ૬૦૩ ઉપર

અને બીજા ભેદમાં જ્ઞાનાવર્ણીની ૫, દર્શનાવર્ણીયની ૪, નામકર્મની ૩૭, ગોત્રની ૧ તથા અંતરાયની પાંચ મળીને ૫૨, ઉદીરણા યોગ્ય પ્રકૃતિઓ ગણાય છે. ।।૨૯।।

**વળી ઓગણચાલીસ સયોગી તેરમે, હો લાલ સયોગી૦**
**ઉદીરણાને યોગ્ય નહીં કોઈ ચૌદમે, હો લાલ નહીં૦ ૩૦**

**અર્થ :—** **તેરમા સયોગી કેવળી ગુણસ્થાનમાં** નામકર્મની ૩૮ અને ગોત્રકર્મની ૧ મળીને કુલ ૩૯ પ્રકૃતિઓ ઉદીરણા યોગ્ય હોય છે.

**ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનમાં** ઉદીરણા કરવા યોગ્ય એક પણ પ્રકૃતિ નથી. કેમકે ત્યાં મન વચન કાયાના યોગ નથી. ।।૩૦।।

## ૪. સત્તા*

બંધાયેલા કર્મોનું અબાધાકાળ સુધી આત્મા સાથે વળગી રહેવું તેને સત્તા કહેવાય છે.

**બંધાદિથી બની કર્મ વળગી રહે જીવને, હો લાલ વળગી૦**
**સત્તા કર્મની તે જ; ભેદાનુભેદને- હો લાલ ભેદાનુભેદને૦ ૩૧**

**અર્થ :—** રાગદ્વેષ આદિના ભાવોથી કાર્મણ વર્ગણાઓ ખેંચાઈને આવી આત્માના પ્રદેશો સાથે કર્મરૂપે થઈ જે વળગી રહે, તે જ કર્મની સત્તા છે અને તેના અનેક ભેદ પ્રભેદ છે. ।।૩૧।।

**ગણતાં અડતાળીસ સોની ઉપર થઈ, હો લાલ સોની૦**
**બીજે, ત્રીજે સોની ઉપર સુડતાળીની, હો લાલ ઉપર૦ ૩૨**

**અર્થ :—** હવે તે ભેદ પ્રભેદને ગણતાં **પ્રથમ મિથ્યાત્વ નામના ગુણસ્થાનમાં** તે ૧૪૮ પ્રકૃતિ થાય છે. તે આ પ્રમાણે :—

જ્ઞાનાવરણની ૫, દર્શનાવરણની ૯, વેદનીયની ૨, મોહનીયની ૨૮, આયુની ૪, નામકર્મની ૯૩, ગોત્રની ૨ અને અંતરાય કર્મની ૫ મળીને કુલ ૧૪૮ પ્રકૃતિ સત્તામાં હોય છે.

બીજા સાસ્વાદન તથા ત્રીજા મિશ્ર ગુણસ્થાનમાં તીર્થંકર નામકર્મની સત્તા ન હોવાથી એક પ્રકૃતિ ઓછી થઈ; તેથી ૧૪૭ પ્રકૃતિઓ આ બે ગુણસ્થાનમાં સત્તારૂપે હોય છે. ।।૩૨।।

**સત્તા, વણ-જિનબીજ; અન્યમાં પૂરી છે, હો લાલ અન્ય૦**
**પહેલેથી ઉપશાંત સુધી સત્તા વિષે હો લાલ સુધી સત્તા૦ ૩૩**

**અર્થ :—** જિનબીજ એટલે તીર્થંકર નામકર્મ જેણે બાંધ્યુ તે અન્યમાં એટલે બીજા, ત્રીજા ગુણસ્થાનમાં જાય નહીં. એ બે ગુણસ્થાન વિના **પહેલા ગુણસ્થાનકથી છેક ઉપશાંતમોહ નામના અગ્યારમા ગુણસ્થાન સુધી** ૧૪૮ પ્રકૃતિની સત્તા પૂરેપુરી હોય છે. તેને સંભવસત્તા કહેવાય છે. ।।૩૩।।

**અનંતાનુબંધી ચાર નરક પશુ-આયુની, હો લાલ નરક૦**
**છ વિના સોથી અધિક બેંતાળીસ પ્રકૃતિ, હો લાલ બેંતા૦ ૩૪**

**અર્થ :—** અનંતાનુબંધી કષાયની ચાર તથા નરકાયુ અને પશુઆયુની મળીને કુલ છ પ્રકૃતિઓ હમણાં સત્તામાં નથી એવા ઉપશમ શ્રેણીવાળાને ૧૪૨ પ્રકૃતિઓ સત્તામાં સંભવે છે. સત્તાના બે પ્રકાર

* જુઓ 'સત્તા યંત્ર' પૃષ્ઠ ૬૦૧ ઉપર

છે. એક સદ્‌ભાવ સત્તા અને બીજી સંભવ સત્તા. જે જીવો તેજ ભવે મોક્ષમાં જવાના છે તે જીવોનો સમાવેશ સદ્‌ભાવ સત્તામાં થાય છે. અને જે જીવોને આયુષ્યના બંધનો સંભવ છે તે જીવોનો સમાવેશ સંભવ સત્તામાં થાય છે.।।૩૪।।

**અપૂર્વથી ઉપશાંત સુધીમાં સંભવે, હો લાલ સુધીમાં૦**
**ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ ક્ષય સાતનો કરે હો લાલ ક્ષય૦ ૩૫**

**અર્થ :–** તે ૧૪૨ પ્રકૃતિઓ **આઠમા અપૂર્વગુણસ્થાનકથી અગ્યારમા ઉપશાંતમોહ નામના ગુણસ્થાન સુધી** સત્તામાં સંભવે.

હવે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ તો અનંતાનુબંધી ૪ તથા મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્‌ત્વ મોહનીય મળીને કુલ સાતેય પ્રકૃતિઓનો ક્ષય કરે છે. ।।૩૫।।

**ચોથેથી સો અધિક એકતાળીસ ધરે હો લાલ એકતા૦**
**ચરમ-શરીરી જો હોય, ન નવીન આયુ ધરે હો લાલ ન૦ ૩૬**

**અર્થ :–** તે ક્ષાયિક સમ્યક્‌દૃષ્ટિ જીવ સાતેય પ્રકૃતિને મૂળમાંથી ક્ષય કરેલી હોવાથી ચોથા ગુણસ્થાનકથી જ તે ૧૪૧ પ્રકૃતિની સત્તાવાળો હોય છે. પણ જે ચરમશરીરી એટલે તે જ ભવે મોક્ષ જનાર હોય તે નવા આયુષ્યકર્મનો બંધ કરતો નથી. ।।૩૬।।

**ચરમશરીરી સુદૃષ્ટિ ક્ષાયિક ચતુર્થથી હો લાલ ક્ષાયિક૦**
**ત્રણે આયુરહિત, બીજી સાત ક્ષય કરી હો લાલ બીજી૦ ૩૭**

**અર્થ :–** ચરમશરીરી ક્ષાયિક સમ્યક્‌દૃષ્ટિ જીવ ચોથા ગુણસ્થાનથી નરકાયુ, તિર્યંચાયુ અને દેવાયુ રહિત હોય. અને સાત પ્રકૃતિ તે અનંતાનુબંધીની ચાર તથા મિથ્યાત્વ, મિશ્ર અને સમ્યક્‌ત્વ મોહનીયની એ ૩ મળીને કુલ દસ પ્રકૃતિ ચરમશરીરને સત્તામાં હોતી નથી. ।।૩૭।।

**સો ને આડત્રીસ ધરે સત્તા વિષે હો લાલ ધરે સત્તા૦**
**પ્રથમ ભાગ પર્યંત નવમા ગુણ-પદે હો લાલ નવમા૦ ૩૮**

**અર્થ :–** ઉપરોક્ત દશ પ્રકૃતિઓના ક્ષયથી ૧૩૮ પ્રકૃતિ તેને સત્તામાં હોય છે. તે ચોથા ગુણસ્થાનકથી લઈને નવમા અનિવૃત્તિ ગુણસ્થાનના પહેલા ભાગ સુધી જાણવી. ।।૩૮।।

**ક્ષાયિકદૃષ્ટિ ન હોય તે ચરમશરીરીને હો લાલ તે૦**
**સો ને પિસ્તાલીસ, ચોથેથી સાતમે હો લાલ ચોથે૦ ૩૯**

**અર્થ :–** હવે જે ક્ષાયિક સમ્યક્‌દૃષ્ટિ ન હોય પણ ઉપશમ કે ક્ષયોપશમવાળો હોય અને ચરમશરીરી હોય તેને નરકાયુ, તિર્યંચાયુ અને દેવાયુ એ ત્રણ પ્રકૃતિ સત્તામાં હોય નહીં. તેથી તે ચોથા ગુણસ્થાનથી સાતમા અપ્રમત્ત ગુણસ્થાન સુધી ૧૪૫ પ્રકૃતિની સત્તાવાળો હોય છે. ।।૩૯।।

**સો ને આડત્રીસ કહી નવમા ગુણે હો લાલ કહી૦**
**બીજી સોળ ન હોય, બીજા વિભાગમેં :– હો લાલ બીજા૦ ૪૦**

**અર્થ :–** ચરમશરીરી ક્ષાયક સમકિતી ક્ષપક શ્રેણિ માંડનારને નવમા ગુણસ્થાનકના પહેલા ભાગમાં ૧૩૮ પ્રકૃતિની સત્તા કહી. હવે તેથી આગળ વધી નવમા અનિવૃત્તિકરણના બીજા ભાગમાં આવે

ત્યારે બીજી ૧૬ પ્રકૃતિની સત્તા દૂર થાય છે. ।।૪૦।।

**સ્થાવર-તિર્યક્-દ્વિક નરક-આતપ-દ્વિક હો લાલ નરક૦**
**એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, સ્ત્યાનગૃદ્ધિ-ત્રિક હો લાલ સ્ત્યાન૦ ૪૧**

**અર્થ :–** તે ૧૬ પ્રકૃતિ આ પ્રમાણે :–

૧. સ્થાવર અને ૨. સૂક્ષ્મ, ૩. તિર્યંચગતિ, ૪. તિર્યંચાનુપૂર્વી, ૫. નરકગતિ, ૬. નરકાનુપૂર્વી, ૭. આતપ, ૮. ઉદ્યોત, ૯. એકેન્દ્રિય જાતિ તથા વિકલેન્દ્રિય, ૧૦. બે ઇન્દ્રિય, ૧૧. તે ઇન્દ્રિય, ૧૨. ચૌરેન્દ્રિય, ૧૩. નિદ્રા નિદ્રા, ૧૪. પ્રચલા પ્રચલા, ૧૫. સ્ત્યાનગૃદ્ધિ અને ૧૬. સાધારણ નામકર્મ. ।।૪૧।।

**સાધારણ એ સોળ; બાવીસ ને સો રહી હો લાલ બાવીં૦**
**એક સો ઉપર ચૌદ ત્રીજા ભાગની લહી હો લાલ ત્રીજા૦ ૪૨**

**અર્થ :–** ઉપરોક્ત ૧૬ પ્રકૃતિઓનો નવમા ગુણસ્થાનના બીજા વિભાગમાં ક્ષય થવાથી ૧૩૮ માંથી ૧૬ બાદ કરતાં ૧૨૨ પ્રકૃતિની સત્તા રહી.

પછી ત્રીજા ભાગમાં અપ્રત્યાખ્યાનની અને પ્રત્યાખ્યાની ક્રોધાદિકષાયની ૮ પ્રકૃતિઓ ક્ષય થવાથી ૧૧૪ પ્રકૃતિઓ સત્તામાં રહી. ।।૪૨।।

**નિર્મૂળ આઠ કષાય; પછી નપુંસક ગયે હો લાલ પછી૦**
**ચોથે સો ને તેર સત્તામાંહિ રહે હો લાલ સત્તામાંહિ૦ ૪૩**

**અર્થ :–** નવમા ગુણસ્થાનના ત્રીજા ભાગે ૮ કષાય નિર્મૂળ થયા. હવે ચોથા ભાગમાં નપુંસકવેદ ટળવાથી ૧૧૩ પ્રકૃતિની સત્તા રહી. ।।૪૩।।

**સ્ત્રીવેદ જાતાં એક સો બાર પાંચમે હો લાલ સો૦**
**હાસ્ય-ષટ્ક ક્ષય થાય એક સો છ છઠ્ઠે હો લાલ એક૦ ૪૪**

**અર્થ :–** પાંચમા ભાગમાં સ્ત્રીવેદ જવાથી ૧૧૨ રહી તથા છઠ્ઠાભાગમાં હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા ક્ષય થવાથી ૧૦૬ પ્રકૃતિ સત્તામાં રહી. ।।૪૪।।

**સાતમે ન નરવેદ એક સો પાંચ છે હો લાલ એક૦**
**આઠમે નથી ક્રોધ એક સો ચાર એ હો લાલ એક૦ ૪૫**

**અર્થ :–** સાતમા ભાગમાં પુરુષવેદ જવાથી ૧૦૫ રહી. આઠમા ભાગમાં સંજ્વલન ક્રોધ જવાથી ૧૦૪ સત્તામાં રહી. ।।૪૫।।

**નવમે ન રહે માન એક સો ત્રણ રહી હો લાલ એક૦**
**ક્ષપકશ્રેણીની રીત નવમાની નવ કહી હો લાલ નવમા૦ ૪૬**

**અર્થ :–** નવમા ગુણસ્થાનના નવમા ભાગમાં સંજ્વલન માન ટળવાથી ૧૦૩ રહી. ક્ષપકશ્રેણી ચઢતા નવમા ગુણસ્થાનની નવ પ્રકારે રીત હતી તે કહી જણાવી. ।।૪૬।।

**દશમે સો ને બે જ માયા ચોથી વિના હો લાલ માયા૦**
**બારમે સો ને એક છેલ્લા લોભ વિના હો લાલ છેલ્લા૦ ૪૭**

**અર્થ :—** હવે નવમા ગુણસ્થાનનાં, નવમા ભાગના અંતમાં ચોથી એટલે સંજ્વલન માયા પણ જવાથી આ દશમા સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનમાં ૧૦૨ પ્રકૃતિની સત્તા શેષ રહી.

હવે ક્ષપક શ્રેણીવાળો અગિયારમાં ગુણસ્થાનને સ્પર્શે નહીં. તેથી દશમા ગુણસ્થાનના અંતે સંજ્વલન લોભ પણ જવાથી બારમા ક્ષીણમોહ ગુણસ્થાનમાં ૧૦૧ પ્રકૃતિ સત્તામાં રહી. ।।૪૭।।

**નિદ્રા, પ્રચલા જાય, નવ્વાણું અંતમે હો લાલ નવ્વા૦**
**ત્યાં જતી બીજી ચૌદ પંચાસી તેરમે-હો લાલ પંચા૦ ૪૮**

**અર્થ :—** ત્યારબાદ **બારમા ગુણસ્થાનમાં** નિદ્રા અને પ્રચલા એમ બે પ્રકૃતિનો નાશ થવાથી છેલ્લા સમયથી એક સમય પહેલા ૯૯ પ્રકૃતિઓ સત્તામાં શેષ રહી. તેમાંથી બીજી ચૌદ પ્રકૃતિઓનો બારમા ગુણસ્થાનના અંતસમયમાં ક્ષય થવાથી ૯૯માંથી ૧૪ બાદ કરતાં ૮૫ પ્રકૃતિઓ તેરમાં સયોગી ગુણસ્થાને સત્તામાં રહી. ।।૪૮।।

**જ્ઞાનાવરણીય પાંચ બધી અંતરાયની હો લાલ બધી૦**
**દર્શનાવરણી ચાર ગઈ ચૌદ ઘાતીની હો લાલ ગઈ૦ ૪૯**

**અર્થ :—** તે ચૌદ પ્રકૃતિઓ જે ગઈ તે કઈ કઈ હતી તે જણાવે છે :—

જ્ઞાનાવરણીયની ૫, અંતરાયકર્મની ૫, તથા દર્શનાવરણીયની ૪, એમ ઘાતીયા કર્મની ૧૪ પ્રકૃતિઓનો બારમા ગુણસ્થાનના અંતમાં ક્ષય થયો. અને ૮૫ પ્રકૃતિઓ **તેરમા સયોગી ગુણસ્થાને** સત્તામાં રહી. તેરમા ગુણસ્થાનમાં એક પણ પ્રકૃતિ ક્ષય થતી નથી. તેથી ચૌદમા ગુણસ્થાનની શરૂઆતમાં પણ ૮૫ પ્રકૃતિ સત્તામાં રહી.

**અયોગીના બે ભાગ, પંચાસી એકમાં હો લાલ પંચા૦**
**ઉપાંત્ય સમયે હોય તેર, બોંતેર જતાં. હો લાલ તેર૦ ૫૦**

**અર્થ :— ચૌદમા અયોગી ગુણસ્થાનના** બે વિભાગ કર્યાં. પહેલા વિભાગમાં ૮૫ પ્રકૃતિઓ હતી. તે વિભાગના ઉપાંત્ય સમયે એટલે અંતિમ સમયે પહેલાના એક સમયમાં ૭૨ પ્રકૃતિઓ ક્ષય થવાથી તેર પ્રકૃતિઓ શેષ સત્તામાં રહી.

તે તેર પ્રકૃત્તિઓ ચૌદમા ગુણસ્થાનનાં અંત સમયમાં ક્ષય થવાથી આત્મા સિદ્ધગતિને પામે છે.

**સુર-ખગતિ-ગંધદ્વિક વર્ણ-રસ-પંચક હો લાલ વર્ણ૦**
**પંચક-બંધન-સંઘાત, તન સૌ, સ્પર્શાષ્ટક હો લાલ તન૦ ૫૧**

**અર્થ :—** હવે ૭૨ પ્રકૃતિઓ જે પ્રથમ ક્ષય થઈ તેના નામ જણાવે છે :—

૧. દેવગતિ, ૨. દેવાનુપૂર્વી, ખગતિ એટલે ૩. શુભવિહાયોગતિ, ૪. અશુભ વિહાયોગતિ, ૫. સુગંધ, ૬. દુર્ગંધ, ૭. લાલ, ૮. પીળો, ૯. વાદળી, ૧૦. કાળો, ૧૧. ધોળો વર્ણ, ૧૨. કડવો, ૧૩. તીખો, ૧૪. તૂરો, ૧૫. ખાટો, ૧૬. ગળ્યો રસ, ૧૭. ઔદારિક, ૧૮. વૈક્રિય, ૧૯. આહારક, ૨૦. તૈજસ, ૨૧. કાર્મણ એ શરીરના પાંચ બંધન અને ૨૨. ઔદારિક, ૨૩. વૈક્રિય, ૨૪. આહારક ૨૫. તૈજસ , ૨૬. કાર્મણ એ શરીરના પાંચ સંઘાતન તથા ૨૭. ઔદારિક, ૨૮. વૈક્રિય, ૨૯. આહારક, ૩૦. તૈજસ, ૩૧. કાર્મણ એ પાંચ શરીર અને ૩૨. કર્કશ, ૩૩. મૃદુ, ૩૪. હલકો, ૩૫. ભારે, ૩૬. શીત,

૩૭. ઉષ્ણ, ૩૮. ચીકણો, ૩૯. લુખો એ આઠ સ્પર્શ. ।।૫૧।।

**નિર્માણ ગોત્ર નીચ સુસ્વર ઉપાંગ સૌ હો લાલ સુસ્વર૦**
**અગુરુલઘુ-ચતુષ્ક, સંસ્થાન સંહનન સૌ હો લાલ સંસ્થા૦ ૫૨**

**અર્થ :–** ૪૦. નિર્માણ, ૪૧. નીચગોત્ર, ૪૨. સુસ્વર તથા ૪૩. ઔદારિક, ૪૪. વૈક્રિય, ૪૫. આહારક એ અંગોપાંગ, ૪૬. અગુરુલઘુ, ૪૭. ઉપઘાત, ૪૮. પરાઘાત, ૪૯. ઉચ્છ્વાસ તથા ૫૦. સમચતુરસ્ર, ૫૧. ન્યગ્રોધપરિમંડલ, ૫૨. સાદિ, ૫૩. કુબ્જ, ૫૪. વામન, ૫૫. હુંડક એ સંસ્થાન તથા ૫૬. વજ્રૠષભનારાચ, ૫૭. ૠષભનારાચ, ૫૮. નારાચ, ૫૯. અર્ધનારાચ, ૬૦. કીલિકા, ૬૧. છેવટું સંહનન. ।।૫૨।।

**અસ્થિરષટ્ક, અપર્યાપ્ત, પ્રત્યેક-ત્રિક, વેદની હો લાલ પ્ર૦**
**અંત સમયમાં તેર રહી, તે પણ જતી-હો લાલ રહી૦ ૫૩**

**અર્થ :–** ૬૨. અસ્થિર, ૬૩. અશુભ, ૬૪. દુર્ભગ, ૬૫. દુઃસ્વર, ૬૬. અનાદેય, ૬૭. અયશકીર્તિ એ છ પ્રકૃતિઓ, ૬૮. અપર્યાપ્ત, ૬૯. પ્રત્યેક, ૭૦. સ્થિર, ૭૧. શુભ એ ત્રણ તથા ૭૨. શાતા કે અશાતા એ બે માંથી એક.

આ બધી ૭૨ પ્રકૃતિઓ નાશ પામ્યા પછી બંધ યોગ્ય ૧૩ પ્રકૃતિઓ શેષ રહે છે. તે પણ ચૌદમા ગુણસ્થાનના અંતે છેલ્લા સમયમાં નાશ પામે છે. ।।૫૩।।

**મનુષ્ય-ત્રસનાં ત્રિક સુભગ, યશ, વેદની હો લાલ સુભગ૦**
**સુગોત્ર, જિન, આદેય, પંચેન્દ્રી તેરમી હો લાલ પંચેન્દ્રી૦ ૫૪**

**અર્થ :–** શેષ રહેલી ૧૩ પ્રકૃતિઓના નામો આ પ્રમાણે છે :–

૧. મનુષ્યગતિ, ૨. મનુષ્યાનુપૂર્વી, ૩. મનુષ્યાયુ, ૪. ત્રસ, ૫. બાદર, ૬. પર્યાપ્ત, ૭. સુભગ, ૮. યશ, ૯. શાતા અથવા અશાતા વેદની, ૧૦. ઉચ્ચ ગોત્ર, ૧૧. જિન નામ, ૧૨. આદેય તથા ૧૩. પંચેન્દ્રિય જાતિ. ।।૫૪।।

**મનુષ્ય-આનુપૂર્વી વિના બારે કહે હો લાલ વિના૦**
**અયોગી અંતે જાય; કોઈ મત એ લહે હો લાલ કોઈ૦ ૫૫**

**અર્થ :–** કોઈ મત એમ ધરાવે છે કે મનુષ્યાનુપૂર્વી વિના, બાર પ્રકૃતિઓ જ અયોગી ગુણસ્થાનના અંતે જાય છે અને મનુષ્યાનુપૂર્વીનો ક્ષય ૭૨ પ્રકૃતિઓની સાથે જ ૭૩મી પ્રકૃતિરૂપે થાય છે. ।।૫૫।।

**થાય પછી ભગવંત અનંત સમય રહે હો લાલ અનંત૦**
**પૂર્ણપણે જીંવ સિદ્ધ અલૌકિક પદ લહે હો લાલ અલૌ૦ ૫૬**

**અર્થ :–** બધી કર્મ પ્રકૃતિઓનો ક્ષય કર્યા પછી ભગવંત અલૌકિક એવા સિદ્ધપદને સંપૂર્ણપણે પામી, અનંતકાળ સુધી અનંતસુખમય એવા મોક્ષમાં જઈ બિરાજમાન થાય છે. ।।૫૬।।

કર્મબંધના મુખ્ય કારણો રાગદ્વેષ અને અજ્ઞાન છે. તેને જડમૂળથી નષ્ટ કરવા હોય તો જિનેશ્વર ભગવંતે ભાખેલ મુક્તિનો સાચો માર્ગ જાણવો જરૂરી છે. કેમકે રાગદ્વેષ અજ્ઞાનને જેણે જીતી લીધા છે એવા જિનેશ્વરના સિદ્ધાંત સિવાય સંપૂર્ણ કર્મને નષ્ટ કરવાનો બીજો કોઈ ઉપાય નથી. માટે જિનમત સંબંધીની શંકાઓને દૂર કરવા તેનું નિરાકરણ એટલે સમાધાન આ પાઠમાં આપવામાં આવે છે :–

(૬૧)



## જિનમત - નિરાકરણ



(શીતલ જિનપતિ લલિત ત્રિભંગી વિવિધભંગીં મન મોહે રે–એ રાગ)

*

**શ્રીમદ્ રાજચંદ્ર ગુરુવરને પ્રણમું ઊલટ આણી રે,**
**જિનમતનો જે મર્મ ધરે ઉર, અમી સમ જેની વાણી રે. શ્રીમદ્૦**

**અર્થ :–** શ્રીમદ્ રાજચંદ્ર ગુરુવર્યને હું ઉલ્લાસભાવ સહિત પ્રણામ કરું છું. જે જિનમતના રહસ્યને હૃદયમાં ધારણ કરનાર છે. અને જેની અમી એટલે અમૃત સમાન વાણી છે, અર્થાત્ જેના વચનો જીવને જન્મમરણથી મુક્ત કરી અમર બનાવી દે એવાં છે. ।।૧।।

**જિજ્ઞાસુ અજ્ઞાની જીવના સંશય સર્વે ટાળે રે,**
**જ્ઞાની બની ભોળવતા જગને, તેનું પોલ પ્રજાળે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** જેની વાણી અજ્ઞાની એવા જિજ્ઞાસુ જીવના સર્વ સંશયને ટાળવા સમર્થ છે; તથા જે જ્ઞાની બની જગતવાસી જીવોને ભોળવે છે, વિપરીત માર્ગે દોરે છે એવા કુગુરુઓની પોલને પણ પ્રગટ કરનાર છે. ।।૨।।

*

**સત્યમતિને પૂછે કોઈ જિજ્ઞાસુ જગવાસી રે,**
**"જિનમતને જગ કેમ વગોવે, કહી નાસ્તિક નિરાશી રે?" શ્રીમદ્૦**

**અર્થ :–** સત્યમતિ એટલે સત્ય છે મતિ જેની એવા જ્ઞાનીપુરુષને કોઈ જગતવાસી જિજ્ઞાસુ પૂછે છે કે જગતમાં લોકો જિનમત એટલે જિનેશ્વર ભગવંતોએ જે વીતરાગ ધર્મ પ્રરૂપ્યો છે તેને નાસ્તિક કહીને કે નિરાશી એટલે એ વીતરાગ ભગવંતો કોઈની આશા પૂરી કરે નહીં એમ કહીને કેમ વગોવે છે? ।।૩।।

**સત્યમતિ કહે : "હે જિજ્ઞાસુ, વાત વિચારી જોજે રે,**
**'નેતિ, નેતિ'-વેદવચનનું રહસ્ય સમજી લેજે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** ઉત્તરમાં સત્યમતિ કહે : હે જિજ્ઞાસુ, આ વાત વિચારી જો જે કે વેદનું એક વચન 'નેતિ નેતિ' એટલે 'એ નહીં એ નહીં' એવું છે, અર્થાત્ જે દેખાય છે તે બધી ભ્રાંતિ છે. 'આત્મા સત્ જગત મિથ્યા' છે. એ વાક્યનું રહસ્ય સમજી લેજે કે જગતમાં એક આત્મા જ શાશ્વત પદાર્થ છે, બાકી જે જગતમાં રૂપી એવા પદાર્થો દેખાય છે તે માત્ર પુદ્ગલની પર્યાયો છે, નાશવંત છે માટે તેને મિથ્યા કહ્યા છે. એમ જૈનમત સ્યાદ્વાદથી વાક્યના રહસ્યને પ્રગટ કરે છે. ।।૪।।

**માયારૂપ અવાચ્ય કહ્યું છે, બ્રહ્મરૂપ પણ તેવું રે;**
**જગજન કંઈ કંઈ માની બેઠા; સંત કહે : 'નહીં એવું રે' શ્રીમદ્**

**અર્થ :–** વેદાંતમાં ઈશ્વરીમાયાનું સ્વરૂપ અવાચ્ય એટલે વાણીથી વર્ણવી શકાય નહીં એમ કહ્યું છે. તેમ બ્રહ્મ એટલે આત્માનું સ્વરૂપ પણ વાણીથી વર્ણવી શકાય નહીં. પણ અનુભવી શકાય એવું છે. છતાં જગતવાસી જીવો આત્માને ક્ષણિક કુટસ્થનિત્ય વગેરે અનેકરૂપે એકાંતે માની બેઠા છે. પણ સંત એવા જ્ઞાનીપુરુષો અનેકાંતવાદથી કહે છે કે તેવું આત્માનું સ્વરૂપ નથી. ।।૫।।

**મોહ વિષે મીઠાશ જગતને–લાડી, વાડી, ગાડી રે**
**આ ભવમાં ભોગવવા ઇચ્છે, ઇચ્છે તેહ અગાડી રે. શ્રીમદ્**

**અર્થ :–** જગતવાસી જીવો આત્માને અન્યરૂપે માની, મોહમાં મીઠાશ હોવાથી ધર્મ કરીને પણ લાડી, વાડી, ગાડી આદિને જ ઇચ્છે છે. આ ભવમાં ધર્મના ફળ ઇન્દ્રિય સુખ ભોગવવા ઇચ્છે અને પરભવમાં પણ મને ઇન્દ્રિય સુખો મળે એ જ કામના બુદ્ધિથી ધર્મક્રિયાના અનુષ્ઠાનો કરે છે. ।।૬।।

**'એ આશા છે ભૂતનો ભડકો, આશ તજો' ઉપદેશે રે,**
**સંત-જનો ઉર આણી કરુણા, સમજુ જન શીખ લેશે રે.'' શ્રીમદ્**

**અર્થ :–** ભગવાનની ભક્તિ કરીને પણ ઇન્દ્રિય સુખ મેળવવાની આશા રાખે છે. એ ઇચ્છારૂપી ભૂતનો ભડકો એમને બાળી નાખશે અર્થાત્ એમનો અમૂલ્ય માનવદેહ નષ્ટ કરી દેશે. માટે સંત એવા જ્ઞાનીજનો હૃદયમાં કરુણા લાવી ઉપદેશે છે કે હે ભવ્યો! તમે ઇન્દ્રિય સુખની આશા તજી દ્યો. એ સુખ નથી પણ આ ભવમાં ત્રિવિધતાપ આપનાર અને પરભવમાં પણ દુર્ગતિએ લઈ જનાર વસ્તુ છે. માટે ત્યાગવા યોગ્ય છે. એવી શિખામણને જે સમજુ ભાગ્યશાળી હશે તે જ ગ્રહણ કરશે; બીજા કરી શકશે નહીં. ।।૭।।

*

**જિજ્ઞાસુ કહે : ''સત્ય વચન તમ, પણ જગ કેમ ન જાણે રે?**
**હિતકારી પણ કટુ ઔષધને માતા પાય પરાણે રે.'' શ્રીમદ્**

**અર્થ :–** જિજ્ઞાસુ એવો આત્માર્થી કહે : તમારું કહેવું સત્ય છે. છતાં જગતવાસી જીવો તેને કેમ જાણતા નથી? જેમ હિતકારી ઔષધ ભલે કડવું હોય તો પણ માતા બાળકને પરાણે પાય છે. તેમ જગતના જીવોને સંતપુરુષોએ હિતકારી ઉપદેશ કટુ ઔષધની જેમ પરાણે પણ પાવો જોઈએ. ।।૮।।

**સત્યમતિ કહે : ''ધંધા સમ સૌ ધર્મ થયા કળિ-ભાવે રે**
**'મારું તે સારું' સૌ માને, સમ્યક્ જ્ઞાન અભાવે રે. શ્રીમદ્**

**અર્થ :–** સત્યમતિ કહે : આ કળિકાળમાં તો કળિ એટલે પાપ ભાવનાથી સૌ ધર્મ ધંધા સમાન બની ગયા છે. સર્વે 'મારું તે સારું' એમ માને છે. સમ્યક્જ્ઞાનના અભાવે અમે કહીએ છીએ તે જ સાચો માર્ગ છે એમ સૌ માની બેઠા છે. ।।૯।।

**પોતાનો કોઈ શિષ્ય કરે જો સંત-સમાગમ બીજે રે,**
**તો કુગુરુને તાવ ચઢે છે; સાચી-ખોટી ચીજે રે– શ્રીમદ્**

**અર્થ :–** પોતાનો કોઈ શિષ્ય બીજા સંતનો સમાગમ કરે તો કુગુરુને તાવ ચઢે છે. તે શિષ્યને સાચું

ખોટું કહીને પણ બીજા સંતના સમાગમથી તેને દૂર કરે છે. **"જીવને સત્પુરુષનો યોગ મળવો દુર્લભ છે. અપારમાર્થિક ગુરુને જો પોતાનો શિષ્ય બીજા ધર્મમાં જાય તો તાવ ચઢે છે. પારમાર્થિક ગુરુને 'આ મારો શિષ્ય છે' એવો ભાવ હોતો નથી. કોઈ કુગુરુ આશ્રિત જીવ બોધશ્રવણ અર્થે સદ્ગુરુ પાસે એક વખત ગયો હોય, અને પછી તે તેના તે કુગુરુ પાસે જાય, તો તે કુગુરુ તે જીવને અનેક વિચિત્ર વિકલ્પો બેસાડી દે છે, કે જેથી તે જીવ ફરી સદ્ગુરુ પાસે જાય નહીં. તે જીવને બિચારાને તો સત્અસત્ વાણીની પરીક્ષા નથી એટલે ભોળવાઈ જાય છે, અને સાચા માર્ગેથી પડી જાય છે."** (વ.પૃ.૬૮૫) ।।૧૦।।

**સંત વગોવે, શોધ તજાવે, લોકલાજથી દાબે રે,**
**બાળબુદ્ધિ જીવોને મોહે કુગુરુ રાખે તાબે રે. શ્રીમદ્**૦

**અર્થ :–** કુગુરુ હોય તે શિષ્ય પાસે સાચા સંતના વગોવણા કરી તેને સાચી શોધ કરતા અટકાવે છે. નહીં છોડે તો લોકલાજની બીક બતાવીને પણ તેના ઉપર દબાણ લાવે છે. એમ બાળબુદ્ધિ જેવા અજ્ઞાની જીવોને મોહી એવા કુગુરુઓ પોતાના તાબામાં રાખે છે; સત્ જાણવા દેતા નથી. ।।૧૧।।

**મોહી ગુરુ પેઠે નહિ સંતો વાડા રચી વધારે રે,**
**ઊલટા-આગ્રહ તે તોડાવે, હિત બતાવી સુધારે રે. શ્રીમદ્**૦

**અર્થ :–** મોહી કુગુરુની જેમ સંતપુરુષો ગચ્છમતના વાડા રચી તેને વધારે નહીં. પણ તે મહાપુરુષો, વિપરીત ગચ્છમતના થઈ ગયેલા આગ્રહોને તોડાવે છે અને આત્માનું સાચું હિત શામાં છે તે બતાવી જીવોના ભાવ સુધારે છે. ।।૧૨।।

**સત્સંગતિનો યોગ બને ના, જિજ્ઞાસા નહિ જબરી રે,**
**કુગુરુ-સંગે મમતા પોષે, સમજ પામવી અઘરી રે. શ્રીમદ્**૦

**અર્થ :–** ઉપરોક્ત કારણોને લઈને જીવોને સત્સંગતિનો યોગ બનતો નથી. તેમજ પૂર્વનું આરાધકપણું નહીં હોવાથી આત્મકલ્યાણ કરવાની જિજ્ઞાસા પણ એવી જબરી નથી. તેથી માત્ર કુગુરુના સંગમાં આવવાથી પોતાના ગચ્છમતની મમતાને પોષવામાં જ ધર્મ માને છે. આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મની સાચી સમજ પામવી તેમના માટે અઘરી થઈ પડી છે. ।।૧૩।।

**પ્રેમ પરાણે કદી ન થાયે, પરિચય સત્નો દુર્લભ રે;**
**જીવ જરા જો જોર કરે તો, સત્સંગે સૌ સુલભ રે. શ્રીમદ્**૦

**અર્થ :–** સત્માર્ગ પ્રત્યે કદી પ્રેમ પરાણે કરાવી શકાય નહીં કે થાય નહીં, તેમજ ઉપરોક્ત કારણોથી સત્યવસ્તુનો પરિચય થવો તેમને દુર્લભ થઈ પડ્યો છે. પણ જીવ જરા બળીયો થઈ, લોકલાજ કે કુગુરુનો સંગ તજી મધ્યસ્થી થઈને સત્સંગ કરે તો સત્ જણાય અને મોક્ષનો માર્ગ તેને માટે સર્વ પ્રકારે સુલભ થઈ શકે છે. ।।૧૪।।

**નથી મળ્યા સત્, નથી સુણ્યું સત્, નથી સત્ શ્રદ્ધયું જીવે રે,**
**તો કલ્યાણ કહો શેં થાયે? પ્રગટે દીવો દીવે રે. શ્રીમદ્**૦

**અર્થ :–** અનાદિકાળના પરિભ્રમણમાં જીવને સત્સ્વરૂપ એવા સત્પુરુષ મળ્યા નથી, તેમના સત્રૂપ વચનો સાંભળ્યા નથી કે સત્ય એવા આત્માદિ તત્ત્વોની જીવે શ્રદ્ધા કરી નથી. તો કહો જીવનું

કલ્યાણ કેવી રીતે થાય? દીવાથી દીવો પ્રગટ થાય છે. તેમ આત્મજ્ઞાની સત્પુરુષ મળવાથી અને તેમની આજ્ઞા આરાધવાથી જ જ્ઞાનરૂપી દીવો ઘટમાં પ્રગટ થાય છે.

**''અનાદિકાળના પરિભ્રમણમાં અનંત વાર શાસ્ત્રશ્રવણ, અનંત વાર વિદ્યાભ્યાસ, અનંત વાર જિનદીક્ષા, અનંત વાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે, અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્ત્તાનો આત્માથી ભણકાર થશે.**

**મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.''** (વ.પૃ.૨૪૬) ॥૧૫॥

**તે મળવાથી, તે સુણવાથી, તે શ્રદ્ધ્યાથી થાશે રે,**
**આત્માથી ભણકારો જીંવને છૂંટવાનો, છૂંટી જાશે રે. શ્રીમદ્૦**

**અર્થ :—** સાચા સત્પુરુષ મળવાથી, તેની વાણી ભાવપૂર્વક સાંભળવાથી, તેની અંતરથી શ્રદ્ધા કરવાથી, આત્મામાંથી જન્મમરણના દુઃખોથી છૂટવાનો જીવને સાચો ભણકાર થશે અને તે જીવ સર્વ પ્રકારના દુઃખોથી જરૂર છૂટી જશે. ॥૧૬॥

**સર્વ જીવને સુખીં કરવાને ઇચ્છે સર્વે સંતો રે,**
**લોક બળે મમતા-અગ્નિથી, જાણે ન મોહે સૂતો રે. શ્રીમદ્૦**

**અર્થ :—** સર્વ સંતપુરુષો જગતના સર્વ જીવોને સુખી કરવા ઇચ્છે છે. આખો લોક બધો મમત્વભાવરૂપ અગ્નિથી બળી રહ્યો છે. પણ સંસારી જીવો મોહ નિદ્રામાં સૂતેલા હોવાથી તેને જાણી શકતા નથી. ॥૧૭॥

**જગાડવા પોકાર કરે તે, જે સમજે તે નાસે રે,**
**નાસનારને માર્ગ બતાવે; પણ જે તેથી ત્રાસે રે- શ્રીમદ્૦**

**અર્થ :—** જ્ઞાનીપુરુષો જીવોને મોહ નિદ્રામાંથી જગાડવા પોકાર કરીને કહે છે કે હે જીવો! આ આરંભ પરિગ્રહ અગ્નિ જેવો છે, તેમાં બળી મરશો, માટે ઊઠીને ભાગો ભાગો. જે ભાગ્યશાળી આ વાતને સમજશે તે તો આ મોહ નિદ્રામાંથી જાગૃત થઈને ભાગી જશે. જે જાગૃત થશે તેને જ્ઞાનીપુરુષો જરૂર માર્ગ બતાવશે. પણ માર્ગ બતાવતાં જો જીવને તે ત્યાગ વૈરાગ્ય ઉપશમ ભક્તિ ત્રાસરૂપ લાગશે તો જ્ઞાનીપુરુષો મૌન થઈ જશે. ॥૧૮॥

**તેને પકડી ભય ના તે દે, દૂર રહી પોકારે રે,**
**સૂઈ રહે, બળતું ના દેખે, ટાઢ જવાથી ઘોરે રે. શ્રીમદ્૦**

**અર્થ :—** જ્ઞાનીપુરુષની વાણીથી જીવને જો ત્રાસ થાય, તો તેને પકડી જ્ઞાની કંઈ ભય બતાવે નહીં. તે તો માત્ર દૂર રહી ઉપદેશ આપી જાગૃતિ આપવા પોકાર કરે. છતાં મોહ નિદ્રામાં જ ઘોરી રહે અને ત્રિવિધ તાપની બળતરાને ગણે નહીં, પણ તે બળતરાને ઊલટી વધારે સારી માની જેમ ગરમીથી ટાઢ જાય તેમ માની મોહનીંદ્રામાં જ વધારે ઘોરે તેને પછી જ્ઞાની કંઈ કહેતા નથી ॥૧૯॥

**હાકલથી પણ દુઃખ ગણે તો શાંતિ સંત ધરે છે રે,**
**એવો સંત-સ્વભાવ દયાળુ દુઃખ ન દેવા ઇચ્છે રે.'' શ્રીમદ્૦**

**અર્થ :—** મોહના કારણે ત્રિવિધ તાપથી બળતા જીવોને જ્ઞાનીપુરુષ સુખનો માર્ગ બતાવવા ઇચ્છે; પણ તેમની હાકલથી જ એમ માની લે કે આ અમારું ઇન્દ્રિયસુખ છોડાવી દેશે એમ જાણીને દુઃખી થાય

તો સત્પુરુષો શાંતિને ધારણ કરી મૌન થઈ જાય છે. એવો સંત પુરુષોનો સ્વભાવ દયાળુ છે કે તેઓ કોઈને કિંચિત્‌માત્ર પણ દુઃખ દેવા ઇચ્છતા નથી. ।।૨૦।।

**કહે જિજ્ઞાસુ : "ત્યાગી મૂંડે બાળકને લલચાવી રે,**
**કર્યા કાયદા સરકારે પણ કરુણા કેમ ન આવી રે?" શ્રીમદ્‌૦**

**અર્થ :—** જિજ્ઞાસુ એવો આત્માર્થી ફરી બીજો પ્રશ્ન કરે છે કે આ કળિયુગમાં વેષધારી ત્યાગીઓ, અજ્ઞાની એવા બાળકને પોતાનો શિષ્ય બનાવવા માટે છ-છ મહિના સાથે ફેરવી લલચાવીને મૂંડી નાખે અર્થાત્ દીક્ષા આપી દે છે. સરકારે પણ આવા અજ્ઞાની બાળકને મૂંડવા નહીં એવા કાયદા કર્યા છતાં પણ તે વેષધારી ત્યાગીઓને એવા બાળક ઉપર દયા કેમ ન આવી? કે આ બાળક બિચારો તરવારની ધાર પર ચાલવા સમાન આ ચારિત્ર ધર્મને કેવી રીતે પાળી શકશે? ।।૨૧।।

**સત્યમતિ કહે : "જનગણ-રંજન કરનારો તે રાજા રે,**
**પ્રજાકતલ કરનારો કોઈ મૂકે જો નિજ માજા રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** જવાબમાં સત્યમતિ કહે : જનના સમુહને રંજિત કરનાર હોય તે સાચો રાજા કહેવાય. પણ કોઈ રાજા પ્રજાકતલ કરનારો આવી જાય અર્થાત્ પ્રજાને અનેક રીતે દુઃખ આપવામાં જો પોતાની માજા એટલે મર્યાદા મૂકી દે તો તેને કોણ છોડાવે. તેમ કહેવાતા ત્યાગીઓ પણ બિચારા બાળક એવા અજ્ઞાનીને લલચાવીને મૂંડી દે તો બીજો તેની કોણ રક્ષા કરે? ।।૨૨।।

**રાજ્ય પ્રજાસત્તાક થયાં છે દુઃશાસનથી બચવા રે,**
**રામ-રાજ્ય પણ કોઈ ન ભૂલે; દોષ હોય તે તજવા રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** એવા ખોટા રાજાના દુઃશાસનથી બચવા માટે પ્રજાની સત્તાવાળા પ્રજાતંત્ર રાજ્ય બન્યા છે. રામ રાજ્યમાં સર્વ પ્રજા સુખી હતી. તેને આજે પણ કોઈ ભૂલતું નથી. તેમ પ્રજાસત્તક રાજ્યમાં પણ કોઈ દોષ હોય તો તેને તજવા જોઈએ. ।।૨૩।।

**તેમ જ સંત-સમાજ વિષે પણ ઘણા દયાના દરિયા રે;**
**અવિવેકી કોઈ પૂર્વ-પુણ્યવશ વર્તે મોહે ભરિયા રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** તેવી જ રીતે સંતપુરુષોના સમાજમાં પણ ઘણા દયાના સમુદ્ર જેવા હોય છે, નાસ્તિ નથી. કોઈ અવિવેકી એવા કહેવાતા સંતપુરુષો પૂર્વના પુણ્યવશ બાહ્યચારિત્ર પામી ગયા પણ હજી તેમનું વર્તન મોહથી જ ભરેલું જણાય છે. ।।૨૪।।

**શિષ્યમોહથી મૂંડે શિશુગણ, જગદ્‌ગુરુ થઈ ફરતા રે,**
**દીક્ષા દઈ ઉદ્ધાર કરું હું, એમ વિચારો કરતા રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** આવા કહેવાતા મોહી સંતો શિષ્ય બનાવવાના લોભથી બાળકોને મૂંડી દે છે અને પોતે જ પોતાને જગદ્‌ગુરુ માની ફર્યા કરે છે અને એમ માને છે કે હું તો જીવોને દીક્ષા દઈ તેમનો ઉદ્ધાર કરું છું. ।।૨૫।।

**કર્યા કાયદા તેથી બચવા, સર્વ સમાજ ન તેવો રે,**
**અપવાદરૂપ પ્રસંગ તણો ના મુખ્ય દાખલો લેવો રે." શ્રીમદ્‌૦**

**અર્થ :–** એવા કહેવાતા સંતોના અયોગ્ય વર્તનથી બચવા માટે જ સરકારે કાયદા કર્યા છે. બધો સંત સમાજ તેવો નથી. કોઈ અપવાદરૂપ કુગુરુના પ્રસંગો આવા બની આવે તો તેનો મુખ્ય દાખલો લેવા યોગ્ય નથી. ।।૨૬।।

*

**જિજ્ઞાસુ કહે : "આશ્રમધર્મો જૈનજનો ના માને રે,**
**તેથી ત્યાગ તણા ઉપદેશો કેવલ, નાખે કાને રે." શ્રીમદ્૦**

**અર્થ :–** જિજ્ઞાસુ કહે : આ ચાર આશ્રમધર્મો - બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્થાશ્રમને જૈન લોકો માનતા નથી. અને માત્ર સંસાર ત્યાગ કરો એવા ઉપદેશો જ બધાને કાને નાખે છે. ।।૨૭।।

**સત્યમતિ કહે : "હે! જિજ્ઞાસુ, મોક્ષ લક્ષ છે સૌનો રે,**
**સત્પુરુષાર્થ વિના ન મળે તે, લાગ મળ્યો નરભવનો રે. શ્રીમદ્૦**

**અર્થ :–** ઉત્તરમાં સત્યમતિ કહે : હે જિજ્ઞાસુ! જૈન લોકો ત્યાગનો ઉપદેશ શા માટે આપે છે કે તે સર્વનો લક્ષ મોક્ષ પ્રાપ્તિનો છે. તે મોક્ષ, સંસાર ત્યાગી સત્પુરુષાર્થ કર્યા વિના મળતો નથી, અને આ મનુષ્યભવમાં સત્પુરુષાર્થ કરવાનો ઉત્તમ લાગ મળ્યો છે. માટે તે ચૂકવો જોઈએ નહીં, કેમકે કળિયુગમાં આયુષ્યનો કંઈ ભરોસા નથી. ।।૨૮।।

**નરભવમાં ના સો વર્ષોનું નિશ્ચિત સૌનું આયુ રે,**
**પચીંસ પચીંસ વર્ષોના આશ્રમ પૂૅરા કરે દીર્ઘાયુ રે. શ્રીમદ્૦**

**અર્થ :–** આ મનુષ્યભવમાં બધાનું સો વર્ષનું આયુષ્ય થશે એવું કંઈ નિશ્ચિત નથી. પચ્ચીસ પચ્ચીસ વર્ષોના ચાર આશ્રમો તો જો સો વર્ષનું નિશ્ચિત દીર્ઘાયુ હોય તો પૂરા થઈ શકે. ।।૨૯।।

**અલ્પ જીૅવનમાં જો એ પાળો તો શિવ-સાધન ખોશો રે,**
**ગૃહજીવન પૂરું થાતાં તો અંત જીૅવનનો જોશો રે. શ્રીમદ્૦**

**અર્થ :–** આ અલ્પ જીવનમાં ચાર આશ્રમોનું પાલન કરતાં વાનપ્રસ્થ અને સંન્યસ્થ આશ્રમ જો પ્રાપ્ત ન થયા તો મોક્ષનું સાધન ખોઈ બેસીશું. કેમકે આ કાળમાં ગૃહસ્થ જીવન પૂરું થતાં તો જીવનનો અંત જોશો. જીવન હશે તો પણ શારીરિક શક્તિઓ ઘટી ગયેલી જણાશે. તેથી આત્માર્થ સાધી શકાશે નહીં. માટે અલ્પ આયુષ્યવાળા આ જીવનમાં આશ્રમધર્મ પાળવો યોગ્ય જણાતો નથી. ।।૩૦।।

**નારદ, શુકદેવ, સનત્કુમારો આજીવન બ્રહ્મચારી રે,**
**ગૃહાશ્રમ ના માંડે તેથી થશે શું દુર્ગતિધારી રે? શ્રીમદ્૦**

**અર્થ :–** નારદ, શુકદેવ, સનત્કુમારો વગેરે ગૃહસ્થાશ્રમ માંડ્યા વગર આજીવન બ્રહ્મચારી રહ્યા છે. કોઈ ગૃહસ્થાશ્રમ ન માંડે અને યુવાવયમાં પણ ત્યાગ લઈને આત્માર્થ સાધે તો શું તે દુર્ગતિમાં જશે? ત્યાગભાવ જ ઉત્પન્ન થવો દુર્લભ છે. તે જેને થાય તે મહાભાગ્યશાળી ગણવા યોગ્ય છે. ।।૩૧।।

**વર્તમાન સમાજ વિષે તો આશ્રમ શબ્દ જ શાસ્ત્રે રે,**
**અન્ય ધર્મને દૂષણ દેવા વાપરતા કુનેત્રે રે. શ્રીમદ્૦**

**અર્થ :—** વર્તમાન સમાજમાં તો આ ચાર આશ્રમોના શબ્દો કેવળ શાસ્ત્રમાં જ રહ્યા છે. માત્ર બીજા ધર્મોને કુનેત્ર એટલે દોષદૃષ્ટિથી જોવા અને તેમની નિંદા કરવા અર્થે આ શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે. ।।૩૨।।

**પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્ય તો આજે વિરલા સેવે રે,**
**એ અભ્યાસ-સમય ચુકાવી પુત્રપુત્રી પરણાવે રે. શ્રીમદ્**

**અર્થ :—** આજના સમયમાં પચીસ વર્ષ સુધી બ્રહ્મચર્યવ્રત તો કોઈ વિરલા પાળે છે. પચીસ વર્ષ સુધીનો સમય તો અભ્યાસને માટે છે. પણ તે મૂકાવી પુત્રપુત્રીને પહેલાં જ પરણાવી દે છે. ।।૩૩।।

**કમાણી કરવા કરે ઉતાવળ, ભોગ-ઝૂંસરે જોડે રે,**
**જ્ઞાનકથા સુણવા ના નવરા, ધંધા કરવા દોડે રે. શ્રીમદ્**

**અર્થ :—** પરણ્યા પછી પૈસાની કમાણી કરવા ઉતાવળ કરે છે. પતિપત્ની બન્નેને ભોગેચ્છા હોવાથી, બળદોને જેમ ગાડાના ઝૂંસરામાં જોડે તેમ બન્ને જોડાઈ જઈ સંસારરૂપી ગાડીનો ભાર વહન કર્યા કરે છે. સમ્યક્ તત્ત્વજ્ઞાન સાંભળવા માટે તેમને નવરાશ નથી; પણ ધંધા કરવા માટે દોડાદોડ કરે છે. ।।૩૪।।

**અંતિમ દ્વય આશ્રમનો પરિચય કોણ કરાવે કળિમાં રે?**
**ધનતૃષ્ણા સહ સઘળા મરતા મોહપુષ્પની કળીમાં રે. શ્રીમદ્**

**અર્થ :—** અંતિમ વાનપ્રસ્થ અને સંન્યસ્થ આશ્રમનો પરિચય આ કળિકાળમાં તેમને કોણ કરાવે? સત્પુરુષના લગભગ અભાવ જેવો આ કાળ વર્તે છે. તેથી મોહરૂપ પુષ્પની કળીમાં આસક્ત થઈ ધનની તૃષ્ણા કરતા કરતા સઘળા જીવો મરી જાય છે. ।।૩૫।।

**મોહસૈન્ય આશ્રમને લૂંટે, તેને કોણ નિવારે રે?**
**ત્યાગી કે વૈરાગી જનોની વાણી ચઢતી વ્હારે રે. શ્રીમદ્**

**અર્થ :—** આ મોહરૂપી સેના આશ્રમધર્મને લૂંટે છે. પણ તેને કોણ નિવારી શકે? તો કે ત્યાગી અને વૈરાગી જનોની વાણી તેમને વહારે જાય છે; અર્થાત્ તેમને મોહથી નિવારવા પ્રયત્ન કરે છે. ।।૩૬।।

**હિતકારી વચનો પણ ખૂંચે, મોહઘેન જો ઝાઝું રે,**
**આવી પડેલી આપત્તિ પણ ના દેખે એ સાચું રે. શ્રીમદ્**

**અર્થ :—** ત્યાગી વૈરાગી જ્ઞાનીપુરુષોના હિતકારી વચનો પણ જો મોહની ઘેલછા વિશેષ છે તો તેને ખૂંચે છે; ગમતા નથી. મોહની ઘેલછા ઘણી છે તો સંસારમાં આવી પડેલી ત્રિવિધ તાપરૂપ આપત્તિને પણ તે ગણતો નથી; એ સાચી વાત છે. ।।૩૭।।

**જીવન વ્યવસ્થિત સદ્વિચારે બને, મોહ જ્યાં મટશે રે,**
**નિર્મોહી નરના દૃષ્ટાંતે કે વચને તે ઘટશે રે. શ્રીમદ્**

**અર્થ :—** જ્યારે સદ્વિચારથી કરી મોહની ઘેલછા મટશે ત્યારે જીવન વ્યવસ્થિત બનશે. તે ઘેલછા નિર્મોહી સત્પુરુષોના દૃષ્ટાંતે કે તેમનાં વચનો દ્વારા ઘટશે ત્યારે જીવ કલ્યાણ સન્મુખ થશે. ।।૩૮।।

**વૈરાગ્ય-ભોમિયો શિવપથ-દર્શક, ત્યાગ તણો સહકારી રે,**
**વૈરાગી, ત્યાગી, સંસ્કારી મોક્ષમાર્ગ-અધિકારી રે. શ્રીમદ્**

**અર્થ :–** વૈરાગ્યરૂપ ભોમિયો એ મોક્ષમાર્ગ બતાવનાર છે, તે ત્યાગભાવને મદદ આપનાર છે. જે વૈરાગી, ત્યાગી કે સંસ્કારી છે તે જીવો મોક્ષમાર્ગના સાચા અધિકારી છે. ।।૩૯।।

**ત્યાગી બાળ વૈરાગ્ય વિનાનો મોહ-રમકડાં રમતો રે,**
**જન્મ-અંધ કરતાં પણ ભૂંડો ભવ-વનમાં અતિ ભમતો રે.'' શ્રીમદ્૦**

**અર્થ :–** બાહ્યથી ત્યાગી છે પણ બાળ એટલે અજ્ઞાની છે. વૈરાગ્ય વગરનો છે તો તે બાહ્ય ત્યાગ હોવા છતાં મોહની રમત રમ્યા કરે છે. તે જીવ જન્મથી આંધળા વ્યક્તિ કરતાં પણ વધારે ભૂંડો છે. કેમકે જગતને સ્વયં ત્યાગી છે એમ બતાવી અંદરથી મોહમાં આસક્ત હોવાથી સંસારરૂપી વનમાં અનંતકાળ સુધી ભ્રમણ કર્યા કરશે. ।।૪૦।।

*

**જિજ્ઞાસુ કહે : ''ત્યાગ કરે જો, બધા જગતના લોકો રે,**
**તો શું ખાશે સઘળા સાધુ? તજો ત્યાગની પોકો રે.'' શ્રીમદ્૦**

**અર્થ :–** જિજ્ઞાસુ કહે જગતના બધા લોકો ત્યાગ કરશે તો સાધુપુરુષો શું ખાશે? માટે આવા ત્યાગનો ઉપદેશ મૂકી દો. ।।૪૧।।

**સત્યમતિ કહે : ''શાંતિ ધરીને સુણ વિચારો ચઢતા રે-**
**સરખાં સૌનાં કર્મ ન હોયે; બધા ન માંદા પડતા રે. શ્રીમદ્૦**

**અર્થ :–** ઉત્તરમાં સત્યમતિ એવા સદ્ગુરુ કહે : શાંતિ ધારણ કરીને ચઢતા વિચારો સાંભળ કે સર્વ જીવોના કર્મ એક સરખા હોતા નથી. જેમકે જગતમાં બધા સાથે માંદા પડતા નથી. માટે તેમની સેવા ચાકરી કોણ કરશે એવા વિકલ્પો કરવા યોગ્ય નથી. ।।૪૨।।

**જ્ઞાન-ગર્ભિત વૈરાગ્યે જે જન તજતા સૌ વ્યવહાર રે,**
**તેવા જગમાં વિરલા જાણો, તે તો જગ-શણગાર રે. શ્રીમદ્૦**

**અર્થ :–** જ્ઞાનગર્ભિત એટલે સમજણપૂર્વકના વૈરાગ્યથી જગતના સર્વ વ્યવહારને છોડી દે તેવા જગતમાં વિરલા જાણો. તેવા પુરુષો આ જગતના શણગારરૂપ છે અર્થાત્ તેમના પુણ્યબળે આ જગતમાં ન્યાયનીતિ, દયા વગેરે પ્રવર્તે છે અને સર્વ સુખી જણાય છે. ।।૪૩।।

**પુણ્યવંત તે સંતજનોના પુણ્યે સઘળું પાકે રે,**
**તેવા જો જગમાં ના હોયે, પાપી જન ધૂળ ફાકે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** પુણ્યવંત સંતજનોના પુણ્યે જગતમાં સઘળું પાકે છે. તેવા સત્પુરુષો જો જગતમાં ન હોય તો પાપી લોકો ધૂળ ફાંકે અર્થાત્ ખાવાપીવાની સામગ્રી પણ હાથ આવવી મુશ્કેલ થઈ પડે. ।।૪૪।।

**સત્પુરુષોની સંખ્યા ઘટતાં દુષ્કાળો દેખાતા રે,**
**રાતદિવસ જન કરે વૈંતરાં તોય ન પૂર્ણ ધરાતા રે. શ્રીમદ્૦**

**અર્થ :–** સત્પુરુષોની સંખ્યા ઘટી જવાથી આ દુષ્કાળો કે અતિવૃષ્ટિ વગેરે દેખાય છે. તથા રાતદિવસ વૈંતરા કરવા છતાં પણ વિશેષ મેળવવાની તૃષ્ણાના કારણે જીવો પૂર્ણ ધરાતા નથી. ।।૪૫।।

**વળી વિચારો : પશુપંખીઓ સંગ્રહ કાંઈ ન રાખે રે,**
**પ્રારબ્ધાધીન પામી રહે છે, વળી સંખ્યા ગણ લાખે રે. શ્રીમદ્‌૦**

**અર્થ :–** બધા ત્યાગ કરે તો લોકો શું ખાશે એમ જિજ્ઞાસુએ કહ્યું તેના ઉત્તરમાં ફરી જણાવે છે : વળી તમે વિચારો કે પશુપંખીઓ કોઈ વસ્તુનો સંગ્રહ કરીને રાખતા નથી. તો પણ પુરુષાર્થ વડે પ્રારબ્ધાધીન તેઓ આહારપાણી પામી રહે છે. તેઓ લાખોની સંખ્યામાં છે. તેમ ભક્તિ કરતાં કોણ ભૂખે મરી ગયું? એમ મહાપુરુષો કહે છે. આ તો જીવને ત્યાગ કે ભક્તિ કરવી નથી માટે માત્ર બહાનાં કાઢે છે. ।।૪૬।।

**સંતજનોના ઉપદેશે તો પુણ્યમાર્ગ જન જાણે રે,**
**પુણ્યાધીન સૌ સંપદ પ્રગટે; મૂળ ન કેમ પિછાણે રે? શ્રીમદ્‌૦**

**અર્થ :–** સંતપુરુષના ઉપદેશથી જ જીવો પુણ્ય પ્રાપ્તિનો માર્ગ જાણે છે. પુણ્યને આધીન સર્વ સંપત્તિ જીવોને પ્રાપ્ત થાય છે. તે સર્વ સુખશાતાનું મૂળ તો સત્પુરુષ છે તેને કેમ ઓળખતો નથી?

**"સંસાર કેવળ અશાતામય છે. કોઈ પણ પ્રાણીને અલ્પ પણ શાતા છે, તે પણ સત્પુરુષનો જ અનુગ્રહ છે; કોઈ પણ પ્રકારના પુણ્ય વિના શાતાની પ્રાપ્તિ નથી; અને એ પુણ્ય પણ સત્પુરુષના ઉપદેશ વિના કોઈએ જાણ્યું નથી; ઘણે કાળે ઉપદેશેલું તે પુણ્ય રૂઢિને આધીન થઈ પ્રવર્તે છે; તેથી જાણે તે ગ્રંથાદિકથી પ્રાપ્ત થયેલું લાગે છે, પણ એનું મૂળ એક સત્પુરુષ જ છે; માટે અમે એમ જ જાણીએ છીએ કે એક અંશ શાતાથી કરીને પૂર્ણકામતા સુધીની સર્વ સમાધિ, તેનું સત્પુરુષ જ કારણ છે."** (વ.પૃ.૨૬૯) ।।૪૭।।

**જગ-જીવો જેનાથી જીવે, જે જગના આધાર રે,**
**તેની નિંદા તજી, કરી લે ગુણગ્રામે ભવ-પાર રે." શ્રીમદ્‌૦**

**અર્થ :–** જગતવાસી જીવો જેના યોગબળે સુખે જીવે છે, જે જગતમાં શાંતિના આધાર છે, એવા મહાપુરુષોની નિંદા મૂકી દઈ; તેમના ભક્તિપૂર્વક ગુણગ્રામ કરી આ સંસારસમુદ્રથી પાર ઊતરી જા. ।।૪૮।।

*

**જિજ્ઞાસુ પૂછે : "શું સાચું જિનમતમાંહી સઘળું રે?**
**દોષ ઘણા દેખાડે લોકો, કેમ સમજવું સવળું રે? શ્રીમદ્‌૦**

**અર્થ :–** જિજ્ઞાસુ ફરી પ્રશ્ન પૂછે છે કે શું જિનમત એટલે જિનેશ્વરે જે જીવાદિ તત્ત્વો વિષે માન્યતા ઉપદેશી તે શું સઘળી સાચી છે? લોકો તો તેમાં ઘણા દોષ દેખાડે છે. તો તે માન્યતાને સવળી કેમ સમજવી? ।।૪૯।।

**સત્યમતિ કહે : "જિનપતિ સર્વે સર્વજ્ઞ, વીતરાગી રે,**
**મોહરહિત, ના અવળું બોલે, મમતા જેણે ત્યાગી રે. શ્રીમદ્‌૦**

**અર્થ :–** જિનમતમાં બધું સવળું કેમ છે તેના કારણો સત્યમતિ હવે જણાવે છે : જિનપતિ એટલે જિનેશ્વર સર્વે સર્વજ્ઞ અને મોહરહિત વીતરાગી હોય છે. તેઓ સર્વજ્ઞ હોવાથી કોઈ પદાર્થ તેમનાથી અજાણ્યો નથી, માટે તેઓ અજ્ઞાનવશ કદી અવળું બોલે નહીં. અને વીતરાગી હોવાથી સર્વ પદાર્થની મમતા જેણે ત્યાગી છે એવા તે મોહવશ બની કદી અવળું ભાખે નહીં; પણ સદા સવળું જ બોલે. ।।૫૦।।

**સહજ સ્વરૂપ જોયું છે તેવું વસ્તુ માત્રનું વદતા રે,**
**ઉત્તમ અધિકારી ગણધર સમ શાસ્ત્ર પાત્રમાં ભરતા રે. શ્રીમદ્‌૦**

**અર્થ :–** જિનેશ્વરોએ જેવું વસ્તુનું સહજ એટલે સ્વાભાવિક સ્વરૂપ પોતાના જ્ઞાનમાં જોયું છે તેવું જ માત્ર કહે છે. ઉત્તમ અધિકારી એવા ગૌતમ જેવા ગણધર પુરુષો તે ભગવાનના ઉપદેશને ક્રમપૂર્વક શાસ્ત્રરૂપી પાત્રના આકારે ગોઠવી કંઠસ્થ રાખે છે. ।।૫૧।।

**ઉપરાઉપરી બાર વર્ષના દુષ્કાળોમાં પૂર્વે રે,**
**શ્રુતધારી અતિ વિરલ રહ્યાથી શાસ્ત્ર ભુલાયાં સર્વે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** ઉપરાઉપરી બાર વર્ષના પૂર્વે દુષ્કાળો પડવાથી શ્રુતના ધારક કે જેને એ શાસ્ત્રો કંઠસ્થ હતા તેવા પુરુષો અત્યંત વિરલ રહેલા હોવાથી તે શાસ્ત્રો સર્વે ભુલાઈ ગયા. ।।૫૨।।

**રહ્યુંસહ્યું તે ગ્રંથારૂઢ આ આગમરૂપે હાલ રે,**
**સદ્ગુરુયોગ વિના સમજાવું દુર્ઘટ, એવી ચાલ રે. શ્રીમદ્૦**

**અર્થ :–** તેમાંથી જે જ્ઞાન રહ્યું તે ભગવાન મહાવીરના નવસો વર્ષ પછી વલ્લભીપુરમાં બધા આચાર્યોએ ભેગા મળી ગ્રંથારૂઢ એટલે ગ્રંથોમાં લખાવી દીધું. તે આગમરૂપે આજે વિદ્યમાન છે. પણ સદ્ગુરુના યોગ વગર તે ભગવાનની સ્યાદ્વાદ વાણીનું રહસ્ય સમજાવું દુર્ઘટ છે, એવી અનાદિની ચાલ છે. ।।૫૩।।

**સત્ય અગ્નિનો એક જ તણખો યોગ્ય સામગ્રી મળતાં રે,**
**સર્વ લોક સળગાવી મૂકે તેમ કર્મ સો બળતાં રે. શ્રીમદ્૦**

**અર્થ :–** સાચી અગ્નિનો એક જ તણખો તેને યોગ્ય સામગ્રી મળતાં સર્વ લોકને સળગાવી શકે, તેમ સત્પુરુષ દ્વારા યોગ્ય માર્ગદર્શન મળતાં સર્વ કર્મોને પણ બાળી શકાય છે. ।।૫૪।।

**પરમ પુરુષનું એક વચન પણ મોક્ષ સુધી લઈ જાશે રે,**
**સાચા અંતઃકરણે તે જો યોગ્ય જીવ ઉપાસે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** જ્ઞાનીપુરુષનું એક વચન પણ જીવને મોક્ષ સુધી લઈ જાય છે. સાચા અંતઃકરણે યોગ્ય જીવ જો જ્ઞાનીની આજ્ઞાને ઉપાસે તો કાર્યસિદ્ધિ અવશ્ય થાય છે. જેમ શ્રેણિક રાજા પૂર્વભવમાં ભીલ હતા ત્યારે જ્ઞાનીપુરુષ મળ્યા. તેમણે કાગડાનું માંસ ન ખાવાની પ્રતિજ્ઞા આપી. તે એક વચનનું ભીલે દૃઢતાપૂર્વક પાલન કર્યું. મરણ સ્વીકાર્યું પણ પ્રતિજ્ઞાનો ભંગ ન કર્યો. તો તે શ્રેણિક આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર બની અનેક જીવોને તારી મુક્તિને મેળવશે. ।।૫૫।।

**જિનમતમાં સઘળા દર્શન છે નદીઓ સમ જલધિમાં રે,**
**જિનમતનાં ઉત્તમ વચનો વળી બીજે દીસે સંધિ ત્યાં રે. શ્રીમદ્૦**

**અર્થ :–** જિનેશ્વરે કહેલા જૈનમતમાં બધા દર્શનો એટલે ધર્મો સમાય છે; જેમ બધી નદીઓ વહીને જલધિ એટલે સમુદ્રમાં ભળે છે તેમ. જિનેશ્વરે ઉપદેશેલા વૈરાગ્ય ઉપશમના ઉત્તમ વચનો બીજા ધર્મમાં પણ દેખાય છે. તે જૈનમત સાથે સંધિ એટલે જોડાયેલા છે અર્થાત્ જૈનમતમાંથી આવેલા છે. ।।૫૬।।

**સર્વજ્ઞે દીઠેલાં તત્ત્વો યથાર્થ માન્યે સમકિત રે,**
**તે તત્ત્વોનો બોધ થવો તે સમ્યક્જ્ઞાન જ નિશ્ચિત રે. શ્રીમદ્૦**

**અર્થ :–** સર્વજ્ઞ એવા જિનેશ્વરોએ કેવળજ્ઞાનવડે જાણી, જે સાત તત્ત્વ, નવ પદાર્થ, છ દ્રવ્ય કે છ પદ વગેરે તત્ત્વો જણાવ્યા છે, તેને યથાર્થ એટલે જેમ છે તેમ માનવાથી જીવને સમકિતની પ્રાપ્તિ થાય છે.

પછી તે તત્ત્વોનો યથાર્થ બોધ થવો એટલે જેમ છે તેમ યથાર્થ સમજાઈ જવું તેને નિશ્ચયનયથી સમ્યક્જ્ઞાન કહ્યું છે. ।।૫૭।।

**ઉપાદેય તત્ત્વે પરિચય તે સમ્યક્ચરણ વિચારો રે,**
**શુદ્ધાત્મારૂપ વીતરાગ પદ વિષે સ્થિરતા ધારો રે. શ્રીમદ્૦**

**અર્થ :—** ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય તત્ત્વોનો પરિચય કરવો અર્થાત્ તેને આચરણમાં મૂકવા તેને સમ્યક્ ચારિત્ર કહ્યું છે એમ તમે વિચારો, અને શુદ્ધ આત્મસ્વરૂપ એવા વીતરાગપદમાં મનની સ્થિરતા કરો. ।।૫૮।।

**ત્રણે ગુણોની અભેદતા તે મોક્ષમાર્ગ, સૌ પામો રે;**
**ગુરુ નિગ્રંથ તણા બોધે લ્યો તત્ત્વપ્રતીતિ-પરિણામો રે. શ્રીમદ્૦**

**અર્થ :—** સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણેય ગુણોની અભેદતા એટલે એકતા કરવી એ મોક્ષનો માર્ગ છે. તેને હે ભવ્યો! તમે બધા પામો. તેને પામવા માટે જેની મિથ્યાત્વની ગ્રંથિ છેદાઈ ગઈ એવા નિર્ગ્રંથ આત્મજ્ઞાની સદ્ગુરુના બોધે તત્ત્વો ઉપર શ્રદ્ધા થાય એવા ભાવોને જાગૃત કરો.

**"તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ; મૂળ૦**
**તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજસ્વરૂપ. મૂળ૦"** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૫૯।।

**સર્વજ્ઞ દેવ ને ધર્મ યથારથ સદ્ગુરુ જ ઓળખાવે રે;**
**ત્રણે તત્ત્વની પ્રતીતિથી જ તત્ત્વપ્રતીતિ આવે રે. શ્રીમદ્૦**

**અર્થ :—** સર્વજ્ઞદેવ અને સાચા ધર્મનું યથાર્થ સ્વરૂપ સદ્ગુરુ ભગવંત જ ઓળખાવી શકે. સત્દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણેય તત્ત્વની શ્રદ્ધાથી જ જીવને તત્ત્વોમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. ।।૬૦।।

**જ્ઞાન-દર્શનાવરણ, મોહ ને અંતરાયના ક્ષયથી રે,**
**સર્વજ્ઞ વીતરાગ સ્વભાવ જ પ્રગટે છે નિશ્ચયથી રે. શ્રીમદ્૦**

**અર્થ :—** આત્મામાં રહેલા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયકર્મના ક્ષયથી જીવનો સર્વજ્ઞ વીતરાગ સ્વભાવ નિશ્ચયથી એટલે નક્કી પ્રગટ થાય છે. ।।૬૧।।

**નિર્ગ્રંથ પદ અભ્યાસે મુનિ ઉત્તરોત્તર ક્રમથી રે;**
**તે જ માર્ગ છે પૂર્ણ થવાનો, સમજી લે અંતરથી રે. શ્રીમદ્૦**

**અર્થ :—** નિર્ગ્રંથપદ એટલે મિથ્યાત્વ ગ્રંથિને સંપૂર્ણ છેદવાનો અભ્યાસ કરી મુનિ ઉત્તરોત્તર ક્રમ આરાધીને સર્વજ્ઞ વીતરાગદશાને પામે છે. એ જ માર્ગ સંપૂર્ણ આત્મશુદ્ધિ એટલે કેવળજ્ઞાન પ્રગટ કરવાનો છે. એ વાતને તું અંતરથી એટલે સાચા ભાવથી સમજી મનમાં દૃઢ કરી લે. એ સિવાય મુક્તિ મેળવવાનો બીજો કોઈ સાચો માર્ગ નથી. ।।૬૨।।

**સર્વજ્ઞ-કથિત સુધર્મ-સમજ આ પરમશાંતિરસ-મૂળ રે,**
**રહસ્ય આ સન્માર્ગ-મર્મરૂપ સર્વજીવ-અનુકૂળ રે!" શ્રીમદ્૦**

**અર્થ :—** સર્વજ્ઞ પુરુષો દ્વારા બોધેલો આ સમ્યક્ધર્મ પરમશાંતરસ પ્રાપ્ત કરવાનું મૂળ છે. આ સન્માર્ગ એટલે સાચા મોક્ષમાર્ગના મર્મરૂપ રહસ્ય જણાવ્યું. જે જગતના સર્વ પ્રાણીઓને અનુકૂળ અર્થાત્

હિતકારી છે. ।।૬૩।।

**જિજ્ઞાસુ કહે, વિનય કરી : "હે! સત્યમતિ, ઉપકારી રે,**
**સંશય ટાળી, સન્મતિ આપી, કર્યો માર્ગ-અનુસારી રે." શ્રીમદ્૦**

**અર્થ :–** હવે જિજ્ઞાસુ મુમુક્ષુ બની શ્રી ગુરુને વિનયસહિત કહે છે કે હે સત્યમતિ! આપ અમારા પરમ ઉપકારી છો. આપે સર્વ સંશયો એટલે શંકાઓને ટાળી, સન્મતિ અર્થાત્ સમ્યક્‌બુદ્ધિ આપીને મને સત્‌માર્ગને અનુસરનારો કર્યો. એ આપનો પરમોપકાર કોઈ રીતે ભુલાય એમ નથી. અનંત જન્મમરણના નાશનો ઉપાય બતાવનાર શ્રી ગુરુનું માહાત્મ્ય લાગવાથી શિષ્ય બોલી ઉઠ્યો કે :–

**"અહો! અહો! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;**
**આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો! ઉપકાર."** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૬૪।।

---

જિનમત સંબંધીની શંકાઓનું સમાધાન થયું હોય તો ભગવાન જિનેશ્વરે કહેલા વીતરાગમાર્ગને અવશ્ય આરાધવો જોઈએ. વીતરાગમાર્ગ આરાધનારે મોહનીયકર્મ બાંધવાના ત્રીસ સ્થાનકને અવશ્ય જાણવા જોઈએ. એ કર્મના સ્થાનકમાં વર્તનાર જીવ ઉત્કૃષ્ટ સીત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિનો બંધ કરી અનંતકાળ સુધી આ સંસારમાં ભટકી અનંતદુઃખ પામે છે. માટે ધર્માભિલાષીએ આગળના પાઠમાં બતાવેલ આ ત્રીસ મહા મોહનીય કર્મના સ્થાનકને જાણી અવશ્ય વર્જવા જોઈએ. મોહનીય કર્મનો એક ભેદ દર્શનમોહ છે. તેને મહામોહ પણ કહ્યો છે. તે કયા કારણો વડે ગાઢ થાય તેવા સ્થાનકોને મહામોહનીય સ્થાનક કહ્યાં છે. તે સર્વને જાણી આત્માને ઘોર મહાપાપથી દૂર કરી શકાય છે.

**"દર્શનમોહને ઘણી વખત 'મોહ' એવું નામ અપાય છે. પરંતુ દર્શનમોહનું બળ બતાવવા અથવા તેની સ્થિતિ ૭૦ કોડાકોડી સાગરોપમની ઉત્કૃષ્ટ હોવાથી મોહનીય કર્મનો ત્રાસ જીવને લાગે એ અર્થે દર્શનમોહને પણ મહામોહનીય નામ અપાય છે અને મહામોહનીયનાં ત્રીસ સ્થાનક સ્થાનકવાસી પ્રતિક્રમણ પુસ્તકમાં છે તે મુખ્યત્વે દર્શનમોહના વિસ્તારરૂપ છે. તે જ અર્થ મુખ્યપણે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં પરમકૃપાળુદેવે દર્શનમોહનીયકર્મનો ત્રાસ બતાવવા વાપર્યો લાગે છેજી :**

**"અસદ્‌ગુરુ એ વિનયનો, લાભ લહે જો કાંઈ;**
**મહામોહનીય કર્મથી, બૂડે ભવજળમાંહી."**

**એ વિચારતાં સહજ સમજાશે."** -બોધામૃત ભાગ-૩ (પૃ.૨૮૫)

**"ત્રીસ મહા મોહનીયનાં સ્થાનક શ્રી તીર્થંકરે કહ્યા છે તે સાચાં છે."** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૭૯૮)

(૬૨)



## મહામોહનીય સ્થાનક

(લલિત છંદ)

*



**વિધિ સહિત હું રાજચંદ્રને, ગુરુ ગણી નમું ભાવવંદને;**
**ભ્રમણ આ મહા-મોહથી બને, ક્ષય તમે કીધો મોક્ષ-કારણે. ૧**

**અર્થ :—** શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને મારા ગુરુ ગણી તેમને હું વિધિસહિત ભાવપૂર્વક પ્રણામ કરું છું. આ સંસારમાં જીવોને ભટકવાનું કારણ મહામોહ છે. તે મહામોહને આપે મોક્ષ મેળવવાના હેતુએ ક્ષય કરી દીધો. ।।૧।।

**ભવ અનેકમાં તે ભમાવતો, ભુલભુલામણીમાં રમાડતો,**
**ભૂંત સમાન એ દુષ્ટ ભાવમાં રમણતા કરાવે અભાનમાં. ૨**

**અર્થ :—** તે મહામોહ જીવોને અનેક ભવોમાં ભમાવે છે. સ્વસ્વરૂપને ભૂલાવી પરમાં સુખબુદ્ધિ કરાવી જીવોને તેમાંજ રમાડ્યા કરે છે. એ મોહ ભૂત જેવો છે. સ્વરૂપ અજ્ઞાનના કારણે આ મોહ, જીવોને રાગદ્વેષ, કામ, ક્રોધાદિ એવા દુષ્ટ ભાવોમાં રમણતા કરાવે છે. ।।૨।।

**ગણતરી કરી ત્રીસ ભેદની જિનવરે મહા-મોહનીયની :-**
**નદીં, નવાણ એ વારિધિ વિષે ત્રસ જીંવો હણે ક્રૂર તે દીંસે. ૩**

**અર્થ :—** એ મહામોહનીય કર્મના જિનેશ્વર ભગવંતોએ ત્રીસ ભેદ ગણાવ્યા છે. તે આ પ્રમાણે છે : નદી, નવાણ એટલે તળાવ કે વારિધિ કહેતા સમુદ્ર આદિમાં રહેલ ત્રસ જીવોને હણનાર તે ક્રૂર જીવો ગણાય છે. ।।૩।।

**પ્રથમ ભેદ એ—પેસીં પાણીંમાં જીંવ ડૂબાડીં દે વેરભાવમાં,**
**દ્વિતીંય ભેદમાં મુંખ બીડીંને કર વડે હણે બોકડાદિને. ૪**

**અર્થ :—** નદી તળાવ કે સમુદ્રના પાણીમાં રૌદ્રધ્યાનથી ત્રસ જીવોને હણવા કે વેરભાવથી જીવોને ડૂબાડી દેવા, એ મહા મોહનીય કર્મ બાંધવાનો પ્રથમ ભેદ ગણાય છે.

બીજા ભેદમાં પોતાના કર એટલે હાથે કરીને બોકડાદિનું મોઢું ઢાંકી, હૃદયને વિષે દુઃખ સહિત પોકાર કરતા એવા પ્રાણીઓને મારવાથી મહામોહનીય કર્મનો બંધ થાય. ।।૪।।

**તૃતીંય ભેદમાં વીંટીં વાધરે શિર, જીંવો હણે; ક્રૂરતા ધરે.**
**શિર પરે કરી દુઃખદાયીં ઘા વધ, ચતુર્થ ભેદે, કરાય આ. ૫**

**અર્થ :—** ત્રીજા ભેદમાં વાધર એટલે લીલાં ચામડાં આદિવડે મસ્તક વીંટીને જીવોને મારવા. એવી ક્રૂરતા કરવાથી મહામોહનીય કર્મ બંધાય. ચોથા ભેદમાં મુદ્ગર કે ઘણ આદિવડે મસ્તકમાં ઘા કરી દુઃખ ઉપજાવી વધ કરે તેથી મહામોહનીય કર્મનો બંધ થાય. ।।૫।।

**બહુ જનો તણા નાથને હણે, મરણ ચિંતવે સ્વાર્થ-કારણે,**
**ગણતરી વિષે ભેદ પાંચમો; 'જિન કહે ખરું' ઉંર એ રમો. ૬**

**અર્થ :—** ઘણા જીવોના સ્વામીને હણે. જેમ ધર્માત્મા એવા ઉદયનરાજાને વિનયરત્ન શિષ્યે મારી નાખ્યો તેમ. અથવા પોતાના સ્વાર્થ કારણે બીજાનું મરણ ચિંતવે. જેમ શ્રેણિકનું રાજ્ય લેવા માટે તેના પુત્ર કોણિકે પિતાને કેદમાં નાખી દીધા હતા. તેમ આ મહામોહનીય કર્મ બાંધવાનો પાંચમો ભેદ ગણાય છે. જિનેશ્વર ભગવંત આ બધું ખરું કહે છે એમ હૃદયમાં વાતને રમાવી દૃઢ કરો. ।।૬।।

**દીંપ સમા મુનિ, બ્રહ્મચારીંનો વધ કરે ખૂંની, ઉંપકારીંનો,**
**કુ-શુકની ગણી દુષ્ટ કષ્ટદ ગુણીં હણે, થયો ભેદ ષષ્ઠ જ. ૭**

**અર્થ :–** જીવાદિ તત્ત્વોનું વાસ્તવિક સ્વરૂપ બતાવનાર દીપક સમાન એવા મુનિ, આચાર્ય, બ્રહ્મચારીનો વધ કરવો અથવા પોતાના ઉપકારી પુરુષનો વધ કરવો. જેમ પાલક મંત્રીએ પાંચસો સ્કંદકાચાર્યના શિષ્યોને ઘાણીમાં ઘાલી પીલી નાખ્યા તેમ. અથવા ગુણી એવા પુરુષો સામે મળ્યે કુશુકન થયા એમ માનીને દુષ્ટ એવા પુરુષો તેમને કષ્ટ આપે. તે બધા મહામોહનીય કર્મ બાંધવાના છઠ્ઠા ભેદમાં ગણાય છે. ।।૭।।

**ગુણી ગુરુજનો પૂજ્ય સર્વને પીડિત રોગથી ગ્લાન દેખીને,**
**કુશળ શક્તિમાન્ દુષ્ટભાવથી વિનય-સેવના ચૂકતો યદિ- ૮**

**અર્થ :–** ગુણી એવા ગુરુજનો સર્વને પૂજ્ય છે. તેમને પીડિત કે રોગથી ગ્લાન જોઈને પોતે તે રોગ નિવારવામાં કુશળ અથવા શક્તિમાન હોવા છતાં પણ યદિ દુષ્ટભાવથી તેમની વિનય સેવા કરવાનું ચૂકતો હોય તો તે મહામોહનીય કર્મ બાંધે છે. ।।૮।।

**પુરુષ તે મહા-મોહ બાંધતો અવગુણી, તણો ભેદ સાતમો;**
**પરમધર્મમાં સ્થિત સાધુને વચનયુક્તિથી ભ્રષ્ટ જે કરે– ૯**

**અર્થ :–** છતી શક્તિએ દુષ્ટભાવથી સેવા ન કરે તે અવગુણીપુરુષ મહામોહનીય કર્મના સાતમા ભેદમાં ગણાય છે. પરમધર્મમાં સ્થિત એવા સાધુપુરુષને વચનયુક્તિવડે માર્ગમાં શંકા ઉત્પન્ન કરી કે બીજી રીતે ભ્રષ્ટ કરે તે મહામોહનીય કર્મ બાંધે. જેમ કુલવાલક મુનિને વેશ્યાએ પરમ શ્રાવિકા બની ભોજનમાં નેપાળો આપી તેમની સુશ્રુષા કરીને ભ્રષ્ટ કર્યા તેમ. ।।૯।।

**વળી કુયુક્તિથી ભ્રષ્ટ જે થતો, અધમ બેય તે, ભેદ આઠમો.**
**જિન-અવર્ણવાદો કહે મુખે, પ્રરૂપતા જૂઠું જે જનો સુખે, ૧૦**

**અર્થ :–** વળી એવી કુયુક્તિથી જે પુરુષો ભ્રષ્ટ થાય તે પણ મહામોહનીય કર્મ બાંધે. ભ્રષ્ટ કરનાર અને ભ્રષ્ટ થનાર બેય અધમ છે. આ મહામોહનીય કર્મનો આઠમો ભેદ ગણાય. જેમ વેશ્યાએ કુળવાલક મુનિને ભ્રષ્ટ કર્યા અને મુનિ પણ તેથી ભ્રષ્ટ થયા માટે તે પણ અધમની કોટીમાં આવી ગયા.

જે જિનરાજના અવર્ણવાદ બોલે અર્થાત્ નિંદા કરે અથવા જે નિડરપણે જૂઠું બોલીને જિનમાર્ગથી વિપરીત પ્રરૂપણા કરે તે જીવો મહામોહનીય કર્મને બાંધનાર જાણવા. ।।૧૦।।

**નવમ ભેદ એ મોહનો મહા, સુલભ તેહને સત્ય ધર્મ ના.**
**સૂરિ, મુનિ, ઉપાધ્યાય નિંદતો કહી : 'કુજાતિનો' કે 'કુ-કુલનો.' ૧૧**

**અર્થ :–** જે જિનેશ્વર ભગવાનના અવર્ણવાદ બોલે કે તેમનાથી વિપરીત ધર્મની પ્રરૂપણા કરે, તેમની ગણત્રી મહામોહનીય કર્મના નવમાં ભેદમાં કરવામાં આવી છે. તે જીવોને સત્ય ધર્મની પ્રાપ્તિ સુલભ નથી. સૂરિ, મુનિ, ઉપાધ્યાયની એમ કહીને નિંદા કરે કે આ તો કુજાતિ એટલે નીચ જાતિનો છે અથવા કુ-કુલ અર્થાત્ નીચ કુલનો છે એવું બોલનાર મહામોહનીય કર્મ બાંધે. ।।૧૧।।

**દશમ ભેદ એ નિંદનારનો; વિનય આદિ ના થાય તેમનો-**
**ગણ અગ્યારમો ભેદ મોહનો, ન કરતાં ગુણી-સેવના તણો. ૧૨**

**અર્થ :–** ઉપરોક્ત પ્રકારે જાતિ કુલનું નામ લઈ નિંદા કરનારને મહામોહનીયકર્મના દશમા ભેદમાં

ગણવામાં આવ્યા છે. આચાર્ય, ઉપાધ્યાય, મુનિ કે શ્રાવકના વિનય વૈયાવૃત્યાદિક ન કરવા તે મહામોહનીય કર્મના અગ્યારમાં ભેદમાં ગણવામાં આવ્યા છે. ગુણીજનોને જોઈ હૃદયમાં પ્રેમનો ઉમળકો આવવો જોઈએ, તેને બદલે ગુણીની સેવા ન કરતા તે મહામોહનીય કર્મના ભાંગામાં ગણાય છે. ।।૧૨।।

**કરી કષાય જે ક્લેશ-કારણો જગતમાં નવાં યોજતા, ગણો**
**કથન બારમા ભેદનું થયું; મતમતાંતરે ખેંચતાણનું– ૧૩**

**અર્થ :–** ધર્મના નામે કષાય ક્લેશના કારણો જગતમાં ઊભાં કરે, તે મહામોહનીય કર્મના બારમા ભેદમાં ગણાય છે. જેમકે સંવત્સરી ચોથની કરવી કે પાંચમની વગેરે કારણોથી કષાય ક્લેશ થાય તો મહામોહનીય કર્મ બાંધે. મત મતાંતર સંબંધી ખેંચતાણ કરે ત્યાં ધર્મ નથી. ।।૧૩।।

**વલણ જે રહે સ્થાપકો તણું, પછી વધી જતાં, ધર્મભેદનું,**
**ઘર કષાયનું સ્થાપનારને કઠિન મોહનો બંધ, તેરમે. ૧૪**

**અર્થ :–** નવીન ગચ્છમતના સ્થાપકોનું વલણ મતમતાંતરની ખેંચતાણનું જે રહે, તે પછી વધી જતાં મૂળ ધર્મતીર્થનો ભેદ થઈ કષાયનું ઘર બની જાય છે. જ્યાં કષાયનું પોષણ છે ત્યાં કષાયનું શાસન છે, વીતરાગનું શાસન નથી. માટે મત સ્થાપનારને તે કઠિન મહામોહનીય કર્મનો બંધ કરાવે છે. તેને મોહનીયકર્મનું તેરમું સ્થાનક જાણવું. ।।૧૪।।

**પતન-કારણો જાણતા છતાં ફરી ફરી મુનિ સેવતા જતા,**
**વશ કરે જનો, ભેદ ચૌદમો, ઠગ થતાં મહા-મોહ ચોટતો. ૧૫**

**અર્થ :–** આ ધર્મથી પતિત થવાનાં કારણો છે. એમ જાણવા છતાં પણ ફરી ફરી મુનિ તેને સેવતા જાય. જેમકે દોરાધાગા વગેરે કરી લોકોને વશ કરવાનો પ્રયત્ન કરે. એમ લોકોને ઠગનાર હોવાથી તેને મહામોહનીય કર્મની ચોંટ થાય છે. તેને મહામોહનીય કર્મનો ચૌદમો ભેદ જાણવો. ।।૧૫।।

**રતિ તજ્યા છતાં પ્રાર્થના કરે સુર-મનુષ્યના ભોગની ઉરે,**
**ગણ અનુક્રમે દોષ એ પછી ગતિ બૂરી મહામોહથી થતી. ૧૬**

**અર્થ :–** વિષયોનો જેણે ત્યાગ કરી દીધો છે એવા પુરુષને કામભોગની પ્રાર્થના કરવી અથવા વિષયોને ત્યાગી દઈ દેવલોકના કે મનુષ્યલોકના ભોગની ફરીથી હૃદયમાં ચાહના કરવી; તેવા દોષને અનુક્રમે મહામોહનીય કર્મના પંદરમાં ભાંગામાં ગણવા. એવા જીવોની મહામોહથી બૂરી ગતિ થાય છે. ।।૧૬।।

**નિપુણ શાસ્ત્રમાં હોય ના છતાં મુખ વડે બહુશ્રુત ભાખતાં,**
**તપસી ના છતાં 'છું તપસ્વી' એ, વચન દંભનું, ભેદ સોળમે. ૧૭**

**અર્થ :–** શાસ્ત્રમાં નિપુણ ન હોવા છતાં મુખથી પોતાને બહુશ્રુતધારી કહે. તપસ્વી ન હોવા છતાં હું તપસ્વી છું એ દંભ એટલે માયાચારનું કથન હોવાથી તે મહામોહનીય કર્મ બાંધે અને તેની ગણતરી સોળમા ભાંગામા થાય. ।।૧૭।।

**સમજ ભેદ એ સર્વ ગર્વમાં : મુનિપણા વિના સાધુ માનતાં,**
**ગુણ ન હોય જો શ્રાવકો તણા, મદ ધર્યે મહામોહમાં ગણ્યા. ૧૮**

**અર્થ :–** આ બધા ભેદો અહંકારના છે એમ સમજવું. મુનિપણાના લક્ષણો ''આત્મજ્ઞાન ત્યાં

મુનિપણું, તે સાચા ગુરુ હોય'' તે લક્ષણો ન હોવા છતાં પોતાને સાધુ માનવા, શ્રાવકના પણ જો ગુણ ન હોય અને શ્રાવકપણાનું અભિમાન રાખવું તે બધા મોહનીય કર્મબંધના કારણો ગણવામાં આવ્યા છે. ।।૧૮।।

**''ભગવતી'' વિષે સાધુ, શ્રાવકો-ગુણ સહિતનાં દેખ લક્ષણો-**
**ગુણ વિના ગણી સ્થાપતાં મુનિ, થતી અશાતના ગૌતમાદિની. ૧૯**

**અર્થ :–** 'ભગવતી સૂત્ર'માં સાધુ અને શ્રાવકોના ગુણ સહિત કેવા લક્ષણો હોય તે પ્રથમ જો. ગુણ વિના પોતાને મુનિસ્થાને સ્થાપતાં, શ્રી ગૌતમાદિ મહાપુરુષોની આશાતના થાય છે. ।।૧૯।।

**વળી મહાન તે શ્રાવકો તણી થતી વિચાર, આનંદ આદિની,**
**ગુણ વિના 'સુદૃષ્ટિ અમે' કહે, અરર! મોહની એ મહા ગ્રહે. ૨૦**

**અર્થ :–** વળી મહાન એવા આનંદ આદિ શ્રાવકોની પણ આશાતના થાય છે. તેનો વિચાર કર. ગુણ વિના અમે સમ્યક્દૃષ્ટિ છીએ એમ કહે. અરરર! એ મહા મોહનીયકર્મને નિબિડપણે બાંધે છે. ।।૨૦।।

**શ્રી હરિભદ્ર સૂરિ કહે ગુણો : ગણી તણા, પ્રવર્તિનીના સુણો :**
**''દૃઢ સુધર્મમાં, શાસ્ત્ર-અર્થમાં, કુશળ આપદાના ઉપાયમાં. ૨૧**

**અર્થ :–** શ્રી હરિભદ્રસૂરિ, ગણિ એટલે ગણના સ્વામી એવા આચાર્યના અને પ્રવર્તિની એટલે ચારિત્રને વિષે પ્રવર્તનારી, સિદ્ધાંતની જાણ, પ્રજ્ઞાએ કરી વૃદ્ધ એવી સાધ્વીના ગુણ કહે છે તે સાંભળો કે જે સમ્યક્ધર્મમાં દૃઢ છે, શાસ્ત્રોના અર્થ જાણનાર છે, કોઈ આપત્તિ આવી પડે તો તેના ઉપાય બતાવવામાં કુશળ છે. ।।૨૧।।

**સુ-ઉપદેશ આદિથી દોરતા, સહજ મોક્ષપંથે સ્વયં જતા,**
**વળી ગીતાર્થ, સિદ્ધાંત જાણતાં, કુળ-પરંપરા શ્રેષ્ઠ ધારતાં. ૨૨**

**અર્થ :–** જે ઉપદેશ આદિ આપી ભવ્ય જીવોને મોક્ષમાર્ગમાં દોરવણી આપે અને સ્વયં પણ સહજપણે મોક્ષમાર્ગે ગમન કરે, વળી ગીતાર્થ એટલે સમ્યક્ત્વ સહિત સિદ્ધાંતના જાણ અને મુનિ આચારની કુળ પરંપરાના શ્રેષ્ઠપણે જે ધારક હોય તે ખરા આચાર્ય કહેવા યોગ્ય છે. ।।૨૨।।

**પ્રવચને ધરે રાગ તે ગણી, ગંભીર અબ્ધિશા, લબ્ધિના ધણી.''**
**'દુષમ કાળમાં સંભવે નહીં' કહી ચલાવતા નામ તે લઈ. ૨૩**

**અર્થ :–** તે ગણિ એટલે આચાર્ય ભગવાન, પ્રવચન એટલે પ્રકૃષ્ટ વચનોના અનુરાગી હોય, અબ્ધિશા એટલે સમુદ્ર જેવા ગંભીર હોય અને અનેક લબ્ધિના ધારક હોય.

દુષમકાળમાં આવા ગુરુ થવા સંભવે નહીં, એમ કહીને પોતાનો પંથ ગમે તેમ ચલાવી કુગુરુ શિથિલતાને પોષે; પણ તે ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ છે. ।।૨૩।।

**પણ ન કાગને હંસ કો કહે; દુષમ કાળનું મિષ ક્યાં રહે?**
**વિકટ કાળમાં યત્ન આકરો કરી, સુધર્મને સર્વ ઉદ્ધરો. ૨૪**

**અર્થ :–** દુષમકાળમાં કાગ એટલે કાગડાને કોઈ હંસ કહેતું નથી. તેમ વર્તમાન કળિકાળના બહાને શિથિલતા સેવે તેને મુનિ ગણાય નહીં. પણ કાળ વિકટ હોવાથી આકરો પુરુષાર્થ કરીને સત્યધર્મનો સર્વે સાધુ પુરુષોએ ઉદ્ધાર કરવો જોઈએ. ।।૨૪।।

**ઘર લગાડીં કે કોટમાં પૂૅરી, પવન ઝેરીં કુયુક્તિથી કરી,**
**મરણ સાધતાં વેગ વેરનો—સત્તરમો ગણો ભેદ મોહનો. ૨૫**

**અર્થ :—** વેરભાવથી ઘર લગાડીને કે કોટમાં પૂરીને, કે કુયુક્તિવડે ઝેરી પવન ફેલાવીને કોઈનું મરણ સાધે તે મહા મોહનીયકર્મના સ્થાનકનો સત્તરમો ભેદ જાણવો. ।।૨૫।।

**વળીં અઢારમો ભેદ મોહનો : કરીં અકાર્યને દોષ ઢાંકવો,**
**અમુકને શિરે દોષ ઢોળતાં કઠિન મોહને પ્રાણીં ખોળતાં. ૨૬**

**અર્થ :—** મહામોહનીયકર્મના અઢારમાં ભેદમાં કોઈ અકાર્ય કરીને પોતાના દોષને ઢાંકવા માટે બીજાને માથે જૂઠ બોલીને કે કોઈ યુક્તિવડે દોષ ઢોળી દે તો તે પ્રાણી મહામોહનીયકર્મના સ્થાનકને શોધી લે છે અર્થાત્ પામે છે. ।।૨૬।।

**કપટ ભાવથી કોઈ ભોળવે, મધુર વાણીંથી આમ તે લવે :**
**'ઘર તમારું આ, ભેદ ના ગણો, અતિથિ-તીર્થનો લાભ છે ઘણો.' ૨૭**

**અર્થ :—** માયા કપટ કરીને કોઈ ભોળવે જેમકે મીઠીવાણીથી કહે કે આ ઘર તમારું જ છે, એમાં ભેદ ગણશો નહીં. અતિથિ તો તીર્થરૂપ છે, તેની સેવા સુશ્રુષા કરવાનો તો શાસ્ત્રમાં ઘણો લાભ કહ્યો છે. એમ લવે એટલે બોલીને લોકોને ભોળવે. ।।૨૭।।

**સુજનતા તણી છાપથી ઠગે વિવિધ રીત, આ કાળમાં જગે,**
**કઠિન મોહ આ ઓગણીસમો પ્રસરતો બધે હિમના સમો. ૨૮**

**અર્થ :—** જગતમાં સજ્જનતાની છાપ રાખી આ કાળમાં અનેક પ્રકારે લોકોને ઠગે તે મહામોહનીય કર્મનું ઓગણીસમું સ્થાનક સમજવું. જેમ સવારે હિમ પડે તે બધે પ્રસરી જાય તેમ તેની ઠગવિદ્યા પણ લાંબે ગાળે લોકોના ધ્યાનમાં આવ્યા વિના રહે નહીં. ।।૨૮।।

**વિષમ વીસમો ભેદ આ કહું : અશુભ યોગથી જૂઠ બોલવું,**
**અવગુણો સુણી અન્યના કહે, નહિ સ્વયં દીંઠા, દ્વેષથી દહે. ૨૯**

**અર્થ :—** વિષમ એવો મહામોહનીય કર્મનો આ વીસમો ભેદ કહું છું કે જે અશુભ મન વચન કાયાના યોગથી જૂઠ બોલે અથવા બીજાના દોષો પોતે જોયા નથી છતાં બીજાના મુખેથી સાંભળીને દ્વેષની બળતરાથી તેના અવગુણોને ગાયા કરે તે જીવ મહામોહનીય કર્મ બાંધે. ।।૨૯।।

**સ્વનજરે ચઢે દોષ અન્યના, પણ ન નિંદતા સુજ્ઞ તે ગણ્યા,**
**ન નીંચને ય તે નિંદતા અહો! પ્રભુ સમી ઉદાસીનતા લહો. ૩૦**

**અર્થ :—** જે પુરુષો બીજાના દોષ પોતાની નજરે જોવામાં આવે તો પણ તેની નિંદા કરતા નથી તેને સુજ્ઞ એટલે જ્ઞાનીપુરુષો ગણ્યા છે. તે નીચ પુરુષો પ્રત્યે પણ મધ્યસ્થભાવ રાખી તેની નિંદા કરતા નથી. અહો! જે પ્રભુ સમાન ઉદાસીનતા એટલે વૈરાગ્યભાવને ધારણ કરીને રહે છે. સર્વ પ્રાણીઓ પણ તેવા વૈરાગ્યભાવને પામી સુખી થાઓ. ।।૩૦।।

**મરમ અન્યના જે ઉઘાડતા, કલહ-બીજને નિત્ય પોષતા;**
**કલહ કાઢવાનો ન ભાવ જો, કઠિન મોહ એ એકવીસમો. ૩૧**

**અર્થ :–** અન્ય પુરુષોના મર્મ એટલે ગુપ્ત ભેદને ઉઘાડા પાડી ક્લેશનું બીજ રોપી, તેને નિત્ય પોષણ આપે. જેને ક્લેશ દૂર કરવાનો ભાવ નથી એવા જીવોને મહામોહનીય કર્મના એકવીસમા સ્થાનકમાં ગણવામાં આવ્યા છે. ।।૩૧।।

**લઈ જઈ કુમાર્ગે પછી ઠગે, ધન હરે બની કુગુરુ જગે;**
**પરમ મોહ બાવીસમો ગણો, ભવ બગાડતા માનવો તણો. ૩૨**

**અર્થ :–** લોકોને ચાલો તમને ગામનો રસ્તો બતાવું એમ કહી કુમાર્ગે લઈ જઈ તેમની પાસે જે કંઈ ધન હોય તે પડાવી લે અથવા જગતમાં કુગુરુ બની ખાવા-પીવા, મનાવા-પૂજાવાની ઇચ્છાથી ધર્મને બહાને ઊલટો માર્ગ બતાવી માનવોના ભવ બગાડે અને કોઈ ધર્મનું કારણ બતાવી તેમના ધનનું હરણ કરે તેવા જીવો મહામોહનીય કર્મના બાવીસમા સ્થાનકમાં ગણવામાં આવ્યા છે. ।।૩૨।।

**મુનિ, ગૃહસ્થ બા'ને સુધર્મને વિષય સેવી બાંધે કુકર્મને,**
**પરમ મોહ તેવીસમો થયો, જનમ બેયનો વ્યર્થ રે! ગયો. ૩૩**

**અર્થ :–** મુનિ કે શ્રાવક બની લોકોને સમ્યક્ધર્મના બહાને વિશ્વાસમાં લઈ તેમની સ્ત્રીઓ સાથે વિષયસેવન કરી કુકુર્મ બાંધે અથવા તેમના છોકરાઓ ભણવા આવે તેમને છાનામાના સમજાવે કે દીક્ષા લેશો તો સારું સારું ખાવાનું મળશે, કમાવું નહીં પડે અને લોકોમાં પૂજનીક ગણાશો; એમ પૌદ્ગલિક સુખ દેખાડી તેમના માબાપથી છાના નસાડી મૂકી પોતાના ચેલા ચેલી કરે તે મહામોહનીય કર્મના તેવીસમાં સ્થાનકમાં પેસી અનંત સંસાર વધારે. તેમને ફસાવનાર અને તેમાં ફસનાર એ બેયનો જન્મ વ્યર્થ ગયો અને અનંત જન્મમરણ વધારનાર થયો. ।।૩૩।।

**વળી કુમાર ના છતાં 'કુમાર છું' યશ વધારવા જૂઠું બોલવું,**
**પરમ મોહ ચોવીસમો કહ્યો - અપરણ્યો કહે ભોગમાં રહ્યો. ૩૪**

**અર્થ :–** પોતે કુંવારો ન હોવા છતાં હું તો 'કુંવારો છું' એમ સભા મધ્યે પોતાનું યશ વધારવા માટે જૂઠું કહે. પોતે ભોગમાં આસક્ત હોવા છતાં, અમે તો પરણવા છતાં પરણ્યા નથી એમ જૂઠું બોલી પોતા વિષે લોકોને રાગ ઉપજાવે. તે જીવ મહા મોહનીયકર્મનો બંધ કરે. મહામોહનીય કર્મનું આ ચોવીસમું સ્થાનક સમજવું. ।।૩૪।।

**વળી કહે : 'સદા બ્રહ્મચારી હું,' વ્યસન વૃત્તિમાંથી ન છૂટતું,**
**પ્રગટ ચોર એ મોહ બાંધતો; ઉભય ત્યાગ ના, કેમ છૂટતો? ૩૫**

**અર્થ :–** વળી કોઈ કહે હું તો 'સદા બ્રહ્મચારી છું' દ્રવ્યથી કોઈ આ લોક કે સ્વર્ગલોકના સુખની ઇચ્છાએ ઉપરથી ત્યાગ કર્યો હોય પણ વૃત્તિમાં એટલે મનમાં તેનો અભિલાષ બન્યો રહે તો તે યથાર્થ બ્રહ્મચારી નથી. અને બીજો કોઈ અંતરથી બ્રહ્મચારી નથી તેમજ બહારથી પણ નથી. એવા ઉભય એટલે બેયના ત્યાગનો જેને અભાવ છે તેવા જીવો આ સંસારથી કેમ છૂટશે? પ્રગટ ચોર જેવા આ જીવો મહામોહનીય કર્મનો બંધ કરે છે. ।।૩૫।।

**પચીસમો મહા મોહ-ભેદ એ, સુજન ત્યાગશે, દંભ છેદશે;**
**છવીસમો કૃતઘ્ની તણો ગણો, મદદ આપતાને ઠગે ઘણો. ૩૬**

**અર્થ :—** ઉપર કહેલા મહામોહનીય કર્મના પચીસમા ભેદને સજ્જન પુરુષો ત્યાગશે અને દંભ એટલે ડોળ અથવા ઢોંગ ગણી તેનો અવશ્ય છેદ કરશે. હવે મહામોહનીય કર્મનો છવીસમો ભેદ કૃતઘ્નીપણાનો છે. જે પુરુષ દ્વારા પોતાની ઇજ્જત, આબરું કે ધન દોલતની વૃદ્ધિ થઈ હોય તે પુરુષને જ માયા વડે ઘણો ઠગી તેનું ધનમાલ ચોરી લેવું તેવા જીવો મહામોહનીય કર્મનો બંધ કરે છે. ।।૩૬।।

**ઉદય-હેતુ જે શેઠ આદિને વિઘન ભોગમાં આણનારને,**
**પરમ મોહનો બંધ થાય તે ક્રમથી એ સતાવીસમો બને. ૩૭**

**અર્થ :—** જે શેઠ આદિના નિમિત્તથી પોતાના પુણ્યનો ઉદય થયો હોય, તેમના ભોગાદિકમાં અંતરાય કરવાથી મહામોહનીય કર્મનો બંધ થાય, તે ક્રમથી સત્તાવીસમો ભેદ ગણાય છે. ।।૩૭।।

**વળી હણે ઉપાધ્યાય, નૃપને, નગરશેઠ, સેનાપતિ હણે;**
**મરણ ચિંતવે, ભ્રષ્ટ થાય તો ઠીક થશે ગણી બૂરું ભાવતો— ૩૮**

**અર્થ :—** વળી કોઈ ઉપાધ્યાય, રાજા, નગરશેઠ કે સેનાપતિને હણે અથવા તેમનું મરણ ચિંતવે અથવા તેઓ પદથી ભ્રષ્ટ થાય તો સારું એમ માની તેમનું બૂરું ચિંતવનાર જીવ મહામોહનીય કર્મનો બંધ કરે. ।।૩૮।।

**પરમ મોહ અઠ્ઠાવીસમો ધરે, 'સુર મળે મને, વાત તે કરે,'**
**જૂઠ ચલાવીને લોક છેતરે, પરમ મોહ ઓગંત્રીસમો ધરે. ૩૯**

**અર્થ :—** ઉપર કહ્યા તે ભાવો મહામોહનીય કર્મના અઠ્ઠાવીસમાં ભેદમાં ગણવામાં આવ્યા છે. મને તો દેવતાઓ આવીને મળે છે. મારી સાથે વાતો કરે છે. એમ જૂઠ ચલાવી ભોળા લોકોને છેતરે તે જીવ મહામોહનીય કર્મના ઓગણત્રીસમા સ્થાનકમાં ગણાય. ।।૩૯।।

**વિષયગૃદ્ધ દેવો, ન કામના, કહી કુબુદ્ધિથી લે અસાતના,**
**સમકિતી સુરો નિંદતાં થતો પરમ મોહનો બંધ ત્રીસમો. ૪૦**

**અર્થ :—** પાંચ ઇન્દ્રિયના વિષયોમાં આસક્ત એવા દેવો શું કામના છે? એમ કુબુદ્ધિથી કહીને તેમની આશાતના કરે. સમ્યક્દૃષ્ટિ દેવો તો તીર્થંકર ભગવાનની ભક્તિ કરે, તેમનો ઉપદેશ સાંભળે. એવા સમ્યક્દૃષ્ટિ દેવોની નિંદા કરવાથી મહામોહનીય કર્મનો બંધ થાય. તેમની ગણત્રી મહામોહનીય કર્મના ત્રીસમા ભેદમાં ગણવામાં આવી છે. ।।૪૦।।

*

**પરમ મોહનો બંધ આકરો, ન શિવ-માર્ગ દે પામવા ખરો;**
**ભવ અનંત તે કર્મથી ભમે, મરણ-જન્મનાં દુઃખ સૌ ખમે. ૪૧**

**અર્થ :—** આ દર્શનમહામોહરૂપ ત્રીસ મહામોહનીય સ્થાનકના કર્મનો બંધ ઘણો આકરો છે. આ કર્મ બંધ થવાના કારણોમાં તીવ્ર હિંસા, મહાન જૂઠ, પ્રપંચ, ચોરી, વ્યભિચાર, વિશ્વાસઘાત, મહામાયા કપટ, કૃતઘ્નપણું, ધર્મમાં મતભેદ પાડી ધર્મતીર્થનો ભેદ કરવો આદિ મહાપાપના કારણો આ પાઠમાં બતાવ્યા. તેથી ઉત્કૃષ્ટ ૭૦ કોડાકોડી સાગરોપમનો જીવને બંધ પડે છે. તે કર્મ બંધ જીવને સાચો મોક્ષમાર્ગ પામવા દે નહીં. આ કર્મથી જીવો અનંતભવ સુધી સંસારમાં ભમે છે અને જન્મમરણના અનંત દુઃખોને સહન કર્યા કરે છે. ।।૪૧।।

**સમય માત્ર ના ક્લેશથી બચે, સતત વેદના કર્મથી રચે;**
**સમજ જીવની સંત આપશે, કઠિન ક્લેશને તે જ કાપશે. ૪૨**

**અર્થ :–** અજ્ઞાનના કારણે ચાર ગતિમાં દુઃખો ભોગવતાં તે જીવ સમય માત્ર પણ કષાયક્લેશથી બચતો નથી. અને નવા કર્મો બાંધી સતત વેદનાને નવી ઊભી કરે છે. એવા જીવને પણ આત્માની સમજ સંત પુરુષો આપશે; અને કઠિન એવા કર્મક્લેશના કારણોને તે જ કાપી શકશે. દૃઢપ્રહારી કે અંજનચોર જેવા મહાપાપી જીવો પણ સંત સમાગમના યોગથી કર્મક્લેશના કારણોને કાપી તે જ ભવે મુક્તિને પામી ગયા. ।।૪૨।।

**પણ ન યોગ તે પાપીને મળે, અહિતની રુચિ કેમ તો ટળે?**
**પરમ પાપ આ ત્રીસ જે કહ્યાં, તજી ન જે શકે પાપથી ભર્યાં.- ૪૩**

**અર્થ :–** પણ એવા પાપી જીવોને સત્પુરુષનો યોગ મળે નહીં તો આત્માનું જેમાં અહિત છે એવા કામોની રુચિ તેની કેમ ટળી શકે? જેથી મહામોહનીયકર્મના ત્રીસ સ્થાનક કહ્યાં તેને તે પાપથી ભરેલો જીવ છોડી શકતો નથી. ।।૪૩।।

**નહિ સુયોગને યોગ્ય તે બને, ભ્રમણનો નથી ત્રાસ તેમને;**
**જીવ-દયા ખરા ભાવથી ઉરે સુભગ જીવને પુણ્યથી સ્ફુરે. ૪૪**

**અર્થ :–** તેવા પાપી જીવો સત્પુરુષના યોગને પામે એવા યોગ્ય બનતા નથી. કેમકે તેમને સંસાર પરિભ્રમણનો ત્રાસ લાગતો નથી. પોતાના આત્માની દયા તો સાચા અંતરના ભાવથી કોઈ સુભાગ્યશાળી જીવને જ પુણ્યોદયે સ્ફુરાયમાન થાય છે. ।।૪૪।।

**વચન શાસ્ત્રનાં કે સુસંતના શ્રવણ થાય સત્સંગ-યોગમાં,**
**તજી કુમાર્ગ એ ત્રીસ ભેદના, ભજ સુમાર્ગ જે ન્યાયનીતિના. ૪૫**

**અર્થ :–** સત્પુરુષો કહે છે કે શાસ્ત્રના અથવા સત્પુરુષના વચનોને સત્સંગના યોગમાં સાંભળીને, કુમાર્ગમાં લઈ જનાર એવા આ મહામોહનીયકર્મના ત્રીસ ભેદને તજી દઈ જે ન્યાયનીતિના માર્ગથી યુક્ત છે એવા સત્માર્ગની ભજના કરજો અર્થાત્ તે માર્ગે જ ચાલજો. ।।૪૫।।

**સ્વપર-હિત જે ચિંતવે જનો સ્વકીય દૃષ્ટિથી, ભૂલ ત્યાં ગણો;**
**સ્વપર-ભેદ તો જ્ઞાની જાણતા, કરુણ ચિત્તથી ઉપદેશતા. ૪૬**

**અર્થ :–** સ્વ કે પરનું હિત જે જીવો સ્વકીય એટલે પોતાની દૃષ્ટિથી ચિંતવે છે તે જીવો ભૂલ ખાય છે. સ્વ કે પરનું કલ્યાણ શામાં છે તેનો ભેદ જ્ઞાનીપુરુષો જાણે છે. તેઓ નિષ્કારણ કરુણાના ભાવથી બીજા જીવોને ઉપદેશ આપે છે. ।।૪૬।।

**સ્વરૂપ ઓળખે તે સ્વહિતનાં અચૂક સાધનો આદરે ઘણાં,**
**અફળ યત્ન સૌ તે તજે સદા, સકળ લોકને તે જ બોધતા. ૪૭**

**અર્થ :–** જે પોતાના સ્વરૂપને ઓળખે છે એવા જ્ઞાનીપુરુષો, સ્વહિતઅર્થે અચૂક આત્મકલ્યાણના ઘણા સાધનોને આદરે છે. અફળ એટલે નિરર્થક પુરુષાર્થનો સર્વથા ત્યાગ કરે છે અને સર્વ લોકોને પણ આત્મકલ્યાણમાં સહાયક એવા સત્પુરુષાર્થનો જ બોધ કરે છે. ।।૪૭।।

**ચરણ સંતના, મોક્ષ-સાધના; હૃદયમાં રહો—એ જ યાચના,**
**સુદિન તે ગણું એ જ વાસના, રટણ તે કરું અન્ય આશ ના. ૪૮**

**અર્થ :—** પૂ.શ્રી બ્રહ્મચારીજી જણાવે છે કે સંતપુરુષના ચરણ એટલે આજ્ઞાને ઉઠાવવી એ જ મોક્ષ મેળવવાની ખરી સાધના છે. માટે તેમની આજ્ઞા મારા હૃદયમાં સદા વાસ કરીને રહો, એ જ મારી પરમકૃપાળુ પ્રભુ પ્રત્યે પ્રાર્થના છે. અને તે દિવસને જ હું ધન્ય ગણીશ. તે સત્પુરુષના શુદ્ધ સ્વરૂપનું હું રટણ કર્યા કરું એ જ મારી વાસના અર્થાત્ અભિલાષા છે. તે સિવાય મને બીજી કોઈ વસ્તુની ઇચ્છા નથી. ।।૪૮।।

---

અનંત સંસાર રઝળાવનાર એવા મહામોહનીયકર્મના ત્રીસ સ્થાનકોને તજી દઈ, તીર્થંકર પદની સમ્યક્પ્રકારે પ્રાપ્તિ થાય એવા વીસ સ્થાનકોની આત્માર્થી જીવે સમ્યક્દર્શન સહિત ઉત્કૃષ્ટ આરાધના કરવી જોઈએ; જેથી આ મળેલ દુર્લભ માનવદેહ સફળ થાય. તે તીર્થંકરપદ પ્રાપ્તિના વીસ સ્થાનકો કયા કયા છે તે આ પાઠમાં જણાવવામાં આવે છે :—



(૬૩)

## તીર્થંકર-પદ-સંપ્રાપ્તિ-સ્થાનક

(વસંતતિલકા)



*

**શ્રી તીર્થનાથ હૃદયે ધરીને જીવે જે, તેની જ દૃષ્ટિ થકી જે જગને જુએ છે;**
**તેની જ વાણી સુણી, જે સમજાવનારા, શ્રી રાજચંદ્ર ગુરુ પૂજ્ય સદાય મારા. ૧**

**અર્થ :—** શ્રી તીર્થનાથ એટલે જેથી તરાય તે તીર્થ; એવા તીર્થની સ્થાપના કરનાર ભગવાન તીર્થંકર. તેના શુદ્ધ સ્વરૂપને હૃદયમાં ધારણ કરીને જે જીવે છે, જે ભગવાનની વીતરાગતાને પામી સમ્યક્દૃષ્ટિ વડે જ જગતના સર્વ જડ ચેતન પદાર્થોને જુએ છે. જે ભગવાન તીર્થંકર મહાવીર સ્વામીની વાણી સાંભળીને તે પ્રમાણે જગતવાસી જીવોને તત્ત્વોનું વાસ્તવિક સ્વરૂપ સમજાવનારા છે એવા શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ ભગવંત મારા હૃદયમાં સદાય પૂજનીય સ્થાને બિરાજે છે. ।।૧।।

**વાણી રસાલ અનુભૂતિ-રસે ભરેલી, મધ્યસ્થ ભાવ-મધુરા રવમાં રહેલી;**
**નિષ્પંક પંકજ સમા જગજીવ કાજે, શ્રી રાજવાણી રવિતેજ સમી વિરાજે. ૨**

**અર્થ :—** જેની વાણી આત્મઅનુભવરૂપ રસથી ભરેલી હોવાથી રસાલ અર્થાત્ રસ ઉત્પન્ન કરે એવી છે. તે વાણી સ્યાદ્વાદથી યુક્ત હોવાથી મતમતાંતરમાં મધ્યસ્થ ભાવવાળી તથા મધુર કહેતા મનને ગમે એવા રવ એટલે અવાજમાં ગૂંથિત થયેલી છે અર્થાત્ જેની લખવાની કે બોલવાની ભાષા શૈલી ઘણી જ સુંદર છે. પંક એટલે કાદવ. તેમાંથી જન્મેલ તે પંકજ અર્થાત્ કમળ. જેનું મૂળ કાદવમાં રહેતા છતાં પણ કમળ સ્વયં નિષ્પંક અર્થાત્ કાદવરહિત જળમાં નિર્મળપણે રહે છે. તેમ શ્રી રાજપ્રભુ મોહમય જગતમાં રહેતા છતાં પણ જળકમળવત્ નિર્મળતાને ભજે છે. એવી શ્રી રાજપ્રભુની વાણી તે રવિ એટલે સૂર્યના તેજ

સમાન પ્રકાશમય હોવાથી તે જીવોના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા પૂર્ણ સમર્થ છે. તે વાણીનું અસ્તિત્વ આજે પણ ભયંકર કલિયુગમાં વિરાજમાન છે અર્થાત્ વિદ્યમાન છે. ।।૨।।

**શ્રી તીર્થનાથ-પદ-હેતુ કહેલ વીસે સ્થાનો હવે સુજન કાજ કહું વિશેષે :**
**સેવ્યાં બધાં પ્રથમ-અંતિમ તીર્થનાથે, સમ્યક્ત્વ સાથ વચલા જિન અલ્પ સાધે. ૩**

**અર્થ :—** શ્રી તીર્થંકરપદની સંપ્રાપ્તિ એટલે સારી રીતે પ્રાપ્તિ થાય એવા વીસ સ્થાનક શાસ્ત્રમાં કહેવામાં આવ્યા છે. તે સ્થાનોને હવે સુજન એટલે સમ્યક્દૃષ્ટિ જીવોને અર્થે વિશેષપણે અત્રે કહું છું. આ બધા વીસેય સ્થાનોને પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને અને અંતિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામી ભગવંતે સેવેલા છે, અર્થાત્ આરાધના કરેલ છે. જ્યારે વચલા શ્રી અજિતનાથ ભગવંતથી લગાવીને શ્રી પાર્શ્વનાથ ભગવંત સુધીના તીર્થંકરોએ સમ્યક્ત્વ સહિત તેમાંના થોડા તીર્થંકરપદ પ્રાપ્તિના સ્થાનકોની સાધના કરેલ છે. ।।૩।।

**સર્વે જીવો રસિક શાસનના કરું હું, એવી દયા હૃદયમાં — જિનબીજ ધારું;**
**એ ભાવથી પ્રથમ સ્થાનક પોષવાની ક્રિયા અનેક અરિહંત ઉપાસવાની. ૪**

**અર્થ :—** હવે શ્રી તીર્થંકર પદ પ્રાપ્તિના વીસ સ્થાનકો જણાવે છે. તેમાં પહેલી—

**૧. અરિહંત ભક્તિ :—** જગતના સર્વ જીવોને હું વીતરાગ ભગવંત પ્રણીત જૈન શાસનના રસિક બનાવી દઉં, એવી દયા જેના હૃદયમાં ખરા સ્વરૂપમાં જન્મે તે જિનબીજ એટલે તીર્થંકર નામકર્મનો ઉપાર્જન કરનાર થાય. ઉત્કૃષ્ટ ભાવથી આ પ્રથમ તીર્થંકર પદ પ્રાપ્તિના સ્થાનકને પોષવા માટે ચાર ઘાતીયા કર્મનો ક્ષય કરી અનંત ચતુષ્ટય પ્રગટાવ્યું છે જેણે એવા દેહ છતાં દેહાતીત દશાએ વિચરતા જીવન્મુક્ત શુદ્ધ આત્મારૂપ અરિહંત ભગવંતના ગુણોમાં અનુરાગ કરે, તેમનું પૂજન, સ્તવન, નમસ્કાર, ધ્યાન, ભક્તિ આદિ અનેક પ્રકારે ક્રિયાઓ કરી જે ઉપાસના કરે તે અરિહંતપદને પામે છે. **"તીર્થંકર થવા ઇચ્છા નથી; પરંતુ તીર્થંકરે કર્યા પ્રમાણે કરવા ઇચ્છા છે."** -શ્રીમદ્ રાજચંદ્ર (વ.પૃ.૨૪૯)

**દેવપાળનું દૃષ્ટાંત :—** અચલપુર નગરમાં સિંહરથ રાજા રાજ્ય કરતો હતો. તે જ નગરમાં જિનદત્ત નામે શેઠને ત્યાં દેવપાળ નામે ક્ષત્રિય જાતિનો તેમનો દાસ હતો. તે રોજ ગાયો ચરાવતો. ત્યાં એકદા નદિના તટની પાળ ધસી પડતા ઋષભદેવ ભગવાનની મનોહર મૂર્તિ નીકળી. તેના દર્શન કરતાં અત્યંત હર્ષ પામી તેણે એવી પ્રતિજ્ઞા કરી કે મારે રોજ આ ભગવાનના દર્શન પૂજન કર્યા વિના ભોજન કરવું નહીં. એકવાર મૂશળધાર વરસાદ થવાથી સાત દિવસ દર્શન કરવા જવાયું નહીં. તેથી સાત દિવસના ઉપવાસ થયા. સાતમે દિવસે દર્શન કરવા જતાં ભગવાનની અધિષ્ઠાયક દેવી ચક્રેશ્વરીએ પ્રત્યક્ષ થઈ દેવપાળને કહ્યું : હું તારા પર પ્રસન્ન થઈ છું તો ઇચ્છિત વર માગ. દેવપાળ કહે "હે દેવી! ત્રૈલોક્યના સ્વામી ઉપર મારી અનુપમ અને અખંડ ભક્તિ થાઓ. એ સિવાય પર વસ્તુ પર મારી સ્પૃહા નથી." છતાં દેવીએ પ્રસન્ન થઈ કહ્યું - તને થોડા દિવસમાં જ આ નગરનું રાજ્ય મળશે.

એક દિવસ તે જ નગરના રાજા સિંહરથે કેવળજ્ઞાની ભગવાનને પોતાનું આયુષ્ય પૂછતાં તેમણે ત્રણ દિવસનું જણાવ્યું. રાજાને પુત્ર ન હોવાથી પંચદિવ્ય કર્યા. તેથી દેવપાળના ગળામાં પુષ્પમાળા પહેરાવવાથી પોતાની કન્યા મનોરમાને પરણાવી. રાજા સિંહરથે દીક્ષા ગ્રહણ કરી. હવે દેવપાળ રાજા થવાથી અત્યંત સુંદર મંદિર બંધાવી તે પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. તેની અત્યંત ભક્તિ કરતાં, પુત્ર થયે તેને રાજ્ય આપી



શ્રી ઋષભદેવ ભગવાન

દીક્ષા લઈ લીધી. ત્યાં પણ અરિહંતપદની હર્ષોલ્લાસપૂર્વક ભક્તિ, તેમના ગુણોનું કીર્તન કરતા તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. અનશન કરી દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર થશે અને રાણી મનોરમા પણ તેમની ગણધર બની બન્ને મોક્ષપદ પામશે. અત્યંત અરિહંત ભક્તિ સિવાય બીજા કોઈ પદાર્થની ઇચ્છા ન રાખવાના ફળ સ્વરૂપ તીર્થંકર પદ પ્રાપ્ત કર્યું. ।।૪।।

**શ્રી સિદ્ધ જે સહજ શુદ્ધ સુખે ઠર્યા છે, જેને ન જન્મ-મરણાદિ હવે રહ્યાં તે;**
**ધારું ઉરે દ્વિતીય આ પદ સિદ્ધ નામે, જેથી રહે મન અનંત-સમાધિ-ધામે. ૫**

**અર્થ :— ૨. શ્રી સિદ્ધ ભક્તિ :—** શ્રી સિદ્ધ ભગવંત જે પોતાના શુદ્ધ સહજાત્મસ્વરૂપને પામી લોકાગ્રે ચૈતન્યમૂર્તિ બની સર્વકાળ માટે અનંતસુખમાં બિરાજમાન થયા છે, જેને હવે આઠેય કર્મો નાશ થઈ જવાથી દેહરહિત દશા પામી જન્મમરણાદિના દુઃખો રહ્યા નથી, એવા શ્રી તીર્થંકરપદ પ્રાપ્તિના દ્વિતીય સ્થાનરૂપ સિદ્ધ ભગવંતને હૃદયમાં ધારણ કરું. જેથી મારું મન પણ અનંત આત્મસ્વસ્થતારૂપ સમાધિ જ્યાં છે એવા મોક્ષધામને પ્રાપ્ત કરવામાં જ લીન રહે.

**હસ્તિપાળ રાજાનું દૃષ્ટાંત :—** સાકેતપુર પાટણ નામે નગરમાં હસ્તિપાળ રાજાએ ધર્મઘોષમુનિની અમૃતમય દેશના સાંભળી પ્રશ્ન કર્યો કે હે કરુણાનિધિ! જે દૃષ્ટિથી અગોચર છે એવા સિદ્ધ પરમાત્માની સેવા ભક્તિ કેવા પ્રકારે કરવી? તેના ઉત્તરમાં ગુરુ ભગવંત બોલ્યા : હે રાજન! મોક્ષસ્થાનમાં બિરાજેલા નિરંજન, નિરાકાર સિદ્ધસ્વરૂપનું લયલીનપણે જે ધ્યાન કરે, ભાવથી પૂજા કરે તે પ્રાણી અનુક્રમે ઘાતીકર્મનો ક્ષય કરી અનંતાનંત સુખવાળી મોક્ષ સંપદાને પામે છે. તે સાંભળી સિદ્ધપદ આરાધવાનું વ્રત લઈ પ્રતિદિન સિદ્ધ પરમાત્માનું ધ્યાન કરતા રાજા મંત્રી સહિત સમ્મેત શિખર, શત્રુંજય આદિ સિદ્ધ સ્થળોની યાત્રા કરી પોતાના આત્માને નિર્મળ કરવા લાગ્યો. એમ સિદ્ધપદનું આરાધન કરતાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. અંતે દીક્ષા લઈ અણસણ કરી સમાધિપૂર્વક દેહત્યાગી બારમા અચ્યુત દેવલોકમાં દેવરૂપે અવતર્યા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરપદ પામી સિદ્ધપદને પામશે. મંત્રી પણ તેમના ગણધર બની કેવળજ્ઞાન પામી મોક્ષપદને પામશે. ।।૫।।

**ત્રીજા પદે પ્રવચને ગણ પૂજ્ય સંઘ, ચારે ય ભેદથી ટકે પરમાત્મ પંથ;**
**વૈયાવચાદિ સહુ સંઘની જે ઉઠાવે, તે તીર્થનાથ-બીજકર્મ કમાઈ જાવે. ૬**

**અર્થ :— ૩. પ્રવચન ભક્તિ :—** તીર્થંકર પદ પ્રાપ્તિના 'પ્રવચન ભક્તિ' નામના ત્રીજા પદમાં ચતુર્વિધ સંઘ ગણાય છે. પ્રકૃષ્ટ છે વચનો જેના એવા ભગવંત પ્રત્યે જેને ભક્તિ છે એવા પૂજ્ય શ્રી સમ્યક્ દૃષ્ટિ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને ગણવામાં આવેલ છે. આ ચારેય પ્રકારના આરાધકોની ભગવંત પ્રત્યે ભક્તિ હોવાના કારણે જ આ પરમાત્મપદ પ્રાપ્તિનો માર્ગ આજ સુધી ટકી રહેલ છે. એ ચતુર્વિધ સંઘની વૈયાવચાદિ એટલે સેવા સુશ્રુષા આદિ ભાવભક્તિથી જે કરશે તે પુણ્યાત્મા શ્રી તીર્થંકર નામકર્મને કમાઈ જાશે અર્થાત્ ઉપાર્જન કરશે.

**"આ જીવ કોને ભજે છે? એ જોવું. કૃપાળુદેવને ભજે છે, તો એના ઉપર વાત્સલ્યભાવ રાખવો. જે જીવનું કલ્યાણ થવાનું હોય તે જ જીવ કૃપાળુદેવને શરણે આવે છે. પ્રભુશ્રીજી કહેતા કે કૃપાળુદેવને શરણે આવ્યા હોય તેના અમે દાસના દાસ છીએ. આપણે સેવા કરવી છે એમ ઇચ્છા રાખવી. મુમુક્ષુ છે તે સગાંવહાલાં કરતાં પણ વધારે હિતકારી છે. વાત્સલ્યઅંગ તો પહેલું જોઈએ. બીજું કશું ન થાય અને**

**વાત્સલ્યભાવ રાખે તોય તીર્થંકરગોત્ર બાંધે. એ ગુણ આપણામાં નથી તો લાવવો છે એમ રાખવું. સમ્યક્ત્વ થાય એવા ગુણો મારામાં ન આવ્યા તો બધું પાણીમાં ગયું. એમ મનમાં રાખવું.''** -બો.ભાગ-૧ (પૃ.૩૩૧)

**જિનદત્ત શેઠનું દૃષ્ટાંત :–** વસંતપુર નગરમાં સમકિતધારી પુણ્યાત્મા જિનદાસ નામે શેઠ હતો. તેની જિનદાસી નામે પ્રિયા અને જિનદત્ત નામે ગુણવાન પુત્ર હતો. જિનદત્તે એકવાર ચારણમુનિ ભગવંતની ધર્મદેશના સાંભળી કહ્યું કે ભગવંત! તીર્થંકરપદની પ્રાપ્તિ કેવા પુણ્યના ઉદયથી કરી શકાય? ગુરુ ભગવંતે કહ્યું–હે સોભાગી! તીર્થંકર પદ પ્રાપ્તિના ત્રીજા પદમાં ચતુર્વિધ સંઘની ભાવપૂર્વક ભક્તિ કરવી તે ઉત્તમ છે. તીર્થંકર ભગવંત પણ ધર્મોપદેશ સમયે 'નમો તિથ્થસ' કહી એટલે ચતુર્વિધ સંઘરૂપ તીર્થને નમસ્કાર હો એમ કહી દેશના આપે છે. એવા સંઘની ભક્તિ તે પરમપદ પ્રાપ્તિના હેતુરૂપ છે. શ્રી સંઘનું આવું માહાત્મ્ય સાંભળી ઉલ્લાસપૂર્વક શ્રી ચતુર્વિધ સંઘની તે ભાવપૂર્વક પ્રતિદિન ભક્તિ કરવા લાગ્યો. રાજાએ પણ તેને નગરશેઠની પદવી આપી. શ્રી સંઘની અત્યંત ભક્તિના પ્રભાવે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. પછી દીક્ષા લઈ નિરતિચારપણે ચારિત્ર પાળી નવગ્રૈવેયકમાં ગયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદ પામશે. તેની સ્ત્રી હારપ્રભા પણ તેમની ગણધર બની સિદ્ધિપદને પામશે. ।।૬।।

**આચાર્ય-સેવન વડે જિન-બીજ વાવું, ચોથે પદે સૂરિ-ગુણો ઉર સર્વ લાવું;**
**આચાર પાળી શીખવે જીવ સર્વને જે, તેની કૃપા ગ્રહી તરું ભવસિંધુ સ્હેજે. ૭**

**અર્થ :– ૪. આચાર્ય ભક્તિ :–** આચાર્ય ભક્તિ એ જ ગુરુ ભક્તિ છે. **'ગુરુ ભક્તિસે લહો તીર્થપતિપદ શાસ્ત્રમેં વિસ્તાર હૈ''** માટે એવા સાચા આત્મજ્ઞાની ગુરુ ભગવંતની સેવના એટલે આજ્ઞા ઉપાસીને જિનનામકર્મ બીજની વાવણી કરું. શ્રી તીર્થંકરપદ પ્રાપ્તિના આ ચોથા પદમાં ગુણોની ખાણરૂપ વીતરાગી શ્રી ગુરુના સર્વ ગુણોને હૃદયમાં ધારણ કરી તેમની ભક્તિ કરું. ધન્ય ભાગ્ય હોય તો જ આવા સાચા સદ્ગુરુના ગુણોમાં અનુરાગ થઈ એમનું શરણ પ્રાપ્ત થાય.

આચાર્ય ભગવંત પોતે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર નામના પંચ આચારને શુદ્ધ રીતે પાળી ચતુર્વિધ સંઘને પણ યથાયોગ્ય ભૂમિકાએ તેને શિક્ષા આપી પળાવે છે. તેઓ વર્તમાનકાળમાં સકળસંઘ માટે ધર્મના નાયક છે. તેવા આત્મજ્ઞાની સદ્ગુરુ ભગવંતની ભક્તિ વડે તેમની કૃપાને ગ્રહણ કરું તો સહેજે દુસ્તર એવો ભવસિંધુ એટલે સંસારસમુદ્ર તરી જાઉં.

**પુરુષોત્તમ રાજાનું દૃષ્ટાંત :–** પદ્માવતી નામે નગરીમાં રાજા પુરુષોત્તમ રાજ્ય કરતો હતો. એકદા તેની રાણીનું મૃત્યુ થયું. રાજાને રાણી પ્રત્યે અત્યંત પ્રેમ હોવાથી રાજકાર્યનો ત્યાગ કરી રૂદન કરવા લાગ્યો. ત્યાં ચાર જ્ઞાનના ધર્તા ગુરુભગવંત પધાર્યા. તેમની દેશનાવડે વૈરાગ્ય ઉત્પન્ન થવાથી ગુરુને કહ્યું: મને જન્મમરણના દુઃખોથી મુક્ત કરનાર ચારિત્ર આપી કૃપા કરો. ગુરુએ યોગ્ય જાણી દીક્ષા આપી. નવ પૂર્વ સુધી રાજાએ અભ્યાસ કર્યો. એકદા તે ચિંતવવા લાગ્યા - અહો! સમ્યગ્જ્ઞાનરૂપ ચક્ષુના આપનાર, દુર્ગતિથી બચાવનાર એવા ગુરુનો કરોડો ઉપાયો કર્યે છતે પણ ઉપકાર વાળી શકાય એમ નથી. આ પ્રમાણે વિચારી અભિગ્રહ ધારણ કર્યો કે આજથી મારે નિરંતર ગુરુજનની ભક્તિ કરવી. તેમના પ્રત્યેની તેત્રીસ આશાતનાને ત્રિવિધે તજી, ગુરુના છત્રીસ ગુણોનું ચિંતવન કરવું. અન્ય સમક્ષ પણ ગુરુના ગુણનું ભાવપૂર્વક કીર્તન કરતાં રાજાએ ઉત્કૃષ્ટ પુણ્યોપાર્જન કરવાથી તીર્થંકર નામકર્મનો નિકાચિત બંધ કર્યો. એક માસનું અનશન કરી સમાધિપૂર્વક દેહ ત્યાગી, બારમા દેવલોકમાં દેવ થઈ, મહાવિદેહ ક્ષેત્રમાં

તીર્થંકર પદ પામી અનંત સુખવાળા મોક્ષ સ્થાનને પામશે. ॥૭॥

**જે સ્થિર સંયમ ધરે સ્થવિરો ગીતાર્થ, નાના તથા શિથિલને અવલંબનાર્થ,**
**તે જૈનશાસન દીપાવી શકે, સમર્થ સેવ્યે સ્થવિર પદ પંચમ હું કૃતાર્થ. ૮**

**અર્થ :— ૫.સ્થવિર ભક્તિ :—** જે સંયમમાં સ્થિર, જ્ઞાનવૃદ્ધ, આત્માનુભવી, સિદ્ધાંતના જાણ હોવાથી ગીતાર્થ એવા સ્થવિરો, તે નવ દિક્ષિત થયેલા અથવા શિથિલ થયેલા સાધુઓને આધારરૂપ છે. તે જૈન શાસનને દીપાવી શકે. એવા સમર્થ સ્થવિરો પ્રત્યે વાત્સલ્યભાવ સહિત તેમની સેવા કરવાથી તીર્થંકર નામ કર્મનો બંધ થાય છે. તીર્થંકરપદ પ્રાપ્તિના આ ચોથાપદને સેવી હું કૃતાર્થ થાઉં.

પૂ.શ્રી બ્રહ્મચારીજી સ્થવિર એવા પ્રભુશ્રીજીની સેવા ભક્તિ કરીને કૃતાર્થ થઈ ગયા.

''સ્થવિર એટલે વૃદ્ધ. તે ત્રણ પ્રકારના છે. જેમની વય સાઠ વર્ષની થઈ હોય તે વય સ્થવિર. દીક્ષા લીધા પછી વીસ વર્ષ થયા હોય તે પયાર્ય સ્થવિર અને જે સમવાયાંગ સૂત્રના અર્થપર્યંત જાણનાર હોય તે શ્રુત સ્થવિર જાણવા.'' - ઉપદેશ પ્રા.ભાષાંતર ભાગ-૧ (પૃ.૨૨૦)

**પદ્મોતર રાજાનું દૃષ્ટાંત :—** વારાણસી નગરીમાં પદ્મોતર નામે રાજા ન્યાયયુક્ત સુખપૂર્વક પ્રજાનું પાલન કરતો હતો. એકદા ગુરુ ભગવંતની દેશના સાંભળીને પૂછ્યું હે ભગવંત! હું આ રાજ્યલક્ષ્મી તથા સ્વરૂપવાન સ્ત્રીઓ કયા પુણ્યપ્રભાવે પામ્યો છું? તે કૃપા કરી કહો. ગુરુ કહે હે નૃપતિ! તું પૂર્વભવમાં એક શેઠનો નંદન નામે દાસ હતો. એક દિવસ સુંદર વિકસિત કમળ લઈ તું શેઠના ઘરમાં જતો હતો, તેવામાં કોઈ ચાર કુમારિકાઓએ તે કમળ જોઈને કહ્યું : આવું સુંદર કમળ તો ખરેખર જિનેશ્વરની પૂજાને યોગ્ય છે. તે સાંભળી તેઓ પ્રત્યે હર્ષ પામી તું બોલ્યો કે તમે કહો છો તે સત્ય છે. પછી તું સ્નાન કરી પવિત્ર વસ્ત્રો પહેરી અત્યંત ભાવપૂર્વક તે કમળવડે પરમાત્માની પૂજા કરી. તેની અનુમોદના ચારે કુમારિકાઓએ કરી. તેના પ્રભાવે ત્યાંથી દેહ છોડી તું પદ્મોતર રાજા થયો, અને તે ચારે કુમારિકાઓ તારી પત્નીઓ થઈ છે. તે સાંભળી રાજા જાતિસ્મરણજ્ઞાન પામ્યો. તેથી વૈરાગ્ય આવવાથી રાજા તથા ચારે રાણીઓએ ગુરુ ભગવંત પાસે દીક્ષા અંગીકાર કરી. રાજા અગ્યાર અંગના પાઠી થયા. એકદા શ્રી ગુરુ પાસે જ્ઞાનવૃદ્ધ, તપસ્વી અને વયોવૃદ્ધની ભક્તિ કરવાથી આત્મા નિર્મળ થઈ ઉચ્ચ ગોત્ર અને તીર્થંકર પદની પ્રાપ્તિ કરે છે. તે સાંભળી રાજર્ષિએ અભિગ્રહ લીધો કે હું જીવું ત્યાં સુધી નિરંતર વૃદ્ધ સાધુઓની સેવા ભક્તિ કરીશ. પછી આહારપાણી વગેરે લાવી તેમની ભક્તિ કરવા લાગ્યા. તેના ફળ સ્વરૂપ તીર્થંકર ગોત્રનો નિકાચિત બંધ કરી સમાધિપૂર્વક દેહ ત્યાગી મહાશુક્ર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકર પદ પામી અનંત અવ્યાબાધ એવા મોક્ષપદને પામશે. ॥૮॥

**સત્શાસ્ત્ર-બોધ અતિ નિર્મળ ઉર રાખે, ચારિત્ર શુદ્ધ પરિણામથી પાળી, દાખે**
**સત્શાસ્ત્ર-અર્થ ઉપકાર થવા જનોને; છઠ્ઠે પદે વિનય વાચક-વર્યનો એ. ૯**

**અર્થ :— ૬. ઉપાધ્યાય ભક્તિ :—** સમસ્ત શ્રુત રહસ્યના જાણ, આત્મજ્ઞાની એવા ઉપાધ્યાય, જે સત્શાસ્ત્રના બોધને અતિ નિર્મળપણે પોતાના હૃદયમાં ધારી રાખે, અને શુદ્ધભાવથી ચારિત્ર પાળી બીજાને પણ સત્શાસ્ત્રના અર્થનો ઉપદેશ આપી ઉપકાર કરે, એવા વર્ય એટલે શ્રેષ્ઠ વાચક એટલે ઉપાધ્યાય પદનો વિનય કરવો એ તીર્થકરપદપ્રાપ્તિનું છઠ્ઠું સ્થાનક જાણવું.

**મહેન્દ્રપાલ રાજાનું દૃષ્ટાંત :—** સોપારકપટ્ટણ નામે નગરમાં રાજા મહેન્દ્રપાલ રાજ્ય કરતો હતો.

તે મિથ્યાત્વી હતો. તેનો પ્રધાન બુદ્ધિશાળી હતો. પ્રધાનનો ભાઈ શ્રુતશીલ હતો. તે રાજાને ઘણો પ્રિય હતો. એકવાર સ્વરૂપવાન માતંગીને ગાન કરતાં જોઈ રાજા તેના પર મોહ પામ્યો. શ્રુતશીલે રાજાના ભાવ જાણી કહ્યું. પરસ્ત્રીમાં મોહ પામવાથી નીચ ગતિમાં જઈ જીવ મહાન દુઃખ અનુભવે છે. વગેરે ઘણું સમજાવવા છતાં મિથ્યાત્વી એવો રાજા તે સમજ્યો નહીં. ત્યારે મંત્રીએ કુળદેવીનું સ્મરણ કર્યું. કુળદેવીએ રાજાના શરીરમાં વ્યાધિ ઉત્પન્ન કર્યો. ત્યારે રાજા વિચારવા લાગ્યો કે અહો! માત્ર મનથી જ કરેલું પાપ આવું કષ્ટ આપે તો જે ત્રિયોગે પાપ સેવે તેને કેટલા કષ્ટો આવતા હશે. એમ પશ્ચાત્તાપ કરવાથી દેવીએ વ્યાધિનો નાશ કર્યો. એકદા આચાર્ય ભગવંત પધાર્યા. રાજાએ ત્યાં જઈને બે હાથ જોડી પૂછ્યું મનના પાપની શુદ્ધિ શી રીતે થાય? ગુરુએ કહ્યું - જ્ઞાન ધ્યાન તપરૂપી પાણીથી. વગેરે દેશના સાંભળી રાજાએ પુત્રને રાજ્ય સોંપી મંત્રી સાથે દીક્ષા લીધી. એક દિવસ ગુરુ મુખે તીર્થંકર પદ પ્રાપ્તિના વીસ સ્થાનક સાંભળી રાજર્ષિ મુનિ, ઉપાધ્યાય કે બહુશ્રુત મુનિઓની અનેક પ્રકારે વૈયાવચ્ચ કરવા લાગ્યા. વાત્સલ્યપૂર્વક સેવા કરવાથી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. ત્યાંથી આરાધના કરી નવમા ગ્રૈવેયકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી તીર્થંકર બની મોક્ષે પધારશે. ।।૯।।

**સેવું સદા સ્વપર-ઉન્નતિકારી મુનિ, જેણે ગ્રહ્યું શરણ સદ્‌ગુરુવાણી સુણી,**
**સંસાર-દુઃખ હરવા, તજવા કષાય, રત્નત્રયી ગ્રહી રહે; પદ સપ્ત થાય. ૧૦**

**અર્થ :– ૭. સાધુ ભક્તિ :–** શુદ્ધ આત્મસ્વભાવની નિર્મળ સાધનામાં સદા તત્પર, હમેશાં સ્વપર આત્માઓની ઉન્નતિ કરનાર એવા મુનિપદની હું ભાવપૂર્વક સેવા કરું. જેણે સદ્‌ગુરુની વાણી સાંભળીને તેમનું શરણ ગ્રહણ કર્યું છે. જે જન્મ, જરા, મરણ કે આધિ, વ્યાધિ, ઉપાધિરૂપ સંસારના દુઃખોને હરવા તેમજ ક્રોધાદિ કષાયભાવોને તજવા માટે સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ રત્નત્રયને ગ્રહણ કરીને નિર્મળ જીવન જીવે એવા સાતમા તીર્થંકરપદ પ્રાપ્તિના કારણરૂપ મુનિપદની સેવના કરું.

**વીરભદ્ર શેઠનું દૃષ્ટાંત :–** વિશાળા નગરીમાં વૃષભદાસ શેઠનો પુત્ર વીરભદ્ર હતો. તે અત્યંત પુણ્યશાળી હોવાથી રાજાની પુત્રી, શેઠની પુત્રી અને એક વિદ્યાધરીની પુત્રીને પરણ્યો હતો. અન્યદા પદ્મિનીખંડ નગરમાં અઢારમા તીર્થંકર શ્રી અરનાથ પ્રભુ સમવસર્યા. દેશનાના અંતે સાગરદત્ત શેઠે પૂછ્યું કે હે ભગવંત! આ વીરભદ્રે પૂર્વભવમાં શું કૃત્ય કર્યું હશે? ભગવાન કહે પૂર્વભવમાં તે નિર્ધન જિનદાસ નામે શ્રાવક હતો. તેના ઘરે ચૌમાસી તપના પારણે શ્રી અનંતનાથ ભગવાન પધાર્યા હતા. તેમને ભક્તિ સહિત બહુમાનપૂર્વક શુદ્ધ દાન આપ્યું હતું. તેના પ્રભાવથી દેવોએ સાડાબાર કરોડ સોનૈયાની ત્યાં વૃષ્ટિ કરી. ત્યાંથી દેહ છોડી તે દેવલોકે ગયો. દેવલોકમાંથી આવી આ વીરભદ્ર શેઠ પુત્ર થયો છે. કાળાંતરે શ્રી ચંદ્રસાગર ગુરુ પાસે વીરભદ્રે પોતાની ત્રણેય સ્ત્રીઓ સહિત તથા પાંચસો શ્રેષ્ઠીઓ સાથે દીક્ષા ગ્રહણ કરી. તેઓ દુષ્કર તપસ્યા કરનાર એવા તપસ્વી સાધુ મુનિઓની ભાવપૂર્વક સેવા કરવાથી તીર્થંકરપદ પામી દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રથી મોક્ષપદને પામશે. ।।૧૦।।

**અધ્યાત્મરૂપ ઝળકે, જડ ચેતનાદિ, હિતાહિતાદિ સમજાય વિવેચનાદિ;**
**જો જ્ઞાનદીપ ઉરમાં પ્રગટે પ્રભાવી, એ સ્થાન અષ્ટમ નમું ઉર ભાવ લાવી. ૧૧**

**અર્થ :– ૮. જ્ઞાનભક્તિ :–** દેહાદિથી ભિન્ન શુદ્ધ આત્માને સદ્‌ગુરુના ઉપદેશથી જાણવો. તે ખરું જ્ઞાન છે. એવા જ્ઞાનરૂપ દીપકના પ્રભાવથી જડ ચેતનાદિ તત્ત્વોનું કે છ પદનું અધ્યાત્મરૂપ ઝળકે છે.

અધ્યાત્મમય નવ તત્ત્વોના વિવેચન આદિથી આત્માને હિતરૂપ શું અને અહિતરૂપ શું તેનું ભાન થાય છે. એવો જ્ઞાનરૂપી પ્રભાવક દીવો મારા હૃદયમાં પ્રગટ થાય તે અર્થે આ અષ્ટમ તીર્થંકર પદ પ્રાપ્તિના કારણરૂપ સમ્યક્જ્ઞાનને હૃદયમાં ભાવ લાવી ભક્તિથી નમસ્કાર કરું છું.

**જયંતદેવ રાજાનું દૃષ્ટાંત :–** કૌશાંબી નગરીમાં જયંતદેવ નામે રાજા રાજ્ય કરતો હતો. એકદા નગરમાં આચાર્ય ભગવંતની દેશના સાંભળી રાજા ગુરુદેવને કહેવા લાગ્યો કે હે પ્રભુ! હું જ્ઞાની કે અજ્ઞાની? ગુરુ કહે હે નરેન્દ્ર! વિષયકષાય વગેરે દોષો જ્ઞાનીમાં હોય તો પછી જ્ઞાની અને અજ્ઞાનીમાં તફાવત શું? વગેરે સમજણ મેળવી વૈરાગ્ય પામી રાજાએ શ્રીગુરુ પાસે દીક્ષા ગ્રહણ કરી. પછી ગુરુ આજ્ઞાએ જ્ઞાનની પ્રેમ સહ ભક્તિ કરતાં બાર અંગ અર્થ સહિત ભણ્યા. દેવે અનુકૂળ ઉપસર્ગો કર્યા છતાં ચલાયમાન ન થયા. ઇન્દ્રે વૃદ્ધનું રૂપ લઈ પૂછ્યું કે મારું આયુષ્ય કેટલું બાકી રહ્યું છે? ત્યારે શ્રુતજ્ઞાનથી જાણીને કહ્યું કે હે સુરેશ! તમારું આયુષ્ય બે સાગરોપમમાં કાંઈક ન્યૂન બાકી છે. પછી નિગોદનું સ્વરૂપ પૂછતાં પણ યથાર્થ જવાબ સાંભળી ઇન્દ્રે ગુરુ પાસે જઈને પૂછ્યું કે ભગવંત! આ મુનિ આવા જ્ઞાનોપયોગમય છે તો તે શું ફળ પામશે? ત્યારે ગુરુ કહે : તે જ્ઞાનભક્તિના બળે તીર્થંકર પદને પામશે. તે સાંભળી ઉલ્લાસપૂર્વક મુનિને વંદન કરી ઇન્દ્ર દેવલોકે ગયો. ।।૧૧।।

**સર્વે ગુણાંશરૂપ દર્શનને નમું હું, સમ્યક્ત્વ નામ નવમા પદને સ્મરુ છું;**
**જો, સંયમાદિ સઘળા ગુણનો પિતા તે, સર્વેય શ્લાઘ્ય પુરુષો ગ્રહી તે, જીત્યા છે. ૧૨**

**અર્થ :– ૯. દર્શન વિશુદ્ધિ પદ :–** જે જ્ઞાનવડે આત્માનું સ્વરૂપ જાણ્યું, તે આત્માનો સાક્ષાત્ અનુભવ થવો તે સમ્યક્દર્શન; અથવા સત્દેવ, ગુરુ, ધર્મમાં કે તેમના દ્વારા ઉપદિષ્ટ જીવાજીવાદિ નવે તત્ત્વોની દૃઢ શ્રદ્ધા થવી તે વ્યાવહારિક સમ્યક્દર્શન છે. એવા **'સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ'** ને હું ભાવપૂર્વક પ્રણામ કરું છું. જે તીર્થંકર પદ સંપ્રાપ્તિનું નવમું પદ છે. તેને ખાસ સ્મરણમાં રાખું છું. કારણકે સંયમાદિ સર્વ ગુણોના તે પિતા છે. જેમ પિતા વિના પુત્ર નથી તેમ સમ્યક્દર્શન વિના જ્ઞાન કે ચારિત્ર પણ યથાર્થ નથી. તે વિના સંયમાદિ સર્વ મોક્ષના કારણરૂપ થતા નથી. સર્વે શ્લાઘ્ય એટલે પ્રશંસા કરવા લાયક એવા ૬૩ પુરુષો પણ સમ્યક્દર્શનને ગ્રહણ કરીને જ જિત્યા છે અર્થાત્ તે તે ઉત્તમ પદવીને પામ્યા છે. ૨૪ તીર્થંકર, ૧૨ ચક્રવર્તી, ૯ નારાયણ (વાસુદેવ) ૯ પ્રતિનારાયણ (પ્રતિવાસુદેવ) ૯ બળભદ્ર એ ૬૩ શ્લાઘ્ય પદવીઓ સમ્યક્દર્શન વિના પ્રાપ્ત થતી નથી. એવા સર્વ ગુણોમાં પ્રથમ આવશ્યક સમ્યક્દર્શનની વિશુદ્ધિ કરવારૂપ આ તીર્થંકર પદ પ્રાપ્તિના નવમા પદને હું પ્રણામ કરું છું.

**હરિવિક્રમરાજાનું દૃષ્ટાંત :–** હસ્તિનાપુર નગરમાં હરિષેણરાજાનો ગુણવાન પુત્ર બત્રીસ રાજકન્યાઓનો સ્વામી હતો. તે દેવની પેઠે સુખ ભોગવતો હતો. પણ તીવ્ર કર્મના ઉદયથી તેના શરીરમાં આઠ પ્રકારનો કોઢ ઉત્પન્ન થયો. અનેક ઔષધો કરવા છતાં પણ તે મટ્યો નહીં. તે શહેરમાં કેવળી ભગવંત પધાર્યા. રાજા અને કુંવર દર્શનાર્થે ગયા. ત્યાં કેવળી ભગવંતના દર્શન કરતાં જ તે સર્વ રોગ નાશ પામી કાયા સુંદર થઈ ગઈ. તે જોઈ કુમારે ગુરુને પૂછ્યું કે હે ગુરુદેવ! પૂર્વભવે મેં એવું શું મહાપાપ કર્યું હતું કે જેથી આ યૌવનવયમાં મને આવી વેદના ઉત્પન્ન થઈ? ત્યારે શ્રી ગુરુ કહે : તું પૂર્વભવમાં રાજા હતો. શિકાર કરવા જતાં મુનિ ભગવંતને અફાળી તેં મારી નાખ્યા. તેથી મંત્રી વગેરેએ મળી તને પદભ્રષ્ટ કરી પુત્રને રાજ્ય સોંપ્યું. પછી તું જંગલમાં ફરતા ફરી તરવારથી મુનિની ઘાત કરવા જતાં મુનિએ તારા ઉપર

તેજો લેશ્યા મૂકી તેથી તું બળી જઈ સાતમી નરકે ગયો. ત્યાંથી નીકળી બધી નરકોમાં તું બબ્બેવાર જન્મી અનંતદુઃખ પામ્યો. પછી તિર્યંચ યોનિમાં અનંતવાર ભમ્યો. પછી એક શેઠનો પુત્ર થયો. ત્યાં તાપસી દીક્ષા નિષ્કપટપણે પાળી ત્યાંથી મૃત્યુ પામી તું આ હરિવિક્રમ રાજપુત્ર થયો છું. મુનિઘાતનું પાપ ઘણું ભોગવ્યું અને શેષ રહેલું તે આ ભવમાં ઉદય આવવાથી વેદના ભોગવી પૂરું કર્યું. આ પ્રમાણે ગુરુમુખથી પોતાનો પૂર્વભવ સાંભળી શ્રી ગુરુ પ્રત્યે શ્રદ્ધા આવવાથી તે સમ્યક્દર્શનને પામ્યો. શ્રદ્ધાથી ચલાયમાન કરવા યક્ષે અને દેવે અનેક ઉપસર્ગો કર્યા છતાં ચલાયમાન ન થયો. અંતે દીક્ષા લઈ ગુરુમુખથી સમ્યક્દર્શનનો મહિમા સાંભળી ધર્મમાં નિશ્ચલ દૃઢતા ધરીને જિનનામકર્મ ઉપાર્જી વિજય વિમાનમાં બત્રીસ સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવી પૂર્વ વિદેહક્ષેત્રમાં તીર્થંકર પદવીને પામશે. ।।૧૨।।

**જે ધર્મનું મૂૅળ કહ્યું, વશ વૈરીૅ થાય, સમ્યક્ત્વ ગુૅણ પણ જે ધરતાં પમાય;**
**તે રત્નતુલ્ય દશમા પદને નમું હું વાણી વડે, વિનય નામ ઉરે ધરું છું. ૧૩**

**અર્થ :– ૧૦. વિનય આરાધના :–** પંચ પરમેષ્ઠિ પ્રત્યે ગુણસ્તુતિ કરી યથાયોગ્ય પરમાદર દાખવવો તે વિનય આરાધના ગુણ છે. જેને ધર્મનું મૂળ કહ્યું છે, જેનાવડે વૈરી પણ વશ થાય છે. સમ્યક્ દર્શનના ગુણ પણ વિનયને ધારણ કરવાથી જ પમાય છે. તે રત્નસમાન આ તીર્થંકરપદ પ્રાપ્તિના દશમા વિનયપદનું વાણી વડે ગુણગાન કરી નમસ્કાર કરું છું અને મનમાં પણ વિનયનામના ગુણને તે પ્રાપ્ત કરવા અર્થે ધારી રાખું છું.

**ધનશેઠનું દૃષ્ટાંત :–** મૃતિકાવતી નામની નગરીમાં સુદત્ત શેઠને ધન અને ધરણ નામના બે પુત્રો હતા. ધન પોતાના ઉત્તમ ગુણોથી લોકોમાં યશ પામતો હતો. જ્યારે ધરણ નિર્દય અને ઈર્ષાળુ હોવાથી અપકીર્તિ પામતો અને ધનના છિદ્રો જોતો હતો. ધરણનો આવો દુષ્ટ સ્વભાવ જાણી ધનને સંસાર ઉપર વૈરાગ્ય આવવાથી ચારિત્ર અંગીકાર કર્યું. એક દિવસ ગુરુમુખથી સાંભળ્યું કે સર્વ ગુણોમાં પ્રધાન એવા વિનય ગુણથી ગુરુજનને સંતોષ પમાડે તે શાશ્વત સુખના ભોગી થાય છે. કેમકે વિનયથી જ્ઞાન અને જ્ઞાનથી શુદ્ધ સમકિતની પ્રાપ્તિ થાય છે. તે વડે સમ્યક્ચારિત્ર, ચારિત્રથી સંવર, સંવરથી તપસ્યા, તપસ્યાથી નિર્જરા, નિર્જરાથી અષ્ટકર્મનો નાશ, કર્મનાશથી કેવળજ્ઞાન અને તેથી અનંત અવ્યાબાધ એવા મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. વિનયગુણનો આવો મહિમા સાંભળી ગુરુ આદિ પંચપરમેષ્ઠિનો ત્રિકરણ શુદ્ધિએ વિનય કરતાં તે તીર્થંકર નામકર્મને પામી કૃતાર્થ થયો. ।।૧૩।।

**ચારિત્ર નામ પદ, આત્મ-અનુૅભવે છે, અગ્યારમું સકલ કર્મકલંક લૂછે;**
**તેનું રહસ્ય સમતા, ખમીૅખૂંદવામાં; સાધું સ્વહિૅત ધરીૅ તે, રહીૅ આતમામાં. ૧૪**

**અર્થ :– ૧૧. ચારિત્રશુદ્ધિપદ :–** સમ્યક્જ્ઞાનદર્શનના બળે આત્માનું સ્વરૂપ જાણ્યું, શ્રદ્ધ્યું, હવે તેવો આત્મામાં સ્થિર સ્વભાવ પ્રગટવો, આત્મસ્વરૂપમાં રમણતા કરવી તે સમ્યક્ ચારિત્ર પદ છે. એ સમ્યક્ ચારિત્ર નામનું પદ આત્મઅનુભવ થયે જ પ્રાપ્ત થાય છે. તીર્થંકરપદ પ્રાપ્તિના આ અગ્યારમાં ચારિત્ર શુદ્ધિ પદવડે સર્વ કર્મકલંકનો નાશ થાય છે. આ ચારિત્ર શુદ્ધિ થવાનું રહસ્ય સમતાભાવ છે. અથવા ખમીખૂંદવાપણું છે અર્થાત્ જે કર્મ ઉદય આવે તેને ક્ષમા રાખી સહન કરવાં; એ સર્વ કર્મથી મુક્ત થવાનો ઉપાય છે. જેથી સાધુપુરુષો ચારિત્રમાં જ સ્વકલ્યાણ સમજી, સ્વરૂપાચરણરૂપ આત્મભાવનામાં સ્થિત રહે છે.

**અરૂણદેવરાજાનું દૃષ્ટાંત :–** મણિમંદિર નામે નગરમાં અરૂણદેવ નામે રાજા રાજ્ય કરતો હતો. એકદા ઉદ્યાનમાં રાજાએ શ્રી મણિશેખર રાજર્ષિને જોયા. તેમને જોતાં જ અરૂણદેવ રાજાને જાતિસ્મરણજ્ઞાન ઉપજ્યું. તેથી પોતાના પૂર્વભવમાં પોતે મહાપાપારંભ કરનારો વૈદ્ય હતો. ત્યારે એક તપસ્વી મુનિ તેના ઘરે આવ્યા. તેમને સૂઝતું ઔષધ આપ્યું. મુનિએ પણ તેના ઉપર દયા લાવી ધર્મોપદેશ આપ્યો. છતાં અનુક્રમે તે વૈદ્ય આર્તધ્યાનથી મરણ પામી જંગલમાં પાંચસો વાંદરીઓનો સ્વામી થયો. ત્યાં એક મુનિને પગમાં શલ્યવાળા જોઈ વાનરને પૂર્વભવ સાંભરી આવ્યો. પૂર્વભવના અભ્યાસથી ઔષધ શોધી લાવી મુનિના પગે ચોપડી મુનિને શલ્યરહિત કર્યા. મુનિએ પણ ઉપદેશ આપ્યો. તેથી તે વાનર સમકિત પામી અનશન લઈ સ્વર્ગે ગયો. ત્યાંથી ચવીને આ તું રાજા થયો એમ જણાવવાથી અરૂણદેવે વૈરાગ્ય પામી ચારિત્ર અંગીકાર કર્યું. એકદા શ્રી ગુરુમુખે ચારિત્ર ધર્મનો મહિમા સાંભળ્યો કે 'જે કોઈ સામાયિકાદિ ષડાવશ્યક ત્રિકરણ યોગે શુદ્ધ ઉપયોગથી આરાધે તે ત્રૈલોક્ય વૈદ્ય એવા જિનનામકર્મને ઉપાર્જે છે. કેમકે સામાયિકથી સંયમ નિર્મળ થાય છે. ચોવીસ તીર્થંકરની સ્તવનાથી સમકિત શુદ્ધ થાય છે. વંદનથી ગુરુજનની સેવાભક્તિથી થાય છે, પ્રતિક્રમણથી આત્મગર્હા થાય છે, કાયોત્સર્ગથી ચારિત્રના અતિચાર દૂર કરાય છે. તે સાંભળી અરૂણદેવે શુદ્ધ રીતે ચારિત્ર પાળી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. અંતે અનશન કરી દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં તીર્થંકરપદ પામી મોક્ષપદને પામશે. ।।૧૪।।

**છે બ્રહ્મચર્ય મૂંળ અર્થથી આત્મચર્યા, ચારિત્રલાભ દઈ દે શિવ-સૌખ્ય-શય્યા;**
**તે બારમું પદ ઘરું ગુરુ રાજ-સાખે, તેવા ગુરુ કળિયુગે કદી એક લાખે. ૧૫**

**અર્થ :– ૧૨. બ્રહ્મચર્ય પદ :–** મનવચનકાયાથી, નવવાડ સહિત બ્રહ્મચર્ય પાળવું તે બ્રહ્મચર્ય વ્રત છે. તે પાળનારને વિષયકષાય, પરિગ્રહ આદિ મોક્ષમાર્ગમાં વિઘ્ન કરતા નથી. બ્રહ્મચર્યનો મૂળ અર્થ-આત્મામાં ચર્યા એટલે રમણતા કરવી તે છે. એ આત્મરમણતારૂપ બ્રહ્મચર્ય, સમ્યક્‌ચારિત્રનો લાભ અપાવી અંતે મોક્ષ સુખશય્યાને આપે છે. એ બારમા બ્રહ્મચર્યપદને હું શ્રી ગુરુરાજની સાક્ષીએ ધારણ કરું છું. કેમકે પરમકૃપાળુદેવ જેવા સાચા આત્મજ્ઞાની ગુરુ આ કળિયુગમાં કદાચ લાખમાં પણ એક હોય અથવા ન પણ હોય. તેવા મળ્યા છે માટે બ્રહ્મચર્ય અંગીકાર કરી જીવન સાર્થક કરું.

**ચંદ્રવર્મા રાજાનું દૃષ્ટાંત :–** માકંદીપુરી નામે નગરમાં ચંદ્રવર્મા નામે રાજા ન્યાયપૂર્વક પ્રજાનું પાલન કરતો હતો. તે નગરના ઉદ્યાનમાં ઘણા મુનિઓના પરિવાર સહિત ચાર જ્ઞાનના ધર્તા આચાર્ય ભગવંત પધાર્યા. ગુરુનો વૈરાગ્યમય ઉપદેશ સાંભળતા તીર્થંકરપદ પ્રાપ્તિના વીસ સ્થાનકમાં કોઈ બારમા બ્રહ્મચર્યપદરૂપ સ્થાનકને મનવચનકાયાથી શુદ્ધ રીતે આરાધે, દેવ ચળાવે તો પણ મેરુ પર્વતની જેમ સ્થિર રહી દૃઢ શીલવ્રત પાળે તે સત્વર જિનનામ કર્મ ઉપાર્જે છે. કેમકે સઘળા વ્રતોમાં શીલવ્રત સૌથી વધારે શ્રેષ્ઠ કહ્યું છે. શ્રી ગુરુમુખથી આવું શીલવ્રતનું માહાત્મ્ય સાંભળીને રાજર્ષિ મુનિ ત્રિકરણ શુદ્ધ નવવાડયુક્ત શીલવ્રતનું પાલન કરવા લાગ્યા. કોઈપણ સ્ત્રીની સામે સરાગથી દૃષ્ટિ નાખે નહીં, સ્ત્રી સંબંધી વર્ણન તેમજ તે સંબંધી અન્ય કથા વાર્તાનો પણ ત્યાગ કરી સ્થિર ચિત્તથી શીલવ્રતનું પાલન કરવા લાગ્યા. દેવે અનેક પ્રકારના અનુકૂળ ઉપસર્ગો કર્યા છતાં પોતાના વ્રતમાં દૃઢ રહ્યા. તેથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જી સ્વર્ગે સિધાવ્યા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રે તીર્થંકર બની મોક્ષસુખને પામશે. ।।૧૫।।

**સર્વજ્ઞદેશિત સદા કરવી ક્રિયા સત્, તે તેરમું પદ ઉરે ધરવાની ધ્યાનત્;**
**છે જ્ઞાનનું ફળ રુચિ કરણી ભણી તે; ક્રિયારુચિ શુક્લપક્ષી ગણ્યા ગુણી એ. ૧૬**

**અર્થ :— ૧૩. નિરતિચાર ક્રિયાપદ :—** નિજ આત્મસ્વરૂપને જે પ્રાપ્ત કરાવે તેવી કરણી તે જ ખરી ક્રિયા છે. તે સર્વ શુભ ક્રિયાઓ આત્મશુદ્ધિના લક્ષપૂર્વક હોવી જોઈએ. સર્વજ્ઞ પુરુષો દ્વારા ઉપદેશિત સત્ એટલે આત્માને પ્રાપ્ત કરાવે અથવા ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ, ભક્તિ પ્રગટાવે તેવી ક્રિયા સદા કરવી જોઈએ. આ તેરમું તીર્થંકરપદ પ્રાપ્તિનું સ્થાનક ધારણ કરવાની મનમાં ધ્યાનત એટલે સાચી ભાવના હોવી જોઈએ. **'જ્ઞાનસ્ય ફળ વિરતિ'** જ્ઞાનનું ફળ ત્યાગ છે, અર્થાત્ જ્ઞાનનું ફળ ધર્મ આરાધવાની રુચિ કે વસ્તુના ત્યાગ ભણી આવવું જોઈએ. જેને એવી નિરતિચાર ક્રિયા કરવાની રુચિ પ્રગટ થઈ તેને ગુણવાન અને શુક્લપક્ષી જીવો ગણ્યા છે.

**હરિવાહન રાજાનું દૃષ્ટાંત :—** સંકેતપુર નગરમાં હરિવાહન રાજા રાજ્ય કરતો હતો. તે સર્વ કાર્યમાં નિપુણ હોવા છતાં ધર્મક્રિયા કરવામાં અતિશય પ્રમાદી હતો. એકદા ગુરુ મહારાજે દેશનામાં જણાવ્યું કે જે ભવ્ય પ્રાણી પ્રમાદરહિત થઈ ધર્મક્રિયામાં ઉદ્યમી થાય તે પ્રાણી અલ્પ સમયમાં લોકોત્તર એવી મોક્ષ લક્ષ્મીને પામે છે. તે સાંભળી વૈરાગ્ય પામી રાજાએ ચારિત્ર અંગીકાર કર્યું. ગુરુમુખથી તીર્થંકર નામકર્મના તેરમા પદનું માહાત્મ્ય સાંભળી હર્ષપૂર્વક નિર્મળ ચિત્તથી નિરતિચાર ક્રિયાપદને પ્રમાદરહિત, નિઃકષાયભાવે સેવતાં, નિરંતર મૌન ગ્રહી, ઉજ્જ્વલ લેશ્યાથી શુભ ધ્યાન ધ્યાવતાં શ્રી હરિવાહનમુનિએ જિનનામકર્મ ઉપાર્જન કરી પોતાનું જીવન ધન્ય કર્યું. ।।૧૬।।

**અગ્નિથી કુંદનસમો સુતપે વિશુદ્ધ, આત્મા ક્ષમા ધરી રહે સહજાત્મતૃપ્ત;**
**તે ચૌદમા તપપદે કરવા પ્રયત્ન શક્તિ બધી અરપી હું ખરીદું સુરત્ન. ૧૭**

**અર્થ :— ૧૪. તપપદ :—** 'તપઃ નિર્જરા ચ' કર્મોની નિર્જરા માટે ભગવંતે બાર પ્રકારના તપ કહ્યાં છે. તે યથાશક્તિ આત્માર્થે આરાધવા. અગ્નિથી જેમ કુંદન એટલે સોનું શુદ્ધ થાય, તેમ ગુરુ આજ્ઞાએ કરેલ આત્માર્થના લક્ષપૂર્વકનું સુતપ આત્માની વિશેષ શુદ્ધિ કરે છે. તપ આરાધતા કર્મના ઉદયમાં ક્ષમા ધારણ કરીને પોતાના સહજાત્મસ્વરૂપમાં જ તૃપ્તિ માની જે શાંત રહે તે જ ખરા તપના આરાધક છે. એવા તીર્થંકરપદ પ્રાપ્તિના ચૌદમા તપપદને આરાધવા બધી શક્તિ અર્પી, શુદ્ધાત્મરૂપ સમ્યક્ રત્નને ખરીદ કર્યું.

**કનકકેતુ રાજાનું દૃષ્ટાંત :—** કનકકેતુ રાજાના શરીરમાં તીવ્ર દાહજ્વર ઉત્પન્ન થયો. અનેક ઉપચારો કર્યા છતાં વ્યાધિ શાંત થયો નહિ. તેથી વિચાર આવ્યો કે સર્વ જીવ સુખને ઇચ્છે છે, પણ તે સુખ ધર્મારાધન વિના પ્રાપ્ત થતું નથી. માટે જો આ દાહજ્વર શાંત થાય તો સવારે પ્રવજ્યા અંગીકાર કરીશ. આવા વિચારથી કર્મો ઉપશમી જઈ વ્યાધિ શાંત થઈ ગયો. સવારે મંત્રી વગેરે સર્વને જણાવી ચારિત્ર ગ્રહણ કર્યું. એકદા શ્રી ગુરુએ ઉપદેશમાં જણાવ્યું કે જે તપપદનું ક્ષમાસહિત આરાધન કરે તે ક્લિષ્ટ કર્મોનો પણ નાશ કરે છે. તે સાંભળી કનકકેતુ મુનિએ ઘોર અભિગ્રહ ધારણ કર્યો કે જ્યાં સુધી આ કાયા ટકે ત્યાં સુધી મારે નિરંતર બાર પ્રકારના તપ કરવા. બાહ્યતપમાં જઘન્ય ત્રણ ઉપવાસથી માંડી છ માસ સુધી તપશ્ચર્યા કરવી અને પારણામાં આયંબિલ કરવું. એકવાર પરીક્ષા કરવાથી છ મહિના સુધી શુદ્ધ આહાર ન મળવા છતાં પણ વિષાદરહિતપણે ક્ષમાભાવથી સર્વ સહન કર્યું. તેના ફળ સ્વરૂપ તીર્થંકરનામકર્મ ઉપાર્જી જીવન સાર્થક કર્યું. ।।૧૭।।

**પામું સદાય ગુરુ ગૌતમતુલ્ય ભક્તિ, કે દાન-પાત્ર જિનતુલ્યથી થાય મુક્તિ;**
**સર્વે સુસાધક સુપાત્ર ગણી ચહે જે, ભક્તિભર્યું હૃદય પંદરમે પદે છે. ૧૮**

**અર્થ :— ૧૫. દાન પદ :—** સમ્યક્જ્ઞાનદર્શનાદિની આરાધના કરનાર સુપાત્ર સત્પુરુષોને ભક્તિપૂર્વક આહારાદિ આપવા તે દાન છે. શ્રી ગૌતમ સ્વામીએ અષ્ટાપદ પર્વતની તળેટીમાં પંદરસો તાપસોને ખીર જમાડીને સહધર્મી પ્રત્યે ભક્તિ દર્શાવી તેવી ભક્તિ હું પણ સદાય પામું એમ ઇચ્છું છું. તેમજ જિનેશ્વર તુલ્ય દાન આપવાને પાત્ર જીવો મને મળી આવે તો મારી અવશ્ય મુક્તિ થાય. મોક્ષમાર્ગને સમ્યક્ પ્રકારે સાધનાર સર્વે સુપાત્ર જીવોને જે ભક્તિભર્યા હૃદયથી દાન આપવાને ઇચ્છે તે ભવ્યાત્મા આ પંદરમા તીર્થંકરપદ પ્રાપ્તિના સ્થાનકને પામે છે.

**હરિવાહન રાજાનું દૃષ્ટાંત :—** કંચનપુર નગરમાં હરિવાહન નામે રાજા હતો. તેના મુખ્ય વિરંચિ નામના પ્રધાને શ્રી ઋષભદેવ સ્વામીનું સુંદર મંદિર બંધાવ્યું. ત્યાં રાજા અને મંત્રી દર્શન કરવા જતાં રસ્તામાં શેઠના ઘરે પુત્ર જન્મના ઉત્સવની ધામધૂમ જોઈ. બીજે દિવસે દર્શન કરવા જતાં તે જ પુત્ર મરી ગયાના સમાચાર જાણ્યા. તેથી રાજા ચિંતવવા લાગ્યો કે અહો! પ્રાણીઓના કહેવાતા સાંસારિક સુખો કેટલા ક્ષણિક છે, તે ખરેખર દુઃખના જ હેતુ છે. એકદા આચાર્ય ભગવંતને રાજાએ શેઠ પુત્રને જન્મતાં જ બીજે દિવસે મૃત્યુ પામવાનું કારણ પૂછ્યું. ત્યારે શ્રીગુરુએ કહ્યું કે કુદેવ, કુગુરુ અને કુધર્મ વિષે ધર્મબુદ્ધિનું આ ફળ છે. તે સાંભળી વૈરાગ્ય પામી રાજાએ ચારિત્ર અંગીકાર કર્યું. પછી શ્રી ગુરુ મુખે તીર્થંકરપદ પ્રાપ્તિના પંદરમા પદમાં સુપાત્રદાનનો મહિમા સાંભળી પોતે પણ એવી પ્રતિજ્ઞા કરી કે સુપાત્ર એવા મુનિ મહાત્માઓને પ્રથમ ભોજન, પાન, ઔષધિવડે ભક્તિ કર્યા પછી જે વધે તે જ મારે વાપરવું. દેવે પરીક્ષા કરી તો પણ વ્રત ભંગ ન કર્યું. તેના પરિણામે જિનનામ કર્મનો નિકાચિત બંધ કરી બારમા અચ્યુત દેવલોકમાં મહાન સમૃદ્ધિવાળા દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પદ પામી સિદ્ધિપદને પામશે. ।।૧૮।।

**સામાન્ય જિન સઘળા ભગવાન ભાળું, વિશ્વપ્રકાશક બધા સરખા નિહાળું;**
**પ્રત્યક્ષ સૌ વિહરમાન ઉરે વિચારું, આ સોળમા પદ વિષે જિન સર્વ ધારું. ૧૯**

**અર્થ :— ૧૬. જિનપદ :—** જેના અનંતાનુબંધી કષાયો તથા મિથ્યાત્વની ગાંઠ છેદાઈ ગઈ છે તે સામાન્યપણે જિનની કોટીમાં ગણાય છે. સર્વજ્ઞ સિવાય, આચાર્ય ભગવંત ઉપાધ્યાય ભગવંત કે સાધુ ભગવંત જેની મિથ્યાત્વની ગ્રંથિ છેદાઈ ગઈ છે તે સર્વસામાન્યપણે જિનની કોટીમાં આવી જવાથી બધાને ભગવાન તુલ્ય ભાળું. તથા વિશ્વપ્રકાશક એવા બધા કેવળી ભગવંતને ભગવાન સરખા જ નિહાળું. તેમજ વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં પ્રત્યક્ષ સૌ વિહરમાન એટલે વિચરતા ભગવાનને પણ હૃદયમાં લાવી સર્વ જિનોને ભક્તિપૂર્વક પ્રણામ કરું તથા ગુરુ, તપસ્વી, બાળ, વૃદ્ધ, ગ્લાન આદિ મુનિઓની તથા શ્રાવકોની નિર્દોષ આહાર, ઔષધ, વસતિ એટલે સ્થાન આદિ વડે નિષ્કામભાવે ભક્તિપૂર્વક વૈયાવચ્ચ એટલે સેવા કરીને આ સોળમા તીર્થંકરપદ પ્રાપ્તિના સ્થાનકને ઉજમાળ કરું.

**જિમૂતકેતુ રાજાનું દૃષ્ટાંત :—** પુષ્પપુર નામના નગરમાં રાજા જયકેતુનો પુત્ર જિમૂતકેતુ નામે હતો. તે એકવાર રત્નસ્થળપુરના રાજાની પુત્રીના સ્વયંવરમાં જતાં રસ્તામાં તેને મૂર્ચ્છા આવી. અનેક ઉપચારો કરવા છતાં તે મૂર્ચ્છા ટળી નહીં. ત્યાં શ્રી અકલંક દેવાચાર્ય પધાર્યા કે તેના પ્રભાવવડે તે મૂર્છા મટી શુદ્ધિ આવી ગઈ. તેથી કુમારે ગુરુ ભગવંતને વંદન કરી પૂછ્યું - ભગવંત! મને પૂર્વના કયા કર્મના

ઉદયવડે આ મૂર્છા આવી હશે? ગુરુ કહે : પૂર્વ ભવે દીક્ષા લીધા છતાં તું શ્રીગુરુને ગમે તેમ બોલતો તથા ગચ્છ ઉપર પણ દ્વેષ રાખતો હતો. એકદા ગચ્છનો ત્યાગ કરી તું એકલો આગળ ચાલ્યો ગયો. ત્યાં અરણ્યમાં રૌદ્રધ્યાનથી મૃત્યુ પામી સાતમી નરકે ગયો. ત્યાંથી નીકળી અનેક ભવોમાં ભટકી આ ભવે તું આ રાજકુમાર થયો છું. મુનિ નિંદાનું કર્મ બાંધ્યું હતું. તે ભોગવતાં અવશેષ રહેલું તે આજે ઉદયમાં આવવાથી તને મૂર્છા આવી. હવે તે કર્મ નાશ પામ્યું છે. તે સાંભળી તેને જાતિસ્મરણજ્ઞાન થયું અને વૈરાગ્ય પામી ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર પાળતાં એવો અભિગ્રહ કર્યો કે આજથી હું શ્રી ગુરુ, ગ્લાન, તપસ્વી વગેરેનું વૈયાવચ્ચ સ્થિર ચિત્તથી કરીશ. તેમ ભાવભક્તિપૂર્વક સદૈવ કરતાં શ્રી તીર્થંકરનામકર્મ ઉપાર્જી જીવન સફળ કર્યું. ।।૧૯।।

**આશા તજી વિષયસુખની, પાપ છોડી, ત્રિયોગ શુદ્ધ કરી સંયમ-ભાવ જોડી,**
**જે શ્રાવકો, મુનિ સમાધિ-સુખે વસે છે, તે સૌખ્ય હે! હૃદય, સત્તરમે પદે લે. ૨૦**

**અર્થ :— ૧૭. સંયમ સમાધિપદ :—** આત્મસ્વરૂપને વિષે સ્થિતિ તે પરમાર્થસંયમ અને તે મેળવવાના કારણભૂત તે દ્રવ્ય સંયમ. એ દ્રવ્ય અને ભાવસંયમ વડે આત્મામાં સ્થિતિ કરવી તે સંયમસમાધિ પદ છે. તે પદમાં સ્થિતિ કરવા માટે પાંચ ઇન્દ્રિયના વિષયસુખની આશા તજી, પાપના કારણો હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહને ત્યાગી, મન, વચન કાયાના ત્રિયોગને શુદ્ધ કરી મનને સંયમભાવમાં જોડી, જે શ્રાવકો અથવા મુનિઓ આત્માના સમાધિસુખમાં નિવાસ કરે છે તે જ ખરા સુખી છે. હે! આત્મા તું પણ હૃદયમાં વિકલ્પોને શમાવી આવા સમાધિસુખને પ્રાપ્ત કર. આ સંયમસમાધિપદમાં નિવાસ કરનારને શ્રી તીર્થંકરપદ પ્રાપ્તિના સત્તરમા ભેદમાં ગણવામાં આવ્યા છે.

**પુરંદર રાજાનું દૃષ્ટાંત :—** વારાણસી નગરીમાં વિજયસેન રાજાનો પુત્ર પુરંદરકુમાર હતો. યુવાનવયમાં ક્રિડા કરવા જતાં અરણ્યમાં શ્રી ગુરુનો ભેટો થયો. તેમની દેશના સાંભળી ઉપદેશમાં શ્રી ગુરુએ કહ્યું કે 'સર્વ સંપદાઓનું કારણ ધર્મ છે અને તેનું મૂળબીજ પરસ્ત્રીનો ત્યાગ કરવો એ છે' તેથી પુરંદરકુમારે શ્રી ગુરુ પાસે પરસ્ત્રીના ત્યાગનું વ્રત ગ્રહણ કર્યું. રાજા થયે પણ દૃઢપણે વ્રતનું પાલન કરવા લાગ્યો. કાળાંતરે પુત્રને રાજ્ય સોંપી પાંચ સો રાજાઓ સાથે દીક્ષા ગ્રહણ કરી. ત્યાં પણ દ્રવ્ય અને ભાવથી શુદ્ધ સંયમના પાલનવડે આત્મામાં સ્થિતિ કરી અનેક લબ્ધિઓના ધારક થયા. સંઘ પર આવેલી આપત્તિનું નિવારણ કર્યું તથા વિશુદ્ધ સંયમ સમાધિના બળે તીર્થંકર નામકર્મ ઉપાર્જી મહાશુક્ર નામના દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં તીર્થંકરપદને પામશે. રાણી બંધુમતિનો જીવ પણ તેમના ગણધર થઈ મુક્તિને પામશે. ।।૨૦।।

**શાસ્ત્રો શીખે ગુરુગમે તજવા પ્રમાદ, તે જ્ઞાનવૃદ્ધિરૂપ લે ગુરુનો પ્રસાદ;**
**આડંબરો તજી સદા સમજી શમાતા, તો 'જ્ઞાનનૂતન' ગણાય, અઢારમું આ. ૨૧**

**અર્થ :— ૧૮. અભિનવ જ્ઞાનપદ :—** નિત્ય નવીન અપૂર્વજ્ઞાનનો અભ્યાસ કરવો તે અભિનવ જ્ઞાનપદ છે. જે પ્રમાદને તજવા અર્થે નિત્ય નવીન શાસ્ત્રોને ગુરુગમે શીખે, તે જ્ઞાનવૃદ્ધિરૂપ ગુરુના પ્રસાદને પામે છે અર્થાત્ તેમની કૃપાને પાત્ર થાય છે. સમ્યક્જ્ઞાનવૃદ્ધિના કારણે આડંબરો એટલે મિથ્યા-ડોળને મૂકી, તત્ત્વ સમજીને સદા સ્વરૂપમાં શમાય, તો 'જ્ઞાનનૂતન' તેને મેળવ્યું એમ ગણાય. આ અઢારમું તીર્થંકરપદ પ્રાપ્તિનું સ્થાનક કહેવાય છે.

**સાગરચંદ્ર રાજાનું દૃષ્ટાંત :–** મલયપુર વિશાળ નગરમાં ન્યાયયુક્ત પ્રજાપાલન રાજા અમૃતચંદ્રનો પુત્ર સાગરચંદ્ર નામે હતો. તે બુદ્ધિશાળી અને ઉપકારી હતો. એક દિવસે એક પંડિતે રાજકુમાર પાસે એક ગીતિ એટલે છંદ કહ્યો. તે સાંભળી કુમારે તેને પાંચસો સોનામહોર આપીને તે છંદ કંઠસ્થ કર્યો. તે છંદનો ભાવ એ હતો કે જેમ દુઃખ વગર બોલાવ્યે આવે છે તેમ પુણ્ય હોય તો સુખ પણ વણમાગ્યું પ્રાપ્ત થાય છે. એકવાર ઉદ્યાનમાં ક્રિડા કરતા તે કુમારને પૂર્વભવના વૈરીએ ઉપાડી જઈ સમુદ્રમાં નાખી દીધો. છતાં પૂર્વપુણ્યના ઉદયથી બહાર નીકળી આવ્યો. અને કાળાંતરે રાજા અને વિદ્યાધર વગેરેની આઠ કન્યાઓનો સ્વામી થયો. વારંવાર સુખ દુઃખ આવે તો પણ તે છંદના સ્મરણથી તેને સદા ધીરજ રહેતી હતી. એકદા ગુરુમુખે પોતાનો પૂર્વભવ સાંભળવાથી જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી વૈરાગ્ય પામી આઠેય રાણીઓ સહિત ચારિત્ર અંગીકાર કર્યું. પછી ગુરુ આજ્ઞાએ પ્રતિદિન અભિનવ એટલે નવીન જ્ઞાન મેળવવા અર્થે પ્રથમ પોરિસીએ સ્વાધ્યાય, દ્વિતીય પોરિસીએ અર્થનું ચિંતન, ત્રીજી પોરિસીએ આહારપાણી અને ચોથી પોરિસીએ અપૂર્વ શ્રુતનું અધ્યયન કરવાનો અભિગ્રહ ધારણ કર્યો. તેનું સ્થિર ચિત્તે પાલન કરતાં તીર્થંકર નામકર્મ ઉપાર્જી જીવન ધન્ય કર્યું. ।।૨૧।।

**શ્રી તીર્થનાથ-મુખથી સુણી અર્થ સૂત્રે, ગૂંથે ગુણી ગણધરો ઉપકાર અર્થે;**
**ભાષ્યાદિથી સરળ તે સમજાય તેવું, સૂરિ કરે, 'શ્રુત' બધું; પદ ઓગણીમું. ૨૨**

**અર્થ :– ૧૯. શ્રુતભક્તિ પદ :–** સત્શ્રુતનું શ્રી સદ્ગુરુ મુખે ભક્તિપૂર્વક શ્રવણ કરી તેનું મનન કરવું તે શ્રુતભક્તિપદ છે. શ્રી તીર્થનાથ એવા તીર્થંકર ભગવાનના મુખથી તત્ત્વોનો પરમાર્થ સાંભળી ગુણી એવા ગણધરો તેને પરોપકાર અર્થે સૂત્રમાં ગૂંથે અથવા તે સૂત્રો ઉપર ભાષ્ય, ટીકા આદિ લખી તે સૂત્રોના અર્થ સરળતાથી સમજાય તેમ આચાર્ય આદિ કરે તે બધી શ્રુતભક્તિ છે. તે પદમાં સ્થિત રહેનારને શ્રી તીર્થંકર પદ પ્રાપ્તિના ઓગણીસમા સ્થાનકમાં ગણવામાં આવ્યા છે.

**રત્નચૂડરાજાનું દૃષ્ટાંત :–** તામ્રલિપ્ત નામે સુંદર નગરમાં રત્નશેખર નામે ન્યાયી રાજા રાજ્ય કરતો હતો. એકદા ગુરુ ભગવંતે દેશનામાં જણાવ્યું કે જે પ્રાણી ભાવથી આગમની ભક્તિ કરે છે તે પ્રાણી જડત્વ, અંધત્વ, બુદ્ધિહીનતા અને દુર્ગતિને કદી પામતો નથી. અને જે આગમની આશાતના કરે તે પ્રાણી દુર્ગતિના ભાજનરૂપ થાય છે. ઇત્યાદિ શ્રુતભક્તિનો મહિમા સાંભળી રાજાએ શ્રુતભક્તિ કરવાનો નિયમ શ્રી ગુરુ પાસે અંગીકાર કર્યો. પછી ગૃહસ્થપણામાં પણ શ્રુતજ્ઞાન અને શ્રુતજ્ઞાનીની દ્રવ્ય અને ભાવથી વિધિસહિત ભક્તિ કરી વૈરાગ્ય પામીને ચારિત્રગ્રહણ કર્યું. દીક્ષા લીધા પછી પણ શ્રુતધરોની ઉત્સાહપૂર્વક ભક્તિ કરતાં તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરીને આત્મકલ્યાણ સાધ્યું. ।।૨૨।।

**શ્રી તીર્થનામ વીસમું પદ પૂજ્ય તારુ, છે સ્થિર-જંગમરૂપે દ્વયવિધ ધારું;**
**યાત્રા-સ્થળો પુનિત સ્થાવરરૂપ જાણું, અત્યંત આત્મહિતકારી બીજું વખાણું. ૨૩**

**અર્થ :– ૨૦. તીર્થપદ :–** જેથી તરાય તે તીર્થ. સત્પુરુષો અથવા તેમનો બોધેલ આત્મધર્મ તેથી તરાય માટે તે તીર્થરૂપ છે. શ્રી તીર્થંકર પદ પ્રાપ્તિનું આ વીસમું તીર્થનામનું પદ જીવોને સંસારરૂપી સમુદ્રથી તારુ એટલે તારનાર હોવાથી પૂજનીય છે. તે દ્વયવિધ એટલે બે પ્રકારે છે. એક સ્થિર તીર્થ અને બીજું જંગમ તીર્થ. જ્યાં જ્યાં સત્પુરુષો વિચરેલા છે એવી તેમના ચરણરજથી પાવન થયેલ યાત્રા સ્થળની ભૂમિઓ તે સ્થિર અથવા સ્થાવર તીર્થ છે. અને હાલતા ચાલતા શ્રી તીર્થંકરો અથવા આત્મજ્ઞાની સત્પુરુષો

તે જંગમ તીર્થરૂપ છે. આ બીજું જંગમતીર્થ આત્માને અત્યંત હિતકારી હોવાથી વખાણવા લાયક છે.

**મેરૂપ્રભરાજાનું દૃષ્ટાંત :–** સૂર્યપુર નામે નગરમાં અરિદમન રાજાને બે રાણીઓ હતી. મદનસુંદરીનો પુત્ર મેરુપ્રભ અને રત્નસુંદરીનો પુત્ર મહાસેન હતો. મહાસેનને રાજ્ય મળે તે અર્થે અપરમાતાએ મેરુપ્રભને ઝેરવડે મારવા પ્રયત્ન કર્યો પણ તે બચી ગયો. તેથી વૈરાગ્ય પામી મેરુપ્રભે દીક્ષા ગ્રહણ કરી. હવે ગુરુ પાસે રહી વિનયપૂર્વક દ્વાદશાંગી ભણી ગીતાર્થ થયો. પછી ગુરુએ યોગ્ય જાણી પોતાની પાટે સ્થાપી આચાર્ય પદવી આપી. તેમની દેશનાથી એક યક્ષે બોધબીજ પામી તેમની સમક્ષ ભક્તિથી નૃત્ય કર્યું અને એક દેવી પણ સમકિત પામી. ગુરુ આગળ સુવર્ણની વૃષ્ટિ કરી. તે સાંભળી રાજા વગેરે આવી પ્રતિબોધ પામી બારવ્રત અંગીકાર કર્યા. એમ વિહાર કરતાં જંગમ તીર્થરૂપ સત્પુરુષથી અનેક જીવો સમકિતને પામ્યા તથા જૈનધર્મની પ્રભાવના કરતા મેરુપ્રભ મુનિએ જિનનામકર્મ ઉપાર્જન કરી સ્વપરહિતનું કાર્ય સાધ્ય કર્યું. ।।૨૩।।

**પ્રત્યક્ષ ગુરુસમ કોઈ ન ઉપકારી, જે જ્ઞાન-જાગૃતિ દઈ, જીવ લે ઉગારી;**
**જેના વિના જગતમાં બહુ આથડ્યો હું, તે રાજચંદ્ર ગુરુને શરણે પડ્યો છું. ૨૪**

**અર્થ :–** આ જગતમાં પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમાન બીજા કોઈ ઉપકારી નથી. જે આત્માને સમ્યક્‌જ્ઞાનવડે જાગૃત કરી મોહરૂપી સ્વયંભૂરમણ સમુદ્રમાં બૂડતા આત્માને ઉગારી લે છે. પ્રત્યક્ષ સદ્‌ગુરુ વિના જગતમાં હું અનંતકાળથી બહુ આથડ્યો છું. પણ હવે મહાપુણ્ય પ્રભાવે ગુરુવર્ય શ્રીમદ્‌ રાજચંદ્ર પ્રભુના શરણમાં હું આવી પડ્યો છું. તેથી આ ભવે કંઈક તરવાનો આરો જણાય છે. ।।૨૪।।

---

તીર્થંકર પદ પ્રાપ્તિના વીસ સ્થાનકને સાધવા પહેલા જીવને સમ્યક્‌દર્શનની જરૂર છે. તે સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ અર્થે માયા મોહનો ત્યાગ કરવો જરૂરી છે. જીવને જગતના પદાર્થોમાં મોહ છે. તેથી તે પદાર્થોને મેળવવા જીવ માયા પ્રપંચ રચે છે. માયાની ગતિ વક્ર છે. જ્યારે મોક્ષની ગતિ સરળ છે, સીધી છે. તે મેળવવા જીવે માયામોહનો ત્યાગ કરી સરળતા પ્રાપ્ત કરવી યોગ્ય છે. હવે માયા સંબંધીનું વિવરણ આ પાઠમાં કરવામાં આવે છે.

(૬૪)

## માયા

(હરિણી છંદ)

*



**પ્રશમ-રસથી જેનો આત્મા સદા ભરપૂર છે,**
**સ્વપર હિતને સાધે જેની રસાલ સુવાણી એ;**
**અતિ કૃશતનુ તોયે વર્ષે સુપુણ્ય તણી પ્રભા,**
**પરમ ગુરુ એ શ્રીમદ્‌ રાજ-પ્રભુપદ વંદના. ૧**



**અર્થ :–** ક્રોધાદિ કષાયો પ્રકૃષ્ટપણે શમાઈ જવાથી જેનો આત્મા સદા પરમશાંતરસથી ભરપૂર છે,

પોતાના અને પરના આત્માને કલ્યાણકારી એવી આત્મઅનુભવરૂપ રસથી તરબોળ જેની વાણી છે, જેની કાયા અતિ કૃશ થઈ ગયેલ છે તો પણ જેની સુપુણ્યની પ્રભા એટલે જેના ઉત્કૃષ્ટ સત્ કાર્યોની કીર્તિ જગતમાં સર્વત્ર પ્રસરી રહી છે. અથવા જેની કૃપાદૃષ્ટિ સર્વત્ર વરસી રહી છે; એવા પરમગુરુ એટલે ઉત્કૃષ્ટ ગુરુ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુના ચરણકમળમાં મારી ભક્તિભાવ સહિત વંદના હો, એમ પૂ.શ્રી બ્રહ્મચારીજી જણાવે છે. ।।૧।।

**સકળ જગને જેણે જીત્યું અપૂર્વ બળે કરી,**
**ગહન જબરી માયા જેને જતી નહિ છેતરી.**
**પરમ સુખી તે માયા-સુખો જૂનાં તરણાં ગણે,**
**સતત લડતા સાક્ષી-ભાવે ઉપાધિ-રણાંગણે. ૨**

**અર્થ :—** રાગદ્વેષના દ્વંદ્વરૂપ આ સકળ વિશ્વ છે. જેમાં સુખ, દુ:ખ, હર્ષ, શોક, માન, અપમાન, શત્રુ મિત્રરૂપ દ્વંદ્વ પ્રગટ છે; એવા સકળ જગતને જેણે પોતાના અપૂર્વ સમભાવના આત્મબળે કરી જીતી લીધું. જેને સ્વયંભૂરમણ સમુદ્ર સમાન આ જગતની જબરી મોહમાયા પણ છેતરી શકતી નથી, એવા પરમસુખી પરમકૃપાળુદેવને આ સંસારના માયાવી એવા નામ માત્રના સુખો જૂના તરણા સમાન ભાસે છે. કેમકે આત્માના એક પ્રદેશનું સુખ તે જગતના સર્વ સુખો કરતાં પણ વિશેષ છે. જે મોહમયી એવી સંસારની ઉપાધિરૂપી રણભૂમિમાં સતત્ સાક્ષીભાવે લડતા રહે છે, અર્થાત્ ઉપરથી વ્યવહાર ચલાવવો અને અંતરંગ પરિણામ શુદ્ધ રાખવા એ બે ધારી તરવાર ઉપર ચાલવારૂપ કાર્ય કરી મોહમાયાને ગરવા દેતા નથી એવા પરમકૃપાળુ પરમાત્મા છે. ।।૨।।

**બગ ઠગ સમા માયાવીઓ પ્રપંચ રચે મહા;**
**ક્ષણિક ઠગવા, મૈત્રી બાંધે લતા સહ મેઘ આ,**
**પછી વહી જતો, તેવા લોકો ઠગે નિજ કીર્તિને,**
**બની ચતુર તે ભોળા, સંગે હણે નિજ હિતને. ૩**

**અર્થ :—** સંસારમાં રહેલા માયાવી જીવો બગ એટલે બગલા જેવા ઠગ છે. જે પોતાનો સ્વાર્થ સાધવા મહાપ્રપંચ રચે. ઇન્દ્રિયોનું ક્ષણિક સુખ મેળવવા લોકોને ઠગવા માટે મિત્રતા કરે. જેમ લતા સહ મેઘ એટલે વેલ સાથે વાદળા મિત્રતા કરીને પછી વહી જાય અને લતા સુકાઈ જાય છે, તેમ લોકો ઠગવૃત્તિ કરીને પોતાની કીર્તિનો નાશ કરે, અર્થાત્ ખરી રીતે બીજાને ઠગનાર પોતે જ ઠગાય છે. તે ચતુરાઈ કરીને ભોળા લોકોને ઠગી પોતાના આત્મહિતને જ હણે છે. એક વાણિયાએ એક ભરવાડણને ઠગી તે પૈસાના ઘેબર બનાવરાવ્યા. ત્યારે ઘરે જમાઈ આવી તે બધા જમી ગયો. પણ પોતાની ઘેબર ખાવાની ભુખ ભાંગી નહીં. તેથી તેની જ્ઞાનદશા જાગૃત થઈ કે મેં ખોટું પાપ કર્યું અને એનું ફળ તો જમાઈ લઈ ગયો. ।।૩।।

**જીવિત સમ જે વિશ્વાસ-ઘ્ની કુસાપણના સમી,**
**કુશળ કપટે, માયા છૂપી ભરાય ઉરે નમી.**
**સુગતિ-ફળ જે ઇચ્છે તે તો ન દે કદી પેસવા,**
**કુટિલ લલના જેવી માયા સ્વરૂપ હરી જવા. ૪**

**અર્થ :—** જીવનને જેમ વક્ર ચાલનારી કુસાપણ નાશ કરે, તેમ વિશ્વાસ-ઘ્ની એટલે વિશ્વાસનો નાશ

કરનારી એવી આ માયા વક્ર છે. જે કપટ કરવામાં કુશળ છે એવી માયા ઉપરથી નમનરૂપ વર્તન બતાવી હૃદયમાં છૂપી રીતે ભરાઈને રહે છે. મૂંહમેં રામ બગલમેં છૂરી જેવું વર્તન કરે છે. જે ઉત્તમ ગતિરૂપ ફળને પામવા ઇચ્છે તે તો આ માયાને કદી અંતરમાં પેસવા દે નહીં, પણ સરળ પરિણામવાળા રહે છે. કેમકે 'સરળતા એ ધર્મના બીજ સ્વરૂપ છે.' પોતાના આત્મસ્વરૂપને હરણ કરવા માટે માયા તે કુટિલ લલના એટલે માયાવી સ્ત્રી સમાન છે. ।।૪।।

**રજ બહુ ઊડી માયાની આ દિશા-મૂઁઢતા ધરે,**
**ઉદય થતી ના તેથી બોધે સુદૃષ્ટિ ઉરે, અરે!**
**સ્ફુરતી નથી હા! ઊર્મિ ઉરે સુબોધ-સુયોગમાં,**
**વિપરીત લીધા માર્ગો મેં સૌ પ્રયત્ન કર્યા છતાં; ૫**

**અર્થ :–** માયારૂપી ધૂળ બહુ ઊડવાથી જીવ દિશામૂઢ બનીને મોક્ષમાર્ગની સાચી દિશાને પામતો નથી. માયાને લઈને સત્પુરુષના બોધે પણ તેની સમ્યક્દૃષ્ટિ એટલે સવળી બુદ્ધિ હૃદયમાં ઉદય પામતી નથી. અરે! આશ્ચર્ય છે કે સમ્યક્બોધ પ્રાપ્તિના સુયોગમાં પણ હે પ્રભો! મારા હૃદયમાં સત્ આરાધનાની ભાવના સ્ફુરાયમાન થતી નથી, મોક્ષને માટે અનેક પ્રયત્નો કરવા છતાં પણ સ્વચ્છંદે મેં વિપરીત જ માર્ગો આચર્યા છે.

**''આ જીવ અત્યંત માયાના આવરણે દિશામૂઢ થયો છે, અને તે યોગે કરી તેની પરમાર્થદૃષ્ટિ ઉદય પ્રકાશતી નથી. અપરમાર્થને વિષે પરમાર્થનો દૃઢાગ્રહ થયો છે; અને તેથી બોધ પ્રાપ્ત થવાના યોગે પણ તેમાં બોધ પ્રવેશ થાય એવો ભાવ સ્ફુરતો નથી, એ આદિ જીવની વિષમ દશા કહી, પ્રભુ પ્રત્યે દીનત્વ કહ્યું છે કે 'હે નાથ! હવે મારી કોઈ ગતિ (માર્ગ) મને દેખાતી નથી. કેમકે સર્વસ્વ લૂંટાયા જેવો યોગ મેં કર્યો છે, અને સહજ ઐશ્વર્ય છતાં, પ્રયત્ન કર્યે છતે, તે ઐશ્વર્યથી વિપરીત એવા જ માર્ગ મેં આચર્યા છે, તે તે યોગથી મારી નિવૃત્તિ કર, અને તે નિવૃત્તિનો સર્વોત્તમ સદુપાય એવો જે સદ્ગુરુ પ્રત્યેનો શરણભાવ તે ઉત્પન્ન થાય, એવી કૃપા કર.''** (વ.પૃ.૪૩૩) ।।૫।।

**સૂઁઝતી ગતિ ના કોઈ મારી, અનાથ હવે ઠર્યો,**
**સહજ મળિયા યોગો સારા, છતાં પરમાં ફર્યો.**
**પરમ સદુપાયે નિવૃત્તિ કરીશ કુમાર્ગની,**
**કપટ તજીને અર્પી આત્મા, સુયત્નરુચિ બની. ૬**

**અર્થ :–** 'હે નાથ! હવે મારી કોઈ ગતિ (માર્ગ) મને દેખાતી નથી.' હું અનાથ જ રહ્યો. સહજે પ્રભુ કૃપાએ સારા યોગો મળ્યા છતાં હું બીજા ખોટા માર્ગમાં જ ભટકતો રહ્યો. પણ હવે ઉત્કૃષ્ટ સદુપાય કરીને તે કુમાર્ગની અવશ્ય નિવૃત્તિ કરીશ અને માયા કપટને તજી સત્ય પુરુષાર્થમાં રૂચિવાન બની મારા આત્માને આપના શરણમાં અર્પણ કરીશ. ।।૬।।

**સરળ જન ના ઝાઝા લોકે, બહુ કપટી દીસે;**
**સુરતરુ સમા સંતો સાચા સુદુર્લભ ભેટશે,**
**વિષતરુ સમાં કાંટાવાળાં અતિ તરુ નીપજે;**
**ભરતભૂઁમિને દેખી આવી, દયા અતિ ઊપજે. ૭**

**અર્થ :–** આ લોકમાં સરળ જીવો ઝાઝા નથી પણ ઘણા લોકો કપટી દેખાય છે. કલ્પવૃક્ષ સમાન

સાચા સંતપુરુષોનો ભેટો થવો તે આ કાળમાં અતિદુર્લભ છે; પણ ઝેરી ઝાડ સમાન કાંટાવાળા વૃક્ષો જેવા કુગુરુઓ ઘણા મળી શકે. આવી ભારતભૂમિની સ્થિતિ જોઈને મહાપુરુષોના હૃદયમાં અત્યંત દયાભાવ ઉત્પન્ન થાય છે. ।।૭।।

**સુગુરુશરણે ભાવો આવો બધા જગ-જીવના,**
**પ્રભુ, કર કરુણા એવી કે ટળે વિપરીતતા;**
**સકળ જગમાં મૈત્રીભાવે જીવો જીવ સર્વ એ,**
**ખટપટ કશી માયા સેવી કરો નહિ કોઈએ. ૮**

**અર્થ :–** સાચા સદ્ગુરુના શરણે આવવાના ભાવો જગતના સર્વ જીવોને થાઓ, એવી હે પ્રભુ! તું કરુણા કર કે જેથી જીવોમાં રહેલી વિપરીતતા એટલે મિથ્યા માન્યતાઓનો નાશ થઈ જાય. સકળ વિશ્વમાં રહેલા સર્વ જીવો મૈત્રીભાવે જીવો, પણ માયા પ્રપંચ સેવીને કશી ખટપટ કોઈપણ જીવ કરો નહીં; અર્થાત્ પરસ્પર પ્રેમભાવે જીવી એકબીજાની ઈર્ષ્યા કરો નહીં. ।।૮।।

**અ-મલ ગગને ચંદ્રિકાથી સ્ફુરે રમણીયતા,**
**સરળ હૃદયે ઊંચા ભાવો ખીલે, વધતા જતા;**
**સ્વહિત સઘળા સાધે ત્યાં ક્યાં છુપાય મલિનતા?**
**સુર-સદન ના ઇચ્છે કોઈ સ્વરાજ્ય ભળાય આ. ૯**

**અર્થ :–** વાદળ વગરના નિર્મળ આકાશમાં ચંદ્રમાની ચંદ્રિકા એટલે ચાંદની ખીલી ઊઠીને જેમ બધું રમણીય જણાય છે; તેમ પવિત્ર એવા સરળ હૃદયમાં ઉત્તમ ભાવો ખીલે છે અને વધતા જાય છે. સરળતાને ધારણ કરી જ્યાં સઘળા સ્વઆત્મહિત સાધે ત્યાં માયાની મલિનતા ક્યાં છુપાઈને રહે. એવા આરાધક જીવો સુર-સદન એટલે દેવલોકને પણ ઇચ્છે નહીં. કારણ કે સરળ પવિત્ર હૃદયમાં સ્વઆત્માનું રાજ્ય અહીં જ ભળાય છે; અર્થાત્ પવિત્ર હૃદયમાં અહીં જ આત્મામાં પરમશાંતિનું વેદન થાય છે.

**''આત્મા વિનયી થઈ, સરળ અને લઘુત્વભાવ પામી સદૈવ સત્પુરુષના ચરણકમળ પ્રતિ રહ્યો, તો જે મહાત્માઓને નમસ્કાર કર્યો છે તે મહાત્માઓની જે જાતિની રિદ્ધિ છે, તે જાતિની રિદ્ધિ સંપ્રાપ્ય કરી શકાય.''** (વ.પૃ.૧૮૩) ।।૯।।

**મૂઢ હૃદયમાં માયાભાવો વસે ઘર ત્યાં કરી,**
**નહિ સમજવા દે તેને તે સ્વહિત ખરું જરી.**
**વિપરીતપણું તેથી જન્મે, હિતાહિત વીસરી,**
**અહિત ઘટના માયાની ના કરી શકતો પરી. ૧૦**

**અર્થ :–** મૂઢ જેવા અજ્ઞાની પ્રાણીના હૃદયમાં રાગદ્વેષ અજ્ઞાનરૂપ મોહમાયાના ભાવો ઘર કરીને રહેલા છે. તે પોતાનું ખરું આત્મહિત શામાં છે તેને જરી પણ સમજવા દેતા નથી, એવો બળવાન આ મોહ છે. તે મોહને લઈને પોતાનું હિતાહિતપણું ભૂલી જઈ, તેના મનમાં વિપરીત ભાવો જન્મે છે. અને તે માયામોહના કારણે થતી અનેક અહિત ઘટનાઓને પણ તે પરી એટલે દૂર કરી શકતો નથી. ।।૧૦।।

**પ્રદ્યુમ્નકુમારનું દૃષ્ટાંત :–** પ્રદ્યુમ્નકુમારને વિદ્યાધર રાજાએ જંગલમાંથી લઈ જઈ મોટો કર્યો. તે સોળ વર્ષનો નવયુવાન થયો કે અપરમાતા તેના પર મોહિત થઈ અને ભોગ માટે માગણી કરી. ત્યારે

પ્રદ્યુમ્ને તે સ્વીકારી નહીં તેથી માયા કરીને રાજાના કાન ભંભેર્યા કે આ પ્રદ્યુમ્નકુમારે મને ભોગ માટે આમંત્રણ કર્યું. એમ કલંક આપવાથી પોતાનું કેટલું અહિત થશે એ મોહમાયાને વશ રાણી સમજી શકી નહીં. ।।૧૦।।

**પ્રસૂતિગૃહ છે માયા મિથ્યાત્વ-ભૂત તણું અહો!**
**અપયશ તણો વાસો તેમાં, અનર્થ-તરુ કહો;**
**નિસરણી ગણી માયા-શલ્યે જતા નરકે ઘણા,**
**શીલતરુ-વને વહ્નિ જેવી દહે દિલ આપણાં. ૧૧**

**અર્થ :–** અહો! આ મિથ્યાત્વરૂપ ભૂતને ઉત્પન્ન કરવામાં માયા પ્રસૂતિઘર જેવી છે. માયા કપટ કરનાર અપયશ પામે. તેને અનર્થના ઝાડ સમાન માનો. માયાશલ્ય એટલે કાંટા સમાન આ માયામોહને નરકે જવા માટે નિસરણી સમાન માનો. જેથી ઘણા નરકે જાય છે. શીલરૂપી વૃક્ષોને વનમાં બાળવા માટે માયા વહ્નિ એટલે અગ્નિ જેવી છે. એ માયામોહ આપણા દિલને પણ બાળનાર છે. ।।૧૧।।

**અફલ સમજો માયા-ભાવો અસાર, નકલી ગણો;**
**નરપતિ થયો સ્વપ્ને, જાગી ઉદાસ થયો ઘણો.**
**કુટિલ મનથી માયા-સેવી વરે કુગતિ અરે!**
**પ્રગટ છળ તો વ્હેલું-મોડું થયે, શરમે મરે. ૧૨**

**અર્થ :–** માયા મોહના ભાવોને તમે અસાર જાણો. નકલી ગણો. જેમ સ્વપ્નમાં ભિખારી, રાજા થયો પણ જાગ્યો ત્યારે પાછું ભિખારીપણું જોઈ ઘણો ઉદાસ થયો. તેમ માયામોહ કરી જીવ રાજી થાય પણ પાપબંધ કરી અંતે પસ્તાવાનું કારણ થાય. અરે! કપટમનથી માયામોહને સેવી જીવો ખોટી ગતિને પામે છે. કોઈનું કરેલું છળકપટ વહેલું મોડું પ્રગટ થાય છે ત્યારે તે શરમનો માર્યો દુઃખી થાય છે. ।।૧૨।।

**ગ્રહી નહિ શકે માયાવીઓ સુમાર્ગ જિનેન્દ્રનો,**
**સરળ ગતિ ના રુચે કેમે, ગમે પથ વક્રનો;**
**અ-સરળ અસિ સીધા મ્યાને ન પેસી શકે પૂરી.**
**ગ્રહણ કરતા ઢોંગી વેષો છતાં મનમાં છૂરી. ૧૩**

**અર્થ :–** માયાવીઓ જિનેન્દ્ર કથિત વીતરાગ માર્ગને ગ્રહણ કરી શકે નહીં. કેમકે મોક્ષમાં જવાનો માર્ગ સરળ એટલે સીધો છે, તે માયાવીઓને રુચે નહીં પણ તેમને માયા પ્રપંચનો વક્રમાર્ગ જ પ્રિય લાગે. જેમ અસરળ અસિ એટલે વાંકી તરવાર સીધા મ્યાનમાં પૂરી પેસી શકે નહીં, તેમ ઢોંગી એવા માયાવી લોકો સાધુનો વેષ પહેરવા છતાં પણ મનમાં આત્માના ગુણોને સમયે સમયે ઘાતનાર એવી છૂરી રાખે છે અર્થાત્ અંતરમાં સંસાર વાસનારૂપ આત્મઘાતક હિંસક ભાવો તેમના ટળતા નથી. ।।૧૩।।

**નરપતિ-પતિ દીક્ષા લેતા તજી સુખ-વૈભવો,**
**અધિક હિતકારી તે ધારી ભિખારી બને જુઓ.**
**અચરજ અતિ, ભ્રષ્ટાચારી બની મુનિ માગતો**
**વિષય-સુખને માયા-પાશે રુચિ કરી ચાટતો :- ૧૪**

**અર્થ :—** નરપતિ-પતિ એટલે રાજાઓનો પતિ એવો ચક્રવર્તી રાજા પોતાના સુખ વૈભવોને તજી દીક્ષાને અધિક હિતકારી જાણી, તેને ગ્રહીને ઘર ઘર ભિક્ષા માંગતા થાય છે. પણ અહો! અતિ આશ્ચર્ય છે કે મુનિ હોવા છતાં ભ્રષ્ટાચારી બની મોહમાયાના જાળમાં ફસાઈને વિષયસુખની રૂચિથી વિષ્ટાની જેમ તેને ચાટે છે. ।।૧૪।।

**તજી પરિણીતા દીક્ષા લીધી દ્વિજે શરમાઈને,**
**મુનિ નિજ વડાબંધુ સાથે રહી વિચરે બધે;**
**વિષય-વશ તે કોઈ કાળે ગયો નિજ ગામમાં,**
**ખબર પૂછતાં પત્ની સાધ્વી સ્થિતિકરણે વદ્યાં :- ૧૫**

**અર્થ :—** જંબુસ્વામી પૂર્વભવમાં બ્રાહ્મણ હતા. ત્યારે પોતાના મોટાભાઈને આહાર આપી સાથે અપાસરા સુધી વળાવા ગયા. ત્યાં મોટાભાઈએ ગુરુને કહ્યું : આ મારા ભાઈને દીક્ષા આપો. ત્યારે નાનાભાઈએ પણ ભાઈની શરમથી પોતાની પરણેલી સ્ત્રીનો ત્યાગ કરી દીક્ષા લઈ લીધી. મોટાભાઈ જીવતા રહ્યા ત્યાં સુધી બધે સાથે વિચર્યા. પણ મોટાભાઈના દેહ છૂટ્યા પછી કોઈ કાળે વિષયવશ તે પોતાના ગામમાં ગયા. ત્યાં પૂછતાં ખબર મળી કે પત્ની તો સાધ્વી બનેલ છે. છતાં સાધ્વીને મળી સાધુ થયેલ પતિએ પાછા ઘરે જવા જણાવ્યું. ત્યારે નિર્મળ છે મન જેનું એવી સાધ્વીએ સાધુ થયેલા પતિને દૃષ્ટાંતથી ધર્મમાં સ્થિત કરવા માટે એમ વદ્યા અર્થાત્ આ પ્રમાણે જણાવ્યું. ।।૧૫।।

**"નૃપઘર વિષે કોઈ કુત્તો રહે બહુ સુખમાં,**
**જમણ મધુરાં નિત્યે તાજાં મળે બહુલાં ભલાં.**
**પણ ન ગઈ જો ભૂંડી ટેવો રહી છૂપી દિલમાં!**
**નૃપસહ કદા મ્યાનામાં તે જતો દરબારમાં- ૧૬**

**અર્થ :—** રાજાને ઘેર એક કૂતરો બહુ સુખમાં રહેતો હતો. તેને હમેશાં મધુરાં એટલે મીઠા, તાજાં અને અનેક સુંદર ભોજન જમવા મળતા હતા. છતાં તેના મનમાં રહેલી ભૂંડી ટેવો ગઈ નહીં. તે કદા એટલે કોઈ દિવસ રાજાની સાથે મ્યાનામાં એટલે પાલખીમાં બેસી રાજ દરબારમાં જતો હતો. ।।૧૬।।

**શિશુમળ તણા ગંદા સ્થાને ગયો, કૂદી કૂતરો,**
**લપલપ કરી ચાટે વિષ્ટા, અરે! નહિ સુધર્યો."**
**મલિન મનના ભાવો જાણી કથા કહી તે સુણી,**
**અતિ શરમથી નીચા મુખે ખમાવી, ગયા મુનિ. ૧૭**

**અર્થ :—** રાજદરબારમાં જતાં રસ્તામાં શિશુમળ એટલે બાળકની વિષ્ટા જોઈ તે કૂતરો પાલખીમાંથી કૂદીને તે ગંદા સ્થાને ગયો. ત્યાં લપલપ જીભથી કરીને તે બાળકની વિષ્ટાને ચાટવા લાગ્યો. અરે! આશ્ચર્ય છે કે રાજ દરબારનું ભોજન મળતા છતાં પણ હજીએ સુધર્યો નહીં. તેમ દીક્ષા લીધા તમને આટલા વર્ષ થઈ ગયા છતાં મનના મલિન ભાવો હજી ગયા નહીં? તેની પત્ની સાધ્વીએ આ કથા કહી. તે સાંભળીને અત્યંત શરમ આવવાથી નીચું મુખ કરી સાધુ પતિએ તેને ખમાવી, ત્યાંથી પાછા ફર્યા. ।।૧૭।।

**ગુરુ સમીપ તે માયા ત્યાગી ફરી વ્રત આદરે,**
**અતિશય તપે પ્રીતિ ધારી હવે ભૂલ ના કરે;**

**સુરગતિ વરી થોડા કાળે બની નર મુખ્ય એ**
**મુનિવર થયા જંબુસ્વામી, ગયા શિવપુર તે. ૧૮**

**અર્થ :–** ગુરુ પાસે જઈ મોહમાયાને ત્યાગી ફરી વ્રત આદરે છે. અને અતિશય તપમાં પ્રીતિ ધારી હવે એવી ભૂલ કદી કરતા નથી. ત્યાંથી દેવગતિ પામી પાછા આવી નરોમાં મુખ્ય એવા શેઠને ઘેર અવતર્યા. આ ભવમાં દીક્ષા ગ્રહણ કરી મુનિઓમાં શ્રેષ્ઠ એવા તે જંબુસ્વામી થયા. ઉત્તમ આરાધનાવડે કેવળજ્ઞાન પામી તેઓ શિવપુર નગરીએ સિધાવ્યા. ।।૧૮।।

**છૂપી છૂરી ઝીણી માયાચારી નડે સઘળે અતિ,**
**વ્રત-નિયમમાં બારી કોરી નિરંકુશ વર્તતી;**
**કર પર ફરે માળા, માયા હરે મન મોજમાં,**
**ભજન મુખથી મોટે બોલે, જુએ મુખ લોકનાં. ૧૯**

**અર્થ :–** છૂપી છૂરી સમાન સૂક્ષ્મ માયાનું આચરણ બધી ક્રિયામાં તેને ઘણું નડે છે. તે વ્રતનિયમમાં પણ બારીને કોતરી કાઢી નિરંકુશપણે વર્તે છે, જેમ કે એક રાજાને વૈદ્યે કહ્યું કે તમે કેરી ખાશો નહીં. નહીં તો તમારો રોગ અસાધ્ય બની જશે. ત્યારે રાજાએ બારી શોધી કાઢી કે કેરીની ચીરીઓ કરી બધાને આપી પછી કહે આ તો હવે ગોટલો છે, એ ક્યાં કેરી છે એમ માનીને ખાધી તો રાજાનું મૃત્યુ થયું.

તેમ માયાવડે હાથ ઉપર માળા ફરતી હોય અને મન સંસારની મોજમાં રમતું હોય અથવા મુખથી મોટેથી ભજન બોલે અને મન મોહમાં આસક્ત બની લોકોના મુખ જોવામાં તલ્લીન હોય, એમ મોહમાયા જીવને છેતરે છે. ।।૧૯।।

**ગુરુ-વચનને કાને સુણે, ગ્રહે નહિ કોઈ તો,**
**સ્મૃતિ-મજૂંષમાં રાખી કોઈ કહી બતલાવતો,**
**ગુરુ-ગુણ સ્તવે કીર્તિકાજે, કરે તપ-કષ્ટ કો,**
**વિવિધ વચને વૈરાગીશી કથા વદતાં ય, જો- ૨૦**

**અર્થ :–** કોઈ શ્રી ગુરુના વચનને કાનથી સાંભળે પણ ગ્રહણ કરતા નથી. કોઈ વળી પોતાની સ્મૃતિરૂપી પેટીમાં તે વચનોને સંગ્રહી બીજાને કહી બતાવીને સંતોષ માને. કોઈ ગુરુના ગુણની સ્તવના કરે પણ પોતાની કીર્તિને માટે, કોઈ દેવલોકાદિના સુખ માટે તપાદિના કષ્ટ સહન કરે, કોઈ વિવિધ પ્રકારે વૈરાગી સમાન બની કથા કહે; પણ જો મનમાં બીજું છે તો તે સર્વ વ્યર્થ છે. ।।૨૦।।

**મન ન ટકતું સાચા ભાવે, બધું નકલી બને;**
**સ્વપર-હિત ના તેથી કોઈ સરે કપટી મને.**
**સરળ મનથી સાચી વાણી વદે, કરવા ખરું**
**સતત મથતા સંતો; તેના પથે પગલાં ભરું. ૨૧**

**અર્થ :–** ઉપરોક્ત બધી ક્રિયા કરવા છતાં પણ મન જો સાચા ભાવે તેમાં ટકતું નથી તો તે બધું આચરણ નકલી બને છે. મનમાં કપટભાવ હોવાથી તેવા આચરણો વડે કાંઈ સ્વ કે પરનું હિત સિદ્ધ થતું નથી. પણ જે મહાપુરુષો સરળ મનથી સાચી વાત કહે છે, તે પ્રમાણે કરવા જે સતત પુરુષાર્થશીલ છે એવા સંતપુરુષોના પથે એટલે માર્ગે ચાલવાનો હું પણ પુરુષાર્થ કરું. ।।૨૧।।

**કપટમૅૂળ છે લોભી વૃત્તિ, ચહે પર ભાવને,**
**સફળ કરવા ધારેલું તે, રમે બહુ દાવ તે;**
**સફળ બનતાં મોટાઈમાં વહી મદ તે ધરે,**
**અફળ કરતા પ્રત્યે ક્રોધે ભરાઈ લડી મરે. ૨૨**

**અર્થ :–** કપટનું મૂળ લોભ વૃત્તિ છે; જે પરવસ્તુને ઇચ્છે છે. તે ધારેલી વસ્તુને મેળવવા માટે અનેક પ્રકારના ષડયંત્રો રચે છે.

**ધર્મબુદ્ધિ, પાપબુદ્ધિનું દૃષ્ટાંત :–** ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ બે મિત્ર હતા. બન્ને સાથે ધન કમાઈ લાવી ગામ બહાર દાટીને ઘરે આવ્યા. પાપબુદ્ધિએ લોભવશ રાત્રે જઈ બધું કાઢી લીધું. છતાં પાપને છૂપાવવા ધર્મબુદ્ધિને કહે કે તેં બધું કાઢી લીધું છે. રાજા પાસે ફરિયાદ ગઈ. ત્યારે પાપબુદ્ધિ કહે આનો નિર્ણય વનદેવી કરશે. પાપબુદ્ધિએ ઘેર જઈ પિતાને સમજાવી વનમાં ઝાડના કોટરમાં તેમને બેસાડી દેવીરૂપે કહેવડાવ્યું કે આ ધન તો ધર્મબુદ્ધિએ લીધું છે; ત્યારે ધર્મબુદ્ધિએ તે ઝાડને સળગાવી મૂક્યું. ત્યારે અગ્નિમાં દાઝતો પિતા બહાર આવ્યો અને બધી પોલ ખૂલી ગયી. એમ લોભને પોષવા જીવ કપટ કરી ષડયંત્ર રચીને ઘોર પાપ પણ કરે છે.

જો કાર્યમાં સફળતા મળી ગઈ તો પોતાને મોટો માની અહંકાર કરે અને કોઈના નિમિત્તે કાર્યમાં અસફળતા મળી તો તે પ્રત્યે ક્રોધે ભરાઈ લડાઈ કરીને મરી પણ જાય. ।।૨૨।।

**પ્રસરી રહીં આ માયાવેલી ત્રિલોકતરુ પરે**
**સુર નર પશુ ઊંચે ખેલે, કુનારકીં ભૂસ્તરે.**
**નહિ શીંખવતું કોઈ માયા, શીંખે જીંવ માત્ર જો;**
**પડતર વિષે વાવ્યા વિના ઊગે ખડ-જાત તો. ૨૩**

**અર્થ :–** ત્રિલોકરૂપી વૃક્ષ ઉપર આ માયારૂપી વેલ સર્વત્ર પ્રસરી રહેલ છે, અર્થાત્ ત્રણે લોકના સર્વ જીવો આ મોહમાયામાં ફસાયેલા છે. આ લોકમાં દેવતાઓ, મનુષ્યો કે પશુઓ પુણ્ય પ્રમાણે ઊર્ધ્વ લોક કે મધ્યલોકમાં રહેલા છે. જ્યારે પાપી એવા નારકી જીવો ભૂસ્તર એટલે ભૂમિમાં નીચે રિબાય છે. તેમને માયા કેમ કરવી એ કોઈ શીખવતું નથી. જેમ પડતર જમીનમાં વાવ્યા વગર જ ખડ ઊગી નીકળે છે, તેમ પૂર્વ સંસ્કારથી માયા આપોઆપ જીવમાં સ્ફૂરી આવે છે. ।।૨૩।।

**ક્ષય કરીં દીંધી માયા જેણે ફરી નહિ જન્મતો;**
**શિવસુખ-પતિ, ત્રિકાળે તે સ્વરૂપ ન ત્યાગતો-**
**સ્વપર સહુને દેખે નિત્યે અવિચળ રૂપ એ,**
**ગગન સમ તે નિર્લેપી છે સદા શિવભૂપ તે. ૨૪**

**અર્થ :–** જેણે ચિત્તનું સરળપણું કરી માયાને ક્ષય કરી દીધી તે ફરી આ સંસારમાં જન્મતો નથી. તે મોક્ષસુખનો સ્વામી થયો થકો ત્રિકાળે પણ તે પોતાના શુદ્ધ સ્વરૂપને છોડતો નથી. તે મોક્ષમાં રહ્યાં છતાં પોતાના આત્માને કે જગતના સર્વ પદાર્થને જોઈ રહ્યાં છે. જેમ સામે રહેલ વસ્તુનું દર્પણમાં પ્રતિબિંબ પડે તેમ પોતાના આત્મામાં સર્વ પદાર્થો ઝળકે છે. અને પોતે સદા અવિચળ એટલે સ્થિર સ્વરૂપે મોક્ષમાં બિરાજમાન રહે છે. ત્યાં સર્વ પદાર્થને જોતાં છતાં પણ શુદ્ધ સિદ્ધ આત્મા હોવાથી આકાશ સમાન સદા

કર્મમળથી નિર્લેપ છે અને સદા મોક્ષરૂપી નગરીના તે રાજા છે અર્થાત્ સ્વરૂપના સ્વામી છે. ।।૨૪।।

---

હવે માયા મોહ મટે તો જીવને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થાય. સમ્યક્દર્શન આવે તો દર્શનમોહ જઈ આગળ વધીને ચારિત્રમોહ હણવા તે મુનિ બને. તે અવસ્થામાં બાવીસ પ્રકારના પરિષહોનો મુનિએ જય કરવો જોઈએ. તેથી બળવાન કર્મોની નિર્જરા થાય. સર્વથા કર્મોની નિર્જરા થયે જીવનો મોક્ષ થાય છે. હવે બાવીસ પરિષહો સંબંધીનો વિસ્તાર આ પાઠમાં કરવામાં આવે છે :—

(૬૫)

## પરિષહ - જય



(સોમાવતી છંદ)

(મોહિનીભાવ વિચાર-અધીન થઈ—જેવો રાગ)

*

**શ્રીમદ્ રાજપ્રભુને પ્રણમું, શુદ્ધ સ્વરૂપે જે રમતા રે;**
**પરિષહ સમ જંજાળ વિષે જે ધરતા મુનિવર સમ સમતા રે.**
**બાવીસ પરિષહ મુનિને પીડે અગણિત ગૃહસ્થની કેડે રે,**
**અવિષમ ભાવે રહી જીતે તે શિવપદ, સુરપદને તેડે રે. ૧**



**અર્થ :—** શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુને હું ભાવભક્તિ સહિત પ્રણામ કરું છું કે જે હમેશાં શુદ્ધ સ્વરૂપમાં રમણતા કરે છે, તથા પરિષહ એટલે આપત્તિ જેવી જગતની વ્યવહાર વ્યાપાર આદિની ઉપાધિમાં પણ જે મુનિવર સમાન સમતાને ધારણ કરીને રહ્યાં છે. બાવીસ પ્રકારના પરિષહ મુનિને પીડે છે જ્યારે ગૃહસ્થને કેડે તો અગણિત પરિષહ છે અર્થાત્ ગૃહસ્થને અનેક ઉપાધિઓ છે. તેમાં પણ અવિષમ ભાવ રાખીને જે તેને જીતે તે મોક્ષપદને પામે અથવા દેવપણાને પામે છે. ।।૧।।

**ભૂખ, તરસ, શીત, ગરમી, ડાંસાદિક, અચેલક, અરતિના રે,**
**સ્ત્રી, ચર્યાસન, શયનાક્રોશે, વધ, બંધન, ભિક્ષા મળે ના રે;**
**રોગ, તૃણ ખૂંચે, મલ, માને, પ્રજ્ઞા-ગર્વ અજ્ઞાન તણા રે**
**દર્શન મલિન : મળી સૌ બાવીસ એ મુનિ-પરિષહની ગણના રે. ૨**

**અર્થ :—** હવે બાવીસ પ્રકારના પરિષહોના નામ જણાવે છે. ભૂખ, તરસ, શીત, ગરમી, ડાંસ, મચ્છરાદિ, અચેલક (વસ્ત્રરહિત), અરતિ, સ્ત્રી, ચર્યા, આસન, શયન એટલે શય્યા, આક્રોશ, (કઠોર વચન) વધ બંધન, ભિક્ષા એટલે યાચના, આહાર ન મળે તે અલાભ પરિષહ, રોગ, તૃણસ્પર્શ, મલ એટલે મેલ, માને એટલે સત્કાર આપે, પ્રજ્ઞાનો ગર્વ ન કરે, તથા અજ્ઞાન અને દર્શન પરિષહ એમ સર્વ મળીને કુલ બાવીસ મુનિઓના પરિષહની ગણના કરેલ છે. ।।૨।।

**ઊંજણ વિણ પૈડા સમ પેટે કડકડી ભૂખ ખૂબ દુઃખી કરે રે,**
**બહુ ઉપવાસો વીત્યે પણ આહાર ન હિંસાયુક્ત કરે રે;**

**નસો શરીરે તરે ભલે, કૃશ અંગો કાગ-ચરણ જેવાં રે,**
**આત્મવીર્યવંતા મુનિએ ના નિષિદ્ધ અશન કદી લેવાં રે. ૩**

**અર્થ :– ૧. ક્ષુધા પરિષહ :–** ગાડાના પૈંડાની વચમાં ઊંજણ એટલે ઘટ તૈલીય પદાર્થ ન નાખે તો ગાડાને ચાલવામાં મુશ્કેલી પડે, તેમ કડકડીને લાગેલ ભૂખ ખૂબ દુઃખ આપે અથવા બેતાલીસ દોષરહિત આહાર ન મળવાથી બહુ ઉપવાસ થઈ જાય તો પણ અશુદ્ધ હિંસાયુક્ત આહાર મુનિ કરે નહીં. લાંબી ભૂખના કારણે શરીરની નસો દોરીની જેમ શરીર ઉપર તરી આવે અથવા કાગડાની જાંઘ સમાન શરીરના અંગો પાતળા પડી જાય; છતાં આત્મવીર્યવાન મુનિએ કદી પણ ભગવાને નિષિદ્ધ કરેલ અશુદ્ધ અશન એટલે ભોજન લેવું નહીં. ।।૩।।

**પરાધીન મુનિવરની ભિક્ષા પ્રકૃતિવિરુદ્ધ વળી મળી આવે,**
**તૃષા પીડે, જળ શુદ્ધ મળે ના, સચિત્ત જળ કદી ઉર ના લાવે;**
**ગ્રીષ્મ કાળ, જળ ખારું ઊનું, પિત્તપ્રકોપે ગળું બળતું રે!**
**એકાન્તે વનપ્રાન્તે શીતળ જળાશયે મન નહિ ચળતું રે. ૪**

**અર્થ :– ૨. તૃષા પરિષહ :–** ભિક્ષા મેળવવામાં પરાધીન એવા મુનિવરને કદી પોતાની વાતપિત્ત કફની પ્રકૃતિથી વિરુદ્ધ આહાર મળી આવે અને તૃષા પીડે ત્યારે પણ જો શુદ્ધ જળ મળે નહીં તો સચિત્ત એટલે ગરમ કર્યા વગરના પાણીને પીવાની ઇચ્છા મનમાં પણ લાવતા નથી. પ.પૂ.પ્રભુશ્રીજીને સાદડી ગામમાં દ્વેષીઓના કારણે ગરમ પાણી પણ પીવાને મળ્યું નહીં. ત્યારે ત્રણ દિવસ સુધી ભૂખ અને તરસ પરિષહ સહન કર્યા હતા. ગ્રીષ્મકાળ એટલે ઉનાળામાં જળ ઊનું કે ખારું હોય કે પિત્તપ્રકોપને કારણે ગળું બળતું હોય કે સુકાતું હોય તો પણ એકાંત નિર્જન વનદેશમાં શીતળ જળાશય એટલે તળાવ જોઈને પણ આત્મજ્ઞાની મુનિનું મન ચલાયમાન થતું નથી. ।।૪।।

**શિશિરમાં સૌ જન કંપે, વન-વૃક્ષ બળે જ્યાં હિમ પડે રે,**
**હેલીમાં હીકળ વા વાતાં અંગ કળે અતિ શરદી વડે રે;**
**તેવી વિષમ અવસ્થામાં મુનિ નદી-તટ પર જઈ શીત સહે જે,**
**તળાવપાળે, કે ખુલ્લામાં રાતદિન દુઃખ સહી રહે તે. ૫**

**અર્થ :– ૩. શીત પરિષહ :–** શિશિર એટલે ઠંડીની ઋતુમાં સર્વ લોકો ઠંડીથી કંપાયમાન થાય તે સમયે વનના વૃક્ષો પણ હિમ પડવાથી બળી જાય. હેલી એટલે સતત વરસાદમાં, હીકળ એટલે વરસાદથી થતી અતિશય ઠંડી વડે કે વા વાવાથી અત્યંત શરદીના કારણે શરીરનાં અંગો કળવા લાગે, તેવી વિષમ અવસ્થામાં પણ મુનિ નદીના કિનારે જઈ એવી ઠંડીને સહન કરે છે. તળાવની પાળ ઉપર કે ખુલ્લામાં આવી ઠંડીમાં રાત-દિવસ દુઃખ સહન કરીને મુનિ રહે છે. ।।૫।।

**અગ્નિ, તડકો, હૂંફ ના ઇચ્છે, શિશિરે શીત-વસાણું ના રે,**
**ઉષ્ણપરિષહમાં ના પંખો, સ્નાન, વિલેપન લૂછણું ના રે;**
**તપે પહાડો, દાહ દહે તન, પિત્તે દાહજ્વર જાગે રે,**
**અગ્નિ ઝાળ જેવી લૂ લાગે સહે, ધીરજ મુનિ ના ત્યાગે રે. ૬**

**અર્થ :– ૪. ઉષ્ણ પરિષહ :–** મુનિ અત્યંત ઠંડી સહન કરતાં છતાં કદી અગ્નિ, તડકો કે હૂંફ

એટલે ગરમાટાને ઇચ્છતા નથી. કે આવી શિશિર ઋતુમાં શિયાળાના વસાણા કે જે શરીરમાં ગરમી આપી શક્તિ આપે તેને ઇચ્છતા નથી. ઉષ્ણ પરિષહ એટલે ગરમીની પીડા સહન કરતાં પંખો વાપરે નહીં. કે સ્નાન, વિલેપન કે લૂછણું એટલે કપડાથી ઘસીને શરીર સાફ કરે નહીં. પહાડો તપે, બહારના તાપની બળતરાથી શરીર સુકાય, પિત્તવડે શરીરમાં દાહજ્વર જાગે કે અગ્નિની ઝાળ જેવી લૂ લાગે, તેને મુનિ સહન કરે પણ ધીરજને છોડતા નથી. ।।૬।।

**ડાંસ, મચ્છરો, માખી પીડે, માકણ ચાંચડ કે વીંછી રે,**
**કાન-ખજૂરા, સાપ પીડે, પણ ક્રોધે નહિ મારે પીંછી રે;**
**યુદ્ધ-મોખરે ગજ સમ શૂરવીર ક્રોધાદિક અરિને મારે રે,**
**ધ્યાન-સમય જંતુ પીડે પણ જીવ હણે ના, નહિ વારે રે. ૭**

**અર્થ :— ૫. ડાંસ મચ્છર પરિષહ :—** ડાંસ કે મચ્છરો, મધમાખીઓ પીડા આપે તો પણ મુનિ સહન કરે. પૂ.શ્રી બ્રહ્મચારીજીને એક વાર આશ્રમમાં મધમાખીઓ ચોંટી ગઈ હતી છતાં હાથ સુદ્ધા ફેરવ્યો નહીં. માકડ, ચાંચડ કે વીંછી, કાન-ખજૂરા, સાપ વગેરે કરડે તો પણ ક્રોધમાં આવીને પીછી પણ તેને મારે નહીં. પણ યુદ્ધમાં આગળ રહી બાણોની પરવા કર્યા વગર હાથી શત્રુઓને જેમ હણે તેમ પરિષહોની પરવા કર્યા વગર મુનિ ક્રોધાદિક અંતરંગ શત્રુઓને હણે છે. ધ્યાનના સમયે જંતુઓ પીડા આપે તો પણ કોઈ જીવને મારે નહીં કે તેને દૂર પણ કરે નહીં. પરમકૃપાળુદેવે ઉત્તરસંડામાં અને કાવિઠામાં ધ્યાન અવસ્થામાં ડાંસ મચ્છરોના પરિષહ સમભાવે સહન કર્યા હતા. ।।૭।।

**વસ્ત્ર-અવસ્ત્ર દશામાં સંયમ હિતકારી મુનિવર માને રે,**
**વસ્ત્રવિકલ્પો સર્વે ત્યાગી રહે મગ્ન મુનિ તો ધ્યાને રે;**
**લોકલાજ કે વિષયવાસના સહી શકે નહિ સંસારી રે,**
**દુર્ધર નગ્નપરીષહ જીતે તે સાધુ શીલવ્રતધારી રે. ૮**

**અર્થ :— ૬. અચેલ પરિષહ :—** ચેલ એટલે વસ્ત્ર, કપડા. વસ્ત્ર હો કે ન હો બન્ને દશામાં મુનિવરો સંયમને હિતકારી માને છે. શ્વેતાંબર પ્રમાણે વસ્ત્ર હોય તો આત્મજ્ઞાની મુનિ વસ્ત્ર સંબંધી બધા વિકલ્પોનો ત્યાગ કરીને રહે છે. મુનિ તો બની શકે તેટલો સમય ધ્યાનમાં રહે. શ્રીમદજીએ કહ્યું : **"આત્મવિચારે કરી મુનિ તો સદા જાગૃત રહે."** સંસારી જીવો વિષય વાસના વશ કે લોકલાજ વશ આ વસ્ત્રરહિત નગ્ન પરિષહને સહન કરી શકે નહીં. આ દુર્ધર એટલે મુશ્કેલીથી ધારણ કરી શકાય એવા નગ્નપરિષહને જે જીતે તે સાધુ ખરા શીલવ્રતના ધારક છે. ।।૮।।

**ગામોગામ વિચરતા નિત્યે સહાયવણ પરિગ્રહ ત્યાગી રે,**
**દેશ-કાલ-કારણથી અરતિ સંયમમાં ઉર જો જાગી રે,**
**ત્યાગી જગ-સુખવાસ-વાસના ધીરજ ધરતા જિનરાગી રે,**
**તજી બેચેની સ્થિર થતા મુનિ મુક્તિરાગી બડભાગી રે. ૯**

**અર્થ :— ૭. અરતિ પરિષહ :—** એક ગામથી બીજે ગામ હમેશાં સહાય વિના પરિગ્રહ ત્યાગીને વિચરતાં મુનિને દેશ, કાલના કારણે સંયમમાં જો અરતિ એટલે અણગમો જન્મે તો આત્મવિચારવડે કરી જગતસુખની વાસનાને ત્યાગી ધીરજ ધારણ કરીને જિનના રાગી રહે છે. એમ બેચેનીને ત્યાગી ભાગ્યશાળી

એવા મુક્તિના રાગી મુનિઓ સ્વભાવમાં સ્થિર થાય છે. ।।૯।।

**સ્ત્રીસંસર્ગ ગણે કર્દમસમ, મલિન, મોહક, જીવ-ઘાતી રે,**
**તો સંયમમાં સ્થિર રહે મુનિ, જગમાં પ્રસરે અતિ ખ્યાતિ રે,**
**સિંહની સાથે અશસ્ત્ર લડતા, ફણિધરશીર્ષ પગે પીલે રે,**
**વજ્રસમી છાતી ઘા સહતી તે-વા-નર સ્ત્રીવશ ખેલે રે. ૧૦**

**અર્થ :— ૮. સ્ત્રી પરિષહ :—** સ્ત્રીની સંગતિને બ્રહ્મચારી કર્દમસમ એટલે કીચડ સમાન મલિન માને છે. તે જીવને મોહ પમાડનાર છે, તે આત્માને રાગ કરાવી આત્મ ગુણોની ઘાત કરનાર છે. એમ માનનાર મુનિ સંયમમાં સ્થિર રહી શકે અને તેની ખ્યાતિ જગતમાં સર્વત્ર પ્રસરે છે. સિંહની સાથે શસ્ત્ર વગર લડતા કે ફણિધરશીર્ષ એટલે સર્પના માથાને પગથી પીલી શકે એવા કે વજ્રસમાન છાતીવાળા જે શસ્ત્રોના ઘા સહન કરી શકે તેવા મનુષ્યો પણ સ્ત્રીને વશ થઈ પડી ગયા છે. ।।૧૦।।

**વિહારમાં પગપાળા ફરતા નીરખી પથદંડ-પ્રમાણે રે,**
**જગા-જનોની તજી આસક્તિ મુનિ ખેદ ન મનમાં આણે રે;**
**કઠિન જમીન પર કોમળ ચરણે વગર પગરખે મુનિ ચાલે રે,**
**પાલખી, ગાડી, અશ્વ-ગજાદિની સ્મૃતિ ન મનમાં કદી સાલે રે. ૧૧**

**અર્થ :— ૯. ચર્યા પરિષહ :—** ચર્યા એટલે વિહાર કરવો. વિહારમાં પથદંડ પ્રમાણે એટલે પગદંડી હોય તે પ્રમાણે નીચે જોઈ જોઈને પગપાળા ચાલે. લોકોની જગ્યાને કે ધર્મશાળામાં જ્યાં રહેતા હોય તેને છોડતાં આસક્તિ રાખી મનમાં ખેદ લાવે નહીં; ચાલવામાં કઠિન એવી જમીન ઉપર મુનિ શાલિભદ્રની જેમ કોમળ પગ હોય તો પણ પગરખા વિના ચાલે છે. તે વખતે પાલખી, ગાડી, ઘોડા, હાથી વગેરેની સવારીને કદી પણ મનમાં લાવતા નથી. ।।૧૧।।

**ગિરિ, ગુફા, અટવી, સમશાને શાંત ચિત્તથી, આસન મારે,**
**ત્રાસરૂપ ના બને કોઈને નિયત કાળ સુધી તત્ત્વ વિચારે,**
**સુર-નર-પશુ-પ્રકૃતિકૃત વિઘ્નો આવી પડે ને દુઃખ દે ભારે,**
**તો ય તજે ના સ્થાન મુનિ જે, તે ગુરુ વંદનયોગ્ય અમારે. ૧૨**

**અર્થ :— ૧૦. નૈષેધિકી (એક સ્થાને બેસવાનો કે ઊભા રહેવાનો) પરિષહ :—** પહાડમાં કે ગુફામાં, અટવી એટલે જંગલમાં કે સ્મશાન આદિ એકાંત સ્થળોમાં મુનિ અચળપણે શાંતચિત્તથી આસન ધરીને બેસે તેથી કોઈને ત્રાસરૂપ થાય નહીં. અને નિશ્ચિત કાળ સુધી ત્યાં બેસી તત્ત્વ વિચારણા કરે. ત્યાં દેવતા, મનુષ્ય કે પશુની ક્રૂર પ્રકૃતિકૃત કોઈ વિઘ્નો આવી પડે કે ભારે દુઃખ આપી કોઈ ઉપસર્ગો કરે છતાં જે મુનિ તે સ્થાનને છોડે નહીં તે શ્રી ગુરુ અમારે વંદન કરવા યોગ્ય છે.

જેમ પરમકૃપાળુદેવ ઈડરના પહાડોમાં કે ગુફામાં કે ધર્મપુરના જંગલોમાં વિચરતા હતા ત્યાં જંગલી જાનવરો પણ આવતા હતા. અને પ.પૂ.પ્રભુશ્રીજી પણ જુનાગઢની ગુફામાં રહ્યા હતા કે પૂ.શ્રી બ્રહ્મચારીજી પણ કુવાની પાળ ઉપર કે શીમરડા ગામમાં ઘરનાં છજા ઉપર આખી રાત ઊભા રહી ધ્યાન કરતા હતા અને જ્યાં જાય ત્યાં પ.પૂ.પ્રભુશ્રીજીએ આપેલ નાની ચટાઈ ઉપર જ બેસતા હતા. આ ત્રણેય પુરુષો નૈષેધિકી પરિષહને સહન કરતા હતા. ।।૧૨।।

**રતિ-અરતિ શય્યા-સ્થાનકમાં થતાં મુનિ પાપી પડી જાશે,**
**અવિકારક શય્યા-સ્થાનકમાં ખમતાં દુખરાત્રિ વહી જાશે;**
**પલંગ-પથારી તજી પથ્થર પર રેતી, કાંકરા પર સૂતાં રે**
**કાયર થાય ન કોમળ-તનુધર મુનિ માને કૃત પાપ છૂટ્યાં રે. ૧૩**

**અર્થ :— ૧૧. શય્યા પરિષહ :—** સૂવાના સ્થાન ઊંચા નીચા હોય કે સારાનરસાં હોય તેવા સ્થાનમાં જો મુનિ રતિઅરતિ એટલે રાગદ્વેષ કરશે તો તે પાપી બની જઈ સંયમથી પડી જશે. પણ સ્ત્રી આદિની બાધાથી રહિત એવા અવિકારક સુવાના સ્થાનકમાં દુઃખ ખમતાં આ રાત તો વહી જશે એમ વિચારી મનને દૃઢ કરે. પલંગની પથારીને મૂકી પત્થર, રેતી કે કાંકરા પર સૂતા કોમળ શરીરના ધારક મુનિ પણ કદી કાયર થતા નથી; પણ એમ માને છે કે આ પ્રમાણે સહન કરવાથી મારા કરેલા પાપો છૂટે છે. આખી અવન્તિ નગરીમાં સુકોમળ એવા અવન્તિ સુકુમાળે પણ દીક્ષા લઈ આવી કોમળ પથારીનો ત્યાગ કરી દીધો હતો. ।।૧૩।।

**મુનિ દેખી દુર્જન કો બોલે : ''આ શઠ, પાખંડી, અભિમાની,''**
**એ કર્કશ વચને ના કોપે, ક્ષમા-ઢાલ ધરતા રે જ્ઞાની;**
**દુઃખદ કર્ણે કંટકસમ સુણી વાણી, ઉપેક્ષા મુનિવર ધારે,**
**મનમાં સ્થાન મળે ના તેને આત્મ-માહાત્મ્ય જ્યાં વિચારે. ૧૪**

**અર્થ :— ૧૨. આક્રોશ પરિષહ :—** મુનિને જોઈ કોઈ દુર્જન એમ બોલે કે આ તો શઠ એટલે ઠગ છે અથવા પાખંડી કે અભિમાની છે. એવા કર્કશ વચનો સાંભળીને પણ જ્ઞાનીપુરુષો કોપે નહીં પણ ક્ષમારૂપી ઢાલ ધરીને સામાના વારને સહન કરે છે. કોઈ દુઃખને દેવાવાલી એવી કાને કાંટા સમાન વાણી બોલે તો પણ મુનિવર સાંભળીને મૌન રહે. તેની ઉપેક્ષા કરે પણ તેવા વચનોને મનમાં સ્થાન આપે નહીં. પણ આત્માના ક્ષમા આદિ ગુણોના માહાત્મ્યને વિચારી સદા શાંત રહે. પરમકૃપાળુદેવ, પ.પૂ.પ્રભુશ્રીજી કે પૂ.શ્રી બ્રહ્મચારીજી ઉપર આવા પરિષહ આવ્યા છતાં સમભાવમાં રહી કર્મોની નિર્જરા કરી છે. ।।૧૪।।

**'સહનશીલતા ઉત્તમ વર્તન' માની, માર સહે મુનિ ભારે,**
**પૂરી કેદમાં ગુપ્ત દંડ દે, બળતામાં નાખીને મારે,**
**પથ્થર, મુદ્ગર, ડાંગે મારે કે તરવારે સંહારે રે!**
**તોપણ કોપ કરે ન કદાચિત્ પૂર્વકર્મ-ફળ વિચારે રે. ૧૫**

**અર્થ :— ૧૩. વધ પરિષહ :—** સહનશીલતા રાખવી એજ ઉત્તમ વર્તન છે. **''ક્ષમા એજ મોક્ષનો ભવ્ય દરવાજો છે''** એમ માનીને ક્ષમા શ્રમણ એવા મુનિઓ ભારે મારને પણ સહન કરે છે. કેદમાં પૂરીને ગુપ્તરીતે દંડાદિકથી મારે કે બળતામાં નાખીને મારે, કે દૃઢપ્રહારીની જેમ પથ્થર, મુદ્ગર કે ડાંગથી મારે કે તલવારથી વધ કરે તો પણ મુનિ કોઈ પ્રત્યે કદાચિત ક્રોધ કરે નહીં. પણ પોતાના જ પૂર્વકર્મના બાંધેલા કર્મોનું આ ફળ છે એમ વિચારી શાંત રહે છે. ।।૧૫।।

**દીધા વણ કૈં લે ન મહાવ્રતી, 'માગ્યા વણ માય ન દે' ઉક્તિ,**
**ઘર તજી જીવવું એવું દુષ્કર, પરાધીન જીવી મુનિ લે મુક્તિ;**

**સુખદ કદી ગૃહવાસ ન ચિંતે ભિક્ષાથી મુનિ કંટાળીને;**
**ઔષધ, ચાકરી, અનુકૂળતા પ્રારબ્ધપણે વ્રત પાળી લે. ૧૬**

**અર્થ :— ૧૪. યાચના પરિષહ :—** મહાવ્રતને સાધનાર એવા મુનિ આપ્યા વિણ કંઈ લે નહીં, એવો મુનિનો આચાર છે. જ્યારે વ્યવહારમાં કહેવત છે કે માગ્યા વગર મા પણ આપતી નથી. છતાં ઘરબાર સૌ તજી એવું દુષ્કર અને પરાધીન સંયમ જીવન જીવીને મુનિ મુક્તિને મેળવે છે. તેઓ ભિક્ષા માંગવાથી કંટાળીને સુખને દેવાવાલો એવો ગૃહવાસ સારો છે એમ કદી ચિંતવે નહીં. પણ ઔષધ કે પોતાની ચાકરી કે બીજી અનુકૂળતાઓ પ્રારબ્ધ પ્રમાણે મળી રહેશે એમ માનીને મુનિ વ્રત પાળી સુખે આરાધના કરે છે. ।।૧૬।।

**ભિક્ષા ના નિર્દોષ મળે તો અધિક લાભ તપથી મુનિ માને,**
**ખેદ મહંત નહીં મન ધારે, ના દીનતા મુખ ઉપર આણે;**
**એક વખત આહાર મુનિ લે, અંતરાય યોગે ન મળે તે,**
**ઋષભ પ્રભુએ બાર માસ સુધી ધર્યો ધીરજ અ-લાભ પળે તે. ૧૭**

**અર્થ :— ૧૫. અલાભ પરિષહ :—** મુનિઓને શુદ્ધ આહારની ભિક્ષા ન મળે તો તપની વૃદ્ધિ થઈ એમ માને. પણ મનમાં તે મહાત્માઓ ખેદ કરે નહીં કે મુખ ઉપર દીનતા એટલે ગરીબાઈ લાવે નહીં. દિવસમાં એક જ વખત મુનિઓ આહાર ગ્રહણ કરે એવી ભગવાનની આજ્ઞા છે. તેથી પરમકૃપાળુદેવે પ.પૂ.પ્રભુશ્રીજી આદિ સાતે મુનિઓને દિવસમાં એક જ વખત ભોજન કરવાની આજ્ઞા કરી હતી. તે એક વખત પણ અંતરાય કર્મનો ઉદય હોય તો શુદ્ધ આહાર પ્રાપ્ત ન પણ થાય. જેમ શ્રી ઋષભદેવ ભગવાનને અંતરાય કર્મના કારણે બાર માસ સુધી ભિક્ષા મળી નહોતી છતાં ધીરજ ધારણ કરીને સમભાવમાં રહ્યા હતા. ।।૧૭।।

**વ્યાધિ-વેદના આવી પડે તો આત્મપરાયણ મુનિ વેઠી લે,**
**ઔષધ આદિ ઇચ્છે ના તે સાચી સાધુતા સાધી લે;**
**સનત્કુમાર હતા રાજર્ષિ, સોળે રોગ ભયંકર ભારે,**
**દેવ દવા કરવા આવ્યે કહે : ''કર્મ-રોગ શું તું નિવારે?'' ૧૮**

**અર્થ :— ૧૬. રોગ પરિષહ :—** વ્યાધિવેદના કર્મના ઉદયે આવી પડે ત્યારે આત્મજ્ઞાની મુનિઓ આત્મામાં પ્રજ્ઞાને સ્થિર રાખી વ્યાધિને સમભાવે વેદી લે છે; પણ ઔષધ આદિની ઇચ્છા કરતા નથી. એવા સાચા સાધુ ખરેખર આત્મસાધનાને સાધે છે. સનત્કુમાર ચક્રવર્તીપણું છોડીને મુનિ બન્યા પછી તે રાજર્ષિને સોળ ભયંકર ભારે રોગનો ઉદય થયો. ત્યારે દેવ તેમની પરીક્ષા કરવા અર્થે વૈદ્યનું રૂપ લઈને દવા કરવા આવ્યો ત્યારે સનત્કુમાર રાજર્ષિ કહે : શું તું મારો આ કર્મરૂપી રોગ નિવારી શકે? ત્યારે તે દેવ પણ ચૂપ થઈ ગયો કેમકે કર્મ રોગથી તો પોતે પણ પીડિત છે. ।।૧૮।।

**સૂકાં તૃણ ને સૂંખળા ખૂંચે, ગોખરુ કઠિન, કાંકરી, કાંટા,**
**રજ ઊડી આંખોમાં પડતી, ફાંસ તીરસમ જ્યાં પગ ફાટ્યા;**
**વસ્ત્ર, પગરખાં, મદદ ન ઇચ્છે, કામીસમ કંઈ ના ગણકારે,**
**મુક્તિ-સ્ત્રીમાં ચિત્ત નિરંતર રાખે તે મુનિ ભવ તરી, તારે. ૧૯**

**અર્થ :— ૧૭. તૃણસ્પર્શ પરિષહ :—** સૂકી ગયેલ ઘાસ અને સૂંખળા એટલે ઉંબી ઉપરના સોય જેવા રેસા ખૂંચે કે કઠિન ગોખરું, કાંકરી કે કાંટા વાગે કે રજ ઊડીને આંખમાં પડે કે જ્યાં પગ ફાટ્યા હોય તેમાં ફાંસ તીર સમાન વાગે તો પણ મુનિ વસ્ત્ર કે પગરખાની મદદ, તે દુઃખને દૂર કરવા ઇચ્છે નહીં. તે તો કામમાં અંધ બનેલ માણસની જેમ બીજું કંઈ ગણકારે નહીં; પણ મુક્તિરૂપી સ્ત્રીમાં ચિત્તને નિરંતર રાખી સ્વયં સંસાર સમુદ્રને તરી જાય છે. અને ઉદયાધીન બીજા જીવોને પણ તારે છે. ।।૧૯।।

**'આર્ય ધર્મ-સંયમ જીવન મુજ' આત્મપરાયણ મુનિ તો માને,**
**પરસેવામાં ધૂળ ભળ્યાથી મલિન તન, મન જાય ન સ્નાને;**
**સ્નાન, તેલ, સાબુ સુગંધી જીવતા સુધી મુનિઓએ ત્યાગ્યાં,**
**મૃગચર્યા સેવે મુનિ મોટા; કર્મ તેમનાથી ડરી ભાગ્યાં. ૨૦**

**અર્થ :— ૧૮. મલ પરિષહ :—** મલ એટલે શરીરનો મેલ. હું આર્ય છું, ધર્મ સંયમમય મારું જીવન છે, એમ આત્મામાં રમણતા કરનારા મુનિઓ માને છે. તેમનું મન પરસેવામાં ધૂળ ભળવાથી શરીર મલિન થઈ જાય તો પણ સ્નાન કરવાને ઇચ્છે નહીં, કેમકે સ્નાન, તેલ, સાધુ, સુગંધી પદાર્થોને જીવતા સુધી મુનિઓએ ત્યાગ્યાં છે. મોટા મુનિઓ તો મૃગચર્યા એટલે જંગલમાં રહેનારા મૃગની જેમ નિર્વસ્ત્ર અને ભોજનની પરવા કર્યા વગર ધ્યાનમાં મગ્ન રહે છે. તેમનાથી કર્મ પણ ડરીને ભાગી ગયા. ।।૨૦।।

**શ્રીમંત, નૃપ, વંદન કરનારા, ભક્તિ કરી મોદક દેનારા,**
**ચહે નહીં તત્ત્વજ્ઞ મુનિ તે રાયરંક સરખા જોનારા;**
**પરવા નહિ પૂજનની જેને, માન ન દે તો ખેદ ન ધારે,**
**રીઝે-ખીજે માનામાને તે મુનિ તુચ્છ ભમે સંસારે. ૨૧**

**અર્થ :— ૧૯. સત્કાર પરિષહ :—** શ્રીમંત કે રાજા આદિ વંદન કરે કે ભક્તિ કરીને મોદક એટલે લાડું વહોરાવે તો પણ તત્ત્વજ્ઞ એવા મુનિ તેને ઇચ્છે નહીં. તે રાજા હો કે રંક સર્વને એક સરખા જોનારા છે. જેને મન પોતાને પૂજાવાની ઇચ્છા નથી, તેમને કોઈ માન ન આપે તો પણ મનમાં ખેદ પામે નહીં. જે મુનિ માનમાં રીઝે અને અપમાનમાં ખીજે તે મુનિ તુચ્છ છે. તે સંસારરૂપી અટવીમાં જ ભમ્યા કરે છે. ।।૨૧।।

**વાદી-ગજો પ્રતિ કેસરી સમ મુનિ આગમ-તત્ત્વ-કળામાં પૂરા,**
**તો ય તજે મદ પ્રજ્ઞાનો, ગણી કેવળી વણ સર્વે અધૂરા;**
**પ્રજ્ઞામંદ-દશાથી પણ મુનિ પૂર્વ કર્મ ગણી નહિ મૂંઝાતા,**
**કર્મ ટાળવાના ઉપાયો પ્રભુદર્શિત યોજી શિવ જાતા. ૨૨**

**અર્થ :— ૨૦. પ્રજ્ઞા પરિષહ :—** વાદ કરનાર તે વાદી. વાદીરૂપ હાથી પ્રત્યે જે કેસરી સિંહ સમાન અને આગમ તત્વ-કળામાં પરિપૂર્ણ હોવા છતાં પણ પ્રજ્ઞાના મદનો ત્યાગ કરે છે. કેમકે કેવળી ભગવંતના જ્ઞાન વિના સર્વ જીવો અધૂરા છે. જો પ્રજ્ઞા મંદ હોય તો એવી દશામાં મુનિ પોતાના પૂર્વ કર્મનો દોષ ગણીને મુંઝાતા નથી પણ કર્મ ટાળવાના પ્રભુ દ્વારા બતાવેલ ઉપાયોને યોજી મોક્ષને પામે છે. ।।૨૨।।

**સત્સંગે સત્પુરુષ-યોગથી અજ્ઞાનહેતુ દૂર કરવામાં,**
**ઢીલ થયે મુનિ નહિ મૂંઝાતા હિત સત્સાધનને સ્મરવામાં,**

**વિના આવરણ ટળ્યે થશે ના અવધિ આદિ સૌ સુજ્ઞાનો,**
**સત્કારણ સેવ્યાથી કાર્યો જરૂર થનારાં મનમાં માનો. ૨૩**

**અર્થ :— ૨૧. અજ્ઞાન પરિષહ :—** સત્સંગ કે સત્પુરુષના યોગથી અજ્ઞાનના કારણોને દૂર કરવામાં ઢીલ થયે મુનિ મૂંઝાતા નથી. પણ આત્માને હિતકારી જે સત્સાધનો હોય તેની સ્મૃતિ કરીને ઉપાસના કરે છે. કેમકે વિના આવરણ ટળ્યે મતિશ્રુત અવધિ આદિ સમ્યક્‌જ્ઞાનોની પ્રાપ્તિ થતી નથી પણ સમ્યક્ કારણો સેવવાથી ઉપરોક્ત જ્ઞાનોની પ્રાપ્તિ જરૂર થશે એમ મનમાં માન્ય કરવા યોગ્ય છે. ।।૨૩।।

**'તપ આદિથી સિદ્ધિ પ્રગટે' કહે, કરું હું તપ અતિ તોયે,**
**ચમત્કાર આદિ ના દીઠું, ખોટાં આગમ આદિ હોયે,-**
**એમ કદી મુનિ ના ચિંતવતા, સુપથ વિશેષ બળે તે સાધે,**
**તો દર્શન પરિષહ જીતે તે; ધીરવીર મુનિને મોક્ષે લાધે. ૨૪**

**અર્થ :— ૨૨. દર્શન પરિષહ :—** શાસ્ત્રોમાં કહ્યું છે કે તપ આદિ કરવાથી લબ્ધિ સિદ્ધિઓ પ્રગટે છે અને હું પણ તપ આદિ ઘણા કરું છું છતાં કંઈ ચમત્કાર આદિ દેખાતા નથી. તો શું આગમ આદિ શાસ્ત્રો ખોટા હશે? એમ મુનિ કદી ચિંતવન કરતા નથી. પણ ભગવાનના કહેલા સન્માર્ગની વિશેષ બળપૂર્વક આરાધના કરે છે. તે મુનિ, દર્શન પરિષહને જીતે છે. એવા ધૈર્યવાન મુનિને મોક્ષની પ્રાપ્તિ પણ થઈ જાય છે. એમ વીતરાગ માર્ગને અનુસરનારા મુનિવરો ઉપરોક્ત બાવીસ પરિષહ રૂપી સેના ઉપર વિજય મેળવી પોતાના આત્મકલ્યાણને સાધે છે. ।।૨૪।।

---

જે મહાપુરુષો પોતાના આત્મવીરત્વથી બાવીસ પરિષહોને જીતે છે; તે જ વીરત્વ સર્વ આત્મામાં રહેલું છે. પણ અજ્ઞાની જીવ પોતાના આત્મવીર્યને કર્મ બાંધવામાં વાપરે છે; જ્યારે જ્ઞાનીપુરુષો તે જ વીર્યને કર્મ છોડવામાં વાપરે છે. તે આત્મવીરત્વનું જીવને ભાન થાય, અને જ્ઞાન ધ્યાનથી શક્તિ પ્રમાણે તે વીરત્વને પ્રગટાવી ભવ્ય જીવો પોતાનું કલ્યાણ સાધે; તે અર્થે આ પાઠમાં તેની વિસ્તારથી સમજૂતી આપવામાં આવે છે.

(૬૬)

## વીરત્વ



(થાશું પ્રેમ બન્યો છે રાજ, નિર્વહેશો તો લેખે —એ રાગ)

*



**દેજો સેવા શ્રી ગુરુરાજ જેથી નરભવ લાગે લેખે.**
**કામ વિના મન રહે ન નવરું, આપ પદે અવ રાખું;**
**પ્રપંચની આકુળતા ઓકી, સ્વરૂપ-સુખ હું ચાખું. દેજો૦**

**અર્થ :—** હે પરમકૃપાળુ ગુરુદેવ હું આપની આજ્ઞા ઉઠાવું એવી સેવા મને આપજો કે જેથી આ મારો મળેલો દુર્લભ માનવદેહ સફળ થાય.

આ મારું મન મરકટ જેવું છે. તે કામ વિના નવરું રહેતું નથી માટે આપના પદ કહેતા ચરણકમળમાં અવ એટલે હવે તેને રાખું. પાંચે ઇન્દ્રિયોની પ્રવૃત્તિ એ બધો પ્રપંચ છે. તેની આકુળતા એટલે ઇચ્છાઓની પીડાને ઓકી કાઢી હવે આત્મસ્વરૂપના સ્વાધીન સુખને હું ચાખું એવી મારી ઇચ્છા છે. માટે કૃપા કરી મને આપની સેવા આપજો. ।।૧।।

**અનંત ગુણ પંકજ-વિકાસી છતાં હું આમ ઠગાયો,**
**ભવ-અટવીમાં ભટક્યો પૂર્વે કર્મ-અરિથી તણાયો. દેજો૦**

**અર્થ :—** મારો આત્મા અનંત ગુણરૂપી વિકસિત કમળવાળો હોવા છતાં હું વિષયોથી ઠગાઈ ગયો. તેના ફળ સ્વરૂપ ભવ-અટવી એટલે સંસારરૂપી જંગલમાં કર્મરૂપી શત્રુઓ દ્વારા ખેચાઈને લાવેલો એવો હું પૂર્વે બહુ દુઃખ પામ્યો. હવે મારું આત્મ વીરત્વ પ્રગટ થાય એવી કૃપા કરો. ।।૨।।

**આત્મભ્રાંતિમાં વણ્યાં દોરડાં રાગ-દ્વેષરૂપ મોટાં,**
**તેનાથી બંધાઈ કુટાયો, અનાદિ કેદ-દુખ ખોટાં. દેજો૦**

**અર્થ :—** દેહમાં આત્મબુદ્ધિ કરીને રાગદ્વેષરૂપ મોટા દોરડા જ વણ્યા છે. એ રાગદ્વેષના ભાવોથી કરોળીઆની જેમ હું પોતે જ કર્મોથી બંધાઈને અનાદિકાળથી નરક નિગોદાદિમાં કે સ્થાવર, વિકલેન્દ્રિયમાં કેદ સમાન પડી રહી અનંત દુઃખને પામ્યો છું. ।।૩।।

**આજ રાગ-જ્વર નાશ થયો ને મોહનીંદ ગઈ ઊડી,**
**હણું ધ્યાન-તરવાર-ધારથી કર્મ-અરિ-સંતતિ કૂડી. દેજો૦**

**અર્થ :—** આજે સત્પુરુષના બોધથી આ રાગરૂપી જ્વરનો નાશ થવાથી મોહરૂપી નિદ્રા ઊડી જઈ કંઈક ભાન આવ્યું છે. માટે હવે આત્મવીરત્વને ફોરવી સહજાત્મસ્વરૂપ કે વિચારરૂપ ધ્યાનની તરવાર ધારથી કૂડી એવી કર્મશત્રુની સંતતિ એટલે પરંપરાને હણું છું. ।।૪।।

**આત્મા માત્ર જ દેખું છું હું, તજી અજ્ઞાન-અંધારું;**
**કર્મ-કાષ્ઠનો ઢગ બાળી દઉં, મહા પરાક્રમ મારું. દેજો૦**

**અર્થ :—** હવે અજ્ઞાનરૂપ અંધકારને દૂર કરી માત્ર આત્માને જ જોઉં તથા મારા આત્માના મહા પરાક્રમવડે કર્મરૂપી કાષ્ઠ એટલે લાકડાના ઢગલાને બાળી નાખું. ।।૫।।

**પ્રબળ ધ્યાન વજ્રે ક્ષય કરું હું પાપવૃક્ષનાં મૂળો,**
**તેથી પુનર્ભવ-ફળ-સંભવ નથી, ટળશે ભવદુખ-શૂળો. દેજો૦**

**અર્થ :—** પ્રબળ આત્મધ્યાનરૂપ વજ્રથી પાપવૃક્ષના મૂળને જ કાપી નાખું. તેથી કર્મના ફળમાં ફરીથી ભવ ધારણ કરવાનો સંભવ રહે નહીં. અને તેના ફળસ્વરૂપ સંસારના ત્રિવિધ તાપરૂપ દુઃખોની શૂળોનો પણ નાશ થશે. ।।૬।।

**ભવ ભવ ચાલી આવી મૂર્છા અંધાપો દે આંખે,**
**આત્મજ્ઞાનથી જોઈ શકાતો મોક્ષ-માર્ગ ના દેખે. દેજો૦**

**અર્થ :—** ભવોભવથી મોહમમત્વની મૂર્છા ચાલી આવે છે. જે સત્ય સ્વરૂપને જોવા માટે આંખે અંધાપો આપે છે. તે અજ્ઞાનરૂપ અંધકારના કારણે આત્મજ્ઞાનથી જોઈ શકાતો એવો મોક્ષમાર્ગ પણ જોઈ

શકાતો નથી. ।।૭।।

**સમસ્ત લોક અવલોકી શકે તે કેમ ન આત્મા દેખે?**
**અવિદ્યા-મગર-મુખે સપડાયું ચિત્ત સ્વરૂપ ન પેખે. દજો૦**

**અર્થ :–** આત્માની અનંત શક્તિવડે સમસ્ત લોક જોઈ શકાય એવું આત્મામાં વીરત્વ છે. તો તેથી આત્મા કેમ ન જોઈ શકાય? પણ અવિદ્યા એટલે અજ્ઞાનરૂપ મગરમચ્છના મુખમાં સપડાયેલું એવું મન, તે સ્વસ્વરૂપને જાણી શકતું નથી. ।।૮।।

**તાત્કાલિક રમણીય જણાતા વિષયો નીરસ અંતે,**
**જગમાં ઉત્તમ જ્યોતિ આત્મા તેને પણ તે વંચે. દેજો૦**

**અર્થ :–** તાત્કાલિક સુંદર જણાતાં એવા પાંચ ઇન્દ્રિયના વિષયો અંતમાં નીરસ છે. છતાં તે જગતમાં ઉત્તમ એવા સ્વયંજ્યોતિસ્વરૂપ આત્માને પણ ઠગી જાય છે. ।।૯।।

**જ્ઞાનનેત્ર હું ને પરમાત્મા; સ્વરૂપ-લાભને અર્થે -**
**ધરી પરમ જિજ્ઞાસા નિશદિન યત્ન કરું પરમાર્થે. દેજો૦**

**અર્થ :–** હું દિવ્યદૃષ્ટિવાળો દેવ છું અને નિશ્ચયનયે પરમાત્મા છું. તે મારા મૂળ સ્વરૂપને પામવા અર્થે પરમ જિજ્ઞાસા રાખી રાત-દિવસ તે પરમ સ્વરૂપને પામવા પુરુષાર્થ કરું. ।।૧૦।।

**શક્તિપણે કેવળજ્ઞાનાદિક અનંત ગુણ મારામાં,**
**પરમાત્મામાં વ્યક્ત બધા તે; ભેદ શક્તિ-વ્યક્તિમાં. દેજો૦**

**અર્થ :–** શક્તિપણે મારામાં કેવળજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય આદિ અનંત ગુણો રહેલા છે. તે જ ગુણો પરમાત્મામાં બધા વ્યક્તપણે છે. ભેદ માત્ર શક્તિ વ્યક્તિપણાનો છે. ।।૧૧।।

**ભવ-દવ પીડે ક્યાં સુધી આ? જ્યાં સુધી હું ના નાહ્યો,**
**જ્ઞાનસુધા-સાગરમાં પ્રીતે; મર્મ હવે સમજાયો. દેજો૦**

**અર્થ :–** આ સંસારરૂપી દાવાનળ મને ક્યાં સુધી પીડા આપી શકે? તો કે જ્યાં સુધી હું જ્ઞાનરૂપી અમૃતના સમુદ્રમાં પ્રીતિ ભક્તિપૂર્વક નાહ્યો નથી ત્યાં સુધી. પણ હવે તે પીડાને દૂર કરવાનો મર્મ મને સમજાઈ ગયો. ।।૧૨।।

**સુર, નર, નારક કે નહિ તિર્યગ્, પણ હું તો સિદ્ધાત્મા,**
**કર્મ-કપટ આ જાણી લીધું, બનું પ્રગટ પરમાત્મા. દેજો૦**

**અર્થ :–** હું દેવ, મનુષ્ય, નારકી કે પશુ નથી પણ હું તો સિદ્ધ પરમાત્મા જેવો છું. **''સર્વ જીવ છે સિદ્ધ સમ.''** એવો છું. આ બધી જીવની પર્યાય અવસ્થા તે કર્મનું કપટ છે, તે મેં જાણી લીધું. માટે હવે હું પણ મારા પરમાત્મસ્વરૂપને પ્રગટ કરીશ. ।।૧૩।।

**અનંત દર્શન-જ્ઞાન-વીર્ય હું પરમાનંદસ્વરૂપી;**
**કર્મરૂપ વિષ-વૃક્ષ મૂળથી નથી ઊખડ્યું અદ્યાપિ! દેજો૦**

**અર્થ :–** હું મૂળસ્વરૂપે અનંત દર્શન, જ્ઞાન, સુખ અને વીર્યમય પરમાનંદ સ્વરૂપી છું. તો પણ અદ્યાપિ એટલે આજ દિવસ પર્યંત મારું કર્મરૂપી ઝેરી ઝાડ મૂળમાંથી ઉખડ્યું નથી. ।।૧૪।।

**નિઃસ્પૃહ બાહ્ય પદાર્થોથી થઈ નિજ સામર્થ્ય જગાવું,**
**ચિદાનંદ મંદિરમાં પેસી સ્વરૂપ-સ્થિતિ ન ડગાવું. દેજો૦**

**અર્થ :—** હવે જગતના બાહ્ય ઇન્દ્રિય ગોચર ભૌતિક પદાર્થોથી મનને નિઃસ્પૃહ કહેતા ઇચ્છારહિત કરી, મારા આત્મ સામર્થ્ય એટલે વીરત્વને જાગૃત કરું. વીરત્વને પ્રગટ કર્યા પછી આત્માનંદરૂપ મંદિરમાં પ્રવેશ કરી સ્વરૂપ સ્થિરતાથી ભ્રષ્ટ થઉં નહીં, અર્થાત્ સદૈવ સ્વરૂપમાં જ સ્થિર રહું. ।।૧૫।।

**યથાર્થ આત્મસ્વરૂપનો નિર્ણય આજ જ હું કરવાનો,**
**છેદી અવિદ્યા-જાળ અનાદિ કર્મ-જયી બનવાનો. દેજો૦**

**અર્થ :—** મારા આત્મવીરત્વના બળે, મારું ખરું સ્વરૂપ શું છે? તેનો નિર્ણય હું આજે જ કરીશ અને અનાદિ અજ્ઞાનરૂપ મિથ્યા જાળને છેદી કર્મશત્રુઓ ઉપર વિજય મેળવીશ. ।।૧૬।।

**રાગાદિ દોષો તજી સર્વે ધીર પ્રતિજ્ઞા ધારે,**
**અચલ રહે તે ધર્મધ્યાનમાં ઉત્તમ શુક્લ પ્રકારે. દેજો૦**

હવે પોતાના વીરત્વવડે કર્મશત્રુઓ હણવાનો ઉપાય બતાવે છે :-

**અર્થ :—** જે પોતાના વીરત્વને ફોરવી રાગ દ્વેષાદિ સર્વ દોષોને ત્યાગી પરમકૃપાળુદેવ જેવા મનમાં અચળ પ્રતિજ્ઞાને ધારણ કરે તેવા પુરુષો ધર્મધ્યાનમાં સ્થિર રહી શકે છે. તે ધર્મધ્યાન સાતમા ગુણ સ્થાનક સુધી છે. પછી આઠમા ગુણ સ્થાનકથી ઉત્તમ શુક્લધ્યાનને આદરી કેવળજ્ઞાન પ્રગટાવે છે. ।।૧૭।।

**જ્ઞાનીનાં વચનોનો આશય મુખ્યાધાર ગણાયો,**
**ઠેઠ બારમા ગુણસ્થાનક તક, પછી બને જિનરાયો. દેજો૦**

**અર્થ :—** જ્ઞાનીપુરુષોના વચનોનો આશય કેવળજ્ઞાન પ્રાપ્તિમાં મુખ્ય આધાર ગણાયો છે. તે ઠેઠ બારમા ગુણસ્થાનકના અંત સુધી છે. ત્યાં મોહનીયકર્મ આદિ સર્વ ઘાતીયા કર્મનો ક્ષય થવાથી જિનરાજ બને છે અર્થાત્ સંપૂર્ણ રાગદ્વેષને જીતનાર થાય છે. ।।૧૮।।

**પ્રવર્તાવતાં આત્મવીર્ય કે સમેટી સ્થિર થતાં યે,**
**જ્ઞાનીની આજ્ઞાના લક્ષે વિચારવું બહુ જોયે. દેજો૦**

**અર્થ :—** કેવળજ્ઞાન પ્રગટ્યા પછી પણ ચૌદમા ગુણસ્થાનને અંતે પોતાનું આત્મવીર્ય પ્રતર્વાવી, મન વચન કાયાના યોગોને સમેટી એટલે રૂંધીને શરીરથી રહિત થઈ પોતાના આત્મસ્વરૂપમાં અ ઈ ઉ ૠ લૃ બોલીએ એટલો અલ્પ કાળ માત્ર સ્થિર થઈ, પછી આત્મા ઉપર ઊઠી એક સમયમાં સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત કરે છે. આ ગુણસ્થાનક ક્રમ જ્ઞાનીપુરુષની આજ્ઞાના આધારે બહુ વિચારવાથી ધ્યાનમાં આવવા યોગ્ય છે. ।।૧૯।।

**વીરપણું બે ભેદે ભાખ્યું : કર્મ, અકર્મ સ્વરૂપે,**
**પ્રમાદને પ્રભુ કર્મ કહે છે, અન્ય જ આત્મસ્વરૂપે. દેજો૦**

**અર્થ :—** ભગવંતોએ વીરપણું બે ભેદે કહ્યું છે. એક કર્મ સ્વરૂપે એટલે કર્મ કરવામાં વીરપણું અને બીજું અકર્મ સ્વરૂપે એટલે કર્મ છોડવામાં વીરપણું. પ્રમાદને શ્રી તીર્થંકર પ્રભુ કર્મ આવવાનું દ્વાર કહે છે. વિષય, કષાય, વિકથા, નિદ્રા અને સ્નેહ એ પ્રમાદના પંદર ભેદ છે. એ બધા કર્મ આવવાના દ્વાર છે.

જ્યારે એથી વિપરીત, ઇન્દ્રિય જય કે ઉપશમ ભાવ વગેરે કર્મ છોડવાના દ્વાર છે અને આત્મસ્વરૂપને પ્રગટાવનાર છે.

**"પ્રમાદને તીર્થંકરદેવ કર્મ કહે છે, અને અપ્રમાદને તેથી બીજું એટલે અકર્મરૂપ એવું આત્મસ્વરૂપ કહે છે. તેવા ભેદના પ્રકારથી અજ્ઞાની અને જ્ઞાનીનું સ્વરૂપ છે; (કહ્યું છે.)"** (સૂયગડાંગસૂત્ર વીર્ય અધ્યયન) (વ.પૃ.૩૯૧) ।।૨૦।।

**ધર્મ-વિમુખ પ્રમાદી જીવનું વીર્ય અપંડિત જાણો,**
**શસ્ત્ર-શાસ્ત્ર, હિંસા-યજ્ઞાર્થે, વર્તન હેય પ્રમાણો. દેજો૦**

**અર્થ :—** સંસારમાં રહેલા ધર્મવિમુખ પ્રમાદી જીવોનું વીર્ય કર્મ કરવામાં પ્રવર્તે છે. માટે તેને અપંડિત એટલે અજ્ઞાની જાણો. તેને શાસ્ત્ર શસ્ત્રરૂપ છે, કે જે ધર્મના નામે યજ્ઞ કરી તેમાં જીવોની હિંસા કરે છે. તેમનું વર્તન હેય એટલે ત્યાગવા યોગ્ય છે. એ વાત પ્રમાણભૂત છે, કેમકે—

**'જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી.'** -શ્રીમદ્ રાજચંદ્ર ।।૨૧।।

**કામભોગ અર્થે કરી માયા સુખભ્રાન્તે દુખ રળતા,**
**અસંયમી તન-મન-વચને જીવ-વધ કરી ભવદવ બળતા. દેજો૦**

**અર્થ :—** કામભોગને માટે માયા કરીને જીવોને આવા હિંસામય યજ્ઞમાં હોમી જીવ સુખની ભ્રાંતિ કરે છે અને દુઃખની કમાણી કરે છે. અસંયમી એવા અજ્ઞાની જીવો તન મન વચનથી જીવોનો વધ કરી સંસારરૂપી દાવાનળમાં બળ્યા કરે છે; અર્થાત્ ચારગતિમાં અનંત દુઃખને પામે છે. ।।૨૨।।

**અવિવેકી વીર રાગાદિકથી વૈરે વૈર વધારે,**
**પાપ અનંત કરી પીડાતા, સકર્મ વીર્ય પ્રકારે. દેજો૦**

**અર્થ :—** અવિવેકી એવા પુરુષોનું વીરત્વ રાગદ્વેષાદિ ભાવોએ કરીને વૈરથી વૈર વધારે છે. તેઓ પાપકર્મ કરવામાં પોતાના વીર્યને ફોરવવાથી અનંત પાપો કરી ચારે ગતિમાં પીડાય છે. ।।૨૩।।

**જે અબુદ્ધ મહાભાગ્યશાળી અ-સમ્યક્દૃષ્ટિ વીરો,**
**અશુદ્ધ પરાક્રમ સફલ તેમનું, મુકાય આત્મા ગીરો. દેજો૦**

**અર્થ :—** જે અબુદ્ધ એટલે અજ્ઞાની પણ બહારથી મહાવ્રત પાળવાથી કહેવાતા મહાભાગ્યશાળી એવા મિથ્યાદૃષ્ટિ વીરનું અશુદ્ધ પરાક્રમ હોવાથી, તેમની ક્રિયા પણ સફળ એટલે ફળે કરીને સહિત છે; અર્થાત્ તેમને પુણ્યપાપના ફળનું બેસવાપણું છે. ક્રિયા કરીને તેમની ઇચ્છા ઊંડે ઊંડે પણ આ લોક પરલોકના ઇન્દ્રિયસુખ મેળવવાની હોવાથી તેમનો આત્મા ગીરો મુકાઈ ગયો છે; અર્થાત્ ઇન્દ્રિયસુખ મેળવવા અર્થે પોતાનો આત્મા ઇન્દ્રિયોને આધીન થઈ ગયો છે. ।।૨૪।।

**જે પ્રબુદ્ધ મહાભાગ્યશાળી સમ્યક્દૃષ્ટિ વીરો,**
**શુદ્ધ પરાક્રમ અફલ તેમનું, અબંધ આત્મા-હીરો. દેજો૦**

**અર્થ :—** જે પ્રબુદ્ધ એટલે પ્રકૃષ્ટ છે સવળી બુદ્ધિ જેની એવા મહાભાગ્યશાળી સમ્યક્દૃષ્ટિ વીર પુરુષોનું શુદ્ધ પરાક્રમ તે અફળ છે; અર્થાત્ તેમને કર્મરૂપ ફળનું બેસવાપણું નથી. તેમની ક્રિયા કર્મબંધથી રહિત હોવાથી તેમનો આત્મા અમૂલ્ય રત્ન સમાન છે. ।।૨૫।।

**પંડિત વીર્ય અકર્મ કહ્યું, તે કેમ પ્રવર્તે સુણો :**
**નિર્દૂષણનર-કથિત ધર્મને શરણે ગ્રહતાં ગુણો. દેજો૦**

**અર્થ :–** પંડિત એટલે જ્ઞાનીપુરુષ. તેમના વીર્યને અકર્મ કહ્યું છે. કેમકે તે નવીન કર્મબંધ કરતા નથી. માટે તે મહાપુરુષો કેમ પ્રવર્તે છે તે સાંભળો. તેઓ નિર્દૂષણનર એટલે અઢાર દોષથી રહિત એવા વીતરાગ ભગવંત દ્વારા કહેલ આત્મધર્મને શરણે રહી ગુણો ગ્રહણ કરવામાં જ પોતાના આત્મવીર્યને પ્રવર્તાવે છે. ।।૨૬।।

**અનિત્ય સમજે દેવાદિક વળી સુખદ ન સગાંસંબંધી,**
**તજી મમતા લે મોક્ષમાર્ગ તે કરે પુરુષાર્થ અબંધી. દેજો૦**

**અર્થ :–** તે જ્ઞાનીપુરુષો દેવ, મનુષ્યાદિ સર્વ પર્યાયને અનિત્ય સમજે છે. તથા સગાંસંબંધીઓ પણ કંઈ સુખને દેવાવાળા નથી; પણ માત્ર ઉપાધિ અને માનસિક ચિંતા કરાવનારા છે, એમ માની તેમના પ્રત્યેની મોહમમતાને ત્યાગી મોક્ષમાર્ગને સાધે છે. અને આત્માને અબંધકારી એવા સત્પુરુષાર્થને આદરે છે. ।।૨૭।।

**પાપકર્મરૂપ કાંટા કાઢે સત્પુરુષોથી જાણી,**
**આત્મહિતનો ઉપાય સમજી, પાળે ઊલટ આણી. દેજો૦**

**અર્થ :–** તેઓ પોતાનું વીર્ય ફોરવી સત્પુરુષોથી કે શાસ્ત્રો દ્વારા સંપૂર્ણ સમ્યક્ તત્ત્વ જાણીને સર્વ પાપરૂપ કાંટાઓને કાઢે છે. અને સમ્યક્દર્શનજ્ઞાનચારિત્ર ને જ આત્મહિતનો શ્રેષ્ઠ ઉપાય સમજી ઉલ્લાસપૂર્વક તેની આરાધના કરે છે. ।।૨૮।।

**જાતિ-સ્મૃતિ આદિથી જાણી કે ધર્મસાર સુણી ધારે,**
**મુનિપણું સમ્યક્ત્વ સહિત તો જીવને તે ઉદ્ધારે. દેજો૦**

**અર્થ :–** જાતિસ્મરણ આદિ જ્ઞાનવડે કે શ્રી સત્પુરુષના વચનો દ્વારા ધર્મનો સાર જાણીને આત્મજ્ઞાન સહિત મુનિપણું જો ધારણ કરે તો તે જીવનો ઉદ્ધાર કરનાર છે. ।।૨૯।।

**જેમ કૂર્મ સંકોચે અંગો સ્વદેહમાં તે રીતે,**
**પંડિત પાપોને સંહરતા અધ્યાત્મભાવે પ્રીતે. દેજો૦**

**અર્થ :–** જેમ કૂર્મ એટલે કાચબો ભય પામતા પોતાના અંગોને પોતાના દેહમાં સંકોચી લે છે; તેમ પંડિત એટલે જ્ઞાનીપુરુષો આત્મભાવમાં પ્રીતિ હોવાથી પાપના કારણોને સમેટી લે છે. ।।૩૦।।

**સર્વ પ્રકારે સુખશીલતાનો ત્યાગ કરે મુમુક્ષુ;**
**સર્વ કામના શાંત કરી તે અનાસક્ત રહે ભિક્ષુ. દેજો૦**

**અર્થ :–** પોતાના વીરત્વને ફોરવી મુમુક્ષુ સર્વ પ્રકારે શાતા સુખનો ત્યાગ કરે છે. જેમ શાલિભદ્ર અને અવન્તિ સુકુમાળે સર્વ પ્રકારની ઇચ્છાઓને શાંત કરી ભિક્ષુ બની જઈ અનાસક્ત રહ્યાં તેમ સાચા આરાધકો આત્મજ્ઞાન હોય કે આત્મજ્ઞાની પુરુષની આજ્ઞા હોય તો ચારિત્ર અંગીકાર કરે છે. ।।૩૧।।

**અતિ પુરુષાર્થી મોક્ષમાર્ગનો ધર્મવીર મહાભાગી,**
**છકાય જીવને અભય-દાન દે અદત્તગ્રહણે ત્યાગી. દેજો૦**

**અર્થ :—** ઉપરોક્ત ચારિત્રને ગ્રહણ કરનાર અતિ પુરુષાર્થી તે મોક્ષમાર્ગમાં મહાભાગ્યશાળી ધર્મવીર પુરુષ છે. તે છકાય જીવોને અભયદાન આપે છે. તેમજ અદત્તગ્રહણ એટલે કોઈના આપ્યા વિના કંઈ પણ લેતા નથી. ।।૩૨।।

**કદી કરે વિશ્વાસઘાત નહિ, અસત્યનો પણ ત્યાગી,**
**ધર્મ ન ઓળંગે મન, વચને જિતેન્દ્રિય, વૈરાગી. દેજો૦**

**અર્થ :—** તેઓ કોઈનો કદી વિશ્વાસઘાત કરે નહીં, તેમજ અસત્ય વચન બોલવાના પણ ત્યાગી હોય. તેઓ મન વચનથી ધર્મનું કદી ઉલ્લંઘન કરે નહીં, વળી બ્રહ્મચર્યવ્રત પાળનાર જિતેન્દ્રિય હોય તેમજ સર્વ પરિગ્રહ પ્રત્યેનો રાગ તજી વૈરાગી રહેવામાં પોતાના વીરત્વનો ઉપયોગ કરે છે. ।।૩૩।।

**સર્વ પ્રકારે રક્ષે આત્મા ધ્યાનયોગ ચિર ધારે,**
**પરમ ધર્મ તિતિક્ષા માને, સુયત્ની અલ્પાહારે. દેજો૦**

**અર્થ :—** સર્વ પ્રકારથી તેઓ પોતાના આત્માની રક્ષા કરે છે. આત્માને બંધનમાં આવવા દેતા નથી. મુનિનો ધર્મ, ધ્યાન અને સ્વાધ્યાય છે. માટે ધ્યાન યોગને ચિરકાળ ધારણ કરવા પ્રયત્ન કરે છે. તિતિક્ષા એટલે સુખદુઃખ આદિ દ્વંદ્વોને ધીરજથી સહન કરવામાં તેઓ પરમધર્મ માને છે. તેમજ અલ્પઆહાર કરવામાં જે સમ્યક્પ્રકારે યત્ન કરનારા છે. એવા મુનિને એક જ વાર ભોજન કરવાની ભગવંતની આજ્ઞા છે. ।।૩૪।।

**અલ્પ પાન ને વચન અલ્પતા, મોક્ષ થતાં સુધી પાળે,**
**કીર્તિ કાજે તપ ના કરતા, અંતર્મુખ મન વાળે. દેજો૦**

**અર્થ :—** પાણી પણ અલ્પ પીએ. દિગંબર મુનિઓ તો એકવાર ભોજન કરે તેની સાથે જ પાણી પીએ, પછી નહીં; વચન એટલે વાણીની પણ અલ્પતા કરે, પ્રયોજન વગર બોલે નહીં; મૌન રહે. મુનિના આવા ધર્મો તે આયુષ્ય પૂર્ણ થતાં સુધી પાળે. તેઓ માન મોટાઈ માટે તપ કરતા નથી. પણ તપ કરીને મનને સદા અંતર્મુખ રાખવામાં પ્રયત્નશીલ રહે છે. **"અંતર્મુખદૃષ્ટિ જે પુરુષોની થઈ છે, તે પુરુષોને પણ સતત જાગૃતિરૂપ ભલામણ શ્રી વીતરાગે કહી છે. કેમકે અનંતકાળના અધ્યાસવાળા પદાર્થોનો સંગ છે, તે કંઈ પણ દૃષ્ટિને આકર્ષે એવો ભય રાખવા યોગ્ય છે."** (વ.પૃ.૪૮૬) ।।૩૫।।

**શરણ અનન્ય ગ્રહી મુમુક્ષુ શુદ્ધ સ્વરૂપને ધ્યાવે,**
**અંતર્-આત્મદશા ઉપજાવી તન્મયતા પ્રગટાવે. દેજો૦**

**અર્થ :—** તેમ મુમુક્ષુ પણ પોતાનું આત્મવીર્ય ફોરવી સદ્ગુરુનું અનન્ય શરણ ગ્રહણ કરીને તેમની આજ્ઞાએ શુદ્ધ સ્વરૂપ એટલે સહજાત્મસ્વરૂપનું ધ્યાન કરતાં અંતર આત્મદશાને ઉત્પન્ન કરી તેમાં તન્મય થાય છે. ।।૩૬।।

**સ્વરૂપ સ્વભાવિક પરમાત્માનું જાણે તે જન સુખી,**
**બહિરાત્મા તે કદી ન જાણે, ક્ષણમાં અંતર્મુખી. દેજો૦**

**અર્થ :—** એમ ઉપરોક્ત આરાધના કરતાં જે સ્વાભાવિક પરમાત્માના શુદ્ધ સ્વરૂપને જાણે તે જન સુખી થાય છે. જગતના પ્રપંચોમાં રાચી રહેલ બહિરાત્મા તે કદી આત્મસુખને જાણી શકતો નથી; જ્યારે અંતર્આત્મા એટલે સમ્યક્દૃષ્ટિ ક્ષણમાં આત્મસુખનો અનુભવ કરી શકે છે. ।।૩૭।।

**પરમાણુથી પણ જે સૂક્ષ્મ, ગગન થકી જે ગરવા,**
**જગત્પૂજ્ય સિદ્ધાત્મા વંદું, સહજ સુખ અનુસરવા. દેજો૦**

**અર્થ :—** પરમાણુથી પણ જે સૂક્ષ્મ અને ગુણોમાં ગગન એટલે આકાશ કરતા પણ જે મોટા છે, એવા જગત્પૂજ્ય સિદ્ધાત્માને હું સહજ આત્મસુખને પામવા માટે ભાવપૂર્વક પ્રણામ કરું છું. ।।૩૮।।

**જેના અંતિમ અંશ થકી પણ લોકાલોક પ્રકાશે,**
**તે ત્રિલોક-ગુરુ-જ્ઞાને રમતાં તદ્રૂપ આ જીંવ થાશે. દેજો૦**

**અર્થ :—** એ સિદ્ધ પરમાત્માના અંતિમ અંશ એટલે એક પ્રદેશથી પણ આખો લોક કે અલોક જાણી શકાય છે. એવા ત્રણેય લોકના ગુરુ સમાન પરમાત્મા દ્વારા બોધિત સમ્યક્જ્ઞાનમાં રમતા એટલે કેલી કરતાં આપણો આત્મા પણ તદ્રૂપ એટલે તે રૂપ થઈ જશે. ।।૩૯।।

**તેના ગુણગ્રામે રંગાતાં અભેદતા જ્યાં જામે,**
**ત્યાં આત્માથી આત્મા જીતે પ્હોંચે સિદ્ધિ-ધામે. દેજો૦**

**અર્થ :—** એવા શુદ્ધ આત્માના ગુણગ્રામ કરતાં, ભક્તિમાં રંગાઈ જતાં જ્યાં પરમાત્મા સાથે અભેદતા જામે એટલે મન તેમાં લય પામે, ત્યાં શુદ્ધાત્માના ધ્યાનવડે પોતાનો આત્મા પ્રાપ્ત થાય; અને અંતે શ્રેણી માંડી કેવળજ્ઞાન પ્રગટાવીને સિદ્ધિ-ધામ એવા મોક્ષપદને પામે છે. ।।૪૦।।

**વીર પ્રશંસાપાત્ર ખરો જે છોડાવે બદ્ધોને,**
**છે ભૂમિ આ મુક્તિવીરોની સદાય કટિબદ્ધો જે. દેજો૦**

**અર્થ :—** જેણે પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે તેજ ખરા વીર છે અને તેજ પ્રશંસાપાત્ર છે કે જે કર્મથી બંધાયેલા બીજા જીવોને પણ ઉપદેશ આપી છોડાવે છે. આ આર્ય ભૂમિ, મુક્તિપુરીએ જનારા વીરોની ભૂમિ છે કે જે સદા કર્મ કાપવાને કટિબદ્ધ એટલે કમર કસીને તૈયાર થયેલા છે. ।।૪૧।।

**સર્વત્ર સમજી જે ચાલે, પાપે ના લેપાતો,**
**બુદ્ધિમાન બંધનથી છૂંટવા, રુષ્ટતુષ્ટ નહિ થાતો. દેજો૦**

**અર્થ :—** એવા શૂરવીરો સર્વત્ર તત્વ સમજીને ચાલે છે, અર્થાત્ વ્યવહાર કરે છે ત્યારે પણ હું કોઈ અકાર્ય કરીને પાપથી લેપાઈ ન જાઉં એમ કાળજી રાખે છે. એવા બુદ્ધિમાન પુરુષો કર્મબંધનથી છૂટવા માટે કોઈ ઉપર રુષ્ટતુષ્ટ અર્થાત્ દ્વેષ કે રાગભાવ કરતા નથી. ।।૪૨।।

**આત્મવિભાવ જ લૌકિક સંજ્ઞા, રહે ન વીંર વશ તેને,**
**વીર પરાક્રમ ત્યાં વાપરતા, લોકવિજયીં કહે એને. દેજો૦**

**અર્થ :—** આત્માનો વિભાવ ભાવ એ જ લૌકિક સંજ્ઞા છે; અર્થાત્ જગતને સારું દેખાડવાનો જ્યાં ભાવ છે ત્યાં આત્મભાવ નથી પણ વિભાવભાવ છે. ખરા આત્મવીરત્વને ધારણ કરનાર પુરુષો આવી લૌકિક સંજ્ઞાને વશ થતા નથી, પણ પોતાના પરાક્રમને આત્માનું રૂડું થાય તેમાં વાપરે છે. પોતાના કર્મ ઉપર વિજય મેળવવાથી તેને લોકો પણ ખરા વિજયી કહે છે. અથવા પોતાના કર્મ ઉપર જેણે વિજય મેળવ્યો તેણે આખા લોક ઉપર વિજય મેળવ્યો એમ પણ કહી શકાય. ।।૪૩।।

**વીર અરતિ-રતિને ત્યાગીને સહે શબ્દ, સૌ સ્પર્શો;**
**નહિ તૃષ્ણા જીવ્યાની જેને, ખંખેરે સૌ ક્લેશો. દેજો૦**

**અર્થ :–** આવા વીર પુરુષો કઠોર શબ્દ સાંભળીને અરતિ એટલે અણગમો કરતા નથી કે પોતાની પ્રશંસા સાંભળીને રતિ એટલે રાગ કરતા નથી. તેમજ કોમળ સ્પર્શમાં રાગ કે કઠોર સ્પર્શમાં દ્વેષ કરતા નથી. પણ સમભાવે બધું સહન કરે છે. જેમને જીવવાની પણ તૃષ્ણા નથી. તેઓ સર્વ કર્મ ક્લેશના કારણોને નિર્મૂળ કરે છે. ।।૪૪।।

**ત્યાગે વીર આશા, સ્વચ્છંદો, પરિભ્રમણના હેતુ,**
**આત્મ-શાંતિ ને મરણ વિચારે, નરદેહ જ ભવસેતુ. દેજો૦**

**અર્થ :–** આવા વીર પુરુષો સર્વ પ્રકારની આશા એટલે ઇચ્છાઓને તથા સ્વચ્છંદ એટલે પોતાની ઇચ્છા પ્રમાણે ચાલવું એ જ પરિભ્રમણનું કારણ છે એમ માનીને ત્યાગે છે. તથા મરણ આવવાનું છે માટે આત્મા શાશ્વત સુખશાંતિને કેમ પામે તેના ઉપાયને વિચારે કરી શોધે છે. વળી આ દુઃખરૂપ સંસાર સમુદ્રને તરવા માટે આ મનુષ્યદેહ જ પુલ સમાન છે એમ નિશ્ચિતપણે તેઓ માને છે. ।।૪૫।।

**ધ્રુવપદ, શુદ્ધ સ્વરૂપ જે ઇચ્છે, ક્ષણિક ભોગ ના માગે;**
**કામગુણો ઓળંગી તે રહે ભોગ વિષે વૈરાગ્યે. દેજો૦**

**અર્થ :–** આત્માનું શુદ્ધ સ્વરૂપ એ ધ્રુવપદ છે. તેને જે પામવા ઇચ્છે તે વીરો ક્ષણિક ભોગ સુખોને ઇચ્છતા નથી. તેવા જીવો જગતમાં મિથ્યા કહેવાતી કામપ્રશંસાને ઓળંગી પાંચ ઇન્દ્રિયોના વિષયોથી વિરક્ત રહી વૈરાગ્યમાં ઝીલે છે. ।।૪૬।।

**વિષય-કષાયે અતિ મૂઢ જે સત્ય શાંતિ શું જાણે?**
**વીર પ્રભુ કહે : 'મોહનગરમાં ઠગાય તે શું માણે?' દેજો૦**

**અર્થ :–** વિષયકષાયમાં અતિ આસક્ત બનેલા સંસારી મૂઢ જીવો તે આત્મામાંથી પ્રગટતાં સત્ય શાંતિના સુખને ક્યાંથી જાણી શકે. વીર પરમાત્મા કહે છે કે જે જીવો સંસારની મોહ માયામાં ઠગાય, તે જીવો આત્માના પરમાનંદને ક્યાંથી માણી શકે અર્થાત્ અનુભવી શકે. ।।૪૭।।

**પાણી ભરેલી રહે ન ચાળણી, અનિત્ય તેવા ભોગો,**
**જન્મ-મરણની રેંટમાળ તજી સાધે વીર સુયોગો. દેજો૦**

**અર્થ :–** જેમ ચાલણીમાં ભરેલું પાણી રહી શકે નહીં; તેમ અનિત્ય એવા ઇન્દ્રિયોના ભોગો શાશ્વત રહી શકે નહીં. માટે અનાદિકાળના રેંટમાળ સમાન જન્મમરણના દુઃખોને દૂર કરવા, વીર પુરુષો વર્તમાનમાં મળેલા સદ્ગુરુ, સત્સંગ વગેરેના ઉત્તમ સુયોગોને પોતાના વીરત્વથી પૂરેપૂરો લાભ લેવા પ્રયત્ન કરે છે; તે જ આ મળેલ દુર્લભ માનવદેહને સફળ કરી જાણે છે. ।।૪૮।।

---

શ્રી સદ્ગુરુના યોગે પોતાના આત્માનું ખરું વીરત્વ પ્રગટવાથી પૂ.શ્રી બ્રહ્મચારીજીને સદ્ગુરુ ભગવંતનું અદ્ભુત માહાત્મ્ય ભાસ્યું. તેથી આ પાઠમાં સદ્ગુરુ ભગવંતની ખરા અંતઃકરણથી ભાવપૂર્વક

સ્તુતિ એટલે ગુણગાન કરે છે. તેમજ મોક્ષમાર્ગમાં આત્મજ્ઞાની સદ્‌ગુરુ ભગવંતની સદાય અત્યંત આવશ્યકતા છે તેનું મુમુક્ષુને અત્રે ભાન કરાવે છે.

(૬૭)



## સદ્‌ગુરુ-સ્તુતિ



(દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે રત્નપ્રભા સમ જાણો રે—એ રાગ)

*

**શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ જ્ઞાની-શરણે મુજ હિત સાધું રે,**
**ભવ ભમતાં અતિ કષ્ટે પામ્યો ચરણ શરણ આરાધું રે. શ્રીમદ્૦**

**અર્થ :—** શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ જ્ઞાની ભગવંતના શરણે હું મારા આત્માનું કલ્યાણ સાધ્ય કરું. ચાર ગતિરૂપ સંસારમાં ભટકતાં મહા મુશ્કેલીએ આવા પુરુષનો મને ભેટો થયો. માટે હવે તેમના ચરણકમળનો આશ્રય ગ્રહણ કરી તેમની આજ્ઞા ઉપાસીને મારા આત્માનું અવશ્ય કલ્યાણ કરું. ।।૧।।

**વંદન, સેવન, કીર્તન, પૂજન, શ્રવણ, મનન શુભ ભાવે રે,**
**લઘુતા, સમતા, ધ્યાન, એકતા, ભક્તિ-ભાવ ઉર આવે રે. શ્રીમદ્૦**

**અર્થ :—** પરમકૃપાળુદેવને ભક્તિભાવે હું વંદન કરું, તેમની આજ્ઞાનું સેવન કરું, તેમના ગુણોનું કીર્તન એટલે ભજન કરું, તેમના અંગોનું પૂજન કરું, તેમના ઉપદેશનું શ્રવણ કરું, તેમના કહેલા તત્ત્વોનું શુભ ભાવે મનન કરું. તેના ફળસ્વરૂપ લઘુતા, સમતા, ગુણ પ્રગટાવી સત્પુરુષના વચનનું વિચારરૂપે ધ્યાન કરું; આત્મજ્ઞાન થયે આત્મધ્યાન પ્રગટાવી ભગવાનના સ્વરૂપ સાથે એકતા કરું. એવો ભક્તિભાવ પ્રભુની વીતરાગમુદ્રા જોતાં હૃદયમાં ઉભરાઈ આવે છે, એમ પૂ.શ્રી બ્રહ્મચારીજી જણાવે છે. ।।૨।।

**ભવસાગરમાં ડૂબકાં ખાતાં પુણ્યહીન આ પ્રાણી રે,**
**નિજ દુખને ના લેશ સમજતાં પીવે ખારાં પાણી રે. શ્રીમદ્૦**

**અર્થ :—** જગતના પુણ્યહીન જીવો આ સંસારરૂપી સમુદ્રમાં ડૂબકા ખાય છે. છતાં જન્મ જરા મરણરૂપ દુઃખોના કારણોને લેશ પણ જાણતા નથી. જાણવાની તેમને ગરજ પણ જણાતી નથી, અને સમુદ્રના ખારા પાણી જેવા ઇન્દ્રિયસુખોને ભોગવી તૃપ્તિ માને છે. ।।૩।।

**સંસાર-સ્વરૂપ સમજાવે સદ્‌ગુરુ કરુણા ઉરમાં આણી રે,**
**પોતે પોત સમા તરી, તારે : સદ્‌ગુરુની એંધાણી રે. શ્રીમદ્૦**

**અર્થ :—** નિષ્કારણ કરૂણાશીલ એવા શ્રી સદ્‌ગુરુ ભગવંત હૃદયમાં દયા લાવી સંસારનું ભયંકર દુઃખમય સ્વરૂપ સમજાવે છે. પોતે શ્રી સદ્‌ગુરુ, પોત એટલે જહાજ સમાન બની સ્વયં તરે છે અને તેમની આજ્ઞાએ ચાલનાર જીવોને પણ તારે છે. એ જ સદ્‌ગુરુ ભગવંતની એંધાણી અર્થાત્ નિશાની છે. ।।૪।।

**મદ્ય-નિશામાં નિજ ઘર ભૂલી ખાળ વિષે આળોટે રે,**
**અંધો ભાન વિના બકતો બહુ કહે : "સૂંતો હું ખાટે રે." શ્રીમદ્૦**

**અર્થ :—** સંસારી જીવ મોહરૂપી દારૂના નશામાં પોતાનું આત્મઘર ભૂલી પાંચ ઇન્દ્રિયના વિષયરૂપ



શ્રીમદ્ રાજચંદ્ર

ગટરમાં આળોટે છે. દારૂના નશામાં અંધ બનેલો તે ભાન વિના બકે છે કે હું તો ખાટલા ઉપર સૂતો છું. તેમ મોહથી અંધ બનેલો પ્રાણી એમ માને છે કે હું તો સંસારમાં પરમ સુખી છું; કોઈ દુઃખ નથી. ।।૫।।

**સજ્જન સદ્ગુરુ ત્યાં થઈ જાતાં ઊભા તેવી વાટે રે,**
**જગાડતા પોકારી, "ભાઈ, અરે! શ્વાન જો ચાટે રે. શ્રીમદ્૦**

**અર્થ :—** સજ્જન એવા સદ્ગુરુ ત્યાં થઈને જતાં, રસ્તામાં ઊભા રહી તેને જગાડવા માટે પોકારીને કહે છે કે અરે! ભાઈ, આ કૂતરા તારું શરીર ચાટે છે તે જો. ।।૬।।

**જાગ્રત થા રે! આમ આવ તું, આમ આવ પોકારે રે,**
**ચાલ, ઘેર પ્હોંચાડું ભાઈ, ઊઠ, ઉતાવળ મારે રે. શ્રીમદ્૦**

**અર્થ :—** હે જીવ, '**કંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા, જાગૃત થા.**' આ બાજુ આવ, આત્મા ભણી વળ. ચાલ, તને તારા મૂળ આત્મસ્વરૂપરૂપ ઘરમાં પહોંચાડી દઉં. ભાઈ, હવે ઊઠ, મારે જવાની બહુ ઉતાવળ છે. ।।૭।।

**ક્યાં તુજ સુંદર સેજ અને આ કાદવ-ખરડી કાયા રે,**
**લાજ તજી આળોટે કેવો! ઊઠ ઉત્તમ કુળ-જાયા રે." શ્રીમદ્૦**

**અર્થ :—** ક્યાં તારી સ્વરૂપાનંદમય પથારી અને ક્યાં તારી વિષયોરૂપ કાદવમાં ખરડાયેલી આ કાયા. તું લાજ તજી વિષયોમાં કેવો આળોટે છે! હવે ઉત્તમકુળના જાયા તું ઊઠ. મૂળ સ્વરૂપે તો તું પરમાત્મસ્વરૂપમય ઉત્તમ જાતિકુળનો છું, તેનું હવે ભાન કર. ।।૮।।

**એમ મનોહર વચન કુસુમ સમ કરુણાકર ગુરુ વદતા રે,**
**કુશળ પુરુષ એ કૃપા-નજરથી વ્યસનોનું વિષ હરતા રે. શ્રીમદ્૦**

**અર્થ :—** એવા મનોહર કુસુમ એટલે ફૂલ જેવા વચનો કરુણાળુ સદ્ગુરુ બોલે છે. તે બોલે છે ત્યારે જાણે ફૂલ ઝરે છે. એવા કુશળ સત્પુરુષ, કૃપાદૃષ્ટિથી બોધ આપીને સંસારી જીવોના વિષયરૂપ વ્યસનોનું વિષ હરણ કરે છે. ।।૯।।

**અસંગ ભાવ નિજ સ્પષ્ટ બતાવી આત્મમાહાત્મ્ય બતાવે રે,**
**પરમ શાંત રસથી છલકાતું ઉર શાંતિ વરસાવે રે. શ્રીમદ્૦**

**અર્થ :—** સદ્ગુરુ ભગવંત પોતાના મન વચન કાયાની નિર્મળ ચેષ્ટા વડે પોતાનો અસંગ-અલિપ્તભાવ સ્પષ્ટ બતાવીને આત્માનું માહાત્મ્ય દર્શાવે છે. તેમનું પરમ શાંત રસથી છલકાતું એવું અંતઃકરણ મુમુક્ષુના મનમાં પરમ શાંતિ પ્રગટાવે છે. ।।૧૦।।

**એવા સદ્ગુરુ સમીપ વસતાં દિનદિન દશા વિચારું રે,**
**અપૂર્વ ગુણના આદરથી હું ગુરુ-શિક્ષા ઉર ધારું રે. શ્રીમદ્૦**

**અર્થ :—** એવા સદ્ગુરુ પરમકૃપાળુદેવનો મને ભેટો થતાં તેમની અદ્ભુત આત્મદશાનો પ્રતિદિન વિચાર કરું. તેમના અપૂર્વ ગુણો પ્રત્યે આદરભાવ લાવી શ્રી ગુરુની શિક્ષાને ભક્તિભાવે સદૈવ હૃદયમાં ધારણ કરું. ।।૧૧।।

**વિષય-કષાય વિદેશ જતા રહે, સ્વપ્ને પણ નહિ દેખું રે,**
**ઉપશમ રસમાં નિત્યે ન્હાતાં, દેહકેદ નહિ લેખું રે. શ્રીમદ્૦**

**અર્થ :–** સત્પુરુષના બોધબળે મારા વિષયકષાય વિદેશ જતાં રહો. વિષયકષાયની મને સ્વપ્ને પણ સ્મૃતિ ન હો. હવે કષાયના ઉપશમનરૂપ રસમાં નિત્ય પ્રત્યે સ્નાન કરતાં, દેહરૂપી કેદને ગણું નહીં; અર્થાત્ દેહની વિશેષ સંભાળ લઉં નહીં, પણ આત્માની સંભાળ લઉં, કારણ અનંત ભવ એક ભવમાં ટાળવા છે. ।।૧૨।।

**સદ્ગુરુયોગ વિના સાધુ પણ વિષય-કષાયે કૂદે રે,**
**નટ સમ નાચે આસક્તિમાં, જરા નહીં ખમી ખૂંદે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** આત્મજ્ઞાની સદ્ગુરુના યોગ વિના તો સાધુપુરુષો પણ વિષયકષાયમાં મહાલે છે. તેમની વૃત્તિઓ પણ આસક્તિને કારણે વિષયોમાં નટ સમાન નાચે છે. તથા વૃત્તિની મલિનતાના કારણે આવેલ દુઃખને જરા પણ ક્ષમાભાવે સહન કરી શકતા નથી. ।।૧૩।।

**મહા ભયંકર મમતા સેવે, નિજ સ્વરૂપ ન જાણે રે,**
**કામ-ભોગમાં ચિત્ત પરોવે, પડતા દુર્ગતિ-ખાણે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** કુગુરુ આશ્રયે રહેલા એવા સાધુપુરુષો પર વસ્તુઓમાં મહા ભયંકર મમતાભાવ સેવે છે. જેને પોતાના આત્મસ્વરૂપનું પણ ભાન નથી તેથી કામભોગમાં ચિત્ત પરોવી આયુષ્ય પુરું થયે દુર્ગતિરૂપી ખાણમાં જઈ પડે છે. ।।૧૪।।

**સદ્ગુરુ-યોગે જો સમજી લે શરીર સંયમ કાજે રે,**
**સમતા સાધે તે જન સાધુ, અવસર આવ્યો આજે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** સદ્ગુરુના યોગે જો તે સાધુપુરુષો સમજી લે કે આ શરીર તો માત્ર સંયમ કાજે છે, તો તે સમતાભાવને સાધશે. તે જ ખરા સાધુપુરુષ છે. તેવા સાચા સાધુપુરુષો સદ્ગુરુનો યોગ મળવાથી આત્મજ્ઞાન પ્રાપ્તિનો અપૂર્વ અવસર આવ્યો જાણી તેમની આજ્ઞાને ઉપાસી જીવન ધન્ય બનાવશે. ।।૧૫।।

**સ્વરૂપ સમજી સદ્ગુરુ દ્વારા શમાય તે જગ જીતે રે,**
**સર્વ શક્તિએ સદ્ગુરુ-આજ્ઞા ઉઠાવશે તે પ્રીતે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** સદ્ગુરુ દ્વારા પોતાના આત્મસ્વરૂપને સમજી જે શમાય તે જગતની વાસનાને જીતી જશે. તે ઉત્તમ શિષ્યો પોતાની સર્વ શક્તિથી શ્રી સદ્ગુરુદેવની આજ્ઞાને પરમ પ્રીતિપૂર્વક ઉઠાવવાનો સતત ઉદ્યમ કરશે. ।।૧૬।।

**આત્મજ્ઞાની ગુરુ સમદર્શી છે, ઉદયાધીન જે વર્તે રે,**
**સત્શ્રુતરૂપ વાણી જે વદતા, જીવે સ્વપર-હિત અર્થે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** આત્મજ્ઞાની એવા સદ્ગુરુ માન અપમાન, હર્ષ શોક આદિમાં સમદર્શી રહે છે. માત્ર ઉદયાધીન વર્તે છે. સર્વ શ્રુતના નિચોડરૂપ જે વાણી પ્રકાશે છે તથા સ્વપરના હિતાર્થે જ જેનું જીવન છે.

**"આત્મજ્ઞાન સમદર્શિતા; વિચરે ઉદયપ્રયોગ;**
**અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ."** –શ્રીમદ્ રાજચંદ્ર ।।૧૭।।

**જિતેન્દ્રિય, જિતમોહ, નિરિચ્છક સ્વ-સ્વરૂપમાં રમતા રે,**
**નિરુપાધિક સુખમગ્ન નિરંતર ભક્તજનોને ગમતા રે. શ્રીમદ્૦**

**અર્થ :—** જે સદ્‌ગુરુ ભગવંત જિતેન્દ્રિય છે. જેણે મોહને જીતી લીધો છે. જગત સુખની જેને અલ્પ પણ સ્પૃહા નથી એવા નિસ્પૃહ સદ્‌ગુરુ ભગવંત સદા પોતાના આત્મસ્વરૂપમાં રમનારા છે. જે વિષયકષાયની અંતરંગ ઉપાધિથી મુક્ત બની સ્વરૂપસુખમાં નિરંતર મગ્ન રહે છે એવા શ્રી સદ્‌ગુરુ ભગવંત ભક્તજનોને મનમાં ગમે છે. ।।૧૮।।

**સત્ય સ્વરૂપ તે મુનિપણું છે, મુનિપણું આતમજ્ઞાને રે,**
**અપ્રમાદી મુનિ નિર્ભય નિત્યે, પ્રમાદ ગમે અજ્ઞાને રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** આત્માનું પ્રગટ સત્યસ્વરૂપ તે મુનિપણું છે. અને મુનિપણું છે તે આત્મજ્ઞાનને લઈને છે.

**"આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, તે સાચા ગુરુ હોય."** -શ્રીમદ્ રાજચંદ્ર

**"આતમજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્ય લિંગી રે."** -શ્રી આનંદઘનજી

"आतमज्ञान जहाँ पीछाणो, उनको साधु दशा ही जानो." -શ્રી ચિદાનંદ

જે સદૈવ અપ્રમાદી છે તે મુનિ છે. તે સદા નિર્ભય રહે છે. અજ્ઞાનના કારણે સંસારી જીવોને પ્રમાદ પ્રિય હોય છે. ।।૧૯।।

**સંસાર શરીર ને ભોગ ભયંકર મુનિ માને વિજ્ઞાને રે,**
**કેમ નિરાંતે ટકે મુનિ ત્યાં, રહે ચેતતા ધ્યાને રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** મુનિ, વિજ્ઞાન એટલે આત્માના વિશેષ જ્ઞાનના બળે જન્મ, જરા, મરણરૂપ સંસારને તથા રોગના ઘરરૂપ શરીરને તેમજ પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્તિરૂપ ભોગને ભયંકર માને છે. માટે મુનિનું મન નિરાંતે ત્યાં કેમ ટકી રહે? તે તો આત્મધ્યાન વડે કરી હમેશાં ચેતતા રહે છે. ।।૨૦।।

**નાનાં નયને વ્યોમ સમાયે તારા, રવિ, શશી સાથે રે,**
**તેમ સમાયે સદ્‌ગુરુપદમાં દેવ, ધર્મ, જિનનાથે રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** જેમ નાના એવા નયન એટલે આંખમાં વિશાળ એવું વ્યોમ એટલે આકાશ, તારા, સૂર્ય અને ચંદ્રમા પણ સાથે સમાઈ જાય; તેમ સદ્‌ગુરુપદમાં જિનનાથ એટલે અરિહંત, સર્વ સર્વજ્ઞ અને ધર્મ તત્ત્વ બધું સમાય છે. કારણ કે સદ્‌ગુરુ પણ પોતાના શુદ્ધ સહજાત્મસ્વરૂપને પામેલા છે માટે.

**"સદ્‌ગુરુ પદમેં સમાત હૈ, અર્હંતાદિ પદ સર્વ;**
**તાતેં સદ્‌ગુરુ ચરણકૂં, ઉપાસો તજી ગર્વ."** ।।૨૧।।

**સદ્‌ગુરુ સુદેવપદ દર્શાવે, શુદ્ધ ધર્મ સમજાવે રે,**
**સદ્‌ગુરુ દ્વારા બોધિબીજ લઈ સુશિષ્ય વૃક્ષ જમાવે રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** સદ્‌ગુરુ ભગવંત સદ્‌દેવ તત્ત્વને સમ્યક્ રીતે દર્શાવે છે, તેમજ શુદ્ધ આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મને પણ સમજાવે છે. આજ્ઞાંકિત શિષ્ય સદ્‌ગુરુ દ્વારા બોધિબીજ એટલે સમકિત પામીને કેવળજ્ઞાનરૂપ વૃક્ષને પોષણ આપે છે. ।।૨૨।।

**ધર્મવસ્તુ અતિ ગુપ્ત રહી છે - ગ્રંથ ગ્રંથિ નહિ ભેદે રે,**
**નિર્ગ્રંથગુરુ-અનુગ્રહથી પામે મહાભાગ્ય નિઃખેદે રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** ધર્મ એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. માત્ર ગ્રંથ એટલે શાસ્ત્રો તે મિથ્યાત્વની ગ્રંથિને ભેદી આત્મધર્મ પમાડી શકે નહીં. પણ જેની મિથ્યાત્વની ગ્રંથિ ભેદાઈ ગઈ છે એવા નિર્ગ્રંથ ગુરુની કૃપાથી કોઈ

મહા ભાગ્યશાળી આત્મા ખેદ વગર સહેલાઈથી તે મિથ્યાત્વની ગ્રંથિને ભેદી શકે છે. ।।૨૩।।

**સદ્ગુરુના ઉપદેશે જો જીંવ સુપાત્રતા પ્રગટાવે રે,**
**તો શીતળતામય શાંતિથી ભવ-સંતાપ બુઝાવે રે. શ્રીમદ્**

**અર્થ :–** સદ્ગુરુના ઉપદેશથી જો જીવ આત્મજ્ઞાનની યોગ્યતા પ્રગટાવશે તો શીતળતામય એવી આત્મશાંતિને પામી ત્રિવિધતાપરૂપ ભવ સંતાપને તે બુઝાવી શકશે. ।।૨૪।।

**પારસમણિનો સ્પર્શ થતાં જો કનક-ગુણ લહે લોઢું રે,**
**પણ પારસમણિ બની શકે ના, એ અચરજ તો થોડું રે. શ્રીમદ્**

**અર્થ :–** પારસમણિનો સ્પર્શ થતાં લોઢું, કનક એટલે સોનુ બની જાય છે. પણ લોઢુ પારસમણિ બની શકે નહીં. એ તો થોડું આશ્ચર્યકારક છે. ।।૨૫।।

**ગુરુ-ભક્તિ ગૌતમમાં ઉત્તમ, શિષ્યોને ઉદ્ધરતા રે,**
**પોતે કેવળજ્ઞાન-રહિત પણ શિષ્યો કેવળ વરતા રે! શ્રીમદ્**

**અર્થ :–** પણ વિશેષ આશ્ચર્યકારક વાત તો આ છે કે શ્રી ગૌતમ સ્વામીમાં ભગવાન મહાવીર પ્રત્યે એવી ઉત્તમ પ્રકારની ભક્તિ હતી કે પોતે પંદરસો તાપસોને શિષ્ય બનાવી તેમનો ઉદ્ધાર કરતાં, પોતે કેવળજ્ઞાન રહિત હોવા છતાં પણ શિષ્યો કેવળજ્ઞાનને પામી ગયા. ।।૨૬।।

**પથ્થર સમ શિષ્યો અથડાતા, ગુરુ-કારીગર મળતાં રે,**
**બોધ-ટાંકણે નિત્ય ઘડાતાં, પ્રતિમા-સ્વરૂપે ભળતાં રે. શ્રીમદ્**

**અર્થ :–** અહીં તહીં અથડાતા એવા પત્થર સમાન શિષ્યોને પણ શ્રી ગુરુ જેવા કારીગર મળતાં, તેમને નિત્ય બોધરૂપી ટાંકણાથી ઘડીને, પૂજવા યોગ્ય પ્રતિમા સ્વરૂપ બનાવી દે છે.

**"ગુરુ કારીગર સારિખા, ટાંકી વચન વિચાર;**
**પત્થરસેં પ્રતિમા કરે, પૂજા લહે અપાર."** –આલોચનાદિ પદસંગ્રહ ।।૨૭।।

**પૂજ્યપદે જ્યાં થઈ સ્થાપના, દેવરૂપે રહે કેવા રે!**
**દેવ-ભાવ પ્રગટાવે સદ્ગુરુ દેવ-દેવરૂપ એવા રે. શ્રીમદ્**

**અર્થ :–** પ્રતિમાસ્વરૂપ બનાવવાથી શિષ્યની પૂજ્યપદે સ્થાપના થતાં તે દેવરૂપે કેવા શોભે છે. શિષ્યને દેવસ્વરૂપ બનાવનાર એવા સદ્ગુરુદેવને પણ દેવસ્વરૂપને પામેલા છે. ।।૨૮।।

**ઉદાસીનતા સેવી નિરંતર ગુરુભક્તિમાં રહેવું રે,**
**ચરિત્ર સત્પુરુષોનાં સ્મરવાં, ગુરુ-ગુણે મન દેવું રે. શ્રીમદ્**

**અર્થ :–** એવા સદ્ગુરુ ભગવંતની ભક્તિમાં ઉદાસીનતા એટલે વૈરાગ્યભાવ ધારણ કરીને નિરંતર રહેવા યોગ્ય છે. એવા સત્પુરુષોનાં જીવનચરિત્રોનું સ્મરણ કરવું. તથા શ્રી ગુરુના ગુણોમાં મનને પરોવવું. એમાં આત્માનું પરમ હિત રહેલું છે.

**"નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો; સત્પુરુષોની ભક્તિ પ્રત્યે લીન થવું; સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું; સત્પુરુષોનાં લક્ષણનું ચિંતન કરવું; સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું; તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાનાં અદ્ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; તેઓએ સમ્મત કરેલું**

**સર્વ સમ્મત કરવું.''** (વ.પૃ.૨૫૦) ।।૨૯।।

**મુખાકૃતિ અવલોકવી ઉરે, તન-મન-વચનની ચેષ્ટા રે,**
**અદ્ભુત રહસ્યભરી ગણી ભાવો ગુરુ-સંમતિ-મતિ શ્રેષ્ટા રે. શ્રીમદ્૦**

**અર્થ :–** સત્પુરુષની વીતરાગમય મુખાકૃતિનું હૃદયમાં અવલોકન કરું. તેમના તન મન વચનની અદ્ભુત રહસ્યભરી ચેષ્ટાઓને વારંવાર નિહાળી શ્રી ગુરુએ સમ્મત કરેલું તે સમ્મત કરવું તથા એમાં જ મારી મતિની શ્રેષ્ઠતા રહેલી છે એમ માનવું. ।।૩૦।।

**મુક્તિ માટે માન્ય રાખજો, જ્ઞાનીએ ઉર રાખ્યું રે,**
**સર્વ સંતના અંતરનો આ મર્મ પામવા દાખ્યું રે. શ્રીમદ્૦**

**અર્થ :–** મુક્તિ મેળવવા માટે ઉપરોક્ત જણાવેલ વચનો માન્ય રાખજો. જ્ઞાનીઓએ આ વાત હૃદયમાં રાખેલ, તે સર્વ સંતના અંતરનો મર્મ પામવા માટે અત્રે પ્રગટ કરેલ છે.

**''આ જ્ઞાનીઓએ હૃદયમાં રાખેલું, નિર્વાણને અર્થે માન્ય રાખવા યોગ્ય, શ્રદ્ધવા યોગ્ય, ફરી ફરી ચિંતવવા યોગ્ય, ક્ષણે ક્ષણે, સમયે સમયે તેમાં લીન થવા યોગ્ય, પરમ રહસ્ય છે. અને એ જ સર્વ શાસ્ત્રનો, સર્વ સંતના હૃદયનો, ઈશ્વરના ઘરનો મર્મ પામવાનો મહા માર્ગ છે. અને એ સઘળાનું કારણ કોઈ વિદ્યમાન સત્પુરુષની પ્રાપ્તિ, અને તે પ્રત્યે અવિચળ શ્રદ્ધા એ છે.''** (વ.પૃ.૨૫૧) ।।૩૧।।

**વિદ્યમાન ગુરુ જ્ઞાની મળતાં અવિચળ શ્રદ્ધા આવે રે,**
**તો સઘળું આ ઉર ઉતારી ભક્તિભાવ જગાવે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** વિદ્યમાન એટલે આત્મા જેને પ્રાપ્ત છે એવા પ્રત્યક્ષ આત્મજ્ઞાની ગુરુ મળતાં, તેમના પ્રત્યે અવિચળ શ્રદ્ધા આવે છે અને ઉપર જણાવેલ બધી વાત હૃદયમાં ઊતરી તેમના પ્રત્યે અત્યંત ભક્તિભાવ જાગૃત થાય છે. ।।૩૨।।

**ગિરિ-ગુફાનું ગહન અંધારું દીવો થતાં દૂર થાશે રે,**
**સદ્ગુરુ-બોધ ઉરે પરિણમતાં અજ્ઞાન અનાદિ જાશે રે. શ્રીમદ્૦**

**અર્થ :–** પર્વતમાં રહેલ ગુફાનું ગહન અંધારું હોય પણ દીવો થતાં તત્ક્ષણ દૂર થાય છે. તેમ સદ્ગુરુ ભગવંતનો બોધ હૃદયમાં પરિણામ પામતાં અનાદિકાળનું અજ્ઞાન પણ દૂર થઈ જાય છે.

**''કોટિ વર્ષનું સ્વપ્ન પણ, જાગૃત થતાં સમાય;**
**તેમ વિભાવ અનાદિનો, જ્ઞાન થતાં દૂર થાય.''** –શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર ।।૩૩।।

**જન્મ મરણ રૂપ ગહન નદીમાં ઘણો તણાતો આવ્યો રે,**
**ગુરુ પરમકૃપાળુ શિખા ગ્રહી ખેંચી લે તો ફાવ્યો રે. શ્રીમદ્૦**

**અર્થ :–** જન્મમરણરૂપ ગહન નદીમાં હું અનાદિકાળથી ઘણો તણાતો આવ્યો છું. પણ ગુરુ પરમકૃપાળુદેવ હવે કૃપા કરીને તેમાંથી મારી શિખા એટલે ચોટલી પકડીને મને ખેંચી કાઢે તો હું ફાવી જાઉં, અર્થાત્ સંસારરૂપી જળમાં ડૂબતો બચી જાઉં. ।।૩૪।।

**તટ નિકટ આ નરભવ દુર્લભ, પૂર્વ પુણ્યથી પામ્યો રે,**
**સદ્ગુરુયોગ અચાનક મળતાં ખટપટથી વિરામ્યો રે. શ્રીમદ્૦**

**અર્થ :—** મનુષ્યરૂપી તટની પાસે આવવું દુર્લભ હોવા છતાં હું પૂર્વ પુણ્યના બળે આવ્યો છું. ત્યાં સદ્ગુરુનો અચાનક યોગ મળતાં, તેમનાં અદ્ભુત વચનબળે હું સંસારની માયા પ્રપંચરૂપ ખટપટથી વિરામ પામ્યો છું, અર્થાત્ કંઈક પાછો હટ્યો છું. ।।૩૫।।

**અપૂર્વ બોધકર લંબાવી ગુરુ ભવજળથી ઉદ્ધારે રે,**
**પરાધીનતા પરી થાય સૌ, ગુરુ-કૃપા-દૃષ્ટિ તારે રે. શ્રીમદ્**૦

**અર્થ :—** સદ્ગુરુ પરમકૃપાળુદેવ અપૂર્વ બોધરૂપી હાથ લંબાવીને સંસારરૂપી સમુદ્રમાં ડૂબી રહેલા એવા મારો ઉદ્ધાર કરે છે. તેથી વિષયોની મારી બધી પરાધીનતા પરી એટલે દૂર થાય છે. એવી શ્રી ગુરુની કૃપાદૃષ્ટિ જીવોની તારણહાર છે. ।।૩૬।।

**જેમ જેમ સદ્ગુરુ ઓળખાયે, જાય અનંતાનુબંધી રે,**
**બોધબળે મિથ્યાત્વ હણાયે, થાય સુદૃષ્ટિ-સંધિ રે. શ્રીમદ્**૦

**અર્થ :—** જેમ જેમ સદ્ગુરુનું ઓળખાણ થાય તેમ તેમ અનંતાનુબંધી કષાય મોળા પડે છે. સત્પુરુષના બોધે અનાદિથી દેહમાં આત્મબુદ્ધિ વગેરે મિથ્યા-માન્યતાઓ નાશ પામે છે અને સમ્યક્દર્શન સાથે સંધિ એટલે જોડાણ થતું જાય છે.

**"જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે."** (વ.પૃ.૪૧૯) ।।૩૭।।

**નિજ સ્વરૂપ સમજાતાં સમ્યક્, વિકથાથી કંટાળે રે,**
**ભોગવિલાસથી વૃત્તિ આળસે, ગુરુ-આજ્ઞા તે પાળે રે. શ્રીમદ્**૦

**અર્થ :—** પોતાનું આત્મસ્વરૂપ સમ્યક્પ્રકારે સમજાતા તે દેશકથા, રાજકથા, સ્ત્રીકથા અને ભોજન કથારૂપ વિકથાથી કંટાળે છે. અને ભોગ વિલાસથી તેની વૃત્તિ આળસે છે અર્થાત્ ભોગો પ્રત્યે રુચિ રહેતી નથી તથા ગુરુ આજ્ઞાનું સત્ય રીતે પાલન કરે છે.

**"સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે, અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે; વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે, કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે;"** (વ.પૃ.૪૧૯) ।।૩૮।।

**ગુરુ ઓળખાતા ઘટ-વૈરાગ્યે, વૈરાગ્ય વધે સુયોગે રે,**
**સદ્ગુરુ-યોગે સત્જિજ્ઞાસા મુમુક્ષુતા સહ જાગે રે. શ્રીમદ્**૦

**અર્થ :—** સદ્ગુરુની ઓળખાણ થતાં હૃદયમાં વૈરાગ્યભાવ જન્મે છે. તથા સત્સંગ સત્પુરુષના સમાગમથી તે વૈરાગ્ય વધે છે. વળી સદ્ગુરુના યોગે મોહથી મુંઝાઈને મુમુક્ષુતા પામી આત્મા પ્રાપ્ત કરવાની સાચી જિજ્ઞાસા જાગે છે. ।।૩૯।।

**અનિત્ય આદિ બાર ભાવના સહ સદ્વર્તન સુલભ રે,**
**સદ્ગુરુનો જો યોગ થયો તો આત્મજ્ઞાન નથી દુર્લભ રે. શ્રીમદ્**૦

**અર્થ :—** અનિત્ય આદિ બાર ભાવના ભાવે તો સદ્વર્તન પાળવું સુલભ થાય છે; જેથી યોગ્યતા આવે છે. પછી સદ્ગુરુનો યોગ થયો તો આત્મજ્ઞાન પામવું દુર્લભ નથી.

**"સત્પુરુષ મળ્યે આ સત્પુરુષ છે એટલું જાણી, સત્પુરુષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચવિષયાદિને વિષે રક્ત હતો તેમ રક્ત ત્યાર પછી નથી રહેતો, અને અનુક્રમે તે રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે; અથવા સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કંઈ દુર્લભ નથી; તથાપિ સત્પુરુષને વિષે, તેના વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી; અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું છે, એમ પણ કહેવું કઠણ છે."** (વ.પૃ.૪૧૯) ।।૪૦।।

**સદ્‌ગુરુ પ્રત્યે પ્રેમ ન જાગે, સદ્‌બોધે નહિ રાચે રે,**
**ગુરુવચનના આશય પ્રત્યે પ્રીતિ-ભક્તિ ના વાધે રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** જો જીવને સદ્‌ગુરુ પ્રત્યે પ્રેમ જાગે નહીં, તેમના સમ્યક્‌બોધમાં ભક્તિપૂર્વક રાચે નહીં. કે તેમના વચનના આશય પ્રત્યે પ્રીતિ ભક્તિ વધે નહીં તો આત્મકલ્યાણ પણ થાય નહીં. ।।૪૧।।

**તો ના આત્મવિચાર ઊગે કદી પરમાં રહે આસક્તિ રે,**
**પર-વ્યાપારે પરાધીન બની પરની કરશે ભક્તિ રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** સદ્‌ગુરુ કે તેમના વચન પ્રત્યે પ્રેમ આવે નહીં તો આત્મવિચાર પણ કદી ઉત્પન્ન થાય નહીં અને પર પદાર્થમાં જ તેની આસક્તિ રહે છે. એવા જીવો પરવસ્તુઓની લેવડદેવડમાં જ રાગપૂર્વક રાચી રહી પરની જ ભક્તિ કર્યા કરશે. ।।૪૨।।

**સદ્‌ગુરુયોગે જીવ વિચારે : "સાધન આજ સુધીનાં રે**
**લક્ષ વિનાના બાણ સમાં સૌ નિષ્ફળ હતાં કુ-ધીનાં રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** જો સાચો મુમુક્ષુ હોય તો સદ્‌ગુરુનો યોગ થયા પછી એમ વિચારે કે આજ સુધીના મારા કલ્યાણને અર્થે જે સાધન હતા તે લક્ષ વિનાના બાણ સમા સર્વ નિષ્ફળ હતા. તે કુ-ધી એટલે મિથ્યાબુદ્ધિથી ઉત્પન્ન થયેલા હતા.

**"જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારાં પ્રયત્ન કલ્યાણને અર્થે હતાં તે સૌ નિષ્ફળ હતાં, લક્ષ વગરનાં બાણની પેઠે હતાં, પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે, તો મારા સર્વ સાધન સફળ થવાનો હેતુ છે."** (વ.પૃ.૪૧૯) ।।૪૩।।

**અપૂર્વ સદ્‌ગુરુયોગે સઘળાં સાધન સફળ થવાનાં રે,**
**લાગ ન ચૂકું હવે પ્રમાદે, કાઢું નહિ કોઈ બા'નાં રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** હવે અપૂર્વ સદ્‌ગુરુનો યોગ મળવાથી સઘળાં સાધન સફળ થવાનો જોગ છે. માટે હવે પ્રમાદમાં પડી રહી કોઈ બહાનું કાઢીને આવો અપૂર્વ લાભ ચૂકું નહીં. ।।૪૪।।

**ઊંડું અંતરમાં વિચારી દૃઢ પરિણામ ટકાવી રે,**
**જાગ્રત થઈને જાગ્રત રહું હું, સત્પુરુષાર્થ જગાવી રે. શ્રીમદ્‌૦**

**અર્થ :—** ઉપરોક્ત વાતને અંતરમાં ઊંડી વિચારી આત્મભાવને દૃઢપણે ટકાવી રાખું તથા સત્પુરુષાર્થ જગાવી જાગૃત થઈને સદા જાગૃત રહું. ।।૪૫।।

**અપૂર્વ ફળ મળવાના યોગે પાછી પાની ન ધારું રે,**
**અંતરાય કરનારાં કારણ શોધી શોધી નિવારું રે." શ્રીમદ્‌૦**

**અર્થ :–** અપૂર્વ ફળ તે આત્મદર્શન અથવા સમકિત છે. તે મળવાના યોગે હવે પાછી પાની કરું નહીં. તેમાં અંતરાય કરનારા કારણોને શોધી શોધીને પણ દૂર કરું. ।।૪૬।।

**'હું જાણું છું' એ અભિમાને રખડ્યો કાળ અનાદિ રે,**
**કુળધર્મ ને ચાલુ ક્રિયા લોક-લાજ સહ નાથી રે. શ્રીમદ્**

**અર્થ :–** 'હું જાણું છું' એ અભિમાન વડે જીવ અનાદિકાળથી રખડ્યો છે. કુલધર્મ અને કરતા આવ્યા છે તે ક્રિયાને, લોકલજ્જાના કારણો સહિત ઘોડાના લગામની જેમ પકડી રાખે છે, પણ છોડતો નથી.

**"તેમાં અંતરાય કરનાર 'હું જાણું છું', એ મારું અભિમાન, કુળધર્મને અને કરતા આવ્યા છીએ તે ક્રિયાને કેમ ત્યાગી શકાય એવો લોકભય, સત્પુરુષની ભક્તિ આદિને વિષે પણ લૌકિકભાવ, અને કદાપિ કોઈ પંચવિષયાકાર એવાં કર્મ જ્ઞાનીને ઉદયમાં દેખી તેવો ભાવ પોતે આરાધવાપણું એ આદિ પ્રકાર છે,' તે જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. એ પ્રકાર વિશેષપણે સમજવા યોગ્ય છે; તથાપિ અત્યારે જેટલું બન્યું તેટલું લખ્યું છે."** (વ.પૃ.૪૧૯) ।।૪૭।।

**સત્પુરુષોની ભક્તિ આદિક લૌકિક ભાવે કરવાં રે,**
**પંચ વિષયરૂપ કર્મ જ્ઞાનીનાં દેખી તે અનુસરવાં રે. શ્રીમદ્**

**અર્થ :–** સત્પુરુષોની ભક્તિ આદિ લૌકિક ભાવે એટલે આ લોકના સંસાર સુખ મેળવવા અર્થે જીવ કરે અથવા જ્ઞાનીપુરુષના પંચ વિષયાકાર કર્મ ઉદયમાં દેખી પોતે પણ એમ વર્તવાનો ભાવ રાખે એ અનંતાનુબંધી કષાય છે. ।।૪૮।।

**ઇત્યાદિ વિઘ્નો વિચારી મુમુક્ષુ-જન, ટાળે રે,**
**અનંતાનુબંધી ભાવો એ જ્ઞાન-વિચારે ગાળે રે. શ્રીમદ્**

**અર્થ :–** કલ્યાણ માર્ગમાં ઉપર જણાવેલ વિઘ્નોને સ્થિર ચિત્તથી વિચારી મુમુક્ષુજન ટાળે છે. એવા અનંતાનુબંધી કષાય ભાવોને તે સમ્યક્જ્ઞાન વિચારે કરીને ગાળે છે. ।।૪૯।।

**ધન, સંબંધી, ગામ, ધરાદિક તજી અનેક પ્રકારે રે,**
**આ અભિમાન, મમત્વ, વાસના ભવ-બીજ કેમ વધારે રે? શ્રીમદ્**

**અર્થ :–** પૂર્વ ભવે કે આ ભવે અનેક પ્રકારે ધન, સગાં સંબંધી, ગામ, ધરાદિક એટલે પૃથ્વી આદિને છોડ્યા છે. પણ તે પ્રત્યેનું અભિમાન, મમત્વ કે વાસનાનો ત્યાગ કર્યો નથી. તે જ સંસારનું બીજ છે. તેને હવે કેમ વધારે છે?

**"જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથાપ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાનાવિચારે કરી ભાવ ગાળ્યો નથી, અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે; જે પણ વિશેષપણે અત્ર લખવાનું બની શક્યું નથી."** (વ.પૃ.૪૧૯) ।।૫૦।।

**ઉદાસીનતા સદ્ગુરુની કો ભક્તિમાન જીવ જાણે રે,**
**કોઈ પદાર્થ પ્રતિ રુચિ ના રહી, સમતા મનમાં આણે રે. શ્રીમદ્**

**અર્થ :—** સદ્ગુરુ પરમકૃપાળુદેવની ઉદાસીનતા કેવી છે તે તો કોઈ પ.પૂ.પ્રભુશ્રીજી જેવા ભક્તિમાન જ ઓળખી શકે. પરમકૃપાળુદેવને જગતના કોઈ પદાર્થ પ્રત્યે રુચિ રહી નથી. તેઓ હમેશાં સમતાભાવમાં રમણતા કરે છે.

**''એક પુરાણપુરુષ અને પુરાણ પુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી;''** (વ.પૃ.૨૯૦) ।।૫૧।।

**જગત તણી વર્તે વિસ્મૃતિ પ્રભુ-પ્રેમ-ખુમારી જાગી રે,**
**દેહધારી છે કે નહિ તે પણ ભૂલી જતા મહાભાગી રે. શ્રીમદ્∘**

**અર્થ :—** પરમકૃપાળુદેવને પ્રભુ પ્રેમની ખુમારી જાગૃત થવાથી જગતની સાવ વિસ્મૃતિ વર્તે છે. પોતે દેહધારી છે કે નહીં તે પણ ભૂલી જાય છે. એવા તે મહાભાગ્યશાળી છે. ।।૫૨।।

**સત્સંગી, સન્મુખ જીવોના યોગ વિના ઉદાસી રે,**
**કોઈ વિમુખ જગમાં ના માને વિષયાદિથી નિરાશી રે. શ્રીમદ્∘**

**અર્થ :—** પ્રભુ સન્મુખ એવા સત્સંગી જીવોનો યોગ નહીં મળવાથી ઉદાસભાવ રહે છે. જગતમાં કોઈને પણ પોતાથી વિમુખ એટલે શત્રુરૂપે માન્યા નથી. તથા પાંચ ઇન્દ્રિયોના વિષયો આદિ પ્રત્યે પણ જેને નિરાશભાવ એટલે ઇચ્છારહિતપણું વર્તે છે એવા પરમકૃપાળુદેવ છે.

**''અમારાથી વિમુખ જગતમાં કોઈ માન્યું નથી; અમારાથી સન્મુખ એવા સત્સંગી નહીં મળતાં ખેદ રહે છે;''** (વ.પૃ.૨૯૦) ।।૫૩।।

**શૂન્યપણે વર્તે ઇન્દ્રીગણ, હૃદય શૂન્ય સમ ભાસે રે,**
**ઠેકાણું નહિ ખાનપાનનું, પ્રતિબંધથી ત્રાસે રે. શ્રીમદ્∘**

**અર્થ :—** પરમકૃપાળુદેવની ઇન્દ્રિયો વિકાર વિના શૂન્યપણે પ્રવર્તે છે તથા હૃદય પણ વિકલ્પ રહિત શૂન્યપણે ભાસ્યમાન થાય છે. **''હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે; પાંચે ઇન્દ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ જ રહે છે;''** (વ.પૃ.૨૯૦) આત્માકાર વૃત્તિ થવાથી ખાનપાનનું પણ ઠેકાણું નથી. તથા આત્મસ્થિરતામાં વિઘ્ન કરનાર એવા પ્રતિબંધ તેમને ત્રાસરૂપ જણાય છે. ।।૫૪।।

**પૂર્ણ ઘેલછા એક પ્રકારે, જગ-જનથી છુપાવે રે,**
**મનમાનતી ઉદાસીનતા નથી એમ મન લાવે રે. શ્રીમદ્∘**

**અર્થ :—** પ્રભુ પ્રત્યેની એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે. તેને જગતવાસી જીવોથી છુપાવે છે. કેમકે તે આ વાતને સમજી શકે નહીં. એટલી બધી પ્રભુ તન્મયતા હોવા છતાં પણ મનમાનતી ઉદાસીનતા નથી એમ તેઓ માને છે.

**''એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે; એક પ્રકારે તે ઘેલછા કંઈક છૂપી રાખીએ છીએ;........**

**આટલું બધું છતાં મનમાનતી ઉદાસીનતા નથી, એમ માનીએ છીએ; અખંડ પ્રેમખુમારી જેવી પ્રવહવી જોઈએ તેવી પ્રવહતી નથી, એમ જાણીએ છીએ; આમ કરવાથી તે અખંડ ખુમારી પ્રવહે એમ**

**નિશ્ચયપણે જાણીએ છીએ;''** (વ.પૃ.૨૯૦) ।।૫૫।।

**આમ કર્યાથી અખંડ ખુમારી પ્રવહે નિશ્ચય એવો રે**
**જાણી ગુપ્તપણે આરાધે; નરભવ-લ્હાવો લેવો રે. શ્રીમદ્**૦

**અર્થ :–** આવી પ્રભુ પ્રત્યે ઘેલછાથી પ્રેમની ખુમારી અખંડપણે રહેશે એવો પરમકૃપાળુદેવને નિશ્ચય છે એમ જાણી તેને ગુપ્તપણે આરાધે છે. કેમકે મળેલ માનવદેહનો પૂર્ણપણે લાભ ઉઠાવવા તેઓ ઇચ્છે છે. ।।૫૬।।

**જનકવિદેહી જ્ઞાનદશા લહી માયા દુસ્તર તરતા રે,**
**સહજ ઉદાસીનતા હતી તોપણ દુરંત પ્રસંગે ડરતા રે. શ્રીમદ્**૦

**અર્થ :–** રાજા જનક આત્મજ્ઞાનના બળે વિદેહીદશાને ધારણ કરી દુસ્તર એવી મોહમાયાને જીતી ભવસાગર તરતા હતા. તેમની સહજ ઉદાસીનદશા હોવા છતાં માયાનો દુરંત એટલે દુઃખે કરી અંત આવી શકે એવા જગતના પ્રસંગોમાં તેઓ પણ ડર રાખી પ્રવર્તતા હતા.

**''વિદેહીપણે જનકરાજાની પ્રવૃત્તિ તે અત્યંત ઉદાસ પરિણામને લીધે રહેતી; ઘણું કરીને તેમને તે સહજ સ્વરૂપમાં હતી; તથાપિ કોઈ માયાના દુરંત પ્રસંગમાં સમુદ્રને વિષે જેમ નાવ યત્કિંચિત્ ડોલાયમાન થાય તેમ તે પરિણામનું ડોલાયમાન થવાપણું સંભવિત હોવાથી પ્રત્યેક માયાના પ્રસંગમાં કેવળ જેની ઉદાસ અવસ્થા છે એવા નિજગુરુ અષ્ટાવક્રની શરણતા સ્વીકારી હોવાથી માયાને સુખે તરી શકાય એમ થતું હતું, કારણ કે મહાત્માના આલંબનની એવી જ બળવત્તરતા છે.''** (વ.પૃ. ૩૧૩) ।।૫૭।।

**જલધિમાં તોફાને ડોલે નાવ કુશળ નાવિકની રે,**
**તેમ પરિણતિ ડોલે ત્યાં લે મદદ અષ્ટાવક્રની રે. શ્રીમદ્**૦

**અર્થ :–** જલધિ એટલે સમુદ્રમાં જેમ તોફાન આવવાથી કુશળ નાવિકની નાવ પણ ડોલાયમાન થઈ જાય, તેમ પરિણતિ એટલે ભાવોમાં ચંચળતા આવી ડોલાયમાન થાય ત્યારે જનક વિદેહી પોતાના શ્રી ગુરુ અષ્ટાવક્રની મદદ લેતા હતા. ।।૫૮।।

**માયાના પ્રત્યેક પ્રસંગે કેવળ ઉદાસ અવસ્થા રે,**
**સદ્ગુરુની રહેતી હોવાથી શરણ તણી બલવત્તા રે. શ્રીમદ્**૦

**અર્થ :–** તેમના સદ્ગુરુ અષ્ટાવક્રની માયામોહના પ્રસંગે પણ કેવળ ઉદાસ દશા રહેતી હોવાથી તેમનું શરણ જનકવિદેહીને બળવત્તર હતું. ।।૫૯।।

**પથ્થરના સ્તંભે વીટાતી વેલ ન પવને હાલે રે,**
**તેમ શરણ સદ્ગુરુનું લેતાં ચંચળ મન ના ચાલે રે. શ્રીમદ્**૦

**અર્થ :–** જેમ પત્થરના સ્તંભે વીંટાયેલી વેલ તે પવન વડે હાલી નીચે પડે નહીં તેમ સાચા આત્મજ્ઞાની સદ્ગુરુ ભગવંતનું શરણ લેવાથી સ્વભાવે ચંચળ એવું મન પણ પતિત થાય નહીં પણ સ્થિર રહે છે. કારણકે સદ્ગુરુના શરણની એવી જ બળવત્તરતા છે. ।।૬૦।।

**આ કળિકાળ વિષમ હોવાથી સ્વરૂપ-સ્થિરતા દુર્ઘટ રે,**
**જંજાળ અનંતી, અલ્પ જિંદગી અનંત તૃષ્ણા-ખટપટ રે- શ્રીમદ્**૦

**અર્થ :—** આ વિષમ કળિકાળમાં મોહના નિમિત્તો પ્રબળ હોવાથી આત્માની સ્વરૂપમાં સ્થિરતા ટકવી દુર્ઘટ છે. **"આ કાળ વિષમ હોવાથી સ્વરૂપમાં તન્મયતા રહેવાની દુર્ઘટતા છે; તથાપિ સત્સંગનું દીર્ઘકાળ સુધી સેવન તે તન્મયતા આપે એમાં સંદેહ નથી થતો."** (વ.પૃ.૩૧૩)

આ કાળમાં જિંદગી અલ્પ જીવો છે અને જંજાળ એટલે કામો અનંત છે તથા જીવની તૃષ્ણા પણ અનંતી હોવાથી અનેક પ્રકારની ખટપટ જીવો કર્યા કરે છે.

**"જિંદગી અલ્પ છે, અને જંજાળ અનંત છે; અસંખ્યાત ધન છે, અને તૃષ્ણા અનંત છે; ત્યાં સ્વરૂપસ્મૃતિ સંભવે નહીં; પણ જ્યાં જંજાળ અલ્પ છે, અને જિંદગી અપ્રમત્ત છે, તેમજ તૃષ્ણા અલ્પ છે, અથવા નથી, અને સર્વ સિદ્ધિ છે ત્યાં સ્વરૂપસ્મૃતિ પૂર્ણ થવી સંભવે છે. અમૂલ્ય એવું જ્ઞાનજીવન પ્રપંચે આવરેલું વહ્યું જાય છે. ઉદય બળવાન છે!"** (વ.પૃ.૩૧૩) ।।૬૧।।

**સ્વરૂપસ્મૃતિ સંભવતી નથીં ત્યાં; અપ્રમત્ત જો જીવે રે,**
**તોડી તૃષ્ણા-જાળ સમજથી તો જીંવ પહોંચે શિવે રે. શ્રીમદ્૦**

**અર્થ :—** જ્યાં તૃષ્ણા અનંત છે ત્યાં આત્મસ્વરૂપની સ્મૃતિ થવી સંભવતી નથી. પણ જીવ અપ્રમત્ત એટલે પ્રમાદ રહિત બની પુરુષાર્થ કરે તો સત્પુરુષના બોધથી તૃષ્ણાની જાળને તોડી ઠેઠ શિવ એટલે મોક્ષ સુધી જીવ પહોંચી શકે છે. ।।૬૨।।

**અનાદિ અવિદ્યા-અભ્યાસે જીંવ સ્વરૂપ ભૂલી રમતો રે,**
**તે જો સદ્ગુરુ-સત્સંગે હજીં બોધભૂમિ અનુસરતો રે. શ્રીમદ્૦**

**અર્થ :—** અનાદિકાળની અવિદ્યા એટલે અજ્ઞાનના અભ્યાસે આ જીવ પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલીને વિભાવમાં કે ઇન્દ્રિયોના વિષયોમાં રમે છે. પણ જો તે સદ્ગુરુના સમાગમે અથવા તેમના વચનોના સમાગમે હજી પણ સાચી સમજ મેળવવા પ્રયત્ન કરે તો બોધબીજની ભૂમિકાને એટલે સમ્યક્દર્શનની યોગ્યતાને તે પામી શકે છે. ।।૬૩।।

**દીર્ઘકાળના અભ્યાસે તો ઉદાસીનતા આવે રે,**
**સ્વરૂંપ-વિસ્મરણ પણ ટાળી તે આત્મલીનતા લાવે રે. શ્રીમદ્૦**

**અર્થ :—** સત્પુરુષના બોધનો દીર્ઘકાળ અભ્યાસ કરવાથી જગતના પદાર્થો પ્રત્યે જીવને ઉદાસીનતા અર્થાત્ વિરક્તભાવ આવે છે અને પોતાનું અનાદિકાળનું વિસ્મરણ થયેલ સ્વરૂપ પણ જાણી, શ્રદ્ધીને તે આત્મસ્વરૂપમાં લીનતા અર્થાત્ સ્વરૂપ રમણતાને પામી શકે છે. ।।૬૪।।

---

શ્રી સદ્ગુરુ ભગવંતના ગુણગાન કરવાથી કે ભક્તિ કરવાથી પંચ પરમેષ્ઠિ ભગવંતનું સ્વરૂપ સમજાય અને તેમના સ્વરૂપનો વિશેષ વિચાર કરવાથી પોતાનો આત્મા પણ મૂળસ્વરૂપે જોતાં પંચ પરમેષ્ઠિ ભગવાન જેવો છે તેનું ભાન થાય.

આગળના પાઠનું નામ 'પાંચ પરમ પદ વિષે વિશેષ વિચાર' છે. પાંચ પરમપદ એટલે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંત. જગતમાં આ સર્વોત્કૃષ્ટ પાંચ પદવીઓ છે. આ પાંચેય પદ ઇષ્ટ હોવાથી પંચ પરમેષ્ઠી કહેવાય છે. એ પાંચેય પદમાં રહેલ સત્પુરુષો સહજાત્મસ્વરૂપને પામેલા છે,

માટે પાંચેય પરમગુરુ પણ કહેવાય છે. એ પાંચેયને શુદ્ધ આત્માનો અનુભવ થોડો ઘણો પણ સરખો છે. આપણા સર્વનું મૂળ સ્વરૂપ એ જ હોવાથી એ પંચ પરમપદને ભક્તિપૂર્વક નમસ્કાર કરવા તથા તેમના શુદ્ધ સ્વરૂપનું નિરંતર સ્મરણરૂપે ચિંતવન કરવાનો શ્રી ભગવંતનો ઉપદેશ છે.

**"કર્મરૂપ વૈરીનો પરાજય કર્યો છે એવા અર્હત્ ભગવાન; શુદ્ધ ચૈતન્યપદમાં સિદ્ધાલયે વિરાજમાન એવા સિદ્ધ ભગવાન; જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ અને વીર્ય એવા મોક્ષના પાંચ આચાર જેના આચરણમાં પ્રવર્તમાન છે અને બીજા ભવ્ય જીવોને તે આચારમાં પ્રવર્તાવે છે એવા આચાર્ય ભગવાન; દ્વાદશાંગના અભ્યાસી અને તે શ્રુત શબ્દ, અર્થ અને રહસ્યથી અન્ય ભવ્ય જીવોને અધ્યયન કરાવનાર એવા ઉપાધ્યાય ભગવાન; મોક્ષમાર્ગને આત્મજાગૃતિપૂર્વક સાધતા એવા સાધુ ભગવાનને હું પરમ ભક્તિથી નમસ્કાર કરું છું."** (વ. પૃ.૫૮૦) હવે આગળના પાઠમાં 'પાંચ પરમપદ વિષે વિશેષ વિચાર' કરવામાં આવે છે :—

(૬૮)

## પાંચ પરમ પદ વિષે વિશેષ વિચાર

(શ્રી નમિ જિનવર-સેવ ઘનાઘન ઊનમ્યો રે-ઘના૦)

*



**શ્રીમદ્ સદ્ગુરુ રાજને પ્રણમી હું વીનવું રે, પ્રણમી હું વીનવું રે,**
**સહજ સ્વરૂપે સ્થિતિ પરમ પદ લેખવું રે, પરમ પદ લેખવું રે;**
**સહજાત્મસ્વરૂપ છે પાંચ પરમ પદ ભેદથી રે, પરમ૦**
**વીર વચન અનુસાર કહું હું ઉમેદથી રે કહું૦ ૧**



**અર્થ :—** શ્રીમદ્ સદ્ગુરુ રાજપ્રભુને પ્રણામ કરીને હું વિનયપૂર્વક વિનવું છું કે જે આત્માઓ પોતાના સહજ આત્મ સ્વરૂપમાં સ્થિત હોય તેને હું પરમપદમાં ગણું છું. તે પાંચેય પરમેષ્ઠિ સહજાત્મસ્વરૂપ છે. પણ તેમાં કયા કયા પ્રકારે ભેદ છે તે ભગવાન મહાવીરના વચનાનુસાર અત્રે હું ઉમેદથી એટલે ઉલ્લાસપૂર્વક અત્રે જણાવું છું. એમ પૂ.શ્રી બ્રહ્મચારીજીનું આ કથન છે. ।।૧।।

**દોષ રહિત તે દેવ: રાગાદિક દોષ છે રે, રાગા૦**
**જ્ઞાનાવરણાદિ કર્મ સહિત સદોષ છે રે; સહિત૦**
**ક્ષાયિક દર્શન-જ્ઞાન-વીર્ય-સુખ પૂર્ણ જે રે, વીર્ય૦**
**અનંતચતુષ્ટયયુક્ત અરિહંત દેવ છે રે. અરિ૦ ૨**

**અર્થ :—** હવે પ્રથમ ભગવંત અરિહંતનું સ્વરૂપ વર્ણવે છે. જે અઢાર દૂષણથી રહિત દેવ છે. તે રાગાદિક અઢાર દોષ આ પ્રમાણે છે. ભૂખ, તરસ, રાગ, દ્વેષ, જન્મ, વૃદ્ધાવસ્થા, મરણ, રોગ, શોક, ભય, આશ્ચર્ય, નિદ્રા, ખેદ, પરસેવો, ગર્વ, મોહ, અરતિ અને અરુચિ. એ બધા દોષોમાં મુખ્ય રાગદ્વેષ છે. સંસારી જીવો જ્ઞાનાવરણીયાદિ કર્મોથી યુક્ત છે તે બધા દોષ સહિત છે. પણ જેને ક્ષાયિકરૂપે અનંત દર્શન, જ્ઞાન, વીર્ય અને સુખ ગુણ પૂર્ણપણે પ્રગટ થયા છે એવા અનંત ચતુષ્ટયયુક્ત શ્રી અરિહંત ભગવાન તે જગતમાં સાચા દેવ છે. ।।૨।।

**દિવ્ય ઔદારિક દેહ ઘાતીકર્મ મુક્ત તે રે, ઘાતી૦**
**દે દેશનારૂપ ધર્મ ત્રિલોકમાં પૂજ્ય છે રે; ત્રિલોક૦**

**દેવ-દેવ મહાદેવ જ સુખદ શંકર ગણો રે, સુખદ૦**
**સર્વ-વ્યાપી જે જ્ઞાન તેથી વિષ્ણુ ભણો રે. તેથી૦ ૩**

**અર્થ :–** તે અરિહંત ભગવાનનો દેહ પરમ ઔદારિક છે. તેઓ જ્ઞાનાવરણીયાદિ ચારેય ઘાતીકર્મથી મુક્ત થયેલા છે. જે જગતવાસી જીવોને દેશનારૂપે આત્મધર્મનું સ્વરૂપ સમજાવે છે. તેથી ત્રણેય લોકમાં પૂજનીય છે. જે દેવોના પણ દેવ હોવાથી ખરેખર મહાદેવ છે. અને સુખને દેવાવાળા હોવાથી શંકર જાણો. શમ એટલે સુખ અને તેને કરવાવાળા અર્થાત્ સુખને કરવાવાળા હોવાથી શંકર છે. તથા જ્ઞાન અપેક્ષાએ સર્વ ચરાચરમાં વ્યાપેલ હોવાથી વિષ્ણુ પણ કહેવા યોગ્ય છે. ।।૩।।

**બ્રહ્મસ્વરૂપે બ્રહ્મા, હરે દુઃખ તે હરિ રે, હરે૦**
**કર્મ-અરિ જીત્યે જિન, બહુ નામીં ગુણે કરી રે, બહુ૦**
**વચન-અગોચર તત્ત્વ શ્રુત કહે સ્થૂલને રે, શ્રુત૦**
**અંગુલિથી જુઓ ચંદ્ર ન પહોંચે મૂળને રે. ન૦ ૪**

**અર્થ :–** બ્રહ્મસ્વરૂપમાં રમનાર હોવાથી બ્રહ્મા અને દુઃખને હરનાર હોવાથી હરિ છે. રાગદ્વેષ અજ્ઞાન આદિ કર્મોને જીતવાથી જિન, તેમજ ગુણો વડે જોઈએ તો તે અનેક નામના ધારી છે. ભગવાનનું શુદ્ધ આત્મારૂપ તત્ત્વ, તે વચનથી અગોચર છે. તથા શાસ્ત્રો છે તે વસ્તુના સ્થૂલ સ્વરૂપને પ્રકાશનારા છે. જેમ અંગૂલિથી નિર્દેશ કરી ચંદ્ર બતાવી શકાય પણ મૂળ ચંદ્રમા સુધી પહોંચી શકાય નહીં, તેમ શાસ્ત્રો માત્ર અંગૂલિ નિર્દેશ સમાન છે; જ્યારે આત્માનો અનુભવ તો સાક્ષાત્ પ્રત્યક્ષ છે. તે અનુભવ, અરિહંત ભગવંતને સદા સર્વદા સંપૂર્ણપણે પ્રગટ છે. ।।૪।।

**પ્રથમ પરમગુરુ આપ્ત, નેતા શિવમાર્ગના રે, નેતા૦**
**તીર્થસ્થાપક સાક્ષાત્, પિતા પરમાર્થના રે; પિતા૦**
**વીતરાગ ભગવંત અનંત દયા ઘણી રે, અનંત૦**
**અત્યંત કર્યો ઉપકાર કરું વંદના ઘણી રે. કરું૦ ૫**

**અર્થ :–** પંચ પરમગુરુઓમાં શ્રી અરિહંત પ્રથમ છે. અને આપ્ત એટલે મોક્ષમાર્ગમાં વિશ્વાસ કરવા લાયક છે, તે મોક્ષમાર્ગના નેતા છે. સાક્ષાત્ સ્વયં ધર્મતીર્થના સ્થાપક છે. મૂળ પરમાર્થને પ્રથમ જન્મ આપનાર હોવાથી પરમાર્થના પિતા સમાન છે. વીતરાગ હોવાથી સાચા ભગવંત છે. જેની પ્રાણી માત્ર પ્રત્યે દયા હોવાથી અનંત દયાના ઘણી છે. તે શ્રી અરિહંત ભગવંતે મોક્ષમાર્ગ બતાવી અમારા ઉપર અનંત ઉપકાર કર્યો છે. માટે એવા પ્રભુની હું ઘણીવાર ભાવભક્તિ સહિત વંદના કરું. ।।૫।।

**જે શ્રી તીર્થંકરદેવે સ્વરૂપસ્થ થઈ લહ્યો રે, સ્વરૂપ૦**
**વક્તવ્યપણે જે રીતે કહાય તેવો કહ્યો રે, કહાય૦**
**આત્મા અત્યંત યથાસ્થિત, તે દર્શક દેવને રે, તે૦**
**તજી સૌ અન્ય અપેક્ષા નમું, ચહી સેવને રે. નમું૦ ૬**

**અર્થ :–** જે શ્રી તીર્થંકરદેવે આત્મસ્વરૂપમાં સ્થિર થઈ વક્તવ્યપણે એટલે વાણી દ્વારા જે પ્રકારે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત એટલે સંપૂર્ણપણે જેમ છે તેમ જણાવ્યો છે, એવા સર્વ

પદાર્થોના દર્શક શ્રી તીર્થંકરદેવને બીજી સર્વ પ્રકારની ઇચ્છાઓનો ત્યાગ કરી નમસ્કાર કરું છું તથા તેમની સેવાને હમેશાં ચાહું છું. **''જે તીર્થંકરદેવે સ્વરૂપસ્થ આત્માપણે થઈ વક્તવ્યપણે જે પ્રકારે તે આત્મા કહી શકાય તે પ્રમાણે અત્યંત યથાસ્થિત કહ્યો છે, તે તીર્થંકરને બીજી સર્વ પ્રકારની અપેક્ષાનો ત્યાગ કરી નમસ્કાર કરીએ છીએ.''** (વ.પૃ.૩૬૬) ।।૬।।

**પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કર્યા થકી રે, વિચાર૰**
**વિચારોના સરવાળે સત્પુરુષના પ્રતિ રે, સત્પુરુષ૰**
**જેના વચનથી ભક્તિ હવે ઉત્પન્ન થઈ રે, હવે૰**
**તે તીર્થપતિ-વચનામૃત નમું શિર પર લઈ રે. નમું૰ ૭**

**અર્થ :—** પૂર્વે ઘણાં શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારોના સરવાળે સત્પુરુષ પ્રત્યે જેના વચનથી હવે ભક્તિ ઉત્પન્ન થઈ, તે તીર્થપતિના વચનામૃતને શિર પર ચઢાવી આદરપૂર્વક વિનયભાવે નમસ્કાર કરું છું. **''પૂર્વે ઘણા શાસ્ત્રોનો વિચાર કરવાથી તે વિચારના ફળમાં સત્પુરુષને વિષે જેના વચનથી ભક્તિ ઉત્પન્ન થઈ છે, તે તીર્થંકરના વચનને નમસ્કાર કરીએ છીએ.''** (વ.પૃ.૩૬૬) ।।૭।।

**જીૅવના ઘણાય પ્રકારે વિચાર કર્યા કર્યા રે, વિચાર૰**
**આત્મારૂપ પુરુષ વિણ જીવ જાણ્યો જાય ના રે, જીૅવ૰**
**એવી જ નિશ્ચળ શ્રદ્ધા પ્રગટ જેથી થઈ રે, પ્રગટ૰**
**તે જિન માર્ગ-બોધને નિત્ય નમું ગ્રહી રે. નિત્ય૰ ૮**

**અર્થ :—** જીવ દ્રવ્યને ઓળખવા ઘણા પ્રકારે વિચાર કર્યો છતાં, તે જીવ આત્મામાં રમણતા કરનાર પુરુષ વિના જાણ્યો જાય એવો નથી. એવી નિશ્ચળ એટલે દૃઢ શ્રદ્ધા જે વડે ઉત્પન્ન થઈ, તે શ્રી તીર્થંકરે બોધેલ વીતરાગ માર્ગને ગ્રહણ કરીને સદા નમસ્કાર કરું છું.

**''ઘણા પ્રકારે જીવનો વિચાર કરવાથી, તે જીવ આત્મારૂપ પુરુષ વિના જાણ્યો જાય એવો નથી, એવી નિશ્ચળ શ્રદ્ધા ઉત્પન્ન થઈ તે તીર્થંકરના માર્ગબોધને નમસ્કાર કરીએ છીએ.''** (વ.પૃ.૩૬૬) ।।૮।।

**જીૅવનો જ થવા વિચાર વિવિધ પ્રકારથી રે, વિવિધ૰**
**તે જીવની થવા પ્રાપ્તિ યોગ અનેકથી રે, યોગ૰**
**કર્યો બળવાન પરિશ્રમ તોય ન પામિયો રે, તોય૰**
**તે જીવ જેથી સહજ જ જાણે આપિયો રે. જાણે૰ ૯**

**અર્થ :—** વિવિધ પ્રકારથી આત્માનો વિચાર થવા માટે, તે આત્મદ્રવ્યની પ્રાપ્તિ થવા માટે, યોગાદિક અનેક સાધનોનો પૂર્વે બળવાન પરિશ્રમ કર્યા છતાં તે આત્મસ્વરૂપની પ્રાપ્તિ નહીં થઈ; તે આત્મા જે વડે સહજ પ્રાપ્ત થાય છે એવા શ્રી તીર્થંકરદેવના વચનામૃત છે. તેને હું નમસ્કાર કરું છું.

**''ભિન્ન ભિન્ન પ્રકારે તે જીવનો વિચાર થવા અર્થે, તે જીવ પ્રાપ્ત થવા અર્થે, યોગાદિક અનેક સાધનોનો બળવાન પરિશ્રમ કર્યે છતે, પ્રાપ્તિ ન થઈ, તે જીવ જે વડે સહજ પ્રાપ્ત થાય છે, તે જ કહેવા વિષે જેનો ઉદ્દેશ છે, તે તીર્થંકરનાં ઉદ્દેશવચનને નમસ્કાર કરીએ છીએ.''** (વ.પૃ.૩૬૬) ।।૯।।

**તે જ કહેવાને કાજ વચન-રચના મહા રે, વચન૰**
**તે તીર્થંકર-ઉદ્દેશ-વચન કેવાં અહા! રે, વચન૰**

**સહજ નમે મુજ મસ્તક અતિ આભારમાં રે, અતિ૦**
**ભવ્ય જીવોના આધાર અપાર સંસારમાં રે. અપાર૦ ૧૦**

**અર્થ :–** તે આત્મસ્વરૂપ ઓળખવા માટે જ જેના વચનામૃતની આગમરૂપે મહાન રચના છે તે શ્રી તીર્થંકરદેવના ઉદ્દેશ વચન અહો! કેવા ઉપકારક છે. તે અત્યંત ઉપકારના આભારમાં મારું મસ્તક સહજે તેમના ઉદ્દેશ વચનને નમસ્કાર કરવા નમી પડે છે. કેમ કે તે વચનામૃતો આ અપાર દુઃખમય સંસારમાં ભવ્ય જીવોને પરમ આધારરૂપ છે. ।।૧૦।।

*

**વિદેહી દેવ તો સિદ્ધ પરમ શુદ્ધતા ધરે રે, પરમ૦**
**સહજ, અનંત ગુણવંત ભક્ત અષ્ટ ગુણ સ્મરે રેઃ- ભક્ત૦**
**ક્ષાયિક સમ્યક્ત્વ-જ્ઞાન-દર્શન, સુખ-પૂર્ણતા રે, દર્શન૦**
**પૂર્ણ વીર્ય, અવ્યાબાધ, અગુરુલઘુ, સૂક્ષ્મતા રે, અગુરુ૦ ૧૧**

**અર્થ :–** હવે શ્રી સિદ્ધ ભગવંતના સ્વરૂપનું વર્ણન કરે છે. દેહ રહિત પરમાત્મા તે સિદ્ધ ભગવાન છે. તે આત્માની પરમ શુદ્ધતાને ધારણ કરેલ છે. સહજ સ્વભાવથી તે અનંતગુણોથી યુક્ત છે, છતાં ભક્તો તેમના મુખ્ય આઠ ગુણોનું સ્મરણ કરે છે. તે આ પ્રમાણે છે - જેમને ૧. આયુષ્યકર્મનો ક્ષય થવાથી ક્ષાયિક એટલે અક્ષયસ્થિતિગુણ પ્રગટ થયેલ છે. ૨. જ્ઞાનાવરણીય કર્મ જવાથી અનંતજ્ઞાન. ૩. દર્શનાવરણીય કર્મ જવાથી અનંત દર્શન. ૪. મોહનીયકર્મ જવાથી અનંતસુખ તથા ૫. અંતરાયકર્મ જવાથી અનંત વીર્યગુણ પ્રગટેલ છે. વળી ૬. વેદનીયકર્મ જવાથી અવ્યાબાધ ગુણ. ૭. ગોત્રકર્મ જવાથી અગુરુલઘુગુણ તથા નામકર્મના ક્ષયથી સૂક્ષ્મતા ગુણ પ્રગટ થયેલ છે. ।।૧૧।।

**(સર્વ) કર્મ-કલંકરહિત અતીંદ્રિય સુખનિધિ રે, અતીં૦**
**નિર્વિકારી વીતરાગ ત્રિકાળ અનંત-ધી રે, ત્રિકાળ૦**
**શુદ્ધ પરમગુરુ, બ્રહ્મ, અ-સંસારી નમું રે, અસંસા૦**
**વિશ્વશિરોમણિ સ્વામી સ્મરી મુજ મન દમું રે; સ્મરી૦ ૧૨**

**અર્થ :–** સર્વ કર્મ કલંકથી સિદ્ધ ભગવાન રહિત છે. અતીંદ્રિય એવા આત્મસુખના નિધાન છે. નિર્વિકારી વીતરાગ પરમાત્મા છે. ત્રણે કાળનું એક સાથે જાણપણું હોવાથી અનંતજ્ઞાની છે. જે શુદ્ધ પરમગુરુ પરમાત્મા છે, પૂર્ણ બ્રહ્મસ્વરૂપ છે. જેને હવે કદી સંસાર નહીં હોવાથી અસંસારી એવા સિદ્ધ ભગવંતને હું નમસ્કાર કરું છું. જે ગુણોએ કરી સકળ વિશ્વમાં શિરોમણિ એવા પવિત્ર સ્વામીને સ્મરી મારા મનની વૃત્તિઓનું દમન કરું છું. ।।૧૨।।

**પુરુષાકારે પ્રદેશો છે સિદ્ધાત્મા તણા રે, છે૦**
**અનાહારી અશરીરી ધ્યેય એ આપણા રે; ધ્યેય૦**
**નભસમ નિર્લેપ નાથ, પ્રભુ અપુનર્ભવી રે, પ્રભુ૦**
**કૃતકૃત્ય નિરાકુળ, નિત્ય ચહું પદ એ સ્તવી રે. ચહું૦ ૧૩**

**અર્થ :–** મોક્ષમાં રહેલ સિદ્ધ આત્માના પ્રદેશો લગભગ એક તૃતીયાંશ ન્યૂન પુરુષાકારે છે. તે અનાહારી તથા અશરીરી છે. આપણો પણ ધ્યેય અશરીરી એવી સિદ્ધ દશાને પામવાનો છે. સિદ્ધ

પરમાત્મા નભ એટલે આકાશ સમ નિર્લેપ છે. એ આત્મ પ્રભુતાને પામેલા પ્રભુ અપુનર્ભવી એટલે ફરી કોઈ કાળે જન્મ લેનાર નથી. કરવાનું કાર્ય જેને સર્વ કરી લીધું માટે કૃતકૃત્ય છે, સદૈવ નિરાકુળ છે. આપની ભક્તિભાવે સ્તુતિ કરી નિત્ય આપના જેવા નિરાકુળ સિદ્ધપદને હું પણ ચાહું છું. ।।૧૩।।

**જેવા થવું હોય તેવી કરો નિત્ય ભાવના રે, કરો૦**
**સર્વ પ્રદેશે શુદ્ધિ સિદ્ધોની પાવના રે; સિદ્ધો૦**
**ત્રિકાળ તે જ સ્વરૂપે સ્થિતિ અચળ લહી રે, સ્થિતિ૦**
**સ્વયંજ્યોતિ,નિરંજનરૂપ, અજર-અમરતા કહી રે. અજર૦ ૧૪**

**અર્થ :–** જે દશા પ્રાપ્ત કરવી હોય તેવી હમેશાં ભાવના કરો. સહજ આત્મસ્વરૂપને પામવું હોય તો નિરંતર તેવી આત્મભાવના ભાવો. આત્માના સર્વ પ્રદેશે સંપૂર્ણ શુદ્ધિ એ જ સિદ્ધ ભગવંતોની પવિત્રતા છે. **'સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'** પ્રાપ્ત થાય છે. ત્રણે કાળ તે જ શુદ્ધ સ્વરૂપે જેણે અચળ સ્થિરતા પ્રાપ્ત કરી છે એવા સ્વયંજ્યોતિસ્વરૂપ, નિરંજન નિરાકાર સિદ્ધ પરમાત્મા તે અજર અમર પદને પામેલા છે. ।।૧૪।।

**જેવું સિદ્ધોનું સ્વરૂપ તેવું સૌ જીવનું રે, તેવું૦**
**માત્ર ઔપાધિક ભેદ દૃષ્ટાન્ત સ્ફટિકનું રે; દૃષ્ટાંત૦**
**જાય કર્મજનિત વિભાવ સ્વરૂપ ઉપાસતાં રે, સ્વરૂપ૦**
**શુદ્ધ સ્વરૂપે સ્થિતિ થતી સિદ્ધ પૂજતાં રે. થતી૦ ૧૫**

**અર્થ :–** જેવું સર્વ સિદ્ધ ભગવંતોનું સ્વરૂપ છે, તેવું જ મૂળ સ્વરૂપે સર્વ જીવોનું સ્વરૂપ છે. તેમના અને બીજા સર્વ જીવો વચ્ચે માત્ર કર્મ ઉપાધિનો ભેદ છે. તેનું દૃષ્ટાંત સ્ફટિક રત્ન છે. સ્ફટિક રત્ન શુદ્ધ નિર્મળ હોવા છતાં જેવા રંગનો સંગ મળે તે રૂપે દેખાય છે. તેમ આત્મા શુદ્ધ હોવા છતાં કર્મ ઉપાધિથી મલિન જણાય છે. તે કર્મ જનિત આત્માનું વિભાવ સ્વરૂપ શુદ્ધ આત્માની ઉપાસના કરતા નાશ પામે છે. અને સિદ્ધ સ્વરૂપને ભાવથી પૂજતાં પોતાની પણ શુદ્ધ સ્વરૂપે શાશ્વત સ્થિતિ થાય છે. ।।૧૫।।

**અસંગ અનામી સ્વરૂપ અનુભવી ઓળખે રે, અનુ૦**
**સ્વાનુભવી ગુરુમુખથી બોધે જીવ લખે રે; બોધે૦**
**મુમુક્ષુતા રૂપ નેત્ર સ્વદોષો દેખશે રે, સ્વ૦**
**સદ્ગુરુનું ય સ્વરૂપ યથાર્થ તે લેખશે રે. યથાર્થ૦ ૧૬**

**અર્થ :–** સિદ્ધ ભગવંતના અસંગ, નામ વગરના શુદ્ધ સ્વરૂપને આત્મઅનુભવી જ્ઞાનીપુરુષો જ ઓળખી શકે. તે શુદ્ધ સ્વરૂપના સ્વાનુભવી એવા શ્રી ગુરુના મુખ દ્વારા થયેલ બોધથી આપણા આત્માને પણ તે શુદ્ધસ્વરૂપ પ્રાપ્તિનો લક્ષ આવે છે. તે સ્વરૂપ જેને પામવું હશે તે મુમુક્ષુતારૂપ નેત્રો વડે પોતાના સ્વદોષને દેખશે. તે ભવ્યાત્મા મુમુક્ષુતાના કારણે સદ્ગુરુનું પણ તે જ યથાર્થ સ્વરૂપ છે, તેને જાણી શકશે. ।।૧૬।।

*

**સદ્ગુરુ ત્રિવિધ સ્વરૂપ સૂરિ, પાઠક, મુનિ રે, સૂરિ૦**
**આચાર્ય, ઉપાધ્યાય, સાધુ પદવી, ત્રણ નામની રે; પદવી૦**

**સાધુપણે તો સમાન હેતુ એક સર્વનો રે, હેતુ૦**
**વીતરાગી, પરિગ્રહત્યાગી વળી ત્યાગ ગર્વનો રે, વળી૦ ૧૭**

હવે આચાર્ય ઉપાધ્યાય અને સાધુ ભગવંતના સર્વ સામાન્ય ગુણોનું વર્ણન કરે છે. પછી ત્રણેયની જુદી જુદી યોગ્યતા વિષે જણાવશે.

**અર્થ :–** આ આત્મજ્ઞાની સદ્ગુરુ ભગવંતના ત્રિવિધ એટલે ત્રણ પ્રકારના સ્વરૂપ છે. તે સૂરિ એટલે આચાર્ય, પાઠક એટલે ઉપાધ્યાય અને મુનિ એટલે સાધુ સ્વરૂપે ત્રણ નામની પદવીના ધારક છે. પણ સાધકપણે તો ત્રણેય સમાન છે. ત્રણેયનો હેતુ માત્ર પોતાના આત્માને કર્મમળથી સંપૂર્ણ શુદ્ધ કરી કેવળજ્ઞાન પ્રગટાવવાનો છે. ત્રણેય વીતરાગી, પરિગ્રહત્યાગી અને વળી ગર્વ એટલે અહંકારના પણ ત્યાગી છે. ।।૧૭।।

**પર વિષે અહંમમકાર તજી, અંતરંગમાં રે, - તજી૦**
**અનુભવે શુદ્ધ સ્વરૂપ રહી આત્મધ્યાનમાં રે; રહી૦**
**પર દ્રવ્યાદિ જ્ઞાનમાં ભાસે તે જાણતા રે, ભાસે૦**
**ઇષ્ટ-અનિષ્ટ તે માની રાગાદિ ન આણતા રે. રાગાદિ૦ ૧૮**

**અર્થ :–** હું દેહાદિ સ્વરૂપ છું અને દેહ સ્ત્રી પુત્રાદિ મારા છે એવા અહંભાવ અને મમત્વભાવનો ત્યાગ કરી, આત્મધ્યાન વડે પોતાના અંતરંગમાં શુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ કરે છે. તથા પુદ્ગલાદિ દ્રવ્યો જે પોતાના જ્ઞાનમાં ભાસે તેને માત્ર જાણે છે, દેખે છે પણ તેમાં ગમવા, અણગમવાપણું કરીને રાગદ્વેષાદિ ભાવોને મનમાં આવવા દેતા નથી. ।।૧૮।।

**હો તન સ્વસ્થ અસ્વસ્થ બાહ્ય નિમિત્ત ઘણાં રે, બાહ્ય૦**
**તોપણ મુનિએ ન સુખદુખ કારણ તે ગણ્યાં રે, કારણ૦**
**બાહ્યક્રિયામાં ન ફેર બને તેટલી કરે રે, બને૦**
**શુભક્રિયાની ન ખેંચ સહજ દશા ધરે રે. સહજ૦ ૧૯**

**અર્થ :–** બાવીસ પરિષહ આદિ બહારના અનેક નિમિત્તોના કારણે શરીર સ્વસ્થ કે અસ્વસ્થ હો તો પણ મુનિઓ તેને પોતાના સુખદુઃખના કારણ માનતા નથી. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતની બાહ્ય ક્રિયામાં ફરક નથી; તે સહજ રીતે જેટલી બને તેટલી કરે છે. તેમને શુભક્રિયા કરવાની ખેંચ હોતી નથી. કારણ કે તેઓ સહજ આત્મદશાના ધારક હોવાથી ઉદયાધીન વર્તન કરે છે; કોઈ ક્રિયા કરવાનો કર્તૃત્વભાવ તેમને હોતો નથી. ।।૧૯।।

**ઉપયોગ બહુ ન ભમાવે ઉદાસીનતા ધરે રે, ઉદાસીન૦**
**વૃત્તિ નિશ્ચલ રાખવા નિશ્ચય આદરે રે; નિશ્ચય૦**
**સ્ફુરે કષાય જો મંદ રહે શુભ ભાવમાં રે, રહે૦**
**ત્યારે ધરે શુભ રાગ સત્સાધન બાહ્યમાં રે. સત્સાધન૦ ૨૦**

**અર્થ :–** તે મુનિ મહાત્માઓ પોતાના જ્ઞાનદર્શન ઉપયોગને બહુ ભમવા દેતા નથી; પણ ઉદાસીનતા એટલે વૈરાગ્યભાવ ધારણ કરીને રહે છે. કેમકે ઉપયોગ એ જ સાધના છે. ઉપયોગ એ જ ધર્મ છે. તેઓ પોતાની આત્મવૃત્તિને નિશ્ચલ એટલે સ્થિર રાખવા દૃઢ નિશ્ચયથી પ્રવર્તે છે. જો કર્મયોગે કષાયોની મંદ

સ્ફુરણા થાય તો શુભ ભાવમાં વૃત્તિને વાળે છે. તે સમયે શુભ રાગરૂપ સત્સાધન જેવાં કે સત્શાસ્ત્રોનો સ્વાધ્યાય કે ઉપદેશ કરવો કે શાસ્ત્ર લખવા અથવા ભક્તિ આદિ શુભ કાર્યમાં પોતાની વૃત્તિને જોડે છે, જેથી વૃત્તિ અશુભમાં જાય નહીં. પ.પૂ. પ્રભુશ્રીજી કહે અશુભ ભાવ એ હજાર રૂપિયાના દંડ બરાબર છે. જ્યારે શુભ ભાવ એ એક રૂપિયાના દંડ સમાન છે. ।।૨૦।।

**શુદ્ધતાનો ધરે લક્ષ, ચહે રાગ ત્યાગવા રે, ચહે૦**
**તીવ્ર કષાય ન થાય હિંસાદિ સાધવા રે; હિંસાદિ૦**
**અસ્તિત્વ તેનું ન હોય ત્યારે મુનિ-પદ ધરે રે, ત્યારે૦**
**અશુભ ઉપયોગ ન તેથી મુનિ કદીએ કરે રે. મુનિ૦ ૨૧**

**અર્થ :—** આત્મજ્ઞાની મહાત્માઓને સદૈવ શુદ્ધભાવમાં જવાનો લક્ષ રહે છે. તેઓ શુભ રાગને પણ ત્યાગવા ઇચ્છે છે. અશુભ રાગમાં તેમની પ્રવૃત્તિ નહીં હોવાથી હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહાદિ તીવ્ર કષાયભાવો તેમને થતા નથી. જ્યારે તીવ્ર કષાયભાવોનું અસ્તિત્વ ન હોય ત્યારે જ મુનિપદને ધારણ કરે છે. તીવ્ર કષાયનો અભાવ હોવાથી મુનિઓ કદી પણ અશુભ ઉપયોગમાં જતા નથી પણ સ્વાધ્યાય ધ્યાનમાં સદા મગ્ન રહે છે. ।।૨૧।।

**તનુસંસ્કાર ઇત્યાદિ વિક્રિયા રહિત તે રે, વિક્રિયા૦**
**વનખંડાદિમાં વાસ પરીષહો સૌ જીતે રે; પરી૦**
**મૂળગુણ અખંડિત પાળે, તપે તનુ અતિ દહે રે, તપે૦**
**ધ્યાનમુદ્રા કદી ધારી પ્રતિમાવત્ સ્થિર રહે રે. પ્રતિમા૦ ૨૨**

**અર્થ :—** તનુસંસ્કાર એટલે શરીર શણગાર ઇત્યાદિ વિક્રિયાથી મુનિઓ રહિત હોય છે. વનખંડેર કે ગુફાઓમાં વાસ કરી સર્વ પ્રકારના પરિષહોને જીતવા કટિબદ્ધ રહે છે. તેઓ સાધુના ૨૮ મૂળગુણોને અખંડપણે પાળે છે. તે આ પ્રકારે છે. ૫ મહાવ્રત, ૫ સમિતિ, ૫ ઇન્દ્રિય જય, ૬ આવશ્યક (પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સામાયિક, સ્તવન, વંદન, કાયોત્સર્ગ), અસ્નાન, અદંતધોવન, જમીન ઉપર શયન, નગ્ન રહેવું. એકવાર ભોજન, ઊભા ઊભા હાથમાં ભોજન કરવું; વાળનો લોચ કરવો. વળી તપવડે શરીરને અત્યંત કષ્ટ આપે છે. તે તપ બાર પ્રકારે છે. છ બાહ્ય—અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ અને સંલીનતા તથા છ અંતરંગ તપ—પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ અને ધ્યાન છે. તેઓ કદી ધ્યાનમુદ્રાને ધારણ કરી પ્રતિમાવત્ સ્થિર પણ રહે છે. ।।૨૨।।

**તનુ મુનિધર્મ-સહાયી ગણી ભિક્ષાર્થે ફરે રે, ગણી૦**
**આહાર, વિહાર, નિહાર નિયમિત તે કરે રે; નિય૦**
**છે રત્નત્રય દ્વિવિધ ઉપાદેય સર્વને રે, ઉપાદેય૦**
**ચાર આરાધના તુલ્ય જીતે ક્રોધાદિને રે, જીતે૦ ૨૩**

**અર્થ :—** તે મહાત્માઓ તનુ એટલે શરીરને મુનિધર્મમાં સહાયક ગણી તેને ટકાવવા ભિક્ષાર્થે ફરે છે. આહાર, વિહાર કે નિહાર તેઓ નિયમિત કરે છે. રત્નત્રયરૂપ ધર્મ દ્વિવિધ એટલે બે પ્રકારે છે. એક વ્યવહાર રત્નત્રય અને બીજો નિશ્ચય રત્નત્રય ધર્મ. તે સર્વ મુમુક્ષુઓને ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય છે. તે મુનિ મહાત્માઓ સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એમ ચાર પ્રકારે વ્યવહાર રત્નત્રયની આરાધના, નિશ્ચય રત્નત્રયની પ્રાપ્તિ માટે કરે છે. તથા તેના સમાન ચાર ક્રોધ, માન, માયા, લોભ

કષાયોને પણ જીતે છે. ।।૨૩।।

**ભેદનો ભેદ ટળ્યાથી દ્વન્દ્વાતીત મુનિદશા રે, દ્વન્દ્વા૦**
**યથાશક્તિ ધર્મમૂર્તિ થવા પ્રયત્ને વસ્યા રે; થવા૦**
**સૌને વેષાદિક એક ઉરે તીર્થ-નાથ છે રે, ઉરે૦**
**ધરે જિનાગમ-અભ્યાસ, વાણી સ્યાદ્વાદ છે રે, વાણી૦ ૨૪**

**અર્થ :–** પરમાત્મા અને પોતાના આત્મસ્વરૂપમાં જે અજ્ઞાનને લઈને ભેદ હતો, તે ભેદ આત્મજ્ઞાન થતાં ટળી જવાથી સુખદુઃખ, હર્ષશોક, માન અપમાન આદિના દ્વંદ્વોથી રહિત મુનિ મહાત્માઓની આત્મદશા હોય છે. તેઓ હમેશાં યથાશક્તિ પુરુષાર્થ કરી પોતાનું કેવળજ્ઞાનમય સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપ પ્રગટાવી ધર્મમૂર્તિ બનવા પ્રયત્નશીલ રહે છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંત એ ત્રણેયના વેષ કે આચાર એક છે. ત્રણેયના હૃદયમાં ભગવાન તીર્થનાથ બિરાજમાન છે. ત્રણેય જિનાગમના અભ્યાસમાં લીન રહે છે. તેમજ તેમની વાણી પણ સ્યાદ્વાદથી યુક્ત હોય છે. ।।૨૪।।

**આત્મદૃષ્ટિથી દેખતા રંક કે રાયને રે, રંક૦**
**મુખ્યપણે નિર્વિકલ્પ સ્વરૂપે મગ્ન તે રે; સ્વરૂપે૦**
**તો ય કદી ધર્મ-લોભી જીવોને નીરખી રે, જીવોને૦**
**દયા થતાં રાગ-ઉદયે, જગાડે બોધથી રે, જગાડે૦ ૨૫**

**અર્થ :–** તે ત્રણેય મહાત્માઓ, રાજા હો કે રંક હો બધાને આત્મદૃષ્ટિથી જુએ છે. તેઓ મુખ્યપણે નિર્વિકલ્પ રહી આત્મસ્વરૂપમાં મગ્ન રહે છે. તો પણ કોઈ દિવસ જેને ધર્મ જાણવાનો લોભ છે, ધર્મના ઇચ્છુક છે, તેમને જોઈને શુભ રાગના ઉદયથી તેમના પ્રત્યે દયા આવવાથી, તે જીવોને બોધ આપી મોહનીદ્રામાંથી જગાડે છે. ।।૨૫।।

**સમ્યક્ જ્ઞાનાદિ અધિક લખી સૂરિપદ દીધું રે, લખી૦**
**તે સંઘપતિ આચાર્ય મનાય તેનું કીધું રે; મનાય૦**
**તે દે દીક્ષાનું દાન, દીધી દીક્ષા છેદતા રે, દીધી૦**
**આચાર પાળી પળાવે, પ્રાયશ્ચિત્ત આપતા રે પ્રાય૦ ૨૬**

હવે શ્રી આચાર્ય ભગવંતના પદ વિષે જણાવે છે :–

**અર્થ :–** જેનામાં સમ્યક્જ્ઞાન તથા શાસન ચલાવવાની વિશેષ યોગ્યતા જોઈને શ્રી ગુરુએ સૂરિપદ અર્થાત્ આચાર્યપદ આપ્યું તે સકળ સંઘના ઉપરી સંઘપતિ આચાર્ય કહેવાય છે. તેમનું કહેલું સકળ સંઘ માન્ય રાખે છે. તે યોગ્ય જીવોને દીક્ષાનું દાન આપે અથવા કોઈ અપરાધ થયો હોય તો શિક્ષારૂપે તેના દીક્ષાપર્યાયને અમુક વર્ષ માટે છેદી શકે છે. પોતે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારને શુદ્ધ રીતે પાળી બીજા મુનિઓને પણ પળાવે છે. કોઈ દોષ થયા હોય તો સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘને પ્રાયશ્ચિત્ત આપે છે. તે જ્ઞાની ભગવંત ગીતાર્થ હોઈ પ્રાયશ્ચિત્ત શાસ્ત્રના જાણનાર હોય છે. ।।૨૬।।

**ધર્મ-આદેશ-ઉપદેશ કહ્યું કામ સૂરિનું રે, કહ્યું૦**
**ન સંઘ-પોષણ ઉપકાર કાર્ય ધર્મ-ધોરીનું રે; કાર્ય૦**

**જ્યાં સુધી લૌકિક કામ સૂરિ કરે મોહથી રે, સૂરિ૦**
**ત્યાં સુધી નથી આચાર્ય અંતર્વ્રત-ત્યાગથી રે. અંત૦ ૨૭**

**અર્થ :—** ધર્મસંબંધી આજ્ઞા આપવી કે શ્રી સકળ સંઘને ધર્મનો ઉપદેશ આપવો એ કામ શ્રી આચાર્ય ભગવંતનું છે. પણ સંઘના લોકોની લોભ, માનાદિ વૃત્તિઓને પોષવી કે શ્રાવકોના ઉપકાર અર્થે ધાગાદોરા મંત્રીને આપવા, એ ધર્મના ધોરી એવા આચાર્ય ભગવંતનું કર્તવ્ય નથી. જ્યાં સુધી સંઘના મોહથી લૌકિક આવા કાર્યો આચાર્ય કરે ત્યાં સુધી તે આચાર્ય પદવીને યોગ્ય નથી. કેમકે વૃત્તિઓને અંતર્મુખ કરવાનો કે કરાવવાનો જ જેણે ત્યાગ કરી દીધો; તેથી તે આચાર્ય પદને ધારણ કરવાને યોગ્ય રહેતા નથી. ।।૨૭।।

**સૂરિ તીર્થપતિને સ્થાન, ધરે વીતરાગતા રે, ધરે૦**
**રવિ આથમતાં આધાર દીપ પ્રકાશતા રે; દીપ૦**
**ધર્મવૃત્તિના શાસક ઉન્નતિ અર્પતા રે, ઉન્નતિ૦**
**વ્રત,તપ,શીલ સંયમ-સાર, આચાર્યની અર્હતા રે. આચા૦ ૨૮**

**અર્થ :—** આચાર્ય ભગવંત તો શ્રી તીર્થપતિ અર્થાત્ ભગવાન તીર્થંકરના સ્થાને છે. જ્યારે શ્રી તીર્થંકર ભગવંતની હાજરી ન હોય ત્યારે તે જ મોક્ષમાર્ગના દર્શક છે. તેઓ વીતરાગતાને ધારણ કરીને રહેલા છે. જેમ સૂર્ય અસ્ત થતાં દીપકનો પ્રકાશ ભવ્યજીવોને આધારરૂપ છે તેમ તેઓ છે. ધર્મવૃત્તિમય જૈન શાસનને ચલાવનાર હોવાથી વર્તમાનમાં તે ધર્મશાસક છે, તથા ધર્મવૃત્તિવાળા જીવોને બોધ આપી તેમની ઉન્નતિને વધારનાર છે. તેમજ સ્વયં વ્રત, તપ, શીલ, સંયમને સારરૂપ માની શુદ્ધ રીતે પાળનાર હોવાથી સાચા આચાર્ય ભગવંત છે; માટે ભવ્યોને તે સદૈવ અર્હત એટલે પૂજનીય છે. ।।૨૮।।

*

**આચાર્ય સમ ઉપદેશ કરે ઉપાધ્યાય જે રે, કરે૦**
**પણ ન દે કદી આદેશ કરે સ્વાધ્યાય તે રે; કરે૦**
**કરી શ્રુતનો અભ્યાસ ભણાવે સુશિષ્યને રે, ભણાવે૦**
**સ્યાદ્વાદ્-વાદી નિપુણ જણાવે રહસ્યને રે. જણાવે૦ ૨૯**

હવે શ્રી ઉપાધ્યાય ભગવંતનું સ્વરૂપ જણાવે છે :—

**અર્થ :—** જે ઉપાધ્યાય છે તે આચાર્ય ભગવંતની સમાન ઉપદેશ કરે છે. પણ કોઈને કદી આદેશ એટલે આજ્ઞા આપતા નથી. તેઓ સ્વાધ્યાયરૂપે બોલે છે. પોતે શાસ્ત્રોનો અભ્યાસ કરી વિનયવાન શિષ્યોને ભણાવે છે. જે સ્યાદ્વાદથી વાદ કરવામાં પ્રવીણ છે. જેથી ભગવાનના બોધેલા રહસ્યને તે ખોલી શકે છે કે આ વાક્યમાં ભગવાને આ અપેક્ષાથી વાત જણાવેલ છે. ।।૨૯।।

**પ્રશ્નો તણું સમાધાન મનોહર આપતા રે, મનો૦**
**શબ્દબ્રહ્મે સર્વજ્ઞ સૂત્ર-અર્થ સ્થાપતા રે; સૂત્ર૦**
**ગુરુગમથી જાણી અર્થ મધુર વ્યાખ્યા કરે રે, મધુર૦**
**સર્વ સાધારણ ધર્મો મુનિના તે ધરે રે. મુનિના૦ ૩૦**

**અર્થ :—** કોઈ પ્રશ્ન કરે તો તેનું સમાધાન સુંદર રીતે આપે છે. શબ્દબ્રહ્મ એટલે જે શબ્દો વડે

આત્મા પ્રાપ્ત થાય તે શબ્દ બ્રહ્મ છે. એવા શબ્દબ્રહ્મ વડે જે સર્વજ્ઞે કહેલા સૂત્રોના અર્થને પ્રકાશે છે. પોતાના ગુરુ દ્વારા આપેલ સમજણથી સૂત્રનો અર્થ જાણી, જે મીઠી વાણી વડે બીજાના હૃદયમાં ઊતરે તેવું વ્યાખ્યાન કરે છે. તથા મુનિના સર્વ સાધારણ ધર્મોનું એટલે આચારનું જે પૂર્ણ રીતે પાલન કરે છે, એવા તે ઉપાધ્યાય ભગવાન છે. ।।૩૦।।

*

**આત્મસિદ્ધિને અર્થે સુદૃષ્ટિ, ભક્તિ ધરી રે, સુદૃષ્ટિ૦**
**સાધે સાધુ સુધર્મ-ચારિત્ર અંગીકરી રે; ચારિત્ર૦**
**સાધુ કહે નહિ કાંઈ, ઇશારે ન દાખવે રે, ઇશારે૦**
**કર, ચરણાદિથી કાંઈ, મને નહિ ચિંતવે રે. મને૦ ૩૧**

**અર્થ :—** હવે મુનિપદના આચાર વિષેનું વર્ણન કરે છે :—

સંપૂર્ણ આત્મસિદ્ધિને માટે સમ્યક્‌દૃષ્ટિ એવા સાધુ ભગવંત, સમ્યક્‌ચારિત્રને ધારણ કરી, ભક્તિ સહિત આત્મધર્મની આરાધના કરે છે. તેઓ કોઈને વચન વડે કાંઈ કહે નહીં કે કાયા વડે હાથપગના ઇશારા કરી કાંઈ બતાવે નહીં કે મનથી કોઈના વિષે કંઈ ચિંતવન કરે નહીં પણ મૌન રહે છે. ।।૩૧।।

**શુદ્ધ સ્વરૂપનું ધ્યાન એકાગ્ર મને ધરે રે, એકાગ્ર૦**
**બાહ્ય-અભ્યંતર વૃત્તિ તણો ઉપશમ કરે રે; તણો૦**
**તરંગરહિત વારિધિ સમાન પ્રશાંત તે રે; સમાન૦**
**નહિ ઉપદેશ-આદેશ વિષે અલ્પ પણ વદે રે. વિષે૦ ૩૨**

**અર્થ :—** તે આત્મજ્ઞાની મુનિઓ એકાગ્ર ચિત્તથી શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કરી બાહ્ય પદાર્થોમાં જતી વૃત્તિ અને કામ ક્રોધાદિ અંતરંગ વૃત્તિઓને ઉપશમાવે છે. તેઓ તરંગ રહિત વારિધિ એટલે સમુદ્ર સમાન પ્રકૃષ્ટપણે શાંત રહે છે. તથા કોઈને ઉપદેશ આપવા કે આદેશ આપવા વિષે અલ્પ પણ કાંઈ બોલતા નથી. ।।૩૨।।

**સ્વર્ગ-મોક્ષ-માર્ગ અર્થે વિવાદ ન આદરે રે, વિવાદ૦**
**તો વિકથાની શી વાત? જે ભવ-હેતુ ધરે રે; જે૦**
**વૈરાગ્યની પરાકાષ્ઠા સાધુપદમાં વસે રે, સાધુ૦**
**નિર્દોષ, યથાજાત વેષ, દિલે દયા ઉલ્લસે રે. દિલે૦ ૩૩**

**અર્થ :—** તે મહાત્માઓ સ્વર્ગ કે મોક્ષમાર્ગને અર્થે પણ કોઈ વિવાદ એટલે ખેંચતાણ કરતા નથી. તો તેમનામાં સંસાર વધારવાના કારણભૂત એવી વિકથાની તો વાત જ ક્યાંથી હોય? સાધુપદમાં તો વૈરાગ્યની પરાકાષ્ઠા રહેલી છે. તે નિર્દોષ છે. જેમનો યથાજાત એટલે જન્મ્યા તેવો વેષ છે અર્થાત્ નગ્નતાને ધારણ કરેલ છે. તથા જેમના દિલમાં દયાધર્મ આદરવાના અતિ ઉલ્લાસિત પરિણામ રહેલા છે. કેમકે દયા એ જ ધર્મ છે. જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી. ।।૩૩।।

**બાહ્ય-અભ્યંતર ગ્રંથિ રહિત નિર્ગ્રંથ તે રે, રહિત૦**
**તપ-કિરણોની શ્રેણિથી દહે કર્મ વૃન્દને રે; દહે૦**
**ઉપસર્ગ-પરિષહ જીતતા રતિ અતિ સંયમે રે, રતિ૦**
**લેતા તો ભિક્ષા શુદ્ધ નિયમોથી મન દમે રે. નિયમો૦ ૩૪**

**અર્થ :–** આત્મજ્ઞાની મુનિ મહાત્માઓ તો બાહ્ય તેમજ અંતરંગ પરિગ્રહની ગ્રંથિથી રહિત નિર્ગ્રંથ મુનિ છે. તેઓ બાર પ્રકારના તપરૂપી કિરણોની શ્રેણિને આદરી કર્મોના સમૂહને બાળનારા છે. તેઓ ઉપસર્ગ અને બાવીસ પરિષહને જીતી સંયમમાં અતિ રાગ રાખનારા છે. જે બેતાલીસ દોષ રહિત નિયમોના પાલનસહિત શુદ્ધ ભિક્ષા લે છે. જો શુદ્ધ ભોજન ન મળે તો મનનું દમન કરી તપની વૃદ્ધિ થઈ એમ માનનારા છે. ।।૩૪।।

*

**સાધુ સમાન આચાર્ય, ઉપાધ્યાય આચરે રે, ઉપા૦**
**આત્માનુભવ, શુદ્ધ ભાવ મુમુક્ષુતા સૌ ધરે રે; મુમુક્ષુ૦**
**ભેદો જણાય જે અલ્પ તે બાહ્ય-પ્રધાનતા રે, તે૦**
**અંતરની મૂૅળ શુદ્ધિ, તેમાં તો સમાનતા રે. તેમાં૦ ૩૫**

**અર્થ :–** સાધુ ભગવંત સમાન આચાર્ય, ઉપાધ્યાય ભગવંત પણ આત્માનુભવ કે શુદ્ધ ભાવ કે મુમુક્ષુતાને તો સર્વ ધારણ કરીને જ રહેલા છે. પણ આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ ભગવંતો વચ્ચે કંઈપણ જે અલ્પ ભેદો જણાય છે, તે માત્ર બાહ્ય પ્રધાનતાના છે. જ્યારે અંતરની મૂળ આત્મશુદ્ધિમાં તો ત્રણેયની સમાનતા છે. ।।૩૫।।

**જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ પરિ઼ણામ ભેદથી રે, પરિ઼૦**
**ભેદાનુભેદ અનેક અપેક્ષા વિશેષથી રે; અપેક્ષા૦**
**કોઈ આચાર્ય ઉત્કૃષ્ટ વિશુદ્ધિ કદી ધરે રે, વિશુદ્ધિ૦**
**જઘન્ય, મધ્યમ વિશુદ્ધિ ફરી વળી આદરે રે. ફરી૦ ૩૬**

**અર્થ :–** છતાં તેઓની અંતરંગ શુદ્ધિમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પરિણામના ભેદ જરૂર છે. એમ અપેક્ષાથી જોતાં તેના અનેક વિશેષ પ્રકારે ભેદ પ્રતિભેદ થઈ શકે છે. જેમ કે કોઈ આચાર્ય ઉત્કૃષ્ટ વિશુદ્ધિને કદી ધારણ કરેલા હોય અને વળી કદી જઘન્ય, મધ્યમ વિશુદ્ધિને પણ ફરી પામેલા હોય. તેમ કોઈ સાધુ ભગવંત પણ આચાર્ય ઉપાધ્યાય ભગવંત કરતાં વિશેષ વિશુદ્ધિને પામેલા પણ હોઈ શકે છે. ।।૩૬।।

**સંજ્વલન કષાય જ હેતુ ન ઉપદેશાદિ઼ ગણો રે, ન૦**
**બાહ્ય નિમિત્ત ન મુખ્ય, કર્મોદય મૂૅળ ભણો રે; કર્મો૦**
**બાહ્ય કારણ કહે કોઈ કર્મ-ઉ઼દય તણું રે, કર્મ૦**
**મોહથીૅ સૂૅરિપદ જે ચહે તેને જ તેમ ગણ્યું રે. તેને૦ ૩૭**

**અર્થ :–** મનની વિશુદ્ધિમાં જે ઓછાવત્તાપણું થાય તેનું કારણ સંજ્વલન કષાય ભાવો છે; નહીં કે ઉપદેશ અથવા આદેશ. બાહ્ય નિમિત્તની તેમાં મુખ્યતા નથી પણ સંજ્વલન કષાય આદિ કર્મોદય તેમાં મૂળ કારણ છે એમ જાણો. કોઈ કહે—આચાર્યને ઉપદેશ અથવા આદેશ આપવો પડે એવા બાહ્ય કારણથી તેમની દશા મધ્યમ કે જઘન્ય થઈ જાય; પણ તેમ થવામાં ખરેખર કારણ કષાયાદિભાવોરૂપ કર્મનો ઉદય છે. છતાં મોહથી જે આચાર્યપદને ઇચ્છે તેની દશા ઉપદેશ અથવા આદેશથી મધ્યમ કે જઘન્ય થઈ શકવા યોગ્ય છે. ।।૩૭।।

**ઇચ્છા વિના ઉપદેશ કેવી રીતે બને રે? કેવી૦**
**સંસારી ઇચ્છા ન હોય - યશાદિ મળે મને રે; યશાદિ૦**
**ભવહેતુ નિદાન થાય કહી તેને વાસના રે, કહી૦**
**ધર્મ-કાર્યે મનોવૃત્તિ તે ઇચ્છા-ભાસના રે. તે૦ ૩૮**

**અર્થ :—** કોઈ કહે કે ઇચ્છા વિના ઉપદેશ આપવો કેવી રીતે બની શકે? ત્યારે જવાબમાં મહાપુરુષો કહે છે : સાચા જ્ઞાનીપુરુષને ઉપદેશ આપતા સંસારી ઇચ્છા હોય નહીં કે મને યશ મળો કે મારી પૂજા થાઓ. જો મનાવા પૂજાવાની ઇચ્છા થઈ તો તે ભવહેતુ એટલે સંસારવૃદ્ધિનું નિદાન એટલે કારણ થયું. તેને જ્ઞાની પુરુષો અસત્ વાસના કહે છે. જ્યારે સ્વહિત સાધતાં પરહિતાર્થે ઉપદેશાદિ ધર્મકાર્ય કરવામાં મનની વૃત્તિ થાય તે ઇચ્છાનું ભાસન માત્ર છે. પણ કંઈ ઉપદેશ આપી મોટા થઈ મનાવા પૂજાવાની કોઈ પ્રકારે તેમને વાસનારૂપ ઇચ્છા નથી. ।।૩૮।।

---

''પાંચ પરમ પદ વિષે વિશેષ વિચાર'' કરતાં મારો આત્મા પણ મૂળ સ્વરૂપે તેમના જેવો જ સહજાત્મસ્વરૂપમય છે. માટે તે સ્વરૂપને પ્રગટાવવા હવે 'અવિરતિ' એટલે અસંયમનો ત્યાગ કરું. તે અસંયમપણાના ત્યાગ માટે શું શું કરવું જોઈએ. તેની આ પાઠમાં સમજ આપવામાં આવે છે :—

(૬૯)

## અવિરતિ

(રાગ : હરિની માયા મહાબળવંતી, કોણે જીતી ન જાય જોને, જોગીને તો જોતી હીંડે, ભોગીને તો ખાય જોને.)

*



**વંદું શ્રી ગુરુ રાજપ્રભુને, અહો! અલૌકિક જ્ઞાન જોને,**
**તીવ્ર જ્ઞાન-દશામાં ક્યાંથી અવિરતિ પામે સ્થાન જોને?**
**ભાન ભુલાવે તેવી ભીડે જાગ્રત શ્રી ગુરુ રાજ જોને,**
**બીજા રામ સમા તે માનું સારે સૌનાં કાજ જોને. ૧**



**અર્થ :—** શ્રીમદ્ રાજચંદ્ર ગુરુ ભગવંતના અહો! અલૌકિક જ્ઞાનને જોઈ હું ભક્તિભાવે તેમને પ્રણામ કરું છું. એમની તીવ્ર આત્મદશામાં અવિરતિ એટલે અસંયમરૂપ રાગદ્વેષના ભાવોને ક્યાંથી સ્થાન હોય? સંસારની આત્મભાન ભુલાવે એવી વ્યાપાર વ્યવહારની ઉપાધિમાં પણ જેનો આત્મઉપયોગ સદા જાગૃત રહે છે એવા શ્રી ગુરુ રાજપ્રભુને હું પર પદાર્થથી વિરક્ત એવા બીજા શ્રી રામ સમાન માનું છું કે જે સૌ આત્માર્થી ભવ્ય જીવોના કલ્યાણના કાર્યો સિદ્ધ કરનાર છે. ।।૧।।

**દર્શનમોહે જીંવ ના જાણે શુદ્ધ-સ્વરૂપનો સ્વાદ જોને,**
**દર્શનમોહ જતાં જીંવ પામે સ્વરૂપ-સુખ આસ્વાદ જોને;**
**દર્શનમોહની સાથે જાયે ઘાતક પ્રથમ કષાય જોને,**
**અનંતાનુબંધી જતાં સૌ કર્મો નિર્બળ થાય જોને. ૨**

**અર્થ :–** હવે અવિરતિનું મૂળ કારણ મિથ્યાત્વ છે તે જણાવે છે. દર્શનમોહ એટલે મિથ્યાત્વના યોગે આ અજ્ઞાની જીવ શુદ્ધ આત્મસ્વરૂપના સ્વાદને જાણતો નથી. દર્શનમોહનો ક્ષય કે ઉપશમ થતાં આ જીવ સ્વઆત્મસુખના સ્વાદને પામે છે. દર્શનમોહ એ મોહનીયકર્મનો ભેદ છે. તેની મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય અને સમ્યક્મોહનીય એમ ત્રણ પ્રકૃતિઓ છે. એ પ્રકૃતિઓનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થવાની સાથે આત્મગુણના મુખ્ય ઘાતક એવા પ્રથમ અનંતાનુબંઘી ક્રોધ માન માયા લોભરૂપ કષાય ભાવો પણ જતાં રહે છે. તે અનંતાનુબંઘી કષાય ભાવો જતાં બીજા બધા કર્મોની તાકાત નિર્બળ થઈ જાય છે. ।।૨।।

**તેમ થવા વૈરાગ્ય વઘારો ઉપશમ કરો કષાય જોને,**
**સદ્ગુરુબોઘે વિચાર જાગે તો સ્વરૂપ ઓળખાય જોને.**
**અવિરતિ સમ્યગ્દૃષ્ટિ સારો, વા સાધુ વિરતિવંત, જોને?**
**બાહ્ય વેશને લોકો માને, ગણતા પૂજ્ય, મહંત જોને - ૩**

**અર્થ :–** આત્મ અનુભવનો સ્વાદ ચાખવા માટે વૈરાગ્ય એટલે અનાસક્ત ભાવોની વૃદ્ધિ કરો તથા ક્રોધાદિ કષાય ભાવોનું ઉપશમન કરો તો જીવમાં યોગ્યતા આવતાં સદ્ગુરુના બોધે ઉત્તમ વિચારદશા જાગૃત થઈ પોતાના આત્મસ્વરૂપની ઓળખાણ થશે.

આ જગતમાં અવિરતિ એટલે જેને ત્યાગવ્રત નથી પણ સમ્યગ્દર્શન છે તે સારો કે જેને માત્ર બાહ્ય વિરતિ એટલે સાધુપણું છે પણ સમ્યગ્દર્શન નથી તે સારો? જગતમાં તો લોકો બાહ્ય વેષધારી સાધુ પુરુષને પૂજ્ય અને મહાત્મા ગણે છે. **"કોણ ભાગ્યશાળી? અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કે વિરતિ?"** (વ.પૃ.૧૫૯) ।।૩।।

**વિચારવાન વિચારી જુએ—શાથી ભવદુઃખ જાય જોને?**
**વિરતિધારીને પુણ્યકમાણી, નહીં નિર્જરા થાય જોને;**
**સમ્યગ્દૃષ્ટિ અવિરતિ તોયે કર્મોથી મુકાય જોને,**
**જ્ઞાન અને વૈરાગ્ય વડે તે કર્મ કાપતો જાય જોને. ૪**

**અર્થ :–** વિચારવાન પુરુષો વિચારી જુએ કે આ સંસારનું દુઃખ શાથી નાશ પામે? તે આત્મજ્ઞાન રહિત એવા બાહ્યત્યાગી સાધુ પુરુષથી કે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીપુરુષથી? તેના ઉત્તરમાં જણાવે છે કે વિરતિધારી એટલે સમ્યગ્દર્શન વગર બાહ્યત્યાગીને ક્રિયાના ફળમાં માત્ર પુણ્યની કમાણી છે પણ સાચી કર્મની નિર્જરા નથી. જ્યારે ઉદયાધીન વર્તતાં સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓ અવિરતિ એટલે વ્રતધારી ન હોવા છતાં પણ કર્મોથી મુકાય છે. કારણ કે તેમનામાં આત્મજ્ઞાન અને અનાસક્તભાવરૂપ વૈરાગ્ય હોવાથી તે પ્રતિ ક્ષણે વિવેકરૂપી છીણીવડે કર્મોને કાપતા જાય છે.

**"મિથ્યાત્વની હાજરી હોય ત્યાં સુધી અવિરતિપણું નિર્મૂળ થતું નથી, એટલે જતું નથી; પરંતુ જો મિથ્યાત્વપણું ખસે તો અવિરતિપણાને જવું જ જોઈએ એ નિઃસંદેહ છે; કારણ કે મિથ્યાત્વસહિત વિરતિપણું આદરવાથી મોહભાવ જતો નથી, મોહભાવ કાયમ છે ત્યાં સુધી અભ્યંતર વિરતિપણું થતું નથી; અને પ્રમુખ-પણે રહેલો એવો જે મોહભાવ તે નાશ પામવાથી અભ્યંતર અવિરતિપણું રહેતું નથી, અને બાહ્ય જો વિરતિપણું આદરવામાં ન આવ્યું હોય તોપણ જો અભ્યંતર છે તો સહેજે બહાર આવે છે."** (વ.પૃ.૭૪૮) ।।૪।।

**સર્વ વિરતિ મુનિજન ધારે, દેશવિરત ગૃહી ધાર જોને,**
**યથાશક્તિ પ્રતિમારૂપ કે વ્રતધારણ વિચાર જોને;**

**વૃત્તિ રોકવા વ્રત આદરવાં, નહિ જનરંજન કાજ જોને,**
**પાપવૃત્તિને પ્રથમ રોકવી ભવ તરવા ધરી દાઝ જોને. ૫**

**અર્થ :–** સર્વ વિરતિ એટલે સંપૂર્ણ સંયમ તો આત્મજ્ઞાની મુનિ મહાત્માઓ જ યથાર્થ ધારણ કરી શકે અને દેશવિરતી એટલે અંશે સંયમ તે ગૃહી કહેતા આત્મજ્ઞાન સહિત એવા શ્રાવકો ધારણ કરી શકે. તેઓ પ્રથમ યથાશક્તિ શ્રાવકની અગ્યાર પ્રતિમાઓ કે વ્રત ધારણ કરવાનો વિચાર કરી તેનો અભ્યાસ કરે છે. કેમકે વૃત્તિઓને રોકવા માટે વ્રત છે, તે લોકોને રંજન કરવા માટે નથી. આવા વ્રતોને ધારણ કરતાં પહેલા સંસાર સમુદ્રને તરવાની અંતરમાં દાઝ રાખી પાપવૃત્તિઓને પ્રથમ રોકવી યોગ્ય છે. ।।૫।।

**પાંચ પ્રકારે પાપ પ્રકાશે અવિરતિની ધૂન જોને,**
**હિંસા, મૃષાવાદ ને ચોરી પરિગ્રહ સહ મૈથુન જોને;**
**બાર પ્રકારે કોઈ પ્રકાશે અવિરતિરૂપ આચાર જોને,**
**પાંચ ઇન્દ્રિય ને મન નહિ રોકે આત્મઘાત વિચાર જોને. ૬**

**અર્થ :–** અનાદિકાળથી અસંયમની ધૂનના કારણે જીવની આ પાંચ પ્રકારના પાપોમાં પ્રવૃતિ છે. તે હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહ છે. કોઈ વળી અસંયમના આચાર સમા અસંયમના બાર પ્રકાર બતાવે છે. તેમાં છ ઇન્દ્રિય અસંયમ અને છ પ્રાણી અસંયમ છે. પ્રથમના ઇન્દ્રિય અસંયમમાં પાંચ ઇન્દ્રિયો અને મનનો અસંયમ છે. તે ઇન્દ્રિયો અને મનની વિભાવરૂપ વૃતિઓને ન રોકે તો તેને આત્મઘાતક વિચારવાળો જાણો. તે વૃતિઓને રોકવી તે છ પ્રકારે ઇન્દ્રિય સંયમ કહેવાય છે. ।।૬।।

**પૃથ્વી-જળ-તેજ-વાયુ-કાય ને વનસ્પતિરૂપ જીવ જોને,**
**એ એકેન્દ્રિય પાંચ પ્રકારે, વળી હણે ત્રસ જીવ જોને;**
**બે-ઇન્દ્રિય ત્રણ-ઇન્દ્રિયધારી વળી ચઉ-પંચેન્દ્રિય જોને,**
**એ ચારે ત્રસ એક પ્રકારે; સ્થાવર એકેન્દ્રિય જોને. ૭**

**અર્થ :–** હવે અસંયમના બાર પ્રકારમાં બીજા પ્રકાર તે છ કાય જીવોની રક્ષા ન કરવી તે છે. તેમાં પૃથ્વી, પાણી, તેજ એટલે અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયના એકેન્દ્રિય જીવોના પાંચ પ્રકાર તથા બે, ત્રણ, ચાર અને પાંચ ઇન્દ્રિયને ધારણ કરવાવાળા ત્રસકાય જીવનો તે છઠ્ઠો પ્રકાર છે. એમાં પૃથ્વી પાણી આદિ સ્થાવર જીવો કહેવાય છે અને બે ઇન્દ્રિયથી પાંચ ઇન્દ્રિય સુધીના જીવો હાલતા ચાલતા હોવાથી ત્રસકાય ગણાય છે. તેમની હિંસા ન કરવી તે છ પ્રકારે પ્રાણી સંયમ કહેવાય છે. ।।૭।।

**પરજીવ પ્રત્યે દયા ધરે તે બાહ્યવ્રત ધરનાર જોને;**
**અંતર્વ્રતી તો કષાય ટાળે, આત્મકૃપા તે સાર જોને;**
**અવિરતિનું કારણ જોતાં જડે કષાયો બાર જોને :**
**પ્રથમ કષાય, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની ધાર જોને. ૮**

હવે બાહ્યવ્રત અને અંતરવ્રતનું સ્વરૂપ જણાવે છે :–

**અર્થ :–** જે બીજા જીવોની દયા પાળવામાં માત્ર ધર્મ માને તે બાહ્યવ્રતને ધારણ કરનાર જાણવા. જ્યારે અંતરંગવ્રતને ધારણ કરનારા તો પ્રથમ કષાયભાવોને ટાળે છે. તે આત્મકૃપા એટલે પોતાનો આત્મા જે કષાયભાવોને લઈને આ સંસારમાં રઝળે છે તે કષાયભાવોને હણવા જે પોતાના આત્મા ઉપર

કૃપા કરે તે આત્મકૃપા અર્થાત્ સ્વદયાનો પ્રથમ વિચાર કરે તેને સારભૂત વિચારવાળા જાણવા. અવિરતિ એટલે જીવનમાં અસંયમનું કારણ શું? તે વિચારતાં માત્ર આ પ્રથમ અનંતાનુબંધી કષાય, પછી અપ્રત્યાખ્યાની અને પ્રત્યાખ્યાની કષાયભાવો જ જણાશે. ।।૮।।

**ધોરી મૂૅળ મિથ્યાત્વ ગણ્યું છે, કષાય-પ્રેરક તેહ જોને,**
**ભજવા યોગ્ય ભુલાવી દે તે, મૃગજળ પાતું એહ જોને;**
**જેમ ગોપી માખણ સંતાડે, સૌને દેતી છાશ જોને,**
**છાશ દૂધ સમ, જગજન માને, માખણ કોઈક પાસ જોને. ૯**

**અર્થ :—** તે બધા કષાયભાવોનું ધોરી મૂળ મિથ્યાત્વ છે, જે કષાયભાવોને પ્રેરણા આપે છે. તે મિથ્યાત્વ નિરંતર ભજવા યોગ્ય એવા પોતાના ''સહજાત્મસ્વરૂપ''ને ભુલાવી દે છે અને મૃગજળની જેમ જ્યાં સુખ નથી ત્યાં સુખની કલ્પના કરાવી સંસારરૂપી વિષનું પાન કરાવે છે. જેમ ગોપી એટલે ગોવાલણ માખણને સંતાડી સૌને છાસ આપે તેમ લોકો પણ સંસારસુખરૂપ છાસને દૂધ સમાન માની રાજી થાય છે. પણ માખણ તો કોઈકની પાસે હોય છે; અર્થાત્ સાચું સુખ તો કોઈ વિરલા જાણે છે. ।।૯।।

**મિથ્યાત્વ-મતિ મર્થી માખણ કાઢે સત્પુૅરુષ બળવાન જોને,**
**સમ્યગ્દર્શન માખણ મીઠું ભોગવતા ભગવાન જોને.**
**સમ્યગ્દર્શન-જ્ઞાનર્ની સાથે સ્વરૂૅપ-ચરણ ચારિત્ર જોને,**
**આત્માનુભવ રૂપ રહે છે, અવિનાભાવી મિત્ર જોને. ૧૦**

**અર્થ :—** અનાદિની મિથ્યાત્વવાળી કુમતિને મથી કોઈક સત્પુરુષ જેવા બળવાન પુરુષો આત્મજ્ઞાન-રૂપી માખણ કાઢે છે. તે આત્મઅનુભવરૂપ સમ્યક્દર્શન એ જ મીઠું માખણ છે. તેના સ્વાદને સમ્યક્દૃષ્ટિ મહાત્માઓ અનુભવ સ્વરૂપે ભોગવે છે. તેમને સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન સાથે સ્વરૂપાચરણરૂપ ચારિત્ર પ્રગટેલ છે. તેથી હમેશાં આત્મઅનુભવ રૂપે રહે છે. કેમકે સમ્યગ્દર્શન જ્ઞાન સાથે સમ્યગ્ચારિત્રનો અવિનાભાવી મિત્ર જેવો સંબંધ છે, અર્થાત્ જ્યાં સમ્યગ્દર્શન જ્ઞાન હોય ત્યાં સ્વરૂપાચરણરૂપ ચારિત્ર અવશ્ય હોય છે. ।।૧૦।।

**ટગમગ પગ ના પ્રથમ ટકે જો બળ વધતાં દે દોટ જોને,**
**પ્રથમ તેમ સમ્યગ્દૃષ્ટિને રહે સ્થિરતા-ખોટ જોને;**
**સમ્યગ્દર્શન-જ્ઞાન પછી જો ટાળે નહીં પ્રમાદ જોને,**
**વંધ્ય-તરુ-ઉપમા તે પામે નહિ શાંતિનો બહુ સ્વાદ જોને. ૧૧**

**અર્થ :—** બાળક જેમ પ્રથમ પગ મૂકતા શીખે ત્યારે પડી જાય છે. પણ પછી બળ વધતાં દોટ મૂકે છે. તેમ પ્રથમ આત્મજ્ઞાન થયા પછી પણ ચારિત્રમોહને લઈને આત્મસ્થિરતા કરવામાં જ્ઞાનીને મુશ્કેલી પડે છે. તેથી સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન થયા પછી પણ જો તે પ્રમાદને ટાળે નહીં તો તે વંધ્યતરુ એટલે ફળ ન આપે એવા વૃક્ષની ઉપમાને પામે છે, અર્થાત્ પ્રમાદ તજી સમ્યક્ચારિત્રની આરાધના કરે નહીં તો તે આત્મઅનુભવરૂપ શાંતિનો બહુ સ્વાદ પ્રાપ્ત કરી શકતો નથી. ।।૧૧।।

**ચોથા ગુણસ્થાનક સુધી છે અવિરતિનું રાજ્ય જોને,**
**ચારિત્ર-રવિ-કિરણ ચોથામાં થાય ઉષામાં કાજ જોને,**

**સૂર્યોદય ના સ્પષ્ટ જણાતો, તેમ સ્વરૂપ-ચારિત્ર જોને,**
**અનંતાનુબંધી જાતાં છે; પણ નહિ વ્રત-સુમિત્ર જોને. ૧૨**

**અર્થ :–** ચોથા અવિરત સમ્યક્દૃષ્ટિ નામના ગુણસ્થાનક સુધી આ અવિરતિના બંધ સ્થાનકનું રાજ્ય છે. ચોથા ગુણસ્થાનકમાં આત્મજ્ઞાન થવાથી સ્વરૂપાચરણરૂપ ચારિત્ર પ્રગટ્યું. તે જાણે ઉષા એટલે સવારે પ્રભાતમાં સૂર્યનું કિરણ ફૂટ્યું હોય તેના સમાન છે. તે સમયે સૂર્યોદય સ્પષ્ટ જણાતો નથી. તેમ સ્વરૂપાચરણરૂપ ચારિત્ર અનંતાનુબંધી કષાય જતાં પ્રગટ્યું છે, પણ હજુ વ્રતરૂપી સન્મિત્રનો યોગ થયો નથી અર્થાત્ હજુ જીવનમાં અંશે પણ વ્રત આવ્યા નથી. ।।૧૨।।

**ગણના પંચમ ગુણસ્થાનેથી વિરતિની શરૂઆત જોને,**
**પૂર્ણ અયોગી ગુણસ્થાને તે; મુક્તિ ત્યાં સાક્ષાત્ જોને.**
**કર્મક્લેશ શૈલેશી-યોગે ટળતાં પૂર્ણ વિરામ જોને,**
**યોગથી ચંચળતા ત્યાં સુધી અવિરતિનું નામ જોને. ૧૩**

**અર્થ :–** તે વ્રતોની શરૂઆત હવે આ પંચમ દેશવિરતિ નામના ગુણસ્થાનકથી છે. અને તે વિરતિની પૂર્ણતા તો અયોગી એવા ચૌદમા ગુણસ્થાનમાં છે; જ્યાં સાક્ષાત્ આત્માની મુક્ત અવસ્થા છે. તે ચૌદમા ગુણસ્થાને શૈલેશીકરણ એટલે મેરુ પર્વત જેવી અડોળ આત્મસ્થિતિનો યોગ થવાથી સર્વ કર્મરૂપી ક્લેશ ટળી જઈ સંસારનો પૂર્ણ વિરામ થાય છે; અર્થાત્ સંપૂર્ણ શાશ્વત આત્મવિશ્રાંતિરૂપ મોક્ષદશા પ્રગટે છે. તેરમા ગુણ સ્થાનક સુધી મનવચન કાયાના યોગોની ચંચળતા હોવાથી ત્યાં પણ અવિરતિનો અંશ છે, એમ ગણાય છે. ।।૧૩।।

**કષાય કારણ અવિરતિનું ટળે દશમ ગુણ-સ્થાન જોને,**
**યથાખ્યાત ચારિત્ર ગણ્યું ત્યાં, ક્યાં અવિરતિ-નિદાન જોને?**
**સામાન્યપણે તો વાત ખરી એ, પણ આ સૂક્ષ્મ વિચાર જોને,**
**પૂર્ણ દર્શન-જ્ઞાન-ચારિત્રે મોક્ષ ઘટે નિર્ધાર જોને. ૧૪**

**અર્થ :–** અવિરતિનું કારણ તો કષાયભાવો છે અને તે તો દશમાં ગુણસ્થાને નાશ થઈ જાય છે. તેથી ત્યાં પણ યથાખ્યાત ચારિત્ર ગણ્યું છે. તો પછી આગળના ગુણસ્થાનકમાં અવિરતિ એટલે અસંયમનું નિદાન એટલે કારણ ક્યાં રહ્યું? સામાન્યપણે તો આ વાત ખરી છે. પણ સૂક્ષ્મ વિચારથી જોતાં સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રની પૂર્ણતા થયે જ મોક્ષની પ્રાપ્તિ ઘટે છે એ વાત પણ નિશ્ચિત છે. ।।૧૪।।

**ત્રણે તેરમે પૂર્ણ ગણો તો મોક્ષ ન થાય વિચિત્ર જોને,**
**ક્ષીણમોહ ગુણ-સ્થાને છે તો યથાખ્યાત ચારિત્ર જોને;**
**તે ચારિત્ર યોગ-સંયોગે ગણાય હજી અપવિત્ર જોને,**
**શૈલેશી-કરણે યોગોની સ્થિરતા પૂર્ણ પવિત્ર જોને. ૧૫**

**અર્થ :–** સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેયની, તેરમા ગુણસ્થાનકે પૂર્ણતા ગણીએ તો પણ જીવનો મોક્ષ કેમ થતો નથી? એ પણ વિચિત્ર વાત છે. કેમકે બારમા ક્ષીણમોહ ગુણસ્થાનકે પણ યથાખ્યાત ચારિત્ર તો છે. પણ તે યથાખ્યાત ચારિત્ર જ્યાં સુધી મન વચન કાયાના યોગ સહિત છે ત્યાં સુધી અપવિત્ર ગણાય છે. પણ જ્યારે ચૌદમા ગુણસ્થાને શૈલેશીકરણમાં મન વચન કાયાના યોગોની

અડોલ સ્થિરતા થાય ત્યારે તે યથાખ્યાત ચારિત્ર પૂર્ણ પવિત્રતાને પામે છે. ।।૧૫।।

**રત્નત્રયી ત્યાં પૂર્ણ થઈ કે મોક્ષ તણી નહિ વાર જોને,**
**પૂર્વપ્રયોગાદિક હેતુથી સિદ્ધાલય-સંચાર જોને;**
**ચોથા ગુણસ્થાનકથી માંડી ચૌદમે ગુણસ્થાન જોને,**
**સ્વરૂપ-સ્થિરતા વધતી જાતી, પૂર્ણ થતાં ભગવાન જોને. ૧૬**

**અર્થ :–** જ્યાં રત્નત્રયની પૂર્ણ પવિત્રતા થઈ કે ત્યાં મોક્ષ પ્રાપ્ત થવામાં કંઈ વાર નથી. પૂર્વે ઉપર ઊઠવાનો પ્રયોગ આદિ કરવાથી તેમજ આત્માનો સ્વભાવ પણ ઉર્ધ્વગમનરૂપ હોવાથી કર્મથી રહિત થયેલ આત્મા ઉપર ઊઠી સિદ્ધાલય સુધી સંચાર કરે છે. ચોથા ગુણસ્થાનકમાં આત્મજ્ઞાન થતાં સ્વરૂપાચરણરૂપ ચારિત્ર પ્રગટ થયું, ત્યાંથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધી સ્વરૂપસ્થિરતા ક્રમશઃ વધતી ગઈ અને અંતે તે સ્વરૂપસ્થિરતા પૂર્ણતાને પામવાથી તે આત્મા ભગવાન બની જઈ સિદ્ધાલયમાં પહોંચી અનંત સમાધિસુખમાં સર્વકાળને માટે બિરાજમાન થાય છે.

---

અવિરતિભાવને ટાળી પોતાના સહજ આત્મસ્વરૂપને પામવું એ જ ખરું અધ્યાત્મ છે. અધ્યાત્મ એટલે આત્મા સંબંધીનું જ્ઞાન. અધ્યાત્મ વગરનું બીજું ગમે તેટલું જ્ઞાન હોય પણ તે મોક્ષમાર્ગમાં કામ આવતું નથી. માટે એ વિષેના ખુલાસા અત્રે આ પાઠમાં આપવામાં આવે છે :–



(૭૦)

## અધ્યાત્મ

(રાગ : વિહરમાન ભગવાન સુણો મુજ વિનતિ, જગતારક જગનાથ અછો ત્રિભુવનપતિ.)



*

**રાજચંદ્ર ભગવાન અધ્યાત્મ-યુગપતિ, તવ ચરણે સ્થિર ચિત્ત રહો, મુજ વિનતિ;**
**પ્રણમું ધરી ઉલ્લાસ હૃદયમાં, આપને, આપની ભક્તિ અમાપ હરે ભવ-તાપને. ૧**

**અર્થ :–** જે અનુષ્ઠાનોથી અર્થાત્ ક્રિયાઓથી પોતાનો આત્મા શુદ્ધ થાય તે બધું આચરણ અધ્યાત્મ ગણાય છે. આ કલિયુગમાં આત્મશુદ્ધિ અર્થે, આત્મા સંબંધી બોધનો ધોધ વહેવડાવનાર પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્ર ભગવાન પ્રધાનપણે હોવાથી તે આ યુગમાં અધ્યાત્મજ્ઞાનના યુગપતિ સમાન છે. એવા તવ એટલે આપના ચરણકમળમાં મારું મન સદા સ્થિર રહો અર્થાત્ આપના આજ્ઞારૂપ બગીચાને છોડી કદી બહાર ન જાઓ; એ જ આપ પ્રભુ પ્રત્યે મારી વિનતી છે. આપની અદ્ભુત અધ્યાત્મશક્તિ જોઈ મારા હૃદયમાં પ્રેમ ભક્તિનો ઉમળકો આવવાથી આપના ચરણમાં પ્રણામ કરું છું. આપના પ્રત્યે અમાપ એટલે જેટલી ભક્તિ કરું તેટલી ઓછી છે, કારણ કે મારા સંસારના જન્મ જરા મરણ કે આધિવ્યાધિ ઉપાધિરૂપ તાપને સર્વ કાળ માટે અધ્યાત્મજ્ઞાનવડે દૂર કરનાર આપ જ છો. ।।૧।।

**આગમ=વસ્તુ સ્વભાવ, અધ્યાત્મ=સ્વરૂપ છે, જીવ સંબંધી બેય સદા સંસારીને.**
**આગમ કર્મસ્વરૂપ, અપર શુદ્ધ ચેતના; દ્રવ્ય, ભાવરૂપ કર્મ; દ્રવ્ય જડ-વર્ગણા. ૨**

**અર્થ :—** આગમનું જ્ઞાન વસ્તુના સ્વભાવને બનાવનાર છે, જ્યારે અધ્યાત્મ એ પોતાનું આત્મસ્વરૂપ છે. સંસારી જીવે આગમ દ્વારા છએ દ્રવ્યનું સ્વરૂપ જાણી તેમાંથી અધ્યાત્મમય એવા પોતાના શુદ્ધ આત્મસ્વરૂપને જાણવા માટે, આગમ અને અધ્યાત્મ બેયનો સાથે સંબંધ જરૂરી છે.

આગમ છે તે કર્મના સ્વરૂપને બતાવી તેથી કેમ નિવર્તવું તે બતાવે છે જ્યારે અપર એટલે બીજું અધ્યાત્મ શુદ્ધ ચેતનામય પોતાનું સ્વરૂપ છે. તે સ્વરૂપને પામવા કર્મોને નિવારવા. તે કર્મસ્વરૂપના આગમમાં બે ભેદ કહ્યાં છે. એક દ્રવ્યકર્મ અને બીજું ભાવકર્મ. તેમાં દ્રવ્યકર્મ તે જડ છે અને પુદ્‌ગલની વર્ગણારૂપ છે. ।।૨।।

**ભાવકર્મ=વિભાવ, તે કર્મ-નિમિત્તથી, આગમરૂપ એ બેય ગણાય સુશાસ્ત્રથી;**
**ગણો દ્રવ્ય ને ભાવ ભેદ અધ્યાત્મના, દ્રવ્યરૂપે જીવત્વ, જ્ઞાનાદિ ભાવ આ. ૩**

**અર્થ :—** કર્મસ્વરૂપનો બીજો ભેદ ભાવકર્મ છે. તે રાગદ્વેષરૂપ વિભાવભાવ છે. તે વિભાવભાવ દ્રવ્યકર્મના નિમિત્તથી ઉદ્‌ભવે છે. ભાવકર્મ અને દ્રવ્યકર્મ એ બેય આગમરૂપ એટલે કર્મના સ્વરૂપ ગણાય છે. તે શાસ્ત્રો દ્વારા જાણી શકાય છે.

હવે અધ્યાત્મના પણ બે ભેદ જાણો. એક દ્રવ્ય અધ્યાત્મ અને બીજું ભાવ અધ્યાત્મ. દ્રવ્ય અધ્યાત્મ તે જીવનું જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ છે અને ભાવ અધ્યાત્મ તે સમ્યક્‌જ્ઞાનદર્શનચારિત્ર આદિ આત્માના ગુણો છે. ।।૩।।

**જડ-યુગમાં અધ્યાત્મ વિલુપ્ત સમાન છે, પરમાર્થે જ અજાણ જીવ ધરે માન તે;**
**જ્ઞાની ઘણાય ગણાય, સ્વરૂપ ન ઓળખે, નહિ અલૌકિક ભાવ, ગુણ દોષને લખે. ૪**

**અર્થ :—** જડ એવી પૌદ્‌ગલિક વસ્તુઓનું જેમાં વિશેષ માહાત્મ્ય છે એવા આ જડ-યુગમાં અધ્યાત્મ એટલે આત્મા સંબંધીનું જ્ઞાન વિશેષપણે લુપ્ત થઈ ગયા જેવું છે. આ જડયુગમાં જીવો પરમાર્થ એટલે આત્માનું સાચું હિત શામાં છે એવા મૂળ તત્વથી અજાણ છે. છતાં જીવો અધ્યાત્મનું માન ધરાવે છે કે અમે આત્મતત્વને જાણીએ છીએ.

આ કલિયુગમાં ઘણા જીવો જ્ઞાની ગણાય છે પણ પોતાના આત્મસ્વરૂપને ઓળખતા નથી. તેમનામાં ત્યાગ વૈરાગ્ય સંયુક્ત આત્મકલ્યાણ કરવાનો અલૌકિક ભાવ નથી અને અનેક દોષયુક્ત બાહ્યત્યાગ વ્રતાદિ સેવી તેને ગુણરૂપ માને છે. **"આ કાળમાં દ્રવ્યઅધ્યાત્મીઓ જ્ઞાનદગ્ધો ઘણા છે. દ્રવ્યઅધ્યાત્મી દેવળના ઇંડાના દૃષ્ટાંતે મૂળ પરમાર્થ સમજતા નથી."** (વ.પૃ.૭૦૪)

**દેવળના ઇંડાનું દૃષ્ટાંત :—** શેઠે પુત્રને કહેલું કે જ્યારે તારે ધનની જરૂર પડે ત્યારે દેવળના ઇંડા નીચે છે ત્યાંથી લઈ લેજે. શેઠ મરી ગયા. પુત્રને ધનની જરૂર પડી ત્યારે મંદિરના શિખર ઉપર રહેલા ઇંડાને તોડવા લાગ્યો. પણ ધન મળ્યું નહીં; પછી પોતાના પિતાના મિત્રને મળ્યો ત્યારે તેમણે કહ્યું—જ્યાં મંદિરના ઇંડાની છાયા પડે ત્યાં ખોદજે તો અંદરથી ચરૂ નીકળશે. તેણે તેમ કર્યું તો ધન નીકળ્યું. તેમ આજના જીવો ભગવાનના કહેલા મૂળ પરમાર્થને સમજતા નથી.

**"કુગુરુ અને અજ્ઞાની પાખંડીઓનો આ કાળમાં પાર નથી."** (વ.પૃ.૭૦૫) ।।૪।।

**પાંચ મહાવ્રતધારી કહેલી કરે ક્રિયા, આગમનો અભ્યાસ, અનાદિ રુચિ પ્રિયા;**
**અશુભ તજી કરે શુભ ક્રિયા નિશ-દિન એ, શુભ ભાવોને શુદ્ધ અજાણે લેખવે. ૫**

**અર્થ :—** પંચ મહાવ્રત ધારણ કરીને ગુરુ બતાવે તે ક્રિયાઓ કરે છે. તથા આગમનો અભ્યાસ કરે છે. અનાદિ કાળની અશુભ ક્રિયા પ્રત્યેની પ્રિય રુચિને તજી રાતદિવસ શુભ ક્રિયા કરે છે. તે શુભ ભાવોને જ અજાણપણામાં શુદ્ધ ભાવ માને છે, પણ ખરા અધ્યાત્મને જાણતા નથી. ।।૫।।

**ગૃહસ્થોને સ્ત્રી-પુત્ર સંસાર-વૃદ્ધિ દે, પંડિતોને ગ્રંથ અધ્યાત્મ વણ, વદે.**
**માત્ર અધ્યાત્મ શાસ્ત્ર મુમુક્ષુ આદરે, કરી બહુ વાર વિચાર, કહેલું તે કરે. ૬**

**અર્થ :—** ગૃહસ્થોને જેમ સ્ત્રી, પુત્ર, સંસાર વૃદ્ધિનું કારણ છે તેમ પંડિતોને અધ્યાત્મ વગરના શાસ્ત્રો સંસારવૃદ્ધિનું કારણ છે, એમ જ્ઞાનીપુરુષો કહે છે. આત્મતત્ત્વને નિરૂપણ કરનારા અધ્યાત્મ શાસ્ત્રોને જે મુમુક્ષુ હોય તેજ આદરે છે. તે મુમુક્ષુ છ પદ, આત્મસિદ્ધિ જેવા અધ્યાત્મશાસ્ત્રો ઉપર અનેકવાર વિચાર કરીને તેમાં કહ્યા પ્રમાણે માનવાનો કે કરવાનો પ્રયત્ન કરે છે. ।।૬।।

**જે તરવાનો કામી તેને પણ શીખવે, જ્ઞાન-પ્રદાન મહાન, સ્વહિત તે લેખવે;**
**મિથ્યાત્વરહિત ભાવ, ક્રિયા આત્માર્થની- જ્ઞાની કહે અધ્યાત્મ; કૂંચી સૌ યોગની. ૭**

**અર્થ :—** બીજો પણ કોઈ તરવાનો કામી હોય તેને પણ આત્મા સંબંધી જ્ઞાનની શિખામણ આપે છે. કેમકે જ્ઞાનદાન એ પ્રકૃષ્ટ દાન છે, મહાન છે. માટે તેમ કરવામાં તે પોતાનું હિત માને છે.

મિથ્યા માન્યતાના ભાવોથી રહિત અને સાચા દેવ, ગુરુ ધર્મના શ્રદ્ધાન સહિત, જે આત્માર્થે ભક્તિ સત્સંગાદિની ક્રિયા કરે તેને જ્ઞાનીપુરુષો અધ્યાત્મ કહે છે. તે ક્રિયા મોક્ષની સાથે જીવને જોડે એવા સર્વ યોગ સાધનોને પ્રાપ્ત કરવાની કુંચી સમાન છે. ।।૭।।

**દાન્ત, શાન્ત, વળી ગુપ્ત, મોક્ષાર્થી સમકિતી, અધ્યાત્મ-ગુણ કાજ કરે નિર્દંભ કૃતિ;**
**દંભ જ્ઞાનાદ્રિ-વજ, દુઃખોને નોતરે, મહાવ્રતોનો ચોર, મુમુક્ષુને છેતરે. ૮**

**અર્થ :—** સમ્યક્ શ્રદ્ધાવાળો મોક્ષાર્થી સમકિતી તો દાન્ત એટલે ઇન્દ્રિયોનું દમન કરી, શાન્ત એટલે કષાયોનું શમન કરીને; ગુપ્ત પણે આત્મગુણોને પ્રગટાવવા અર્થે નિર્દંભ એટલે ડોળ કે ઢોંગ વગર ગુરુ આજ્ઞાએ શુદ્ધ ક્રિયાને કરે છે. કેમકે દંભ એટલે માયાવડે કરેલ ધર્મમાં ઢોંગ, તે જ્ઞાનાદ્રિ વજ અર્થાત્ જ્ઞાનરૂપી પર્વતને તોડવા માટે વજ સમાન છે. તે દુઃખોને નોતરું આપનાર છે. અધ્યાત્મજ્ઞાનના અભાવે જે મહાવ્રતોને લઈ પાળે નહીં અને બાહ્ય વેષવડે લોકોને ઢોંગ બતાવે તે મહાવ્રતોનો ચોર છે. તે મોક્ષમાર્ગના ઇચ્છુક એવા મુમુક્ષુઓને પણ બાહ્ય ડોળવડે છેતરી જાય છે. ।।૮।।

**જેમ જહાજે છિદ્ર ડુબાડે અધવચે, અધ્યાત્મ-રત-ચિત્ત જરી દંભ ના રચે;**
**વિકાર-નદીનો નાથ ક્રોધાદિથી ઊછળે, વડવાનલરૂપ કામ, ગુપ્ત દુઃખે છળે. ૯**

**અર્થ :—** જેમ જહાજમાં પડેલું છિદ્ર માર્ગમાં અધવચ્ચે સમુદ્રમાં ડુબાડી દે તેમ દંભી એવા કુગુરુ મોક્ષમાર્ગે ગમન કરનાર મુમુક્ષુને ભવસમુદ્રમાં ડુબાડી દે છે. પણ અધ્યાત્મમાં જેનું ચિત્ત લીન છે તે ભવ્યાત્મા જરા પણ દંભને રચતા નથી. જ્યારે દંભીના મનમાં તો વિકારરૂપી નદીનો નાથ એટલે સમુદ્ર છે, તેમાં ક્રોધાદિ કષાયભાવરૂપ મોજાંઓ સદા ઊછળ્યા કરે છે તથા તેના અંતરમાં વડવાનલરૂપ કામવાસના ગુપ્તપણે રહીને તેને છેતરી સદા દુઃખ આપ્યા કરે છે. ।।૯।।

**ભવસાગર સમ માન અપાર અનંત એ, સદ્ગુરુ-બોધ-જહાજ, ચઢી પાર પામજે;**
**નરભવ અનુપમ લ્હાવ, ન મોહ-મદે-ચૂંકો, અંજલિ-જલ સમ આયુ, હવે મમતા મૂંકો. ૧૦**

**અર્થ :–** દંભને તું ભવસાગર સમાન માન કે જે અનંત અને અપાર છે. માટે સદ્ગુરુના બોધરૂપી જહાજ પર ચઢી વિષયકષાયરૂપે વર્તતા દંભરૂપ સમુદ્રથી પાર ઊતરી જજે. કેમકે આ મનુષ્યભવ પ્રાપ્ત થયો છે તે કલ્યાણ કરવા માટે અનુપમ લ્હાવો મળ્યા સમાન છે. તેને મોહના મદવડે ગાંડો થઈ ચુકીશ નહીં. આયુષ્ય પણ અંજલિમાં લીધેલ જળ સમાન ક્ષણ ક્ષણ વહી રહ્યું છે, માટે હવે અવશ્ય શરીર કુટુંબાદિ પર વસ્તુઓમાં રહેલ મમતાને મૂકી દેજે. ।।૧૦।।

**પ્રિયા-વાર્ણી, વાજિંત્ર, શયન, તન-મર્દને, સુંખ અમૃત સમાન ગણેલું મુજ મને;**
**સદ્ગુરુ-યોગે દૃષ્ટિ ફરી ત્યાં ફરી ગયું, એક અધ્યાત્મ-ભાવ વિષે રાચતું થયું. ૧૧**

**અર્થ :–** સ્ત્રી સાથે વાર્તાલાપ કરવો, વાજિંત્ર સાંભળવા, સુખે શયન કરવું તથા શરીરના મર્દનમાં મારા આત્માએ અજ્ઞાનવશ અમૃત સમાન સુખ માનેલું હતું. પણ સદ્ગુરુના યોગે મિથ્યાદૃષ્ટિ ફરીને સમ્યક્દૃષ્ટિ થતાં તે બધું ફરી ગયું અને એક અધ્યાત્મ-ભાવ એટલે આત્મભાવમાં કે જ્યાં સાચું, સ્વાધીન, શાશ્વત, અબંધકારી એવું આત્માનું સુખ રહ્યું છે; તેમાં જ મન રાચતું થઈ ગયું. ।।૧૧।।

**ક્ષણિક પરાર્ધીન સુંખ, વિષય-ઇચ્છાભર્યું, ભવે ભીતિનું સ્થાન, વિષમતા વિષ નર્યું;**
**સ્વાર્ધીન, શાશ્વત સુંખ, અભય નિરાકુળતા, આધ્યાત્મિક સુખમાંહિ; રહી ના ન્યૂનતા. ૧૨**

હવે ઇન્દ્રિયોનું સુખ કેવું છે તે જણાવે છે :–

**અર્થ :–** તે ક્ષણિક એટલે અલ્પ સમય માત્ર ટકનાર છે, તે ઇન્દ્રિય સુખ શરીરાદિ પર વસ્તુને આધીન હોવાથી પરાધીન છે, નવા નવા ઇન્દ્રિયોના વિષયો મેળવવાની ઇચ્છાથી ભરપૂર છે, વિષયો ભોગવતાં રાગદ્વેષના પરિણામ થાય છે માટે તે સંસારમાં ડૂબાડનાર હોવાથી ભયનું સ્થાન છે. તે સુખની ધારા એક સરખી ન રહેવાથી વિષમ છે, અને ભવોભવ મારનાર હોવાથી નર્યું વિષ જ છે એટલે કેવળ ઝેરમય જ છે.

જ્યારે આત્માનું સુખ તે પોતાને જ આધીન હોવાથી સ્વાધીન, મોક્ષમાં સ્થિતિ કરાવનાર હોવાથી શાશ્વત અને જન્મમરણના ભયથી રહિત હોવાથી અભય તથા વીતરાગતા પ્રાપ્ત કરાવનાર હોવાથી નિરાકુળ છે. એવા આધ્યાત્મિક એટલે આત્મા સંબંધીના સુખમાં કોઈ પ્રકારની ન્યૂનતા એટલે કમી નહીં હોવાથી તે જ સદા ઉપાદેય છે. ।।૧૨।।

**ભવ-સ્વરૂપ-વિચાર સુવૈરાગ્ય બોધશે, ભવ-ઇચ્છા-ઉચ્છેદ, સ્વરૂપ-સુખ શોધશે;**
**વૈરાગ્યથી અધ્યાત્મ પ્રગટી પોષાય છે, જેમ માતાથી જન્મી શિશુ ઉછેરાય છે. ૧૩**

**અર્થ :–** હવે ઇન્દ્રિયોથી વિરક્તભાવ લાવવા સંસારનું વાસ્તવિક સ્વરૂપ વિચારવા જણાવે છે. સંસાર સ્વરૂપનો વિચાર કરવાથી તે અશરણ, અનિત્ય અને અસાર જણાઈ જીવને સાચા વૈરાગ્યનો બોધ થશે. સંસારનું સાચું સ્વરૂપ સમજવામાં આવવાથી સંસારસુખની ઇચ્છાનો ઉચ્છેદ થશે અને તે આત્મસુખની ખરી શોધ કરશે. વૈરાગ્યભાવથી આત્મા સંબંધી અધ્યાત્મજ્ઞાન જન્મ પામી - તેને પોષણ આપવાનો ભાવ થશે. જેમ માતાથી શિશુનો જન્મ થઈ તેના દ્વારા જ તેનું પાલનપોષણ કરાય છે તેમ. ।।૧૩।।

**રાગ, દ્વેષ, અજ્ઞાન–હેતુ ભવના ગણ્યા, 'ભવ-હેતુ પ્રતિ ખેદ, વિષયે ન વર્તના**
**ને સંસાર અસાર ગણ્યે ઉદાસીનતા'– સદ્ગુરુ-બોધને યોગ્ય ગણાય એવી દશા. ૧૪**

**અર્થ :–** 'રાગ, દ્વેષ અને અજ્ઞાન એ' જ સંસારના મુખ્ય કારણ ગણાય છે. જેને સંસારના આ કારણો પ્રત્યે ખેદ એટલે વૈરાગ્ય વર્તે છે તે જીવો પાંચ ઇન્દ્રિયના વિષયોમાં રાચતા નથી. તથા સંસારને અસાર ગણવાથી તે પ્રત્યે ઉદાસીનતા પ્રગટે છે. તેવા જીવોની દશા સદ્ગુરુના બોધને ગ્રહણ કરવાને યોગ્ય ગણાય છે. ।।૧૪।।

**બોધ-બીજે અધ્યાત્મનો અંકુર ઊગશે, ત્યાં વૈરાગ્ય યથાર્થ, અધ્યાત્મ પોષશે;**
**'ગુણસ્થાન ચતુર્થ', કહ્યું 'વિરતિ વિના, વળી અધ્યાત્મ હોય', પૂંછે : 'સમજાય ના.' ૧૫**

**અર્થ :–** સદ્ગુરુનો બોધ પરિણામ પામ્યાથી અધ્યાત્મનો એટલે આત્મા સંબંધી જ્ઞાનનો અંકુર ફૂટશે. તેવો સાચો વૈરાગ્ય આત્માને પોષણ આપશે તેથી આત્મજ્ઞાન પ્રાપ્ત થશે. આત્મજ્ઞાન પ્રાપ્ત થયું કે તે જીવ ચોથા અવિરત સમ્યક્દૃષ્ટિ નામના ગુણસ્થાનકને પામશે. ત્યાં વિરતિ એટલે વ્રત સંયમ વિના પણ તેને આત્મજ્ઞાન હોય છે. કોઈ પૂછે કે કેવી રીતે? તો બાહરથી કર્મ ઉદયને આધીન તેમને ત્યાગ ન હોવાથી સામાન્ય માણસને તે સમજાય નહીં. પણ અંતરથી તે અવિરત સમ્યક્દૃષ્ટિ વિષય કષાયના ત્યાગી હોય છે. ।।૧૫।।

**ગૃહવાસે જિનનાથ, વૈરાગ્યમાં ઝૂલે, અધ્યાત્મનો એ પ્રતાપ, સંસારી જન ભૂલે;**
**ભવ-ઇચ્છા-ઉચ્છેદ થયે વિષયે રતિ-પૂર્વિક પુણ્ય-પ્રતાપ, ઉરે રહી વિરતિ. ૧૬**

**અર્થ :–** જિનેશ્વર ભગવાન પણ ભોગાવલી કર્મ બાકી હોવાથી અમુક કાળ સુધી ઘરમાં નિવાસ કરે છે; છતાં વૈરાગ્યમાં જ ઝીલે છે. એ બધો પ્રતાપ આત્મજ્ઞાનનો છે. એવા સત્પુરુષોને સંસારી જીવો ઓળખી શકે નહીં; તેથી ભૂલે છે. જિનનાથની સંસાર સંબંધી ઇચ્છાનો ઉચ્છેદ થયા છતાં રાજ્યરિદ્ધિ વગેરે વિષયોમાં પ્રવર્તન હોય એમ દેખાય છે, પણ તે માત્ર તેમના પૂર્વોપાર્જિત પુણ્યના પ્રતાપથી છે; તેમના હૃદયમાં તો સદા વિરક્તભાવ જાગૃત હોય છે. ।।૧૬।।

**મૃગજળ જેવા ભોગ ગણી ગભરાય ના, ત્યાં જળ-ક્રીડા-ભાવ સુજ્ઞને થાય ના;**
**ધર્મ-શક્તિ બળવાન હણાય ન ભોગથી, વાથી દીપ ઓલાય, બળે દવ જોરથી. ૧૭**

**અર્થ :–** તે મહાપુરુષો ઇન્દ્રિયોના ભોગોને ઝાંઝવાંના પાણી સમાન અતૃપ્તિકર જાણી તેની ઇચ્છા કરી દુઃખી થતા નથી. તે ભોગોમાં જળક્રીડા કરવા સમાન ભાવ સુજ્ઞ એવા મહાપુરુષોને થતા નથી. તેમની પ્રગટેલ બળવાન આત્મશક્તિને ભોગો હણી શકે નહીં. જેમ હવાથી દીપક ઓલવાઈ જાય પણ બળતો દાવાનળ તો વધારે ભભૂકી ઊઠે તેમ મહાપુરુષોનો અનાસક્તભાવ આવા મોહના પ્રબળ નિમિત્તોમાં વધારે બળવાન થાય છે. ।।૧૭।।

**વિષયોમાં આસક્ત, માખી સમ લીંટમાં લબદાતો જીવ જેમ, ભીંની માટી ભીંતમાં;**
**સૂકો માટીનો પિંડ ન ભીંતે ચોંટતો, જીવ અનાસક્ત તેમ ન વિષયે રીઝતો. ૧૮**

**અર્થ :–** જે પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત જીવો છે તે માખી જેમ લીંટ એટલે કફના મળમાં લબદાય, તેમ તે જીવો સંસારમાં લબદાઈને દુઃખી થાય છે. અથવા ભીની માટી જેમ ભીંતમાં ચોંટી જાય તેમ તેઓ મોહભાવવડે સંસારમાં ચોંટી રહે છે. પણ જેમ માટીનો સૂકો પિંડ ભીંતે ચોંટતો નથી તેમ

અનાસક્ત એવા મહાપુરુષો તે વિષયોમાં રાજી થઈ સંસારમાં લબદાતા નથી. ॥૧૮॥

**ભોગ ન ભોગવે તોય કોઈ તો ભોગવે, ભોગવતો પ્રત્યક્ષ અભોગી તોય એ;**
**પર-આશ્રય ચર જેમ કરે પરદેશમાં, તોય ન તેનો થાય, ફરે પરવેષમાં. ૧૯**

**અર્થ :—** સંસારમાં કોઈ જીવો ભોગ ભોગવતા નથી છતાં તંદુલ મત્સ્યની જેમ ભાવથી ભોગવે છે. વળી કોઈ સમ્યક્‌દૃષ્ટિ જીવ ઉદયાધીન પ્રત્યક્ષ ભોગ ભોગવતો દેખાય છતાં આત્મજ્ઞાન તથા વૈરાગ્યશક્તિના બળે અંતરથી તે અલિપ્ત છે. જેમ પરદેશમાં કોઈ ચર એટલે ગુપ્ત બાતમી મેળવનાર પુરુષ પરનો આશ્રય ગ્રહણ કરી બીજા વેષમાં ત્યાં રહે છતાં તે અંતરથી તેનો થતો નથી; તેમ મહાપુરુષો અંતરથી સદા અનાસક્ત રહી ક્યાંય લેપાતા નથી. ॥૧૯॥

**જીવ શમાવે કષાય વિષય-વિયોગથી, સદા રહે વૈરાગ્ય : એ જ રાજ-પદ્ધતિ;**
**જ્ઞાની નિવૃત્તિરૂપ, અયંત્રિત ઇન્દ્રિયે, ઉદીરણાથી રહિત, તૃપ્ત; અપવાદ એ. ૨૦**

**અર્થ :—** જીવ જો પાંચ ઇન્દ્રિયના વિષયોથી વિરક્ત થઈ અધ્યાત્મજ્ઞાન પામી કષાયોને શમાવે તો સદા વૈરાગ્યભાવમાં રહે અને એજ મોક્ષનો રાજમાર્ગ છે. જ્ઞાનીપુરુષ ઉદયાધીન બાહ્ય પ્રવૃત્તિમાં દેખાવા છતાં અંતરથી નિવૃત્તિરૂપ છે. તેઓ ઇન્દ્રિયોને આધીન નથી, પણ ઉદીરણાથી રહિત માત્ર ઉદયાધીન પ્રવર્તન કરે છે. તેઓ આત્મસુખ વડે તૃપ્ત હોવાથી ઇન્દ્રિયસુખની ઇચ્છા કરતા નથી માટે જગતમાં અપવાદરૂપ પુરુષોત્તમ છે. ॥૨૦॥

**વન-હાથીની જેમ, પરાણે પ્રેરતાં, ન ઇન્દ્રિયો વશ થાય, કરે બળ રોકતાં;**
**નીચું લજ્જાથી જોઈ કરે દુર્ધ્યાન જે, નરકે તે લઈ જાય દંભી સ્વ-આત્મને. ૨૧**

**અર્થ :—** વન-હાથીને પરાણે વશ કરવા જતા તે સામો થાય તેમ પરાણે કોઈ ઇન્દ્રિયોનો સંયમ કરવા જાય તો તે ઇન્દ્રિયો વશ થતી નથી પણ ઊલટી પરાણે રોકતાં તે વધારે બળ કરીને સામી થાય છે. જેમ કોઈ દંભી સાધુ કે બાહ્યવ્રતધારી લજ્જાથી નીચું મુખ રાખી જુએ પણ અંતરમાં દુર્ધ્યાન છે તો તે પોતાના આત્માને નરકમાં લઈ જાય છે. તેમ મનમાં ઇન્દ્રિયો પ્રત્યે આસક્તિ છે તે જીવ કર્મ જ બાંધે છે. ॥૨૧॥

**સદા સ્વ-પર-ભેદજ્ઞ વૈરાગી જીવ તો, સદ્‌ભાવે ઉપયોગ ધરીને વંચતો-**
**ઇન્દ્રિયગણ, રોકાય વિના શ્રમ તે કળે; વર્તતાં નહિ વિકલ્પ વૈરાગ્યના બળે. ૨૨**

**અર્થ :—** જ્યારે સ્વપર ભેદને જાણનાર એવા વૈરાગી જીવ તો સદા સમ્યક્‌ભાવોવડે આત્મા તરફ ઉપયોગ રાખી, ઇન્દ્રિયોના સમૂહને જ ઠગી લે છે અર્થાત્ જીતી લે છે. તે અટક્યા વિના નિરંતર પુરુષાર્થ કરી કળપૂર્વક વૈરાગ્યના બળે વર્તતાં, વિષયોના વિકલ્પ તેમને ઊઠતા નથી. ॥૨૨॥

**કર્મ-ચાવીવંત યંત્ર સમા અનાસક્ત આ, લોકાનુંગ્રહ-હેતુ જ્ઞાની પ્રવર્તતા,**
**ઇન્દ્રિયના વિકાર, વિકલ્પો પણ જતા, અદ્‌ભુત એ વૈરાગ્ય, જ્ઞાની જન ધારતા. ૨૩**

**અર્થ :—** જ્ઞાનીપુરુષો તો, યંત્રને ચાવી આપવાથી જેમ તે ચાલે, તેમ અનાસક્તભાવે માત્ર કર્મના ઉદય પ્રમાણે પ્રવર્તે છે. તથા લોકોના કલ્યાણ અર્થે પ્રવર્તે છે. **''મહાત્માનો દેહ બે કારણને લઈને વિદ્યમાનપણે વર્તે છે, પ્રારબ્ધ કર્મ ભોગવવાને અર્થે, જીવોના કલ્યાણને અર્થે; તથાપિ એ બન્નેમાં તે ઉદાસપણે ઉદય આવેલી વર્તનાએ વર્તે છે, એમ જાણીએ છીએ.''** (વ.પૃ.૩૩૦) જ્ઞાનીપુરુષોને ઇન્દ્રિયોના વિકાર તથા વિકલ્પો

પણ ચાલ્યા જવાથી તેઓ અદ્ભુત વૈરાગ્યને ધારણ કરી જીવે છે. ।।૨૩।।

**મમતા ને અધ્યાત્મ ન સાથે ઘર કરે; જિજ્ઞાસા, વિવેક વડે મમતા મરે.**
**મમતાનો ના ત્યાગ, ન સમતા આદરી, ન તત્ત્વનો જિજ્ઞાસુ, વૃથા દીક્ષા ધરી. ૨૪**

**અર્થ :—** મમત્વભાવ અને આત્માસંબંધીનું જ્ઞાન સાથે ઘર કરીને રહી શકે નહીં. આત્મતત્ત્વ જાણવાની જિજ્ઞાસા તથા હિત અહિતનો વિવેક જ્યાં આવ્યો ત્યાં મમતાનો નાશ થવા લાગે છે. જો મમત્વભાવનો ત્યાગ ન કર્યો અને સમતાભાવને જીવનમાં આણ્યો નહીં તો આત્મતત્ત્વ મેળવવાનો તે સાચો જિજ્ઞાસુ નથી; તેની લીધેલી દીક્ષા પણ વૃથા છે. ।।૨૪।।

**વિવિધતા ધરે કર્મ, દીસે વ્યવહારથી, શુદ્ધનયે સમતા જ શુભાશુભ-ત્યાગથી;**
**સ્વગુણે જો એકત્વ-કૂટસ્થ વિચારથી મન બને આત્મારામ, પ્રખર સમતા કથી. ૨૫**

**અર્થ :—** કર્મ તો અનેક પ્રકારના વિવિધ પ્રપંચોને રચે છે. તે તો દીક્ષા પણ અપાવી દે. તે બધો વ્યવહાર ધર્મ છે. શુદ્ધ નિશ્ચયનયે જોતાં આત્માનો મૂળ ધર્મ સમતાભાવ છે. તેને સદા ટકાવી રાખવા માટે વ્યવહાર ધર્મરૂપે દીક્ષા આદિ વ્રતોની યોજના છે. ખરો સમતાભાવ તો શુભ અશુભ ભાવોના ત્યાગથી પ્રગટે છે. જો આત્મા સમતાગુણને પોતાનું ઘર જાણી, તેમાંજ એકમાત્ર દૃઢ વિચારે કરી વળગી રહે તો તેનું મન આત્મામાં રમણતા કરતું થાય; કેમકે સમતાભાવનું બળ પ્રખર છે. ।।૨૫।।

**કને રહેલા જીવ જાતિ-વિરોધનાં તજતા સર્વે વૈર; ટકે કૃત્રિમ ક્યાં?**
**કરું હું શું વખાણ આત્માર્થી સામ્યનાં? સ્વર્ગ-મોક્ષ તો દૂર, સામ્ય-સુખ ઉરમાં. ૨૬**

**અર્થ :—** સમતાભાવમાં સદા રહેલા મહાત્માઓ પાસે, પરસ્પર જાતિ વિરોધવાળા જીવો પણ પોતાના વૈરભાવને ભૂલી જાય છે. એવો જે મહાત્માઓનો પ્રભાવ છે ત્યાં કોઈ પ્રકારની કૃત્રિમતા ક્યાંથી ટકી શકે? એવા સામ્ય એટલે સમતાસુખમાં રમતા આત્માર્થી મહાત્માઓના હું શું વખાણ કરી શકું? સ્વર્ગ અને મોક્ષ તો દૂર છે પણ સમતાભાવમાં રમવાવાળા મહાત્માઓ તો અહીં જ હૃદયમાં સમતાના પ્રશમસુખને અનુભવે છે. ।।૨૬।।

**સમતા-રસમાં સ્નાન કર્યે સ્મર-વિષ ટળે, ટળે ક્રોધનો તાપ, ઉદ્ધતતા પણ ગળે;**
**યમ, નિયમ, તપ, દાન કરો કે ના કરો, સમતા એક જ નાવ ધરી ભવજળ તરો. ૨૭**

**અર્થ :—** સમતારૂપી રસમાં સ્નાન કરવાથી સ્મર એટલે કામદેવનું ચઢેલું વિષ ઊતરી જાય છે, ક્રોધાગ્નિનો તાપ ટળે છે તથા મનની ઉદ્ધતાઈનો નાશ થાય છે. તમે યમ, નિયમ, તપ, દાન કરો કે ના કરો; પણ આ એક જ સમતારૂપી નાવમાં બેસીને સંસારરૂપી સમુદ્રને તરી જાઓ. ।।૨૭।।

**સમતા-આશ્રય માત્ર ધરી ભરતાદિ જે વિના ક્રિયા કે કષ્ટ, તર્યા ભવ-વારિ તે.**
**ગિરિ-ગુફા-અંધકાર અનાદિનો જતો, સમતા-દીપ-પ્રકાશ બધાં કર્મ છેદતો. ૨૮**

**અર્થ :—** ભરતેશ્વર આદિ રાજાઓ પણ પ્રભુ આજ્ઞાએ માત્ર સમતાભાવનો આશ્રય ગ્રહણ કરી, ક્રિયા કે કષ્ટ કર્યા વિના ભવ સમુદ્રને તરી ગયા. જેમ પ્રકાશ આવતા પહાડની ગુફામાં રહેલ અનાદિનો અંધકાર નાશ પામે છે, તેમ સમતારૂપી દીપકનો પ્રકાશ બધા કર્મરૂપી અંધકારને છેદવા સમર્થ છે. ।।૨૮।।